# આનંદ અંગ અંગ જાગ્યો

દેવર્ષિ



દેવર્ધિ પરિષદ્ ગ્રંથમાળા-૨

# આનંદ અંગ અંગ જાગ્યો

દેવર્ધિ

શ્રુતભવન સંશોધન કેન્દ્ર
પૂણે

નામ : **આનંદ અંગ અંગ જાગ્યો**
લેખક : **દેવર્ધિ**
વિષય : **ભક્તિવિષયક પદ્યરચનાઓ**
ભાષા : **ગુજરાતી + હિન્દી**
પત્ર : ૨૪ + ૪૮૬ = ૫૧૦
આવૃત્તિ : **પ્રથમ**
પ્રકાશક : **શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશન, પુણે**
મૂલ્ય : **૩૨૫/-**
પ્રાપ્તિ સ્થળ : **પૂના – શ્રુતભવન સંશોધન કેંદ્ર**
૪૭/૪૮, અચલ ફાર્મ, સચ્ચાઈ માતા મંદિરની પાસે,
કાત્રજ, પુણે-૪૬ મો. ૦૭૭૪૪૦૦૫૭૨૮
ઈ-મેઈલ : shrutbhavan@gmail.com

**અમદાવાદ – શ્રી ઉમંગભાઈ શાહ**
બી/૪૨૪, તીર્થરાજ કોમ્પલેક્સ, વી. એસ. હૉસ્પિટલની સામે,
અમદાવાદ-૩૮૦ ૦૦૬ મો. ૯૮૨૫૧૨૮૪૮૬

**નાગપુર – જૈન વિદ્યા કેન્દ્ર**
૪૦૨, સુમતિનાથ એપાર્ટ.
૧૪૨, ફાર્મલેન્ડ, રામદાસપેઠ, નાગપુર-૪૪૦૦૧૦
મો. ૯૮૮૧૮૧૦૦૯૯

**સુરત – શ્રી સેવંતીલાલભાઈ મહેતા**
ઓંકારસૂરિ જ્ઞાનમંદિર, સુભાષ ચૌક,
ગોપીપુરા, સુરત - ૩૯૫ ૦૦૧

**મુંબઈ – શ્રી સુધીરભાઈ કાપડિયા**
પંચશીલ, ફ્લેટ નં. ૫૦૪, સી રોડ,
ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦૦૨૦ મો. ૯૮૬૭૬૦૦૮૮૧

# પ્રકાશકીય

ભક્તિ વિનાનું જીવન અધૂરું છે તેમ ગીતસંગીત વિના ભક્તિ અધૂરી છે. વિવિધ પ્રસંગોમાં વિશેષ ભાવજાગરણ થાય તે માટે અલગ અલગ ભૂમિકાની રચનાઓ જરૂરી હોય છે. શબ્દો સરળ હોય, ભાવ સુગમ હોય તેવી રચના ભક્તિસંગીતને બળ આપે છે.

તપાગચ્છાધિરાજ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના તેજસ્વી શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિવિજયજી મ. વરસોથી ગુજરાતી ભક્તિ રચનાઓ લખતા રહ્યા છે. તેમની રચનાઓ ચતુર્વિધ સંઘમાં અતિશય પ્રિય બનતી હોય છે. **'આનંદ અંગ અંગ જાગ્યો'**માં તેમની ઈ.સ. ૨૦૧૭ સુધીની તમામ રચનાઓ સંગૃહીત છે. **'દેવર્ધિ'** આ તેમનું જ ઉપનામ છે.

આગામી સમયમાં દેવર્ધિની સશક્ત કલમે લખાયેલાં મૂલ્યવાન્ પુસ્તકો અમે આપની સમક્ષ મૂકતાં રહીશું.

**– ભરત શાહ**

## પ્રભુએ લખાવ્યું : પ્રભુએ ફેલાવ્યું

પ્રભુ પાસે આરામનો અનુભવ થાય છે.

થાક ઉતરી જાય છે તે આરામ.

ભૂખ-તરસ ન રહે અને ઉતાવળ-અકળામણ ન હોય તે આરામ.

એકધારી ભાગાદોડી અટકી જાય તે આરામ.

આગળની સફર માટે જોશ ભરી આપે તે આરામ.

એ આરામ આપોઆપ મળતો નથી. એ માટે મનઃસ્થિતિ બનાવવી પડે છે. ચાહીને કશુંક ભૂલવું પડે છે અને સમજણપૂર્વક એક સંધાન રચવું પડે છે. આમાં ગીતરચનાઓ, સ્તવનાઓ, સ્તુતિઓના શબ્દો બહુ મોટો ભાગ ભજવે છે.

શબ્દો દ્વારા એક ભાવનું, વિચારનું સર્જન થાય છે જે શેષ અશુભ ભાવો અને વિચારોની દૂર હડસેલી દે છે. પ્રાણવાન્ શબ્દોને કંઠ્ય સંગીત તેમ જ વાદ્યસંગીત દ્વારા જે ચેતના મળે છે તે અજબ હોય છે. પ્રભુના દરબારમાં નૈસર્ગિક રીતે એક આભામંડળ બનેલું હોય છે. આત્માને પરમ આત્મા બનવાની દિશામાં આગળ વધવું હોય છે તેમાં - પ્રભુએ આપેલો આરામ, બહુ કામ લાગે છે. એ આરામમાંથી જે સ્ફુરે તે જ હોય : **આનંદ અંગ અંગ જાગ્યો.**

❋ ❋ ❋

નાની ઉંમરથી ગીતલેખન ગમતું. કાંઈક લખું અને વડીલોને બતાવું. મહદંશે જવાબ મળતો : ‘આ બધું લખવાની આ ઉંમર નથી. હમણાં ભણવા પર ધ્યાન આપો. પ્રાચીન સ્તવન, સજ્ઝાયો ઓછા છે તે આ નવાં લખવાં પડે ?’

આ કરુણામય જવાબમાં બહિર્મુખતા ટાળવાનો ઉપદેશ હતો. પછી મને પણ થતું કે - ‘પ્રાચીન મહાપુરુષો જેવું તો લખાવાનું નથી, તો શીદ લખવું ? વળી પ્રતિક્રમણમાં જે કામ ન લાગે તેનો ઉપયોગ શો રહે ?’

છતાં અંદરથી કશુંક બહાર આવતું. એ લખાતું, થોડા દિવસ કાગળ પર રહેતું અને તેનું વિસર્જન થઈ જતું. એવું કેટલો સમય ચાલ્યું તેનો અંદાજ નથી. કેટલી રચના વિસર્જન પામી, ગણી નથી.

❋ ❋ ❋

આજે આ પુસ્તકમાં સંગૃહીત રચનાઓને જોઉં છું ત્યારે એક જ સંવેદના જાગે છે – 'આ બધું પ્રભુએ લખાવ્યું છે અને પ્રભુએ જ ફેલાવ્યું છે.'

અધિકાંશ રચનાઓ કોઈને કોઈ અનુષ્ઠાન અથવા કાર્યક્રમ માટે લખાઈ છે અને તેમાં ગવાઈ ચૂકી છે. પ્રભુ, તીર્થ કે શ્રુતની અષ્ટપ્રકારી પૂજામાં વિશેષ ભાવ આવે તે માટે અમુક રચનાઓ થઈ છે, જે વંદના તરીકે પ્રચલિત બની. અમુક રચનાઓ પ્રાસંગિક છે. તે તે આયોજકો અને ગાયકોને લીધે આ રચનાઓ હજારો ભક્તજનો સુધી પહોંચી.

મુખ્યત્વે પૂ. બંધુમુનિરાજ શ્રી વૈરાગ્યરતિવિજયજી ગણિવર્ય, સાથોસાથ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મ., પૂ. મુનિરાજશ્રી દિવ્યભૂષણવિજયજી મ., મુનિરાજ શ્રી હિતરતિવિજયજી, મુનિશ્રી હૃદયભૂષણ વિજયજી, પરેશભાઈ શેઠ, દિલીપભાઈ ઘીવાળા, ઉમંગભાઈ સાબુગોળાવાળા, ધનેશભાઈ સંઘવી, આશિષભાઈ મહેતા, મહાવીરભાઈ શાહ, હેમલભાઈ શાહ, વિપુલભાઈ પટેલ – આ સૌને લીધે ચોક્કસ રચનાઓ તૈયાર થઈ છે.

તેઓ કહેત નહીં તો તે તે રચનાઓ લખવાનો વિચાર જ ન આવત. સૌની અનુમોદના.

❋ ❋ ❋

પ્રભુની કૃપા પામવા, પ્રભુની કૃપાના પ્રેમીઓ માટે જે જે લખાયું તે ફક્ત અને ફક્ત પ્રભુની કૃપાથી જ લખાયું છે.

**વિ.સ. ૨૦૭૨, ભાદરવા વદ ૪,** **દેવર્ધિ**
**શ્રી અજિતનાથ જિનાલય,**
**નાગપુર (મહારાષ્ટ્ર)**

# ગીતકારની શક્તિ

ગીતકારનું ગીત, ગાયકના અવાજને દિશા આપે છે.

ગીતકારનું ગીત, સંગીતના ઢાળને એટલે કે કંપોઝિશનને અર્થપૂર્ણ બનાવે છે.

ગીતકારનું ગીત, સંગીતમય વાતાવરણને ચોક્કસ વિચારનો પુટ ચડાવે છે.

ગાયક, કંપોઝિશન અને સંગીત વિનાનું ગીત પણ કવિતાનું સ્તર બનાવી શકે છે. ગીતમાં કલ્પના હોય છે, સંવેદના હોય છે. ગાયકને ગીતના શબ્દો થકી એ કલ્પના અને સંવેદનાનો જ સ્પર્શ મળે છે, ગાયકના અવાજ થકી એ શ્રોતાજનો સુધી પહોંચે છે.

ગીતના શબ્દો હોય જ નહીં એવી પરિસ્થિતિની કલ્પના કરી જુઓ. ન પ્રાચીન સ્તવનો હોય, ન અર્વાચીન રચનાઓ હોય. મોટામાં મોટો ગાયક પણ અધૂરો છે એ શબ્દો વિના. ગીત, ક્યારેક સંવેદનને વ્યક્ત કરે છે, ક્યારેક ચોક્કસ વિષયનું નિરૂપણ કરે છે, ક્યારેક ઘટના કે કથાને રજૂ કરે છે. ભાષા અને ભાવનાની જુગલબંદી એટલે ગીત.

ગીતકારને જે લખવું છે તે એ પાનાં પર ઉતારે છે, તે રચના રહે છે નોટ કે પુસ્તકમાં. ગાયક પાસે રોજેરોજની સભાઓ અને અન્ય માધ્યમો છે જે ગાયકના સુંદર અવાજ પર કેન્દ્રિત છે. આથી પહેલી નજરે એવું લાગે છે કે ગાયકને લીધે ગીત પ્રચાર પામે છે. હકીકત એ છે કે ગીતકારના શબ્દો જ ગાયકને સફળ બનાવવામાં મોટો ભાગ ભજવે છે.

શ્રોતાને કોઈ વિચાર કે ભાવ મળે છે તેમાં ગીતકારના શબ્દની ભૂમિકા હોય

છે અને ગાયકના અવાજની કમાલ હોય છે.

ઘણી વખત એવું પણ બને છે કે ગીતને જે કંપોઝિશન મળે છે તે હૃદયસ્પર્શી હોય છે. પરંપરાગત જૂની દેશીઓ સાંભળનારને આ વાત બરોબર સમજાશે. એ દેશીમાં જે લખાય તે સરસ જ લાગે એવો એનો પ્રવાહ હોય છે.

વાજીંત્રવાદન વિના, ગાયકને સાંભળે, એકલા ગાયકને સાંભળે એવા શ્રોતાજનો જોવા નહીં મળે. વાજીંત્રવાદનનું મહત્ત્વ પણ ઘણું મોટું છે સભામાં.

ગીતના શબ્દો સાથે ત્રણ વાનાં જોડાય છે : ગાયકનો અવાજ, સુંદર મજાનો ઢાળ (કંપોઝિશન), અનુરૂપ વાજીંત્રવાદન. આ ત્રણેય ભેગા થઈને એક ગીતને અનુષ્ઠાન અથવા કાર્યક્રમની પ્રમુખ શોભા બનાવી દે છે. દરેક ઉત્સવમાં આમ બને છે.

અલબત્, દરેક ગીતકારની દરેક રચના શ્રેષ્ઠ હોય એ જરૂરી નથી. રચનાનાં સ્તરે નબળું હોય એવું ગીત, ગાયકના અવાજને લીધે કે સારા કંપોઝિશનને લીધે પણ અસરકારક પ્રભાવ ઊભો કરી શકે છે. આવું બની શકે છે. ક્યારેક ગાયક નબળો પડે છે અને ગીતના શબ્દો બાજી સંભાળી લે છે.

મુખ્ય મુદ્દો એક જ છે : ગીતકારના શબ્દો ન હોય એવી પરિસ્થિતિમાં, ગાયક, કંપોઝિશન અને વાજીંત્રવાદન કમજોર પડી જાય છે. ગીતકારની આ શક્તિ છે.

**– દેવર્ધિ**

# સાત્ત્વિક આનંદની અનુભૂતિ

રોજિંદા જીવનમાં આપણે અનેક પ્રકારના અવાજ સાંભળીએ છીએ. ચકલીઓનો ચી-ચી અવાજ, કાગડાઓનો કાવ-કાવ, વરસાદનો ટપ-ટપ, ઝાડોનો સળવળાટ, વહેતા પાણીનો ખળખળ અવાજ, મુસળધાર ધોધનો ધોધો અવાજ, ઘંટાના રણકારનો અવાજ, ધનુષ્યના રણકારનો અવાજ વગેરે. અવાજોની દુનિયા અતિસમૃદ્ધ છે. આપણી ભીતરમાં પણ એક અવાજ નિરંતર ચાલ્યા કરે છે. શરીરના હરએક ભાગ પર તેનો પરિણામ હોય છે. બહારના અવાજ કાનથી સાંભળી શકાય છે જ્યારે ભીતરનો અવાજ મનથી સાંભળી શકાય. ભીતરના અવાજને અનાહત નાદ અથવા અનહદ નાદ કહે છે. એ શબ્દ જેને ઉઠવા માટે ટકરાવટની જરૂર નથી. જે સહજ સ્ફૂર્ત છે તે સતત ચાલે છે. તેનો એક લય છે. બહારનો અવાજ જે ભીતરના અવાજના લય સાથે એકરૂપ થાય ત્યારે આનંદની અવસ્થા જન્મે છે. મગજ શાંત થાય છે. વિચારોનું વહેણ અટકી જાય છે. અલગ પ્રકારના આનંદની અનુભૂતિ થાય છે. સમાધિ જેવી અવસ્થા અનુભવાય છે. એક ઠેકાણે બેસીને સંગીતની ધૂન સાંભળવાથી શાંતિ મળે છે, પ્રસન્નતા અને હળવાશ અનુભવાય છે. સંગીત સાંભળવાથી મગજ શાંત અને એકાગ્ર બને છે. કાન દ્વારા મગજ સુધી પહોંચનારો આ ધ્વનિ જેટલો શુદ્ધ અને લયબદ્ધ હોય તેટલો આનંદ વધુ અનુભવાય છે. આથી વિપરીત લોકલ ટ્રેનના અવાજ, વિમાનોનો ઘરઘરાટ, જોરજોરથી વાગનારા સ્પીકર્સ પરનો ઘોંઘાટ મગજમાં વિક્ષેપ જન્માવે છે. હૃદયના ધડકારા વધી જાય છે.

શાંત સંગીતનો મન પર પરિણામ પછી થાય છે, શરીર પર તો અચૂક થાય છે. શાંત સંગીતથી શરીર, મગજ અને મનમાં એક સંતુલનનું નિર્માણ થાય છે. ધ્વનિ જેટલો શુદ્ધ હોય તેટલું જ તેનું ઊંડાણ વધુ હોય છે.

હૃદયની સૂક્ષ્મતમ ભાવનાઓની અભિવ્યક્તિ વિભિન્ન માધ્યમો દ્વારા થાય છે. નાદ અને લય દ્વારા સંગીત આવી અભિવ્યક્તિ કરે છે. મનુષ્ય કંઠ અથવા બીજા કોઈ પદાર્થ દ્વારા ઉત્પન્ન થતો મધુર ધ્વનિ નાદ કહેવાય છે. જેમ ઘંટા વગાડવાથી રણકાર જન્મે છે તે નાદ છે. સમયની નિયમિત ગતિ દ્વારા થતી અભિવ્યક્તિ લય કહેવાય છે. ચિત્રકલામાં રંગો દ્વારા ભાવની અભિવ્યક્તિ થાય છે. સંગીતમાં નાદ અને લયના માધ્યમે રસનું સર્જન થાય છે.

મનોરંજકતા સંગીતનો ગુણ છે પણ મનોરંજનની સાથે ભાવવિશેષમાં શ્રોતાને તલ્લીન કરવાની ક્ષમતા સંગીતનું પરમ લક્ષ્ય છે. ભારતીય સંગીતમાં આ સામર્થ્ય છે. પાશ્ચાત્ય સંગીતકારો ભારતીય સંગીતની આ વિશેષતા પર મુગ્ધ છે. ભારતીય સંગીતજ્ઞો દસ મિનિટની બંદિશમાં આખો રાગવિસ્તાર કરે છે. આખા વિશ્વમાં ભારતીય સંગીતની લોકપ્રિયતા વધી રહી છે. વિદેશમાં ભારતીય કલાકારો શાસ્ત્રીય રાગોને વિવિધ વાદ્યો પર પ્રસ્તુત કરવા જાય ત્યારે વિદેશીઓ ખાસ ઉપસ્થિત રહે છે. તેમને ભારતીય સંગીતની સમજ નથી હોતી પરંતુ તેના દ્વારા સરજાતી ભાવધારા તેમને આકર્ષિત કરે છે. આ આશ્ચર્યજનક લોકપ્રિયતાનું કારણ રાગ અને તાલ છે. સાથે જ ભારતીય સંગીતનો આધ્યાત્મિક આધાર છે. માટે જ મેતુહીન જેવા યહુદી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંગીતકાર ભારતીય સંગીતથી વિશેષરૂપે પ્રભાવિત છે.

ભારતીય સંગીતની વિશેષતા એ પણ છે કે તેની એક નિયમિત શાસ્ત્રીય વ્યવસ્થા છે તેમ છતાં પોતાની પરિસ્થિતિ અને ક્ષમતા મુજબ સંગીતનો આનંદ બધા જ લઈ શકે તે માટે શાસ્ત્રીય ઉપરાંત સુગમ સંગીત, ભજન, ગીત, ગઝલ, લોકગીતનું પણ આગવું સ્થાન છે.

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં સંગીતની મહત્તાને વર્ણવી છે. તે જણાવે છે કે નાટ્યકર્તાએ પહેલા ગીતમાં પ્રયત્ન કરવો.[૧] નાટ્યશાસ્ત્રમાં ભાવોની પ્રસ્તુતિ માટે એટલું મહત્ત્વ આપ્યું છે કે તેણે અનુકરણ માટે ભાવાનુકીર્તન શબ્દ વાપર્યો છે.

સંગીતના ક્ષેત્રે છેલ્લા બે દશકોમાં સૂફી સંગીત અથવા નિર્ગુણ સંગીતનો નવો પ્રવાહ શરુ થયો છે. આજના ભૌતિક યુગમાં અલૌકિક સંગીતની પ્રસ્તુતિ દ્વારા શાંતરસની અનુભૂતિનું સંગીત શ્રેષ્ઠ માધ્યમ બની રહ્યું છે.

---

૧. गीते प्रयत्नः प्रथमं तु कार्यः

સંગીત સાંભળવું, સંગીત સમજવું અને સંગીત વિશે લખવું એ ત્રણેમાં તાત્ત્વિક ભેદ છે. સંગીત સમજવું સૌથી અઘરું છે, સાંભળવું સૌથી સહેલું. બધા લોકો તાનસેન ભલે ન હોય, પરંતુ સંગીત માણવા માટે કાનસેન હોવું પૂરતું છે. ભારતીય સંગીતમાં ઉપાસનાનું તત્ત્વ રહેલું છે. અધ્યાત્મ ભારતીય સંગીતનું કેંદ્રબિંદુ છે. ભારતીય સંગીત સાથે 'નાદ'ની આધ્યાત્મિક ધારણા જોડાયેલી છે. નાદયોગનાં રૂપે સંગીતને ભગવાનની પ્રાપ્તિનું સાધન માનવામાં આવ્યું છે. ભારતીય પરંપરામાં સંગીત અને અધ્યાત્મનું સાયુજ્ય પ્રાચીન કાળથી જોવા મળે છે. આથી ભારતીય સંગીત, કલાની સાથે દર્શન અને વિજ્ઞાનની સાથે પણ જોડાયેલું છે. સંગીત થાકેલાં મગજને શાંત કરવાનું કે કેવળ મનોવિનોદનું સાધન નથી, પણ પરમતત્ત્વનું અનુસંધાન કરવાનું માધ્યમ છે. માટે જ ભારતના અધ્યાત્મવાદીઓ સંગીતના વધુ જાણકાર હતા. પૂજ્ય આનંદઘનજી મહારાજ, પૂજ્ય ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી મહારાજ જેવા અનેક અવધૂત મહાપુરુષો આનું સર્વોત્તમ ઉદાહરણ છે.

ભારતીય સંગીત એક પ્રયોગધર્મી કળા છે. ભારતીય સંગીતમાં સતત પ્રયોગો થતા રહે છે તેથી જ તેનાં સ્વરૂપમાં પરિવર્તન પણ થતું રહે છે. વિક્રમની બારમીથી ઓગણીસમી સદી સુધીના વિશાળ ફલક પર ફેલાયેલા પ્રાચીન ગુજરાતી ગેય સાહિત્યમાં જૈન શ્રમણોનું પ્રદાન પિંચોતર ટકા જેટલું છે. બારમીથી ચૌદમી સુધી રચાયેલું ગુજરાતી ગેય સાહિત્ય મોટે ભાગે જૈન શ્રમણોએ રચ્યું છે. ઈતિહાસ નોંધે છે કે ગુજરાતી ભાષામાં ગેય સાહિત્ય સર્જનનો પ્રારંભ જૈન કવિઓએ કર્યો છે.

વિક્રમની પંદરમી સદીમાં વૈષ્ણવ પરંપરામાં વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગનો પ્રસાર કર્યો ત્યાર પછી ધાર્મિક ક્ષેત્રે સંગીતનો મહિમા વધી ગયો. પુષ્ટિમાર્ગનો પ્રભાવ એટલો પ્રબળ બનતો ગયો કે જૈનો વૈષ્ણવો બનવા લાગ્યા. તે જોઈ જૈન શ્રમણોએ સોળમી સદીમાં પૂજાઓની રચના પ્રારંભી. પંડિતશ્રી વીરવિજયજી મહારાજાએ રચેલી પૂજાઓ લોકગીતોના રાગ-જેને દેશી કહેવાય છે-માં રચાઈ.

વીસમી સદીમાં શાંતિલાલ શાહે સુગમ સંગીતનો યુગ પ્રારંભ્યો. ત્યાર પછી પ્રવીણ દેસાઈનો યુગ આવ્યો. તેમણે ફિલ્મી ધૂનોના આધારે ગીતો બનાવ્યા જે ખૂબ પ્રચલિત થયા. પ્રવીણ દેસાઈ પછી થોડા સમય બાદ સુગમ સંગીતના નવા યુગનો પ્રારંભ થયો. જેના પુરોધા મુનિરાજ શ્રી **પ્રશમરતિ** વિજયજી છે. તેમની

રચનાઓમાં કેવળ શબ્દ અને છંદોનું સંયોજન હોતું નથી પણ ભાવ હોય છે. સાહિત્યશાસ્ત્ર જેને ભાવ કહે છે તે રતિજનક ભાવ હોય છે.

**આનંદ અંગ અંગ જાગ્યો**ની પ્રસ્તાવના લખવા માટે તેના પાનાં ફેરવ્યાં ત્યારે તેમાં રહેલી ભાવપ્રચુરતા અને કાવ્યતત્ત્વ જોતાં મને એમ થયું કે - આની પ્રસ્તાવના લખવાનો અધિકારી હું નથી. સમર્થ કવિ-સાચા અર્થમાં કવિ-જ તે લખી શકે. એક અભિભાવકની દૃષ્ટિએ એટલું જરૂર કહી શકું કે તેમના ગીતો, તેનો લય, તેનું સ્વર સંયોજન (કંપોઝિશન) તેનું સંગીત, તેમના ગીતોને વારંવાર સાંભળવા, ગાવા અને મમળાવવા મજબૂર કરે છે. તેમના ગીતો સાંભળીએ ત્યારે કલમ થંભી જાય છે. મન સાત્ત્વિક આનંદની અનુભૂતિમાં ગરક થઈ જાય છે.

**- વૈરાગ્યરતિવિજય**

૨૦૭૫, અષાઢ સુદ એકમ

શ્રુતભવન સંશોધન કેન્દ્ર

## રચનાના દશ નિયમો : કવિનું કર્તવ્ય

સશક્ત રચનાકારની રચનાઓમાંથી પસાર થઈએ તે વખતે કશુંક વિશિષ્ટ વાંચવા મળ્યું એવો અનુભવ થાય છે. કેમકે કવિ દશ નિયમોને સહજ રીતે નિભાવે છે.

### (૧) પરંપરા અને આધુનિકતાનો સંગમ

પૂર્વ સૂરિઓ દ્વારા જે પરંપરા બની છે તેને કવિએ આગળ વધારવાની હોય અને પરંપરાગત રચનામાં મૌલિક ભાષા-કર્મ દ્વારા કવિએ આધુનિકતાનો ઉન્મેષ દાખવવાનો હોય. આ સંગ્રહમાં તમે પૂજાઓ ખાસ વાંચજો. પૂર્વપુરુષોની ઘેરી છાયા પણ તમે અનુભવશો અને રચનાકારનું મૌલિક કવિત્વ પણ તમે જોઈ શકશો. **શ્રી ચોવીશ જિન દીક્ષા-કલ્યાણક પૂજા**માં - દીક્ષાકલ્યાણકસંબંધી ઝીણી ઝીણી વાતો વહેતી આવે છે, **શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની પૂજા**માં પ્રભુની વાણીનો મહિમા ધબકી રહ્યો છે, **શ્રીપ્રાર્થના સૂત્રની પૂજા**માં ભક્તની ભાવનાઓ ગુંજી રહી છે. એમાં પરંપરા અને આધુનિકતાનો ગજબનાક સંગમ થયો છે. વિધવિધ વંદનાઓના પદ્યખંડોમાં પણ પરંપરાની માવજત અને આધુનિકતાનું સ્પંદન-એકી સાથે જોવા મળે છે. પૂજાઓમાં ભાગ્યે જ ફિલ્મી ધૂનોને સ્થાન મળ્યું છે. જે જે દેશી ઢાળ લેવામાં આવી છે તે સંગીતનો આનંદ વધારે છે.

### (૨) પ્રાસંગિકતા

સામાન્ય રીતે ગીતોનો અને રચનાઓનો ઉપયોગ, અનુષ્ઠાનો અને કાર્યક્રમોમાં થાય છે. જે પ્રસંગ હોય તેને અનુરૂપ ગીત કે રચના મળે તેવી અપેક્ષા ગાયક પણ રાખે છે અને શ્રોતા પણ રાખે છે. મોટાભાગની વંદનાઓ પ્રાસંગિક છે. નવપદ, વીશસ્થાનક, સહસ્રકૂટ, તપસ્યા, ઉપધાન જેવા કેટલાય પ્રસંગોને અનુરૂપ ગીતો વંદનાઓમાં મળે છે. એક એક પ્રસંગને અનુરૂપ આઠ ગીતો મળી આવે છે વંદનામાં. પ્રસંગોમાં પ્રાણ પૂરવા આ વંદનાઓ ઘણી જ ઉપયોગી બની છે, બને છે.

### (૩) અનુપ્રાસ

શબ્દ સમૃદ્ધિ થકી જ કવિતાનું ઘડતર થાય. એક સરખા બે શબ્દો થકી બે પંક્તિઓનો અંત આવે ત્યારે અનુપ્રાસ બને છે. દેવર્ધિ સાહેબની અતિશય પ્રચલિત રચનાઓમાં અનુપ્રાસ તપાસો.

- મને વેશ શ્રમણનો મળજો રે – આ પંક્તિમાં મળજો રે સાથે જોડાય છે – ટળજો રે, સાંભળજો રે, ઢળજો રે,
- આનંદ રંગ – આ ગીતમાં સંગ, ઉમંગ, અંગ, તરંગ, ઉછરંગ – જેવા શબ્દો રંગ – શબ્દ સાથે જોડાય છે.
- રાત દિવસ ઉપકારો તારા યાદ બહુ આવે – આ ગીતમાં – સિતારા, મારા, ખારા, ધારા.
- વીર પ્રભુ શણગાર ધરે – આ ગીતમાં
  તારું ગીત ગમે, તારું સ્મિત ગમે, તારી રીત ગમે, તારી પ્રીત ગમે
  મારું મન તને નિત નિત નમે –
  આ પંક્તિઓ ઈત ઈતનો તાલ બનાવે છે.
  અર્થપૂર્ણ અને બળવાન અનુપ્રાસ આ સંગ્રહની તમામ રચનાઓને ઉત્કૃષ્ટ સૌંદર્ય આપે છે. સહજ અનુપ્રાસ એ કવિની ગુણવત્તા છે.

### (૪) વિષય યોજના

નવા નવા વિષયો શોધી લાવવાનું સામર્થ્ય બધાય કવિઓમાં હોતું નથી. દેવર્ધિ સાહેબ નવા નવા વિષયો લઈ આવે છે. તેઓ **आत्मप्रक्षालन**માં અંગલૂંછણા પર કવિતા રચે છે જે તદ્દન નવી જ કલ્પના છે. અષ્ટપ્રકારી પૂજાની એક એક ક્રિયા પર કવિકર્મ કરે છે, તેઓ. મજાની વાત એ છે કે જે નવા નવા વિષય તેઓ શોધી કાઢે છે તેની પર પછીથી અન્ય રચનાકારો પણ લખે છે. આવું અનુકરણ કેટકેટલી રીતે થાય છે તે જોવા આખો એક લેખ તૈયાર કરવો પડે. મોક્ષમાળા વંદનામાં – તદ્દન નવા જ વિષયનાં ગીતો રચાયા છે. સિદ્ધઅષ્ટપદીમાં સિદ્ધઅવસ્થાનું વર્ણન વાંચો. પ્રથમ ગીતમાં જ્ઞાનાવરણના નાશથી નીપજેલા સુખની વાત છે અને એ જ ક્રમે આઠમાં ગીતમાં અંતરાયકર્મના નાશથી નીપજેલાં સુખની વાત છે. વળી પ્રસ્તાવના ગીતમાં સિદ્ધશિલામાં એક જીવ આવ્યો એવી રોમાંચક રજૂઆત છે. સિદ્ધપદપૂજામાં દર્પણપૂજાના શબ્દો એક નવો જ વિષય ખોલે છે. દર્પણની આત્મકથા. એટએટલા અભિનવ વિષયો છે કે પાર ન આવે. વિષય યોજના અને વિષયની માવજતમાં દેવર્ધિજી પોતાના સમયથી ઘણા જ આગળ છે. *ભગવાન આદીશ્વરપ્રભુ યાત્રા નવાણું આદરે,* આ સ્તુતિ હોય કે *રૂમઝૂમ વહે ઋજુવાલિકા* – હોય કે *મંગલ ગુફા પ્રભુ પાર્શ્વની* – હોય કે *શેત્રુંજી નદી સ્તવના* હોય – તદ્દન નવો જ વિષય વર્ણવાયો છે તે દેખાય જ. વિષય વૈવિધ્ય પણ આ સંગ્રહમાં દર્શનીય છે. વિષયનાવિન્ય એ દેવર્ધિ સાહેબની તાકાત છે.

## (૫) ચિંતન

વાણીને ચિરસ્થાયી બનાવે છે ચિંતન. એક વિચાર મળે છે રચના દ્વારા. એ વિચાર ઊંડે ઊંડે ઉતરી જાય તેવો હોય છે. આ પંક્તિઓ વાંચો.

- **ફૂલ ખીલેલું પડે છે ઘાસ ઉપર જેમ**
  **યોગીઓ એવી જ રીતે પ્રાણને ત્યાગે**
- **કામની સાચી લગન જોવા મળે**
  **બહુ ઊંચે ચીપકેલી એ મધમાખમાં.**
- **એમને મેં દૂર રાખ્યા, હાથ જોડ્યા એમને**
  **વાતે વાતે ઉતરી આવે છે જેઓ ચળવળ ઉપર**
  **કાળા દાણાઓને ભેટે વહાલથી મીઠી મલાઈ**
  **કોઈ તો લખશે કવિતા એક સીતાફળ ઉપર**
- **જે મા મળી છે એને વફાદાર રહેજે દોસ્ત**
  **મા એક હોય છે દુકાન ઠેર ઠેર છે**
- **જે મારાથી થતું નથી એ હું નથી કરતો**
  **આને લીધે કેમ આપની આંખોમાં ઝેર છે ?**

આવી પંક્તિઓ એટલી બધી છે કે હિસાબ ન થઈ શકે. ચિંતન નીપજે છે વિશેષ આશીર્વાદથી. ઉપરવાળાના આશીર્વાદ બાબત આ કડીઓ વાંચો.

- **દેવર્ધિનું લખવાનું સાવ અટકી ગયું' તું**
  **મોકલ્યો ઉપરવાળાએ આ પ્રસાદ અચાનક**

આ સંગ્રહની અંતિમ રચના, **आनंदघन अष्टपदी** માં ચિંતનનું એક અનોખું સ્તર જોવા મળે છે.

## (૬) સંવેદના

**वाक्यं रसात्मकं काव्यम्** આ નિયમ અનુસાર ઉત્કટ ભાવનાત્મક અભિવ્યક્તિને કવિતા કહેવાય. બળકટ સંવેદનાઓ રચનામાં પ્રાણ પૂરે છે. **नंदीवर्धन** વિલાપ (હિંદી)માં મહારાજા નંદીવર્ધન કહે છે કે : મેં તમને દીક્ષાના સમયે અટકાવેલા કેમ કે તમે મારી રજા માંગી હતી. તમે મોક્ષની રજા માંગત તો હું મોક્ષના સમયે પણ તમને અટકાવત એવું તમે માન્યું એટલે તમે મોક્ષમાં જવાની રજા માંગી જ નહીં. આમાં એક અધૂરપ રહી ગઈ. હું તમારી પાસે દીક્ષા ન લઈ શક્યો. તમે મને મોક્ષ ન આપી શક્યા. શું કલ્પના છે ? શું સંવેદના છે ?

**लगाई रोक मैंने इसलिये दीक्षा विलंब किया**
**न ऐसा कोई अवसर मोक्ष जाते वक्त मुझ को दिया**
**न दीक्षा हम भी ले पाएं... न मुक्ति वो भी दे पाएं...**

પ્રભુ મહાવીરના નિર્વાણ કલ્યાણક સંબંધી વિલાપ ગીતો, ગુજરાતીમાં પણ છે અને હિંદીમાં પણ છે. આ ગીતો ગાયકોની પણ અને શ્રોતાઓની પણ આંખો ભીંજવે છે. આ વિલાપનો કાર્યક્રમ જ્યાં રખાયો ત્યાં કાર્યક્રમમાં પ્રવેશ વખતે જ આંસુ લૂંછવા માટેના રૂમાલની પ્રભાવના કરવામાં આવેલી – તેવા કિસ્સા બનેલા છે. દેવર્ધિ સાહેબની સંવેદનાનું સ્તર ઊંચું અને તીવ્ર હોય છે. વિલાપ કરતી સુદર્શનાના આ શબ્દો જુઓ :

**આંખ મારી બે છે આંસુ હજાર છે રે**
**આંખ અને આંસુનો મેળ કેમ થાય ?**

મારી પાસે આંખો કેવળ બે છે અને આંસુઓ હજાર ધારામાં વહે છે.

આંખોમાં આંસુને ઝીલવાનું બળ જ નથી. રોકો આ આંસુને.

- એક કૂવો સાવ સૂકાયો છે.
- પગથિયાની આત્મકથા.
- એક ગીત અધૂરું છૂટી ગયું.
- વિશ્વ આખું ઓળખે તને
- રોજ સવારે સૂરજ ઉગે.
- મેં પૂછ્યું આકાશને કે.
- તમે દીક્ષા લેશો.
- આ દાગીના આ કપડાં.

જેવા ગીતોની સંવેદના અત્યંત હૃદયસ્પર્શી છે.

**(૭) કલ્પના**

અલંકાર વિનાની કવિતા અધૂરી છે. ઉપમા, ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ જેવા અલંકારો, સરળતાથી સમજાય એ રીતે પ્રયોજાય એનો આનંદ અનેરો હોય છે. આ પંક્તિઓ વાંચો...

- **કેટલા દિવસોથી કંઈ જ લખ્યું નથી કાગળ ઉપર**
  **ઘંટનો રણકાર સૂતેલો છે એક સાંકળ ઉપર**

- **મોતીઓના હીરાઓના હાર આદમીએ રચ્યા**
  **સોંય એની સાવ રે નિષ્ફળ રહી ઝાકળ ઉપર**

અચાનક આવેલા વરસાદની વાત આ રીતે રજૂ થઈ છે :

**વરસી પડ્યો છે આજ તો વરસાદ અચાનક**
**દૂર થઈ ગઈ ગરમીની ફરિયાદ અચાનક**
**ધરતી અને નભ વચ્ચેના તૂટ્યા છે અબોલા**
**વીજળીના કડાકા રચે સંવાદ અચાનક**
**આંબાનું ઝાડ આખેઆખું ભીનું થઈ ગયું**
**વરસાદને કેરીનો મળ્યો સ્વાદ અચાનક**
**બારીઓ બંધ નહીં કરું વાછટ ભલે આવે**
**બળબળતી પેલી લૂ થશે બરબાદ અચાનક**

ઉપધાનની માળ વખતે ગુરુનો વાસક્ષેપ મળે છે અને સંઘ ચોખા વરસાવે છે તે સંબંધી કલ્પના જુઓ :

**માથે લીધો છે એણે વાસક્ષેપ ગુરુનો જાણે ધગધગતી સાધનાની જ્વાળા**
**સંઘ પણ વધાવે છે ચોખા વરસાવી જાણે ઉજળી એ ઘીની છે ધારા**
**કરમોનો ગંજ બધો ભડકે બળે ને મળે સાચેરા સોનાના થાળ**

દીક્ષા સંબંધી ગીતનો પ્રારંભ જુઓ :

- **મસ્તીમાં રહેવા મળે તો મસ્તીમાં રહેવું ભલું**
  **પાણીમાં જો ઉતરો તો પાણીમાં વહેવું ભલું**
- **જો પરમના પંથ માટે જીવડો તૈયાર છે**
  **તો ધવલ વસ્ત્રો ધરીને ધર્મવ્રત વહેવું ભલું.**

આત્મપ્રક્ષાલનની અમરપંક્તિઓ :

**કોરા રહીને આવે છે ભીના થઈને જાય છે**
**આ અંગલૂંછણામાં પરિવર્તન ગજબ દેખાય છે.**

આ પંક્તિઓએ કેટલાય ભક્તોને અભિભૂત કરી દીધા છે.
તમને યત્ર, તત્ર, સર્વત્ર આ કલ્પના તત્ત્વ જોવા મળશે.

## (૮) પાદપૂર્તિ

પુરાતન કવિની પંક્તિને અદ્દલ અનુસરીને અભિનવ રચના કરવી તે પાદપૂર્તિ : આમાં ઠસોઠસ સર્જનાત્મક-શક્તિ જરૂરી.

આનંદઘન અષ્ટપદીના દરેક પદનો પ્રારંભ આનંદઘનજીના કોઈ એક પદની પ્રથમ પંક્તિથી થાય છે.

આ કડીઓ વાંચો :

- **निशदिन जोऊँ तारी वाटडी घर आवोने ढोला**
  **मैं आमंत्रण क्यां लिखूँ ? मैं हूँ बालक भोला**
- **ऋषभ  जिनेश्वर प्रीतम माहरो बोले आनंदघन**
  **जो जो बोले अनुभव से बोले ऐसे ऋषि धन धन**
- **जाके दिल में साच बसत हैं ताकूं जूठ न फावे**
  **जाके दिल में जूठ है उस को जोगी दूर भगावे**

વાચક યશની રચનાની અનુરચના જુઓ.

- **તું જેમ કહે હું તેમ કહું સાહેબજી શિર તુજ આણ વહું**
  **તુજ સથવારે મુજ પાપ દહું સાહેબજી શિર તુજ આણ વહું**
  **તું આપે તે સ્વીકારી લઉં તું મના કરે ત્યાં હું ન જઉં**
  **ખોટું ન કહું સાચું જ કહું સાહેબજી શિર તુજ આણ વહું**

પાદપૂર્તિમાં કવિકર્મની પરીક્ષા હોય છે. સાચો સર્જક પાર ઉતરે જ.

## (૯) અનુવાદ

અન્ય ભાષામાં રહેલી રચનાને પોતાની ભાષામાં પદ્યરૂપે અવતરિત કરવાનું કઠિનકાર્ય એટલે અનુવાદ. અહીં *ધ્યાનશતક, ચારિત્ર મનોરથ માળા*નો ભાવાનુવાદ અને *જ્ઞાનસાર*નો સારાનુવાદ છે તે વાંચતી વખતે એમ લાગે જ નહીં કે આ અનુવાદ છે.  મૂળ રચનાના ભાવને પકડી રાખવો અને મૂળ વિષયને વફાદાર રહેવું એ બહુ જરૂરી હોય છે. ત્રણેય અનુવાદો વારંવાર વાંચવાનું મન થાય તેવા છે, સમજો કે સ્વાધ્યાય છે.

*શ્રી શીતલજિન પંચકલ્યાણકપૂજા*માં કલ્પસૂત્રની પંક્તિઓનો અનુવાદ વહી આવ્યો છે.

**નિરખે જન નયન હજાર લોકો ગાય સ્તવન હજાર**
**કરે ભાવથી વંદન હજાર વાગે વાજીંત્ર ગગન હજાર**

દીક્ષા કલ્યાણકના વરઘોડાનું આ વર્ણન છે. આવી અનુવાદકતા સરસ્વતીના આશીર્વાદથી જ મળે.

## (૧૦) પદાર્થ નિરૂપણ

એક રચનાકારે શુભવિચારનું નિર્માણ કરે તેવી સામગ્રીનું સર્જન અને નિરૂપણ કરવાનું હોય. છૂટક છૂટક ગીતોમાં પ્રાસંગિકતાની છાંટ હોય છે. સતત લખતો રહેનાર સર્જક ક્યારેક કમજોર પડી શકે પરંતુ જો પદાર્થ નિરૂપણની પકડ સારી હોય તો સર્જક કમજોર પડી શકતો નથી.

તમે આ દૃષ્ટિએ જયવીયરાય સૂત્ર આધારિત શ્રી પ્રાર્થના સૂત્ર પૂજા વાંચો. તમને અઢળક પદાર્થો મળશે. તમે શ્રી ચોવીશજિન દીક્ષા કલ્યાણક પૂજા વાંચો. તમારો બોધ વધશે, શ્રદ્ધા વધશે અને ભાવનાનું બળ પણ વધશે. **આત્મપ્રક્ષાલન**માં તમને પૂજાનાં રહસ્યો શીખવા મળે છે.

પદાર્થ નિરૂપણની જેમ કથાનિરૂપણ પણ એક કળા છે. તમે મહાસતી વંદના, પ્રભુવીરનું દીક્ષાજીવન, દેવાનંદા જેવી રચનાઓમાં સશક્ત કથાનિરૂપણ માણી શકો છો.

દશ નિયમોના નામ આ મુજબ છે.

(૧) પરંપરા અને આધુનિકતાનો સંગમ,

(૨) પ્રાસંગિકતા,

(૩) અનુપ્રાસ,

(૪) વિષયયોજના,

(૫) ચિંતન,

(૬) સંવેદના,

(૭) કલ્પના,

(૮) પાદપૂર્તિ,

(૯) અનુવાદ,

(૧૦) પદાર્થ નિરૂપણ.

દેવર્ધિ સાહેબ આ દશેય નિયમોને સજાવે છે, શણગારે છે.

મૂળભૂત રીતે તેઓ એક ગ્રંથકાર છે. તેમણે **श्री माणिभद्र महाकाव्य, संवेगरति, स्मृतिमंदिर प्रशस्ति, हेमसंकीर्तनम्** જેવા ઉચ્ચસ્તરીય સંસ્કૃત ગ્રંથોનું સર્જન કર્યું છે. એક ગ્રંથકાર જ્યારે ગીતકાર બને ત્યારે સર્જાય છે - **આનંદ અંગ અંગ જાગ્યો.**

તમે આ સંગ્રહની તમામ રચનાઓ વાંચી લેશો તો તમારું જ્ઞાન ઘણું બધું વધી જશે છતાં તમને વાંચતી વખતે દરેક કડીઓ સરળ લાગશે.

એક સશક્ત રચનાકાર સમક્ષ ફરમાઈસ પણ આવતી હોય છે. એ ફરમાઈસને પૂરી કરવા રચનાકાર પોતાનું સ્તર થોડુંક સામાન્ય બનાવીને પણ, કશુંક લખી આપે છે. અમુક રચનાઓ એવી પણ છે અહીં. પરંતુ એ તમને સમજાશે નહીં. પદ્યલયની ધારા આનંદના રસને અખંડ બનાવી રાખે છે.

વિ.સં. ૨૦૪૭થી ગીતલેખન શરૂ થયું હતું. ઘણી રચનાઓ લખાઈ. કાર્યક્રમોમાં ગવાઈ. એ રચનાઓની પંક્તિઓ ઉપાડી ઉપાડીને અન્ય રચનાકારોએ પણ અમુક રચનાઓ કરી છે, અને કરવાનું ચાલું રાખ્યું છે. ઘણા લાંબા સમય પછી આ તમામ રચનાઓ સંગૃહીત થઈને પુસ્તકાકારે પ્રકાશિત થઈ રહી છે. મજાની વાત એ છે કે - આ રચનાસંગ્રહનું મુદ્રણ કાર્ય થઈ રહ્યું હતું તે દરમ્યાન જે નવી રચનાઓ તૈયાર થઈ તેની સંખ્યા પણ ૩૦૦થી વધુ છે. એનો સમાવેશ આ સંગ્રહમાં થયો નથી. આવી વધુને વધુ રચનાઓ આપણને મળતી રહે એવી શ્રુતદેવતાને પ્રાર્થના.

**- ભાર્ગવ પુરોહિત**

## ।। શ્રુત પ્રેમી ।।

પૂર્વભારતદેશ કલ્યાણકતીર્થોદ્ધારક, પ્રવચન પ્રભાવક,
આધ્યાત્મિક પ્રવચનકાર, પૂજ્યપાદ આચાર્યભગવંત
શ્રીમદ્વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી

**શ્રી ચંદ્રકાંતભાઈ નંદલાલજી શેઠ**
**શ્રી મધુબેન ચંદ્રકાંતભાઈ શેઠ**
**શ્રી નંદપ્રભા પરિવાર – કોલકાતા**

# દેવર્ધિ પરિષદ્ ગ્રંથમાલા

## રત્ન સ્તંભ

- શ્રી અજિતનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-નાગપુર (વિ.સં. ૨૦૭૨ ચાતુર્માસ સ્મૃતિ)
- શ્રી સુમતિનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, રામદાસ પેઠ-નાગપુર (વિ.સં. ૨૦૭૬ ચાતુર્માસ સ્મૃતિ)
- શ્રી સંભવનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, વર્ધમાનનગર-નાગપુર (વિ.સં. ૨૦૭૬ ચાતુર્માસ સ્મૃતિ)
- શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તીર્થ-વર્ધા (વિ.સં. ૨૦૭૩ ચાતુર્માસ સ્મૃતિ)
- શ્રી સુમતિનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-યવતમાલ (વિ.સં. ૨૦૭૪ ચાતુર્માસ સ્મૃતિ)
- શ્રી ગૌતમરાજ જૈન શ્વેતાંબર સંઘ, પારડી-નાગપુર (વિ.સં. ૨૦૭૧ ચાતુર્માસ સ્મૃતિ)
- શ્રી વર્ધમાન મહાવીર જૈન રીલિજિયસ ટ્રસ્ટ-મુંબઈ (શ્રી નંદપ્રભા પરિવાર)
- શ્રી શાંતિ કનક શ્રમણોપાસક ટ્રસ્ટ - સુરત
- શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ તીર્થ, નગપુરા, છત્તીસગઢ (વિ.સં. ૨૦૭૭ ચાતુર્માસ સ્મૃતિ)

## આધાર સ્તંભ

- શ્રી ગણેશમલ ધરમચંદજી જૈન-નાગપુર
- શ્રી નૈનાબેન રાજેશભાઈ શાહ-નાગપુર
- શ્રી સુશીલાબેન રમણિકલાલ વોરા પરિવાર-નાગપુર
- શ્રી પ્રભાવતીબેન ભોગીલાલ રાયચંદ દોશી પરિવાર-નાગપુર
- શ્રી વિજયાબેન સૌભાગચંદજી સાવડિયા-નાગપુર
- શ્રીમતી શાંતિદેવી દેવરાજજી બાફના પરિવાર-હસ્તે સુરેશભાઈ બાફના-નાગપુર
- શ્રી મોહિતભાઈ સાંકળચંદ શાહ-નાગપુર
- શ્રી હિતેશભાઈ જયંતીલાલ શાહ-નાગપુર
- શ્રી રાજેંદ્રભાઈ અમૃતલાલ શાહ-નાગપુર
- શ્રી સામાયિક મંડલ-નાગપુર
- શ્રી રાજુલબેન મનોજભાઈ શાહ-નાગપુર
- શ્રી સુષમાબેન નિખિલભાઈ કુસુમગર/ શ્રી રસીલાબેન કુસુમગર પરિવાર-નાગપુર
- શ્રી કુંદનબેન નવનીતભાઈ શેઠ પરિવાર-નાગપુર
- શ્રી સમૃદ્ધિ-લબ્ધિ સુમિત દુગ્ગડ પરિવાર-નાગપુર
- શ્રી ઉજ્જ્વલાબેન અનિલકુમાર ગાંધી-ગૌરવ/ રાજેન્દ્ર, નાગપુર
- શ્રીમતી પવનબાઈ સંચેતી હસ્તે શ્રી પ્રતિભાબેન રાજેન્દ્રકુમાર સંચેતી-નાગપુર
- શ્રી નીરૂબેન કિરણભાઈ વોરા/સુરુચિબેન વિપુલ વોરા-નાગપુર
- શ્રી રીટાબેન વીરેનભાઈ શાહ-સંકેત/શુભમ્-નાગપુર
- શ્રી હિનાબેન દીપકભાઈ કામદાર/ શ્રી કાજલબેન રોહિતભાઈ કામદાર-નાગપુર
- શ્રી અયાંશ જૈન, હસ્તે જિનલબેન અનુજભાઈ જૈન-જબલપુર
- શ્રી અસ્મિતાબેન જયેશભાઈ કાપડી-હર્ષ, સૌરભ-રાયપુર
- શ્રી મનસુખલાલ ફૂલચંદ શાહ પરિવાર-વલસાડ
- શ્રી કરુણાબેન સચિનભાઈ કોઠારી-કરણ, લબ્ધિ-યવતમાલ
- શ્રી બીનાબેન જનકભાઈ લાલન-પૂના
- શ્રી અરૂણાબેન ચંદ્રકાંતભાઈ સાવડિયા-જિતેન્દ્રભાઈ, મનીષભાઈ
- શ્રી કલ્યાણ મિત્ર પરિવાર-નાગપુર
- શ્રી પિંકી રાજેશભાઈ મહેતા-નાગપુર
- શ્રી હેતલબેન કિરીટભાઈ બૌઆ પરિવાર-નાગપુર
- શ્રીમતી ઊષાદેવી સુરેશજી બાગમાર - રાયપુર (કેશકાલ)
- શ્રીમતી ચુકીદેવી માંગીલાલજી હસ્તે પુખરાજ દુગડ - સાજા
- શ્રીમતી જસોદાબેન દાસમલ શેષમલ પોરવાલ - મુંબઈ
- શ્રીમતી સોવનબેન પારસમલ સાંકરિયા - મુંબઈ
- શ્રીમતી કમલાબેન મનીષકુમાર દયાલપુરા - મુંબઈ
- શ્રી ચંદૂલાલ કેશરીમલ - સાબરમતી અમદાવાદ
- મમતા - તનિષા - છવિ છાજેડ - ખૈરાગઢ
- અરૂણાબેન મફતલાલ શાહ - અમદાવાદ
- શ્રી પારસમલજી જીવનચંદજી બૈદ - રાજનાંદગાંવ

# આવકાર

તત્રસ્થ મુનિવર શ્રી પ્રશમરતિવિજયજી યોગ અનુવંદના.

તમારી અકુતોભયસંચરિષ્ણુ કવિતા બેય કાંઠે છલકાતી રહે એવી હૈયાનાં હેતે ઝંખના.

**– પૂ.આ. શ્રીમદ્ વિજય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.**

❋ ❋ ❋

તમારાં ગીતો હું રસપૂર્વક વાંચું છું. તમારી રચનામાં લય સારો બંધાય છે.

**– પૂ.આ. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.**

❋ ❋ ❋

દેવર્ધિનાં નામે પ્રસિદ્ધ કવિ શિરોમણિ મુનિરાજશ્રી પ્રશમરતિ વિજયજીની રચનાઓ નાગપુરથી નાસિક સુધી, નાસિકથી મુંબઈ સુધી, મુંબઈથી મદ્રાસ સુધી અને મદ્રાસથી મલયાલમ સુધી બધે જ ગવાતી હોય છે.

**– પૂ. આ. શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મ.**

❋ ❋ ❋

તમારી રચનાઓમાં હૃદયની જે સંવેદનાઓ છલકાય છે એ વાંચી સાચે જ દિલ આનંદવિભોર બન્યું રહે છે. આવી સંવેદનાઓ પ્રભુ પાસે હુંય યાચું છું.

**– પૂ. આ. શ્રીમદ્ વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મ.**

❋ ❋ ❋

પ્રસંગોને અનુરૂપ ભાવવાહી કોમલકાંત શબ્દોની ફૂલગૂંથણીથી મહેકતાં ગીતો લઈને આવ્યા છે મુનિશ્રી પ્રશમરતિવિજયજી.

તેમનાં ગીતોની મહેક કેવી મીઠડી છે એનો અનુભવ, સંગીતના સથવારે એ ગીતોને ગાઈ રહેલ જીભ દ્વારા નહીં, આંખોમાંથી ટપકતાં જલબિંદુઓ થકી જ થઈ જશે.

**– પૂ. મુનિભગવંતશ્રી ધુરંધરવિજયજી મ.**

(ત્યારે તમોને જેમણે... એ સ્તુતિના સર્જક)

અનંત ઉપકારી પૂ. પિતા મુનિરાજ શ્રી સંવેગરતિવિજયજી મ.ને

પરમોત્કૃષ્ટ ઉપકારી માતા શ્રી જયાબેન ભાયાણીને

**– સાદર સમર્પણ –**

**एतावतीं भूमिमहं त्वदंघ्रिपद्मप्रसादाद् गतवान् ।**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રાર્થના | ૧ |
| ૨. | કવિતા | ૨૯ |
| ૩. | નંદપ્રભા | ૪૩ |
| ૪. | ગુરુગીત | ૧૦૦ |
| ૫. | દીક્ષાગીત | ૧૨૫ |
| ૬. | સ્તુતિ | ૧૪૭ |
| ૭. | શત્રુંજય સ્તવના | ૧૬૧ |
| ૮. | સ્વાધ્યાય | ૨૧૩ |
| ૯. | વંદના | ૨૨૭ |
| ૧૦. | પૂજા | ૩૩૫ |
| ૧૧. | હિંદી રચના | ૪૩૯ |

# ૧

# પ્રાર્થના

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | તારું નામ લીધું | ૩ | ૨૪. | મળે અજવાળું | ૧૪ |
| ૨. | સૂરજ ઉગે ગાવા તારું નામ | ૩ | ૨૫. | આપ આવો | ૧૪ |
| ૩. | સૂરજ ઊગે લેવા તારું નામ | ૪ | ૨૬. | હે ભગવાન | ૧૪ |
| ૪. | તું જ કરાવે | ૪ | ૨૭. | પલ પલ યાદ કરું | ૧૫ |
| ૫. | પગથિયાની આત્મકથા | ૪ | ૨૮. | આ શું ? | ૧૫ |
| ૬. | એક કૂવો સાવ સુકાયો છે | ૫ | ૨૯. | દાતા, મને ક્યારે મળશો | ૧૬ |
| ૭. | ચિત્ર અધૂરું છે | ૬ | ૩૦ | ચમક ચમકતી ચાંદની | ૧૬ |
| ૮. | ભોંય પડ્યો છું | ૬ | ૩૧. | કેમ સતાવો ? | ૧૭ |
| ૯. | કલ્પવૃક્ષનાં પુષ્પ | ૭ | ૩૨. | મારી પ્રાર્થના | ૧૭ |
| ૧૦. | તું સાગર છે | ૭ | ૩૩. | આનંદ અહો આનંદ | ૧૮ |
| ૧૧. | તમોને જે જુએ | ૭ | ૩૪. | ઉત્સવમાં પરમાતમ છે | ૧૮ |
| ૧૨. | વર વાજિંતર | ૮ | ૩૫. | સાહેબ સુણજો રે | ૧૯ |
| ૧૩. | તંબૂરાના તારે | ૮ | ૩૬. | મારી લાગણીમાં તું છે | ૧૯ |
| ૧૪. | તું જેમ કહે | ૮ | ૩૭. | તમે સાક્ષાત્ આવો | ૨૦ |
| ૧૫. | જ્યોત, પ્રભુ | ૯ | ૩૮. | જંગલમાં સંગમના હાથે | ૨૦ |
| ૧૬. | જીવ મારો મૂંઝાય | ૯ | ૩૯. | ચૈત્ર સુદ તેરસ | ૨૧ |
| ૧૭. | એમ કરજે | ૧૦ | ૪૦. | બાળગીત-૧ | ૨૨ |
| ૧૮. | માફ કરો | ૧૦ | ૪૧. | બાળગીત-૨ | ૨૩ |
| ૧૯. | ભૂલને મળે વિદાય | ૧૧ | ૪૨. | અષ્ટપ્રકારી પૂજાનો સનેડો | ૨૩ |
| ૨૦. | ઝાલરો વાગે | ૧૧ | ૪૩. | મુક્તક | ૨૪ |
| ૨૧. | પ્રાર્થના | ૧૨ | ૪૪. | તારા દ્વારે | ૨૭ |
| ૨૨. | સાંજ | ૧૩ | ૪૫. | મૌનની પ્રાર્થના | ૨૭ |
| ૨૩. | યાદ બહુ આવે | ૧૩ | | | |

## ૧. તારું નામ લીધું

તારું નામ લીધું ને નભમાં ચમક્યા ઝગમગ તારા રે
તારું નામ લીધું ને વરસી ઝરમર અમૃતધારા રે. ૧

તારું નામ લીધું ને જાગ્યા કોયલના ટહુકારા રે
તારું નામ લીધું ને વાગ્યા રોમરોમ રણકારા રે. ૨

તારું નામ લીધું ને ખળખળ ઝરણાં સૌ છલકાયા રે
તારું નામ લીધું ને વનમાં પર્ણ સહુ મલકાયા રે. ૩

તારું નામ લીધું ને દીવડે જ્યોતિ વધી સવાઈ રે
તારું નામ લીધું ને ઘરઘર વધામણીઓ ગવાઈ રે. ૪

તારું નામ લીધું ને આંગણ રંગોળી પથરાઈ રે
તારું નામ લીધું ને વાગી આનંદની શરણાઈ રે. ૫

તારું નામ લીધું ને દેવર્ષિમાં ઊર્જા આવી રે
તારું નામ લીધું ને જડી ગઈ તિજોરીની ચાવી રે. ૬

## ૨. સૂરજ ઉગે ગાવા તારું નામ

રોજ સવારે સૂરજ ઊગે ગાવા તારું નામ
પાણીમાં પડછાયો પાડી પહોંચે એ તારે ધામ...
સૌને જગાડે રસ્તો દેખાડે એ છે તારો સ્વભાવ
સૂરજ તારાં જ પગલે ચાલે ધન્ય છે તારો પ્રભાવ
ફેલાતું અજવાળું શહેરે શહેરે ગામેગામ. રોજ સવારે... ૧

એ તુજને જોઈ હર્ષિત હૈયે ઊંચે ઊઠતો જાય
તારા જ તેજને આકંઠ પીને સાંજે લે છે વિદાય
બીજા મલકમાંય પહોંચાડે એ તુજ દેવર્ષિ અભિરામ. રોજ સવારે... ૨

## ૩. સૂરજ ઊગે લેવા તારું નામ

રોજ સવારે સૂરજ ઊગે, લેવા તારું નામ,
તારું જ નામ લેતાં લેતાં, સૂરજ ડૂબે શામ...
પૂનમ રાતે ચાંદો ચમકે, જોવા તારું રૂપ,
ઝગમગ ઝગમગ તારા તુજને, જોયા કરે ગુપચૂપ.
વાયરો વહેતો આવે ધીમો, જોવા તારું ધામ. રોજ સવારે... ૧
પંખીઓના કલરવ જાગે, ગાવા તારાં ગીત,
દૂરથી વહેતી આવે નદીઓ, જોવાં તારું સ્મિત,
મધરાતે તારાં શમણાં લઈ, પોઢે આખું ગામ. રોજ સવારે... ૨
તારી માટે લાગણીઓનાં, પૂર હૃદયમાં જાગે,
તારી પાસે આવતાં મારાં, સઘળા દુઃખો ભાગે,
તું છે મારો સારથિ સાહેબ, સોંપું છું મારી લગામ. રોજ સવારે... ૩

## ૪. તું જ કરાવે

તું જ કરાવે કામ શરૂ ને તું જ કરાવે પૂરું
તારો હાથ રહે માથે તો કાંઈ ન રહે અધૂરું...
એક ગલીના એક ખૂણે હું એક વિચારું કામ
પછી નયન બે બંધ કરી હું સમરું તારું નામ
અને તરત તું દેખાડે આકાશ અપરિસીમ ભૂરું
તું જ કરાવે કામ શરૂ ને તું જ કરાવે પૂરું. ૧
તને મળીને નાનું તણખલું મહાતરુ થઈ જાય
તારા સ્પર્શે તણખામાંથી જ્યોતિરસ છલકાય
તવ દેવર્ષિના સંગે હું સઘળા સંકટ ચૂરું
તું જ કરાવે કામ શરૂ ને તું જ કરાવે પૂરું. ૨

## ૫. પગથિયાની આત્મકથા

દ્વારે બેઠું એક પગથિયું આત્મકથા સંભળાવેજી
મંદિરથી દૂરે જાવાનું એને કદી ન ફાવેજી...

મારી પર પગ મૂકી ભક્તો તારી પાસે આવેજી
સાહેબ કોઈ કદી ના મુજને તારી પાસે લાવેજી
તારી માટેનાં સૌ ગીતો મુજને પણ સંભળાવેજી
એ સાંભળતા સાંભળતા અવતાર સફળ થઈ જાવેજી
દ્વારે બેઠું એક પગથિયું આત્મકથા સંભળાવેજી... ૧

તારા દર્શન પૂજન કરીને જેઓ પાછા સિધાવેજી
ચરણ સ્પર્શ તેઓનો પામી મુજ મન રાજી થાવેજી
દુનિયાની ને તારી વચ્ચે સેતુ મને બનાવેજી
એ છે તારી કૃપા કે તું મુજ હાથે કામ કરાવેજી
દ્વારે બેઠું એક પગથિયું આત્મકથા સંભળાવેજી... ૨

તુજને હું ના જોઈ શકું છું એક એનું દુઃખ થાવેજી
તારી સાથેનું જોડાણ મને બસ ધન્ય બનાવેજી
આ સંબંધ અખંડ રહેજો તારા પુણ્ય પ્રભાવેજી
એ અભિલાષા સાથે અવિરત દેવર્ધિ ગુણ ગાવેજી
દ્વારે બેઠું એક પગથિયું આત્મકથા સંભળાવેજી... ૩

## ૬. એક કૂવો સાવ સુકાયો છે

એક કૂવો સાવ સુકાયો છે
કોઈ ન આવે એની પાસે એવો એકલવાયો છે...

વરસો સુધી પાણી પીવા આવ્યું આખું ગામ
નાહવાધોવાનું ઠરવાનું એકમાત્ર એ ધામ
ભરબપોરે સૂરજનો એણે ઝીલ્યો પડછાયો છે. એક કૂવો... ૧

તળિયે પાણી ખૂટ્યું છે તો થઈ ગયા સૌ દૂર
કાળની કરવટ બદલાઈ છે ઊડી ગયું છે નૂર
સૌની વચ્ચે હતો તે જાણે ખૂણે દૂર મુકાયો છે. એક કૂવો... ૨

જેઓ પાણી ભરતા'તા તે કચરો નાંખી જાય
કામ ન જે આવે છે એ તો સૌની ઠોકર ખાય
સૌનો લાડકવાયો હતો તે સૌની માટે પરાયો છે. એક કૂવો... ૩

છેલ્લી ઘડીએ આવો ઢળતો સમય ન થાજો મારો
જેને મારા માનું છું એનો મળજો સથવારો
રંગ સવાયો દેવર્ધિનો કદી નહીં બદલાયો છે. એક કૂવો... ૪

## ૭. ચિત્ર અધૂરું છે

મારું ચિત્ર અધૂરું છે તમે રંગ ભરી આપો
મારું શિલ્પ અધૂરું છે કોતરણી કરી આપો...
મારાં મનમાં રહે છે સતત એક તમારું નામ
નામ તમારું સમરે એનું અટકે નહીં કોઈ કામ
બળબળતા તડકામાં છું તમે છાંયો ધરી આપો.
મારું શિલ્પ અધૂરું છે કોતરણી કરી આપો. ૧
મને બધા સમજાવે કિંતુ મને ન સમજે કોઈ
તમે જ દો છો સથવારો નિઃસ્વાર્થ નજરથી જોઈ
તમને મળવાનો અવસર મને ફરીફરી આપો
મારું શિલ્પ અધૂરું છે કોતરણી કરી આપો. ૨
દેવર્ધિથી દીપે દાતા દર્શનીય દરબાર
કહો મને કે કાચો ક્યાં હું પડું છું હે કિરતાર
ભલે ઘણું ના આપો કિંતુ જરીક જરી આપો
મારું શિલ્પ અધૂરું છે કોતરણી કરી આપો. ૩

## ૮. ભોંય પડ્યો છું

એકલવાયો ભોંય પડ્યો છું રસ્તો છે વેરાન
ધરું છું તારું ધ્યાન...
નિર્બળ છું એવો કે મુજને હવા ઉડાડશે દૂર
કોઈ નથી મારું કે કુદરત પણ થઈ ગઈ છે ક્રૂર
તું આવી જીવાડી દે હું અડધો છું બેભાન ધરું છું... ૧

કાવાદાવાની દુનિયામાં નબળાનું શું સ્થાન
દુખિયારાને સંભાળે તો એકમાત્ર ભગવાન
પળભર માટે ખોળે લઈને રાખો મારું માન ધરું છું... ૨

## ૯. કલ્પવૃક્ષનાં પુષ્પ

કલ્પવૃક્ષનાં પુષ્પથી તમને પૂજે દેવ અમૂલ
હું પણ તમને રોજ ચડાવું એક મજાનું ફૂલ...
તમને મારાં મનમાં રાખું સાહેબ દિવસ ને રાત
તમને કહી દઉં દંભ વિના હું મારાં મનની વાત
હાથ જોડીને કરું વિનંતી માફ કરી દો ભૂલ
હું પણ તમને રોજ ચડાવું એક મજાનું ફૂલ. ૧
તમે જ આપ્યા સદ્ગુણ એનો તમે જ કરો વિકાસ
ટાળી દો આ જીવનમાંથી સૌ દુર્ગુણનો ત્રાસ
દેવર્ધિને સુગંધ આપે તવ ચરણોની ધૂળ
હું પણ તમને રોજ ચડાવું એક મજાનું ફૂલ. ૨

## ૧૦. તું સાગર છે

તું છે સાગર અગાધ સાહેબ તુજને હું શું આપુંજી
નાની છે મારી ફૂટપટ્ટી તુજને ક્યાંથી માપુંજી...
ખૂબ બધી છે મારી સીમા તું અસીમ ભગવંત
પળબેપળનું જીવન મારું તુજ અસ્તિત્વ અનંત
પૂર્ણબોધનો માલિક તું હું તો અંગૂઠો છાપુંજી
તું છે સાગર અગાધ સાહેબ તુજને હું શું આપુંજી. ૧
મોતીનો મહેરામણ તું હું રેતીનો રહેવાસી
તું દેવર્ધિનો દરિયો તું મિટાવ મારી ઉદાસી
નાની થાળી લાવું એમાં સપનાં મોટા થાપુંજી
તું છે સાગર અગાધ સાહેબ તુજને હું શું આપુંજી. ૨

## ૧૧. તમોને જે જુએ

તમોને જે જુએ એને મળે છે સંપદા સઘળી.
તમે જેને જુઓ એની દશા થઈ જાય છે ઉજળી... ૧
તમે છો જેમનાં હૈયે એને ચિંતા સતાવે નહીં
તમારી સ્પર્શનાથી દૂર ભાગે ભાવના નબળી... ૨

તમે હાજર રહો જ્યાં ત્યાં સદા છલકાય છે ઉર્જા
તમોને જે મળે એની બધી અવળી બને સવળી... ૩
તમે બોલો નહીં તોપણ તમારી આંખ બોલે છે
અગોચર પ્રેરણાઓની સવારી જાણે કે નીકળી... ૪
તમારામાં વસે દેવર્ધિ જે તે ખૂબ માણું છું
તમારાં કારણે કેટલીય ગાંઠો સાવ ગઈ પીગળી... ૫

## ૧૨. વર વાજિંતર

વર વાજિંતર વાગે રે ભક્તિરસ મન જાગે રે.
તારથી તાર મળે છે કોમલ તનનતનન સૂર લાગે રે. ૧
અખંડ ધારા સહજાનંદી દુઃખ દુવિધા દૂર ભાગે રે.
સાહેબને સાક્ષાત નિહાળી તનમન તૃષ્ણા ત્યાગે રે. ૨
અણુઅણુમાં અહોભાવિત આતમ એક અનહદ રસ માંગે રે.
દેવર્ધિ સહસા મળી આવે પરમેશ્વર અનુરાગે રે. ૩

## ૧૩. તંબૂરાના તારે

તંબૂરાના તારે તારે તારો છે ઝંકાર
જોગણ ગાયે વિજોગ તૂંહી તૂંહીનો ઉદ્‌ગાર. તું છે તારણહાર. ૧
નિરાકારને નિહાળવાનો નયનોમાં નિર્ધાર
રોમરોમથી અવાજ ઉઠે સાહેબ પાર ઉતાર. તું છે તારણહાર. ૨
તારો સૂર છે તારી જ લગની તારો છે રણકાર
તારા સ્મરણમાં તારા ચરણમાં વીતે ભલો અવતાર. તું છે તારણહાર. ૩
વહાલેસર તુજ ધ્યાન ધરું ને સુખ જાગે અવિકાર
દેવર્ધિના અક્ષરઅક્ષર તારામાં એકતાર. તું છે તારણહાર. ૪

## ૧૪. તું જેમ કહે

તું જેમ કહે હું તેમ કહું, સાહેબજી શિર તુજ આણ વહું.
તુજ સથવારે મુજ પાપ દહું, સાહેબજી શિર તુજ આણ વહું.

તું આપે તે સ્વીકારી લઉં, તું મના કરે ત્યાં હું ન જઉં.
ખોટું ન કહું સાચું જ કહું, સાહેબજી શિર તુજ આણ વહું... ૧
તું મારી બાજી સંભાળે, તું મારી પળેપળ અજવાળે.
તુજ ચરણે રહું તુજ શરણ ગ્રહું, સાહેબજી શિર તુજ આણ વહું... ૨
દેવર્ધિ વસે છે તારે દ્વાર, તું દયાવંત સાચો દાતાર,
તુજ નામે સઘળા સુખ લહું, સાહેબજી શિર તુજ આણ વહું... ૩

## ૧૫. જ્યોત, પ્રભુ

તમે જ્યોત પ્રભુ પાથરતા રહો મારું અંધારું દૂર કરતા રહો
મારું જ્ઞાન સ્વયંનું થોડુંક છે જાણે ખોબામાંનું પાણી
જગને જોઉં છું જાણું છું મારી જાતને મેં ના જાણી
મારી અંજલિમાં જળ ભરતા રહો તમે જ્યોત પ્રભુ પાથરતા રહો. ૧
તમે કૃપાવંત ના થાત તો મુજને દૃષ્ટિ મળત શી રીતે
તમે સાદ ન આપત તો સાહેબ હું પાછો વળત શી રીતે
કણકણ દેવર્ધિ પસરતા રહો તમે જ્યોત પ્રભુ પાથરતા રહો. ૨

## ૧૬. જીવ મારો મૂંઝાય

તુજને જોવા આંખ મળી છે, તું તો ના દેખાય.
જે જે જોવા જેવું નથી તે સામે આવી જાય.
જીવ મારો મૂંઝાય

બીજાનાં સુખ જોઈ જોઈને, મારો જીવ બળે.
સોહામણા રૂપ નજરે આવે, ત્યારેય ચિત્તડું ચળે.
મંદિરમાં પણ મારી દૃષ્ટિ, આમતેમ અટવાય.
જે જે જોવા જેવું નથી તે. ૧

ગુણ ન જોઉં દોષને જોઉં, એવો મારો સ્વભાવ.
વાંકી નજરે નબળું ભાળું, ખેલું અવળા દાવ.
તું એવો જાદુ કર કે તવ, દેવર્ધિ જોઈ શકાય.
જે જે જોવા જેવું નથી તે. ૨

## ૧૭. એમ કરજે

પ્રભુ તુજ પંથ ઉપર પ્રાણ મુજ પથરાય એમ કરજે.
પ્રભુ તુજ તેજથી અસ્તિત્વ મારું ભરાય એમ કરજે. ૧

પ્રભુ તું શક્તિ આપે એટલાથી કામ નહીં ચાલે.
મારી શક્તિ સારા રસ્તે સતત વપરાય એમ કરજે. ૨

કદી કમજોર પડતો લાગું તો તું જુસ્સો ભરી દેજે.
કે બમણું જોશ આગલા કામમાં ઉભરાય એમ કરજે. ૩

મને વસમા અનુભવ આ જગતમાં રોજરોજે થાય.
કરારા જખ્મમાં હિંમત નહીં વિખરાય એમ કરજે. ૪

મને બળ તેં જ આપ્યું છે એવું કાયમ હું માનું છું.
કરું જો ભૂલ તો એ સમજાય અને સુધરાય એમ કરજે. ૫

જનમજનમાંતરો વીત્યા પછી તું માંડ દેખાયો.
કરું ભરપૂર ભક્તિ તોય મન ન ધરાય એમ કરજે. ૬

તારાં નામે જ દેવર્ધિ વરે છે સદ્ ચિદ્ આનંદ
પ્રભુ સંસારસાગરથી પાર ઉતરાય એમ કરજે. ૭

## ૧૮. માફ કરો

માફ કરો ભગવાન્ કે તમને નિયમિત હું ના મળું
તમને માનું તોય તમારાં વચન હું ના સાંભળું...

કામ બધાનાં કરતો રહું અને ભૂલું તમારું જ કામ
દુનિયાદારીમાં અટવાઈ ભૂલું તમારું જ નામ
સ્વાર્થ અને અભિમાનના સંગે આગ થઈ હું બળું
માફ કરો ભગવાન્ કે તમને નિયમિત હું ના મળું... ૧

તમને મારા વિનાય ચાલે એ છે તમારી જીત
તમે નથી તો હું છું અધૂરો સાહેબ શીખવો પ્રીત
તમને જે ના રોજ મળે એનું જીવન રહે પાંગળું
માફ કરો ભગવાન્ કે તમને નિયમિત હું ના મળું... ૨

એવી એક થપ્પડ મારો કે આંખો ઉઘડી જાય
એવો કડવો અનુભવ દો કે બુદ્ધિ મુજ બદલાય
સુખનાં ચાળે ચડેલ છું શી રીતે પાછો વળું ?
માફ કરો ભગવાન્ કે તમને નિયમિત હું ના મળું... ૩

## ૧૯. ભૂલને મળે વિદાય

પ્રભુ કરો એવો જાદુ કે ભૂલને મળે વિદાય
ક્યારેક કોઈક ભૂલની માટે પસ્તાવો બહુ થાય

બાણું ટકા જે થાય સરસ તેનો કોઈ હર્ષ ન થાય
આઠ ટકાની કચાશ માટે જીવ વ્યાકુળ થઈ જાય
ખુશ રહેવાને બદલે કેમ નારાજગી આવી જાય
ક્યારેક કોઈક ભૂલની માટે પસ્તાવો બહુ થાય... ૧

તે તે સમયે વહી જાઉં હું ધૂનમાં થઈ સવાર
પાછળથી સમજાય મને ત્યારે મન આવે ભાર
દરવખતે મારા હાથે ના થાવાનું થઈ જાય
ક્યારેક કોઈક ભૂલની માટે પસ્તાવો બહુ થાય... ૨

રાજી રાખે એવી જ વાતો મન પર લેવાની
ભૂલ તો માણસના હાથેથી થતી જ રહેવાની
પાછળથી સમજાય છે તે પહેલેથી ના સમજાય
ક્યારેક કોઈક ભૂલની માટે પસ્તાવો બહુ થાય... ૩

## ૨૦. ઝાલરો વાગે

સાંજ ટાણે આરતીની ઝાલરો વાગે,
લાખ દીવાઓ થઈને તારલા જાગે. ૧
શું તમે આપી શક્યા છો ? શું તમે દેશો ?
આપણા આ મસ્તરામ : કાંઈ નહીં માંગે. ૨
જીવતાં જીવી લીધું છે આટલા વરસો,

પૂછવું કોને હવે કે શું થશે આગે ? ૩
એક દિ'તો હાંફીને બેસી જવું પડશે,
મોતથી આ આદમી ક્યાં સુધી ભાગે ? ૪
આપણા કે પારકાના ભેદ કોઈ નથી,
આજ તો બ્રહ્માંડ જાણે એકવત્ લાગે. ૫
ફૂલ ખીલેલું પડે છે ઘાસ ઉપર જેમ,
જોગીઓ એવી જ રીતે દેહને ત્યાગે. ૬

## ૨૧. પ્રાર્થના

એક ગીત એવું મારે લખવું છે,
જે એક એક મંદિરનાં દ્વારે કાયમ કલરવ કરે.
એક રાગ એ રીતે ગાવો છે,
જે એક એક ભક્તોની આંખે મીઠા આંસુ ભરે...

એક મૂર્તિ એવી રચવી છે,
જે પળે પળે પૂજા પૂજનમાં ભાવનો દરિયો ભરે.
એક મંદિર એવું રચવું છે,
જે દૂર દૂરથી દર્શન દઈને દુઃખ દુરિતને હરે.
એક એવો ઉત્સવ કરવો છે,
જેમાં દેવલોકના દીવડાની જ્યોતિ સતત અવતરે. એક ગીત... ૧

એક તપ એવો આદરવો છે,
જેના સથવારે જનમ જનમના સઘળા પાપો ખરે.
એક વ્રત એવું આદરવું છે,
જે દોષરહિત આચાર સ્વરૂપે વૈરાગ સાચો વરે.
એક જીવન એવું જીવવું છે,
જેને જોઈને સંતજનોની આંખડી મુજ પર ઠરે. એક ગીત... ૨

એક કામ એવું કરવું છે,
જે સૌની માટે સાચી રીતે અતિ ઉપયોગી ઠરે.
એક સાધના એવી કરવી છે,

જેમાં મુજ આતમ જગને ભૂલીને ધ્યાનની ધારા ધરે.
મેં મારી ઇચ્છા કહી દીધી,
હવે એવું કરો કે મારો જીવડો ભવનો સાગર તરે. એક ગીત... ૩

## ૨૨. સાંજ

ક્યાં છે તારી પીંછી ને ક્યાં છે તારો રંગ.
કેવી રીતે ખીલે છે, સંધ્યા તારે સંગ.

ક્યાંથી તારી ચિત્રકળા, આ અમને શીખવા મળે.
ક્યાંથી તારી રંગછટાનો, દરિયો અમ પર ઢળે.
સૂરજ ડૂબી જાય છે તો પણ, તૂટતો નથી ઉમંગ. ક્યાં છે તારી... ૧

કોની માટે સાંજ સમયનું, આભ આમ શણગારે ?
કોનો ઉત્સવ ? કોણ મનાવે ? કોના કોના દ્વારે ?
સવાલના સૂરજ ઉગે છે, થાય છે નિદ્રાભંગ. ક્યાં છે તારી... ૨

જીવનના છેલ્લા શ્વાસોમાં, રંગ હું આવા ભરીશ.
મારી અંતિમ વિદાય વેળા, હું મંગલમય કરીશ.
નથી હારવો મારે સાહેબ, જનમમરણનો જંગ. ક્યાં છે તારી... ૩

## ૨૩. યાદ બહુ આવે

રાત દિવસ ઉપકારો તારા, યાદ બહુ આવે,
રાતે ચમકતા લાખ સિતારા, યાદ બહુ આવે. રાત દિવસ... ૧

તેં તો માફ કરીને મારો સહજ સ્વીકાર કર્યો છે,
પણ મુજને અપરાધો મારા યાદ બહુ આવે. રાત દિવસ... ૨

મારી નાનકડી દુનિયામાં પગલાં તેં પાડ્યા છે,
તારી આ કરુણાની ધારા યાદ બહુ આવે. રાત દિવસ... ૩

તારી યાદમાં ખૂબ રડ્યો છું ત્યારે તું મળ્યો છે,
કોક દિવસ એ આંસુ ખારા યાદ બહુ આવે. રાત દિવસ... ૪

## ૨૪. મળે અજવાળું

મળે અજવાળું તારા દીવાથી, હું મને ભાળું તારા દીવાથી. ૧
મને દૃષ્ટિ, દિશા અને મંઝિલ, સાંપડે કૃપાળુ તારા દીવાથી. ૨
પ્રભુ તારું નામ તારું નામ જપું, મોહને ટાળું તારા દીવાથી. ૩
હવે અંધકારને જવું પડશે, ઉઘડ્યું તાળું તારા દીવાથી. ૪
એક અવસર પ્રભુ મને દેજે, મનને વાળું તારા દીવાથી. ૫

## ૨૫. આપ આવો

મારા જીવનમાં નાથ આપ આવો, હર્ષની હેલી પ્રભુ વરસાવો. ૧
તારા દરવાજે, તારા મંદિરમાં, વાગે છે મીઠો પ્રેમનો પાવો. ૨
મારા મસ્તક પર આપ હાથ મૂકો, તો નહીં ચાલે દુઃખનો દાવો. ૩
એક અક્ષર તો પ્રભુજી બોલો, મૌન રાખી શું મને સમજાવો ? ૪
થોડું સુખ અમને પણ દિયો દાદા, એકલા ના લ્યો સુખનો લહાવો. ૫

## ૨૬. હે ભગવાન

યાદ તને દિન રાત કરું છું હે ભગવન્,
તુજને સુખદુઃખમાં સમરું છું હે ભગવાન્. યાદ... ૧

તારી સાથે વાત પ્રભુ હું તો શું કરું ?
શબ્દોના બે ફૂલ ધરું છું હે ભગવાન્. યાદ... ૨

તું મુજને ભૂલે તે તો મંજૂર નથી,
કેમ કે હું ખુદને વીસરું છું હે ભગવાન્. યાદ... ૩

મારો હાથ તું ઝાલી લે તો બહુ સારું,
પળ પળ પાપના પંથે મરું છું હે ભગવન્. યાદ... ૪

## ૨૭. પલ પલ યાદ કરું

**(પ્રીતમ મત પરદેશ – આબિદાજી)**

સાહિબ સાચો સેવીએ સાહિબ છે આધાર
સાહિબ સંગ ઉમંગ છે, સાહિબ શુભ દાતાર
સાહિબ સંગ મુજ પ્રીત બની છે, સાહિબ પલ પલ યાદ કરું રે. ૧
સાહિબજી બહુ દૂર રહે છે, સાહિબજી વિણ આંસુ ભરું રે. ૨
સાહિબ દરિશન દ્યોને દયાળુ, સાહિબ સંગમ આશા ધરું રે. ૩
સાહિબ સુમિરન સાહિબ ચિંતન, સાહિબ સાહિબ સાદ કરું રે. ૪
સાહિબ સાહિબ સાહિબ સાહિબ, જાપ કરું અને પાપ હરું રે. ૫
સાહિબ શોધું રાતદિન, સાહિબ મળે ન ક્યાંય,
સાહિબ વિરહે આકુલ મન, સાહિબ સાહિબ ગાય. સાહિબ સંગ.

## ૨૮. આ શું ?

**(હી મે ચોરી ચોરી – મિશા)**

આ શું તારા મારા આત્મા વચ્ચે રે ! ભેદ રહે છે ?
સમતામાં રહે છે તું, ધરું હું તો મમતા. આ શું... ૧

રાગ નહીં જાગે તુજમાં દ્વેષ ન જાગે,
મન મારું રાગ દ્વેષ લઈને જ ભાગે,
તે જે સુખ છોડ્યાં તે તો મને પ્રિય લાગે,
આતમામાં રમે છે તું, ભૂલ્યો હું આત્મા. આ શું... ૨

પ્રભુ ! દે છે સુખ તું સૌને, હું દુઃખ દઉં છું,
સ્થિરતાનો સ્વામી તું, હું અસ્થિર રહું છું,
જે જે ફરક છે તે તે, તુજને કહું છું,
ટાળી દો જુદાઈ એવી, વિનંતી છે દાદા. આ શું... ૩

## ૨૯. દાતા, મને ક્યારે મળશો

દાતા, તમારાં સ્વપ્ન સજાવું, તમારાં ગીત બજાવું,
તમારા શબ્દો વાંચું, તમારી યાદમાં રાચું,
ક્યાં છો તમે, આવો તમે, તમારા વિના, ના કંઈ ગમે.
દાતા, મને ક્યારે મળશો, મને ક્યારે મને ક્યારે મળશો ?
વિધાતા, હૃદયના દ્વારે, તમે ક્યારે, પગલાં કરશો ?... ૧

ખાલી ખાલી લાગે ચેતના, ભારી છે વિરહ વેદના,
તમને જોવાની છે ઝંખના, પૂરી કરશો ક્યારે કામના,
તમને ન કહું તો, બીજા કોને કહી શકું હું ?
તમારા વિના શી રીતે, એકલ રહી શકું હું ?
તમે તો હંમેશાના છો મારા, દૂરી હવે તોડો પ્રભુ. દાતા... ૨

તમોને જોવા છે સાક્ષાત્, કરવી છે તમારી સાથે વાત,
થશે જ્યારે મીઠી મુલાકાત, ત્યારે થશે સોનેરી પ્રભાત,
મારી ચેતનાને આપો, ચેતના તમારી
કરી દો મને પણ દાતા, પૂર્ણ નિર્વિકારી,
ટાળી દો, ભવભવના આ ફેરા, કિરપા કરો કરુણાનિધાન. દાતા... ૩

## ૩૦ ચમક ચમકતી ચાંદની

તું ચમક ચમકતી ચાંદની, હું તો ઘોર અમાસની રાતડી,
તું વસંતઋતુનો વાયરો, હું તો પાનખરની પાંદડી. ૧
તું સરસ વરસતી વાદળી, હું વરસ વરસની તરસ પ્રભુ,
તું છે એક અથાગ મહાકથા, હું છું બસ અધૂરી વાતડી. ૨
તું છલક છલકતી મહાનદી, હું તો રેતમાં ફસી નાવડી,
તું તો આસમાન મહાન છે, હું તો એક ગલી છું સાંકડી. ૩
તું પરમ ચરમ સુખ રૂપ છે, હું ભરમ કરમની વિટંબણા,
તું તો વાણીની સરવાણી છે, હું તો એકલી બારાખડી. ૪
તું દાનવીર ઉદાર છે, હું અનાથ સાવ ઉધાર છું,
તું સરોવરે સુંદર કમળ, હું તો સાવ સૂકી પાંખડી. ૫

## ૩૧. કેમ સતાવો ?

**(દુશ્મન ન કરે)**

રહી દૂર દૂર નાથ, મને કેમ સતાવો ?
એકવાર મારા દેવ ! મારી આંખમાં આવો... ૧
તમને ભૂલી જવાની, પ્રભુ ! ભૂલ કરું છું,
મારા ગુના હજાર છે, કબૂલ કરું છું.
આ ભૂલને સુધારવાનો, માર્ગ બતાવો. એક વાર... ૨
મારી વિનંતીને તમે જો સાંભળો નહીં,
તો જિંદગી સુધારવાની, આશા ક્યાં રહી ?
હું બાળ છું, મારી દશાને ધ્યાનમાં લાવો. એક વાર... ૩

## ૩૨. મારી પ્રાર્થના

**(મેરે ઢોલના સુન)**

મારી પ્રાર્થના છે, મારી ભાવના છે,
ભવો ભવ તમારી, કરું સેવના હું,
બીજા કોઈ ઇચ્છા, ધરું દેવ ના હું...

માંગીને માંગીને બીજું માગું છું હું, ઓ મારા નાથ,
જનમો જનમ પકડજે, પ્રભુ મારો હાથ,
મને સાધનાનું બળ દેજો, શ્રદ્ધા મને અચળ દેજો,
મળે સ્થાન સિદ્ધ શિલામાં, મને એટલું જ ફળ દેજો,
તમે એકમાત્ર આલંબન, તમે જિંદગીનું આભૂષણ
ચાલે સદાય તુજ કીર્તન, તમને સદાય હો વંદન. ઓ પ્રભુ...

જોઈને જોઈને તને રાજી થાઉં, તારા ગુણ ગાઉં,
રહેવું છે તારા શરણે, બીજે ન જાઉં,
નયનો તને નિહાળીને, કોઈ તેજ દિવ્ય પામે છે,
દેવાધિદેવ દરબારે, મહેફિલના રંગ જામે છે,
સર્વોચ્ચ નામ છે તારું, મહાવીર નામ છે પ્યારું,
એ નામને ધરી હૈયે, મુજ આતમાને હું તારું. ઓ પ્રભુ...

## ૩૩. આનંદ અહો આનંદ

તારી સાલગીરી જયજયકારી આનંદ અહો આનંદ
લહેરાય ધ્વજા પ્યારી પ્યારી આનંદ અહો આનંદ. ૧

શરણાઈ વાગે મનહારી આનંદ અહો આનંદ
હરખાય હજારો નરનારી આનંદ અહો આનંદ. ૨

છે ધન્ય આજ આંખો મારી આનંદ અહો આનંદ
મેં જોઈ ધજા પાવન તારી આનંદ અહો આનંદ. ૩

મુજ ભાગ્યદશા જાગી ભારી આનંદ અહો આનંદ
જાણે ઉઘડી મોક્ષ તણી બારી આનંદ અહો આનંદ. ૪

તું સૌથી મોટો અલગારી આનંદ અહો આનંદ
તારા શરણે અમે સૌ સંસારી આનંદ અહો આનંદ. ૫

દેવર્ધિ રચના મનહારી આનંદ અહો આનંદ
સાહેબની સંગત સુખકારી આનંદ અહો આનંદ. ૬

## ૩૪. ઉત્સવમાં પરમાતમ છે

ઉત્સવમાં પરમાતમ છે પરમાતમમાં ઉત્સવ છે
ઘંટારવમાં મંદિર છે મંદિરમાં ઘંટારવ છે

નાનકડી પણ નદી મળે જો દરિયાને તો વાત બને
નાનો ચાંદો ઉગે ને ગગન સુંદર પૂનમ રાત બને
લગની લાગે તો દુનિયામાં કાંઈ કશું ન અસંભવ છે
ઉત્સવમાં પરમાતમ છે ને... ૧

કેવળ એક જ મુલાકાતનો મંગલ અવસર માંગુ છું
એની દેવર્ધિનાં સપનાં જોઈને રોજે જાગું છું
અનુભવમાં પરમાતમ છે પરમાતમમાં અનુભવ છે.
ઉત્સવમાં પરમાતમ છે...૨

## ૩૫. સાહેબ સુણજો રે

(પિયા બસંતી રે)

સાહેબ સુણજો રે અરજી એક છે મારી
ભવોભવ ચરણોની સેવા માંગુ છું દેવાધિદેવા
હો અરજી એક છે મારી
સેવાથી સંતોષ ઊંડો જાગે સેવાથી શાંતિ મળે છે
સેવામાં તનમન સેવામાં જીવન સેવામાં હૈયું ભળે છે
સેવામાં રહીએ આનંદ લહીએ
સેવાની ક્ષણ છે સાચી બીજી બધી ક્ષણ કાચી
હો અરજી એક છે મારી. ૧
સેવા પ્યારી પ્યારી લાગે સેવાથી શુભ ભાવના જાગે
સેવા કરવી છે એકરાગે સેવાથી સૌ સંકટ ભાગે
દેવર્ધિ કદી દેખાડજો રે અરજી એક છે મારી. ૨

## ૩૬. મારી લાગણીમાં તું છે

(તુઝે દેખ દેખ)

મારી લાગણીમાં તું છે મારી માંગણીમાં તું છે
તારા ભરોસે ચાલું, તારું દર્શન છે વ્હાલું
તું મારા હૈયાનો હાર હાર
તું છે મારો નાથ તું છે મારો નાથ
તું છે મારો નાથ જગનાથ... ૧

તારા ઉપકાર અનંત તારો મહિમા છે અપાર
તારી સાથે જે જોડાય તે પામે ભવપાર
તારો જાદુ છે ભારી મૂર્તિ છે કામણગારી
તારો પ્રભાવ છે ધારદાર... તું છે મારો... ૨

તારાં નામે જાગી સવાર તેં જ આપ્યો ધર્મઆચાર
હૃદયમાં ચાલ્યા કરે, પળપળ તારા વિચાર
તારામાં ચિત્ત રમે છે, તું મને ખૂબ ગમે છે.
તુજ દેવર્ધિ ગાજે દ્વારદ્વાર... તું છે મારો... ૩

## ૩૭. તમે સાક્ષાત્ આવો

આંગણિયે નાથ તમે સાક્ષાત્ આવો
મૌન મૂર્તિમાં મલકાતાં ના રહો
રોજ રોજ રોજ હું જ બોલતો રહું છું કદી
એકાદ વાત તમે પણ કહો...

આંગળીમાં ચંદન ને કેસર લઈ તમને
નવ નવ અંગ ઉપર અડતો રહું
તોપણ કષાયમાં જ પડતો રહું હું ક્યાંક
લડતો રહું ક્યાંક નડતો રહું
ક્યારે ઘટશે રે મારા નબળા વિચાર
ક્યારે તૂટશે આ મનના પૂર્વગ્રહો
રોજ રોજ રોજ હું જ બોલતો રહું છું કદી
એકાદ વાત તમે પણ કહો... આંગણિયે નાથ...૧

આજકાલ આજકાલ કરતાં વીત્યાં વરસો
કોઈ જ બદલાવ મુજમાં આવ્યો નહીં
મોહ સામે હાર ઉપર હાર મારી થાય
કદીક જીતવાનો ડંકો મેં બજાવ્યો નહીં
તમને મેં સોંપી છે બાજી પ્રભુ
મારી પ્રીત તણી રીત સાચી હો ન હો
રોજ રોજ રોજ હું જ બોલતો રહું છું કદી
એકાદ વાત તમે પણ કહો... આંગણિયે નાથ... ૨

## ૩૮. જંગલમાં સંગમના હાથે

જંગલમાં સંગમના હાથે કષ્ટ પડ્યા તોય હસતા રહ્યા ભગવાન તમે,
નાનાઅમથા કષ્ટોમાં બેચેન થઈ રોતા રહીએ ભગવાન અમે,
મહાભયંકર કાળચક્ર માથે ઝીંકાયું તોય તમે વિચલિત ન થયા,
અમને થોડી તકલીફ આવી એમાં અમે બેચેન અતિ બેચેન થયા,
નહોતા થયા વીતરાગ ત્યારે પણ જીવ તમારો સમતામાં સાનંદ રમે
જંગલમાં સંગમના હાથે... ૧

તમને કર્મો નડવા આવ્યા તો કર્મોને તમે સદંતર દૂર ભગાવ્યા
અમને કર્મો નડવા આવ્યા તો પીડામાં અમે ઘણા આક્રંદ જગાવ્યા
તમે વિજેતા અમે પરાજીત આ જ તફાવત સમજી તનમન તમને નમે
જંગલમાં સંગમના હાથે... ૩

## ૩૯. ચૈત્ર સુદ તેરસ

**(હો રાજ મને લાગ્યો)**

હો આજ જનમ પામ્યાતા મહાવીર ભગવાન્
ઝગમગતા તારલાની રોશનીના સથવારે
આવ્યાતા મહાવીર ભગવાન્
મોટા ચાંદાના મનોહર તેજ મુખમુદ્રામાં
લાવ્યાતા મહાવીર ભગવાન્
હો આજ જન્મ પામ્યાતા મહાવીર ભગવાન્... ૧

જન્મતાની સાથે જ સૂરજ સમ ઓજસ્વી
દેખાયા મહાવીર ભગવાન્
ને કરોડો દેવો દેવીઓના હાથે ભાવે
પુજાયા મહાવીર ભગવાન્.
હો આજ જન્મ પામ્યાતા મહાવીર ભગવાન્... ૨

વહેતી હવાઓના શીતળ તરંગે
પથરાયા મહાવીર ભગવાન્
મોટી સરિતાઓની નિર્મળ જલધારામાં જાણે
ઉભરાયા મહાવીર ભગવાન્
હો આજ જન્મ પામ્યાતા મહાવીર ભગવાન્... ૩

ચૈત્ર સુદી તેરસ દિન ક્ષત્રિયકુંડમાં
અવતરે છે મહાવીર ભગવાન્
અને સિદ્ધારથ ત્રિશલાના રાજ પરિવારને
ઉદ્ધરે છે મહાવીર ભગવાન્
હો આજ જન્મ પામ્યાતા મહાવીર ભગવાન્... ૪

નંદીવર્ધન અને સુદર્શનાના નાના
ભાઈ છે મહાવીર ભગવાન્
શ્રી વર્ધમાન નામથી શુભ અને લાભની
વધાઈ છે મહાવીર ભગવાન્
હો આજ જન્મ પામ્યાતા મહાવીર ભગવાન્... ૫

આનંદો આનંદો આજે પધાર્યા છે
તારક શ્રી મહાવીર ભગવાન્
મને તારે તમને તારે સૌને તારે એવા
ઉદ્ધારક શ્રી મહાવીર ભગવાન્
હો આજ જન્મ પામ્યાતા મહાવીર ભગવાન્... ૬

દેવર્ધિ દેખીને દુનિયા હરખાય એવા
તીર્થંકર મહાવીર ભગવાન્
સુખ સૌને આપે દુઃખ સૌના કાપે
એવા ગુણસાગર મહાવીર ભગવાન્
હો આજ જન્મ પામ્યાતા મહાવીર ભગવાન્... ૭

## ૪૦. બાળગીત-૧

માડી ત્રિશલા હરખાય હરખે છે સિદ્ધારથ રાય
પ્રેમે પારણામાં વીરકુંવર ઝૂલતો

આજે પોઢી રહ્યો છે મારો જાયો, એ તો ભગવાન બનવા નિર્માયો
કાલે દુનિયાનું સુકાન એ સંભાળશે મહાન્. પ્રેમે... ૧

એની દૃષ્ટિમાં ઊંચું નિશાન છે, અરે આ તો સાક્ષાત્ ભગવાન છે,
એ તો થાશે તીર્થંકર એ છે કરુણાનો સાગર. પ્રેમે... ૨

વહાલ વરસાવે વીરકુંવર વાલો મારો દીકરો છે જગથી નિરાળો,
એનો ગાજે જય જય કાર એ તો કરશે બહુ ઉપકાર. પ્રેમે... ૩

## ૪૧. બાળગીત-૨

મીઠું મીઠું મલકે લાલ લાલ ગાલ
પારણે ખેલે મારો ત્રિશલાનો લાલ... ૧
નાની નાની આંખડી નાજુક નાજુક હાથ,
ઝૂલે પારણિયામાં ત્રિશલાનો લાલ... ૨
કાલુ કાલુ બોલે બાળ કુમાર,
ખેલે દેવોની સાથે ત્રિશલાનો લાલ... ૩
રાગ નહીં અને દ્વેષ નહીં
મહાવિરાગી મારો ત્રિશલાનો લાલ... ૪
રૂમઝૂમ રૂમઝૂમ પારણું ઝૂલાય,
પોઢે છે પારણામાં ત્રિશલાનો લાલ... ૫

## ૪૨. અષ્ટપ્રકારી પૂજાનો સનેડો

વંદના વંદના ભાવે કરો વંદના
વંદના વંદના ભાવે કરો વંદના
વંદના વંદના ભાવે કરો વંદના

**(૧. જળપૂજા)**

કેટલી વાર નાહી લીધું ચોખ્ખું ન થયું શરીર
કર અભિષેક પ્રભુ તણો તારું પાવન થાશે શરીર
કરો વંદના વંદના વંદના ભાવે કરો વંદના

**(૨. ચંદનપૂજા)**

ક્રીમ પાવડર લગાડે તું મોઢા પર દરરોજ
પૂજ પ્રભુને ચંદને તારો ઉતરી જાશે બોજ
કરો વંદના વંદના વંદના ભાવે કરો વંદના

**(૩. પુષ્પપૂજા)**

ગડબડ ગોટાળા કર્યા જીવતર થઈ ગયું ધૂળ
ભૂલ બધી જ સુધારવા તું પ્રભુને ચડાવજે ફૂલ
કરો વંદના વંદના વંદના ભાવે કરો વંદના

(૪. ધૂપપૂજા)

બડબડ તું તો બહુ કરે ક્યાંય રહે ના ચૂપ
સુગંધ મૌનની પામવા તું પ્રગટાવી દે ધૂપ
કરો વંદના વંદના વંદના ભાવે કરો વંદના

(૫. દીપપૂજા)

ખોટા ટેન્શન પાળીને તારી નીંદ હરામ થઈ જાય
દીવો પ્રભુનો પ્રગટાવીને જોજે કેવો આરામ થઈ જાય
કરો વંદના વંદના વંદના ભાવે કરો વંદના

(૬. અક્ષતપૂજા)

પેટની કોઠી મોટી છે એની ભૂખ ન સંતોષાય
અક્ષત પ્રભુને ચડાવજે તારી તૃષ્ણા દૂર થઈ જાય
કરો વંદના વંદના વંદના ભાવે કરો વંદના

(૭. નૈવેદ્યપૂજા)

માલપાણી મીઠાઈ તું દબાવી દબાવીને ખાય
નૈવેદ પ્રભુને ચડાવજે તારો રાગ તુરંત મટી જાય
કરો વંદના વંદના વંદના ભાવે કરો વંદના

(૮. ફળપૂજા)

કેરી કેળા કલિંગર તું ચટપટ ઝાપટી જાય
ફળ તું પ્રભુને ચડાવજે તારી આસક્તિ ટળી જાય
કરો વંદના વંદના વંદના ભાવે કરો વંદના

## ૪૩. મુક્તક

(૧)

શાંત સવારે ધ્રુવનો તારો, એમાં તારું નામ
પવન વહી આવે એકધારો, એમાં તારું નામ
બારીએ પડદો ઝૂલે છે ઓરડે ઠંડક થાય
આતમ આતમનો એક નારો, એમાં તારું નામ

(૨)

જીવનમાં સર્વ સારા કામ, સાહેબ તું કરાવે છે
અરૂપી તું છે તો પણ તું, હજારો રૂપ ધરાવે છે
ભલે સાક્ષાત્ ના દેખાય પણ, મુજને અનુભવ છે
પ્રભુ ડગમગ થતી મુજ નાવડીને તું જ તરાવે છે

(૩)

હું અશાંત ત્રસ્ત છું હું તો અસ્ત વ્યસ્ત છું
તું પ્રભુ પ્રશસ્ત છે તું પ્રભુ સમસ્ત છે
હું વિકાર ગ્રસ્ત છું હું ભીતરેથી ધ્વસ્ત છું
તું આતમામાં મસ્ત છે તુજ તેજનો ન અસ્ત છે

(૪)

તમે મુજને સદા માટે તમારા સંગમાં રાખો
તમારા બાળને સાહેબ તમે ઉત્સંગમાં રાખો
મને શું આવડે ના આવડે એનું ન હું જાણું
છે અરજી એક કે મુજને તમારા રંગમાં રાખો

(૫)

ભગવાન જીવનમાં સૌ કોઈને એકવાર તો અવસર આપે છે
જેમાં તરવાની મજા પડે એવો એક સમંદર આપે છે
ગાઓ ન ગાઓ એ તો હવે ભાઈ પોતપોતાની મરજી છે
સાંભળવું હોય છે ખુદ એને એટલે તમને સ્વર આપે છે

(૬)

એકલા હાથે ચલાવી જોઈએ નાવથી દરિયો હલાવી જોઈએ
ડૂબવું તો છે જ છેલ્લે આપણે ચાલ લહેરોને જલાવી જોઈએ

(૭)

એકલા હાથે દાન દઈને સૂરજ થાકે છે ક્યારે ?
એકલા હાથે બોજ ઉઠાવી ધરતી શું આંસુ સારે
તમને જે જે કામ મળ્યું છે તે તમે કરી લો દિલ દઈને
સાથે કોણ છે કોણ નથી એ ચિંતા કરો મા અત્યારે

(૮)

માન ન આપો માન ન આપો માન પડે બહુ ભારેજી
વાહવાહીના શબ્દો શું સંસારથી પાર ઉતારેજી ?
ઘણું ઘણું કરવું બાકી છે એ શાંતિથી કરવા દો
ખૂણે ખોવાયેલો રાખો સાહેબના સથવારેજી

(૯)

ઉપયોગ કરી લીધો મારો અને પછી ગજબ વહેવાર કર્યો
મુજને એવું જ જતાવ્યું કે જાણે મારી પર ઉપકાર કર્યો
ડગલેપગલે આવા લોકો ભટકાય મનેં પ્રભુ શું કરવું
મે જેમને મારા માન્યા હતા એમણે જ મારી પર વાર કર્યો

(૧૦)

ઘાસ ખાઈને ઉછરે બકરી એને આજે મળે સજા
ગભરુ અહિંસક પશુને મારી માનવ લે છે કેવી મજા
કોઈ બચાવે કોઈ ઉગારે નિરપરાધ આ જીવોને
મૌલવીઓને સમજાવો કે ઇદના દિવસે પાળે રજા

(૧૧)

સમય રહેતો નથી ક્યારેક નવું લખવા નથી મળતું
એવા દિવસોમાં આ હૈયું રહે અફસોસમાં બળતું
જે અંદર હોય તે અંદર રહે દિનરાત ખળભળતું
તને આ વાત કહી દઉં છું – મારી તકલીફ સાંભળ તું

(૧૨)

તમારું આગમન ગુરુદેવ અમને પ્યારું લાગે છે
તમારી હાજરી પામીને અમને સારું લાગે છે
તમે જ્યારે જવાની વાત માંડો છો અચાનકથી
નયનમાં આંસુ આવે છે ને જીવન ખારું લાગે છે

## ૪૪. તારા દ્વારે

કેટકેટલા લોકો સાહેબ, તારા દ્વારે આવે છે
જાણે કે તું અવાજ દઈને સૌને અહીં બોલાવે છે. ૧
ક્યાંથી ક્યાંથી કેવા કેવા લોકો દોડી આવે છે
દુનિયાના લોકો પર તું કોઈ જાદુઈ છડી ઘુમાવે છે. ૨
તુજને તો બદ્ધાય વિના આરામથી ચાલી જાય પ્રભુ
અમને તો એકાદ દિવસ પણ તારા વગર ન ફાવે છે. ૩
તારી પર કવિતા લખનારા સૌ જાતે જ કબૂલે છે
તું જ કલમ પકડાવે છે ને તું જ કલમ દોડાવે છે. ૪
તારી માટે ગાય જે ગીતો તેઓનો આ અનુભવ છે
કંઠ અમારો હોય ભલે પણ સૂર તો તું જ જગાવે છે. ૫
દેવર્ધિમાં જોશ ભરી દે એવો તું દેવાધિદેવ
ભાંગ્યા તૂટ્યા મુજ અક્ષરમાં, તું જ તો પ્રાણ પુરાવે છે. ૬

## ૪૫. મૌનની પ્રાર્થના

હું બોલું છું તું ના બોલે, એવું રોજેરોજે થાય
તું બોલે અને હું ના બોલું, તો કેવી મજા પડી જાય
હું અપલક આંખે જોઉં તને, આનંદ અતિરેક થાય મને
તારા હોઠથી પ્રકટેલા એ સ્વરમાં, પરમ પ્રેમ ઉભરાય
તું બોલે અને હું ના બોલું, તો કેવી મજા પડી જાય. ૧
મારું મૌન ગહન બનતું જ રહે, મારું વચન સતત વિશ્રામ લહે
તારો દરિયાઈ ઉદ્‌ગાર મારા, અસ્તિત્વ ઉપર ફેલાય
તું બોલે અને હું ના બોલું, તો કેવી મજા પડી જાય. ૨

૨

# કવિતા

| | | |
|---|---|---|
| ૧. | મેં પૂછ્યું આકાશને | ૩૧ |
| ૨. | ચિત્તદશા ન ફરે | ૩૧ |
| ૩. | આગળ વધી ગયા | ૩૨ |
| ૪. | હું કરું હું કરું | ૩૨ |
| ૫. | મૃત્યુ : એક ગીત અધૂરું | ૩૩ |
| ૬. | મૃત્યુ : આમ અચાનક જાય કોઈ | ૩૩ |
| ૭. | રેતમાં ભમવું પડે | ૩૪ |
| ૮. | સ્વપ્ન એક સજાવી લો | ૩૪ |
| ૯. | મોકલો | ૩૫ |
| ૧૦. | અમે ચાલ્યા | ૩૫ |
| ૧૧. | ક્ષમાપના | ૩૬ |
| ૧૨. | ત્યારે કંઈક લખાય | ૩૬ |
| ૧૩. | શું ખબર | ૩૭ |
| ૧૪. | મોટી મહેર | ૩૭ |
| ૧૫. | આ પળ ઉપર | ૩૮ |
| ૧૬. | અચાનક | ૩૯ |
| ૧૭. | એ છે દીવાળી | ૩૯ |
| ૧૮. | માબાપ ઉપકાર ગાથા | ૪૦ |

## ૧. મેં પૂછ્યું આકાશને

મેં પૂછ્યું આકાશને કે તને એકલ રહેવું ફાવે છે ?
નભ બોલ્યું કે દરિયાનાં જળ મુજને મળવા આવે છે
તું ખોટા પ્રશ્ન બનાવે છે...
સૂરજ મારા દ્વારા જગમાં રોશનીઓ રેલાવે છે
વાદળ મારા ખોળેથી અઢળક વરસાદ વહાવે છે
કોઈનો ટેકો ના લેવો એ કામ કઠિન સ્વભાવે છે
સૌ મારો ઉપયોગ કરે તે વાત તું કેમ ભુલાવે છે
નભ બોલ્યું કે... ૧
માણસ જાતની વાત કરું તો સ્વાર્થી સર્વ સ્વભાવે છે
મારો સથવારો લઈને પોતાના પતંગ ચગાવે છે
બજારમાં છે રૂપાળા ને ઘરમાં પાપ છુપાવે છે
હું ખુલ્લું આકાશ છું કુદરત મુજને ગળે લગાવે છે
નભ બોલ્યું કે... ૨
બીજાને જે કામ આવે છે તેઓ જગત ચલાવે છે
જોઈ શકે છે તે જ મને જે દૃષ્ટિ ઉપર ઉઠાવે છે
કમાલનો તું માણસ છે કે મુજને પાઠ પઢાવે છે
દુનિયાથી રહી દૂરદૂર દેવર્ધિ અલખ જગાવે છે
નભ બોલ્યું કે... ૩

## ૨. ચિત્તદશા ન ફરે

કોઈ કરે છે તારી પ્રશંસા કોઈક નિંદા કરે
બંધુ તું સાચવજે કે તુજ ચિત્તદશા ના ફરે...
તને મળેલી શક્તિનો તું સરસ કરે ઉપયોગ
એનો ગર્વ ન હોય કદાપિ ગર્વ છે મનનો રોગ
ધન્ય તેહ જે કામ કરીને નમ્ર ભાવ મન ધરે. બંધુ તું સાચવજે... ૧
તારામાં જે સારું છે તે સૌને ના દેખાય
તારા મનના સારા ભાવો સૌને ના સમજાય
ટીકા ટિપ્પણી કોઈ કરે તો આમ શીદ તું ડરે ? બંધુ તું સાચવજે... ૨

સારા તત્ત્વો વધ્યા કરે ને ભૂલો ઘટતી જાય
એ તારું જીવન છે નિર્ણાયક પણ તું જ ગણાય
દેવર્ધિ કહે લોકને ભૂલી જાય તે દરિયો તરે. બંધુ તું સાચવજે... ૩

## ૩. આગળ વધી ગયા

વિચારમાં રહેનારા પાછળ રહી ગયા
હિંમતથી પગલું ભરનારા આગળ વધી ગયા...

આળસમાં રમનારા સૌ પાછળ રહી ગયા
હિંમતથી પગલું ભરનારા આગળ વધી ગયા
શક્તિ જેટલી મળી છે એનો સદ્ ઉપયોગ કરી લો
મોકો કમાણી કરવાનો છે ગજવું ખૂબ ભરી લો
ખોટી ચોવટ કરનારા પાછળ રહી ગયા
હિંમતથી પગલું ભરનારા આગળ વધી ગયા... ૧

આજનાં કામ ન કાલે કરજો બનાવશો ન બહાનાં
કાલનાં કામ આજ કરી લેજો એમ જ ખૂલે ખજાના
વ્યર્થ વહેમ ધરનારા પાછળ રહી ગયા
હિંમતથી પગલું ભરનારા આગળ વધી ગયા... ૨

જગને તમે શું આપ્યું છે એ પ્રશ્ન વિચારી લેજો
દાયક બનજો સહાયક બનજો શુભબળ વધારી લેજો
માંગમાંગ કરનારા પાછળ રહી ગયા
હિંમતથી પગલું ભરનારા આગળ વધી ગયા... ૩

## ૪. હું કરું હું કરું

હું કરું હું કરું એ જ અજ્ઞાનતા પોતપોતાને સર્વોચ્ચ સહુ માનતા
કોઈ માને કે હું વીર છું દાનમાં કોઈ માને કે હું શ્રેષ્ઠ છું જ્ઞાનમાં
ગીત ગાનારને ગર્વ છે ગાનમાં ડૂબકી ના લહે કોઈ શુભધ્યાનમાં
નામના પામવાનો જ રસ માણતા હું કરું હું કરું એ જ અજ્ઞાનતા... ૧

માન મૂક્યા વગર મંદિરે આવશે ક્યાંય ચૂક્યા વગર નામ ચમકાવશે
વારેતહેવારે એ તાળી ઉઘરાવશે એને કોણ આત્મનું તત્ત્વ સમજાવશે
ધર્મનાં સ્થાનમાં તાંતણા તાણતા હું કરું હું કરું એ જ અજ્ઞાનતા... ૨

ક્યાંયથી પણ અહંકાર મન ના ધરો શક્તિ ઉપયોગમાં નમ્રતા આદરો
મન કલુષિત રહે એવું કૈં ના કરો નાથનો હાથ પકડી લઈ ભવ તરો
પૂર્ણ દેવર્ષિની જગાડો સભાનતા હું કરું હું કરું એ જ અજ્ઞાનતા... ૩

## ૫. મૃત્યુ : એક ગીત અધૂરું

એક ગીત અધૂરું છૂટી ગયું,
જેણે આપ્યું આયખું મુજને એનું આયખું ખૂટી ગયું...

એક મજાનું વાજિંતર મેં થોડું થોડું બજાવ્યું'તું
એના સૂરની મહેફિલથી મેં મારું ઘર સજાવ્યું'તું
કાલે સાંજે હાથમાંથી એ છટકી ગયું ને તૂટી ગયું
એક ગીત... ૧

આજે કેવળ યાદ બચી છે પડઘા વહેતા દૂર સુદૂર
આંખોના આકાશે આવે આસો ભાદરવો ભરપૂર
મારી નાનકડી ઝૂંપડીને કોઈ આવીને લૂંટી ગયું
એક ગીત... ૨

સાથે રહીને સપનાં જોયા રાત દિવસ આનંદ કર્યો
મારા વાળમાં મારા ખભા પર વહાલથી એમનો હાથ ફર્યો
કાચનું વાસણ મેં રાખ્યું'તું આંધીમાં એ ફૂટી ગયું
એક ગીત... ૩

## ૬. મૃત્યુ : આમ અચાનક જાય કોઈ

આમ અચાનક જાય કોઈ તો વેદના કેવી થાય.
ભીડભરેલી દુનિયા જાણે સૂમસામ થઈ જાય...

આંખો એને જોવા ચાહે, કાન ચાહે સાંભળવા
હાથ હાથને શોધે આજે, હૈયું ચાહે મળવા
જે ખોયું તે શું કામ ખોયું, કારણ ના સમજાય.. આમ. ૧

અમે કરીશું એની યાદમાં, એનાં ગમતાં કામ
અમે અમારાં કામની સાથે, જોડશું એનું નામ
સથવારાનું સંવેદન બસ, આ રીતે સચવાય.. આમ. ૨

## ૭. રેતમાં ભમવું પડે

સૂર્ય જેવા સૂર્યને પણ રોજ આથમવું પડે
કાળના મહાચક્ર સામે છેવટે નમવું પડે. ૧
બેય મોસમ એક સાથે ચાલતી જોવા મળે
કેરીને ગમવું પડે કારેલાને ગમવું પડે. ૨
ખાટલામાં ટૂંટિયું વાળીને ના સૂતાં રહો
કામ કરવા હોય તો નખશિખ ધમધમવું પડે. ૩
તો પછી ઉપવાસ કરવાનું સહેલું થાય છે
પૂર્વ દિવસે શાંત બેસીને કંઈક જમવું પડે. ૪
પાણીનું શું મૂલ્ય છે એ જો સમજવું હોય તો
ભરઉનાળે રણની ઊની રેતમાં ભમવું પડે. ૫
એટલી આસાનીથી સચ્ચાઈ સમજાતી નથી
એકલા, પર્વત ગુફા ને જંગલે ભમવું પડે. ૬
ના અચાનક રોશનીના મંચ પર બેઠક મળે
અંધકાર ભર્યા ખૂણે લાંબો સમય ખમવું પડે. ૭

## ૮. સ્વપ્ન એક સજાવી લો

સ્વપ્ન એક સજાવી જો તું આંખમાં
જોશ આપોઆપ આવશે આંખમાં. ૧

એકવાર બનાવી જો મોટો વિચાર
પ્રાણ ફૂંકાશે પછી તો રાખમાં. ૨

પળની કિંમત બે બદામની હોય નહીં
એની કિંમત થાય તો થાય લાખમાં. ૩

બહાર શું શોધ્યા કરે છે બાળને
એ તો સંતાયું છે તારી કાંખમાં. ૪

કામની સાચી લગન જોવા મળે
બહું ઊંચે ચીપકેલી એ મધમાખમાં. ૫

## ૯. મોકલો

થોડોક પ્રેમ મોકલો અને થોડીક રહેમ મોકલો
તમારી મમતાને બસ એમનેએમ મોકલો. ૧

તમે યાદ કરો છો એ જ મોટી વાત છે સાહેબ
તમને કોઈ વહેમ હોય તો એ વહેમ મોકલો. ૨

તમારા વિનાના દિવસો ખાલી હોય છે
એક ખોબો ભરીને તમે યોગક્ષેમ મોકલો. ૩

હાથોહાથ મળી જાય એટલું બસ થઈ રહેશે
જે સોનું છે એને સજાવીધજાવીને કેમ મોકલો ? ૪

બહુ જ મન હોય મોકલવાનું તો એક કામ કરો
તમારા શ્વાસની સુગંધને અહીં હવાની જેમ મોકલો. ૫

## ૧૦. અમે ચાલ્યા

બધાયે બંધનો તોડી અમે ચાલ્યા અમે ચાલ્યા
જગત આખાયને છોડી અમે ચાલ્યા અમે ચાલ્યા. ૧

અમારી આંખમાં આનંદના આંસુ વહી આવે
પ્રભુમાં ચિત્તને જોડી અમે ચાલ્યા અમે ચાલ્યા. ૨

હવે એને નજર સામે નિહાળીને જ જંપીશું
પડલ પાતાળના ફોડી અમે ચાલ્યા અમે ચાલ્યા. ૩

દિશા જાતે જ શોધીશું સ્વયં કંડારીશું કેડી
પરમને પામવા દોડી અમે ચાલ્યા અમે ચાલ્યા. ૪
જે ખાલી હાથ ખાલી મન નીકળશે એને એ મળશે
કરોડોને ગણી કોડી અમે ચાલ્યા અમે ચાલ્યા. ૫
ભલે દરિયાઓ ઉછળે છે સુકાની છે મારો સાહેબ
લઈ દેવર્ધિની હોડી અમે ચાલ્યા અમે ચાલ્યા. ૬

## ૧૧. ક્ષમાપના

તમારાં બારણે આજે તમારો મિત્ર આવ્યો છે
નયનમાં આંસુઓ હૈયે ક્ષમાના ભાવ લાવ્યો છે...
મને મારી ભૂલો માટે ઘણો અફસોસ છે મનમાં
ન કોઈ પૂર્વગ્રહ, નારાજગી કે રોષ છે મનમાં
તમોને દુઃખ દઈને મેં કરી છે ભૂલ બહુ મોટી
મને સમજાય છે આજે કે મારી વાત છે ખોટી
નકામી વાતમાં મેં તો સમય પુષ્કળ ગુમાવ્યો છે. નયનમાં... ૧
પડે છે ગાંઠ હૈયામાં તો કડવું થાય છે જીવન
ખૂલે જો ગાંઠ હૈયાની તો અંતર થાય છે પાવન
તમે માફી મને દઈ દો સ્વીકારી લો ક્ષમા મારી
ન મનમાં કોઈ દુઃખ બચે એવી ધરીએ સમજદારી
સકલ શાસ્ત્રોએ ઉપશમને ધરમનો મરમ ગણાવ્યો છે. નયનમાં... ૨

## ૧૨. ત્યારે કંઈક લખાય

ઉપરવાળો વરસે જ્યારે ત્યારે કંઈક લખાય
આંગળી ચાલે એના ઈશારે ત્યારે કંઈક લખાય... ૧
આંધી આવે ત્યારે થોડો સમય શાંત રહેવાનું
નૈયા પહોંચે કોઈ કિનારે ત્યારે કંઈક લખાય... ૨
બાવળ થોર વિનાય ઘણાં કામો અટકી પડવાના
તણખા ચમકે છે તલવારે ત્યારે કંઈક લખાય... ૩

મીઠું કોણ અને કડવું કોણ એ જ નહીં સમજાય
અમરત જીતે ઝેર હારે ત્યારે કંઈક લખાય... ૪
કાગળમાં કે શાહીમાં કોઈ જ પ્રાણ નથી હોતા
આત્મા અંદરથી પોકારે ત્યારે કંઈક લખાય... ૫
કોઈ મારે છે કોઈ હારે છે એ છે રોજનો ખેલ
કોઈક તારે કોઈક ઉગારે ત્યારે કંઈક લખાય... ૬
બારીના સળિયા વીંધીને સૂર્યનું પ્રથમ કિરણ
આવે દેવર્ધિના દ્વારે ત્યારે કંઈક લખાય... ૭

## ૧૩. શું ખબર

કોણ કોને શું કહે છે શું ખબર
કોનાં મનમાં શું રહે છે શું ખબર. ૧
એ હજારો ઘઉંના દાણા મૂકીને
કાંકરાને જ કેમ ગ્રહે છે શું ખબર. ૨
સૌની ચોવટ જે કર્યા જ કરે સતત
તેઓ યશ કેવો લહે છે શું ખબર. ૩
સૌને રાજી રાખવાની લ્હાયમાં
તે જખમ કેવા સહે છે શું ખબર. ૪
ટોચ સુધી પહોંચવું સહેલું નથી
કેટલો પસીનો વહે છે શું ખબર. ૫

## ૧૪. મોટી મહેર

મુદ્દો બધે છે એક પણ રજૂઆતમાં ફેર છે
આ વાત જે સમજી ગયા એને લીલા લહેર છે. ૧
તારે જ શોધવા પડે એ નીચે ઝૂકીને
મોતી ઘણાય છે અહીં પણ વેરવિખેર છે. ૨
જે મા મળી છે એને વફાદાર રહેજે દોસ્ત
મા એક હોય છે દુકાન ઠેરઠેર છે. ૩

એવો કબીર જગતમાં એકાદ હોય છે
ના જેનાં દિલમાં દોસ્તી ના મનમાં વેર છે. ૪
પહોંચાડે છે એ સૌને પોતપોતાનું નસીબ
અંધેર નથી એને ત્યાં બસ થોડી દેર છે. ૫
જે મારાથી થતું નથી એ હું નથી કરતો
આને લીધે કેમ આપની આંખોમાં ઝેર છે. ૬
વહેવારમાં ફરક પડ્યો છે આટલો આજકાલ
હું મારાં ઘરે છું અને એ એમનાં ઘેર છે. ૭
તાળી પાડે છે દૂરથી પણ મળવા ના આવે
આવા જ લોકોથી ભરેલું આખું શહેર છે. ૮
માથાના વાળમાં ફર્યો છે ખૂબ એમનો હાથ
દેવર્ષિ ઉપર રામજીની મોટી મહેર છે. ૯

## ૧૫. આ પળ ઉપર

કેટલા દિવસોથી કંઈ જ લખ્યું નથી કાગળ ઉપર
ઘંટનો રણકાર સૂતેલો છે એક સાંકળ ઉપર. ૧
કેમ હું માની લઉં કે આજે બારિશ આવશે
વીજળી ચમકી નથી આકાશમાં વાદળ ઉપર. ૨
ખુશખુશાલ રહી શકે તે કોઈના ટેકા વગર
જેને છે વિશ્વાસ ખુદ ઉપર ખુદાનાં બળ ઉપર. ૩
એમને મેં દૂર રાખ્યા હાથ જોડ્યા એમને
વાતેવાતે ઉતરી આવે છે જેઓ ચળવળ ઉપર. ૪
કાળા દાણાઓને ભેટે વહાલથી મીઠી મલાઈ
કોઈ તો લખશે કવિતા એક સીતાફળ ઉપર. ૫
મોતીઓના હીરાઓના હાર આદમીએ રચ્યા
સોંય એની સાવ રે નિષ્ફળ રહી ઝાકળ ઉપર. ૬
ભૂતને ભાવિને એકદમ ભૂલીને દેવર્ષિએ
જોમ રેડી દીધું બસ અત્યારની આ પળ ઉપર. ૭

## ૧૬. અચાનક

વરસી પડ્યો છે આજ તો વરસાદ અચાનક
દૂર થઈ ગઈ ગરમીની ફરિયાદ અચાનક. ૧
ઉકળાટને કોસ્યા કરે સહુ એવી ઋતુમાં
ભીની હવા ફેલાવે છે આહ્લાદ અચાનક. ૨
ધરતી અને નભ વચ્ચેના તૂટ્યા છે અબોલા
વીજળીના કડાકા રચે સંવાદ અચાનક. ૩
ચૂવે બધા નળિયાં અને ટપકે છે છાપરાં
ટીપેટીપાનો સૂર છે આબાદ અચાનક. ૪
આંબાનું ઝાડ આખેઆખું ભીનું થઈ ગયું
વરસાદને કેરીનો મળ્યો સ્વાદ અચાનક. ૫
બારીઓ બંધ નહીં કરું વાછટ ભલે આવે
બળબળતી પેલી લૂ થશે બરબાદ અચાનક. ૬
આળસ હતી કંટાળો હતો થાક પણ હતો
એની જગા લે છે હવે ઉન્માદ અચાનક. ૭
આ જેઠનાં બે છાંટણાથી કાંઈ નહીં વળે
આટલીબધી અપાય નહીં દાદ અચાનક. ૮
દેવર્ધિનું લખવાનું સાવ અટકી ગયું'તું
મોકલ્યો ઉપરવાળાએ આ પ્રસાદ અચાનક. ૯

## ૧૭. એ છે દીવાળી

નામ પ્રભુનું ગાઈએ એ છે દિવાળી
ભક્તિમાં ખોવાઈએ એ છે દિવાળી. ૧
દસ ગરીબના મોઢામાં મૂકી મીઠાઈ
ને પછી એ ખાઈએ એ છે દિવાળી. ૨
હાથેથી રોગીને ઔષધ પીવડાવી
સ્મિતમાં ફેલાઈએ એ છે દિવાળી. ૩
વસ્ત્ર સુંદર કોઈ દીનને ઓઢાડીને
ચૂપચાપ મલકાઈએ એ છે દિવાળી. ૪

સૂના ઝૂંપડે દીવો રંગોળી મૂકીને
ઘેર રસ રેલાઈએ એ છે દિવાળી. ૫
તંગદિલ સંબંધ સરસ સુધારી લઈને
વહાલથી વહેંચાઈએ એ છે દિવાળી. ૬
મોટામોટા કામ અકબંધ પાર પાડી
પડદામાં જ છુપાઈએ એ છે દિવાળી. ૭
ગોળગોળ કશું જ ન રહે એવી રીતે
સ્પષ્ટ થઈ સમજાઈએ એ છે દિવાળી. ૮
નિરખે દેવર્ષિ સતત આકાશ સામે
રોશનીમાં નહાઈએ એ છે દિવાળી. ૯

## ૧૮. માબાપ ઉપકાર ગાથા

માબાપના ઉપકારનું વર્ણન થઈ શકતું નથી
માબાપનું જે સ્થાન છે તે કોઈ લઈ શકતું નથી
માબાપ છે તો જીવન છે માબાપ છે તો શ્વાસ છે
માબાપ છે તો પ્રાણ છે માબાપ સૌથી ખાસ છે. ૧

માબાપના ખોળે વીતે છે બાળપણ આનંદથી
માબાપ રાખે ધ્યાન તેથી બાળને ચિંતા નથી
માબાપના હાથેથી રોજે કોળિયો મળતો રહે
માબાપની મમતા થકી એકએક દિવસ ફળતો રહે. ૨

માબાપનો ઉપકાર કે બાળકને રહેવા ઘર મળે
માબાપથી કપડાં મળે માબાપથી ભણતર મળે
માબાપનાં વાત્સલ્યથી વાતાવરણ સુંદર મળે
માબાપ દ્વારા બાળપણને સંસ્કરણ સદ્ધર મળે. ૩

માબાપના આધારથી સંતાનને યૌવન મળે
સાકાર થાય સપનાં એવા સક્રિય તનમન પણ મળે
માબાપનું યૌવન સતત સંતાન પર વપરાય છે
ત્યારે યુવા સંતાનમાં ઉર્જાનું ઘડતર થાય છે. ૪

માબાપ દરવરસે મનાવે જન્મદિન સંતાનનો
માબાપ અવસર શોધી લે સંતાનના સન્માનનો
માબાપ આત્મવિશ્વાસ નિજ સંતાનમાં ભરતા રહે
માબાપ સંતાનો ઉપર ઉપકાર બહુ કરતા રહે. ૫

માબાપ દેરાસર ઉપાશ્રય પાઠશાળા લઈ જતા
માબાપ તપ જપ જ્ઞાન વૈયાવચ્ચ આદિ શિખવતા
માબાપ ખુદ ગુરુ થઈને સંતાનોને ધર્મ કરાવે છે
માબાપ શુભ પરલોકનું ભાથું ઘણું બંધાવે છે. ૬

માબાપ વૃદ્ધ થશે છતાં પણ પ્રેમ એમનો ન થાકશે
માબાપ દીકરા દીકરીની કાળજી બહુ રાખશે
માબાપ ચિંતા પોતાની મનમાં ધરે કે ના ધરે
માબાપ સૌથી પહેલાં તો સંતાનની ચિંતા કરે. ૭

માબાપ કષ્ટો ઝીલી લે સંતાનને ખુશ રાખવા
માબાપ દુઃખ વેઠીને સુખ સંતાનને દે નિતનવા
માબાપ કાયમ અવગણીને પોતાના અરમાનને
હંમેશા રાજી રાજી રાખે પોતાનાં સંતાનને. ૮

માબાપ આંસુ લૂંછે છે માબાપ હિંમત આપે છે
માબાપ શક્તિ આપે છે કમજોરીઓને કાપે છે
માબાપ કેટકેટલું કરે એની ગણતરી થાય નહીં
માબાપના ઉપકારનો બદલો કદી ચૂકવાય નહીં. ૯

શ્રી આદિનાથ પ્રભુએ મરુદેવાને આપ્યું સાચું સુખ
મહાવીર પ્રભુએ દેવાનંદા ઋષભદત્તનું ટાળ્યું દુઃખ
માબાપને સુખ આપીએ માબાપનું દુઃખ ટાળીએ
ઉપકારીની ભક્તિ કરી સંસ્કારને અજવાળીએ. ૧૦

માબાપના ચહેરા ઉપર સંતોષનું સ્મિત રહો સદા
માબાપ સુખશાંતિ સમાધિમાં રહેજો સર્વદા
માબાપે આપ્યો ધર્મ તેને ખૂબ ખૂબ વધારજો
માબાપનો આદર કરી દેવર્ધિને વિસ્તારજો. ૧૧

# ૩

# નંદપ્રભા

(શ્રી સિદ્ધાચલ મહાતીર્થના આંગણે શ્રી નંદપ્રભા ચતુર્મુખ પ્રાસાદમાં હર સાલ અતિ ઉત્કટ ભક્તિભાવપૂર્વક ધ્વજારોહણ ઉત્સવ થાય છે. તે ઉત્સવ માટે પરેશભાઈ શેઠની આત્મીય વિનંતીથી લખાયેલા આ ગીતો – રૂપકુમાર રાઠોડ, સુરેશ વાડકર, સચીન લીમયે, ઓસમાન મીર, સંજય વિદ્યાર્થી, આલાપ દેસાઈ, પાર્થિવ ગોહિલ, ઉસ્તાદ વસીમખાન, ડૉ. રોશન ભારતી, દક્ષેશ શાહ, આશિષ મહેતા, હિમાંશુ મકવાણા, રાહુલ રાનડે, ગૌરવ બાંગિયા, શિવમ સિંઘ, પાર્થ દોશી, ઋષિ નિત્યપ્રજ્ઞા, અનુભવ સુમન, હિમાંશુ શર્મા, અનિકેત શર્મા, ધ્રૂન ટીકુ, ભરત વાઘેલા આદિ દ્વારા મહદંશે ગવાઈ ચૂક્યા છે.)

| | | | |
|---|---|---|---|
| ૧. ત્રિકાલગીતમ્ – પ્રાતઃદર્શન | ૪૭ | ૨૯. ભક્તિની રાત | ૬૦ |
| ૨. ત્રિકાલગીતમ્ – મધ્યાહ્નપૂજા | ૪૭ | ૩૦. અજબ નંદપ્રભા | ૬૦ |
| ૩. ત્રિકાલગીતમ્ – સંધ્યાદર્શન | ૪૮ | ૩૧. પાંખડીઓ | ૬૦ |
| ૪. નામ તમારું | ૪૮ | ૩૨. રસમય રાત | ૬૧ |
| ૫. ઝૂલે મહાવીરજી | ૪૯ | ૩૩. સ્વસ્તિશ્રી મંગલ | ૬૧ |
| ૬. આનંદ રંગ | ૪૯ | ૩૪. સ્વસ્તિશ્રી દાયક | ૬૩ |
| ૭. નદીઓ વહેતી ચાલી | ૪૯ | ૩૫. સુંદર પ્રભાત | ૬૩ |
| ૮. રોજ તમારું નામ | ૫૦ | ૩૬. મૈત્રી ભાવના | ૬૪ |
| ૯. મારા ચિત્તમાં | ૫૦ | ૩૭. જિંદગી આપનાં | ૬૪ |
| ૧૦. વીર પ્રભુ શણગાર ધરે | ૫૧ | ૩૮. આવો આવોજી | ૬૫ |
| ૧૧. ગાઓ વીરજી | ૫૧ | ૩૯. ક્યાં છે ? | ૬૫ |
| ૧૨. પવનની પાંખોમાં | ૫૨ | ૪૦. તમે મારા છો | ૬૫ |
| ૧૩. શિવગતિ અમને આપો | ૫૨ | ૪૧. તારું નામ | ૬૬ |
| ૧૪. ભવભવનો નાતો | ૫૩ | ૪૨. મળે છે પ્રભુ | ૬૬ |
| ૧૫. સિદ્ધગિરિ તીરથમાં | ૫૩ | ૪૩. સાચું નામ | ૬૬ |
| ૧૬. કૃપા કરો | ૫૪ | ૪૪. વિશ્વ આખું ઓળખે તને | ૬૭ |
| ૧૭. અજબ કોઈ | ૫૫ | ૪૫. કેમ મળે ? | ૬૭ |
| ૧૮. ચંદ્રપ્રભનાં | ૫૫ | ૪૬.જગાડી જાશું રે | ૬૮ |
| ૧૯. આપત્તિઓ આવે ભલે | ૫૫ | ૪૭. નેમિ જિણંદ | ૬૮ |
| ૨૦. વસંતના પગલાં | ૫૬ | ૪૮. બરસત મેઘા | ૬૯ |
| ૨૧. આનંદ અંગ અંગ જાગ્યો | ૫૬ | ૪૯. પ્યારું નામ | ૬૯ |
| ૨૨. જ્યોત વરસે | ૫૭ | ૫૦. કોઈ મંગળ | ૭૦ |
| ૨૩. દીવાના અજવાળે | ૫૭ | ૫૧. શમણામાં આજો | ૭૦ |
| ૨૪. તારી આંગી | ૫૭ | ૫૨. ગાઉં છું | ૭૦ |
| ૨૫. મારાં શમણામાં | ૫૮ | ૫૩. તારા તરફથી | ૭૧ |
| ૨૬. અમે નોંધારા | ૫૮ | ૫૪. મોટી કમાલ | ૭૧ |
| ૨૭. જ્યોતિ જાગી | ૫૯ | ૫૫. સુણજો રે | ૭૨ |
| ૨૮. હૈયાં સૌનાં | ૫૯ | ૫૬. વીરનાં નામે | ૭૨ |

૫૭. આંખોના આંગણિયે ૭૨
૫૮. રુમઝુમ વહે ૭૩
૫૯. દશ દશ ખુશી ૭૪
૬૦. સ્તુતિ ૭૫
૬૧. શીતલ સંગ ૭૬
૬૨. આવ્યો અવસર ૭૬
૬૩. અનુમોદનાના શબ્દ ૭૬
૬૪. ધજા ગગનમાં ઝૂલે ૭૭
૬૫. સ્વસ્તિશ્રી વીર જિનેશ્વર ૭૮
૬૬. હોઠ કરે છે ૭૮
૬૭. સોનાની છડી છે ૭૮
૬૮. હું છું તમારો ૭૯
૬૯. મારી અંતિમ ઘડીને ૮૦
૭૦. સિદ્ધ બુદ્ધ ૮૦
૭૧. સાહેબનો મહિમા ભારી ૮૧
૭૨. પ્રભુજી પધારો ૮૨
૭૩. રંગ છલકે ૮૨
૭૪. સાંજસવારે દીવો ધરું ૮૩
૭૫. જીવંત જીવંત આંખ ૮૩
૭૬. મારી અરજી સ્વીકારો ૮૪
૭૭. પ્રાર્થના નાથ સાંભળશે ૮૪
૭૮. સાધના સદન ૮૫
७९. पल पल तूंही ८६
८०. ध्वजा गगन में ८६
८१. आज आनंद अपार ८७
८२. सिद्धगिरि के दर्शन ८७
८३. तेरो रंग लाग्यो ८८
८४. हम ले रहे थें ८९
८५. सुमिरन मंत्र ८९
८६. भीनी हैं अंखिया ९०
८७. विमल कमल सम ९०
८८. खुशियां की माला ९०
८९. जनम जनम का भरम ९१
९०. ऋत सावन की ९१
९१. ध्यान धरूँ ९२
९२. दिये हैं रोशन ९२
९३. नंदप्रभा के नाथ ९२
९४. नंदप्रभा आनंद भयो ९३
९५. तुम्हारें गानें ९३
९६ मोरी रे अरज स्वीकारो ९३
९७. हम कह रहें ९४
९८. पास आस ९४
९९. नाचत है ९५
१००. तूं सदा ही ९५
१०१ अरिहंत चरनन ९५
१०२ हे वीर जिन राया रे ९५
१०३. अरपन ९६
१०४ कुंथुं वंदे ९६
१०५ प्यारो मल्लिनाथ ९७
१०६. प्रभु गुण गावो ९७
१०७. प्यारा प्यारा ९८
१०८. विजय हो ९८
१०९. बंगाली गीत ९८
११०. श्री ऋषभ जिनं-संस्कृत गीतम् ९९
१११. मंगलं नंदप्रभा - संस्कृतगीतम् ९९

## ૧. ત્રિકાલગીતમ્ – પ્રાતઃદર્શન

મંગલ ભૈરવ રાગે સાહેબ, સવાર તારી જાગે
સૂરજ તારું તેજ લઈને અંધારાને ભાંગે...

ઘંટ ગુંજતો ઘેરા નાદે, જાણે ઊંડો શ્વાસ,
ધૂપ જગાડે સુવાસ, દીવો ફેલાવે અજવાસ,
નંદપ્રભા દરબારે, આતમ આનંદે એકરાગે, સવાર. ૧

રાતે તું એકાંતે રહીને, સૌને મળે સવારે,
સાહેબ ક્યારે બોલાવીશ તું, સિદ્ધશિલાના દ્વારે,
પહેલાં પ્રાતઃદર્શન પામી, મન આ ઉત્તર માંગે, સવાર. ૨

તારા ફેરા ફરતાં ફરતાં, મારો ઉતરે થાક,
પ્રભુ તને જોઉં તે મારા, પુણ્ય તણો પરિપાક,
મંદિરમાં મુજ મુક્ત અવસ્થા, એકદમ પાસે લાગે, સવાર. ૩

## ૨. ત્રિકાલગીતમ્ – મધ્યાહ્નપૂજા

દુનિયા દે છે થાક મને પણ, તું આપે આરામ,
મધ્ય ગગનમાં સૂર્ય તપે પણ, મંદિર શીતલ ધામ.
તું આપે આરામ, તારું મંદિર શીતલ ધામ,
મંગલ નંદપ્રભાનું ધામ...

તારી પર જે દૂધ વહે તે, અમૃત બને અમૂલ,
તુજને ચંદન તિલક કરે તે, મહોરે થઈને ફૂલ,
ધૂપ દીપને પ્રગટાવું ત્યાં, જાગે આતમરામ, તું આપે આરામ. ૧

ચોખા જેવા ચોખ્ખા ભાવો, ફળ સમ મીઠા સુખ,
અન્ન અને જીવન તેં દીધું, કાંઈ જ છે નહીં દુઃખ,
તુજને હું જે આપું છું, તે દીધું તેં જ તમામ, તું આપે આરામ. ૨

તેં આપ્યું તે કોઈ ન આપે, તારી કૃપા અનંત,
આઠ પ્રકારે પૂજા કરતાં, છૂટે ભવનો તંત,
તારી સાથે બેસું ને મન, સ્વયં બને નિષ્કામ, તું આપે આરામ. ૩

મારા જેવાના હાથે તું, ઉત્તમ કામ કરાવે,
મારી નબળી આંગળીઓમાં, જોશ પ્રભુ તું લાવે,
એક એક મારા કાર્યોમાં, બોલે તારું નામ, તું આપે આરામ. ૪

## ૩. ત્રિકાલગીતમ્ – સંધ્યાદર્શન

સાંજ સમયના સૂર્યકિરણ લઈ, દીવા તું પ્રગટાવે,
એ દીવાની જ્યોતિ જાણે, તારું સ્મિત જગાવે...

સીમા પર ગોધણ દોડે છે, ઊંચે ઊઠે ધૂળ,
ઝીણી ઝીણી ઘંટડી વાગે, અદ્‌ભુત ને અનુકૂળ,
તારા ધ્વજની ઘુઘરી સાથે, સુંદર તાલ મિલાવે, દીવા. ૧
સૂરજ જાતાં જાતાં ધારે, કેસરિયો શુભ રંગ,
કેસર જળથી ભીંજવે જાણે, મંદિરનાં સૌ અંગ,
તેજ તાહરું જોવા નભમાં, ચાંદો નીકળી આવે, દીવા. ૨

ઝાલર વાગે, ઘંટા રણકે, આરતી દીવો થાય,
મારા રોમે રોમે તારું, અજવાળું પથરાય,
ભીતરમાં તું તેજ ભરીને, સર્વમંગલ સુણાવે, દીવો. ૩
રાતે તારાં દ્વારનાં તાળે, દેવો આવી બેસે,
નંદપ્રભામાં નાચે ગાયે, દેવો દૈવી વેશે,
દેવર્ધિના નાથનાં ગીતો, આખી દુનિયા ગાવે, દીવા. ૪

## ૪. નામ તમારું

નામ તમારું ગમી ગયું છે, કહો અમે શું કરીએ,
રાત દિવસ એ નામ જપીને, શ્વાસે શ્વાસે ભરીએ...
નામ બીજા કોઈનું અમને, યાદ હવે ના આવે,
એક તમારાં નામની સાથે, ખૂબ અમોને ફાવે,
નામની હોડીમાં બેસીને, ભવનો દરિયો તરીએ. ૧
એવું કૈંક કરો કે ખુદનું, નામ અમે વિસરીએ,
અને તમારાં નામની સાથે, ભીતરમાં વિસ્તરીએ,
એક અગોચર ધામ અલખનું, આપનાં નામે વરીએ. ૨

## ૫. ઝૂલે મહાવીરજી

ઝૂલે મહાવીરજી ખેલે મહાવીરજી, ઝીણી ઝીણી ઘૂંઘરીઓ ગાવે
રુડાં પારણિયે રમે દેવદેવીઓને ગમે, મોંઘા મહેલોમાં બાળપણ વીતાવે, ઝૂલે. ૧
ફૂલની પથારીમાં પોઢે છે પ્રેમથી, દેવતાઓ ગીતો સંભળાવે,
અંગૂઠે અમૃતનો આનંદ એ લે છે, ત્રિશલાજી પારણું ઝૂલાવે. રુડાં. ૨
ચાંદલિયો આંખોમાં શીતળતા આંજે છે, સૂરજનું તેજ છે કપાળે
હોઠ તો હંમેશ હસે, ગાલે ગુલાલ વસે, સૌને બાંધે છે પ્રેમજાળે. રુડાં. ૩

## ૬. આનંદ રંગ

આનંદ રંગ, ભગવંત સંગ, અનહદ ઉમંગ ઉપજાયો
અમ અંગ અંગ, સાગર તરંગ, ઉછરંગ સુમંગલ પાયો
ગુણગાન પ્રભુનાં, સૂરતાલમાં, અદ્ભુત અનુપમ ચાલે
નંદપ્રભા મંદિરે, મનોહર, નંદપ્રભા મંદિરે, ૧
આંગી કેવી જાજરમાન, શોભે જાણે દેવવિમાન
દીવે દીવે સોનેરી, જ્યોતિ કરતી નર્તનગાન
આ પુણ્ય અમારા જાગ્યા કેવા ? ભાગ્ય ફળ્યા છે કેવા ?
જે શક્તિ મળી છે, તેના યોગે કરીએ ઉત્તમ સેવા, ગુણગાન પ્રભુનાં. ૨
સુખકારણ દુઃખવારણ છે, જિનરાયા ભવતારણ છે
ભયહારણ મદમારણ છે, વર્ધમાન ગુણધારણ છે
જે ભક્તિ કરી તે ઓછી લાગે, જાગે નિત નિત પ્રીતિ
અમ અંતર આ હંમેશા ગાતું, પરમ પ્રભુની ગીતિ, ગુણગાન પ્રભુનાં. ૩

## ૭. નદીઓ વહેતી ચાલી

નંદપ્રભાનાં આંગણિયેથી નદીઓ વહેતી ચાલી
ભક્તિની સરવાણી શીતલ સૌને લાગે વહાલી...
મીઠા મધુરા સ્તવનો સુણતાં, જૂના ચીલા તૂટે
રોમરોમ રસમાં રંગાતા, પાંખ હજારો ફૂટે
મધુર મનોહર મંગલ મંજુલ મહિમામય મતવાલી, ભક્તિની. ૧

વરસે વરસે ઉમંગ વધતો વીરજીના દરબારે
સાલગીરીનો ઉત્સવ સોહે સંગીતના સથવારે
અમૃતના ઘૂંટડા સૌ પીએ ભરી ભરીને પ્યાલી, ભક્તિની. ૨

## ૮. રોજ તમારું નામ

રોજ તમારું નામ જપીશું રોજે ગાશું ગીત
અમને દેજો એક જ સ્મિત. ૧

રૂપ તમારું જોતાં જોતાં આંખો નથી ધરાતી
મૂરતને નીરખીને હૈયે મમતા બહુ ઉભરાતી
નંદપ્રભાના ભક્તજનોની તમે સ્વીકારો પ્રીત, રોજ તમારું. ૨

અમે તમારાં આંગણિયેથી કદી ન પાછા જાશું
રાતદિવસના બે દરવાજે અમે રંગોળી થાશું
હાર ખમીને થાક ચડ્યો છે તમે અપાવો જીત, રોજ તમારું. ૩

## ૯. મારા ચિત્તમાં

મારા ચિત્તમાં, મારા વિત્તમાં, મહાવીર તું, મહાવીર તું
મારી ભક્તિમાં, અભિવ્યક્તિમાં, મહાવીર તું, મહાવીર તું

મારું સ્વપ્ન તું, મારી આંખ તું, મારું આભ તું, મારી પાંખ તું,
મારી માંગણી બસ એક છે, તારા સંગમાં, મને રાખ તું
તન મન તણી, મુજ શક્તિમાં, મહાવીર તું, મહાવીર તું. ૧

મમ સત્ય તું, સૌંદર્ય તું, જીવન તણું તાત્પર્ય તું
મમ દેવ તું, મમ ધર્મ તું, ઉપદેશ તું, ગુરુવર્ય તું
શ્રદ્ધાભરી અનુરક્તિમાં, મહાવીર તું, મહાવીર તું. ૨

સાચી સમજ મનેં આપજે, કાચી સમજ પ્રભુ કાપજે
જીવન તણી, કેડી ઉપર, કુમકુમનાં, પગલાં થાપજે
નંદપ્રભા તણી તક્તીમાં, મહાવીર તું, મહાવીર તું. ૩

## ૧૦. વીર પ્રભુ શણગાર ધરે

વીર પ્રભુ શણગાર ધરે
મારા વીર પ્રભુ શણગાર ધરે...

મુખ વિમલ વિમલ તેજ ધરે,
દીવડે દીવડે અજવાસ ભરે, નીરખી નીરખી મારું મન ઠરે
ધૂપ મઘ મઘ મઘ મઘ બળે,
સુરભિ મન મોહે છે પળે પળે, સહુ સુખ મળે, સહુ દુઃખ ટળે.
મલકી મલકી મહાવીરજી મારા, મધુરો મધુરો જાદુ કરે
રમતા રમતા સમતારસ દાદા, પાપ હરે – સંતાપ હરે, મારા. ૧

તારું નામ ગમે, તારું ધામ ગમે,
તારું કામ ગમે, આ દમામ ગમે, તારા રૂપ ને રંગ તમામ ગમે
તારું ગીત ગમે, તારું સ્મિત ગમે
તારી પ્રીત ગમે, તારી રીત ગમે, તનમન તને નિત નિત નમે
તારે દ્વાર મારા શુભ લાભ વસે, જાણે સાવન મેઘલો ઝરમરે
રાતે નીંદર લેતાંય સપનામાં, તુજ મંગલ મૂરત તરવરે, મારા. ૨

## ૧૧. ગાઓ વીરજી

પ્રતિમા તમારી અપલક જોઉં, જોતાં જોતાં, સુધબુધ ખોઉં
નયના મારા, વિકસિત થાય, તન મન મારા, ઉલ્લસિત થાય
દીવડે દીવડે, દેવ દેખાય, ફોરમ ફૂલડે, ફૂલડે ફેલાય
કામના સઘળી, સાવ ભૂલાય, હૈયું હર્ષિત, ગીતવા ગાય
તાલ સાથે, સૂર સાથે, ગાઓ ગાઓ ગાઓ – વીરજી
સરસ સૂર સપ્તક, સંગ સરજાવો, ધન્ય ધન્ય દિન આજ
સ્તવન સજ્યા સાજ, મેઘ ગાજ, મળ્યાં કૃપાનંદ નંદપ્રભા મહારાજ

## ૧૨. પવનની પાંખોમાં

પવનની પાંખોમાં, ગગનની આંખોમાં
પ્રભુ મહાવીર, તારું નામ (૨)
રોમે રોમે ચાલે અવિરત સંકીર્તન તારું, પ્રભુ. ૧
ગુફામાં છે ગુંજન તારું, ખીણોમાં છે ખેલન તારું
શિખર શૃંગાર ધરે તારો, પગથિયે છે કંપન તારું
શત્રુંજયના ઋષભ સંગ છે આકર્ષણ તારું, પ્રભુ. ૨
ધજામાં છે નર્તન તારું, દીવામાં છે સ્પંદન તારું
ફૂલોમાં મહોરી તારી પ્રીત, ગીતમાં સંવેદન તારું
નંદપ્રભામાં ચારમુખે મનહર દર્શન તારું, પ્રભુ. ૩
અમારું તન-મન-ધન તારું, અમારું જીવન પણ તારું
કંઠ મારો ચાલે છે પણ, સ્વરોનું સંચાલન તારું
આતમનાં આંગણિયે અનહદ આવેદન તારું, પ્રભુ. ૪
ફુવારે સંમોહન તારું, રોશની આલિંગન તારું
મંદિરે ઘંટ બજે તારા, તારમાં રણરણરણ તારું
ચામર ઝૂલી આસમાનમાં ગાય સ્તવન તારું, પ્રભુ. ૫

## ૧૩. શિવગતિ અમને આપો

વીર જિનેસર આપ કૃપાળુ, શિવગતિ અમને આપો
(નંદપ્રભાના નાથ કૃપાળુ, શિવગતિ અમને આપો)
આપના સંગે મોક્ષમાં અમને, શાશ્વત ભાવે સ્થાપો
બે કર જોડી વિનંતી કરીએ, કરમના બંધન કાપો, હો પ્રભુ શિવ. ૧
ડગલે પગલે ચિંતા જ ચિંતા, એવા અમારાં જીવન
એક ટળે ત્યાં તેર મળે એવા, કષ્ટની છે પારાયણ
આગળ પાછળ સાથ મળે નહીં, ટાળો સહુ સંતાપો, હો પ્રભુ શિવ. ૨
સુખના સાગર આપને છલકે, અમે તો દુઃખના દરિયે
આપ ન પકડો હાથ પ્રભુ જો, તો કેમ દરિયો તરિયે
લઈ લીધી પ્રભુ ઘણી પરીક્ષા, હવે વધારે ન માપો, હો પ્રભુ શિવ. ૩

દોષ ન છૂટે, દ્વેષ ન તૂટે, દુઃખ ન ખૂટે અમારા
મીઠા જળ નવ ક્યાંય મળે છે, ઘૂંટડા ભરીએ ખારા
ઝરમર વરસો મેઘ બનીને, આપ પખાળોને પાપો, હો પ્રભુ શિવ. ૪
પાય પડી અમે પ્રાર્થના કરીએ, ધરીએ શુભની આશા,
આપના જેવા થાવું અમારે એ, અંતરની અભિલાષા,
ભાંગી તૂટી આ ભગતિ જોઈ, જે ઠીક લાગે તે આપો,
જે ઠીક લાગે તે આપો (૩)

## ૧૪. ભવભવનો નાતો

ભવભવના નાતો બંધાયો, વીર જિનેશ્વર સંગે
નંદપ્રભાના રાજરાજેશ્વર, અણુ અણુ આવ્યા રંગે
દુનિયાદારીથી છૂટવાનો, જુસ્સો જાગ્યો અંગે
અલખરંગની અઢળક મસ્તી, નંદપ્રભા ઉછરંગે. ૧
રોમરોમ રેલાયા, કરુણાનાં કિરણો, પામ્યો હું ઉજ્જવળતા
ભીંજાયો હું, કૃપા-નીરથી, નીરખી છે નિર્મળતા
દ્વેષ કશો ના રહેશે મનમાં, ક્લેશ કશો ના કરશું
સહેશું તે પણ હસતાં સહેશું, સાચી સમજણ ધરશું
પ્રભુનો પાલવ પકડ્યો પ્રેમે, પાવન પુણ્ય પ્રસંગે, નંદપ્રભાના... ૨
ભૂલોમાંથી શીખવા મળશે, ભૂલ વિનાનું જીવન
ભૂલ જણાવે જે જે તેને, હૈયું કરશે વંદન
કરી મરીચિભવમાં ભૂલો, નડી વીરના ભવમાં
સુણી કહાની વીરપ્રભુની, કેમ રહું હું ભ્રમમાં
ગુણનો આદર, વિધિચુસ્તતા, પાપભીરુતા જાગી
દોષદૃષ્ટિનો નાશ થયો છે, ભવની ભાવઠ ભાંગી, નંદપ્રભાના... ૩

## ૧૫. સિદ્ધગિરિ તીરથમાં

સિદ્ધગિરિ તીરથમાં, વીર વીર વીર ગાઈ, નંદપ્રભા ગુંજે દિનરાત,
સ્તવનાના સંવેદનો, અંતરનાં આવેદનો, સમજાવે સાચી સુખશાત... ૧

મૃત્યુના પડછાયામાં, જીવતર ચાલે છે તોયે, મૃત્યુની યાદ નથી આવતી
આતમના સથવારે, કાયા આ ટકી છે તોયે, આતમાની યાદ નથી આવતી
દાદાની ભક્તિથી, જીવડો આ પામે છે, સમજણની સાચુકલી વાટ... ૨
ડગલે ને પગલે તમે, કરમો તો બાંધો છો, ક્યારે રે ! છૂટશો, વિચારજો
આચારો ઊંચેરા, પાળશો તો લાભ થશે એટલી આ શીખ અવધારજો
સાધનાની કેડી પર, પગલું માંડોને તમે, સાંભળીને પ્રભુજીની વાત... ૩

## ૧૬. કૃપા કરો

પરમાતમ મમ આતમ માંગે, ઝળહળતા અજવાળાં
પરમાતમ મને મૂંઝવી રહ્યા છે, અંધારાઓ કાળાં
કૃપા કરો કૃપા કરો કૃપા કરો, પરમાતમ... ૧
અંતર પર છે ભારે ભારે, અવિવેકી અજ્ઞાન
કેમ કરીને કરવું સાહેબ, શુદ્ધ તમારું ધ્યાન
સુખ દેખાડો તમારા, દુઃખ મીટાવી દો મારા
કૃપા કરો કૃપા કરો કૃપા કરો.
નંદપ્રભાના નાથ તમે તો, લાગો સૌથી ન્યારા
કૃપા કરો કૃપા કરો કૃપા કરો, પરમાતમ... ૨
જાગશે ક્યારે મારા મનમાં, એક અલખની ધૂન
ક્યારે હું અવધૂત બનીને, ભૂલીશ સુખની ધૂન
સુખ દેખાડો તમારા, દુઃખ મિટાવી દો મારા
કૃપા કરો કૃપા કરો કૃપા કરો.
ક્યારે હટશે મારા મનથી, કરોળિયાના જાળા
કૃપા કરો કૃપા કરો કૃપા કરો, પરમાતમ... ૩
માણસ સારો એ છે જેનું, માનસ સારું હોય
માણસ બૂરો એ છે જેનું ચિત્ત નઠારું હોય
સુખ દેખાડો તમારા, દુઃખ મિટાવી દો મારા
કૃપા કરો કૃપા કરો કૃપા કરો.
ખોલો ખોલો તમારા હાથે, મારાં મનનાં તાળાં
કૃપા કરો કૃપા કરો કૃપા કરો, પરમાતમ... ૪

## ૧૭. અજબ કોઈ

અજબ કોઈ શાંતિ મળે નંદપ્રભામાં
દુઃખ ને અશાતા ટળે નંદપ્રભામાં...
મમતા ને માયા મનને, જો બાંધી રાખશે
તો આ જીવ સમતાતણો, સ્વાદ ક્યારે ચાખશે ?
વિકારો તો પાછા વળે નંદપ્રભામાં, દુઃખને અશાતા... ૧
નાના મોટા પાપ કરતાં, રસ ખૂબ આવે છે
ધર્મની ક્રિયાઓ કોઈ, કરવી ન ફાવે છે
નાની મોટી ખોટી આદત, સમસ્યાઓ લાવે છે
મારાં લક્ષણો જ મુજને, દુર્ગતિ બતાવે છે
બધા દોષ ભડકે બળે, નંદપ્રભામાં, દુઃખને અશાતા... ૨

## ૧૮. ચંદ્રપ્રભનાં

ચંદ્રપ્રભના ચરણકમળમાં નિશદિન વંદન કરીએ
શાંત સૌમ્ય ને સુંદર મુદ્રા આકર્ષણ નીપજાવે
મન-વચ-કાયા, નંદપ્રભામાં ધરીએ...
જ્ઞાન દર્શન અને ચારિત્રે અંતર થાયે રાજી
મોહમલ્લની સામે થઈને જીતી લઈએ બાજી
મુગતિવધૂના મંગલ હાથે વિજયની માળા વરીએ, મન. ૧
સમકિતનો સથવારો સાચો, સદ્‌ગુણ ખેંચી લાવે
પાપ મિટાવે, દોષ હટાવે, પરમાનંદ અપાવે
દિલમાં શ્રદ્ધા અખંડ રાખી, ભવનો સાગર તરીએ, મન. ૨

## ૧૯. આપત્તિઓ આવે ભલે

આપત્તિઓ આવે ભલે, વિઘ્નો હજાર સતાવે ભલે
એક જ છે ઝંખના, અનહદ આરાધના, સાધું હું સાધના...
સુખ સફળતા જે જે મળે, એનો યશ હું તમને દઉં
દુઃખ મળે તેને મારા કરમ, માનીને હૈયે લગાવી દઉં
ચાહું જનમોજનમ, ભક્તિ તારી પરમ, સાચો તારો ધરમ, આપત્તિઓ... ૧

મૃત્યુક્ષણે તું સંગે રહે, તારી કૃપાથી સમાધિ મળે
અંતિમ શ્વાસે તારા થકી, તનમન કેરી અશાતા ટળે
માગું આનંદઘન, પામું સાધુ જીવન, સાચું તારું શરણ, આપત્તિઓ... ૨

## ૨૦. વસંતના પગલાં

પ્રભુ વસંતના પગલાં બનીને આવે છે,
તરબતર દરિયો સુવાસોનો પ્રભુ લાવે છે, પ્રભુ. ૧
હવાને સ્પર્શ મળે છે, અનેરી મોસમનો,
પ્રભુનું સ્મિત સૃષ્ટિને, સતત સજાવે છે, પ્રભુ. ૨
નવા તે રંગ ધરે છે, અહીં બગીચાઓ,
પ્રભુનો સ્નેહ સુમનને, સરસ બનાવે છે, પ્રભુ. ૩
ખીલી ઊઠી છે કળીઓ, ભરે છે ચેતનને,
પ્રભુની પ્રીત ધરાને, લીલી બનાવે છે, પ્રભુ. ૪
મહોરતી મંજરીઓ પર, ઝૂમે પતંગાઓ,
પ્રભુની પદરજોમાંહી, પ્રભુને પાવે છે, પ્રભુ. ૫
પધાર્યા આજ પ્રભુજી ! અમારા અંતરમાં,
પ્રભુનું તેજ તિમિરને, દૂરે હટાવે છે, પ્રભુ. ૬

## ૨૧. આનંદ અંગ અંગ જાગ્યો

આજ આનંદ અંગ અંગ જાગ્યો જાગ્યો
આજ આંગણ ગુલાલ રંગ લાગ્યો લાગ્યો...
ધ્વજા ઊંચે ખેલે, હૈયાં ચડે હેલે
મારા મહાવીરથી મોક્ષ, મેં તો માંગ્યો માંગ્યો, આજ. ૧
નંદપ્રભા સોહે, વીર મન મોહે
થાક ભવ ભવની, યાત્રાનો ભાગ્યો ભાગ્યો, આજ. ૨
પ્રભુ બોધ આપે, પ્રભુ કર્મ કાપે
પ્રભુ વાણી સુણીને, ભ્રમ ભાંગ્યો ભાંગ્યો, આજ. ૩
સરસ સંગેમરમર, મંદિરજી સુંદર
સાત સૂરના દરબારે, શંખ વાગ્યો વાગ્યો, આજ. ૪

## ૨૨. જ્યોત વરસે

જ્યોત વરસે ઝલક ઝલક દીવા, તેજ નીખરે છલક છલક દીવા. ૧
તારા દરબારને ઉજાળે છે, રોશની રંગ મલક મલક દીવા, તેજ. ૨
તારી આંખોનું નૂર પામીને, નાચતા રહે ધડક ધડક દીવા, તેજ. ૩
તને જોવા મળેલ સૃષ્ટિની, અપલક છે પલક પલક દીવા, તેજ. ૪

## ૨૩. દીવાના અજવાળે

દીવાના અજવાળે, દીવાના પડછાયે, દીવાનાં શમણાઓ જાગ્યાં
વીરજીની આંખડીમાં, નજરો માંડીને,
અહો દીવડાએ તેજકિરણ માંગ્યા, દીવાના. ૧

દીવાના સ્વરે સ્વરે, દીવાના તાલ ઉપર, વીરપ્રભુનું નામ મલકે
દીવાનાં ગીતોમાં, દીવાના સંગીતમાં, નંદપ્રભાનું ધામ ઝળકે
દીવાઓ રાસ રમે, દીવાઓ નૃત્ય કરે, દીવાના ભાગ્ય કેવા જાગ્યા, દીવાના. ૨

દીવાની જ્યોતિ આ કોડિયામાં જનમીને, દાદાનાં ધામને દીપાવે
જાતને લૂંટાવી દે, વીરજીનાં ચરણોમાં, એની તોલે ન કોઈ આવે
ના એને બૂઝવશો, દાદાના દરવાજે, શ્વાસો જાતે જ એણે ત્યાગ્યા, દીવાના. ૩

## ૨૪. તારી આંગી

હે તારી આંગી સોહે છે ઝાકમઝોળ
હે તારા રૂપની જ્યોત છે દિવ્ય રે જિણંદ, હે તારી. ૧

ન્યારી રે આભામાં હું તો ડૂબી જાઉં
આંખો રે અણપલક જોતી રે જિણંદ, હે તારી. ૨

હીરાઓ મોતીઓ ગૂંથ્યા અપાર રે
ફૂલડાની માળા મહેકતી રે જિણંદ, હે તારી. ૩

## ૨૫. મારાં શમણામાં

મારા શમણામાં નંદપ્રભા આવતું રે લોલ
મારી આંખોમાં અમૃત વરસાવતું રે લોલ. ૧

એનું ઉજ્જવલ સ્વરૂપ બહુ દીપતું રે લોલ
એ તો ચાંદનીમાં નહાઈ જગ જીતતું રે લોલ
એની જાળીની કોતરણી ઝીણેરી રે લોલ
મને જોવી ગમે બહુ અનેરી રે લોલ, મારા શમણામાં. ૨

એના બગીચે ફુવારો ઊંચો ઉછળે રે લોલ
ફૂલો રૂડાં રૂપાળા હસે હરપળે રે લોલ
એના મઘમઘતા વાયરાઓ માણીયે રે લોલ
પ્રભુ પ્રીતિનો રસ મન આણીએ રે લોલ, મારા શમણામાં. ૩

એના શિખરે ધજાઓ મોંઘી ફરફરે રે લોલ
એના સોનેરી કળશ જનમન હરે રે લોલ
એમાં ગર્ભગૃહે પ્રભુ વીર વસ્યા રે લોલ
પ્રભુ નિરખીને મારા નયન હસ્યા રે લોલ, મારા શમણામાં. ૪

## ૨૬. અમે નોંધારા

અમે નોંધારા સંસારમાં અમે માંગીએ દયાના દાન
મારગડો મને શોધી આપો ભગવાન રે. ૧

મચે રાગનું તોફાન, મચે દ્વેષનું તોફાન, એમાં જીવડો મારો હેરાન
મારગડો મને શોધી આપો ભગવાન રે, અમે. ૨

તૃષ્ણાનાં ઝેર એવા વર્તાવે કેર, રાખે સદાય બેભાન,
મારગડો મને શોધી આપો ભગવાન રે, અમે. ૩

કોને કહું તે કોણ સમજે વાત, વ્હાલા હું રે અબુધ અજ્ઞાન
મારગડો મને શોધી આપો ભગવાન રે, અમે. ૪

બાળક જાણી તારજો પ્રભુ, ધરીએ તમારું જ ધ્યાન રે વ્હાલા
મારગડો મને શોધી આપો ભગવાન રે, અમે. ૫

## ૨૭. જ્યોતિ જાગી

જ્ઞાનની જ્યોતિ જાગી અહો, જ્ઞાનની જ્યોતિ જાગી
ઋજુવાલુકા જળ રણઝણતા વહેતા. ૧
ધ્યાન ધરે ભગવંત વર્ધમાનજી, શ્રેણિ ક્ષપક મંડાય રે,
બાર વરસની ઘોર તપસ્યા, દિવ્ય રૂપે પૂર્ણ થાય હો. ઋજુવાલુકા. ૨
કેવલ જ્ઞાનની જ્યોતિ અલૌકિક, ઘર ઘર દીવડા થાય,
સમવસરણની શોભા મનોહર, દેવર્ધિ દેખાય, ઋજુવાલુકા. ૩

## ૨૮. હૈયાં સૌનાં

હૈયાં સૌના હેલે ચડ્યાં છે, નંદપ્રભામાં મહોત્સવ મનાવો
આનંદ મંગલ અવસર આવ્યો, મંદિર સજાવો મંડપ રચાવો. ૧
મહાવીર પ્રભુની મનહર મૂરત, સોના રૂપાના મુગટ ચડાવો,
ઊંચા ઊંચા શિખરનાં શૃંગે, લાલ ધવલ રંગ ધ્વજને ચડાવો. ૨
મંગલ ઘરની સામગ્રી મોંઘી, દાદાના દરબારે મૂકાવો,
અષ્ટપ્રકારી પૂજા રચાવો, સત્તર ભેદી પૂજા ગવડાવો. ૩
રંગમંડપના ગુંબજ મધ્યે, રંગબેરંગી ઝુમ્મર લગાવો,
સંગેમરમરી ભૂમિ ઉપર, લાલ મજાની જાજમ બિછાવો. ૪
જાળીઓની નકશી સુંદર, દૂધિયા ધોળા રંગ ધોળાવો,
સ્તંભ અને તોરણ છે ઉજળાં, ઝીણું કોતર કામ કરાવો. ૫
આંગીઓ લાખેણી બની છે, દેશી વિદેશી ફૂલો ચડાવો,
રચનાઓ રંગોળીઓ રચાવો, હજારો હજારો દીવા લગાવો. ૬
પ્રાચીન પુરુષની પરમ પ્રસાદી, પૂજાઓ ને પદ ગવડાવો,
સંગીતકારના સ્વર છે મધુરા, નવલા ગીતો પણ સંભળાવો. ૭
વરસો વરસો આવી જ રીતે, સાલગીરીનાં ઉત્સવ મનાવો,
વીર જિનેશ્વર સાહેબ વહાલો, સોના રૂપાના ફૂલડે વધાવો. ૮

## ૨૯. ભક્તિની રાત

નંદપ્રભામાં નવી ભક્તિની રાત આવી
મીઠા મીઠા ગીતોના ટહુકાર છે
હૈયું હરખાયું મારું, મનડું મદમસ્ત થયું
ઝનન્ ઝનન્ ઝાંઝરના રણકાર છે. ૧

વાગે છે વાંસળીનો વહાલેરો નાદ અહીં
ઢોલીના ઢોલનો ધમકાર રે
મંજીરા છન્ છનનન રણકે છે રંગીલા
અંતરમાં આનંદ અપાર રે
રંગે રંગાયા મારા, અણુ પરમાણુઓ,
ઉરમાં ઉમંગ ઉદાર છે, મીઠા મીઠા. ૨

## 30. અજબ નંદપ્રભા

દીપે અજબ નંદપ્રભા
દિનરાત ઉજ્જ્વલ તેજમય, આનંદ અદ્ભુત પ્રતિસમય. ૧
ચૌમુખ જિનેશ્વર રાજતા, સૌંદર્યનો અવતાર છે
આંગી મનોહર શોભતી, દેખી સદા હરખે હૃદય, દીપે. ૨
નભગામી ભવ્ય ધવલ શિખર, ઊંચી ધ્વજા સુખકાર છે
નંદપ્રભામાં ગાય સૌ, પ્રભુ વીરનો જય જય વિજય, દીપે. ૩

## ૩૧. પાંખડીઓ

પાંખડીઓ નાની, સુગંધ મજાની
ઝીણી કાયા, વહે રસ મધુરી. ૧
મોગરા સુવાસી, મોગરા સુવાસી, ફૂલો ફેલાયા ધવલ,
પ્રભુજીના ખોળે, ઝીણી કાયા વહે, રસમધુરી. ૨
નંદપ્રભાના દ્વારે પથરાઈ બેઠા
આત્માનું અર્પણ કીધું, ભવ ભવ સુધર્યા. ૩

## ૩૨. રસમય રાત

કેવી રસમય રાત આજ જાગી રહી છે, નંદપ્રભા દરબાર
અહીં ચંદ્ર ધરે છે શીતલ તેજ, અહીં તારા ઝગમગ થાય
અહીં રજની રંગ ધરે નવલાં, અહીં રોજ નવીન પ્રભાત
પ્રભુ વીર વિરાજે સુહાસ, નંદપ્રભા દરબાર, કેવી. ૧
અહીં ચંદનભીની મહેક મળે, અહીં કેસર મઘમઘ થાય
અહીં સ્તંભ ધરે શણગાર ફૂલોનાં, રંગોળીઓ પગથાર
અહીં સોનેમઢી દીપમાળ, નંદપ્રભા દરબાર, કેવી. ૨

## ૩૩. સ્વસ્તિશ્રી મંગલ

સ્વસ્તિશ્રી મંગલના દાયક, વીરજિનેશ્વર વંદો રે,
અવલોકન અર્ચન આરાધન, આપે અતિ આનંદો રે. ૧
વર્ષગાંઠનો મંગલ ઉત્સવ, આવ્યો છે બારણિયે રે,
આમંત્રણ છે આપ સહુને, આવો અમ આંગણિયે રે. ૨
જે દિનથી શ્રી વર્ધમાન જિન, નંદપ્રભામાં આવ્યા રે,
કલ્પસૂત્રના શબ્દ મુજબની, ઋદ્ધિવૃદ્ધિ એ લાવ્યા રે. ૩
પ્રભુએ જે જે આપ્યું તેને, જોઈ નયન ભીંજાયા રે,
પ્રભુ બન્યા છે તાત અમારા, પ્રભુ બન્યા છે માતા રે. ૪
શું મૂકવું પ્રભુચરણે તેની, મીઠી મૂંઝવણ થાતી રે,
દાતાને શું દેવું એ એક, વાત નથી સમજાતી રે. ૫
પ્રભુએ શક્તિ આપી છે તે, પ્રભુ માટે વાપરીએ રે,
પ્રભુએ આપ્યો કંઠ તો ગીતો, પ્રભુ તણા ઉચ્ચરીએ રે. ૬
પ્રભુએ આપ્યા હાથ એનાથી, કેસરચંદન ઘસીએ રે,
પ્રભુએ આપી આંખ એનાથી, જોઈ પ્રભુ ઉલ્લસીએ રે. ૭
પ્રભુએ આપ્યો દેહ તો એના, રોમ રોમ પ્રભુ ધરીએ રે,
પ્રભુએ આપ્યું હૈયું એમાં, પ્રીત પ્રભુની ભરીએ રે. ૮
પ્રભુએ દીધું પુણ્ય તે કેવળ, પ્રભુ માટે વાપરીએ રે,
પ્રભુનું છે તે પ્રભુનાં ચરણે, પ્રભુપ્રભાવે ધરીએ રે. ૯

પ્રભુએ આપ્યો દરિયો આખો, અમે બુંદ ના આપ્યું રે,
પ્રભુએ દીધું માપ વિનાનું અમે ખોબલે માપ્યું રે. ૧૦
પ્રભુ અમારા સૂરજ જેવા, અમે માટીના દીવા રે,
પ્રભુ અષાઢી મેઘ, અમે તો તરસ્યા પાણી પીવા રે. ૧૧
પ્રભુ પવનમાં પગલાં માંડે, અમે ભોંય પર બેઠા રે,
પ્રભુ હંમેશા ઊંચા નભમાં, અમે હંમેશા હેઠા રે. ૧૨
નંદપ્રભા નવતીર્થ રચાશે, ઋજુવાલુકા તીરે રે,
પ્રેરણા અમને આપી એવી, કૃપાનિધિ મહાવીરે રે. ૧૩
શ્રી શ્રેયાંસનાથ પરમેશ્વર, અગિયારમા જિનેશ્વર રે,
આ અગિયારમી વર્ષગાંઠ પર, શક્તિ દ્યો તીર્થંકર રે. ૧૪
શ્રી શ્રેયાંસજી આશિષ દેજો, અગિયારમા જિનેશ્વર રે,
લાભ મળ્યો છે તળેટી તીર્થે, પાવન સમેત શિખર રે. ૧૫
પ્રભુની ભક્તિ કરતાં કરતાં, પ્રભુ સંગ તો રહીએ રે,
પ્રભુની ભક્તિ શીખવી ગયા તે, માયબાપ મન લહીએ રે. ૧૬
પ્રભુના પ્રેમનો મહિમા મોટો, પ્રેમ પ્રભુને કરીએ રે,
પ્રભુનામની નાવમાં બેસી, ભવનો દરિયો તરીએ રે. ૧૭
નાનકડી એક નાવ રચી છે, યાત્રામાં છે ભક્તિ રે,
યાત્રાનું અગિયારમું વરસ, લાવ્યું શુભની શક્તિ રે. ૧૮
આંગી-રચના-દીપક-ફૂલો સજશે પ્રભુ દરબારે રે,
નૃત્ય ગીત સંગીત મનોહર, સ્તવનોના સથવારે રે. ૧૯
પોષ વદી એકમના દિવસે, ગગન ધજા લહેરાશે રે,
નંદપ્રભા પરિવાર ઉમંગે, ગીત પ્રભુના ગાશે રે. ૨૦
સંઘ મહાજન આપ પધારો, રૂડા અવસર આવ્યા રે,
સ્વાગત કાજે સોવનરંગી સુંદર સાજ સજાવ્યા રે. ૨૧
પ્રભુના સંગે પ્રભુના રંગે વીતે છે જે જે પળ રે,
તે જ પુણ્ય છે તે જ શ્રેય છે તે જ ધર્મ છે મંગળ રે. ૨૨

## ૩૪. સ્વસ્તિશ્રી દાયક

સ્વસ્તિશ્રી દાયક પરમાતમ, અમ આંગણિયે આવ્યા જી
અઢળક અનહદ અનુપમ અદ્‌ભુત, અવિચલ આનંદ લાવ્યાજી. ૧
સાહેબજીએ સપના આપી, જીવન ધન્ય બનાવ્યાજી
જનમ જનમનો થાક ઉતારે, એવા જોશ જગાવ્યાજી. ૨
ત્રિશલા મૈયા રત્નનો ઢગલો, તેરમા સપને નીરખેજી,
રતનસમી તેજસ્વી આંખો, ચમકેજી બહુ હરખેજી. ૩
એ સપનાનાં પગલે પગલે, વીર જિનેશ્વર આવ્યાજી
રત્નત્રયના ઉજ્જ્વલ કિરણો, દુનિયામાં ફેલાવ્યાજી. ૪
નંદપ્રભાનો ધ્વજા મહોત્સવ, રણઝણ કરતો આવ્યોજી
તેરમી સાલગીરીનો સેતુ, ગગન સંગ બંધાવ્યોજી. ૫
ત્રિશલામાતા જેવી ભક્તિ, અમ હૈયામાં જાગેજી
એવી ઝંખા રાખી કરશું, ભક્તિ શુભઅનુરાગેજી. ૬
આપ પધારો આ અવસર પર, ગીત સંગીત મનોહરજી
વર્ધમાન ભગવાનનાં ચરણે, દેવર્ધિ વસે સુખકરજી. ૭

## ૩૫. સુંદર પ્રભાત

નંદપ્રભામાં કેટલું સુંદર પ્રભાત જાગે છે
નવા સ્વરૂપમાં જાણે કે રાત જાગે છે. ૧
આજના હર્ષ ને આનંદના આ અવસરમાં
વીતેલ વર્ષની પ્રત્યેક વાત જાગે છે. ૨
આપના હાથે કરાવ્યા છે આપે શુભ કામો
આપ સાથે જ છો તેની નિરાંત જાગે છે. ૩
સ્પર્શ સૂરીલો આપનાં સ્મિતનો પામીને
વાંસળીમાંથી સૂર સાત સાત જાગે છે. ૪
હરઘડી આપ તો કોઈ નવા જ લાગો છો
નિતનવી એક પટોળાની ભાત જાગે છે. ૫

## ૩૬. મૈત્રી ભાવના

મુજ જીવન, મૈત્રી મનોહર ધરજો
પાથરજો શુભ પ્રેમ, હૃદયમાં નમ્રદશા પાંગરજો. ૧

અંધની માટે આંખો બનજો, પંગુના પગ થાજો,
મૂંગાનું મુખ થઈને તારા, ગીત મધુરા ગાજો
ભૂખ્યાનું ભાણું ભરજો, તરસ્યાની ગાગર ભરજો, મુજ. ૨

એકલવાયા દીનહીનનો, નેક ભરોસો બનજો
નાનકડા સૌ અનાથ મુજને, માતપિતા સમ ગણજો
રોગ શોકની આગ ભયંકર, મારા હાથે ઠરજો, મુજ. ૩

મળજો બોધ અબુધજનોને, થાક્યાને સથવારો
હોજો સૌનાં આંગણિયે, શ્રદ્ધાનો તુલસીક્યારો
પાપીઓ સૌ પાપમાર્ગથી, સત્વર પાછા ફરજો, મુજ. ૪

નાસ્તિકને આસ્તિકતા મળજો, આસ્તિકને જૈનધર્મ
વરજો જૈનો જિનપદ, ખરજો આતમપરથી કર્મ
નંદપ્રભાના નાથ નિરંજન સૌના સંકટ હરજો, મુજ. ૫

## ૩૭. જિંદગી આપનાં

જિંદગી આપનાં ચરણોમાં સમર્પિત મારી,
હું છું અંધારું આપ સૂર્ય કિરણની બારી. ૧

આંગણે આપનાં પગલાંઓ પડ્યા કુમકુમના
આપ આવ્યા તો થયો આતમા આ અલગારી. ૨

આંખમાં આપ સમાયા તો મળ્યું અજવાળું
આપે આપી છે મને હરઘડી ખુશી ન્યારી. ૩

આપનો સંગ ભવોભવ મળો મને સ્વામી
આપના સંગમાં જિંદગી બની રહે સારી. ૪

## ૩૮. આવો આવોજી

આવો આવોજી, પ્રભુ આવો આવો,
તમે તેજ તમારું, લાવો લાવો લાવો. ૧
હે, નયણે નિહાળું, ઢાળું નિજ ચિત્તમાં, પ્રભુજી પ્રગટ થાવો થાવો
હે, અઢળક કરુણા, વરસાવો સાહેબ, દાસ થઈ કરું દાવો દાવો, તમે. ૨
હે, માંગણી હું કરું, એક જ તો કાયમ, ક્યારેય દૂર ન જાવો
હે, હિંમત ન ખૂટે, તમે હૂંફ એવી દેજો, વધે મનના શુભ ભાવો ભાવો, તમે. ૩

## ૩૯. ક્યાં છે ?

હે જી ભાઈ, ક્યાં છે પરમ સુખ દાતા
દિયે કોણ - એના વિના સુખશાતા, ના મળે - એના વિના સુખશાતા. ૧
એના નયનમાં કરુણા વિલસે છે, એ છે ભાગ્ય વિધાતા
આતમ મુજ સાવ જ એકાકી, ક્યાં છે એ મુજ માતા, ના મળે. ૨
હૃદય કમળની પાંખડી ઉઘડે, ગુણ ગણ ગાતા ગાતા
કંઠ સૂકાયા ગાતા ગાતા, દરીશન કેમ ન થાતા, ના મળે. ૩
નંદપ્રભા મહામંગલ મંદિર, સિદ્ધગિરિવર દાદા
જપતા જપતા બેય આંખમાં, વિરહનાં આંસુ ભરાતા, ના મળે. ૪

## ૪૦. તમે મારા છો

હાથમાં ચામર ઊંચે ઝૂલે છે, પગમાં ઝાંઝર કેવા ખૂલે છે
મનડે વસ્યા મહાવીર, સાહેબ તમે મારા છો.
દીપે દીવામાં વીર, ફોરે ફૂલડામાં વીર
બોલે વાંસળીએ વીર, હસે હૈયામાં વીર, હાથમાં. ૧
ઊંચા શિખરે છે વીર, ધ્વજા સંગે છે વીર
સોના કળશે છે વીર, સૌને રંગે છે વીર, હાથમાં. ૨
પ્રભુ વહાલા લાગે, જોતાં મમતા જાગે
જોઈ નંદપ્રભા, મન કાંઈ ના માંગે, હાથમાં. ૩

## ૪૧. તારું નામ

સાત સૂરોમાં વહેતું આવે, તારું નામ, તારું નામ
નંદપ્રભામાં, સૌ કોઈ ગાવે, તારું નામ. ૧
કામ વિનાનાં નામ હજારો હાજર છે,
મુજને તો બસ એક જ ફાવે, તારું નામ. ૨
કૈંક ભૂલાયા, કૈંક ભૂંસાયા નામ અહીં,
યુગ યુગનાં મેદાન ગજાવે, તારું નામ. ૩
માળાના મણકામાં માલિકને મળજો,
આંગળીને એમ જ અટકાવે, તારું નામ. ૪
મારાં મનને કાયમ હસતું રાખે એ,
ક્યારેક યાદનાં આંસુ લાવે, તારું નામ. ૫

## ૪૨. મળે છે પ્રભુ

કરે છે ઘંટડી રણકાર, અને મળે છે પ્રભુ
કરે છે આંસુઓ ઉચ્ચાર, અને મળે છે પ્રભુ. ૧
યાદ હું કેટલું રાખું, હું કેટલું શીખું
ભૂલી જાઉં ફક્ત સંસાર, અને મળે છે પ્રભુ. ૨
ડરી ડરીને આમ, ક્યાં સુધી ઊભા રહેવું
ઝૂકાવી દો તમે મઝધાર અને મળે છે પ્રભુ. ૩
વધારે સાજની એને તો, જરૂર જ ક્યાં છે
છેડી દો એક કે બે તાર, અને મળે છે પ્રભુ. ૪
ફગાવી તો જુઓ પડદા, નકામી ઓળખના
ઉતારી દો બધો જ ભાર, અને મળે છે પ્રભુ. ૫

## ૪૩. સાચું નામ

મહાવીર મીઠું નામ છે, એ સાચું નામ છે
પળપળની ઘટનાઓમાં, મારે એનું કામ છે
છે નાનું કામ માહરું, નાનું મારું ગામ છે. ૧

એને લઈ જે ચાલે છે, એને આરામ છે
એના વિનાનું જે છે, એ તો સૂમસામ છે, એ સાચું નામ છે. ૨
એ છે તો છે હૈયે ખુશી, સંતોષ, રાજીપો
એ જો નથી તો જીવવું, જાણે હરામ છે, એ સાચું નામ છે. ૩
એ છે હવા, એ છે દવા, છે એ જ શ્રી સવા
શું નામ લઉં નવા નવા, એક જ તમામ છે, એ સાચું નામ છે. ૪
શ્રદ્ધા સમો જાદુ બીજે, જોવા નહીં મળે
પૂછ્યા વિના ઉત્તર મળે, એ એવું ધામ છે, એ સાચું નામ છે. ૫

## ૪૪. વિશ્વ આખું ઓળખે તને

વિશ્વ આખું ઓળખે તને, કોઈ ન જાણે મને
તાહરી સામે ઊભો રહું હું, એવું શી રીતે બને ? ૧
તાહરી આંખની સામે હંમેશા, રમતા રહે ત્રણ કાળ
આગળ પાછળ એક દિવસના, હું તો ન જાણું હાલ
તાહરે તો છે તપતો સૂરજ, કાજળ રાત છે મને, તાહરી સામે. ૨
આભને આંબે નામના તારી, તાહરા ગીતો ગવાય
એક ગલીમાં ઓળખ મારી, મારાં કામ ન થાય
તાહરી સાથે સૃષ્ટિ ચાલે, મારા ન સાચવે મને, તાહરી સામે. ૩
તાહરા પગલાં જ્યાં પડે ત્યાં, આનંદ મંગલ થાય
હું જ્યાં બેસું ત્યાં તો કેવળ, ચિંતા ચિંતા છવાય
તાહરી માટે સહેલું સઘળું, બધું જ અઘરું મને, તાહરી સામે. ૪
તાહરી પાસે પળ પળ રહે છે, પાવન પુણ્ય પ્રસંગ
માહરી ચાદર પર તો રોજે, લાગે પાપના રંગ
નંદપ્રભાના ગીત છે તને, સ્મિત મળે ના મને, તાહરી સામે. ૫

## ૪૫. કેમ મળે ?

કેમ મળે, કહો – કેમ મળે ? મને કેમ મળે – ભગવાનજી. ૧
આતમસુખનો અનુભવ માંગું, કેમ ફળે – અરમાનજી. ૨

અન્ન વિનાનું અવિરત જીવન, લેવો ના કદી શ્વાસજી. ૩
રોગ ન જાગે - ભોગ ન માંગે, સાગર સમ ઉલ્લાસજી. ૪
જ્ઞાન પરમ છે, ધ્યાન ચરમ છે, લેશ નહીં અભિમાનજી. ૫
સ્થાન અચલ છે, વાન અમલ છે, મોક્ષગતિ છે મહાનજી. ૬
દુઃખ અણગમતા કોઈ નવ આવે, મમતા રહિત સ્વભાવજી. ૭
સમતા સૂરજ સંગત સુંદર, દરિયે ખેલત નાવજી. ૮

## ૪૬. જગાડી જાશું રે

જાગે તો જગાડી જાશું રે, એ વહાલાજી રે
અમે આતમને એ ઉજાળી જાશું રે. ૧
સજ્જનોને આદર દેશું, દુર્જનોથી દૂરે રહેશું રે
સદ્ગુણ હૈયે લહેશું રે, એ વહાલાજી રે. ૨
ગુરુની વાણી સાંભળશું, સંત ચરણોમાં ઢળશું રે
ભૂલમાંથી પાછા વળશું રે, એ વહાલાજી રે. ૩
તીરથની યાત્રા જાશું
પ્રભુ તારું નામ ગાશું રે (નંદપ્રભા વીર ગાશું)
એકાંતમાં ધ્યાન ધ્યાશું રે, એ વહાલાજી રે. ૪
તપ જપ ભાવે કરશું, ચેતનાનું ચિંતન ધરશું રે
યાદના આંસુડા ભરશું રે, એ વહાલાજી રે. ૫
રાત દિન છાયા ધરજો, થાક ભવ ભવનો હરજો રે
જીતવાનું જોશ ભરજો રે, એ વહાલાજી રે. ૬

## ૪૭. નેમિ જિણંદ

નેમિ જિણંદજી વંદો નેમિ જિણંદ
ગિરનાર આવે પ્રભુ નેમિ જિણંદ
શુભ ધ્યાન ધ્યાવે પ્રભુ નેમિ જિણંદ, પ્રભુજી. ૧
ક્યાંક ગુફામાં ઊભા ધ્યાન ધરે છે, ઝરણ શોર મદમસ્ત કરે છે
આતમ અલખની ધૂન જગાવે, પ્રભુજી નેમિ જિણંદ. ૨

તરુ તરુ સિંહ સંગ રમે મૃગબાળા, નાથ નયન રસ પ્રેમની શાળા
જંગલ મંગલ રંગ લગાવે, પ્રભુજી નેમિ જિણંદ. ૩
અનહદ પલ પલ, પ્રતિપદ અવિચલ, અંતર નિરમલ, આતમ નિશ્ચલ
મૌન મધુર મુખ મુદ્રા ગાવે, પ્રભુજી નેમિ જિણંદ. ૪
રાત, તારક અગણિત નભમાં સોહે, મંદ પવન સન સન મન મોહે
પરમ ચેતના મુખરિત થાવે, પ્રભુજી નેમિ જિણંદ. ૫

## ૪૮. બરસત મેઘા

ઝરમર ઝરમર બરસત મેઘા, જુએ રાજીમતી જલધાર. ૧
બાદલના ગરજનમાં સુણતી નેમજીનો રણકાર
જલબિંદુઓના અણુ અણુમાં, નેમનો પદસંચાર. ૨
વીજજ્યોતમાં નેમનયનના તેજ તણો અણસાર
અવિરત વર્ષામાં ભાળે છે, નેમકૃપા સમુદાર. ૩
ગલી ગલી વહેતા જળ સાથે વહી ગયો સંસાર
શીતલ ઉજ્જ્વલ વાતાવરણે, નેમનો સાક્ષાત્કાર. ૪

## ૪૯. પ્યારું નામ

શમણે વસે છે મારા વીર રે,
હૈયે ગુંજન કરે છે તારું નામ
બીજું તો કોઈ મારાં મનમાં ન આવે
હોઠે એક જ રહે છે પ્યારું નામ. ૧
દુનિયામાં જુદા જુદા મંત્ર ઘણા મળે
વિધવિધ યંત્ર અને મંત્ર ઘણા મળે
મારા રે આલાપમાં છે તું જ મહાવીર
હું તો જપતો રહું છું ન્યારું નામ. ૨
ઝંખનાઓ પૂરવાની માંગણીઓ ના કરું
આપદાઓ ચૂરવાની માંગણીઓ ના કરું
ઉડવાની પાંખ આપે મારા મહાવીર
ગમે એક જ સાચું ને સારું નામ. ૩

## ૫૦. કોઈ મંગળ

કોઈ મંગળ પળમાં, તમારો આ સંગ મળ્યો છે
પળ પળ સાથે મંગળ મંગળ, આતમરંગ ભળ્યો છે. ૧
અંતરંગ સુખના મારગ પર, થોડોક જીવ વળ્યો છે
ભૌતિક સુખનો રાગ અમારો, થોડો થોડો ટળ્યો છે. ૨
પાપોની પગથારે જીવડો, સંસારે રઝળ્યો છે
સદ્ગુણનો અભ્યાસ વધે તો, સંગ તમારો ફળ્યો છે. ૩
નવમા વરસે સાદ અમારો, વીર તમે સાંભળ્યો છે
નંદપ્રભા પ્રાસાદ દીવાના તેજ થકી ઝળહળ્યો છે. ૪

## ૫૧. શમણામાં આજો

તમે શમણામાં આજો, અમ કંઠ વસી ગાજો
(તમે નંદપ્રભામાં આજો અમ કંઠ વસી ગાજો)
તમે દેજો મનનું વારણ, ઇચ્છા પર જય થાજો
તમે શમણામાં આજો, તમે નંદપ્રભામાં આજો. ૧
મેઘકુમારને મધુર વચનથી ધર્મમાર્ગમાં સ્થિર બનાવે
શ્રેણિકરાયને ભરી શ્રદ્ધાથી ગુણસાગર ગંભીર બનાવે
સખા સારથી શરણાગતને કરુણામૃત પાજો
તમે શમણામાં આજો, તમે નંદપ્રભામાં આજો. ૨
ઇંદ્રભૂતિનો સંશય છેદી તીરથનો અવતાર દીધો
સુલસાને પ્રતિબોધ પાઠવી અંબડનો મદછેદ કીધો
દેવાનંદા-ત્રિશલાનંદન અમથી દૂર ન જાજો
તમે શમણામાં આજો, તમે નંદપ્રભામાં આજો. ૩

## ૫૨. ગાઉં છું

સાંજે ને સવારે તને યાદ હું કરું છું
પળ પળ હું ગીત તારા ગાઉં છું ગાઉં છું
ભક્તિની રીત કોઈ હું તો ના જાણું
પ્રીત ધરીને પાવન થાઉં છું થાઉં છું. ૧

આંગીઓ રચાવું, મોંઘા મુગટ ચડાવું
રૂપ તારું આંખોમાં વસાવું છું, વસાવું છું
ફૂલોના રંગ અને ફૂલની સુવાસે
લાગણીઓ મારી હું જણાવું છું, જણાવું છું. ૨
દીવા પ્રગટાવું તારા રાજમહેલમાં
અંતર ઉજાસથી છલકાવું છું, છલકાવું છું
સઘળાય સૂર અને તાલ હું રચાવું
એકતાન તારામાં ખોવાઉં છું, ખોવાઉં છું. ૩
થોડા સમયનો તારો સંગ મળે છે તેમાં
શક્તિના ધોધમાં વહી જાઉં છું, વહી જાઉં છું
સમર્પણની ભાવનાથી, સમકિતની કામનાથી
સંવેદનાઓને હું સજાવું છું, સજાવું છું. ૪

## ૫૩. તારા તરફથી

તારા તરફથી પ્રભુ કોઈ પણ જવાબ નથી
મારી બસ એક છે ઇચ્છા મને એકરાર મળે. ૧
મળું છું હું તને તું એ રીતે એકવાર મળે
મારા હૃદયને પછી કેટલો કરાર મળે. ૨
આવ તું આંખમાં આનંદના આંસુ થઈને
મારા આ પ્રાણને પણ એટલો આધાર મળે. ૩
તારી જીવંત અનુભૂતિ માટે તરસું છું
તું મળે તો સમગ્ર સૃષ્ટિનો સહકાર મળે. ૪
તારા વિનાનું આ અસ્તિત્વ શૂન્ય જેવું છે
તું મળે તો મને અનંતનો વિસ્તાર મળે. ૫

## ૫૪. મોટી કમાલ

બોલો શાને મળે પહાડને, આસમાનનું વહાલ હોજી
સદીસદીની આંધીઓમાં, પહાડ આ ક્યારેય ન ઝૂક્યો
વીજકડાકા થયા હજારો, એણે તંત કદી ના મૂક્યો
અવિચળ રહેવું ઊંચા રહેવું, કેવી મોટી કમાલ હોજી. ૧

ધરતીની ભીતરમાં ઊંડે, વજ્જર જેવા મૂળ જમાવ્યા
અંગ અંગમાં લાખો લાખો, જીવોના વિસ્તાર સમાવ્યા
ધન્ય ધન્ય છે જીવન એના, દરિયા જેવા વિશાલ હોજી. ૨

## ૫૫. સુણજો રે

સુણજો રે ગીત દાદા સુણજો
સુખ તારા, દુઃખ મારા, ગાવું છું ગીત તારા ગાઉં છું...

અપાર આનંદ, અપાર સંતોષ, અપાર સુખ તું ધરે
અપાર આંસુઓ, અપાર સંક્લેશ, અપાર દુઃખ મુજ અરે
તું ઊંચે છે, હું નીચે છું, આપણે સાવ જુદા રે, સુણજો. ૧

મીઠું તું હસે છે, મુક્તિમાં વસે છે, આત્માનો રસ તું વહે
મોહ મને ડસે છે, પાપ મને ગ્રસે છે, ધર્મમાં મન ના રહે
તું છે સુખમાં, હું છું દુઃખમાં, હું છું તારા આધારે, સુણજો. ૨

## ૫૬. વીરનાં નામે

વીરનાં નામે હું નાચું, નાચું રે
વીરના નામે હું નાચું
યૌવન કાચું, ધન છે કાચું, સ્તવન સરસ સાચું રે, વીરનાં. ૧
વીરનાં નામે હું નાચું
નંદપ્રભા દરબારમાં, મસ્તી મન માચું રે, વીરનાં. ૨
વીરનાં નામે હું નાચું
ઢોલ બજે, કરતાલ ખણકે
વર - વાજીંતર - સંગે રહેવું, મન - મહાવીર - સંગે રહેવું
એમ કાયમ થાશું રે, વીરનાં નામે હું નાચું. ૩

## ૫૭. આંખોના આંગણિયે

આંખોના આંગણિયે આવજો, નંદપ્રભા, વીર સાહિબા. ૧
ટાજો અબોધ તમે, આપજો પ્રબોધ તમે જ્ઞાન તણા અજવાળા લાવજો. ૨
હરજો અશાંતિ અને ધરજો વિશ્રાંતિ તમે ચરણોમાં અમોને સમાવજો. ૩

કાપજો અશાંતિ અને આપજો અમાપ સુખ બોધિના બીજ ઉરે વાવજો. ૪
રાખજો ચરણોમાં, દાખજો દયા પ્રભુ જીવતર મારા સજાવજો. ૫
ટાળજો ભવભ્રમણ, પાળજો નિજ શરણ સિદ્ધશિલા રહેવા બોલાવજો. ૬

## ૫૮. રુમઝુમ વહે

રુમઝુમ વહે ઋજુવાલુકા પ્રભુ વીરનાં સ્પંદન ધરી
રણઝણ કરે છે ઘંટડી સમ જલતરંગ ફરી ફરી
ખળખળ કરે કલશોર એવા પારદર્શી જલે ભરી
પળ પળ કહે ભગવંતનાં કૈવલ્યની ઘટના ખરી. ૧
તપ સાધના અદ્‌ભુત અગોચર આચરી આવ્યા પ્રભુ
પર્વત ગુફા અને જંગલોમાં સંચરી આવ્યા પ્રભુ
ઉપસર્ગની વણઝારને જીતી કરી આવ્યા પ્રભુ
સંકલ્પ ઘાતી કર્મ હરવાનો ધરી આવ્યા પ્રભુ. ૨
છદ્મસ્થ ભાવ તણો સમય અંતિમ નિહાળે આ નદી
કૈવલ્ય બોધ તણો સમય આદિમ નિહાળે આ નદી
આસન નિહાળે ગોદોહિકા દેહ ભાળે સુવર્ણમય
તપ તેજે જાજરમાન મુદ્રા, આતમા અવિચલ અભય. ૩
છઠનો હતો તપ વીરને એકાંત પ્રભુ સંગે હતું
ઋજુવાલુકાના પવનનું સ્પર્શન પ્રભુ અંગે હતું
ભગવંત જ્યારે ઘાતી કર્મના મેલને ધોતા હતા
જળ ઊછળી ઊછળી પ્રભુને હર્ષથી જોતા હતા. ૪
ભગવાન્ શ્રી મહાવીર શુક્લ ધ્યાનને ધારણ કરે
પરિપૂર્ણ કેવળ જ્ઞાન દર્શન વીરનો આત્મા વરે
કૈવલ્ય કલ્યાણક તણી એ ક્ષણ નિહાળે આ નદી
ને તેરમા ગુણઠાણે પ્રભુને પ્રથમ ભાળે આ નદી. ૫
આવ્યા કરોડો દેવ વાગ્યા દિવ્ય વાજિંત્રો ઘણાં
માંગલ્યકારી સમવસરણ તણી થઈ'તી સ્થાપના
ભગવંત પહેલીવાર બેઠા દેશના દેવા અહીં
મહાભાગ્યશાળી આ નદી તે દશ્યને જોતી રહી. ૬

સાગમ ધનીસા સૂર ગુંજ્યા માલકૌંસ તણા મધુર
મહાપર્ષદામાં ભક્તિથી આવ્યા મનુજ સુર ને અસુર
એક અલૌકિક પળે પ્રભુ બોલ્યા પ્રથમ મંગલ વચન
ઋજુવાલુકાએ ભક્તિભાવે કર્યું તેનું આચમન. ૭

ના યોગ્ય જીવ હતો અહીં દીક્ષા ન લીધી કોઈએ
પ્રભુ વીર નીરખે જ્ઞાનથી અન્યત્ર વિહરવું જોઈએ
તત્કાલ પ્રભુ વિહરી ગયા તે દશ્ય નદી છેલ્લે જુએ
પ્રભુ દૂર ચાલ્યા જાય છે તે જોઈને હિબકે રુએ. ૮

ખુલ્લા પગે આવ્યા પ્રભુ ને ગયા સ્વર્ણ કમળ ઉપર
સાધક રૂપે આવ્યા હતા ને ગયા થઈને તીર્થંકર
આવ્યા હતા એકાકી, નીકળ્યા ક્રોડ દેવોને લઈ
ઋજુવાલુકા નદી આ નિહાળી તીર્થ સમ પાવન થઈ. ૯

ઋજુવાલુકાની રેતમાં ઢળતી બપોરે આવજો
સંધ્યા સુધી કૈવલ્ય પળને ખૂબ મનમાં લાવજો
કૈવલ્ય કલ્યાણક તિથિ વૈશાખ સુદ દશમી હતી
એ દિને ભાવે જુહારજો ઋજુવાલુકા તીરથ નદી. ૧૦

ઋજુવાલુકાની ભૂમિ પર નંદપ્રભા તીરથ બને
ચૌમુખ જિનેશ્વર ચૈત્ય બનશે, સમવસરણનાં આંગણે
સદ્ધર્મ ને સદ્‌ભાવનાની અહીં સરવાણી વહો
સદ્‌બોધ ને સદ્‌ભાવનું બળ સતત સંવર્ધિત રહો. ૧૧

## ૫૯. દશ દશ ખુશી

દશ દશ ખુશીઓ દશ વર્ષમાં, પામીને અમે પાવન થયા
દશ દશ દિશાના દ્વાર પર, દાતારનાં દરિશન થયા. ૧

પહેલી ખુશી થઈ એ કે અમ, હોઠે વસ્યું છે નામ તુજ
બીજી ખુશી તમે માર્ગદર્શક, હર ઘડી હર ક્ષણ થયા, દશ. ૨

ત્રીજ ખુશી તે સંગાથ સંઘનો, સરસ સહસા સાંપડ્યો
ચોથી ખુશી તે સૂર તાલમાં, શુભ શબ્દનાં ગુંજન થયા, દશ. ૩

પંચમ ખુશી તે પંચ વર, પરમેષ્ઠીને વંદન થયા
છઠ્ઠી ખુશી આરાધકોનાં, આગમન આંગણ થયા, દશ. ૪
સપ્તમ ખુશી તે સાત ક્ષેત્રે, થઈ સમર્પિત સંપદા
અષ્ટમ ખુશી તે આતમા, અજવાળતા ચિંતન થયા, દશ. ૫
નવમી ખુશી તપ સાધના આ દેહથી કિંચિત્ થઈ
દશમી ખુશી તે તીર્થ ભક્તિ, કાજે ઉત્સુક મન થયા, દશ. ૬
સાક્ષાત્ આપ જ છો બધે, સાક્ષી જ છીએ કેવળ અમે
સઘળાય કાર્યોમાં સતત આ, ભાવનાં સ્પંદન થયા, દશ. ૭

## ૬૦. સ્તુતિ

નંદપ્રભા મહાવીર જિનને ભાવથી વંદન કરું
નંદપ્રભાના નાથને હું રાત દિન પલ પલ સ્મરું
નંદપ્રભાનાં વર્ધમાન જિણંદને હૈયે ધરું
નંદપ્રભાજી તીર્થમાં ગુણ ગાન વીરના આદરું. ૧

નંદપ્રભાના દેવ ત્રિશલાનંદ કરુણાવંત છે
નંદપ્રભા મહારાજ શ્રી સિદ્ધાર્થ સુત ગુણવંત છે
નંદપ્રભાનો સાહિબો શ્રી યશોદાનો કંત છે
નંદપ્રભા દેવાધિદેવ તણો પ્રભાવ અનંત છે. ૨

નંદપ્રભા દ્વારા પ્રભુ ભક્તિ તણી શક્તિ મળે
નંદપ્રભાનાં આંગણે શ્રદ્ધા ફળે શાતા વળે
નંદપ્રભા ચૌમુખ પ્રભુ સોહે સરસ સિદ્ધાચલે
નંદપ્રભા ઋજુવાલુકામાં ગાજશે ભક્તિ બળે. ૩

જય જય જિનેશ્વર વીર તારું ધામ છે નંદપ્રભા
જય જય સુવર્ણ શરીર તારું નામ છે નંદપ્રભા
જય મેરુ સમ મહાધીર અમ આરામ છે નંદપ્રભા
જય જ્ઞાનગુણ ગંભીર અમ વિશ્રામ છે નંદપ્રભા. ૪

## ૬૧. શીતલ સંગ

શીતલ સંગ અંગ હોય શીતલ, શીતલ સુખદ અભંગ
શીતલ શાંત સમુજ્જ્વલ કોમલ, શીતલ દિયે ઉમંગ. ૧

શીતલ ત્રિભુવન વ્યાપક મહિમા, શીતલ પરમ પ્રસંગ
શીતલ દાયક શીતલ નાયક, શીતલ ઉર ઉછરંગ. ૨

શીતલ જગદાનંદન જાગૃત, શીતલ જીત્યો જંગ
શીતલ જીવન શીતલ ચેતન, શીતલ મહેકે રંગ. ૩

શીતલ ગુણકારક ભવતારક, શીતલ પુલકિત અંગ
શીતલ સૌમ્ય સુવાસિત સુંદર, શીતલ સાચો સંગ. ૪

શીતલ મનઆંગન શોભાકર, શીતલ સરસ સુચંગ
શીતલ જગપતિ શીતલ જિનપતિ, શીતલ ઉત્સવ રંગ. ૫

## ૬૨. આવ્યો અવસર

આવ્યો અવસર અજિત-શાંતિને સાચા રાગે ગાવાનો
સાત્ત્વિક રાગે તાત્ત્વિક રચના ગાતા રાજી થાવાનો. ૧

જ્યારે સ્તોત્ર રચાયું ત્યારે કેવો રાગ ગવાયો હશે ?
સૂરોમાં ને લયમાં ફૂલનો સુંદર બાગ છવાયો હશે
સંગીત અને ભક્તિ સાથે છંદ નવો જ રચાવાનો, આવ્યો અવસર. ૨

અઢળક ભાવો સાથે ગાઈ રચના દિવ્ય પ્રભાવ ભરી
દેરીમાં આવે છે સ્પંદન એવી તો રજૂઆત કરી
અમ અંતરને સ્પંદન દેજો મોહ પીગળી જાવાનો, આવ્યો અવસર. ૩

## ૬૩. અનુમોદનાના શબ્દ

ભીતરમાંથી ઊઠીને જે, ઉત્તમ અક્ષર આવે છે
કંઠ તમારો તેમાં ઉત્તમ, સાત સાત સૂર વાવે છે...
કલમ લખે છે કાગળ ઉપર, તમે લખો છો શ્વાસ ઉપર
કલમ વહે રસ અલંકાર પર, તમે વહો છો રાસ ઉપર
પાંચ આંગળી દરિયા ઉપર, તરંગ જે દોડાવે છે, કંઠ તમારો. ૧

જેને જોયા નહીં તમે, તેના ભાવો પણ ગાઈ શકો
વિના કોઈ વરસાદ તમે તો, મીઠા અમૃત પાઈ શકો
પુસ્તકનાં પાનાં તો કેવળ, કાળી શાહી બતાવે છે, કંઠ તમારો. ૨

ઉદયરત્નજી જ્ઞાનવિમલજી, વાચકજસ ને આનંદઘન
પદ્મવિજયજી વીરવિજયજી, એવા એવા સૌ ઋષિજન
અવધૂની લગનીમાં ડૂબી, વિજોગ જ્યારે ગાવે છે, કંઠ તમારો. ૩

સોરઠ રણકો, સૂફી મસ્તી, સુગમ ગાન, શાસ્ત્રીય કલા
દરેક રૂપે પરમ પ્રભુને, ફૂલ ધરો છો તમે ભલા
પ્રભાતિયામાં ભૈરવના સૂર, જે સંવાદ સજાવે છે, કંઠ તમારો. ૪

હોઠ કરે છે કીર્તનપૂજા, જિહ્વા સ્તવના કરતી જાય
કંઠ ગાય છે ધૂન અલખની, તેથી તવ અનુમોદન થાય
તબલા, ઢોલક અને મૃદંગમ્, તિરકિટ તાલ મીલાવે છે, કંઠ તમારો. ૫

નંદપ્રભાના મંગલ ગીતો સ્થળે સ્થળે ગાતાં રહેજો
જ્યાં ગાઓ ત્યાં નંદપ્રભાનું નામ જરૂર તમે લેજો
દેવર્ધિની ઉર્જામાં વહેવાનું અમને ફાવે છે, કંઠ તમારો. ૬

(આ ગીત સંગીતકારોના સન્માન રૂપે લખાયું છે.)

## ૬૪. ધજા ગગનમાં ઝૂલે

નંદપ્રભાની ધ્વજા ગગનમાં ઝૂલે ઝૂલે ઝૂલે રે
પરમગતિના દ્વાર અગોચર ખૂલે ખૂલે ખૂલે રે. ૧

રૂડા તોરણ બંધાવ્યા છે, મોંઘા હાર ચડાવ્યા રે
વીર પ્રભુની સુગંધ છલકે, પાંચ રંગના ફૂલે રે. ૨

દીવાઓ ને ઘંટડીઓના રણ રણ નાદ ગમે છે રે
ભક્તિનાં આંદોલન જાગે ભોગ રોગ સૌ ભૂલે રે. ૩

સુંદર સંગીતના સથવારે સાહેબ ને સૌ સમરે રે
શુભ મંગલ વાજિંતર વાગે, દુઃખડા ભાગે દૂરે રે. ૪

## ૬૫. સ્વસ્તિશ્રી વીર જિનેશ્વર

સ્વસ્તિશ્રી વીર જિનેશ્વર,
સુખકર ચિત્તહર કરુણાકર, ધર્મધર, પુણ્યકર, પ્રેમસાગર. સ્વસ્તિશ્રી. ૧
તારા ઉપકાર છે અનરાધાર, તારો આકાર છે નિર્વિકાર,
તું છે આધાર તારણહાર, તું છે શણગાર ઉત્તમ ઉદાર. સ્વસ્તિશ્રી. ૨
તું છે પલપલ, પરમ પ્રભુ નિર્મલ, તું અકલ છે, પ્રભુ તું છે ઉજ્જ્વલ,
તું અચલ છે, ધરે છે પરમબલ, થાય જંગલમાં તુજ નામે મંગલ. સ્વસ્તિશ્રી. ૩
માતાને ચૌદ સપનાં બતાવ્યાં, મારાં સપને પ્રભુ કેમ ન આવ્યા ?
ચૌદમી વર્ષગાંઠે પધારો, નંદપ્રભામાં દેવર્ધિ વિસ્તારો. સ્વસ્તિશ્રી. ૪

## ૬૬. હોઠ કરે છે

પરમ પિતા તું પાવન પાવન,
હોઠ કરે છે તારું કીર્તન, હૈયે રહે છે તારું ચિંતન. ૧
પરમેશ્વર તું પુણ્ય નિકેતન,
તું છે આંખોનું આકર્ષણ, તું છે આતમનું આલંબન. ૨
પ્રીતમ તું છે પરદુઃખભંજન,
સુખ છલકાવે છે તુજ દર્શન, પાપ મિટાવે તારું પૂજન. ૩
પ્રભુ તું પૂર્ણ આનંદ સંવેદન,
ક્ષણ ક્ષણ તુજને યાદ કરે મન, નંદપ્રભાના નાથ નિરંજન. ૪

## ૬૭. સોનાની છડી છે

સોનાની છડી છે, રૂપાની મશાલ છે,
વીરજીનો દરબાર, કેવો વિશાળ છે. ૧

ઝુલતા ચામરના, ઉજળા ઉછાળ છે,
સોનેરી કળશ છે, ચાંદીના થાળ છે. વીરનો. ૨

મોંઘેરા મુગટ છે, મોતીની માળ છે,
હોઠે મુસ્કાન છે, આંખોમાં વહાલ છે. વીરનો. ૩

ઘંટનાદ ગુંજે છે, પૂજા ત્રિકાળ છે,
સાનિધા સૂર છે, તિરકિટધા તાલ છે. વીરનો. ૪

નંદપ્રભા આંગણિયે, આતમ ઉજમાળ છે,
દેવર્ધિ દીપે છે, સાચી સંભાળ છે. વીરનો. ૫

## ૬૮. હું છું તમારો

ધર્મના દાયક તમે ધુરંધર, તમે પરમ તારક શુભંકર,
તમે કૃપાનો સરસ સાગર, તમને આપું અનંત આદર, સાહેબ.
તમે તો મુજને બધું જ આપ્યું, મેં તો તમોને કાંઈ ન આપ્યું,
તમે છો મારા જીવનદાતા, તમે જ પિતા તમે જ માતા.
હું છું તમારો, તમે છો મારા, આ વાત તમને, કહી દઉં છું.
તમારી પાસે જ બેસવું છે, તમારી છાયામાં વસવું છે,
તમારી ભક્તિથી ખુશી મળે છે, તમારી શક્તિથી દુઃખ ટળે છે. હું છું. ૧

યાદ કરું છું હર પળે, મનમાં ધરું છું હર પળે,
જે તમારામાં મળે, તેવું બીજામાં ના મળે,
સાહેબ મારા પ્રાણ તમે છો, સાહેબ મારું ધ્યાન તમે છો,
સૌથી સલામત સ્થાન તમે છો, આતમ તત્ત્વનું જ્ઞાન તમે છો. હું છું. ૨

હું તમારા સંગમાં દિનરાત રહેવા ચાહું છું,
મારાં મનની વાત બધી તમને જ કહેવા ચાહું છું,
તમારા દરબારની દેવર્ધિને જોયા કરું,
ક્યારે મળશે પરમપદ એ ચિંતાથી રોયા કરું,
તમારી પાસે જ બેસવું છે, તમારી છાયામાં બેસવું છે,
તમારી ભક્તિથી ખુશી મળે છે, તમારી શક્તિથી દુઃખ ટળે છે. હું છું. ૩

સૌથી મોટું બળ તમે ને, સૌથી પાવન પળ તમે,
સૌથી ઊંચું મંગળ તમે, નંદપ્રભા ઝળહળ તમે,
સાચું તીર્થ સ્થળ તમે, મુજ પુણ્યનું શુભ ફળ તમે,
આનંદમાં અવિચલ તમે, જળ કમળ ને ઝાકળ તમે. હું છું. ૪

## ૬૯. મારી અંતિમ ઘડીને

હું તારો દાસ છું સાહેબ, મને તું એવું બળ દે,
છેલ્લે મારું, શુભ હો મરણ.
હરઘડી હૈયે રહે તારું સ્મરણ, મારાં મસ્તક પર રહે તારાં ચરણ,
મારું તન મન જીવન તુજને સમર્પિત થાય,
મારા અણુ અણુ પ્રભુ તારા જ ગીતો ગાય.
મારી અંતિમ ઘડીને આ રીતે શણગારજે ભગવાન્,
મારા છેલ્લા સમયમાં, સાથે રહેજે નાથ,
પરીક્ષાની ક્ષણોમાં, તું પકડજે હાથ. ૧.
કોઈ ચિંતા કોઈ ભય જાગે નહીં, કોઈ ભૌતિક વસ્તુ મન માંગે નહીં,
મને કોઈ રોગની પીડા સતાવે ના, કોઈ પર રાગ કોઈ પર દ્વેષ આવે ના.
હું બધાયે કષ્ટ સમતા, સાચવીને સહી શકું,
જે કોઈને ના કહ્યું હોય, તે તને હું કહી શકું.
શ્વાસ છેલ્લો આવે એ, વખતે મને સંભાળજે,
મુજ વિચારોને વિભુ, વૈરાગ્ય વાટે વાળજે.
હું આત્મા છું, હું આત્મા છું, એ યાદ રહે,
હું દેહ નથી, હું દેહ નથી, એ યાદ રહે.
મને પરમપદ તું લઈ જજે, હું એટલું માગું.
મારા છેલ્લા સમયમાં, સાથે રહેજે નાથ. ૨.

## ૭૦. સિદ્ધ બુદ્ધ

સિદ્ધ બુદ્ધ પારંગત પ્રભુને પ્રણમું શ્રદ્ધા ધારીજી
સિદ્ધશિલાનાં સિંહાસનને સોહાવે સુખકારીજી. ૧
જેહ જગતને જાણે એને મનની વાત જણાવુંજી
જેહ જગતને જુએ હું એને મુજ આંખોમાં સમાવુંજી. ૨
અનંતસુખમાં લીન પ્રભુને સમરી હું સુખ પામુંજી
વીતરાગનાં ધ્યાને પામું સમતાનું સરનામુંજી. ૩
અજર અને અક્ષય સાહેબજી, પરમપદે પહોંચાડેજી

રૂપરહિત આ નાથનાં નામે, દુંદુભિ દેવ વગાડેજી. ૪
શુદ્ધ નિરંજન પરમાતમજી, અઢળક શુદ્ધિ આપેજી
અનંત ઉર્જાવંત પ્રભુ, સાચી સમૃદ્ધિ આપેજી. ૫
અષ્ટ મહાસિદ્ધિદાયક છે સિદ્ધાતમ પરમેશ્વરજી
મંત્ર નમો સિદ્ધાણં જપતાં પદ પમાય અવિનશ્વરજી. ૬
સિદ્ધતણા છે પંદર ભેદો એમ નવતત્ત્વ કહે છેજી
પંદર કર્મભૂમિથી જ જીવો સિદ્ધગતિને લહે છેજી. ૭
સાલગીરી પંદરમી આવી નંદપ્રભા દરબારેજી
વીરપ્રભુની ભક્તિ કરીશું સર્વશ્રેષ્ઠ પ્રકારેજી. ૮
સિદ્ધ અવસ્થા જલદી મળજો એવી ભાવના ધારીજી
આપ પધારો ધ્વજઉત્સવમાં દેવર્ધિ જયકારીજી. ૯

## ૭૧. સાહેબનો મહિમા ભારી

રમે રોમ રોમ, નમે રોમ રોમ, અરિહંત આતમ આધાર
એનાં નામની આગળ બોલું ઓમ મળે ઊર્જા અપરંપાર
સાહેબનો મહિમા ભારી સાહેબની છે બલિહારી
મારા સાહેબ છે જયકારી મારા સાહેબ છે મનહારી. ૧
પ્રભુ તેજ તેજ અંબાર ધરે શ્રી નંદપ્રભા મહારાજ
રૂપ રંગ અદ્‌ભુત અહો ત્રણ ભુવન શિરતાજ
સાહેબનો મહિમા ભારી સાહેબની છે બલિહારી. ૨
સાહેબો મારા સંગે પલપલ રહે છે
સાહેબનાં નામે ધારા અખંડ વહે છે
સાહેબ અનંત ઉપકાર સાહેબ હૈયાનો હાર
શુભ ધ્યાન પ્રણિધાન, સાહેબજી મુજને આપે
ભગવાન ગુણગાન કરનારના દુખડા કાપે
સાહેબનો મહિમા ભારી સાહેબની છે બલિહારી. ૩
મીઠું મીઠું મલકાતું મુખડું ગમે છે
પદ્મ આસન મુદ્રા હૈયે રમે છે

આંખોનું તેજ અપાર રમણીય રૂપ ઉદાર
એ અજર અમર એ ગગન શિખર એ દેવોના અધિદેવ
નયનાભિરામ સુખ દે તમામ દેવર્ધિ છે એકમેવ
સાહેબનો મહિમા ભારી સાહેબની છે બલિહારી. ૪

## ૭૨. પ્રભુજી પધારો

પધારો પધારો પ્રભુજી પધારો
તેજ સૂરજનું લઈને પધારો ચંદ્રની રોશની થઈને પધારો
પધારો પધારો પ્રભુજી પધારો

વહેતા પવનના તરંગે પધારો પુષ્પના પરિમલ રંગે પધારો
દીપશિખાઓના સંગે પધારો પરમેશ્વર આ પ્રસંગે પધારો
પધારો પધારો પ્રભુજી. પધારો. ૧

જીવનની ક્ષણક્ષણમાં પધારો કણમાં પધારો ને મણમાં પધારો
આભમાં આભા ભરવા પધારો સૃષ્ટિને પુલકિત કરવા પધારો
પધારો પધારો પ્રભુજી, જી પધારો. ૨

મૂકવા મસ્તકે હાથ પધારો નંદપ્રભાના નાથ પધારો
પ્રત્યક્ષરૂપે આપ પધારો દેવા દેવર્ધિ અમાપ પધારો
પધારો પધારો પ્રભુજી, જી પધારો. ૩

## ૭૩. રંગ છલકે

રંગ છલકે રે ઉમંગ છલકે
અંગ અંગ છલકે
મલકે કળીકળીએ ફૂલ આ સુવાસી
હૈયે રંગ છલકે... ૧

રંગોળી પથરાઈ
મુલાયમ મખમલી આ દરબારે
હૈયે રંગ છલકે... ૨

## ૭૪. સાંજસવારે દીવો ધરું

સાંજસવારે દીવો ધરું, તારા દ્વારે
તારી રે લગની લાગી, તું વહાલો લાગે,
વીર પ્રભુજી, વીતરાગી
મધુર મધુર મુદ્રા છે મનહારી
સુંદર તું સુખકર તું ગુણકારી
કોડિયામાં તેજ ભરું, તારા દ્વારે...
વહાલો લાગે, વીર પ્રભુજી, વીતરાગી. ૧
ખોલજે મારા ચિત્તની આ બંધ બારી,
મારા ચેતનને ચાંપજે ચિનગારી,
નાના નાના કામ કરું, તારા દ્વારે...
વહાલો લાગે, વીર પ્રભુજી, વીતરાગી. ૨
આટલું જ માંગુ છું પ્રભુ પાસે,
રાખજે કાયમ તારા સહવાસે,
નંદપ્રભા નામે તરું, તારા દ્વારે
વહાલો લાગે, વીર પ્રભુજી, વીતરાગી. ૩

## ૭૫. જીવંત જીવંત આંખ

જીવંત જીવંત આંખ, છે પ્રભુની.
જીવંત જીવંત આંખ.
આંખમાં વહાલ છે, આંખમાં કમાલ છે.
આંખ અમૃત ઝરે. આંખમાં સુખ. આંખમાં રસ.
આંખમાં તેજ છે. આંખ જાદુ કરે...
આંખમાં વહાલ છે. આંખમાં કમાલ છે. ૧
આંખમાં શાંતતાની દિવ્ય ઝલક છે
પૂરણ પ્રેમની પાંખ, છે પ્રભુની જીવંત જીવંત આંખ. ૨
આંખો બોલે છે મારા અણુ, અણુને જગાડે છે
આંખો ચમકે છે મારા તમસને એ ભગાડે છે

આંખોમાં શક્તિ અનંત છે જય નંદપ્રભા, ભગવંત છે
આંખમાં વહાલ છે આંખમાં કમાલ છે. ૩
આંખમાં અનુપમ દીપે દેવર્ધિ,
સકલ સિદ્ધિની સાખ, છે પ્રભુની જીવંત જીવંત આંખ. ૪

## ૭૬. મારી અરજી સ્વીકારો

સુખ સમાધિનું કેવું હોય એ હું ના જાણું,
ભક્તિની શુભ ક્ષણે આનંદ પરમ હું માણું,
પ્રભુ સાથેનો સમય ચેતનાને જગાડે છે,
નંદપ્રભા નાથજી અનહદની બંસરી વગાડે છે.
મારી અરજી સ્વીકારો જગનાથ રે જગનાથ રે
તમે કાયમ, રહેજો સંગાથ રે
હો સાહિબા મુજને સંભાળજો રે સાહેબ
તમે છો ભાગ્યવિધાતા તમે જ છો શક્તિ દાતા
તમે જ મારા, સાચા સ્વામી તમે પ્રભુ અંતર્યામી
તમે પૂરા આતમરામી... મારી અરજી સ્વીકારો. ૧
એટલું બધું તમે આપી દીધું કે એની ગણના કંઈ થઈ ન શકે
ભરીભરીને તમે આપ્યું છે જેવું એવું બીજા કોઈ દઈ ન શકે
તમે ના છોડજો મારો હાથ રે હાથ રે
તમે કાયમ રહેજો સંગાથ રે મારી અરજી સ્વીકારો. ૨

## ૭૭. પ્રાર્થના નાથ સાંભળશે

એક પરમ દશા, અંતિમ સમયે મળશે,
પ્રાર્થના નાથ સાંભળશે...
મુજને કાને ઘંટનાદ સંભળાશે જે તુજ મંદિરમાં ચાલે
મુજ આંખોમાં રૂપ તારું રેલાશે હર્ષાશ્રુ વહેશે ગાલે
ફૂલ કેસરની સુગંધ આવશે શ્વાસે જાણે ભક્તિ હવામાં મહાલે
તું સંગ હશે એવો છે વિશ્વાસ એવું સપનું છે મારું ખાસ

તું રમશે પ્રભુ મારાં મનમાંહીં તુજ નામ હશે સ્પંદનમાંહીં
તું વસશે સંવેદનમાંહીં,
એક અનુભૂતિ ઊંડે ઊંડે ઉઘડશે, પ્રાર્થના નાથ સાંભળશે. ૧

હું યાદ કરીશ સઘળી તીરથ યાત્રા જે મેં જીવનમાં કીધી
હું યાદ કરીશ ક્રિયા તપસ્યા ભક્તિ જે જે મેં આચરી લીધી
હું યાદ કરીશ જિનવાણી સુખકારી જે મેં ઘૂંટડે ઘૂંટડે પીધી
હું યાદ કરીશ દોષ અને અપરાધ મને પસ્તાવો થશે અગાધ
મન સુકૃત અનુમોદન કરશે દુષ્કૃતની ગર્હા મન કરશે
સૌ સાથે ક્ષમાયાચન કરશે
નવકાર શ્રવણ કરતાં આંખો ઢળશે, પ્રાર્થના નાથ સાંભળશે. ૨

જીવ નવો જનમ મહાવિદેહમાં લહેશે થશે સીમંધર જિન દર્શન
દીક્ષા મળશે આઠ વરસની વયમાં, થશે પંચમહાવ્રત પાલન
નવમા વરસે કેવળ જ્ઞાન સાંપડશે વીતરાગ દશા મહાપાવન
છેવટે ભવભ્રમણનો અંત થશે, મારો આતમરામ જ્વલંત થશે
મારી સિદ્ધદશા જયવંત થશે
દેવર્ધિ અનંત ઉર્જા સહજ ઉછળશે, પ્રાર્થના નાથ સાંભળશે. ૩

## ૭૮. સાધના સદન

સદ્ ધર્મની મંગલભૂમિ, રત્નત્રયનું શુભ આલંબન
સાધના સદન, સાધના સદન
વ્રતપાલકનો આવાસ, જિનવચન કરે સંચાલન
સાધના સદન, સાધના સદન
ના સાંસારિકતા ચાલે કે ન વિરાધના કોઈ ચાલે
આજ્ઞા-આત્મા-આચાર આ ત્રણમાં તન મન અવિરત મહાલે
સ્વાધ્યાયનું સાચું તીર્થ પાંચ સમિતિનું પાકું પાલન
સાધના સદન, સાધના સદન... ૧
આચાર્યોનું ઉપાધ્યાયનું સાધુઓનું ઊર્જાબળ

કણકણમાં આવી વસશે વાયુમંડળ થાશે ઉજ્જ્વળ
દિવસે શુદ્ધ ક્રિયા રાતે હોય યોગનિદ્રાનું સ્પંદન
સાધના સદન, સાધના સદન... ૨

સંસારને જે ઉપયોગી બને તે અધિકરણ કહેવાય
સાધનાને જે ઉપયોગી બને તે ઉપકરણ કહેવાય
ઉપકરણનું આલિશાન ભવન શ્રી નંદપ્રભાનું સર્જન
સાધના સદન, સાધના સદન... ૩

## ७९. पल पल तूंही

पल पल तूंही, रहे मोरे मन में
हलचल और न कोई चंचलता चल गई मोरे मन से
चंचलता चल गई मोरे मन से तुज संग सूधबूध खोई
पल पल तूंही, रहे मोरे मन में
भूख न लागे, प्यास न जागे मन भी कुछ ना मांगे
अंखिया मेरी खोल दी तूंने जग ये अनोखा लागे
पल पल तूंही. १
धन है पराया ये तन है पराया अपना एक आतमजी
तुज को मिलकर मिलूं आतम को
नंदप्रभा के प्रीतमजी देवर्धि दो प्रीतमजी. २

## ८०. ध्वजा गगन में

ध्वजा गगन में चंचल खेले
शुभकारी है री ध्वजा का दरशन जी
बारों मास का सत संग पायो
धन धन है री जीवन पावन जी ध्वजा गगन में... १
प्रभु मस्तक पर छत्र रचावत
पवन संग में री करत नर्तन जी ध्वजा गगन में... २

दूर दूर से दिखती मनोहर
नंदप्रभा में री मंगल गुंजनजी ध्वजा गगन में... ३

## ८१. आज आनंद अपार

आज आनंद अपार प्रसन्न मन
आज आनंद अपार प्रसन्न मन
घट घट में उद्योत हुआ है
अद्भुत अनुभव बहोत हुआ है
पायो प्रभु दीदार प्रसन्न मन
आज आनंद अपार प्रसन्न मन. १
आसमान अमरत बरसाए
मस्त सुगंधित बहती हवाएं
दूर दूर कही कोयल गाए
फूल हजारो रंग सजाएं
सृष्टि करत सतकार प्रसन्न मन
आज आनंद अपार प्रसन्न मन. २
नंदप्रभा में वाजिंत्र वादन
कंठ सुगायन, थेई थेई नर्तन
भक्ति कें तीन प्रकार प्रसन्न मन
आज आनंद अपार प्रसन्न मन. ३

## ८२. सिद्धगिरि के दर्शन

सिद्धगिरि के दर्शन करने, भाव से हम सब आये रे,
सोना चांदी फूल मोती, थाली भर कर लाये रे. सिद्धगिरि के. १
सिद्धगिरि का स्पर्श जो पाये, वह मुक्ति में जाए रे,
सिद्धगिरि की अनंत शक्ति, पाप संताप मिटाये रे. सिद्धगिरि के. २

सिद्धगिरि का मंगल महिमा, सीमंधर जिन गाये रे,
सिद्धगिरि का ध्यान धरे जो, वह देवर्धि पाये रे. सिद्धगिरि के. ३

## ८३. तेरो रंग लाग्यो

मैं बालक तुम हो पिता, मैं बोलूं क्या महाराज ?
मैं जनम जनम तुझे मिलूंगा, तुम रखना मोरी लाज.
तेरो रंग लाग्यो रे, मोहे रंग लाग्यो, तेरो रंग लाग्यो मोहे रंग लाग्यो,
तेरो रंग लाग्यो, मोहे रंग लाग्यो, प्रभु महावीर के संग रंग लाग्यो.
ठाठ नंदप्रभा में अजब गजब है, तेरो रंग लाग्यो, मोहे रंग लाग्यो.
जब मैं आया जगत में, तब था खाली हाथ,
साहेब जब मैं जाऊंगा, तब तुम रहेना साथ,
तेरो रंग लाग्यो, मोहे रंग लाग्यो. १

लगी महावीर लगनी तेरी, जिणंदा मोहे रंग लाग्यो.
मोरे एक साहेब वर्धमान भगवान्,
तेरो जादु मेरे, अंग अंग लाग्यो, मोहे रंग लाग्यो. २

जनम जनम की संगत चाहूं, तेरी ही रंगत चाहूं हो जगनायकजी,
हो भगवंत, चाहूं मैं तेरी संगत. ३

दायक दया दिखाई दो, दुःख दर्द करो दूर,
दुनिया तेरी दास है, नाम है बडा मशहूर,
तेरो रंग लाग्यो मोहे रंग लाग्यो. ४

तेरे हजारों नाम में रंग है, नंदप्रभा की शाम में रंग है,
दीनानाथ के धाम में रंग है, तेरे एक एक काम में रंग है
तेरो रंग लाग्यो मोहे रंग लाग्यो. ५

तेरे दरबार में दीप लगे, उजाला छाया है सोने जैसा,
मूरत में चांदी सी रोशनी है, किया है तुमने ये जादु कैसा ?
तेरो रंग लाग्यो, मोहे रंग लाग्यो. ६

सुख ना मांगूं मैं, सुविधा न मांगूं,
मांगूं साहेब चरण की सेवा देवाधिदेवा,
सुन लो अरजी, मान लो अरजी. ७

साच है तूं और सोच भी तूं है,
सांस में तूं, विश्वास में तूं है.
तेरा ही लय है, तेरी जय जय है.
तुम्हारी भक्ति से हमें, बडी मिल जाती है शक्ति,
कि हम देवर्धि तेरी, देखते रह जाते हैं...
तेरो रंग लाग्यो, मोहे रंग लाग्यो. ८

## ८४. हम ले रहे थें

हम ले रहे थें नींद तब, इक ख्वाब में आयें प्रभु
हम को कहां जागो जी तुम, मीठी पुकार लायें प्रभु, हम. १
किस्सा न था एहसास था, मुस्कान ले आयें प्रभु
इक अजनबी आनंद की, बौछार सी लायें प्रभु. हम. २
थी दूरिया सब तूट गई, इक अपनापन ही छा गया
जैसे सभा थी सुन रही, और जैसे गीत गायें प्रभु, हम. ३
ये कल्पना सच हो न हो, पर कल्पना अच्छी तो है
दिल में रहे दिल से कभी, ना दूर हो जायें प्रभु, हम. ४

## ८५. सुमिरन मंत्र

सुमिरन मंत्र परम सुख पावे
जैसे डाल से उडकर पंछी, पंख गगन फैलावे, सुमिरन. १
अरिहंत सिद्ध आचारज वाचक, साधु सकल को ध्यावे
पंच परम तत्त्वों के ध्याने, मोह ममत मीट जावे, सुमिरन. २
ध्याता, ध्येय, ध्यान का संगम, परम आनंद नीपजावे
मंगल सकल में परथम मंगल, धनभागी गुण गावे, समिरन. ३

## ८६. भीनी हैं अंखिया

भीनी भीनी भीनी भीनी भीनी है अंखियाँ
सुमिरन सब उपकार तिहां रे, आनंद अंसुअन लीनी है अंखियाँ, भीनी. १
मोह मिथ्यात्व से मुगति दी है, जैसे अंध को दीनी है अंखियाँ, भीनी. २
विषयलगन की अगन बुझाई, शीतल शीतल कीनी है अंखियाँ, भीनी. ३
प्रभु मिले तो खिले अंखियाँ, प्रभु नही तो झीनी है अंखियाँ, भीनी. ४
नंदप्रभा के राज-राजेश्वर, रूप अनूप रस पीनी है अंखियाँ, भीनी. ५

## ८७. विमल कमल सम

विमल कमल सम, नयन युगल तव
नंदप्रभा के स्वामी.
सुख विलास है, गुण विकास है, जीव विकास है स्वामी
अम जीवन सुरभित करो प्रभु, हम है सेवा कामी, विमल. १
आप दयामय, आप कृपामय, आप हो करुणा स्वामी
ज्योत तुम्हारी मिल जाये तो, सुख मिल जाये अनामी, विमल. २
दुःख हरन हो, एक शरन हो, सुमिरन में हो स्वामी
प्रीत लगाई साहिब तो पे, समझो अंतरयामी, विमल. ३

## ८८. खुशियां की माला

खुशियां की माला लगाई है, श्रद्धा की ज्योत जगाई है
हमने भक्ति कें दीप लगायें, नंदप्रभा के मंदिर में
सूना सूना था यह जीवन, तुम जब तक पास न आये थें
पहेले तो हमने मृगजल पर, जीवन के दाव लगाये थें
अब खुश हैं हम दुनिया खुश हैं
कि दिल लागो है प्रभु वीर में, हमने भक्ति. १

प्रभु वीर की मूरत मनमोहन, हिमधवल सुकोमल शुभकांति
मुद्रा संतापहरण सुंदर अंतर मन को दे सुख शांति
तन मन धन जीवन अरपित है
वीतराग प्रभु की खातिर में, हमने भक्ति. २

मेरी शक्ति प्रभु की भक्ति में, मेरा चित्त प्रभु के चितवन में
मेरी नैया प्रभु के हाथों में, प्रभु नाम का गुंजन है मन में
हम मुक्त उडान भरे नभ में, कि पैर रहे ना जंजीर में, हमने भक्ति. ३

## ८९. जनम जनम का भरम

जनम जनम का भरम था तुमने मिटाया है
बिछड गये थें जो खुद से तुमने मिलाया है
सभी को सुख मिले सब को धर्म भा जाये
ये मैत्रीभाव आपने हमें सीखाया है, जनम जनम. १
गुणों को देखकर खुशी की लहर ऊठती है
प्रमोदभाव से तुम्हीने ये मन सजाया है, जनम जनम. २
सभी के दर्द मीटा दूं, मिले अगर शक्ति
परम करुणा से अब मेरा दिल भर आया है, जनम जनम. ३
न दुष्ट लोग को कहूं कुछ, न कुछ सुनूं उनकी
हृदय को मध्यस्थ भाव भी अब भाया है, जनम जनम. ४
अगर ये नंदप्रभा में न आए होते हम
तो ऐसा लगता कि हमने कुछ गंवाया है, जनम जनम. ५

## ९०. ऋत सावन की

वीर प्रभु प्रासाद बरसे जल, नंदप्रभा प्रासाद बरसे जल
रिम झिम रिम झिम ऋत सावन की. १
बादल गरजत शिखर कलस पर, वीज खेलत बहु फर फर ध्वज पर
जलधारा मद मस्त सावन की. २

फूहारा छल छल छलके आंगन में, जल कण कण बन ऊडत पवन में
मंगल किरपा बहे भगवन् की. ३

## ९१. ध्यान धरूँ

मेरी दुविधा सोंप दी, कुछ नाही है हाथ
संजीवन की बुंद से मन भर गया
मैं ध्यान धरूं, मैं ध्यान धरूं, मैं ध्यान धरूं, मैं ध्यान धरूं. १
तेरे दरिशन का मधुपान करूं
मैं ध्यान धरूं, मैं ध्यान धरूं, मैं ध्यान धरूं
कैसे शब्दों में बयान करूं, मैं ध्यान धरूं. २
तेरी सूरत पर नैना लागे, मन मस्त लगी है धून तेरी
तेरे नाम की माला जपता रहूं,
दिन रात तेरे गुणगान करूं, मैं ध्यान धरूं. ३
खो जाय समय तेरी महेफिल में, माहोल अजब तेरा होता है
मेरी धडकन पर है नाम तेरा,
तुज पर खुद को कुरबान करूं, मैं ध्यान धरूं. ४

## ९२. दिये हैं रोशन

नंदप्रभा में दिये हैं रोशन, कैसे सुनहरे किये हैं रोशन. १
अमृत जैसी ज्योत बनी है, हर आंखों ने पिये हैं रोशन. २
प्रभु आंगन में जाग ऊठे हैं, प्रभु के लिए ही जिये हैं रोशन. ३
पतली ज्योति नाच रही है, खुशियां कैसी लिये हैं रोशन. ४

## ९३. नंदप्रभा के नाथ

नंदप्रभा के नाथ आप, मन गावे वीरम् वीरम्, नंदप्रभा. १
मोह मद मान हर, भव्यजन के साथ आप, नंदप्रभा. २

कियो है पावन मन, हाथ में लो हाथ आप, नंदप्रभा. ३
भविक तारण जय महावीर, भाव से गावो जय महावीर, नंदप्रभा. ४
जय महावीर बोलो जय महावीर, जय वर्धमान बोलो जय वर्धमान, नंदप्रभा. ५
नंदप्रभा के नाथ आप, भाव से गावो जय महावीर, नंदप्रभा. ५

## ९४. नंदप्रभा आनंद भयो

नंदप्रभा आनंद भयो
चार गति का चक्र मीटावन, मुद्रा चउमुख भव्य ग्रह्यो, नंदप्रभा. १
कथनी करनी एक नही है, तासुं मैं बहु दुःख सह्यो, नंदप्रभा. २
तव कथनी मम करनी होवे, एरो मैं विश्वास वह्यो, नंदप्रभा. ३

## ९५. तुम्हारें गानें

नंदप्रभा में हमने, गायें तुम्हारें गानें
अहसास है कि दिलमें, छायें तुम्हारें गानें. १

संगीत भी अच्छा है, माहोल भी अच्छा है
आनंद की लहरों को, लायें तुम्हारें गानें. २

जिस को भी हमने पूछा, उसने यही बताया
वह खुशनसीब है जिसने, पायें तुम्हारें गानें. ३

## ९६ मोरी रे अरज स्वीकारो

मोरी रे अरज स्वीकारो, मोहे भवजल पार उतारो रे.
इस कलजुग में जनम मिल्यो है, तुम बिन कौन आधारो रे. १
दर दर भटकूँ चार गति में, करमभरम मन वारो रे. २
द्वार खडा हूँ हाथ फैलाये, दास दयालू ! तुम्हारो रे. ३
नंदप्रभा के महावीर जिनपति, अरजी अम अवधारो रे. ४

## ९७. हम कह रहें

हम कह रहें, तुम सुनो ना सुनो
तुम तमन्ना में हो, तुम हो आवाज में
हम आ रहें, तुम मिलो ना मिलो
तुम लगन में भी हो , तुम ही हो प्यास में. १

मेरा मन, क्या सोचता है, तुम सब जानते हो
मुझे बस इतना बता दो, मुझ को क्या मानते हो
तुम कहो वो ही मानूं, और कुछ भी ना जानूं
चूप रहो गर प्रभु तो, मैं खुदको ही कैसे छानूं, तुम तमन्ना. २

तुम्हारें ही रास्ते पर चलता रहूं मैं
बोली न जानूं, क्यां तुझ को कहूं मैं
तुम ही हो मारग भी, मंझिल भी तुम ही
धडकन भी मेरी तुम ही हो, मेरा दिल भी तुम ही, तुम तमन्ना. ३

## ९८. पास आस

पास पास पूरो आस, आप करना सुख विकास.

पास पास पास पास रात दिन करूं पुकार,
जय पास प्रभु पास जय पास प्रिय पास,
आप ही हो मेरे पास आप रहो आसपास, पास पास पूरो. १

पास पास पास पास रोम रोम रहत आप,
जय पास प्रभु पास जय पास प्रिय पास,
मनमोहन लागे है मुद्रा तव मृदुहास, पास पास पूरो. २

पास पास पास पास हृदय गावे तोरा नाम,
जय पास प्रभु पास जय पास प्रिय पास,
नंदप्रभा नृत्यमय है आनंद मंगल निवास, पास पास पूरो. ३

## ९९. नाचत है

नाचत है सुरवृंद उछाही, झनन झनन बाजे झनकारी. १
ताल निनाद सुं अवधि नाही, आनंद नंदप्रभा बही जाही
नाचत है सुरवृंद उछाही. २

## १००. तूं सदा ही

तूं सदा ही हमरे संग रहे
तुम अपने चरनन में रखीयो, नंदप्रभा के नाथ, तूं सदा. १
जब नैनन से मूरत देखूँ, सूध बूध भूलुं पकरूं हाथ, तूं सदा. २

## १०१. अरिहंत चरनन

अरिहंत चरनन केरो भरोसो.
वीतराग जगनाथ जिणंद बीन, सब जगमें है अंधेरो, अरि. १
राग रोष दुःख दोष दुरित है, ताको होत नीवेरो, अरि. २
परमानंद प्रकाश प्रभुजी मोहे है एक भरोसो तेरो, अरि. ३

## १०२. हे वीर जिन राया रे

हे वीर जिन राया रे, भाग्य से पाया है
नंदप्रभा के दादा प्यारे है, हे त्रिशला का जाया रे
लागी तोरी माया है, नंदप्रभा के दादा प्यारे है
अनहद किरपा, अद्भुत करुणा, अविचल शक्ति तोरी
अहोभाव का अवसर आयो, बात सुनाउं मोरी
हे दश वर्ष बीते, प्रभुजी तोरी प्रीते रे, नंदप्रभा के. १
प्राण प्रतिष्ठा से प्रभुजी की प्रीति मन में लागी
प्रति वर्ष की सालगीरह में नव नव उष्मा जागी
हे संगीत सजाया, विविध कंठ गाया रे, नंदप्रभा के. २

पूर्व महर्षिओं की स्तवना, अभिनव गाने सोहे
वृक्ष वृक्ष की डाल डाल पर, नूतन रचना मोहे
हे वाजिंत्र बजायो, सकल संघ गायो रे, नंदप्रभा के. ३

मूरत की आंगी में विध विध रूप धरे मेरे स्वामी
दीपमाल की रंगत, संगत, फूल लगाये नामी
हे बनी बहु रचना, प्रेरक शुभ घटना रे, नंदप्रभा के. ४

मंगल घर में शुभ सामग्री, संग्रह प्रभु करायो
प्रभु कृपा से संघ चतुर्विध, अम आंगणिये आयो
हे यात्रा करायो, उपाश्रय मंडायो रे, नंदप्रभा के. ५

सात क्षेत्र की सेवा भक्ति, यथा भक्ति विरचाइ
आचारज उवजाय, साधु की, मंगल किरपा पाइ
हे ध्वज महामंगल, विराजे मंदिर पर, नंदप्रभा के. ६

वीर प्रभु के केवल बोध की, भूमि दे आवाज
ऋजुवाजुका तीर्थे मंगल, कीनो आरंभ आज
हे देजो ऐसी शक्ति, हो तोरी सही भक्ति, नंदप्रभा के. ७

## १०३. अरपन

तुम चरणे जीवन अरपन हो
जो जो भाव बने सो कह दूँ, मैं हो जाउं दरपन हो. १
भोग न रोग न सोग न देखूँ, आतमरामी तरपन हो. २
जो बोले सो अमरत मानूँ, सेवा समाधि तन मन हो. ३
चिदानंदघनदायक साहेब, साचो सरल समरपन हो. ४

## १०४. कुंथुं वंदे

कुंथुं वंदे परमानंदं वंदेऽहम्
नंदप्रभा-शुभ-शोभा-करा, मनमोहना आनंद वंदना
हे सुखकारी गुणशाली, ज्ञान समुद्र विहारी सदा, कुंथुं वंदे. १

देव नाचे आनंदे देवी नाचे
जिणंदा प्यारो लागे मुणींदा मुणींदा
मुणींदा मुणींदा मनहर मूरत मुणींदा
भवभयहरणा मुणींदा, जनमनरंजन मुणींदा. २

## १०५. प्यारो मल्लिनाथ

प्यारो मल्लिनाथ प्यारो मल्लिनाथ
रूप अति सोहे मेरी मति मोहे, प्यारो मल्लिनाथ. १
राजकुमारों को बोध दिया था, ब्रह्मचर्य का मार्ग लिया था
प्रभुजी की कहानी बडी है सुहानी,
बन गई है दुनिया प्रभु पे दीवानी, प्यारो मल्लिनाथ. २
समवसरण रूप चउमुख लीनो, वचनविलास से शिवसुख दीनो
शुभमति दिलाई समाधि सजाई,
नंदप्रभा में बांसुरिया बजाई, प्यारो मल्लिनाथ. ३

## १०६. प्रभु गुण गावो

प्रभु गुण गावो सुख पावो रे,
जपो नाम पल पल मन में, गुण जीवन में लावो रे
साहिब सद्‌गुण के संगी, चित सोहावो रे
पावन सुमिरन कर कर जीवन, धन्य बनावो रे
आत्मा पाये, अविचल पदवी, आनंद गावो रे
किरपा धन को पाओ, जीवन ज्योत जगावो रे, जपो नाम. १
नंदप्रभा के वीर जिनेश्वर, अंतर ध्यावो रे
धवल धवल मंगल मूरत को नैन बसावो रे
दरिशन-कीर्तन-वंदन-पूजन-लगन लगावो रे
धर्मधुराधर, करुणासागर, दिल में लावो रे, जपो नाम. २

## १०७. प्यारा प्यारा

प्यारा प्यारा जिणंदा मनोहरा, नंदप्रभा के पालक तुम सुंदरा. १
मनमोहना शिरफणिधरा, सुरपति नरपति सेवाकरा, प्यारा प्यारा. २
जगदीश्वरा करूणाकरा, साहिबा सोहना सुखदातारा, प्यारा प्यारा. ३
रविलोचना भवमोचना, सावरा सुंदरा समताधरा, प्यारा प्यारा. ४

## १०८. विजय हो

महावीर जिणंदा नंदप्रभाजी में प्रभावी प्रभु का विजय हो
शरणदायी दादा, सुखंकरा सदा, गाइए प्रार्थना, सुनिए कथा
कृपा धन पाए भावना सुरंग, आनंद अनुपम आज मैं पाया, विजय हो. १
दर्शन दुःखहारी, दीनता निवारण, कारुण्यसागर, जिनराया
कृपाज्योत देती अनाहत प्रकाश, जैसे ज्वलंत चन्द्र रवि
रवि शशी तारा ले चमक सुहासे, तीन लोग प्रभु की पूजा करते, विजय हो. २
आया शरण मैं अरजी सुन लो, कृपा की झलक दे करो सुखी, विजय हो. ३

## १०९. बंगाली गीत

तुमि बंधु तुमि नाथ नंदप्रभा तोमार
तुमि सुख तुमि शांति तुमि हो अमृत पाथार. १

तुमि शुभकारण मंगल आछे, तुमि करुणाकर वत्सल आछे
तुमि आधार आमार, नंदप्रभा. १

तुमि सुखदायक नायक आछे, तुमि शुभधर्मेर गायक आछे
तुमि आनंद अवतार, नंदप्रभा. २

तुमि जोगबांधव प्रीतम आछे, तुमि हृदयेश्वर बालम आछे
तुमि कोमनीय किरतार, नंदप्रभा. ३

## ११०. श्री ऋषभ जिनं–संस्कृत गीतम्

श्री ऋषभ–जिनं प्रवरं सुखदं सुखदं सुखदं ऋषभ–जिनं प्रवरम्.

आनन–शुभ–कांति–तर्जित–भानुं नयनाभा–जित–चंद्र–करम्
सुर–वस्त्र–सुशोभित–स्कंध–सुभागं स्मित–रेखा–शोभित–मधरम्
मृदु–मंगल–हासं सुरभित–श्वासं सत्त्व–विलासं सुगुण–धरम्
शत्रुंजयतिलकं सुर–नर–विनतं परमा–नंदप्रभा–प्रसरम्, सुखदम्. १

निज–तनुबल–निर्जित–हरिबल–मतुलं वचनावलि–वैभव–विसरम्
सर्वोत्तम–बोधं पाप–निरोधं विकृति–विरोधं विभव–वरम्
रागादिक–दोष–निवारण–करणं समवसरण–गुंजित–वचनम्
शत्रुंजयतिलकं सुर–नर–विनतं परमा–नंदप्रभा–प्रसरम्, सुखदम्. २

## १११. मंगलं नंदप्रभा – संस्कृतगीतम्

वीरजिनवरचरणकमलं मंगलं नंदप्रभा
पुण्यरूपं पुण्यदेहं पुण्यवचनविलासकम्
पूर्णबोधं पूर्णसत्त्वं पूर्णशक्तिविकासकम्
कांतकांतिं शुद्धशांतिं, कृपानयनसमुज्ज्वलम्, वीर. १

सरसवचनं सरसनयनं सरससिंहासनगतम्
शुद्धवीर्यं शुद्धधैर्यं श्रेष्ठजनशतसंगतम्
महावीरदेवं त्रिदशवंद्यं केवलश्रीनिर्मलम्, वीर. २

# ૪

# ગુરુગીત

| | |
|---|---|
| ૧. સ્તુતિ | ૧૦૩ |
| ૨. સ્તુતિ | ૧૦૩ |
| ૩. સ્તુતિ | ૧૦૪ |
| ૪. સ્તુતિ | ૧૦૪ |
| ૫. ગુરુઆણા | ૧૦૫ |
| ૬. પોતાને ઓગાળે | ૧૦૫ |
| ૭. ગુરુ મળ્યા | ૧૦૫ |
| ૮. જ્ઞાન આપે છે | ૧૦૬ |
| ૯. ગુરુ ગમે છે | ૧૦૬ |
| ૧૦. ગુરુકૃપા | ૧૦૬ |
| ૧૧. તારો પત્ર | ૧૦૭ |
| ૧૨. ગુરુવર પધારો | ૧૦૭ |
| ૧૩. શક્તિ આપો | ૧૦૮ |
| ૧૪. મારા ગુરુવર | ૧૦૮ |
| ૧૫. ગુરુવર મારાં હૈયાને | ૧૦૯ |
| ૧૬. તું રંગ છે | ૧૧૦ |
| ૧૭. તમે અમારાં હૃદયમાં | ૧૧૦ |
| ૧૮. સદ્‌ગુરુ સત્ય જણાવે છે | ૧૧૧ |
| ૧૯. તને વંદું છું | ૧૧૧ |
| ૨૦. सद्‌गुरु मेरो सांई रे | ૧૧૨ |
| ૨૧. गुरु की महिमा | ૧૧૨ |
| ૨૨. तुम मेरी शक्ति | ૧૧૩ |
| ૨૩. અલખનો સાધક | ૧૧૪ |
| ૨૪. તમારી યાદમાં | ૧૧૪ |
| ૨૫. મંગલ જીવન | ૧૧૪ |
| ૨૬. સૌને છોડીને ક્યાં ગયા ? | ૧૧૫ |
| ૨૭. બાળકુંવરનું ગુરુગીત | ૧૧૬ |
| ૨૮. ગુરુમૂર્તિ પૂજાનાં ગીતો | ૧૧૭ |
| ૨૯. ગુરુવંદના | ૧૨૨ |

## ૧. સ્તુતિ

**(ઊંડા અંધારેથી...)**

અનંતા પુણ્યોથી ગુરુવરતણાં દર્શન મળે
અનંતા પુણ્યોથી ગુરુચરણસેવાક્ષણ મળે
અનંતા સદ્‌ભાગ્યે ગુરુવચનરૂપે શ્રુત મળે
અનંતા સદ્‌ભાગ્યે ગુરુવરકૃપા અદ્‌ભુત મળે... ૧
જગાડે છે સાચી લગન પરમાત્માપદ વિશે
અને આપે સાચી સમજ નવતત્ત્વાદિક વિશે
સદાચારો સર્વે સરસ સમજાવે સુવચને
નમું વંદું પૂજું ત્રિવિધકરણે શ્રીસુગુરુને... ૨
મળ્યા જેને સાચા ગુરુ : સફળ તેનો ભવ થયો
ટળ્યા તેના દોષો ગુણસભર તે માનવ થયો
અનંતા અજ્ઞાનો, વિવિધ કુવિકલ્પો, અવદશા
રહે ના આત્મામાં : પરમપદવી થાય સહસા... ૩
નમો જ્ઞાની ધ્યાની ગુરુ નિરભિમાની ગુણનિધિ
સ્તવો તેની વાણી અમૃતરસખાણી વરવિધિ
મળેલી શક્તિઓ સુગુરુચરણે સાદર ધરો
લહી આશીર્વાદો મનવચનકાયા શુભ કરો... ૪
કહ્યું જે વૈરાગી હૃદય ધરતા સદ્‌ગુરુવરે
સુણીને તે જેઓ શુભમન થકી પાલન કરે
ગુણી એ આત્માઓ ત્વરિત ગતિ સાથે ભવ તરે
મહાભાગ્યે આત્મા ગુરુવચનદીવો મન ધરે... ૫

## ૨. સ્તુતિ

**(સ્નાતસ્યા)**

તારા સદ્‌ગુણની કથા વરણવે આઠે દિશાપર્વતો
તારી ઉત્તમતા થકી ધવલતા આ ચંદ્રમા પામતો
તારા તેજ વડે પ્રભાવિત થઈ ત્યાં સૂર્ય દીપ્યા કરે
તારું ધ્યાન ધરી ધરી મુનિજનો અધ્યાત્મ શાંતિ વરે... ૧

તારો શબ્દ પવિત્ર મંત્ર સરિખો ગુંજ્યા કરે માનસે
તારા આશિષ પામનાર સુખનાં સાન્નિધ્યમાં ઉલ્લસે
તારા ભક્ત થનાર શીઘ્ર સમતાનાં સ્પંદનો પામશે
તારી ભક્તિ થકી વિનમ્ર જીવ આ કલ્યાણ સાધી જશે... ૨

## ૩. સ્તુતિ

**(ભક્તામર)**

ફૂલો સમાન રમણીય દશા ધરો છો
તારા સમાન સુરખી નયણે ધરો છો
ચંદા સમાન તપતેજ મુખે ધરો છો
મેરુ સમાન ગરવો મહિમા ધરો છો... ૧

શાસ્ત્રો સમાન મહિમા વચને ધરો છો
માતા સમાન કરુણા હૃદયે ધરો છો
શા શા વખાણ કરવા ભગવન્ તમારા
તારી અસંખ્ય ભવિલોક તમે તરો છો... ૨

## ૪. સ્તુતિ

**(શ્લોક)**

તમારા સંગમાં આવ્યા, તેઓ ધન્ય બની ગયા
સામાન્ય આદમીમાંથી, અસામાન્ય બની ગયા... ૧

તમારો હાથ જેઓનાં, મસ્તકે વ્હાલથી ફર્યો
એમનાં પાપનો બોજો, ધીરે ધીરે ટળી ગયો... ૨

તમારી આંખમાં આંખો, જેમણે મેળવી હતી
વિરમી દુર્ગતિ તેની, થઈ નિશ્ચિત સદ્ગતિ... ૩

તમારી વાણીનો મીઠો, સ્વાદ જેને મળી ગયો
આનંદઘનના ઊંચા, રંગમાં તે ભળી ગયો... ૪

## ૫. ગુરુઆણા

ધન્ય ધન્ય તે સાચો શીષ, તેને વંદું હું નિશદિશ
ગુરુસેવા વ્રતપાલક છે, ગુરુચરણોમાં બાલક છે... ૧
ગુરુવર કાજે શ્વાસ ધરે, ગુરુ નિશ્રામાં વાસ કરે
ગુરુવર પર પૂરણ વિશ્વાસ, ચિત્ત સુમન ગુરુવચન સુવાસ... ૨
ગુરુઆણાએ ભવ તરીએ, ગુરુઆણાએ સુખ વરીએ
ગુરુઆણાએ દુઃખ હરીએ, ગુરુઆણા પાલન કરીએ... ૩

## ૬. પોતાને ઓગાળે

ઝરણું પોતાને ઓગાળે છે ત્યારે તો એ નદી બને છે
નદી સ્વયં ને ઓગાળી દે છે ત્યારે જ સમુદ્ર બને છે
દરિયો પોતાને બાળે છે ત્યારે મેઘ મહાન બને છે
માણસ પોતાને ઓગાળે છે ત્યારે ભગવાન બને છે... ૧
વાદળ ધીમે ધીમે પીગળે એમાંથી વરસાદ બને છે
ધરતી હળવે ઊગે તેમાંથી લીલોછમ સાદ બને છે
પાન કૂંપળો ફૂટે છે ત્યારે ફૂલોનો વાન બને છે
માણસ પોતાને ઓગાળે છે ત્યારે ભગવાન બને છે... ૨

## ૭. ગુરુ મળ્યા

મને વનની કેડીએ એક ગુરુવર મળ્યા.
મારાં મનમાં હતા તે સહુ સંશય ટળ્યા. ૧
મને પાસે બેસાડી એણે વાતડી માંડી.
મારા પૂર્વગ્રહોનાં ટોળાં પાછા વળ્યાં. ૨
એણે હળવાશ સાથે સાચું સમજાવી દીધું.
એના સાદમાં સાક્ષાત્ મેં પ્રભુને સાંભળ્યા. ૩
મારી ભૂલનો હિસાબ એણે ક્યાંય ના રાખ્યો.
મારા પાપ એને જોઈને જ ભાગી નીકળ્યા. ૪
એની આંખોનાં તેજમાં હું દેવર્ધિ ભાળું.
જાણે જનમજનમનાં મારા પુણ્ય ફળ્યાં. ૫

## ૮. જ્ઞાન આપે છે

ધરતી ધાન આપે છે ગુરુવર જ્ઞાન આપે છે
સમાનભાવે એ સૌને ઊંચું સ્થાન આપે છે. ૧
નિજાનંદ મસ્તીમાંથી થોડો સમય નિકાળીને
એક એક આત્મા ઉપર અંગત ધ્યાન આપે છે. ૨
સાક્ષીભાવે કાર્ય કરે કર્તાભાવથી દૂર રહે
કોઈથી કાંઈ ન માંગે છે કાયમ દાન આપે છે. ૩
ભૂલ જોઈને ટકોર કરે નબળામાં એ જોર ભરે
એને કોઈ પરાયું નહીં સૌને માન આપે છે. ૪
દૂર કરી આપે છે દોષ સરજે છે સાચો સંતોષ
શબ્દે શબ્દે દેવર્ધિ અમૃતપાન આપે છે. ૫

## ૯. ગુરુ ગમે છે

(કલ્લાણ કંદં)

ગુરુ ગમે છે ગુરુદેવ ગમે છે, મારું હૃદય સદ્ગુરુને નમે છે.
ગુરુ કહે તે પરમાર્થ સત્ય, ગુરુ વિચારે શુભકારી તથ્ય
ગુરુનું હૈયું પ્રભુમાં રમે છે, ગુરુ ગમે છે, ગુરુદેવ ગમે છે. ૧
ગુરુ પ્રભાવે ગુણ સૌ મળે છે, ગુરુ થકી પાતક સૌ ટળે છે
ગુરુ બધા કષ્ટ સુખે ખમે છે, ગુરુ ગમે છે, ગુરુદેવ ગમે છે. ૨
ગુરુ જ સદ્ બોધ અખંડ આપે, ગુરુ જ દોષો સઘળાય કાપે
ગુરુ વિના જીવ ભવે ભમે છે, ગુરુ ગમે છે, ગુરુદેવ ગમે છે. ૩

## ૧૦. ગુરુકૃપા

(હોંશવાલો કો)

અંધને આંખો મળે આંખોને અજવાળું મળે
ગુરુકૃપાને જેહ પામે તેમનું જીવન ફળે. ૧
ભૂલ હો કે દુઃખ હો એનાથી કાંઈ છૂપું નથી
જે તમે બોલો નહીં એનેય સદ્ગુરુ સાંભળે. ૨

એકવાર તમારું સાચું રૂપ એને જણાવી દો
જોઈ લેજો ધ્યાન રાખશે એ તમારું પળે પળે. ૩
એમના શબ્દો થકી ને એમના વાત્સલ્યથી
સુખની છોળો ઉછળે સંઘર્ષ વિપદાઓ ટળે. ૪
સેવા ભક્તિ એક આ ભવમાં કરું એવી રીતે
કે ઋણાનુબંધનો સંબંધ ભવોભવ નીકળે. ૫
એટલા ઉપકાર છે ગુરુદેવના મારા ઉપર
શું લખું હું અક્ષરે ને શું ઉતારું કાગળે ? ૬
ધૂળિયો દાણો હતો એમાંય દેવર્ધિ ભરી
સ્વપ્ન એનાં નામથી સાકાર થાય સ્થળે સ્થળે. ૭

## ૧૧. તારો પત્ર

તારો પત્ર આવશે એ દિવસે મને ખૂબ ગમશે
મારું મન રાજી રાજી તારી યાદોમાં બહુ રમશે
તારી માટે મારું હેત સમંદર રેત જેટલું છે,
તું લખજે કે તને મારા માટે હેત કેટલું છે,
મારા એક એક અક્ષરને આંખો ઝૂકી ઝૂકી નમશે... ૧
તું ઠપકો આપીશ તોય મને સારું જ લાગવાનું
તારી વાતે વાતે આત્મીયતાનું તેજ જાગવાનું
હું ઘડી ઘડી વાંચીશ અને અંધારું આથમશે... ૨
તારા અક્ષરમાંથી મુજને તારો અવાજ સંભળાશે
તું જે લખશે એનાથી મારું હૈયું ભીંજાશે
બે હાથ જોડી દેવર્ધિ સતત ઘર દરવાજે ખમશે... ૩

## ૧૨. ગુરુવર પધારો

(ચલને લગી હૈ)

આવો ગુરુવર પધારો અમને સહુને તારો
ચમકે તમારો સિતારો ઉદ્ધાર કરજો અમારો

વાણી તમારી જાદુ ફેલાવશે, ઘટઘટમાં અજવાળા રેલાવશે
દેશનાથી દૂરે થાશે દુઃખ અને દોષ, અંતરમાં જાગી ઊઠશે સાચો સંતોષ
તમે જે જે કહેશો અમે એને અનુસરશું
અમે શુભધર્મ કરશું અમે આળસ નહીં ધરશું... ૧

ચારિત્રપાલન તમે ઊંચુ કરતા આજ્ઞા સમર્પણ તમે સાચું ધરતા
તમને જોઈને અમને પ્રેરણા મળે તમને જોઈને હૈયે શાતા વળે
તમે આતમના રાગી તમે મોટા છો ત્યાગી
તમે શાસનના નેતા તમે મનના વિજેતા... ૨

## ૧૩. શક્તિ આપો

**(અજવાળાં દેખાડો)**

ગુરુદેવ અમને શક્તિ આપો શુભ મારગ પર થાપો
દોષ ભરેલું જીવન મારું, દોષ રહિત છે જીવન તમારું
પાપવિજેતા આપ છો સાહેબ, મિટાવી દો અમ પાપો.
ગુરુદેવ અમને શક્તિ આપો. ૧

ભૂલ કરીને અમે ભવમાં ભટક્યા, આંધીમાં અધવચ્ચે અટક્યા
હાથ ઝાલીને અમને ઉગારો, કરમ કઠિન અમ કાપો.
ગુરુદેવ અમને શક્તિ આપો. ૨

આતમ રંગમાં આપ રમો છો, એટલે જ આપ અમોને ગમો છો
અમ અણુઅણુપર અધ્યાતમનો, સોનેરી રંગ છાપો
ગુરુદેવ અમને શક્તિ આપો. ૩

## ૧૪. મારા ગુરુવર

**(મેરા દિલ યે કિતના પાગલ હૈ)**

મારા ગુરુવર પરમ ઉપકારી છે મારા ગુરુવરની બલિહારી છે
મારી ડગમગતી આ નૈયાને મારા ગુરુએ પાર ઉતારી છે
હો મારા ગુરુવર...

મારા ગુરુવર જ્ઞાનનો દરિયો છે સદ્ બોધ મને એ આપે છે
શુભ ભાવ મારામાં સિંચે છે સઘળા સંશયને કાપે છે
મારા ગુરુવર. ૧
મારા ગુરુવર સૂરજ જેવા છે એ મારી આંખ ઉઘાડે છે
એ મોહની નીંદ ઉડાડે છે એ સાચો માર્ગ દેખાડે છે
મારા ગુરુવર. ૨
મારા ગુરુવર સોહે ગગન જેવા એ ઊંચા સ્થાને બિરાજે છે
એના સદ્ગુણનો કોઈ પાર નહીં દેવર્ધિ જગતમાં ગાજે છે.
મારા ગુરુવર. ૩

## ૧૫. ગુરુવર મારાં હૈયાને

(કૌન કરેગા)

ગુરુવર મારાં હૈયાને લગની તમારી લાગી છે
જનમ જનમ સેવામાં રહું હું એવી ભાવના જાગી છે
ગુરુભક્તિનો લાભ જે પામે તે સાચો બડભાગી છે
ગુરુ પરમ વૈરાગી છે એનાં હૈયે પ્રભુ વીતરાગી છે

ગુરુકૃપા પુણ્ય છે ગુરુકૃપા ધર્મ છે
ગુરુકૃપા એ જ તો સાધનાનો મર્મ છે
ગુરુ જ દીવો છે ગુરુ જ દેવતા છે
ગુરુ જ મંગલ છે પરમ
જય વીયરાયમાં બે બે વાર ગુરુની ભક્તિ મેં માંગી છે
ગુરુ પરમ વૈરાગી છે એનાં હૈયે પ્રભુ વીતરાગી છે. ૧

ગુરુ મને પ્રેમ દે ગુરુ મને બુદ્ધિ દે
ગુરુ મને સત્ત્વ દે ગુરુ મને શુદ્ધિ દે
ગુરુ કૃપાળુ છે ગુરુ સુખી રાખે
ગુરુની વાત જ ન્યારી છે
દેવર્ધિની જ્યોત જગાડે ગુરુ એવા સૌભાગી છે
ગુરુ પરમ વૈરાગી છે એનાં હૈયે પ્રભુ વીતરાગી છે. ૨

## ૧૬. તું રંગ છે

**(ક્યોં કિ તુમ હી હો)**

તનમનધન ગુરુ તુજને સોંપ્યા, જીવન આ તુજ હાથમાં છે
પલ પલ તુજને યાદ કરું ગુરુ સાર્થકતા તુજ સાથમાં છે
તું રંગ છે તું સંગ છે આનંદનો તું પ્રસંગ છે
શ્રદ્ધા તું તું પ્રાર્થના તું અર્ચના તું ઉમંગ છે
ક્ષણ ક્ષણ ઉત્સવ તારી સમીપે ઘટઘટમાં સંતોષ અનંત
અઢળક અઢળક હર્ષની ધારા આંગણ આવી જાણે વસંત
બસ આ જ રીતે તું કરજે કૃપા મુજ આશરો આપ ગુરુવર
તું રંગ છે તું સંગ છે આનંદનો તું પ્રસંગ છે
શ્રદ્ધા તું તું પ્રાર્થના તું અર્ચના તું ઉમંગ છે
તનમનધન ગુરુ તુજને સોંપ્યા જીવન આ તુજ હાથમાં છે

## ૧૭. તમે અમારાં હૃદયમાં

તમે અમારાં હૃદયમાં રહેશો, અમે તમારાં ચરણમાં રહીશું.
તમે અમારાં જીવનમાં રહેશો, અમે તમારાં શરણમાં રહીશું. ૧

તમે સદા શુદ્ધ વિચાર દેજો, તમે સદા બોધ અપાર દેજો.
અમે તમારો સહારો પામી, સદાય શુભ આચરણમાં રહીશું. ૨

અખંડ શ્રદ્ધા બની જ રહેશે, અમોને આસ્થા ઘણી જ રહેશે.
સવારે સાંજે બપોરે રાતે, સતત તમારાં સ્મરણમાં રહીશું. ૩

બે હાથ જોડી વચન તમારાં, કાયમ અમે સૌ સાંભળતાં રહીશું.
અનન્ય આલંબન લઈ તમારું, સ્વયં તણા સંસ્કરણમાં રહીશું. ૪

સુધારજો ચિત્તદશા અમારી, દેવર્ધિ દેખાડજો તમારી.
તમારાં પગલે પગલે ચાલીશું, અમે નહીં જન્મમરણમાં રહીશું. ૫

## ૧૮. સદ્‌ગુરુ સત્ય જણાવે છે

(જબ કોઈ બાત)

સદ્ ગુરુ સત્ય જણાવે છે, સદ્ ગુરુ ધર્મ ભણાવે છે.
મને સ્થિર બનાવે છે મારા ગુરુ
સદ્ ગુરુ સંગે સુખ મળે, સદ્ ગુરુ સંગે દુઃખ ટળે.
મને માર્ગ બતાવે છે મારા ગુરુ
પરમનું સપનું નિહાળું છું, નિયમ જે કાંઈ હું પાળું છું
એ ગુરુએ શીખવ્યું છે ગુરુ સત્ત્વ જગાડે છે.
સદ્‌ગુરુ સત્ય જણાવે છે. ૧

પ્રભુના સંગે જોડે છે, હૃદયની ગાંઠો તોડે છે.
જ્ઞાન લઈને એ આવે છે, ગુરુ સંસ્કાર સજાવે છે.
સદ્ ગુરુ સત્ય જણાવે છે. ૨

પ્રભુ મારી વિનંતી સાંભળજો, ભવોભવ આ જ ગુરુ મળજો
મને નિર્ગ્રંથ ગુરુ સાથે રહેવું ખૂબ ફાવે છે.
સદ્ ગુરુ સત્ય જણાવે છે. ૩

## ૧૯. તને વંદું છું

(ચન્ના મેરેયા)

મારાં હૈયામાં ગુરુ તારું નામ છે જી
મારાં હૈયાને તુજથી આરામ છે જી
તારાં ચરણોમાં એક તીર્થધામ છે જી
તારી સેવા કરું એ જ મારું કામ છે જી
ગુરુ તું પિતા ગુરુ તું માતા
તારી બની રહો ખૂબ ખૂબ સુખશાતા
તને વંદુ છું વંદું છું તને વંદું છું વંદું છું તને વંદું છું વંદું છું
ગુરુદેવ... ગુરુદેવ...
મેં જોયું છે કે તું જે કહે તે સાચું પડે છે સાચું પડે છે...

તારા વચનમાં જાણે કે પ્રભુની ઝલક જડે છે ઝલક જડે છે...
તારી કૃપા જે જે પામે છે
તેઓ સાચે જ ધન્ય ધન્ય થઈ જતા, તને વંદું છું વંદું છું...
તારા વિનાની એક પણ ક્ષણ મંજૂર નથી
તું સાથે છે તો પરમપદ દૂર નથી
તારી નિશ્રા પામ્યા પછી સાહેબ આ જીવનમાં
બીજા કોઈની જરૂર નથી, તને વંદું છું વંદું છું...

## २०. सद्‌गुरु मेरो सांई रे

**(छाप तिलक)**

सद् गुरु मेरो सांई रे, गुरु कल्याणकारी.
अलख की लगन लगाई रे, गुरु कल्याणकारी.
गुरु है शिक्षक गुरु है परीक्षक, धर्म की रीत समझाई रे
गुरु कल्याणकारी. १
सब कुछ लेकर देते हैं सब कुछ, अजब गजब की सगाई रे
गुरु कल्याणकारी. २
आतम तत्त्व प्रकाशक है गुरु, भावना शुद्ध बनाई रे
गुरु कल्याणकारी. ३
गुरु से ही भगवान मिलत है, देवर्धि दे बधाई रे
गुरु कल्याणकारी. ४

## २१. गुरु की महिमा

**(अंखिया हरखन लागी)**

गुरू की महिमा भारी हो मेरे गुरू की महिमा भारी
गुरू सुखकारक गुरू दुःखवारक, मुखमुद्रा मनोहारी, गुरू की... १

गुरू का संग मिल्यो है जब से तब से बात बनी है न्यारी
प्रगटी सुबुद्धि गुरू के वचन से, वाणी लगे मोहे प्यारी, गुरू की... २
धरम सिखाया मारग दिखाया गुरूवर हैं मेरे परम उपकारी
गुरु ने ही गोविंद बतायो, निर्बलता को निवारी, गुरू की... ३
जय गुरू जय गुरू जय हो तुम्हारी, इक अरजी तुम सुन लो हमारी
देवर्धि करे चरणों की पूजा, बेड़ो लगा दियो पारी, गुरू की... ४

## २२. तुम मेरी शक्ति

**(मै कभी बतलाता नहीं)**

तुम मेरी शक्ति हो सद्‌गुरु तुम मेरी प्रेरणा हो गुरुवर
तुम मेरे घट घट में बसे, तुम मेरी आतमा हो गुरुवर
तुम्हे वंदन करूं गुरूवर (२)
तुम मेरे धर्मदाता गुरू तुम मेरे मार्गदर्शक हो गुरू
तुम मेरे ज्ञानदाता गुरू तुम मेरे हितचिंतक हो गुरू
बड़ी श्रद्धा धरूं गुरूवर (२)
छोटा सा इक, तिनका हूँ मैं, रजकण हूँ मैं
और तुम बड़ा आसमान,
जैसा भी हूँ अपना लिया तुमने मुझे
उपकार तुम्हारा महान
तुम मेरी जिंदगी में रहो मुझको संस्कार देते रहो तुम
शिल्पी तुम और पत्थर हूँ मैं मुझ को आकार देते रहो तुम
तुम्हे वंदन करूं गुरूवर... २
भटका भुला राही था मैं तब तुमने पकड़ा था मेरा ये हाथ
अपने ही संग अच्छी जगह ले आये तुम ना छोड़ना तुम अब साथ
मेरे में तुम ने खुशबू भरी तुम ने ही जगाया विश्वास
चरणों में मेरा मस्तक रखूँ देवर्धि को दो अपना सहवास
तुम्हे वंदन करूं गुरूवर... २

## ૨૩. અલખનો સાધક

અજબ હતો એ અલખનો સાધક
ઊંચા અનહદ ફલકનો સાધક
મરત લોકનું મોંઘું મોતી
એ અમરતના મલકનો સાધક
અપલક આંખે ભાળ્યા કરીએ
પળ પળ પલક પલકનો સાધક
નાનકડી દુનિયામાં આવ્યો
ખડગ સમો એ ખલકનો સાધક

## ૨૪. તમારી યાદમાં

અમને તમારી યાદમાં રહેવાનું ગમે છે
બે-પાંચ શબ્દ તમને કહેવાનું ગમે છે
આંખોનાં આંગણેથી વહી જાય છે નદી
અમને તમારી યાદમાં વહેવાનું ગમે છે
દિન-રાત તમે સંગમાં રહો છો આ રીતે
તેથી વિજોગવ્રતને સહેવાનું ગમે છે

## ૨૫. મંગલ જીવન

**(ચંદન સા બદન)**

મંગલ જીવન મંગલ આચરણ એ મંગલાચરણ સમા પાવન
જે સ્વર્ગે ગયા એ ગુરુવરને, હું ભાવથી કરું શત શત વંદન
એ શમદમનો ભંડાર હતા, એ શ્રમણદશાના આરાધક,
એ ચિત્તવિજેતા ભવભીરૂ, એ સમતાના સાચા સાધક,
એને મોક્ષની લગની લાગી હતી, એ સતત ધરે આતમચિંતન,
મંગલ જીવન મંગલ આચરણ, એ મંગલાચરણ સમા પાવન. ૧
વ્રતને પાળ્યા ઉત્તમ રીતે, પ્રભુભક્તિની રસધારા ચાખી,
નિંદા ટીકા ટિપ્પણ કરવાની, આદત કોઈ એણે ના રાખી,

નિઃસ્વાર્થ હતા, નિર્ભીક હતા, એના સ્વભાવ હતો શીતલ ચંદન,
મંગલ જીવન મંગલ આચરણ, એ મંગલાચરણ સમા પાવન. ૨

એ જ્ઞાન ક્રિયાના મારગ પર, અવિરત આગળ વધતા જ રહ્યા,
મહારોગ દેહમાં જે જાગ્યા, તે પૂર્ણ સમાધિ સંગ સહ્યા
છે પ્રાર્થના કે એમને મળજો, પ્રભુ સીમંધરજીનાં દર્શન,
મંગલ જીવન ચરણ આચરણ, એ મંગલાચરણ સમા પાવન. ૩

## ૨૬. સૌને છોડીને ક્યાં ગયા ?

**(નીલા આસમાં ખો ગયા)**

સૌને છોડીને ક્યાં ગયા ? સૌને છોડીને ક્યાં ગયા ?

અચાનક આંખ મીંચી આપે તો, સૌ દીપ બુઝાયા
છવાયો અંધકાર અને, અમે અધવચ્ચે અટવાયા
અમારા શ્વાસમાં છો આપ, અમારો આતમા છો આપ. સૌને. ૧

અમારાં મસ્તકે જે હાથ મૂક્યો, યાદ તે આવે
નથી જો આપ તો અમને, હવે કોઈ કામ નહીં ફાવે
ગયા કેમ દૂર તારણહાર, હતો એક આપનો આધાર. સૌને. ૨

મધુરું હાસ્ય જોઈ આપનું, અમને મળી શાતા
અમે યાચક રહ્યા કાયમ, અને આપ જ રહ્યા દાતા
કે ખાલી થઈ ગઈ ઝોળી, કે વીખરાઈ છે રંગોળી. સૌને. ૩

અમારે પત્ર લખવો છે, કહો લખીએ કયાં ગામે ?
અમારી આંખમાં આવે છે, આંસુ આપનાં નામે
અમારી આંગળી ઝાલો, અમારી વેદના ટાળો. સૌને. ૪

અમોને આપની ઊર્જા ગુરુ, કાયમ મળ્યા કરજો
અમારી પ્રાર્થનાઓ આપનાં, નામે ફળ્યા કરજો
હંમેશા સંગ રહેજો આપ, પરમ દેવર્ધિ લહેજો આપ. સૌને. ૫

## ૨૭. બાળકુંવરનું ગુરુગીત

નાની નાની આંગળીઓમાં મોટો મોટો ભાવ
ગુરુજી માટે બાળકુંવરને ખૂબ ખૂબ છે લગાવ

ગુરુજી સાથે ચાલું એવી ઇચ્છા મનમાં જાગે
ભોળું ભોળું હૈયું કેવળ આશીર્વાદ માંગે
ગુરુજી સંગે ઉતરી જાતો મારા મનનો તાવ
ગુરુજી માટે બાળકુંવરને ખૂબ ખૂબ છે લગાવ. ૧

શુદ્ધિ અને સદ્‌બુદ્ધિ આપે એવો ગુરુનો પ્રેમ
આગળ ખૂબ વધારે મુજને એવી ગુરુની રહેમ
એની દેવર્ધિનાં જોરે જીતાય સઘળા દાવ
ગુરુજી માટે બાળકુંવરને ખૂબ ખૂબ છે લગાવ. ૨

## ૨૮. ગુરુમૂર્તિ પૂજાનાં ગીતો

### ગીત-૧

અંગૂઠે અમૃત વસે, અંગૂઠે શુભ લાભ
અંગૂઠે મસ્તક મૂકો, ઊઘડી આવશે આભ. ૧

**(સુણો શાંતિ જિણંદ સોભાગી)**

અંગૂઠે પૂજન કરીએ, અંગૂઠે વાસક્ષેપ ધરીએ,
ગુરુનું સન્માન આદરીએ, ગુરુ નામે સાગર તરિયે. અંગૂઠે પૂજન. ૧
ગુરુનો મહિમા છે અનંત, તારક છે ગુરુ ભગવંત,
ગુરુવરનો યશ છે જ્વલંત, ગુરુ અગણિત સદ્ ગુણવંત. અંગૂઠે પૂજન. ૨
અંગૂઠો એકલવ્ય કાપે, ગુરુવચન એ ના ઉત્થાપે
સર્વસ્વ જે ગુરુને આપે, તસ જીવનમાં દેવર્ધિ વ્યાપે. અંગૂઠે પૂજન. ૩

### ગીત-૨

ઘૂંટણનું બળ વાપરી, ગુરુવર કરે વિહાર
એ ઘૂંટણને પૂજતાં, આનંદ થાય અપાર. ૧

**(પ્રથમ એક પીઠિકા)**

ચાલતાં ચાલતાં મસ્તીમાં મહાલતા, સદ્ગુરુ ચરણ થાકે નહીં એ
ગામપરગામ ગુરુદેવ વિચરે સદા, અજબની શક્તિ ઘૂંટણમહીં એ. ૧
ધરતીની ધૂળને સ્પર્શીને વિહરતા, ઈર્યા સમિતિ ગુરુ પાળતા એ.
એક એક જીવના દોષને શુભગુરુ, વાણીના વહેણથી ટાળતા એ. ૨
તીર્થની સ્પર્શના સંજમ જાતરા, કાઉસગ સાધના આદરે એ
ધન્ય ગુરુદેવનાં ચરણમાં જે નમે, તેહ દેવર્ધિ સહસા વરે એ. ૩

### ગીત-૩

માથે હાથ મૂકે ગુરુ, ટાળે પાપ સંતાપ.
હાથની પાવન પૂજના, દૂર કરી દે પાપ. ૧

**(ગિરિવર દરિશન)**

ગુરુ જે હાથે શાસ્ત્રને ધારે, તેહની પૂજા દુરિત નિવારે,
ગુરુ જે હાથે રજોહરણ ધારે, તેહનું અર્ચન ભવથી ઉગારે. ૧

ગુરુ જે હાથે મુહપત્તી પકડે, તેના બહુમાને દુઃખ ન કનડે,
ગુરુ જે હાથે કર્મોથી લડે, તસ સન્માને મોહ ન નડે. ૨
ગુરુ જે હાથે દંડને ધારે, સ્પર્શના તેહની જીવને તારે.
ગુરુ જસ હાથે ભિક્ષા સ્વીકારે, દેવર્ધિ દોડી આવે તસ દ્વારે. ૩

### ગીત-૪

શાસનતણી ધુરા વહે, વૃષભ સમા જે સ્કંધ
તેહની મંગલ અર્ચના, ટાળે કર્મનો બંધ. ૧

**(આનંદ કંદ પૂજતા)**

ધારે મહાવ્રતોનો ભાર, સ્કંધ ધન્ય આ
જબરદસ્ત જાગૃતિની જ્યોત જગાવે
સંઘના સુકાર્યમાં એ શક્તિ લગાવે. ૧
પાતરાની ઝોળી જ્ઞાન પોથી ઉપાડે
જાય જ્યાં જ્યાં ત્યાં શાસનના ડંકા વગાડે. ૨
સંઘની છે શાન મારા સદ્‌ગુરુ મહાન
પગલે પગલે પ્રગટે દેવર્ધિનાં નિધાન. ૩

### ગીત-૫

લોચ કષ્ટ મસ્તક ખમે, કરે કદીય ન સ્નાન
તે મસ્તકને પૂજતા, ટળે અમંગલ ધ્યાન. ૧

**(સિદ્ધચલ શિખરે)**

જિન આણા મસ્તકે ધારે રે, સૂરિરાયા મારા ગુરુરાયા
નથી વહેતા કોઈ વિકારે રે, સૂરિરાયા મારા ગુરુરાયા
સવિ જીવતણી શુભ કામના રે, સૂરિરાયા મારા ગુરુરાયા
શાસનનેતા એવી નામના રે, સૂરિરાયા મારા ગુરુરાયા. ૧
એની આંખોમાં અમરતધારા રે, સૂરિરાયા મારા ગુરુરાયા
એ સંઘ સકલના પ્યારા રે, સૂરિરાયા મારા ગુરુરાયા
શુભ અધ્યવસાયનો દીવો રે, સૂરિરાયા મારા ગુરુરાયા
મારા સાહેબ જુગજુગ જીવો રે, સૂરિરાયા મારા ગુરુરાયા. ૨

શુભતત્ત્વને નિતનિત વંદે રે, સૂરિરાયા મારા ગુરુરાયા
શુભભાવે રહે આનંદે રે, સૂરિરાયા મારા ગુરુરાયા
દેવર્ધિ ધરે મહારાજા રે, સૂરિરાયા મારા ગુરુરાયા
સદા ફૂલસમાન રહે તાજા રે, સૂરિરાયા મારા ગુરુરાયા. ૩

## ગીત-૬

સૂરજ જેવા તેજથી, દીપે કપાળ વિશાળ
આજ્ઞા તિલકની અર્ચના, પ્રગટાવે દીપમાળા. ૧

**(રમતી ગમતી હમુને સાહેલી)**

વંદન કરીએ દર્શન જ્ઞાન ચારિત્રના મહાસાગરને
ઘણી ઘણી ખમ્મા મારા ગુરુવરને
લાખો ભક્તો ઉમંગે અનુસરે
તારણહારા ધુરંધરને. ઘણી ઘણી ખમ્મા. ૧
પાવન લેશ્યા છે જિનવાણી
અનુશીલનનાં સંસ્કરણે ઘણી ઘણી ખમ્મા
આતમા છે બડભાગી ગુરુનો
પળપળ અપ્રમાદ આચરણે ઘણી ઘણી ખમ્મા. ૨
યોગક્ષેમકારકને નમીએ
દશવિધસામાચારીધરને. ઘણી ઘણી ખમ્મા
દેવર્ધિ ચરણોમાં વસે છે
તારો ગુરુ તવ કિંકરને. ઘણી ઘણી ખમ્મા. ૪

## ગીત-૭

કંઠથકી જાગી ઊઠે સત્યતણો શંખનાદ
કંઠસ્થલને પૂજતા પામીએ પરમ આહ્લાદ. ૧

**(દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો)**

બોલે મંગલવાણીજી બોલે મંગલવાણીજી
બંધ નયનને ખોલે બોલે મંગલવાણીજી...

બોલે આગમના આધારે મનના સંશય દૂર નિવારે
સ્વયં તરે ને સૌને તારે
કંઠ સરસ ઉચ્ચાર હાહા કંઠ સરસ ઉચ્ચાર. બોલે મંગલવાણીજી. ૧
સૂત્ર અર્થ અને તત્ત્વ સુણાવે વિધિ અવિધિનો વિવેક લાવે
સ્તુતિ સ્તવન સજ્ઝાય એ ગાવે
કંઠ સરસ ઉચ્ચાર હાહા કંઠ સરસ ઉચ્ચાર. બોલે મંગલવાણીજી. ૨
ના ઉત્સૂત્ર કદી ઉચ્ચરશે પરપરિવાદ નહીં એ કરશે
એને દેવર્ધિ અનુસરશે
કંઠ સરસ ઉચ્ચાર હાહા કંઠ સરસ ઉચ્ચાર. બોલે મંગલવાણીજી. ૩

## ગીત-૮

હૈયે વસે પરમાતમા વીતરાગ ભગવાન
અલ્પકષાય દશાતણું કરીએ બહુ સન્માન. ૧

**(જિણંદા પ્યારા)**

સૂરીસર વંદો મુનીસર વંદો
હૈયે વસાવો ભગવંત
વંદો રે સૂરીસર વંદો
સવિ જીવ કરું શાસનરસિયા, એ શુભભાવ મહંત. વંદો રે. ૧
મોક્ષનાં સુખના પ્રેમી બનાવે જે છે સાદિ અનંત. વંદો રે
ધર્મવિરોધીને દૂર ભગાવે સાહેબ છે જયવંત. વંદો રે. ૨
એના પુણ્યપ્રભાવે ખીલે ઘરઘર સરસ વસંત. વંદો રે
દેવર્ધિના દીપ જલાવે એવા આ મહાસંત. વંદો રે. ૩

## ગીત-૯

શિવમંદિરમાં જાવું છે એક જ એ અરમાન
રાતદિવસ એમ બોલતું ઊંડું નાભિસ્થાન. ૧

**(પ્રભુ પાસનું મુખડું જોવા)**

ગુરુરાજ પરમ ઉપકારી, અજ્ઞાન અવસ્થા નિવારી.
પ્રભુવીરની વાટ અવધારી, સુધર્માની પાટ અવધારી.
ગુરુરાજ પરમ ઉપકારી. ૧

ઊંડી મહાકરુણા ધારે, સદ્ધર્મ સતત વિસ્તારે
બધા દુઃખ પચાવી જાણે, રહે છઠ્ઠે સાતમે ગુણઠાણે
ગુરુરાજ પરમ ઉપકારી. ૨

આશય અતિશય શુભકારી, એના અધ્યવસાય મનોહારી
ગુરુમહિમા વર્ણવે ભગવાન, દેવર્ધિ નમે શુભધ્યાન.
ગુરુરાજ પરમ ઉપકારી. ૩

**(કળશ)**

ઊનામાં લહે અષ્ટપ્રકારી પૂજા હીરગુરુવર રે
તે જોઈ આ નવઅંગપૂજા વિરચી ભક્તિ તત્પર રે
વિધવિધ શાસ્ત્રના પાઠ નિહાળી ગુરુપૂજન આદરીએ રે
ગુરુ મહિમાનું ગાન કરીને ભવનો સાગર તરીએ રે. ૧

## ૨૯. ગુરુવંદના

(શ્રી પંચિદિય સૂત્રના અર્થવિસ્તાર રૂપે ગુરુભગવંતના છત્રીસ ગુણોને વર્ણવતી આ વંદના ગુરુભક્તિના દરેક અવસરે ગાઈ શકાશે.)

**(હરિગીત...)**

પાંચેય ઇન્દ્રિય વશ ધરે, નવ બ્રહ્મ ગુપ્તિ ધારતા,
જીત્યા કષાયો ચાર, મહાવ્રત પાંચ શુભ અજવાળતા,
આચાર પાંચ ને પાંચ સમિતિ ગુપ્તિ ત્રણ સંભાળતા,
છત્રીસ સદ્‌ગુણ ધારતા મુજ સદ્‌ગુરુને વંદના. ૧

**(પાંચ ઇન્દ્રિયનો સંવર)**

ના સ્પર્શનાં સુખમાં રમે, ના સ્પર્શજન્ય દુઃખે ડરે,
અનુકૂળતા પ્રતિકૂળતામાં એકચિત્તદશા ધરે,
આહાર કેરા સ્વાદમાં રુચિ અને અરુચિ એ નવ કરે, છત્રીસ સદ્‌ગુણ. ૨

મઘમઘ સુવાસોમાં નહીં લેપાય આકર્ષિત થઈ,
દુર્ગંધમાં ઉદ્વેગ ના બંધાય અરતિ વશે જઈ,
ના રૂપમાં છે રાગ ને કદરૂપમાં ના દ્વેષ કંઈ, છત્રીસ સદ્‌ગુણ. ૩

શબ્દો મનોહર સાંભળીને રાજીપો ના બાંધતા,
કર્કશ સ્વરે નારાજગીના ભાવ ના કોઈ વાધતા,
પાંચેય ઇન્દ્રિયના વિષયમાં ભાવ નિઃસ્પૃહ સાધતા, છત્રીસ સદ્‌ગુણ. ૪

**(નવવિધ બ્રહ્મચર્ય ગુપ્તિ)**

પાવન જીવનને પાળવા નવ ગુપ્તિ બ્રહ્મ તણી ગ્રહે,
ના એ વિજાતીય તત્ત્વ સાથે એક આવાસે રહે,
કંદર્પની હીણી કથા ના સાંભળે કે ના કહે, છત્રીસ સદ્‌ગુણ. ૫

ના એક આસન બેસવું, બેસેલનો ઉપયોગ નહીં,
અંગો ન ભાળે રાગથી એ તીવ્ર વૈરાગે રહી,
ના ધ્યાન આપે ભીંત પાછળ ચાલતી ક્રીડામહીં, છત્રીસ સદ્‌ગુણ. ૬

જે ભોગવ્યાં'તા ભોગ પૂર્વે તેહ સંભારે નહીં
વિગઈ થકી લથબથ થનારાં દ્રવ્ય આહારે નહીં,
અતિરેકથી ના વાપરે કે દ્રવ્ય લે ભારે નહીં, છત્રીસ સદ્ગુણ. ૭

એ દેહ માટે ના જીવે – એ દેહ થકી જીવન ધરે,
કોઈ વિભૂષા દેહની કે વસ્ત્રની એ ના કરે,
નવ વાડ સુંદર જાળવી એ દોષ દૂરે પરહરે, છત્રીસ સદ્ગુણ. ૮

**(ચાર કષાયોથી મુક્તિ)**

આવેગ કે આવેશમાં ખેંચાય એવા એ નથી,
સંઘર્ષ કે સંક્લેશમાં વહેંચાય એવા એ નથી,
ને પાપ કે પરિતાપને વેચાય એવા એ નથી, છત્રીસ સદ્ગુણ. ૯
ના ક્રોધ કે આક્રોશ તેઓના કદી અપ્રશસ્ત છે,
સમતા અને શાંતિતણા માર્ગે સદા અપ્રમત્ત છે,
ઉપશમતણા અવતાર છે, અવિકાર એહ વિરક્ત છે, છત્રીસ સદ્ગુણ. ૧૦
ગૌરવ ધરમનું ઉચ્ચ ધારે, એકનિષ્ઠ છે શાસને,
ઈર્ષા અને સ્પર્ધા અને નિંદા ન છે એની કને, છત્રીસ સદ્ગુણ. ૧૧
ના જૂઠ બોલે ના કપટ કે દંભ તેઓ આચરે,
ના લોભ લાલચ લાલસાના ભાવ મનમાં આદરે,
કરવા પડે જ કષાય તો કરતા પ્રશસ્ત જ અવસરે, છત્રીસ સદ્ગુણ. ૧૨

**(પાંચ મહાવ્રત)**

ના પાપને કરશે કદી, ના પાપ કોઈ કરાવશે,
ને પાપીની અનુમોદના કરનાર મનથી ના થશે,
જે પાપ છોડ્યા તે દિશામાં જિંદગીભર ના જશે, છત્રીસ સદ્ગુણ. ૧૩
હિંસા તણો વ્યાપાર છોડ્યો છે ત્રિવિધ ભાવે કરી,
ને જૂઠનો આધાર છોડ્યો છે ત્રિવિધ ભાવે કરી,
ચોરીતણો વહેવાર છોડ્યો છે ત્રિવિધ ભાવે કરી, છત્રીસ સદ્ગુણ. ૧૪
અબ્રહ્મનો આચાર છોડ્યો છે ત્રિવિધ ભાવે કરી,
વૈભવ અને વેપાર છોડ્યો છે ત્રિવિધ ભાવે કરી,
ને રાતનો આહાર છોડ્યો છે ત્રિવિધ ભાવે કરી, છત્રીસ સદ્ગુણ. ૧૫

### (પંચ આચાર)

એ જ્ઞાનના આઠેય આચારો અનવરત આદરે,
દર્શનતણા આઠેય આચારે અખંડિત રસ ધરે,
ચારિત્રના આઠેય આચારો અદૂષિત આચરે, છત્રીસ સદ્‌ગુણ. ૧૬
બારેય તપની સેવના કરતા રહે ઉલ્લાસથી,
સદ્‌ધર્મની કરણી કરે એ શક્તિથી વિશ્વાસથી,
આચાર્ય હોય આચારથી, જેમ ફૂલ હોય સુવાસથી, છત્રીસ સદ્‌ગુણ. ૧૭

### (પાંચ સમિતિ)

એ માર્ગ પર નજરો બિછાવીને પછી પગલાં ભરે,
એ શબ્દમાં સચ્ચાઈ સિંચીને જ વચનો ઉચ્ચરે,
એ દોષ સુડતાલીસ રહિત નિર્દોષ ભિક્ષા વાપરે, છત્રીસ સદ્‌ગુણ. ૧૮
જયણાતણું પાલન કરે, ચૂકે કદી ન પ્રમાર્જના,
યોગ્યસ્થળે ને યોગ્ય રીતે પરઠવે મલ દેહના,
પાંચેય સમિતિ પાળતા ને ટાળતા એ વિરાધના, છત્રીસ સદ્‌ગુણ. ૧૯

### (ત્રણ ગુપ્તિ)

આશય અને આલંબને કોઈ જ નબળાઈ નહીં,
એવી મનોગુપ્તિ તણું પાલન કરે જાગૃત રહી,
શુભધ્યાન વાટે શુદ્ધ લેશ્યા એમણે અંતર વહી, છત્રીસ સદ્‌ગુણ. ૨૦
આત્મા અને આજ્ઞા વિનાની વાત કોઈ કરે નહીં,
સુવિચાર ને સંસ્કારની સરણી વચનગુપ્તિ કહી,
એ જીભને ને જીવને હંમેશ અજવાળે સહી, છત્રીસ સદ્‌ગુણ. ૨૧
ના પાપ કરવા દેહથી ને કષ્ટ દેવા દેહને,
આહારસંજ્ઞા જીતવી, કહે કાયગુપ્તિ એહને,
છોડે કરમની ગાંઠને, તોડે શરીરના નેહને, છત્રીસ સદ્‌ગુણ. ૨૨
મુજ સદ્‌ગુરુના સદ્‌ગુણો મારાં હૃદયને મોહતા,
મુજ સદ્‌ગુરુ પ્રભુશાસને સૂરજ થઈને સોહતા,
છત્રીસ ગુણોથી એ પરમપદનું શિખર આરોહતા, છત્રીસ સદ્‌ગુણ. ૨૩

# ૫

# દીક્ષાગીત

| | | |
|---|---|---|
| ૧. | મારે તરવો છે સંસાર | ૧૨૭ |
| ૨. | ધર્મવ્રત | ૧૨૭ |
| ૩. | મને વેષ પરમતણો | ૧૨૮ |
| ૪. | તમે દીક્ષા લેશો | ૧૨૮ |
| ૫. | વૈરાગી વીર | ૧૨૯ |
| ૬. | સૌ કરો ધર્મ અનુમોદન | ૧૨૯ |
| ૭. | ધન્ય ધન્ય દીક્ષાર્થી | ૧૩૦ |
| ૮. | આ નાના મહારાજજી | ૧૩૦ |
| ૯. | તારાં ચરણો છે કોમળ : વિદાયગીત | ૧૩૧ |
| ૧૦. | તું શિરછત્ર છે મારું – વિદાયગીત | ૧૩૧ |
| ૧૧. | સંયમગીત નોનસ્ટોપ | ૧૩૩ |
| ૧૨. | સંવેગરંગોત્સવ | ૧૩૫ |
| ૧૩. | સંયમના સંગે | ૧૩૫ |
| ૧૪. | વીરનું વ્રત | ૧૩૬ |
| ૧૫. | મોટી વયે વ્રત | ૧૩૭ |
| ૧૬. | પ્રવ્રજ્યા | ૧૩૭ |
| ૧૭. | સંયમના રંગે, આનંદ મંગલ | ૧૩૮ |
| ૧૮. | ધમ્મો મંગલં | ૧૩૯ |
| ૧૯. | हरख हरख मन | ૧૩૯ |
| ૨૦. | गुरु ने दियो है रजोहरण | ૧૪૧ |
| ૨૧. | तुम्हे मिली गुरु मैया | ૧૪૧ |
| ૨૨. | मुझे ऐसे मिले गुरु राज | ૧૪૨ |
| ૨૩. | प्यारा है जिनशासन | ૧૪૨ |
| ૨૪. | दीक्षा महोत्सव | ૧૪૩ |
| ૨૫. | મહાવ્રત વંદના | ૧૪૩ |
| ૨૬. | સંયમના અરમાન | ૧૪૫ |

## ૧. મારે તરવો છે સંસાર

(સમરો મંત્ર ભલો નવકાર)

મારે તરવો છે સંસાર, મારાં શમણાંનો નહીં પાર,
થાવું આનંદઘન અવતાર, મારે પરમાતમ આધાર. ૧
ઓઘો મારા હાથમાં સોહે, મુહપત્તિ આંગળ,
ધવલ વસ્ત્ર મુજ દેહ વહે, ધર્મ મહામંગલ. મારે. ૨
તપ જપ ચાલે બારે મહિના, શાસ્ત્ર વચન અભ્યાસ,
જ્ઞાન ધ્યાનમાં એકલીનતા, ગુરુ આજ્ઞા વિશ્વાસ. મારે. ૩
દર્શન, જ્ઞાન અને ચારિત્રે, અખંડ છે અનુરાગ,
પંચ મહાવ્રત પાલન પાક્કું, ઊંચો છે વૈરાગ. મારે. ૪
સુખમાં દુઃખમાં સમતા ધારું, મનમાં નહીં મમત્વ,
કષ્ટોમાં મન ખેદ ન જાગે, સિંહ સમું હોય સત્ત્વ. મારે. ૫
વહેલાં વહેલાં પરમાતમપદ, પામે આતમરામ,
ભવભવનો ચકરાવો તૂટે, દેવર્ધિનું ધામ. મારે. ૬

## ૨. ધર્મવ્રત

(હોંશવાલો કો ખબર ક્યાં ?)

મસ્તીમાં રહેવા મળે તો, મસ્તીમાં રહેવું ભલું,
પાણીમાં જો ઉતરો તો, પાણીમાં વહેવું ભલું. મસ્તીમાં. ૧
જો પરમના પંથ માટે, જીવડો તૈયાર છે,
તો ધવલ વસ્ત્રો ધરીને, ધર્મવ્રત લહેવું ભલું. મસ્તીમાં. ૨
કર્મ જૂના તોડવા છે, એટલો સંકલ્પ લો,
કાયાને જે કષ્ટ લાગે, કષ્ટ તે સહેવું ભલું. મસ્તીમાં. ૩
શ્વાસ છેલ્લો જ્યારે લેશું, ત્યારે સૌ છૂટી જશે,
હસતા ચહેરે, ખુલ્લી આંખે, અલવિદા કહેવું ભલું. મસ્તીમાં. ૪
જે વિચારોમાં હશે તે, આવશે આચારમાં,
ઊંચું ચિંતન, ઊંચું જીવન, હોય તો કેવું ભલું. મસ્તીમાં. ૫

## ૩. મને વેષ પરમતણો

(ના દોસ્ત હૈ, ના રકીબ હૈ)

મને વેષ પરમ તણો ગમે, મારું મન મહાવ્રતમાં રમે. મને. ૧
આયુષ્યનો છે ભરોસો શું ? જુઓ, રોજ સૂરજ આથમે. મને. ૨
ઇચ્છાનું ચક્ર અનંત છે, આંધી ઊઠે ને ના શમે. મને. ૩
વીસરી શકે દુનિયાને જે, તેને સદા દુનિયા નમે. મને. ૪
લોકો જે રોઈને ખમે, યોગી એને હસતાં ખમે. મને. ૫
જે આ ભવે દીક્ષા ગ્રહે, તે મોક્ષ પામે અનુક્રમે. મને. ૬
સંસાર દુઃખનું ધામ છે, સમજે નહીં તે ભવે ભમે. મને. ૭

## ૪. તમે દીક્ષા લેશો

(દિલ હુમ હુમ કરે)

તમે દીક્ષા લેશો ગુણકારી, તમે ભાવે થાશો વ્રતધારી,
રહી જશું અમે સંસારી, તમે થઈ જાશો અણગારી.
તમે હિંમત કરી, એવી હિંમત અમને દેજો,
તમે જીત્યા બાજી, અમે આખી બાજી હારી. તમે. ૧

થશે દેહથી તપસ્યા, થશે વાણીથી વિનય,
થશે શુદ્ધ ભાવ સંગે, બધા દોષનો વિલય,
તમે આત્મા માટે, રહેશો જાગૃત પળેપળે,
તમે શ્રદ્ધા ધરી, બનશો વિરતિના પૂજારી. તમે. ૨

નથી શક્તિ જે બીજામાં, તમે શક્તિ તે ધરી,
તમે ચિત્તની વિશુદ્ધિ, ક્રિયાઓ થકી કરી,
તમે સાત્ત્વિક થશો, મન વચન અને કાયાથી,
તમે આત્મિક બળે, તોડશો સૌ ગાંઠ નઠારી. તમે. ૩

## ૫. વૈરાગી વીર

**(હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ)**

હો ભાવ ધરી વંદો આ વૈરાગી વીર
અમૃતના ઘૂંટડાઓ ભરવાને આનંદે નીકળ્યા છે વૈરાગી વીર.
ઝેરીલા સંસારી સુખડાઓ જોઈ ના પીગળ્યા છે વૈરાગી વીર. ૧
આંખોમાં આત્માને હૈયે પરમાત્માને ધારે છે વૈરાગી વીર.
પૈસો પ્રતિષ્ઠા પરિવારની પ્રીતિ વારે છે વૈરાગી વીર. ૨
અડવાણે પાય એ તો ચાલીને જાય મીઠું મલકાય વૈરાગી વીર.
કષ્ટ ભલે થાય વાહન ના વપરાય એવા ગીત ગાય વૈરાગી વીર. ૩
મુટ્ઠીઓ ભરી ભરી દે વર્ષીદાન બહુ ઉલ્લાસે વૈરાગી વીર.
સંયમમાં શુભ અને લાભ એ તો માને ગુરુ કુલ વાસે વૈરાગી વીર. ૪
ઓઘો લઈ હાથમાં ખૂબ ખૂબ આનંદે નાચશે આ વૈરાગી વીર.
મુહપત્તિ ધરીને ગુરુ પાસે શાસ્ત્રોને વાંચશે આ વૈરાગી વીર. ૫
ચાંદીની થાળીથી, સોનાની ચમચીથી, દૂર રહે વૈરાગી વીર.
લાલ લાલ પાત્રામાં નિર્દોષ ગોચરીમાં રસ વહે વૈરાગી વીર. ૬
પાંચ પાંચ સમિતિઓ ત્રણ ત્રણ ગુપ્તિઓ ધારશે વૈરાગી વીર.
પાંચ પાંચ મહાવ્રતો ધરીને નિજ આતમને તારશે વૈરાગી વીર. ૭
બાલવય હોય કે યૌવન સમય વ્રત સ્વીકારે વૈરાગી વીર.
વૃદ્ધ ઉંમરમાંય મન વચન કાયાથી વ્રત ધારે વૈરાગી વીર. ૮
ધન્ય ધન્ય માતા પિતા ધન્ય ધન્ય ગુરુજનો જેને નમે વૈરાગી વીર.
દેવર્ધિ પામશે એ પરમ પદમાં જેનાં મન રમે વૈરાગી વીર. ૯

## ૬. સૌ કરો ધર્મ અનુમોદન

**(હમ કરે રાષ્ટ્ર આરાધન : ચાણક્ય)**

સૌ કરો ધર્મ અનુમોદન, જે લે સંયમ જીવન,
તેને શત શત વંદન, સૌ કરો ધર્મ અનુમોદન. ૧
સમજણપૂર્વક સુખ છોડે, આત્માને શુભમાં જોડે,
મમતાના બંધન તોડે, સૌ કરો તેમનું કીર્તન. સૌ કરો. ૨

મહાભાગી મુમુક્ષુ નિરખો, અનુમોદન કરતા હરખો,
આનંદના આંસુ વરસો, દુર્લભ છે આવા દર્શન. સૌ કરો. ૩
છે મંગલકારી દીક્ષા, એ પલ પલ કરે પરીક્ષા,
દીક્ષા છે સાચી શિક્ષા, જે કરે પાપ નિકંદન. સૌ કરો. ૪

## ૭. ધન્ય ધન્ય દીક્ષાર્થી

**(શ્રી નમિનાથનાં ચરણે નમતાં)**

આતમ લક્ષ્મી વરવા કાજે, વૈભવ લક્ષ્મી છોડી રે,
ધન્ય ધન્ય દીક્ષાર્થી તમોએ, મોહની સાંકળ તોડી રે. ૧
અમે અમારા અરમાનોનાં, અંધારે અટવાયા રે,
અરમાનોથી મુક્ત થઈને, તમે ગગન લહરાયા રે. ૨
કાયાને કોઈ કષ્ટ પડે તો, રડતાં રે અમે ડરતાં રે,
તમે લોચનું કષ્ટ સહેવા, મક્કમ ડગલાં ભરતા રે. ૩
ખાવામાં પીવામાં અમને નવું નવું બહુ ગમતું રે,
સ્વાદવિહોણા ગોચરીવ્રતમાં હૈયું તમારું રમતું રે. ૪
મોંઘા વસ્ત્રો દાગીનાઓ, અમને સુંદર લાગ્યા રે,
ધવલ વસ્ત્ર ધારણ કરવાના, ભાવ તમોને જાગ્યા રે. ૫
અમે અમારાં મનની મરજી મુજબ વિચાર્યા કરતાં રે,
ગુરુની આજ્ઞા શાસ્ત્રની વાણી, મસ્તક પર તમે ધરતાં રે. ૬
અમે પાપના પાગલ પ્રેમી, અમે દોષના દરિયા રે,
ધન્ય ધન્ય દીક્ષાર્થી તમને, તમે એ દરિયો તરિયા રે. ૭

## ૮. આ નાના મહારાજજી

**(જય જય શ્રીનાથજી)**

બાળઉંમરમાં સંયમ વેશે, ખૂબ ખૂબ મલકાયજી,
આ નાના મહારાજજી, આ નાના મહારાજજી.
નાના નાના હાથે પકડે, ઓઘો ને મુહપત્તિજી,
ધન્ય ભાગ્ય છે એના જે, પામ્યા સંયમ સંપત્તિજી,
નાનકડો દાંડો દંડાસન, લઈને ચાલત જાયજી. આ નાના. ૧

જેનાં માથે હાથ ગુરુનો, તે નહીં નાના રહેશેજી,
બાળમુનિ આ શ્રમણસંઘમાં, મોટું સ્થાન લહેશેજી,
ભક્તિભાવે વંદન કરીએ, જોતાં આનંદ થાયજી. આ નાના. ૨
ઓછું ઓછું બોલે છે પણ ઘણું ઘણું હરખાયજી,
સાધુવ્રતનાં સુખનું વર્ણન કેમ કરીને થાયજી,
દેવર્ધિ એ લહેશે ઊંચી, શાસનદેવ સહાયજી. આ નાના. ૩

## ૯. તારાં ચરણો છે કોમળ : વિદાયગીત

**(ચિઠ્ઠી ન કોઈ)**

તારાં ચરણો છે કોમળ, મારગ કાંટા પુષ્કળ, હવે તું સાચવજે,
જાગૃત રહેજે પળ પળ, મારગ કાંટા પુષ્કળ, હવે તું સાચવજે.
તારી નાજુક છે કાયા, તને કષ્ટ ઘણા પડશે,
એ કષ્ટ સહેવાથી જ, તને મોક્ષની રાહ જડશે,
જે ચિંતા અમને થાય, તે તને નહીં સમજાય. હવે તું સાચવજે. ૧
તારો ચહેરો જોવાની, અમને એક આદત છે,
તારી સાથે વાત કરું, એવી મમતાની લત છે,
તું ગુરુ સંગે લે વિદાય અને ઘર ખાલી થઈ જાય. હવે તું સાચવજે. ૨
તારે પંચમહાવ્રતનું, પાલન કરવાનું છે,
તારે શુદ્ધ થવાનું છે, તારે સિદ્ધ થવાનું છે,
આ સપનું મન ધરજે, પરમાતમ પદ વરજે. હવે તું સાચવજે. ૩

## ૧૦. તું શિરછત્ર છે મારું – વિદાયગીત

**(લાડકી)**

**(૧)**

તું શિરછત્ર છે મારું, ઋણ તમામ સ્વીકારું,
હું ક્યારેય નહીં ભૂલું ઉપકાર,
હું દૂરદૂર ભલે જાઉં, ભલે ઘરથી અળગો થાઉં,
સાથે રહેશે તારા સિંચેલા સંસ્કાર,

તારો બાળ છું હું, તારો બાળ છું હું,
તારો બાળ છું હું, તે દીધો શુભ અવતાર.

(૨)

હે મારું તું બાળ રે,
મારું રે સંતાન તું, કરું તને વહાલ રે,
તારી પ્રીત રહે મન દિવસ ને રાત,
હે આંગણું સૂનું થશે રે (૨) કોણ સાંભળશે વાત રે
ક્યાંથી આવી તારામાં આવડી તાકાત ?
મારું બાળ છે તું ખમ્મા ઘણી, મારું સપનું છે તું ખમ્મા ઘણી,
મારું બાળ રે તને લાડ કરું, હવે રહેજે ગુરુ સંગાથ,
મારા બેટા રે, તું કો'ક દી, કરજે ને અમ ઉદ્ધાર.

(૩)

સાંભળજે રે, મંગળ આશિષ દેજે રે,
તારો બાળ છું હું, હંમેશા તારો બાળ છું હું,
દેવ ગુરુ ધર્મનો સંગ હવે લહું,
તેં જ્ઞાન આપ્યું મને તેં શ્રદ્ધા આપી,
પરમનો પંથ મુજને તેં બતાવ્યો અહો,
હવે છોડવા ચાહું પાપમય સંસાર,
છોડવા ચાહું પાપમય સંસાર,
કરવો મારે ભાવે આતમનો ઉદ્ધાર,
પાળવા મારે શ્રમણના આચાર,
ધન્ય તુજને તેં આપી અનુમતિ ઉદાર,
તારો બાળ હું છું (૩) તે દીધો શુભ અવતાર.

(૪)

ખમ્મા ઘણી તુંને ખમ્મા ઘણી,
મારું બાળ છે તું, તુંને ઘણી ખમ્મા,
એ સિંહ થઈને સંચરો, તમે સાધક થઈ સિદ્ધિ વરો,
તમને માનવભવ સફળ કરો, તમે બાહુબળે દરિયો તરો.

## ૧૧. સંયમગીત નોનસ્ટોપ

### સંયમગીત-૧

**(આવો તો રમવાને)**

શરણાઈ વગડાવો દીવડા પ્રગટાવો
દીક્ષા મહોત્સવમાં સાજનમાજન આવો,
હરખના ગીત ગાવો...
રંગોળી રચો તોરણ બાંધી લો
કંકુ છાંટો તમે કંસાર રાંધી લો
હે મોટા પૂજન વિવિધ મંડાવો રે
આંગી સજાવજો રે ગગન ગજાવજો રે
શરણાઈ વગડાવો દીવડા પ્રગટાવો

### સંયમગીત-૨

**(મીઠી રસ સે ભર્યો રે રાધા)**

પુણ્યશાળી જ પ્રવેશે સંયમ મહેલમાં રે
દીક્ષા લેવાતી નથી કંઈ એકદમ સહેલમાં રે
સંયમ સુખ છે સાચું સાચું સાચો સંયમ રંગ
સંયમ જીવન પાવન પાવન પામો આતમ સંગ
દુઃખ દુઃખ છે સંસારની આ જેલમાં રે
દીક્ષા લેવાતી નથી કંઈ એકદમ સહેલમાં રે. ૧
પુણ્યવંત આ દીક્ષા લેશે તન મન છે ઉલ્લાસ
પરમાતમજી છે હૈયામાં ગુરુનો છે વિશ્વાસ
એ તો રમશે નહીં રે ખોટા ખેલમાં રે
દીક્ષા લેવાતી નથી કંઈ એકદમ સહેલમાં રે. ૨

### સંયમગીત-૩

**(મારા વીરા વિરલ)**

મોટા વીર હોય એ જ ધરે મહાવીરનો વેશ
ગુણવાન હોય એ જ ધરે મહાવીરનો વેશ
ધોળો ઉજળો એ વેશ ભગવાનનો ઉપદેશ

મહાભાગ હોય એ જ ધરે મહાવીરનો વેશ. ૧
તેના પાતરાનો રંગ હશે લાલ લાલ લાલ
હશે સિંહસમાન એની એકધારી ચાલ
વિહાર ખુલ્લા પગે થાશે દેશ ને પ્રદેશ
એને રાગ દ્વેષના કોઈ આવે ન આવેશ
મહાભાગ હોય એ જ ધરે મહાવીરનો વેશ. ૨

**સંયમગીત-૪**

**(પેથલપુરમાં)**

આનંદ મંગલ ઉત્સવ આવ્યો રે આજ
સંયમ સ્વીકારનો અવસર લાવ્યો રે આજ
દીક્ષાર્થીનો જય જય હો દીક્ષાર્થીનો જય જય હો
શિક્ષા લે એને દીક્ષા દેવાય છે દીક્ષા આપે મહાશક્તિ
ભિક્ષા તિતિક્ષાનો મારગ છે દીક્ષા દીક્ષાથી મળે અનાસક્તિ
તપત્યાગનો દાવ ફાવ્યો ફાવ્યો રે આજ
દીક્ષાર્થીનો જય જય હો દીક્ષાર્થીનો જય જય હો

**સંયમગીત-૫**

**(લીલી લીંબડી રે)**

સંયમઉત્સવે રે સંઘ મહાજન આવોજી
સંયમ ધર્મના રે સુંદર ગીતો ગાવોજી. ૧
સંયમ જે ગ્રહે રે તેનો જીવ છે સૌભાગી
છોડે સુખ સુવિધા રે ધનધન આતમ વૈરાગી. ૨
સંયમ સાધના રે એ તો છે તલવારની ધાર
સંયમ જે વરે રે તે પામે છે ભવનો પાર. ૩
સંસાર છોડીને રે એ બનશે મોટા ત્યાગી
છોડે સુખ સુવિધા રે ધનધન આતમ વૈરાગી. ૪
સંયમ દેવર્ધિ દે રે સંયમ છે મહાવીરનો પંથ
સંયમ પાળીને રે જીવડો થઈ જાય નિર્ગ્રંથ. ૫
આવતા જન્મમાં રે એને બનવું છે વીતરાગી
છોડે સુખ સુવિધા રે ધનધન આતમ વૈરાગી. ૬

## ૧૨. સંવેગરંગોત્સવ

સંવેગરંગોત્સવ પરમપદ પામવા માંડી સફર
સંવેગરંગોત્સવ હૃદય વૈરાગ્યથી છે સભર સભર. ૧
ના પાપમાં પડવું કદી, ના દુઃખમાં રડવું કદી
સંવેગરંગોત્સવ સતત શુભ સાધવાની છે ફિકર. ૨
છાલા પડે પગમાં છતાં મુજ ચાલવાનું અખંડ રહે
સંવેગરંગોત્સવ ભીતર આનંદ શોધું અજર અમર. ૩
સંસ્કારમાં આચારમાં વિસ્તાર પામે અનંતતા
સંવેગરંગોત્સવ બનું અવિકારભાવે તર-બ-તર. ૪
આતમસુખે રમવું ગમે ગુરુચરણમાં નમવું ગમે
સંવેગરંગોત્સવ વિમલ કરુણાનો ભાવ બને અફર. ૫
જે છોડીને જ જવાનું છે એનું મમત્વ રખાય નહીં
સંવેગરંગોત્સવ ચલો ચેતનજી ચારિત્રમાર્ગ પર. ૬
આગળ વધો સાચી દિશામાં એ જ તો સંવેગ છે
સંવેગરંગોત્સવ રચે સોહામણું નરભવ નગર. ૭
ભટકી લીધું ભરપૂર ભવભવ, બસ હવે અટકો અહીં
સંવેગરંગોત્સવ બતાવે સિદ્ધિની સાચી ડગર. ૮
ઊંચા મનોરથ રાખવાથી કામ ઊંચા થાય છે
સંવેગરંગોત્સવ થકી દેવર્ધિ પામો અનંત અમર. ૯

## ૧૩. સંયમના સંગે

આ દાગીના આ કપડાં તમને પાછા આપી દઈશ
એક દિવસ હું મુજને સંયમના સંગે થાપી દઈશ
આંગળીએ વીંટી નહીં રાખું ગળે ન રહેશે હાર
ઓઘો મુહપત્તી લઈ હાથે બનીશ હું અણગાર
સ્નેહની દોરી પ્રેમની ગાંઠો હળવેથી કાપી દઈશ
એક દિવસ હું મુજને સંયમના વેશે થાપી દઈશ. ૧
મહેંદી નહીં કે અત્તર નહીં હું સાદગી સ્વીકારું

ધોળા વસ્ત્રો પહેરી ભાવે મહાવ્રત અવધારું
અંતરની પાટી પર પ્રભુના શબ્દોને છાપી દઈશ
એક દિવસ હું મુજને સંયમના વેશે થાપી દઈશ. ૨

સંબંધોને ભૂલીશ પણ ઉપકાર ન વિસરાશે
દેવર્ધિ દાયક ગુરુઆજ્ઞા અણુઅણુ પથરાશે
આનંદઘનનો અનુભવ પામી આસમાન માપી દઈશ.
એક દિવસ હું મુજને સંયમના વેશે થાપી દઈશ. ૩

## ૧૪. વીરનું વ્રત

**(આવારાપન)**

વીરનું વ્રત જે આદરે, તે આત્માને ધન્ય છે
વ્રત ધરે કર્મો હરે, તે આત્માને ધન્ય છે. ૧

દુઃખની કેડી પર ચાલે છે તોય સદા હસતા રહે છે
સુખની ઇચ્છા મનમાં ન ધરે તે આત્માને ધન્ય છે. વીરનું. ૨

દોષ રહિત ભિક્ષા એ લે છે રાગ દ્વેષ વિના વાપરી લે
બાહ્ય અભ્યંતર તપ આચરે તે આત્માને ધન્ય છે. વીરનું. ૩

વિહાર કરે છે એ પગપાળા પાવન કરતાં ગામોગામ
સિંહસમા દૃઢ પગલાં ભરે તે આત્માને ધન્ય છે. વીરનું. ૪

આંગળીઓથી ખેંચી કાઢે એ મસ્તકના વાળ બધા
લોચના કષ્ટથી કદી ન ડરે તે આત્માને ધન્ય છે. વીરનું. ૫

પંચમહાવ્રતના એ ધારક પાળે ઉત્તમ પંચાચાર
સમિતિ ગુપ્તિનું પાલન કરે તે આત્માને ધન્ય છે. વીરનું. ૬

દર્શન જ્ઞાન અને ચારિત્રે રાતદિવસ રમમાણ રહે
વીતરાગીની વાટે વિચરે તે આત્માને ધન્ય છે. વીરનું. ૭

જનમજનમનાં બંધન તોડે ભાર ઉતારે ભવભવનો
દેવર્ધિ પામી ભવ તરે તે આત્માને ધન્ય છે. વીરનું. ૮

## ૧૫. મોટી વયે વ્રત

સાંજ સમયના સૂરજને બે શબ્દો કહેવા દો
આ છેલ્લું અજવાળું છે એને ખૂબ વહેવા દો...
અજવાળાને પ્રેમ કરો એનું આયુષ ના પૂછો
પરસેવો જ્યારે પણ વળે છે એને તરત લૂંછો
મન જો મક્કમ છે તો તનને કષ્ટ સહેવા દો
સાંજ સમયના સૂરજને બે શબ્દો કહેવા દો. ૧
મોડેથી જાગે તેને પણ અજવાળું મળશે
મોટી વયે વ્રત લે તેનાં પણ કર્મ કઠિન ટળશે
જાગવા દો જીવને જાગીને સદ્ ગતિ લહેવા દો
સાંજ સમયના સૂરજને બે શબ્દો કહેવા દો. ૨
પહેલો ઘા રાણાનો એવી કહેવતમાં છે મર્મ
જીવનભરનાં પાપને ભૂંસે છેલ્લી ઘડીનો ધર્મ
સેવા ના લો કોઈની જો દઈ શકો તો સેવા દો
સાંજ સમયના સૂરજને બે શબ્દો કહેવા દો. ૩
સમતાથી સ્પંદિત સ્મિત લઈને જોગી લે છે વિદાય
મગન મૌનમાં થાય મુનિ તો ગગન અવાચક થાય
સંયમના અગ્નિથી સઘળા કરમને દહેવા દો
સાંજ સમયના સૂરજને બે શબ્દો કહેવા દો. ૪
દેવર્ધિનું સૌથી ઊંચું રૂપ છે સંયમબળ
વૃદ્ધવયે દીક્ષા લે તેનું ચિત્ત ન હોય ચંચળ
આતમજીને પરમાતમજી સંગે રહેવા દો
સાંજ સમયના સૂરજને બે શબ્દો કહેવા દો. ૫

## ૧૬. પ્રવ્રજ્યા

પગલે પગલે પંથ ખૂલે, પ્રવ્રજ્યા પ્રભુતા આપે છે.
શુદ્ધ અવસ્થાના સંસ્કારો, પ્રવ્રજ્યા હૃદય પર છાપે છે.
જન્મમરણની સાંકળને, પ્રવ્રજ્યા થકી તોડાય છે.
જિન આજ્ઞાના પાલનમાં, પ્રવ્રજ્યાથી જીવન જોડાય છે.

મોહનીયના આદેશને, પ્રવ્રજ્યાના પાલક ઉથાપે છે.
પગલે પગલે પંથ ખૂલે, પ્રવ્રજ્યા પ્રભુતા આપે છે. ૧
દુઃખનો ડર સુખનો આદર, પ્રવ્રજ્યામાં ના રહે છે.
સંવર અને નિર્જરાનો લય, પ્રવ્રજ્યામાં અખંડ વહે છે.
પાપને દોષને કર્મોને, પ્રવ્રજ્યાનું હથિયાર કાપે છે.
પગલે પગલે પંથ ખૂલે, પ્રવ્રજ્યા પ્રભુતા આપે છે. ૨
મહાપુણ્યશાલીમાં જ મળે પ્રવ્રજ્યાની પાત્રતા ભવહારી
મહાભાગ્યશાલીને જ મળે પ્રવ્રજ્યાનો મારગ શુભકારી
અહિંસા સંયમ તપ આચાર પ્રવ્રજ્યા ગગનને માપે છે
પગલે પગલે પંથ ખૂલે, પ્રવ્રજ્યા પ્રભુતા આપે છે. ૩

## ૧૭. સંયમના રંગે, આનંદ મંગલ

સંયમના રંગે આનંદ મંગલ
સંયમના સંગે આનંદ મંગલ
સંયમ ધર્મ છે મહાન
અનહદ ગગન ઉડાન
સંયમના રંગે, આનંદ મંગલ
સંયમના સંગે, આનંદ મંગલ
કુંકુમ છાંટો ગુલાબ જલ બરસાવો
દીવડા પ્રગટાવો રંગોલીઓ રચાવો
હોશે હોશે સાજનમાજનને લઈ આવો
તૂટવાની છે સૌ સોનેરી સાંકળ
સંયમના રંગે, આનંદ મંગલ, સંયમના સંગે, આનંદ મંગલ. ૧
બે હાથે તરવાનો સાગર અપાર
આંગળીએ ઉંચકવાનો મેરુનો ભાર
વૈરાગે વહેવો વનવગડે વિહાર
અપ્રમત્ત નિર્વિકાર રહેવું પલપલ
સંયમના રંગે આનંદ મંગલ, સંયમના સંગે આનંદ મંગલ. ૨

સુખનો જે ત્યાગ કરે એમને નમન
પરિવારને છોડે એ વૈરાગી ધન ધન
પાપમુક્ત રહેશે સાધક આજીવન
દેવ ગુરુ ધર્મની, દેવર્ધિ અવિચલ
સંયમના રંગે આનંદ મંગલ, સંયમના સંગે આનંદ મંગલ. ૩

## ૧૮. ધમ્મો મંગલં

પરમ સ્પર્શની ક્ષણો મળે છે જીવનમાં એકવાર
સદ્ ગુરુના આશિષથી જીવ પામે ઉદ્ધાર
લાગ્યો લાગ્યો રે અવધૂ રંગ લાગ્યો
જાગ્યો રે આનંદઘનનો રસ જાગ્યો
ધમ્મો મંગલં
મસ્તીની છે યાત્રા પલપલ વહાલું લાગે શાંત જંગલ
ચિદાનંદનો અનુભવ માંગ્યો, જાગ્યો રે. ધમ્મો મંગલં. ૧
સંયમ સુખ સંવેદન લહેશે ભીતરમાં ભગવાન રહેશે
મોહની માટીનો મહેલ ભાંગ્યો જાગ્યો રે. ધમ્મો મંગલં. ૨
બીજમાંથી એક વૃક્ષ પ્રગટશે રાગ દ્વેષના રોગ મટશે
અહમ્ હારીને દૂર ભાગ્યો જાગ્યો રે. ધમ્મો મંગલં. ૩

## १९. हरख हरख मन

### (घनन घनन)

हरख हरख मन शुभपल आई पल पल परम धरम सुख दाई
छलक छलक खुशिया छलकाई छमक छमक पायल छमकाई
नाचत है मेरो मनवा
शुभकारी दिन आयो आयो आनंद मंगल लायो
धन्य भाग है धन्य भाग है संयम अवसर पायो
मंगल पल है दिन उज्ज्वल है
पुण्य प्रबल है जीवन सफल है

हैं खुशिया अजबगजब
है मस्ती अजबगजब
हृदय है विमल हृदय है सरल
परम वैराग बसायो चित्त सकल
शहनाई और बाँसुरिया से मेघ मल्हार बजायो
हरख हरख मन शुभ पल आई पल पल परम धरम सुख दाई
छलक छलक खुशिया छलकाई छमक छमक पायल छमकाई
नाचत है मेरो मनवा
शुभ कारी दिन आयो आयो...१
मन मगन झूमे रे, गगन में घूमे रे
मेरे घर आंगन आयो है परम अवसर
देव गुरु का आदर, करेंगे जीवन भर
जाग गए अणुअणु में साधना कें स्वर...
धर्म से होवत तन मन पावन
रिमझिम रिमझिम बरसत सावन...
मुनि जीवन महान है गुरु के हाथ सुकान है
न सुख में रति न दुःख से भीति
कि आतम बन जाये परमातम...
हरख हरख मन शुभ पल आई पल पल परम धरम सुख दाई
छलक छलक खुशिया छलकाई छमक छमक पायल छमकाई
नाचत है मेरो मनवा...२
परम सुख पाना है मुक्ति में जाना है
भवोभव की गलियों में ना भटकना है
छोडने है सुख भोग मिटाने है मन के रोग
मोह के मल्ल को धरती पर पटकना है
गुरुवर चरण शरण है मंगल
गुरु वर वचन से मन हुआ निर्मल

परम की सहज सफर शक्ति दे श्री जिनवर
टल गई फिकर मिली सही डगर
मिलेगी सिद्ध अवस्था अजर अमर
शुभ कारी दिन आयो आयो आनंद मंगल लायो...३

## २०. गुरु ने दियो है रजोहरण

हे री मैं झूम झूम नाचूं आज
मुझको मेरे गुरु ने दियो है रजोहरण शिरताज
सब कुछ पाया सब कुछ जिता, सिझे सारे काज
महेरबान है आज मेरे पर, तीर्थंकर महाराज. हे री मैं. १
मैं दरिया में डूब रहा था, गुरुवर लाये जहाज
थाम लिया है हाथ गुरु ने, वो ही राखें लाज. हे री मैं. २
अणु अणु है आनंदित अदभुत, देवर्धि सजे साज
चिडिया को मेरे गुरू ने बनायो, गगनविहारी बाज. हे री मैं. ३

## २१. तुम्हे मिली गुरु मैया

### (सूरमई अंखियों से)

तुम्हे मिली गुरु मैया, अब तुम हमे, भूल न जाना रे
हम तुम रहे संग संग रे, तुम ने बदल दिया रंग रे
रा री रा रम, ओ रा री रम. तुम्हे. १

छोड के हम को चल जाओंगे, हम को हंमेशा याद आओंगे,
तुम हो मन में, बहेंगे आंसु नयन में,
कैसे हम रहे पाएँगे ? बोलो कहाँ हम जाएँगे ? तुम्हे. २

तुम को माना साथी अपना, ये दुनिया है केवल सपना,
पल दो पल है, ये जीवन बहता जल है,
कब किस को कहाँ जाना है ? रासता ये अनजाना है. तुम्हे. ३

राह तुम्हारी बहोत कठिन है, कष्ट भरे वहाँ रात और दिन हैं,
थक ना जाना, कि पुरा जोश जगाना,
देवर्धि तुम पाओंगे, परमातम हो जाओंगे. तुम्हे. ४

## २२. मुझे ऐसे मिले गुरु राज

### (कि घुंघरु टूट गये)

मुजे ऐसे मिले गुरु राज, मैं तो बिसर गयो सब काज
कि आतम जाग गयो.
मुझे करुणा रस पिलाया था, मुझे धर्म सही समझाया था,
मैं ममता माया बिसर गया, मेरा मोह राग सब बिखर गया,
मेरा मन था बडा नादान, गुरु ने दे दिया ऐसा ज्ञान,
कि आतम जाग गयो. १
मेरे पास न कोई शक्ति थी, मेरे मन में तो केवल भक्ति थी,
मैं गुरु की शरण में बैठ गया, मेरे गुरु ने मुझ पर कर दी दया,
मैंने गुरु को सौंपा मन, गुरु ने बदल दिया जीवन
कि आतम जाग गयो. २
मेरे कठिन करम को तोड दिया, मुझे धरम मारग में जोड दिया
बैरागी जीवन मन भायो, अलगारी आनंद मन आयो
देवर्धि दिखा दो आज, दीक्षा दे दो गुरु महाराज
कि आतम जाग गयो. ३

## २३. प्यारा है जिनशासन

### (ये दुनिया एक दुल्हन)

प्यारा है जिनशासन प्यारी प्यारी लगती है हम को,
दीक्षा की साधना, संयम आराधना.
आतमजी को अध्यातम का, सुंदर रंग चढाए,
जीवनशैली पूर्ण दयामय, दिन दिन शुद्धि बढाएँ

धन्य धन्य है शिष्य जो पाये, गुरुकृपा की माला
सामाचारी है संस्कारी, शांत सुधारस शाला, दीक्षा की साधना. १
सुख संयम यात्रा है हरपल, शुभरात्रि शुभदिन है,
चित्त अहिंसा, संयम, तप में, एक राग से लीन है,
धन्य धन्य है सर्वविरति, अष्ट कर्म को मिटाए,
प्रव्रज्या के पूर्ण पालन से, जीव शिव हो जाए. दीक्षा की साधना. २

## २४. दीक्षा महोत्सव

**(ख्वाजा मेरे ख्वाजा)**

आओ सब आओ, साथ मिल गाओ,
दीक्षा महोत्सव, खुशियाँ ले आया.
नमन है दीक्षा के व्रत को, नमन है दीक्षार्थीजी को,
नमन है दीक्षादाता को, नमन है दीक्षा उत्सव को,
जिस कुटुंब से दीक्षा होगी, धन्य है वो परिवार. आओ. १
नियम दो-चार आप ले लो, कुछ तो संयम की सीख मानों,
अरे ! बेकार के पापों में, करो ना जीवन को बरबाद,
धर्म कर्म करने से मिलेगा, परम प्रभु का प्यार. आओ. २

## ૨૫. મહાવ્રત વંદના

(દીક્ષા પછી વડીદીક્ષા થાય. પંચમહાવ્રતનું ઉચ્ચરણ કરનારા નવદીક્ષિતોની ભાવભરી અનુમોદનારૂપે આ વંદના મહાવ્રતોનો પરિચય કરાવે છે. વડીદીક્ષા તથા ચારિત્ર્યપદની આરાધનાના પ્રસંગોમાં ઉપયુક્ત.)

### ૧. શ્રી મહાવ્રત વંદના

**(હરિગીત...)**

સમતા તણો મારગ મળે, સાવદ્યયોગો ના રહે,
મન વચન ને કાયા સદા વીતરાગનાં વ્રતને વહે,
પાવન **करेमि** સૂત્રથી ઉજમાળ આતમઆંગણું,
આપે જિનેશ્વર દેવને એ જ્ઞાન મનપર્યયતણું. ૧

હિંસા કદી કરવી નહીં આક્રોશ દાખવવો નહીં,
અનુબંધ કોઈ કષાયનો મનમાંય સાચવવો નહીં,
કરુણા અને વાત્સલ્યથી હૈયું સદા છલક્યાં કરે,
પહેલાં મહાવ્રતને નમું, મારાં બધાં પાપો ટળે. ૨

જૂઠું કદી ના બોલવું, માયા કદી કરવી નહીં,
અપમાન કે આક્ષેપની ભાષા મુખે ધરવી નહીં,
પ્રેમાળ શબ્દો ભાખવા સચ્ચાઈને સંભાળવી,
બીજા મહાવ્રતને નમું, જિનવચન દૃષ્ટિ વાળવી. ૩

પૂછ્યા વિના લેવું નહીં, અણહક તણો દાવો નહીં,
ગુરુદેવની આજ્ઞા વિના તો શ્વાસ પણ લેવો નહીં,
માટી તણા આ દેહ માટે ભાર શીદ વધારવા ?
ત્રીજા મહાવ્રતને નમું, મુજ આતમાને તારવા. ૪

આંખે વિકાર વસે નહીં, વહેવારમાં છે સાદગી,
આહારમાં સંયમ રહે, ના દેહની છે બંદગી,
હંમેશ આતમરામની મસ્તી મનોહર માણવી,
ચોથા મહાવ્રતને નમું, જ્યોતિ જીવનની જાણવી. ૫

જંગલમહીં ન જમીન છે ના શહેરમહીં મકાન છે,
તાળા તિજોરી છે નહીં, કબજા તણું ના સ્થાન છે,
સંસારની સામગ્રીઓ સઘળી જ લાગે પારકી,
પંચમ મહાવ્રતને નમું, અવધૂતની લગનીથકી. ૬

સૂરજ તણા અજવાસમાં નિર્દોષ ભિક્ષા વાપરે,
રાતે કદી ખાવા-પીવા કેરો વિચાર નહીં કરે,
ના કંઈ રસોડે રાંધવું, ધોવાણ ક્યાંય ન ફેંકવું,
છઠ્ઠા પરમવ્રતને નમું, પ્રશમામૃતે પાવન થવું. ૭

## ૨૬. સંયમના અરમાન

**(દુખિયાને આરામ...)**

સંયમના ગુણગાન, સંયમ ઊંચું સ્થાન,
બાંધી લઈએ અંતરમાં સમયના અરમાન.

જીવન થાય મહાન્, આતમ ઉજળે વાન,
બાંધી લઈએ અંતરમાં સંયમના અરમાન.

દુનિયાદારીનાં બંધનમાં કદી નહીં રહેવાનું,
વેરઝેર કે મારુંતારું કદી નહીં કહેવાનું,
થાય અભયનાં દાન, પરમ કૃપાનાં પાન, બાંધી. ૧

ભીતરનો ભેરુ જીતે છે મોહની સામે યુદ્ધ,
પંચમપદ પંચમપદદાયક પંચમહાવ્રત શુદ્ધ,
સદા સાધના સ્નાન, હાથ લિયે ભગવાન્, બાંધી. ૨

પ્રાપ્તિમાં ના હર્ષ થાય કે વિપદામાં ના શોક,
વીરતણા મારગ ઉપર તો ચાલે શૂરા લોક,
અનહદનાં અવધાન, નવલાં મળે નિધાન, બાંધી. ૩

# ૬

# સ્તુતિ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સંભવનાથ ભગવાન | ૧૪૯ |
| ૨. | શ્રી મુનિસુવ્રત સ્વામી | ૧૫૦ |
| ૩. | શ્રી મુનિસુવ્રત નવ ભવ | ૧૫૧ |
| ૪. | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | ૧૫૨ |
| ૫. | શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ | ૧૫૩ |
| ૬. | શ્રી પાર્શ્વનાથ મોક્ષ કલ્યાણક ભૂમિ | ૧૫૫ |
| ૭. | अंतरीक्ष चालीसा | ૧૫૬ |

## ૧. શ્રી સંભવનાથ ભગવાન

તારાં નયનમાં પ્રેમનો સાગર મધુર ઉભરાય છે
તારાં નયનમાં તેજ સૂરજ ચંદ્રનું સોહાય છે
તારાં નયનનું રૂપ જિનવર ભૂલવે છે જગતને
ભગવાન સંભવનાથજી ! કરુણા કરી તારો મને. ૧
દરિયો દયાનો દેવ તારાં હૃદયમાં ઉછળ્યા કરે
તુજને ભજે તે ભક્તના સઘળાય સંતાપો ઠરે
સમરું તને દિનરાત ભગવન્ ! હર પળે ને હર ક્ષણે
વીતરાગ સંભવનાથજી ! કરુણા કરી તારો મને. ૨
તારા શરણમાં હું રહું તો રાગરોષ નડે નહીં
તારા સ્મરણમાં હું રહું તો દુઃખદોષ નડે નહીં
સંસારને વિસરી હવે રહેવું ગમે તારી કને
જિનરાજ સંભવનાથજી ! કરુણા કરી તારો મને. ૩
તારા ગુણો ભરપૂર પૂનમરાતના તારા સમા
મુજ દોષ અપરંપાર છે ઘનઘોર અંધારા સમા
ગુણલા બધા આપો મને ટાળો બધા મુજ દોષને
સર્વજ્ઞ સંભવનાથજી ! કરુણા કરી તારો મને. ૪
ના બોલવું ફાવે મને, બોલું છતાં બાળક થઈ
ફાવે તને તો તારવું તું આવને તારક થઈ
આંખે ધરી આશા ઘણી આવી ઊભો છું બારણે
કિરતાર સંભવનાથજી ! કરુણા કરી તારો મને. ૫
ક્યારેક આપણ એકસાથે ભવમહીં રહેતા હતા
આધાર એકબીજાતણો થઈ તકલીફો સહેતા હતા
પામી પરમસુખ કેમ ભૂલે ? એ જૂના સંગાથને
સુખદાયી સંભવનાથજી ! કરુણા કરી તારો મને. ૬
હોઠે રહે તુજ નામ હૈયે ધ્યાન પણ તારું રહે
મનમાં સ્મરણ તારું રહે ને લાગણીમાં તું વહે
ખાલી રહેલી નાથ ! મારી ઝોળીને છલકાવને
દાતાર સંભવનાથજી ! કરુણા કરી તારો મને. ૭

તારા ચરણ યાત્રાતણું મુજ એક તીરથધામ છે
તારા ચરણમાં રાતદિન મુજબ આત્મને આરામ છે
સંસાર રણમાં છાંયડો પામું : ગ્રહી તુજ ચરણને
જગનાથ સંભવનાથજી ! કરુણા કરી તારો મને. ૮
શાંતિ અને સમતા મને સંસારમાં જડતી નથી
ક્યારે ફસાયો છું પ્રભુ ! તેની ખબર પડતી નથી
તારા ભરોસે હું જીવું છું ઝાલ મારા હાથને
નિર્મોહ સંભવનાથજી ! કરુણા કરી તારો મને. ૯
વરસાદ વરસે તે રીતે ઉપકાર તે કીધા ઘણા
પાતિક બધા દૂરે કર્યા તે દેવ ! મહાપાપી તણા
આપી પ્રશમ સુખ તારજે ભગવંત ! મારા આત્મને
તીર્થેશ સંભવનાથજી ! કરુણા કરી તારો મને. ૧૦

## ૨. શ્રી મુનિસુવ્રત સ્વામી

મૂરત મનોહર સહજ સુંદરરૂપ તેજસ્વી વદન
અદ્‌ભુત આંખો જોઈને આનંદ પામે મારું મન
પ્રભુ ! આપની સ્તવના મને સૌથી વધુ આકર્ષતી
ભગવાન મુનિસુવ્રત ! કૃપા તવ પરમશાંતિ આપતી. ૧
પ્રભુ ! આપ મારી જિંદગીના એક સર્જનહાર છો
પ્રભુ ! આપ મારા આતમાના એક તારણહાર છો
તમને કદીયે ના ભૂલું એવી જ છે મુજ ભાવના
ભગવાન મુનિસુવ્રત ! ચરણ સેવું સદા હું આપના. ૨
મારી બધી લક્ષ્મી પ્રભુ ! તારી કૃપાથી નીપજી
મેં તો અરે ! એ લક્ષ્મી પાછળ સેવના તારી તજી
આ સ્વાર્થ વિસરાવી પ્રભુ ! વાળો મને પરમાર્થમાં
ભગવાન મુનિસુવ્રત ! કરો ઉદ્ધાર મુજ પરમાતમા. ૩
હું આપદા કે સંપદામાં આપનો કાયમ રહું
હું ઉન્નતિ કે અવનતિમાં આપને શિરપર વહું
મારાં જીવનની હર પળો હું આપને અર્પિત કરું

ભગવાન સુવ્રત ! આપની આજ્ઞા અહોનિશ આદરું. ૪
તારાં સ્તવન તારી સ્તુતિ ગાયા કરે મારા વચન
તુજ યાદમાં ભીના થઈ વહેતા રહે મારાં નયન
તારા ગુણોને પામવાની ઝંખના વધતી રહે
ભગવાન તારા ધ્યાનથી મારું હૃદય શુદ્ધિ લહે. ૫
એક અશ્વને પ્રતિબોધવા ભારે વિહાર કર્યો તમે
દઈ દેશના એ જીવને અમૃતપ્રસાદ ધર્યો તમે,
હું ભક્ત છું ઉત્કંઠ થઈ હું પણ પ્રતીક્ષામાં રહું
જો આપ ના આવો પ્રભુ ! તો વેદના કોને કહું. ૬
શ્રી રાજગૃહીમાં ચાર કલ્યાણક થયા પ્રભુ આપના
પગલાં ધર્યા જ્યાં જ્યાં પ્રભુ ત્યાં ધર્મની થઈ સ્થાપના
સમ્મેતશિખરે પરમપદ પામ્યાં સનાતન સૌખ્યમય
ભગવાન મુનિસુવ્રત હરો સંસારના સઘળાય ભય. ૭
તુજ નામનાં ધ્યાને બનું નિષ્કામ હે સુવ્રતપ્રભુ
તુજ ભક્તિ આપે છે પરમ આરામ હે સુવ્રતપ્રભુ
ભગવાન તારી પ્રીત આપે શિવગતિ મુજ આત્મને
તુજ પ્રશમમય સાંનિધ્ય અનહદ વિમલતા આપે મને. ૮

## ૩. શ્રી મુનિસુવ્રત નવ ભવ

પુણ્ય પ્રભાવ અનંત છે ભગવંત કરુણાવંત છે.
જિનરાજ મુનિસુવ્રત પ્રભુ ત્રણ લોકમાં જયવંત છે.
સઘળાય સુખ આપે અને સઘળાય દુઃખ દૂરે કરે
મંગલ મુનિસુવ્રત કથા જે સાંભળે તે ભવ તરે. ૧
પહેલા ભવે શિવકેતુ રૂપે બાળદીક્ષા લે પ્રભુ
બાવીસ દિવસ વ્રત પાળીને માંગલ્ય શિક્ષા લે પ્રભુ
બીજા ભવે સૌધર્મમાં પ્રભુ દેવરૂપ ધારણ કરે. મંગલ મુનિસુવ્રત. ૨
ત્રીજા ભવે એ કુબેરદત્ત થયા પિતા દીક્ષા ગ્રહે
દીક્ષા સ્વયં લઈ આજીવન એ પિતૃસેવામાં રહે
ચોથા ભવે ભગવાન ત્રીજા દેવલોકે સુખ વરે. મંગલ મુનિસુવ્રત. ૩

પંચમ ભવે શ્રી વજ્ર કુંડલ નામથી રાજા થયા
મોટા પરાક્રમ આદરે હૈયે અખંડ રહે દયા
છઠ્ઠા ભવે ભગવંત પંચમ દેવલોકે અવતરે. મંગલ મુનિસુવ્રત. ૪
સપ્તમ ભવે શ્રીવર્મ રાજા જગતમાં સૌને ગમે
દીક્ષા ગ્રહી સવિ જીવ કરું શાસન રસી ભાવે રમે
અષ્ટમ ભવે ભગવાન દસમા દેવલોકે અવતરે. મંગલ મુનિસુવ્રત. ૫
નવમા ભવે પ્રભુ પાંચ કલ્યાણક તણા ધારક બને
લાખો કરોડો આતમાના તીર્થપતિ તારક બને
રાજગૃહીમાં જન્મ લે ને શિખરજી શિવ સંચરે. મંગલ મુનિસુવ્રત. ૬
પાંચેય કલ્યાણક પ્રભુના ભાવે ઉજવાયા કરે
ભગવાન મુનિસુવ્રતની કીર્તિ દશ દિશા ગાયા કરે
પરમાતમા સંકટ હરે ને હાથ પકડી ઉદ્ધરે. મંગલ મુનિસુવ્રત. ૭
સેવા ભવોભવ નાથની કરવા મળે એ પ્રાર્થના
ભવભવનો ચકરાવો પ્રભુ ટાળી દે એ છે ભાવના
દેદીપ્યમાન સૂરજ સમાન અનંત દેવર્ધિ ધરે. મંગલ મુનિસુવ્રત. ૮

## ૪. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ

જય પાસ શંખેશ્વર પ્રભુ વંદન કરું છું ભાવથી
સંકટ ટળે સંપત મળે છે દેવ, તારાં નામથી,
મારાં જીવનની નાવને સામો કિનારો આપજો,
ભગવાન શંખેશ્વર પ્રભુ, પાપો બધા મુજ કાપજો. ૧
તારું સ્મરણ કરનાર પામે રૂપ તારું હે પ્રભુ,
તારું શરણ લેનાર પામે તેજ તારું હે પ્રભુ,
તારાં ચરણને પૂજનારા વિશ્વપૂજ્ય બની રહે,
ભગવાન શંખેશ્વર પ્રભુ, તુજ નામ મુજ હૈયે રહે. ૨
તે આગ વચ્ચેથી ઉગાર્યો જે રીતે એક સાપને,
સંસારથી મુજને ઉગારી, ટાળ મુજ સંતાપને,
તારા વિના મારું જગતમાં કોઈ બીજું છે નહીં,
ભગવાન શંખેશ્વર પ્રભુ, આવી વસો હૈયા મહીં. ૩

તારી કૃપા છે મેઘધારા અમ હૃદયને ઠારતી,
તારી કૃપા છે દીપમાલા આતમા અજવાળતી,
તારી કૃપાને ઝીલીને મમ આતમાને ઉદ્ધરું,
ભગવાન શંખેશ્વર પ્રભુ, એવું કરો કે ભવ તરું. ૪

શંખેશ્વરે ગાજી રહ્યો મહિમા અલૌકિક તાહરો,
ભગવાન આ સંસારમાં સાચો છે તારો આશરો,
મારા હૃદયમાં દીવડો જલતો રહે તુજ નામનો,
ભગવાન શંખેશ્વર પ્રભુ, મારા તમે તારક બનો. ૫

ભક્તિ લઈ રાજી થનારા દેવ જગતમાં અન્ય છે,
કરુણા કરીને તારનારો તું જ એક અનન્ય છે,
તારા સહારે જીવવું, સંકલ્પ છે મારો પ્રભુ
ભગવાન શંખેશ્વર પ્રભુ, તારા સમા મારે થવું. ૬

ધરણેંદ્ર ને પદ્માવતી તુજ ભક્તને સંભાળતા,
દેવો સહાયક થાય એને જે તને સંભારતા
મુજને બચાવો નાથ, મમતા મોહ માયા કામથી,
ભગવાન શંખેશ્વર પ્રભુ, સિદ્ધિ મળે તુજ નામથી. ૭

તુજ નામને જપતાં રહીને ભૂલવું છે વિશ્વને,
તુજ મૂર્તિને નિરખી રહીને પામવું મંગલ મને,
દેવર્ધિ તારાં તીર્થની હું ભાવથી જોયા કરું,
ભગવાન શંખેશ્વર પ્રભુ, તુજ ધ્યાન કાયમ હું ધરું. ૮

## ૫. શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ

જગનાથ તારાં દર્શને મુજ પાપ સંતાપો ઠરે
તારા ગુણોનાં ગીત મારા હોઠને સુરભિત કરે
વિખરાય તારાં નામથી વિઘ્નો તણા સૌ વાદળો
ભદ્રાવતીના નાથ ! હે ભગવાન, અરજી સાંભળો. ૧

પ્રભુ પાસ તારા એક સો ને આઠ નામો ગાજતા
મુજ હૃદયમાં તો એક કેસરિયા પ્રભુજી રાજતા

તોડી દિયો સંસારની આ દુઃખદાયક સાંકળો
ભદ્રાવતીના નાથ ! હે ભગવાન, અરજી સાંભળો. ૨

જંગલ બન્યું મંગલ પ્રભુજી, આપના પ્રાગટ્યથી
મારાં જીવનની શૂન્યતા તો આજ પણ તૂટી નથી
મુજમાં નહીં તો દેવ ! મારાં આંસુઓમાં અવતરો
ભદ્રાવતીના નાથ ! હે ભગવાન, અરજી સાંભળો. ૩

તુજ તીર્થમાં પાવન તપસ્યા સાધના ઉત્તમ કરું
પાપો અને કર્મો ભવોભવના બધા હું સંહરું
પ્રભુ આવશે ક્યારે જીવનમાં એ ઘડી ને એ પળો
ભદ્રાવતીના નાથ ! હે ભગવાન, અરજી સાંભળો. ૪

પ્રભુ આપ આંખોમાં વસો તો આંખ મુજ તીરથ બને
પ્રભુ આપ શબ્દોમાં વસો તો શબ્દ મુજ તીરથ બને
પ્રભુ આપ વિલસો શ્વાસમાં તો શ્વાસ મુજ તીરથ બને
ભદ્રાવતીના નાથ ! હે ભગવાન, અરજી સાંભળો. ૫

પ્રભુ આપ પ્રાતઃ યાદ આવો તો દિવસ તીરથ બને
પ્રભુ આપ રોજે યાદ આવો તો જનમ તીરથ બને
પ્રભુ આપ અરજી સાંભળો તો આતમા તીરથ બને
ભદ્રાવતીના નાથ ! હે ભગવાન, અરજી સાંભળો. ૬

આવી નથી શકતો પ્રભુજી ! ધ્યાન તેથી આદરું
ગાઈ નથી શકતો પરંતુ ભાવ હું ઊંચા ધરું
બહુ જનમથી બાંધી પ્રતીક્ષા આજ તો આવી મળો
ભદ્રાવતીના નાથ ! હે ભગવાન, અરજી સાંભળો. ૭

શક્તિ નથી પણ ભક્તિથી મેં સેવના તવ આદરી
શ્રદ્ધા ધરી ભગવંત તવ દેવર્ધિની સ્તવના કરી
મુજ પ્રેમ સાચો હોય તો સાક્ષાત્ આવી અવતરો
ભદ્રાવતીના નાથ ! હે ભગવાન, અરજી સાંભળો. ૮

## ૬. શ્રી પાર્શ્વનાથ મોક્ષ કલ્યાણક ભૂમિ

મંગલ ગુફા પ્રભુ પાસની સમ્મેતશિખરે સોહતી
નિર્વાણ કલ્યાણક સ્થળે શ્યામલ શિલા મન મોહતી
શ્રી પાસજીના શ્વાસની યાત્રા અહીં અટકી હતી
તે કાલની તે સમયની સુરભિ અહીં જાગૃત થતી. ૧
કોયલ ટહુંક રહી મધુવન મોર નાચ્યા આંગણે
છલકાયા ઝરણા ચોતરફ આનંદ જાગ્યો કણે કણે
એક એક ડાળે પાંદડાં વૃક્ષો ઉપર ઝૂલ્યાં હતાં
જ્યારે પ્રભુની પરમ ગતિનાં બારણાં ખૂલ્યાં હતાં. ૨
એ શ્રાવણી મહિનો હતો સુદ અષ્ટમીનો દિન હતો
કાઉસગ્ગની મુદ્રા હતી માસક્ષમણ નિર્જલ હતું
સાથે હતા તેત્રીસ મુનિ જ્યારે પ્રભુ મોક્ષે ગયા
આ શ્યામ શુભ શિલા ઉપર પ્રભુ શુદ્ધ સિદ્ધ દશા વર્યા. ૩
પ્રભુ દેહમુક્ત થયા અહીં પ્રભુ કર્મમુક્ત બન્યા અહીં
પ્રભુ દોષમુક્ત બન્યા અહીં પ્રભુ પૂર્ણ મુક્ત બન્યા અહીં
ઊંચા શિખર પર આ ગુફા એકાંત પ્રભુનું સાચવે
તેથી જ સૌ આ સિદ્ધશિલા પાસે માથું ટેકવે. ૪
ઝુમઝુમ વહે છે વાયરો ને આસમાન અનંત છે
છે દૂર સુદૂર સુધી પહાડી દિવ્ય ભવ્ય દિગંત છે
જ્યાં રોશની દેખાય છે ત્યાં તેજ તેનું છવાય છે
આખાય આ ગિરિરાજને શ્રી પાર્શ્વનાથ કહેવાય છે. ૫
એ જન્મ લે તે પૂર્વે એનાં તીર્થ કૈંક બની ગયા
એ નામ ધરે તે પૂર્વે તો ઉપનામ બહુ પ્રચલિત થયા
એ પાંચસો કલ્યાણકોને દેવભવમાં ઉજવે
તેથી જ તો ગાજે છે એનું નામ એક એક ઉત્સવે. ૬
વૃક્ષો નવા ઉગી ગયા પણ ધૂળ માટી એ જ છે
મંગલ ધ્વજાને ઝૂલવે તે પવન એનો એ જ છે
રસ્તા નવા બંધાયા છે પણ ચૈત્ય સૌ પ્રાચીન છે
વીસેય તીર્થંકર તણી ઊર્જા તો નિત્યનવીન છે. ૭

ઊંચા શિખર પર ભવ્ય મંદિર આજ પણ જોવા મળે
શ્રી મોક્ષ કલ્યાણક તણી સુંદર ગુફા પણ ઝળહળે
દેવર્ધિનો ત્યાં વાસ છે જ્યાં પાસજીની સુવાસ છે
મુજને પરમપદ આપશે આ તીર્થ એ વિશ્વાસ છે. ૮

## ७. अंतरीक्ष चालीसा

चमत्कारी भगवान है, अंतरीक्ष महाराज
श्रद्धा से सुमिरन करो, सफल होत सभी काज. १
भूमि को ना स्पर्श करे, ऐसी मूर्ति महान
अजबगजब सौंदर्य है, सुखदाई है ध्यान. २
अंतरीक्ष भगवान मनोहर, पारसनाथजी महिमासागर
रहते है धरती से ऊपर, जग जयकारी शक्ति अगोचर. १
अतुल बली अरिहंत जिनेश्वर, अगणित देव है सेवा तत्पर
श्याम रंग की प्रतिमा सुंदर, तीन लोक कें जन दे आदर. २
परम चमत्कारी है पारस, धर्म धनुर्धारी है पारस
जो भी पास प्रभु को ध्यावे, उसके सारे दुःख मिट जावे. ३
ग्यारह लाख और अस्सी हजार, वर्ष पुरातन मूर्ति उदार
गोबर मिट्टी से बनी मूर्ति, रतन समान है तेज की स्फूर्ति. ४
खर दूषण विद्याधर हाथ, मूरत रूप धर्यो जगनाथ
कूँवे में प्रतिमा को थापी, कणकण प्रभु की ऊर्जा व्यापी. ५
स्पर्श प्रभु का जो जल पाए, वो जल भी सब रोग मिटाए
पद्मावती है संकटचूरण, धरण इंद्र है कामित पूरण. ६
एलचपुर का राजा श्रीपाल, कुष्ठ रोग से था बेहाल
उस कूंवे का पानी लगाया, रोग गया और आरोग्य पाया. ७
नृप ने देव से प्रतिमा मांगी, लेकिन देव था प्रभु का रागी
बिंब देने वो न हुआ तैयार, अब नृप करे उपवास स्वीकार. ८
धरण इंद्र ने यह तप जाना, प्रसन्न बन नृप आग्रह माना
कच्चे धागे की डोली बनाई, उस में मूर्ति को बैठाई. ९

मूर्ति बाहर आई मनोहर, देव कहे अब सुन राजेश्वर
सात दिनों का बछड़ा मँगाओ, उस से बैल गाड़ी बँधवाओ. १०
वाहन अपनेआप चलेगा, अँधेरे में दीप जलेगा
पीछे मुड़कर देखना नाही, आगे तुम बैठो धुरवाही. ११
राजा वैसे ही करे प्रयाण, मूर्ति में ज्यूं जागे प्राण
सर सर सर गाड़ी चली आगे, मूरत का कोई वजन न लागे. १२
वन के वृक्ष वृक्ष करे वंदन, धरती पवन में जागे स्पंदन
हिंगोली से एलचपुर जा रहे, देव प्रभु की महिमा गा रहे. १३
राजा के मन शंका आई, मूर्ति मैंने गाड़ी में बैठाई
ताको कोई भार नहीं आवे, बछड़ा आराम से कैसे जावे. १४
मूर्ति साथ में है या नहीं है, राजा के मन चिंता यहीं है
व्याकुल भाव से पिछे विलोके, तत् क्षण देव मूर्ति को रोके. १५
प्रतिमा पिछे रूक कर रह गई, खाली गाड़ी आगे बह गई
धरती से एकदम ही ऊपर, हुए बिराजित पास जिनेश्वर. १६
गगन प्रदेश में स्थिरता बनाई, अंतरीक्ष नाम से ख्याति पाई
चमत्कार जग को दिखलाया, दशों दिशा में डंका बजाया. १७
देव कहे तुम सुनो नरेश, चैत्य रचो तुम इसी प्रदेश
मूरत आगे नहीं आएगी, मूर्ति प्रतिष्ठा यहीं पाएगी. १८
राजा मंदिर भव्य रचायो, मन कर्तृत्व का घमंड आयो
मूर्ति मंदिर में नहीं आवे, घमंड नृप का खंडित थावे. १९
जहां मूरत वहां विरच्यो मंदिर, प्रभु अपनी ही जगह हुए स्थिर
लाखों लोग दर्शने आवे, देव देवी प्रभु महिमा गावे. २०
ग्यारह बयालीस संवत सुहावे, प्रतिमा पुण्य प्रतिष्ठा पावे
महा सुदी पंचमी दिन गायो, अंतरीक्ष प्रभु ध्वजा चडायो. २१
सकल जीव को सुख देते हैं, मोक्ष मार्ग सन्मुख लेते हैं
प्रभु आश्रय में जो भी आएं, रिद्धि वृद्धि कल्याण वो पाएं. २२
भारतवर्ष में महिमा व्यापे, तीन लोक प्रभु गीत आलापे
रोग शोक संताप मिटाये, भूत प्रेत भय दूर भगाये. २३

अंतरिक्ष यात्रा को आवो, दर्शन से वांछित फल पावो
पूजन से महापुण्य कमावो, ध्यान से सत् चिद् आनंद पावो. २४
भोगी की भोग भूख हरत है, रोगी के रोग दूर करत है
योगी को महा सिद्ध बनावे, अंतरीक्ष प्रभु अलख जगावे. २५
कविवर भावविजय मुनिरायो, कर्मोदय से दृष्टि गंवायो
अंध मुनि बहु चिंता पायो, गुरुवर ने तप मार्ग बतायो. २६
अट्ठम तप तब मुनि आराधे, पार्श्वमंत्र मुनि भावे साधे.
प्रगट हुई पद्मावती माता, बोली पारस देंगे शाता. २७
पाटण से छरी पालित संघ, निकल्यो तपजप प्रचंड रंग
पहुंचे अंतरीक्ष दरबारे, प्रभु साचो आश्रय संसारे. २८
भावविजय प्रभु सामने आये, अंध नयन से आँसू बहाये
प्रभु ने आँख में तेज पुरायो, प्रभु ने अंधापन मिटायो. २९
जय जय कार जगत में गाजे, पारसनाथ की बधाई बाजे
हरखे सुरवर मुनिवर बहु नर, जीर्णोद्धार करावे मनोहर. ३०
सत्रहसो पंद्रह की साल, चैत्र सुदी छठ मंगलमाल
नूतन मंदिर पार्श्व बिराजे, श्याम सुंदर प्रतिमा छाजे. ३१
सूरज जैसा तेज है मुख पर, चंद्र समान शीतलता सुंदर
अधर ऊपर विलसे मृदु हास, नयन में जागृत ज्योति निवास. ३२
कमल पत्र सम रमणीय कान, मेरुश्रृंग सम शिखा महान
अष्टमी शशी सम चमके भाल, करूणा रसमय कोमल गाल. ३३
कंठ सदा अमृत रस धारी, वक्ष विशाल हृदय अविकारी
स्कंध समुन्नत महाबलवंत, गंभीर नाभि ज्ञान अनंत. ३४
कोमल कमर है सत्त्व निधान, रमणीय है कटिबंध निशान
अर्ध पद्मासन मुद्रा महान, कर पद अंगुली हरे मद मान. ३५
पूनम रात में नभ ज्यूं चमके, श्यामल मूर्ति तेज त्यूँ दमके
अंखिया देखत ही रह जाती, आनंद की धारा बह जाती. ३६
प्रभु का रूप अनूप सोहावे, वर्णन कोउं नहीं कर पावे
जो देखे सो डूब ही जावे, तन मन धन और अन्न भुलावे. ३७

प्रभु कलिकाल में कल्प तरु सम, प्रभु की भक्ति अद्भुत अनुपम
था जब मुनिसुव्रत का शासन, तब यह मूर्ति बनी मनभावन. ३८
आज भी प्रभाव दिव्य ठहरायो, लाखों लोग ने अनुभव पायो
एकतान मन जाप करीजे, ऋद्धिमंत ऐश्वर्य वरीजे. ३९
भारत देश महाराष्ट्र राज, विदर्भ में शिरपुर शिरताज
अंतरीक्ष भगवान को वंदन, अश्वसेन वामा के नंदन. ४०

## दोहरा

वाराणसी में च्यवन जन्म, दीक्षा केवल ज्ञान
समेत शिखर से मोक्ष गये, देवर्धि दायक भगवान.
श्री अंतरीक्ष चालीसा जो पढे प्रातःकाल,
उसको जीवन में मिले सुख सौभाग्य विशाल.

૭

# શત્રુંજય સ્તવના

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ઋષભદેવ નવાણું યાત્રા | ૧૬૩ |
| ૨. | શ્રી સિદ્ધગિરિ વધામણા | ૧૬૬ |
| ૩. | શ્રી શેત્રુંજીનદી સ્તવના | ૧૬૭ |
| ૪. | શ્રી શેત્રુંજી નદી સ્તુતિ | ૧૭૦ |
| ૫. | જનમ જનમનો માંગું સાથ | ૧૭૧ |
| ૬. | શ્રી શત્રુંજયગિરિ ભાવયાત્રા-સ્તુતિ | ૧૭૧ |
| ૭. | શ્રી નવ ટૂંક સ્તુતિ | ૧૭૯ |
| ૮. | શ્રી છ ગાઉની યાત્રાની સ્તુતિ | ૧૮૧ |
| ૯. | શ્રી શત્રુંજય વંદના | ૧૮૩ |
| ૧૦. | શ્રી શત્રુંજય નવટૂંક વંદના | ૧૮૯ |
| ૧૧. | છ ગાઉની ભાવયાત્રા | ૧૯૫ |
| ૧૨. | શ્રી સિદ્ધગિરિ ૧૦૮ નામ સ્તોત્ર | ૧૯૮ |
| ૧૩. | આદિનાથજી : નેમિનાથજી | ૨૦૦ |
| ૧૪. | પાંચસોમી ધ્વજા | ૨૦૦ |
| ૧૫. | ૫૦૦મી ધ્વજાનો મહોત્સવ | ૨૦૧ |
| ૧૬. | નવટૂંકની યાત્રાએ | ૨૦૨ |
| ૧૭. | ગિરિરાજના દોહા | ૨૦૩ |
| ૧૮. | वंदे गिरिवरम् | ૨૦૪ |
| ૧૯. | जय गिरिराज | ૨૦૪ |
| ૨૦. | गिरनार अष्टपदी | ૨૦૫ |
| ૨૧. | છલકછલક ગિરનાર | ૨૧૨ |

## ૧. શ્રી ઋષભદેવ નવાણું યાત્રા

દીક્ષા ગ્રહીને ચારસો ઉપવાસ તપ આરાધતા,
શ્રેયાંસ હાથે પારણું કરી શ્રમણજીવન સાધતા;
સૌરાષ્ટ્રદેશે દૂર દેશાંતર થકી જિન સંચરે,
ભગવાન આદીશ્વર પ્રભુ યાત્રા નવાણું આદરે. ૧
સ્કંધો ઉપર એ કેશપાશ વિશાળ લહેરાતો હતો,
એકેક પગલે પવન સાથે રમત આદરતો હતો;
પર્વત ઉપર વહેતા ઝરણ જેવી જટા ધારણ કરે, ભગવાન. ૨
મંદિર નહીં, પગલાં નહીં, લાંબા પગથિયા પણ નહીં,
ખૂંદી અડાબીડ કેડીને એકાંતમાં રહેવું અહીં;
એવા સમયમાં ઋષભજી ગિરિરાજ પર પગલાં ધરે, ભગવાન. ૩
જંગલ હતું ઘનઘોર હાથી-વાઘ-સિંહ ઘણા રહે,
સર્પો અને અજગર અને વીંછી તણી ભીતિ રહે;
અધ્યાત્મના અવધૂત આરાધક જિનેશ્વર ના ડરે, ભગવાન. ૪
રાયણ તરુની છાંયમાં ભગવંત આવી થોભતા,
સુંદર મનોહર પાંદડાં ત્યાં ડાળડાળે શોભતા;
મહાભાગ્યશાળી વૃક્ષ એ અરિહંત પર છાંયો ધરે, ભગવાન. ૫
વરસાદ ખાંડાધાર વરસે વીજળી ચમક્યા કરે,
ગિરિરાજ શૃંગે વાદળાં ભગવાનને ઘેરી વળે;
જલસિક્ત જિનના દેહને રાયણ અહો ! નિરખ્યા કરે, ભગવાન. ૬
ઠંડી શિયાળામાં પડે અતિ ઉગ્ર ગિરિવર શિખર-પર,
અંતર્જગતમાં લીન જિન તેને સહે વસ્ત્રો વગર;
ના તાપણું, ના ધાબળા, ના કોઈ ઔષધ વાપરે, ભગવાન. ૭
લૂ વાય ને તડકા તપે, સોસાય કંઠ પગે બળે,
એવા ઉનાળામાં જિનેશ્વર તપ તપંત વિના જળે;
પંખા પ્રભુ ના વાપરે ના સ્નાન કરવું સાંભરે, ભગવાન. ૮
કાઉસગ્ગની મુદ્રા ધરી ઊભા રહે છે ધ્યાનમાં,
જાનુ સુધી લંબાય છે બે હાથ ધર્મવિધાનમાં;
દર્શન કરે જે ભાવથી તેનાં સકલ પાતક હરે, ભગવાન. ૯

કેવી રીતે ગિરિરાજ-આરોહણ પ્રભુ કરતા હશે ?
એકેક પગલાં શી રીતે પથ્થર ઉપર ધરતા હશે ?
તેની મનોહર કલ્પના, અત્યંત રોમાંચિત કરે, ભગવાન. ૧૦
બે પાંચ કે દસ-બાર કે સો-દોઢસો યાત્રા નહીં,
પૂરવ નવાણું વાર યાત્રા ઋષભજી કરતા અહીં;
ઓછી પડે ક્રોડો અને અરબો તણી સંખ્યા અરે, ભગવાન. ૧૧
કૈવલ્ય પામ્યા બાદ દીધી દેશના ગિરિરાજ પર,
બારેય અતિશય ધારતા દેવાધિદેવ કૃપાસભર;
ગિરિરાજ પર બેસી કહે ગિરિરાજનો મહિમા ખરે, ભગવાન. ૧૨
પ્રભુદેશનાઓ સિદ્ધગિરિ પર કેટલી ગુંજી હતી ?
સમ્યક્ત્વ પામ્યા કેટલા આત્મા હરી મિથ્યામતિ ?
રત્નત્રયી દાતાર જિનવર ભવિકજનને ઉદ્ધરે, ભગવાન. ૧૩
બારેય વ્રતને પાળવા સંકલ્પ શુદ્ધ કર્યો હતો,
જે જે જીવોએ, તેમનો ઉદ્ધાર પણ નિશ્ચે થતો;
તે ધન્ય જે ગિરિરાજ ખોળે પ્રભુ સમીપે વ્રત ધરે, ભગવાન. ૧૪
પ્રભુનાં વચનથી જેમણે વૈરાગ્યને ધારણ કર્યો,
પ્રભુના જ હાથે શ્રમણનો માંગલ્યવેશ પરમ ધર્યો;
તે ધન્ય જે ગિરિરાજ સંગે આત્મશુદ્ધિ આદરે, ભગવાન. ૧૫
પ્રભુસાક્ષીએ ઘાતીકરમ હરવા સમુદ્યત થાય છે,
જે જે મહાત્મા તેમનું અજ્ઞાન સઘળું જાય છે;
તે ધન્ય જે ગિરિરાજપર વીતરાગ પદવીને વરે, ભગવાન. ૧૬
પ્રભુસાક્ષીએ કર્મો સકલ ટાળી પરમપદને લહ્યા,
સાધક મહાત્મા આ જ શત્રુંજયતણા ખોળે રહ્યા;
તે ધન્ય છે તેના સ્મરણથી પાપનાં પટલો ખરે, ભગવાન. ૧૭
મંડાય સમવસરણ મનોરમ દેશના આપે પ્રભુ,
એકતાન બારે પર્ષદાને ધર્મમાં થાપે પ્રભુ;
એ વૈખરીનો નાદ ઉઠ્યો માલકૌંસ તણા સ્વરે, ભગવાન. ૧૮
પુંડરીકને પ્રભુએ કહ્યું : ગિરિરાજ પર રહેજો તમે,
વિસ્તારજો ગિરિરાજ મહિમા : શિવગતિ લહેજો તમે;

બડભાગી મુનિવર ધન્ય જેનું જિન ભવિષ્યકથન કરે, ભગવાન. ૧૯
ભગવંતના શ્વાસો તણી સૌરભ કમલ જેવી હતી,
ગિરિરાજ પર તે કેટલીયે વાર રેલાઈ હતી;
ગિરિરાજનાં સાંનિધ્યમાં મન એ સુવાસોને સ્મરે, ભગવાન. ૨૦
સવિ કર્મ હરવા જગતના ને જ્ઞાનથી ભરવા પ્રભુ,
આવ્યા હતા ગિરિરાજ પર ભવરોગ સંહરવા પ્રભુ;
આ ક્ષેત્રનો મહિમા ઉરે ધારણ કર્યો તીર્થંકરે, ભગવાન. ૨૧
યાત્રા નવાણું, વર્ષીતપ - આ બે-તણી આરાધના,
છે ઋષભજીનાં અનુકરણરૂપે થનારી સાધના;
વિધિશુદ્ધ ભાવે આદરે તે શીઘ્ર ભવ સાયર તરે, ભગવાન. ૨૨
પ્રાયઃ પ્રભુ ગિરિરાજ પર આવેલ ઘેટી ગામથી,
તેથી થયું પ્રખ્યાત એ શ્રી આદિપુરના નામથી;
પગલાં બિરાજે ઊંચા શિખરે દર્શને હૈયું ઠરે, ભગવાન. ૨૩
પગલાં તણાં દર્શન કરે દેવેન્દ્ર પણ બહુ ભક્તિથી,
તે ભરતને દે પ્રેરણા મંદિર રચાવો શક્તિથી;
દેદીપ્યમાન બન્યું જિનાલય રત્નની પ્રતિમા ભરે, ભગવાન. ૨૪
જે ભૂમિ પર પગલાં પ્રભુ કરતા રહ્યા, કરતા રહ્યા,
જે ભૂમિ પર શુભ ધ્યાન પ્રભુ ધરતા રહ્યા, ધરતા રહ્યા;
તે ભૂમિ નીરખતાં નયન આનંદનાં આંસુ ઝરે, ભગવાન. ૨૫
ભગવાનની તપસાધના ને દેશનાની ભૂમિ પર,
પગલાં બને છે આદિકાળે સકલજીવ સંતાપહર;
રાયણ મહાતરુ સિદ્ધગિરિનો ત્યારથી યશ વિસ્તરે, ભગવાન. ૨૬
યાત્રા નવાણું આદરું હું એ પ્રભુનાં સ્મરણમાં,
યાત્રા બનો નિર્વિઘ્ન મુજ પ્યારા પ્રભુનાં શરણમાં;
મુજને મળો શિવપદ સતત દેવર્ધિ આ ઇચ્છા ધરે, ભગવાન. ૨૭

## ૨. શ્રી સિદ્ધગિરિ વધામણા

**(જેવી રાયણવૃક્ષની છાયા)**

ગિરિ વધામણા આદરીએ, ગિરિવરનું પૂજન કરીએ,
ગિરિ મહિમા અગમ અપાર, ગિરિ નામે થાય ઉદ્ધાર. ગિરિ વધામણા. ૧

**(મહેંદી)**

મહેંદીથી રંગ્યા હાથ, વસે હૈયે આદિનાથ,
દશ આંગળીઓ રંગાઈ, વાગે ભક્તિની શરણાઈ. ગિરિ વધામણા. ૨

**(કંકુ થાપા)**

અમે કંકુથાપા કરીએ, અમે શુકન કંકુના ધરીએ,
અમે કંકુએ રંગ્યા ગાલ, છે સિદ્ધ તણો રંગ લાલ. ગિરિ વધામણા. ૩

**(કેસર છાંટણાં)**

મઘમઘ કેસર વાટીએ, ગિરિ પર કેસર છાંટીએ,
ઘેરો રંગ ઋષભનો લાગ્યો, પ્રભુનામે આતમ જાગ્યો. ગિરિ વધામણા. ૪

**(ગુલાબજળ)**

જળ ગુલાબનું વરસાવું, શીતળ તનમનથી થાઉં,
ગિરિરજને માથે ચડાવું, શેત્રુંજીજળ ભેળાવું. ગિરિ વધામણા. ૫

**(કેસૂડાંનો રસ)**

કેસૂડાંનો રસ છે રક્ત, ગુણ ગાય હજારો ભક્ત,
સુંદર છે કસુંબલ રંગ, ઉર ઉછળે ઊંચો ઉમંગ. ગિરિ વધામણા. ૬

**(અત્તર છાંટણા)**

મોંઘા અત્તર મહેકાવું, દેવદેવીઓને બોલાવું,
સૌ ગાઓ ગિરિગુણ ભાવે, અણુ અણુ આનંદિત થાવે. ગિરિ વધામણા. ૭

**(સોનારૂપાના ફૂલ)**

સોનાના ફૂલડે વધાવો, જયજય ગિરિરાજ ગવડાવો,
છે અનંત સિદ્ધનો વાસ, સુરસુંદરીઓ રમે રાસ. ગિરિ વધામણા. ૮

**(અક્ષતવર્ષા)**

રંગેલા અક્ષત સુંદર, વરસાવીએ મોતી મનહર,
આદેશ્વરજી અલબેલા, છે ધન્ય ઘડી ધન્ય વેળા. ગિરિ વધામણા. ૯

**(ફૂલની માળા)**

ફૂલડાના રમણીય હાર, બહુ ચડાવીએ સુખકાર,
પ્રભુનામની સરસ સુગંધ, અનહદનો આ અનુબંધ. ગિરિ વધામણા. ૧૦

**(ફૂલના તોરણ)**

બહુરંગી ફૂલનાં તોરણ, બંધાવો તળેટી આંગણ,
જેમ જેમ ગિરિશોભા વાધે, તેમ તેમ જીવ શુદ્ધિ સાધે. ગિરિ વધામણા. ૧૧

**(ગુલાલ)**

ઉડે ઝીણો ઝીણો ગુલાલ, ગિરિનામે મંગળમાળ,
રંગોત્સવ છે જયકારી, મારા સાહેબની બલિહારી. ગિરિ વધામણા. ૧૨

**(સ્વસ્તિક)**

કુમકુમ મંડલ પાથરીએ, ચોખાથી સ્વસ્તિક કરીએ,
એવું શ્રીનાભ ગણધર બોલે, સુણી ભરતનરેશ્વર ડોલે. ગિરિ વધામણા. ૧૩

**(સુગંધ ઉત્સવ)**

પ્રગટાવો મંગલ ધૂપ, લહો વિશુદ્ધ આત્મ સ્વરૂપ,
દેવર્ધિ ઝળહળ થાય, નિરખે તે પુણ્ય કમાય. ગિરિ વધામણા. ૧૪

## ૩. શ્રી શેત્રુંજીનદી સ્તવના

**(ભુજંગી)**

હું શેત્રુંજીનાં ગીત ભક્તિથી ગાઉં, એના તીરે આદિજિણંદાને ધ્યાઉં,
એવું લાગે કે ક્યાંય બીજે ન જાઉં, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧
ગઈ ચોવીસીના પ્રથમ તીર્થરાયા, પ્રભુ કેવળજ્ઞાની પૃથ્વી પધાર્યા,
ઈશાનેન્દ્રે પ્રાગટ્ય ત્યારે કરાવ્યું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨

વહી જાય પાણી કેવા એકધારા, કેવા દૂરદૂરે દીસે બે કિનારા,
નિહાળી નિહાળીને કર્મો ખપાવું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૩
એના વાયરાથી ઉડે મારા વસ્ત્ર, અણુએ અણુ મારા બનતા પવિત્ર,
એના ભેજને મારા શ્વાસે સમાવું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૪
હજારો કૂવાઓના પાતાળે રહેતી, નહેરો ઝરાઓમાં છલકાતી વહેતી,
અહોભાવથી શીશ ભાવે ઝુકાવું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૫
ગિરિવરના ખોળે દિવસરાત રમતી, દેવીદેવને આ નદી ખૂબ ગમતી,
એના સંગે હું પુણ્ય ઊંચા કમાઉં, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૬
એનાં નીરને ગીરના સિંહ પીવે, ને જળચર કરોડો એના ખોળે જીવે,
ચલાવે એ લાખો મનુષ્યોનું આયુ, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૭
ઋષભનાથને જે ગુલાબો ચડે છે, એ સઘળા સુગંધિત આના જળ વડે છે,
હશે વૃક્ષ રાયણ એનાથી જ સિંચાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૮
યુગાદિ પ્રભુની સતત ભક્તિ માટે, સૂરજ દેવ મંદિર રચે એના કાંઠે,
એવું આનું માહાત્મ્ય શાસ્ત્રે લખાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૯
હતી ચૌદ નદીઓ ઋષભજીના કાળે, એના પાણી કે માટી પણ રોગ ટાળે,
એ સર્વેનું સત્ એક આમાં સમાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧૦
એના કાંઠે બેસી કરો મંત્રજાપ, ટળે સર્વ બાધા, મળે સુખ અમાપ,
એવું એનું ગૌરવ ધરણ ઈન્દ્રે ગાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧૧
રહીને કિનારે તપસ્યાઓ ખાસ, કરો એક ત્રણ ચાર અથવા છ માસ,
તો આપે નદી આ સુભગ ફળ સવાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧૨
નવાણુંમાં ત્રણ ગાઉની એક ફેરી, રોહીશાળા રસ્તેથી થાતી અનેરી,
એ યાત્રા થકી પુણ્ય મોટું બંધાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧૩
નદીમાંહી વાસણ વિનયથી ઝુકાવે, ભરી પાણી એ ગાળીને સ્નાન ભાવે,
કરે જે તેણે પુણ્ય મોટું કમાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧૪
નદીથી લઈ બેડલે પાણી ચડીએ, એનાથી જ પ્રક્ષાલ દાદાનો કરીએ,
અનુષ્ઠાન સૌથી સરસ એ ગણાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧૫
નદીની જ માટીથી કળશા બનાવું, એમાં જળ ભરી કુંભ માથે ચડાવું,
એ લઈ જઈ અભિષેક ઋષભનો કરાવું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧૬

આવો આ અભિષેક છે લાભકારી, એવું શાસ્ત્રમાંહી લખ્યું છે વિચારી,
સરસ એકસો આઠ કળશા ભરાવું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧૭
ગિરિરાજ પર જ્યારે વરસાદ આવે, ઝરણ કૈંક તોફાન ત્યારે જગાવે,
એનું પાણી છેલ્લે નદીમાં સમાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧૮
એ ચોમાસામાં રૌદ્ર રૂપે રમે છે, શિયાળામાં એ સૌમ્ય સૌને ગમે છે,
ઉનાળે એનું વહેણ ઝાંખું જણાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૧૯
પરોઢે એને લાલ રંગે નિહાળું, ઉગે સૂર્ય ત્યાં રંગ સોનેરી ભાળું,
પૂનમરાતે જળ ચાંદી રંગે રંગાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨૦
ઘેરાવો એનો આંખમાં ના સમાય, એનું ઊંડું તળ કોઈથી ના કળાય,
કે જલનાદમાં સૂક્ષ્મ સંગીત છાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨૧
મહર્ષિઓ આવ્યા તપસ્વીઓ આવ્યા, કિનારે બિરાજીને કર્મો ખપાવ્યા,
એનાં પુણ્ય પરમાણુ માથે ચડાવું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨૨
હજારો હજારો વરસથી વહે છે, તરંગે તરંગે ચમત્કાર રહે છે,
જડીબુટ્ટી ઔષધથી તળિયું ભરાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨૩
એ દૂરેથી આવે અને દૂરે જાય, છતાં તીર્થનાં નામથી ઓળખાય,
આ સોરઠની મા છે હું મસ્તક નમાવું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨૪
ગિરિરાજે હિંગલાજથી સહેજ આગળ, વધો ત્યાંથી દેખાય છે પાણી ઝળહળ,
કે જળબાંધમાં નીર પુષ્કળ ભરાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨૫
એ નીકળી છે ચાંચાઈની ટેકરીથી, એ ગળધરા ધોધે ખીલે છે ફરીથી,
ઉગમબિંદુ ગીરનું ગહનવન ગણાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨૬
એ બસ્સોસત્યાવીસ કિલોમીટરની, લંબાઈ ધરાવે પ્રવાહી સફરની,
એમાં દોઢસો પર આ ગિરિતીર્થ આવ્યું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨૭
એ આગળ તળાજા તરફ ચાલી જાય, એની હૂંફથી ખેતરો ઉભરાય,
ઘણા પંથકોને એણે પાણી પાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨૮
એમાંથી નદીઓ ઘણી નીકળી છે, નદીઓ અમુક આવી એમાં ભળી છે,
નથી એને કોઈ મારું કે પરાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૨૯
તળાજાની આગળ સમંદરને મળતી, મહાજ્યોતમાં જાણે કે જ્યોત ભળતી,
એના સ્પર્શે દરિયામાં દૈવત દેખાયું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૩૦

ઉડે ભાવનગરેથી વિમાન જ્યારે, દીસે બારીમાંથી મિલન એહ ત્યારે,
એ રમણીય દર્શન ઉપર વારી જાઉં, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૩૧
એ સંગમને જે કોઈ ભાળે એ ધન્ય, નદીને નયનથી નિહાળે એ ધન્ય,
એ દશ્યોની દેવર્ધિ મનમાં વસાવું, હું શેત્રુંજીને જોઈને ધન્ય થાઉં. ૩૨

## ૪. શ્રી શેત્રુંજી નદી સ્તુતિ

ગિરિરાજનાં શુભનામને ધારણ કરે છે આ નદી,
સઘળાય સંતાપો તણું વારણ કરે છે આ નદી,
માહાત્મ્ય આ સરિતાતણું હરિમુખે ભરતજી સાંભળે,
સુપવિત્ર શત્રુંજય નદીનાં સ્નાનથી શુદ્ધિ મળે. ૧
એના જળે બહુ ઔષધિ છે દેવતાનો વાસ છે,
ધારા પ્રવાહ નદી તણો દેખાય બારેમાસ છે,
પૂરવ દિશામાં સૂર્ય સંગે તેજ એનું ઝળહળે, સુપવિત્ર. ૨
તીર્થો કિનારે કેટલાયે સ્પર્શતી આગળ વધે,
એના સમીપે મંત્ર જપતા સાધનાનું બળ વધે,
ઊંડા ઝરાઓ છે ઘણાં ત્યાં જળચરો ટોળે વળે, સુપવિત્ર. ૩
શ્રી હસ્તગિરિજી તીર્થથી ગિરિરાજ પાસે આવતી,
આગળ કદંબગિરિ કને વહી જાય છે શુભભાવથી,
ગિરિસંગના આનંદમાં એના તરંગો ઉછળે, સુપવિત્ર. ૪
મહિમા ગણાયો અન્ય ધર્મે જે રીતે ગંગાતણો,
જિનધર્મમાં તેવી રીતે આ નદીનો મહિમા ઘણો,
રોગો ઉપદ્રવ ટાળવાની શક્તિ છે એના જળે, સુપવિત્ર. ૫
જે આંખ નીરખે આ નદીને આંખ તે પાવન બને,
જે અંગ ફરસે નદીજલને અંગ તે પાવન બને,
ગિરિરાજ સમ આ સરિત સંગે પાપના પુંજો ટળે, સુપવિત્ર. ૬
ગત ચોવીસીમાં પ્રથમ જિનપતિ થયા કેવલજ્ઞાનીજી,
તે નાથના અભિષેક કરવા ઇન્દ્ર પ્રગટ કરે નદી,
તે ગુપ્ત રહી વહેતી હતી; દેખાઈ શત્રુંજય તળે, સુપવિત્ર. ૭

શ્રી રોહીશાળાની તળેટીમાં નદી દર્શન કરો,
શ્રી ઋષભજિનવર ચરણ યુગલે ભાવથી વંદન કરો,
જળ પાત્રમાં લઈ સ્નાન કરતાં સર્વ મનવાંછિત ફળે, સુપવિત્ર. ૮
ગિરિરાજ આખો આ નદીનાં જળમહીં પડછાય છે,
સામા કિનારેથી જુઓ તો દૃશ્ય આ દેખાય છે,
એના તરંગોમાં પરમ દેવર્ધિ વિલસે હર પળે, સુપવિત્ર. ૯

## ૫. જનમ જનમનો માંગું સાથ

જનમ જનમનો માંગું સાથ આદિનાથથી અનાદિનાથ
સિદ્ધગિરિથી સિદ્ધશિલા પર જાવું છે નમો સિદ્ધાણં નમો સિદ્ધાણં ગાવું છે
હવામાં પ્રભુનાં સ્પંદન છે માટીની મહેકમાં ચંદન છે
ભગવંતની ભૂમિને અઢળક વંદન છે જનમ જનમનો માંગું સાથ. ૧
ઋષભદેવજી પરમાતમ આવ્યા અહીં સર્વ પ્રથમ
એક એક પગલે દેવોએ ફૂલ વરસાવ્યાં
દેશનાઓ ફરમાવી હતી અલખની જ્યોત જગાવી હતી
ઘેટીની પાગથી સાહેબ કાયમ આવ્યા
આદિપુરની તળેટી પર વરતે દાદા આદીશ્વર
આદિકાળની ઊર્જા લાગે મનહર હવામાં પ્રભુનાં સ્પંદન છે. ૨
તપ ચાલે ગિરિનાં નામે રાત દિવસ રહું ગિરિ સામે
મારા રોમ રોમમાં ગિરિવર ગુંજન ચાલે
ભાવે નવાણું યાત્રા કરું હોઠે ગિરિનું નામ ધરું
મારી આંખો અપલક ગિરિવરને જ નિહાળે
મનમાં જો ગિરિરાજ રહે પુણ્યના ઝરણાં સતત વહે
ગિરિ કૃપા થકી આતમ દેવર્ધિ લહે હવામાં પ્રભુનાં સ્પંદન છે. ૩

## ૬. શ્રી શત્રુંજયગિરિ ભાવયાત્રા–સ્તુતિ

ગિરિરાજ શત્રુંજય નમો ગિરિરાજ મહિમાધામ છે,
મંત્રો સમાન પવિત્ર એકસો આઠ ગિરિવર નામ છે;
ગિરિરાજનાં સાંનિધ્યમાં પાપો ભવોભવનાં હરું,
યાત્રા કરીને સિદ્ધગિરિની સિદ્ધ પદવી હું વરું. ૧

**(જળ તળેટી)**

કલ્યાણકર ગિરિરાજની જ્યાં સ્પર્શના પહેલી મળે,
સુવિશાલ શિલાપટ્ટના સ્પર્શે સકલ વિપદા ટળે
અગિયાર મંગળ દેરીઓનાં દર્શને દુઃખડા હરું, યાત્રા કરીને. ૨

ગિરિરાજ આખો પૂજ્ય છે, આરાધ્ય છે ભગવંત સમ,
મંગલ શિલાને પૂજતાં એ ભાવ મન ધારું પરમ,
એક એક કણમાં હું અનંતા સિદ્ધનાં દર્શન કરું, યાત્રા કરીને. ૩

**(અગિયાર દેરીઓ)**

પૂરવ નવાણું વાર યાત્રા આદિનાથ પ્રભુ કરે,
તેનાં ચરણ નમતાં તળેટીમાં હૃદય તૃપ્તિ ધરે;
ભગવંતનાં અનુકરણમાં યાત્રા નવાણું આદરું, યાત્રા કરીને. ૪

શ્રી અજિતનાથ જીણંદજી શ્રી શાંતિનાથ જીણંદજી,
ગિરિ ઉપર ચોમાસું રહ્યા ત્યાં પર્ષદા બારે સજી;
બન્નેય ભગવંતો તણી શ્રી પાદુકા પર શિર ધરું, યાત્રા કરીને. ૫

ભગવાન અભિનંદન પ્રભુ દે દેશના રાયણ તળે,
ગિરિરાજ મહિમા વર્ણવે તે વ્યંતરેન્દ્રો સાંભળે;
ઉદ્ધાર તેઓ કરે અષ્ટમ : તેહ ઘટના સાંભરું, યાત્રા કરીને. ૬

ભગવાન મુનિસુવ્રત ચરણમાં વંદના શ્રદ્ધાભરી,
શ્રી શાંતિનાથ જિણંદ ચરણે વંદીએ શ્રદ્ધા ધરી;
શ્રી સુમતિનાથ જિનેન્દ્ર ચરણે મનવચનકાયા ધરું, યાત્રા કરીને. ૭

ભગવાન અભિનંદન-ચરણમાં વંદના શ્રદ્ધાભરી,
શ્રી વર્ધમાનજિનેન્દ્રને વંદન કરું શ્રદ્ધા ધરી;
શ્રી આદિનાથ જિણંદનાં ચરણોમહીં વંદન કરું, યાત્રા કરીને. ૮

શ્રી પાર્શ્વનાથ જિણંદજી શ્રી ગોડી પારસનાથજી,

વંદન કરું ભગવંતને સઘળીય ઇચ્છાઓ તજી;
પ્રભુનામ એકસો આઠ છે મંગલસ્મરણ નિશદિન કરું, યાત્રા કરીને. ૯

**(પાલીતાણા)**

વિદ્યા અગમ શ્રી પાદલિપ્ત સૂરીન્દ્ર પાસેથી ગ્રહી,
નાગાર્જુને તેથી વસાવ્યું પાદલિપ્ત નગર અહીં;
આજે હવે શ્રી પાલીતાણા નામથી તેને સ્મરું, યાત્રા કરીને. ૧૦

**(ચોવીશી)**

ત્રેવીસ જિણંદ અહીં પધાર્યા વર્તમાન સમય તણા,
ચોવીસ જિનવર આવશે આગામી ચોવીશી તણા;
ચોવીશ જિનવર ચરણનાં ઉલ્લાસથી દર્શન કરું, યાત્રા કરીને. ૧૧

**(પગથિયાં)**

પાવન પગથિયાંઓ નમું એ બહુ સહાયક થાય છે,
તેની ઉપર પગ મૂકતા મુજ ચિત્ત બહુ દૂભાય છે;
આ દેહ લબ્ધિ વિહીન છે; લાચારભાવે પગ ધરું, યાત્રા કરીને. ૧૨

**(શ્રી આદિનાથ પગલાં-જમણી બાજુ)**

ભગવાન આદીશ્વર પ્રભુ ગિરિરાજના નાયક તમે,
તિર્યંચ-માનવ દેવતાના સર્વ સુખ દાયક તમે;
ડગલે અને પગલે પ્રભુ ! દર્શન તમારા હું કરું, યાત્રા કરીને. ૧૩

**(શ્રી પુંડરીક પગલાં)**

શ્રી ઋષભજિન આદેશથી રોકાય છે ગિરિરાજ પર,
પુંડરીક પહોંચ્યા પાંચ ક્રોડ શ્રમણ સહિત મુગતિ નગર;
ચૈત્રી પૂનમના પર્વ નાયક ચરણયુગ વંદન કરું, યાત્રા કરીને. ૧૪

**(શ્રી શાંતિનાથ પગલાં)**

શ્રી શાંતિજિન ધ્યાને ઊભા વનરાજ એક હુમલો કરે,
વચ્ચે સ્ફટિકપટ સુર ધરે પ્રતિબોધ તેહ પશુ વરે;
તે દેવ થઈ મંદિર રચે એ દિવ્ય ઘટના સાંભરું, યાત્રા કરીને. ૧૫

**(આદિનાથ પગલાં-ડાબી બાજુ)**

કોઈ જ કલ્યાણક નહીં ભગવાન આદિનાથનું,
તીરથ ગણાયું તોય કીર્તિમાન આદિનાથનું;
પગલાં નમું ભગવંતના શુભભાવનાં ફૂલ પાથરું, યાત્રા કરીને. ૧૬

**(ધર્મનાથ જિનાલય)**

ઉજ્જ્વલ ધવલ મંદિર મનોરમ ધર્મનાથ જિણંદનું
પૂજન કરું કીર્તન કરું હું ભાવથી ભગવંતનું
શ્રી રામચન્દ્ર સૂરીન્દ્ર વંદુ આ સ્થળે મમ સદ્ગુરુ, યાત્રા કરીને. ૧૭

**(શ્રી અજિતનાથ પગલાં)**

શ્રી અજિતનાથ જીણંદ ચોમાસું કરે સિદ્ધાચલે,
દશ સહસ મુનિવર મોક્ષ પામ્યા ચૈત્રીપૂનમ શુભપળે;
ભગવંત જો કિરપા કરે તો હું'ય મોક્ષે સંચરું, યાત્રા કરીને. ૧૮

**(શ્રી ગૌતમ પગલાં)**

ગૌતમ ગુરુએ આદરી પૂરવભવે અહીં સાધના,
શ્રી વેગવાને પૂર્ણ કીધી વિકટ વિદ્યા કામના;
લબ્ધિનિધાનને લબ્ધિ આપી તેહની સ્તવના કરું, યાત્રા કરીને. ૧૯

**(શ્રી શાંતિનાથ પગલાં)**

એક ક્રોડ બાવનલાખ પંચાવન સહસ મુનિ શિવ લહ્યા,
શત સાત સિત્યોતેર જ્યારે શાંતિ ચોમાસું રહ્યા;
શ્રી શાંતિજિનને વંદતા હું મોક્ષ-અભિલાષા ધરું, યાત્રા કરીને. ૨૦

**(શ્રી સરસ્વતીની ગુફા)**

દેવી સરસ્વતી જિનવચનનો બોધ સાચો આપજો,
શ્રદ્ધા અખંડ બની રહે તેવી કૃપા વરસાવજો;
શ્રુતદેવતાનો જાપ નાનકડી ગુફામાં હું કરું, યાત્રા કરીને. ૨૧

**(શ્રી ધર્મનાથ પગલાં)**

શ્રી ધર્મનાથ જિણંદને ભાવે કરું છું વંદના,
ગિરિરાજ પર આવ્યા પ્રભુ આપી મનોહર દેશના;
પ્રભુનામને જપતાં રહીને પાપ-સંતાપો હરું, યાત્રા કરીને. ૨૨

**(શ્રી કુંથુનાથ પગલાં)**

શ્રી કુંથુજિનવર ભવિક-જનને બોધ દે ગિરિરાજ પર,
ભગવંત વચને જીવ લહે કલ્યાણમાર્ગ અજર અમર;
જિનરાજ કરુણાવંત છે જિનરાજનું શરણું ખરું, યાત્રા કરીને. ૨૩

**(શ્રી નેમિનાથ પગલાં)**

શક્રેન્દ્ર સાથે નેમકુંવર ગિરિઉપર આવ્યા હતા,
પ્રભુનાં મુખે મહિમા સુણી સહુ દેવતા પાવન થતાં;
ગિરનારના દાદા ! તને ગિરિરાજ પર વંદન કરું, યાત્રા કરીને. ૨૪

**(શ્રી સમવસરણ મંદિર)**

પ્રભુ વીર આવે ગિરિઉપર આસન પ્રકંપે ઈન્દ્રના,
ચોસઠ સુરેન્દ્રો એક સાથે સાંભળે જિનદેશના;
તેનું સ્મરણ આપે મનોહર સમવસરણ સુખંકરું, યાત્રા કરીને. ૨૫

**(બાબુનું મંદિર)**

ગિરિશિખરની સઘળીય રચના બાબુનાં દેહરે મળે,
મંગલ મનોરથ માતાનો પુત્રો તણા હાથે ફળે;
જલમંદિરે ને રત્નમંદિરમાંય જિનદર્શન કરું, યાત્રા કરીને. ૨૬

**(ધોળીપરબ શ્રી ભરતનાં પગલાં)**

ધોળી પરબ પાસે નમું શ્રી ભરતનાં મંગલચરણ,
સૌ પ્રથમ સંઘપતિ બને : કરે સૌ પ્રથમ ગિરિઉદ્ધરણ;
ધનભાગ છે આ પુત્ર જેના પિતા ઋષભજી સુરતરુ, યાત્રા કરીને. ૨૭

**(ઇચ્છાકુંડ – ત્રણ પગલાં)**

શ્રી ઋષભજિન શ્રી નેમિજિન વરદત્ત ગણધરને નમું,
પાસે જ ઇચ્છા કુંડ છે ત્યાં સર્વ ઇચ્છાઓ દમું,
એક દેરીમાં ત્રણ ચરણ યુગનાં દર્શને પાતક હરું, યાત્રા કરીને. ૨૮

**(લીલીપરબ – આદિનાથ પગલાં)**

લીલી પરબ પર ઋષભ જિન ચરણે કરું છું વંદના,
ગિરિની રજેરજમાં વસે છે ઋષભ જિનની સાધના;
પરિપૂર્ણ પ્રીતિભાવથી પ્રભુની કથા હૈયે ધરું, યાત્રા કરીને. ૨૯

**(હીંગળાજનો હડો)**

કેડે મૂકીને હાથ ચડવો હીંગળાજ તણો હડો,
યાત્રા તણો ઉલ્લાસ ધરતા પાપનો ફૂટે ઘડો;
હિંગુલ રાક્ષસને હરાવે અંબિકા સંકટહરું, યાત્રા કરીને. ૩૦

**(શ્રી કલિકુંડ પગલાં)**

કલિકુંડ પારસનાથનાં ચરણે નમું શ્રદ્ધા ધરી,
વનમાં કરે ગજ પાર્શ્વપૂજા જલ અને પુષ્પો ધરી;
ગિરિરાજનાં વનવૈભવે એ રમ્ય ઘટના સાંભરું, યાત્રા કરીને. ૩૧

**(છાલાકુંડ – શાશ્વતજિન પગલાં)**

શ્રી ઋષભ ચંદ્રાનન અને શ્રી વારિષેણ જિણંદના,
પગલા નમું છું છાલા કુંડે વર્ધમાન જિનેન્દ્રના;
પ્રત્યેક ચોવીશી મહીં એ નામ લહીએ અઘહરું, યાત્રા કરીને. ૩૨

**(શ્રી પૂજ્યની ટૂંક)**

શ્રી પૂજ્ય ટૂંકે પાર્શ્વને પદ્માવતી મસ્તક ધરે,
નવ ટૂંક દૂરે નીરખતાં મન હર્ષ સંવેદન વરે;
નીચે નિહાળું પાલીતાણા : શી રીતે વર્ણન કરું, યાત્રા કરીને. ૩૩

**(શ્રી દ્રાવિડ વારિખિલ્લજી)**

યુદ્ધે ચડ્યા દ્રાવિડ વારિખિલ્લ પૌત્ર ઋષભતણા,
ઋષિવચનથી પ્રતિબુદ્ધ થઈ તાપસ બન્યા એ શુભમના;
દશ ક્રોડ મુનિ કાર્તિક પૂનમે મોક્ષ પામ્યા તે સ્મરું, યાત્રા કરીને. ૩૪

**(શ્રી અઈમુત્તાજી)**

પ્રખ્યાત અઈમુત્તાજી મુનિ બે : બેય અહીં શિવપદ વરે,
એક કંસના બાંધવ શત્રુંજય કલ્પ લઘુ રચના કરે;
ઈરિયાવહી કરતાં અવર મુનિરાજ તો કેવલ વરે, યાત્રા કરીને. ૩૫

**(શ્રી નારદ મુનિજી)**

નારદ મુનીશ્વરને નમન જે બ્રહ્મચર્ય ધરે સદા,
મહાભારતે યાદવવિનાશ નિહાળીને દીક્ષિત થતા;
એકાણું લાખ શ્રમણ સહિત કાર્તિક પૂનમ મોક્ષે જતા, યાત્રા કરીને. ૩૬

**(પાંચ પ્રતિમા)**

બે ભાઈ રામભરત ગયા ત્રણ ક્રોડ મુનિ સહ શિવનગર,
શ્રી નેમનાથ વચન સુણી થાવચ્ચ-પુત્ર થયા શ્રમણ;
એક સહસ મુનિ સહ કરી અનશન લહે શાશ્વત સુખ ચરુ, યાત્રા કરીને. ૩૭
ઋષિ શુક બને જિનસાધુ તેના શિષ્ય શૈલકજી હતા,
આચાર શિથિલ થયા અને પંથક થકી જાગૃત થતા;
ગિરિઉપર આવી પાંચસો મુનિરાજ સહ મોક્ષે જતા, યાત્રા કરીને. ૩૮

**(શ્રી આદિનાથ પગલાં)**

કેવી મનોહર દેશનાઓ ઋષભજી દેતા હશે ?
આનંદ અમૃતપાન જેવો ભવ્યજન લેતા હશે ?
પગલાં તણા દર્શન કરી એ કલ્પનાઓ આદરું, યાત્રા કરીને. ૩૯

**(સુકોશલ મુનિ પગલાં)**

વંદો સુકોશલ મહામુનિ નિજતાત પાસે વ્રત ગ્રહે,
વાઘણ કરે ઉપસર્ગ તેને સહીને શિવ સુખ લહે;
વાઘણ લહીને બોધ સ્વર્ગે જાય તેહ કથા સ્મરું, યાત્રા કરીને. ૪૦

**(શ્રી નમિવિનમિ પગલાં)**

શ્રી ઋષભજીના પૌત્ર બે નમિ વિનમિ વિદ્યાધર હતા,
વનમાં કરી જિનસેવના સંકલ્પ સિદ્ધ સકલ થતા;
બે ક્રોડ મુનિવર સંગ ફાગણ સુદ દશમ મોક્ષે જતા, યાત્રા કરીને. ૪૧

**(હનુમાનધારા)**

હનુમાન ધારે ઋષભ જિનનાં ચરણમાં વંદન કરું,
હનુમાનજી મોક્ષે ગયા છે તેમનાં દર્શન કરું;
વડલા તળે બે માર્ગ છે : હું ભાવથી યાત્રા કરું, યાત્રા કરીને. ૪૨

**(શ્રી જાલિ-મયાલિ ગુફા)**

શ્રી કૃષ્ણના સંતાન જાલિ-મયાલિ-ઉવયાલિ છે,
તે મોક્ષ જે સ્થાને લહ્યા ખુલ્લી ગુફા પથરાળી છે;
હું ચૌદમે ગુણઠાણે પહોંચું, ભાવના એવી ધરું, યાત્રા કરીને. ૪૩

**(રામ પોળ)**

શ્રી મોતીશાની ટૂંકના શિલ્પી હતા ભાઈ રામજી,
રામપોળ નામે તેમનું કૌશલ ગવાઈ રહે હજી;
ભીષણ હતી જ્યાં ખીણ ત્યાં મંદિરનગર દર્શન કરું, યાત્રા કરીને. ૪૪
શ્રી પાંચશિખર જિનાલયે શ્રી વિમલ જિનને વંદના,
અમ આતમા નિર્મલ કરો એ એક છે અમ પ્રાર્થના;

ગિરિરાજ ઉપર સૌપ્રથમ આ જિનગૃહે દર્શન કરું, યાત્રા કરીને. ૪૫
ત્રણ શિખરના જિનમંદિરે શ્રી સુમતિનાથજી વંદીએ,
ભગવાનના આશિષ લહીને પાપ સર્વ નિકંદીએ;
ઉત્તમ મતિ જાગૃત કરું ને શીઘ્ર હું શિવગતિ વરું, યાત્રા કરીને. ૪૬

**(ઘેટી પાગ – ચોવીશ પગલાં)**

ચોવીશ જિનવરનાં ચરણમાં ભાવભીની વંદના,
લોગસ્સ સૂત્રે નામ લઈ કરું સિદ્ધ પદની કામના;
ગિરિરાજ પર આવ્યા પ્રભુ તેનું સ્મરણ ભાવે કરું, યાત્રા કરીને. ૪૭

**(ઘેટી પાગ – ઋષભ પગલાં)**

ચોર્યાસી લાખ વરસ તણું પૂર્વાંગ એક ગણાય છે,
પૂર્વાંગ પૂર્વાંગે ગુણો તો એક પૂર્વ ગણાય છે;
આવા નવાણું પૂર્વ વરસો ઋષભ-યાત્રા સાંભરું, યાત્રા કરીને. ૪૮
ચરણો નમું શ્રી ઋષભના એ સર્વ યાત્રાઓ સ્મરી,
આશ્ચર્યમય આદરતણી સંવેદના મનમાં ભરી;
ગિરિરાજ પર વિલસી હતી તે સર્વ દેવર્ધિ સ્મરું, યાત્રા કરીને. ૪૯

## ૭. શ્રી નવ ટૂંક સ્તુતિ

**(પ્રથમ ટૂંક)**

શ્રી ઋષભજિનની ટૂંક પહેલી વિમલવસહિ ત્યાં પ્રથમ,
મંદિરો શાંતિ જિણંદ આદિક વિવિધ સોહે છે પરમ;
શ્રી રતનપોળે ઋષભજિન આદિક જિનાલયને નમો,
નવટૂંકની યાત્રા કરું ભગવંત મુજ મનમાં રમો. ૧

**(મોતીશાની ટૂંક)**

શ્રી મોતીશાની ટૂંકમાં શ્રી ઋષભનાં ગાઉં સ્તવન,
એકસો પચીસ છે દેરીઓ છે સોળ સુંદર જિનભવન;
જે ખીણ કુંતાસરતણી પૂરી બની સુરલોકસમ;
શ્રી ઋષભજિનવર ભક્તિ કરતાં હર્ષ હું પામું પરમ. ૨

(બાલાભાઈની ટૂંક)

શ્રી બાલાભાઈની ટૂંકમાં શ્રી ઋષભ જિનવર શોભતા,
ચૌમુખ પ્રથમ બીજા જિનાલય ભવિકજન-મન મોહતા;
પાસે જ અદબદ ઋષભદેવ તણાં સુભગ દર્શન કરું, નવટૂંકની. ૩

(પ્રેમાભાઈની ટૂંક)

શ્રી પ્રેમાભાઈની ટૂંકમાં શ્રી આદિનાથ જીણંદજી,
વંદન કરું ભગવંતને કિરપા કરો કિરતારજી;
ચિત્રો, ગભારા છે કલાત્મક પ્રેરણા પાવન વરું, નવટૂંકની. ૪

(હેમાભાઈની ટૂંક)

શ્રી હેમાભાઈની ટૂંકમાં છે અજિતનાથ જિણંદજી,
ગિરિ ઉપર ચોમાસું રહ્યાતા તીર્થપતિ ભગવંતજી;
ઉપકાર પ્રભુના સાંભરું ગુણગાન ભાવે આદરું, નવટૂંકની. ૫
શ્રી ઉજમફઈની ટૂંકમાં છે દ્વીપ નંદીશ્વરતણો,
ભૂગોળ રચના નીરખતા આનંદ મન આવે ઘણો;
અઠ્ઠાઈ ઉત્સવ આ સ્થળે કરવા મનોરથ હું ધરું, નવટૂંકની. ૬

(સાકરવસી ટૂંક)

સાકરવસીની ટૂંકમાં ચિંતામણિ પારસ પ્રભુ,
છે પંચધાતુ મૂરતિ વરસાવે કરુણારસ પ્રભુ;
ભગવંત વાણી રસ ધરું ભગવંત આણા શિર ધરું, નવટૂંકની. ૭

(છીપાવસીની ટૂંક)

છીપાવસીની ટૂંકમાં શ્રી ઋષભજિનવરને નમન,
આ ભાવસારોએ રચેલું છે મનોહર જિનભવન;
ઊંચા મનોરથ ધર્મના ઉલ્લાસથી ધારણ કરું, નવટૂંકની. ૮

(પાંચ પાંડવ)

અગિયારમો ઉદ્ધાર કીધો પાંચ પાંડવ ગિરિ ભજી,
શ્રી નેમિજિનનો મોક્ષ નિસુણી સાધના અનશન સજી;
આસો પૂનમ મોક્ષે ગયા મુનિ વીસક્રોડ હું સાંભરું, નવટૂંકની. ૯

(કુંતી દ્રૌપદી)

મોક્ષે ગયા શ્રી કુંતી દેવી તેમને વંદન કરું,
સ્વર્ગે ગયા શ્રી દ્રૌપદીજી ધર્મ અનુમોદન કરું;
ગિરિરાજની આરાધનાથી હુંય ભવસાયર તરું, નવટૂંકની. ૧૦

(ચૌમુખજીની ટૂંક)

ચૌમુખજીની ટૂંકનો મહિમા જગત વિખ્યાત છે;
ચૌમુખ ઋષભ જિણંદ મારા માત છે ને તાત છે;
ભગવાનનાં ઊંચા શિખરને જોઈને ગૌરવ ધરું, નવટૂંકની. ૧૧

(નરશી કેશવ ટૂંક)

શ્રી નરશી કેશવ ટૂંકમાં ભગવાન અભિનંદન પ્રભુ,
ઉદ્ધાર અષ્ટમ જે થયો તેનું શુભાલંબન પ્રભુ;
મન વચન કાયે વંદીને મમ આતમા પણ ઉદ્ધરું, નવટૂંકની. ૧૨

## ૮. શ્રી છ ગાઉની યાત્રાની સ્તુતિ

(દેવકીના છ પુત્રો)

ષટ્ દેવકીના પુત્રની સુર કંસથી રક્ષા કરે,
અન્યત્ર મોટા થાય નેમિજિન કને દીક્ષા ધરે;
ના ઓળખે મા તે જોઈ અનશન કરે મુક્તિ વરે;
ષટ્ ગાઉની યાત્રા થકી આતમ પરમ શુદ્ધિ વરે. ૧

**(ઉલ્કા જળ)**

ઉલ્કા જળે શ્રી ઋષભજિન અભિષેક જળ દેખાય છે,
શ્રી ઋષભજિનનાં ચરણકમલે વંદતા સુખ થાય છે;
એકાંતમાં આ ખીણના ખોળે અજબ શાંતિ મળે, ષટ્ ગાઉની. ૨

**(ચિલ્લાણ તલાવડી)**

સંતાપ હરવા સંઘનો ચિલ્લાણમુનિ વિદ્યાવડે,
સરવરતણી રચના કરે જળ ઔષધિમય સાંપડે;
બેસી અહીં સૌ ભવ્યજીવો ધ્યાન સિદ્ધ તણું ધરે, ષટ્ ગાઉની. ૩

**(અજિત શાંતિની દેરી)**

હતી દેરી સામોસામ બે તે આજુબાજુમાં થઈ,
શ્રી અજિતશાંતિ સ્તોત્રની રચના કમાલ થઈ ગઈ;
કેવું ચમત્કારી રચ્યું તે નંદીષેણ મુનીશ્વરે, ષટ્ ગાઉની. ૪

**(શ્રી શાંબ પ્રદ્યુમ્નની દેરી)**

શ્રી આદિનાથ જિણંદ ચરણે વંદીએ શુભભાવથી,
શ્રી શાંબ ને પ્રદ્યુમ્નનાં પગલાં નમું સદ્ભાવથી;
મુનિરાજ સાડા આઠ ક્રોડની સંગ શિવપદવી વરે, ષટ્ ગાઉની. ૫

**(શ્રી સિદ્ધવડ)**

મોક્ષે વિશેષપણે ગયા છે સિદ્ધવડથી આતમા,
પગલા નમું શ્રી ઋષભનાં શ્રી સિદ્ધપદ ધરી ચિત્તમાં;
'ઐસી દશા' – આ સ્તવનનું ઉદ્ગાન હૃદય અહીં કરે, ષટ્ ગાઉની. ૬

## ૯. શ્રી શત્રુંજય વંદના

(શત્રુંજય તીર્થની યાત્રા માટેના મહત્ત્વના દિવસો - કાર્તિકી પૂનમ, ચૈત્રી પૂનમ, વિ. દિવસોમાં શત્રુંજયની રચના કે શત્રુંજયના પટ સમક્ષ આ વંદના ગાઈ શકાય છે. આ વંદનામાં શત્રુંજયની તળેટીથી છેક દાદાના દરબાર સુધીનું વર્ણન છે. આ વંદનાના દરેક ગીતને અંતે અષ્ટપ્રકારી પૂજાનો આ મંત્ર બોલીને પૂજાવિધિ કરી શકાય છે.
(ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीसिद्धगिरितीर्थसंस्थिताय श्रीमते जिनबिंबसमूहाय चरणपादुकासमूहाय जलं (चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं) यजामहे स्वाहा)

### ૧. તીર્થ મહિમા : વાસક્ષેપપૂજા

**(પંચમ સુરલોકના વાસી રે...)**

ભોમ ભારતની વખણાય રે,
તીરથ અગણિત સોહાય રે, શત્રુંજય તીરથરાય
ભવિજન ! ભાવયાત્રા તમે કરજો રે,
તમે ભવસાયર સુખે કરજો, ભવિજન. ૧
પ્રભુતા છે પગલે પગલે રે, અનહદનાં સુખ છે ઢગલે રે,
સિદ્ધોનો વાસ છે સઘળે, ભવિજન. ૨
એની રજ સ્વરગે પૂજાય રે, ગુણ સીમંધર જિન ગાય રે,
સિદ્ધાચલ છે સુખદાય, ભવિજન. ૩
અહીં ગુપ્ત છે રત્નની મૂરત રે, રાજા ભરતે રચી છે સુરત રે,
દરિશનથી શિવ દે તુરત, ભવિજન. ૪
પ્રભુ આદિ જિણંદ સદેહે રે, આરોહે આતમનેહે રે,
ફાગણ સુદિ આઠમ એ રે, ભવિજન. ૫
પ્રભુ ઋષભમુખે વખાણાયો રે, પુંડરીક ગણધર શિવ પાયો રે,
તે દિનથી મહિમા સવાયો, ભવિજન. ૬

## ૨. જય તળેટી : જળપૂજા

**(તારી મૂરતિ રે...)**

વંદું જયતળેટી રે ગાજે એનો જય જયકાર,
ગાજે જયજયકાર કે આવે સંઘોની વણઝાર, વંદું. ૧
પૂરવ નવાણુંવાર ચડિયા, આદીશ્વર ભગવાન,
આતપુર છે મૂળ તળેટી મોટાં એનાં માન. વંદું. ૨
અગણિત મંદિર સોહી રહ્યા છે, આ મંદિરના શૃંગ,
એના એ અભિમાન થકી ગિરિવર છે ઉત્તુંગ, વંદું. ૩
લાંબી હાર પગથિયાઓની લઈ જાતી પ્રભુ પાસ,
આરોહણ એવા આદરશું કે તૂટે ભવપાસ, વંદું. ૪
રાત ઢળે ને પરોઢ ઉઘડે, રેલાયે અજવાસ,
યાત્રાનો ઉત્સાહ અનેરો છલકે મારે શ્વાસ, વંદું. ૫
બેય હાથ ચોખા વરસાવી, વધાવીએ ગિરિરાજ,
તન-મન-જીવન ગિરિને સોપ્યાં, સારે સઘળા કાજ, વંદું. ૬

## ૩. તળેટી દર્શન : ચંદનપૂજા

**(ઐસી લાગી લગન...)**

મારો હરખે આતમ, હરખે હૈયું હરદમ,
ગિરિરાજને જુહારતાં શાતા વળે.
આંખે અનહદ આનંદ, લાગ્યો યાત્રાનો છંદ,
એક એક પગલે ઘણાં પાપો ટળે, મારો. ૧

ગિરિવરની તળેટીએ દેરી અગિયાર,
ત્રણ મોટી વચ્ચે આસપાસ ચાર ચાર,
આદિનાથ-અજિત-શાંતિ તણાં પગલાં ફળે, મારો. ૨

મન પહેલે પગથિયેથી પાગલ બને,
મળે નાનકડી દેરીઓમાં પગલાં મને,
મારાં અંતરમાં શ્રદ્ધાનો દીવડો બળે, મારો. ૩

## ૪. ગિરિ દર્શન : પુષ્પપૂજા

**(સકલ તીરથ...)**

નમીએ ભાવે પુંડરીક સ્વામ, નમીએ ભાવે દેવ અજિત,
નમીએ ભાવે ગૌતમ સ્વામિ, ગિરિવર મારગ બાંધી પ્રીત. ૧
નમીએ ભાવે શાંતિનાથ, દર્શન કરીએ સરસતીમાય,
નમીએ ધર્મનાથ મનમિત, ગિરિવર મારગ બાંધી પ્રીત. ૨
નમીએ કુંથુ નેમ દાદા, ખોના મંદિર દે શાતા,
નમીએ ધનવસહી ભલી રીત, ગિરિવર મારગ બાંધી પ્રીત. ૩
નમીએ સુંદર જલમંદિર, નમીએ ભાવે રત્નમંદિર,
સમવસરણ મંદિર જગજીત, ગિરિવર મારગ બાંધી પ્રીત. ૪
ધોળી પરબ નમીએ ભરત, ઈચ્છાકુંડ ઋષભ-નેમ-વરદત્ત,
લીલી પરબ ઋષભ કરે હિત, ગિરિવર મારગ બાંધી પ્રીત. ૫

## ૫. હીંગળાજનો હડો : ધૂપપૂજા

**(દોહરા...)**

જગત બગીચો શોભતો, એમાં ખીલ્યું ગુલાબ,
એ છે શત્રુંજયગિરિ, આપે શુભ ને લાભ. ૧
ઊંચે ઊંચે વાદળી, મનમાં કરે વિચાર,
બેમાંથી કોને નમું, શત્રુંજય ગિરનાર. ૨
રાતે ઝબકે તારલા, શત્રુંજયને જોઈ,
આદીશ્વરજી ક્યાં વસે, અમને બતાવો કોઈ. ૩
સૂરજ ઊગે શોધવા, રત્નમૂરત ભગવાન,
સાંજ લગી એ ના મળે, થઈ જાય અંતર્ધાન. ૪
વૃક્ષ હજારો ઝૂમતા, જુઓ હવાને સંગ,
રંગ રખોપાનો ધરે, અંતરને ઉછરંગ. ૫
ખળખળ શેત્રુંજી વહે, સુંદર સોરઠદેશ,
જોગંદર ગિરિરાજ છે, નદી જટાના કેશ. ૬
ખીણ ખૂંદીને નીકળે, કેડી દૂરસુદૂર,
સુંદરતા ગિરિરાજની, દીપે છે ભરપૂર. ૭

આવ્યો હડો હીંગળાજનો, ગઢ જેવી છે ભીંત,
પોરો ખાવા બેસજો, ગાજો ગિરિવર ગીત. ૮
કલિકુંડ પારસ પ્રભુ, સોહે છે પગલાં,
આગળ વીર પ્રભુતણાં, ચરણે સુખ સઘળા. ૯

## ૬. ગિરિદર્શન : દીપપૂજા

**(સેવો ભવિયા વિમલ)**

જય આદીશ્વર, જય આદીશ્વર, ગાઓ પ્રભુનાં ગાન રે
એક એક પગલું આગળ ભરતાં, પાસે આવે ભગવાન રે, જય. ૧

શાશ્વતા જિનના ચાર ચરણયુગ, રાજે છે છાલા કુંડે રે
દ્રાવિડ-વારિખિલ-અઈમુત્તા-નારદ, પદ્માવતી શ્રીપુંજ ટૂંકે રે, જય. ૨

રામ-ભરત-થાવચ્ચા-શુક-શેલક, હીરબાઈ કુંડ પાસ રે
ભૂખણ કુંડે ઋષભ સુકોશલ, નમિ વિનમિ સુખવાસ રે. જય. ૩

હનુમાન ધારે આદિજિન પગલાં, ઊંચે અંગારશા ખાસ રે
જાલિ મયાલિ ઉવયાલિ ગુફામાં, રામપોળ આપે ઉજાસ રે, જય. ૪

## ૭. દાદાની ટૂંક : વિમલવસહી : અક્ષતપૂજા

**(સિદ્ધાચલ શિખરે)**

હવે વાંદવી દાદાની ટૂંક રે, શત્રુંજય ગિરિ વંદો રે
ભવોભવની ભાંગવી ભૂખ રે, શત્રુંજય. ૧
રામપોળ-સગાળપોળ આવે રે, શત્રુંજય.
વાઘણપોળ હાથી પોળ ગાવે રે, શત્રુંજય. ૨
બે ભાગ એ ટૂંકના કહીએ રે, શત્રુંજય.
પહેલો તે વિમલવસહીએ રે, શત્રુંજય. ૩
શાંતિનાથપ્રભુ મન હરતા રે, શત્રુંજય.
દેવી ચક્કેસરી દિલ ભરતા રે, શત્રુંજય. ૪
ભૂલભૂલામણી પણ આવે રે, શત્રુંજય.
શ્રી વિમલ અજિત સોહાવે રે, શત્રુંજય. ૫

શ્રી સહસ્રફણા ને પારસ રે, શત્રુંજય.
શ્રી ધર્મ-ચંદ્રપ્રભ પારસ રે, શત્રુંજય. ૬
શ્રી સુમતિ શાંતિ ને પાસ રે, શત્રુંજય.
કુમારમંદિર ઋષભ પાસ રે, શત્રુંજય. ૭
એ ડાબી તરફનાં જિનઘર રે, શત્રુંજય.
હવે જમણેરા નમીએ આદર રે, શત્રુંજય. ૮
પંચતીર્થ પુંડરીક પદ્મપ્રભ રે, શત્રુંજય.
મહાવીર અમીઝરા ચંદ્રપ્રભ રે, શત્રુંજય. ૯
બે સંભવ પાર્શ્વ કળામય રે, શત્રુંજય.
સામે પુણ્યપાપ બારી નિરામય રે, શત્રુંજય. ૧૦
ચંદ્રપ્રભ સંભવ અજિત પાસ રે, શત્રુંજય.
આદિ ધર્મ વીર શતસ્તંભ રે, શત્રુંજય. ૧૧
પદ્મપ્રભ ધનેશ્વર શ્રેયાંસ રે, શત્રુંજય.
બે સંભવ ઋષભ સુહાસ રે, શત્રુંજય. ૧૨
બે સહસ્ર નવસોને તેર રે, શત્રુંજય.
પ્રતિમાઓ વિરાજે ચોમેર, શત્રુંજય. ૧૩
સુડતાલીસ જિનઘર વસિયા રે, શત્રુંજય.
અમે પ્રભુદર્શનના રસિયા રે, શત્રુંજય. ૧૪

## ૮. દાદાની ટૂંક : રતનપોળ : નૈવેદ્યપૂજા

**(હે ત્રિશલાના જાયા)**

શેત્રુંજયના સ્વામી ! ઋષભ નમું શિરનામી,
મનખાનો અવતાર ફળ્યો છે, જિનવર તમને પામી,
રતનપોળમાં પ્રભુ વસો છો : રત્નત્રય મુજ દેજો,
ઊંચા શિખરે તમે બિરાજો, મુજને ખોળે લેજો,
રત્નોનાં અજવાળે મારે, શોધી લેવી ખામી, શેત્રુંજયના. ૧
બાહડમંત્રીએ બંધાવ્યો, આ ત્રિભુવનપ્રસાદ,
તેજપાળ સોની સમરાવે, નંદીવર્ધન પ્રાસાદ,
સમરાશા ઉદ્ધાર કરાવે, ગુણગણ આતમરામી, શેત્રુંજયના. ૨

બાવન હાથનું ઊંચું મંદિર, બહોંતેર આધારથંભ,
ચાર ગવાક્ષ ને બત્રીસ તોરણ, બત્રીસપૂતળી અચંભ,
લાખો લાખો ભક્તો આવે, ભીડ છલોછલ જામી, શેત્રુંજયના. ૩
મૂરતનો પાષાણ છે ઉજળો, વસ્તુપાળે આણ્યો,
ભોંયઘરે સંભાળી રાખ્યો, સમરાશાએ વખાણ્યો,
મુજ પથ્થરમાં પ્રાણ પૂરી દો, હું છું શિવસુખકામી, શેત્રુંજયના. ૪
આદીશ્વરદાદાની પ્રતિમા, જાણે જગની માતા,
કરુણા અમૃત વરસાવે છે, પ્રભુ પરમસુખદાતા,
મંદિરમાં છો એવી જ રીતે, હૈયે વસજો સ્વામી, શેત્રુંજયના. ૫

## ૯. ત્રણ પ્રદક્ષિણા : ફળ પૂજા

**(તપસ્યા કરતાં)**

પ્રભુની યાત્રા કરતા હો કે આનંદ અનહદ પાયા હો,
આદીશ્વરની ત્રણ પ્રદક્ષિણા, ભવનું ભ્રમણ મીટાયા, પ્રભુની.
સહસ્રકૂટ ને ગણધર પગલાં, સમેતશિખર સોહાયા,
સીમંધરભગવાનનું મંદિર, પ્રથમ પ્રદક્ષિણા ગાયા, પ્રભુની. ૧
બીજી પ્રદક્ષિણા નવા આદેશ્વર, મેરૂ ત્રણ ગઢ આયા,
સમેતશિખર ને ગણધર પગલાં, મૂર્તિ અગણિત ઠાયા, પ્રભુની. ૨
રાયણવૃક્ષ ને ચોમુખ પ્રભુજી, સહસ્રફણા સોહાયા,
ત્રીજી પ્રદક્ષિણા પાંચભાઈમંદિર, નેમ પ્રભુ બાજરિયા, પ્રભુની. ૩
વિહરમાન વીસ અષ્ટાપદજી, રાવણભક્તિ દિખાયા,
રાયણ ઋષભદેવનાં પગલાં, પૂર્વ નવાણું આયા, પ્રભુની. ૪
ભરતબાહુ નમિવિનમિ વંદો, સમરાશા વિરચાયા,
નવી ટૂંક ચોમુખજી નમીએ, પુંડરીક ગણરાયા, પ્રભુની. ૫

## ૧૦. શત્રુંજય નવટૂંક વંદના

(શત્રુંજય તીર્થની ભાવયાત્રા સ્વરૂપે આ વંદના શત્રુંજય નિમિત્તક કોઈપણ અવસરે ગાઈ શકાય છે. આ વંદનામાં શત્રુંજયની તળેટીથી શરૂ કરીને, નવટૂંક તથા દાદાના દરબાર સુધીની ભાવયાત્રાનું વર્ણન છે. આ વંદનાના દરેક ગીતના અંતે અષ્ટપ્રકારી પૂજાનો આ મંત્ર બોલીને પૂજાવિધિ કરી શકાય છે.

(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीसिद्धगिरितीर्थसंस्थिताय श्रीमते जिनबिंबसमूहाय चरणपादुकासमूहाय जलं (चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं) यजामहे स्वाहा)

### ૧. જયતળેટી : જળપૂજા

**(સાચું તારું નામ...)**

તીરથનો રાજા છે ગિરિવર મંગલકારી નામ,
જય શત્રુંજય ધામ વંદો, જય શત્રુંજયધામ,

અંતરની કેડી ઉઘડે છે, સિદ્ધાચલ પર ચડતા,
એની રજ માથે લઈએ તો, પાપો કોઈ ન નડતા,
પગલે પગલે પુણ્ય બાંધવું, એ મનગમતું કામ, જય. ૧

ફાગણ સુદ આઠમના દિવસે, પૂર્વ નવાણું વારે,
સિદ્ધાચલ આદીશ્વર દાદા, આરોહણ અવધારે,
આતપુર તે આદિપુર છે, મૂળ તળેટી ગામ, જય. ૨

પ્રથમ તળેટી હતી વડનગર, પછી વળા ઓળખાઈ,
ત્રીજી આદિપુર ને ચોથી, પાલીતાણા ગાઈ,
કંકુબાની ધર્મશાળાએ, જૂનું તળેટી ઠામ, જય. ૩

જય તળેટી આજે સોહે, દેરીની વણઝાર,
સંઘો આવે દૂરદૂરથી, ભક્તિ અપરંપાર,
ઊંચા ડુંગર ચડવા કાજે, હૈયે ધરીએ હામ, જય. ૪

## ૨. ગિરિયાત્રા : ચંદનપૂજા

**(કહો પૂનમના ચાંદને...)**

નમો નમો કહી વાંદીએ રે શત્રુંજય ગિરિરાજ,
મારો આતમનો થાક આજ ઉતરી જાશે,
મારા દાદા છે ગરીબ નવાજ, નમો.
પહેલો હડો છે ધોળી પરબનો, અહીં ભરતનાં પગલાં,
ઇચ્છા કુંડને લીલી પરબ છે, કુંડ કુમાર સુખ ઢગલા,
આકરા એવાં ચડો પગથિયાં, આવ્યો હડો હીંગળાજ. મારો. ૧
હીંગળાજની દેરીથી દૂરે, કલિકુંડ પગલાં મોહે,
વસ્તુપાળ તેજપાળે બંધાવ્યો, મારગ જૂનો સોહે,
મનમોડિયા બે નાના મોટા, પથ તે સંચારપાજ, મારો. ૨
છાલાકુંડ આવે છે આગળ, પરબ બે સામે સામે,
ચાર શાશ્વત જિનનાં પગલાં છે, દેરી શ્રીપુંજનાં નામે,
ગૌતમસ્વામી ધરણપદ્માવતી, દેરી ચૌદ વિરાજ, મારો. ૩
આગળ ઓટલે દેરી આવે, અઈમુત્તા નારદની ગાદી,
દ્રાવિડવારિખિલ્લ વિરાજે, કાર્તિક પૂનમ ગવાતી,
હીરકુંડે છે શેલક થાવચ્ચા, રામ-ભરત-શુકરાજ, મારો. ૪
હનુમાનધારે વડલો મોટો, ડોલે પવન સંગાથે,
ડાબે રસ્તે દાદાની ટૂંક છે, નવટૂંક જમણે હાથે,
પીર અંગારશા સામે દીસે, આદીશ્વરના રાજ, મારો. ૫

## ૩. નવટૂંકયાત્રા-૧ : પુષ્પપૂજા

**(અખંડ સૌભાગ્યવતી...)**

કહે સીમંધર ભગવાન સિદ્ધાચલ વંદીએ,
નવટૂંકનાં મંદિર મહાન સિદ્ધાચલ વંદીએ,
પહેલી ટૂંક ઋષભજી છે ચઉમુખ, અગિયાર જિનાલય દે બહુસુખ,
સાતસો બે મૂર્તિ પ્રમાણ, સિદ્ધાચલ. ૧
ગજ બેઠા મરૂદેવી એક મંદિર, સુતને નિરખે છે મનગંભીર,
શુભધ્યાનથી કેવળજ્ઞાન, સિદ્ધાચલ. ૨

એક આંસુના ડાઘની અસર ઘણી, બેય શેઠની ઘટના અજબ બની,
સવાસોમની ટૂંક નિર્માણ, સિદ્ધાચલ. ૩
પાંચ પાંડવ કુંતી અને દ્રૌપદી, આસોપૂનમે થયા એ મુક્તિપદી,
ટૂંક બહાર છે તેમનું સ્થાન, સિદ્ધાચલ. ૪
ખરતરવસહી ટૂંક પહેલી છે, છીપાવસહી તેની સહેલી છે,
તિહાં શ્રેયાંસનાથ ભગવાન, સિદ્ધાચલ. ૫
અજિતશાંતિની દેરી ઢાળ ઉપર, દેરાસર છે ત્રણ વસહીસાકર,
પાર્શ્વચિંતામણિ અભિરામ, સિદ્ધાચલ. ૬
ટૂંક ચોથી ઉજમફઈની ગણી, રચના નંદીશ્વર દ્વીપ તણી,
જાળ કોરી આરસપાષાણ, સિદ્ધાચલ. ૭

## ૪. નવટૂંકયાત્રા-૨ : ધૂપપૂજા

**(દરસન દેજો નાથ...)**

શત્રુંજયના નાથ, શત્રુંજયના નાથ,
ભાવ ધરીને જુહારીએ, શત્રુંજયના નાથ,

ટૂંક પાંચમી હેમાવસહી, મંદિર મોટા ચાર,
અજિતનાથ દાદા બેઠા, મહિમાનો નહીં પાર,
બહાર છે ખોડિયાર, સામે કુંડ વિશાળ, શત્રુંજયના. ૧

પ્રેમાભાઈ મોદી આવ્યા, સંઘ લઈને ભાવે,
ખાલી જગ્યા જોઈ મનમાં, ઉતમ ભાવ જગાવે,
જિનમંદિર બંધાય, ગોખલા ભવ્ય રચાય, શત્રુંજયના. ૨

સોહે છે પ્રેમાવસહીમાં, દેરાસરો ત્રણ,
બહાર દેરી માણેકબાની, રીસ હતી સવામણ,
આગળ અદબદ નાથ, આદિનાથ વિરાટ, શત્રુંજયના. ૩

બાલાવસહી ટૂંક સાતમી, આદેશ્વર દાદા છે,
મંદિર ચાર શાંતિ અપાર, દર્શન સુખશાતા છે,
ઉપર છે આસમાન, ભીતર છે ભગવાન, શત્રુંજયના. ૪

## ૫. મોતીશાની ટૂંક : દીપપૂજા

**(લાવે લાવે મોતીશા શેઠ...)**

આવી આવી મોતીશાની ટૂંક, મનોહર મંદિર રે,
જાણે સ્વર્ગવિમાનનું રૂપ, વિશાલ પરિસર રે, આવી.
શાહ સોદાગર વસે મુંબઈમાં, કરે વહાણવટાનું કામ, મનોહર. ૧
દૂર-દૂર વિદેશ-વેપાર છે, બહુ પુણ્યાઈનું છે ધામ, મનોહર. ૨
કોઈ વહાણ ફસાયા સમંદરમાં, ધરે સંકલ્પે ગિરિરાજ, મનોહર. ૩
બચી આવ્યા વહાણ કિનારડે, ગિરિનામે તરિયા જહાજ, મનોહર. ૪
ગિરિ આવી શોધે સ્થળ મોતીશા, ક્યાં કરવું મંદિર નિર્માણ, મનોહર. ૫
ખીણ કુંતાસરની નિરખતા, એનાં અનહદ છે ઊંડાણ, મનોહર. ૬
ખીણ પૂરી મંદિર બાંધવા, ધરી નિશ્ચય કરે મંડાણ, મનોહર. ૭
ચાર સહસ જને કરી માંડણી, સાતવરસે થાય પ્રતિષ્ઠાન, મનોહર. ૮
શેઠ મોતીશા સ્વર્ગે સંચર્યા, ખીમચંદ પુત્ર ધરે ભાવ, મનોહર. ૯
સવાલાખ યાત્રિક સંઘમાં લઈ, આવ્યા ભરવા પુણ્યની વાવ, મનોહર. ૧૦
સોળે દેરાસરો એહ ટૂંકમાં, ત્રણ સહસ એકાદશ મૂર્તિ, મનોહર. ૧૧
ઈહાં પંખી મધુર કલરવ કરે, ભરે આતમમાંહી સ્ફૂર્તિ, મનોહર. ૧૨

## ૬. દાદાની ટૂંક : વિમલવસહી : અક્ષતપૂજા

**(સિદ્ધાચલ શિખરે)**

હવ વાંદવી દાદાની ટૂંક રે, શત્રુંજય ગિરિ વંદો રે
ભવોભવની ભાંગવી ભૂખ રે, શત્રુંજય. ૧
રામપોળ-સગાળપોળ આવે રે, શત્રુંજય.
વાઘણપોળ હાથી પોળ ગાવે રે, શત્રુંજય. ૨
બે ભાગ એ ટૂંકના કહીએ રે, શત્રુંજય.
પહેલો તે વિમલવસહીએ રે, શત્રુંજય. ૩
શાંતિનાથપ્રભુ મન હરતા રે, શત્રુંજય.
દેવી ચક્કેસરી દિલ ભરતા રે, શત્રુંજય. ૪
ભૂલભૂલામણી પણ આવે રે, શત્રુંજય.
શ્રી વિમલ અજિત સોહાવે રે, શત્રુંજય. ૫

શ્રી સહસફણાને પારસ રે, શત્રુંજય.
શ્રી ધર્મ-ચંદ્રપ્રભ પારસ રે, શત્રુંજય. ૬
શ્રી સુમતિ શાંતિ ને પાસ રે, શત્રુંજય.
કુમારમંદિર ઋષભ પાસ રે, શત્રુંજય. ૭
એ ડાબી તરફનાં જિનઘર રે, શત્રુંજય.
હવે જમણેરા નમીએ આદર રે, શત્રુંજય. ૮
પંચતીર્થ પુંડરીક પદ્મપ્રભ રે, શત્રુંજય.
મહાવીર અમીઝરા ચંદ્રપ્રભ રે, શત્રુંજય. ૯
બે સંભવ પાર્શ્વ કળામય રે, શત્રુંજય.
સામે પુણ્યપાપ બારી નિરામય રે, શત્રુંજય. ૧૦
ચંદ્રપ્રભ સંભવ અજિત પાસ રે, શત્રુંજય.
આદિ ધર્મ વીર શતસ્તંભ રે, શત્રુંજય. ૧૧
પદ્મપ્રભ ધનેશ્વર શ્રેયાંસ રે, શત્રુંજય.
બે સંભવ ઋષભ સુહાસ રે, શત્રુંજય. ૧૨
બે સહસ્ર નવસોને તેર રે, શત્રુંજય.
પ્રતિમાઓ વિરાજે ચોમેર, શત્રુંજય. ૧૩
સુડતાલીસ જિનઘર વસિયા રે, શત્રુંજય.
અમે પ્રભુદર્શનના રસિયા રે, શત્રુંજય. ૧૪

## ૭. દાદાની ટૂંક : રતનપોળ : નૈવેદ્યપૂજા

**(હે ત્રિશલાના જાયા)**

શેત્રુંજયના સ્વામી ! ઋષભ નમું શિરનામી,
મનખાનો અવતાર ફળ્યો છે, જિનવર તમને પામી,
રતનપોળમાં પ્રભુ વસો છો : રત્નત્રય મુજ દેજો,
ઊંચા શિખરે તમે બિરાજો, મુજને ખોળે લેજો,
રત્નોનાં અજવાળે મારે, શોધી લેવી ખામી, શેત્રુંજયના. ૧
બાહડમંત્રીએ બંધાવ્યો, આ ત્રિભુવનપ્રસાદ,
તેજપાળ સોની સમરાવે, નંદીવર્ધન પ્રાસાદ,
સમરાશા ઉદ્ધાર કરાવે, ગુણગણ આતમરામી, શેત્રુંજયના. ૨

બાવન હાથનું ઊંચું મંદિર, બહોંતેર આધારથંભ,
ચાર ગવાક્ષ ને બત્રીસ તોરણ, બત્રીસપૂતળી પ્રસન્ન,
લાખો લાખો ભક્તો આવે, ભીડ છલોછલ જામી, શેત્રુંજયના. ૩

મૂરતનો પાષાણ છે ઉજળો, વસ્તુપાળે આણ્યો,
ભોંયઘરે સંભાળી રાખ્યો, સમરાશાએ વખાણ્યો,
મુજ પથ્થરમાં પ્રાણ પૂરી દો, હું છું શિવસુખકામી, શેત્રુંજયના. ૪

આદીશ્વરદાદાની પ્રતિમા, જાણે જગની માતા,
કરુણા અમૃત વરસાવે છે, પ્રભુ પરમસુખદાતા,
મંદિરમાં છો એવી જ રીતે, હૈયે વસજો સ્વામી, શેત્રુંજયના. ૫

## ૮. ત્રણ પ્રદક્ષિણા : ફળ પૂજા

**(તપસ્યા કરતાં)**

પ્રભુની યાત્રા કરતા હો કે આનંદ અનહદ પાયા હો,
આદીશ્વરની ત્રણ પ્રદક્ષિણા, ભવનું ભ્રમણ મીટાયા, પ્રભુની. ૦

સહસ્ત્રકૂટ ને ગણધર પગલાં, સમેતશિખર સોહાયા,
સીમંધરભગવાનનું મંદિર, પ્રથમ પ્રદક્ષિણા ગાયા, પ્રભુ. ૧

બીજી પ્રદક્ષિણા નવા આદેશ્વર, મેરૂ ત્રણ ગઢ આયા,
સમેતશિખર ને ગણધર પગલાં, મૂર્તિ અગણિત ઠાયા, પ્રભુ. ૨

રાયણવૃક્ષ ને ચોમુખ પ્રભુજી, સહસ્ત્રફણા સોહાયા,
ત્રીજી પ્રદક્ષિણા પાંચભાઈમંદિર, નેમ પ્રભુ બાજરિયા, પ્રભુ. ૩

વિહરમાન વીસ અષ્ટાપદજી, રાવણભક્તિ દિખાયા,
રાયણ ઋષભદેવનાં પગલાં, પૂર્વ નવાણું આયા, પ્રભુ. ૪

ભરતબાહુ નમિવિનમિ વંદો, સમરાશા વિરચાયા,
નવી ટૂંક ચોમુખજી નમીએ, પુંડરીક ગણરાયા, પ્રભુ. ૫

## ૧૧. છ ગાઉની ભાવયાત્રા

(ફાગણ સુદ ૧૩ના દિવસે પાલિતાણા ન જઈ શકેલા આરાધકો શત્રુંજયની રચના સમક્ષ આ વંદના દ્વારા ભાવયાત્રા કરી શકે છે. આ વંદનાના દરેક ગીતના અંતે અષ્ટપ્રકારી પૂજાનો આ મંત્ર બોલીને પૂજાવિધિ કરી શકાય છે.

(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीसिद्धगिरितीर्थसंस्थिताय श्रीमते जिनबिंबसमूहाय चरणपादुकासमूहाय जलं (चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं) यजामहे स्वाहा)

### સ્તુતિ

**(મંદિર છો મુક્તિતણી...)**

દર્શન કરી ગિરિરાજનાં મારાં નયન પાવન થયાં,
કીર્તન કરી ગિરિરાજનાં મારા વચન પાવન થયાં,
ગિરિરાજને વંદન કરી મુજ આતમા ઉજ્જ્વળ થયો,
ગિરિરાજ કેરી સ્પર્શનાથી જન્મ આજ સફળ થયો. ૧
ગિરિરાજ આદીશ્વર પ્રભુની સાધનાનું ધામ છે,
ગિરિરાજની રજરજમહીં સિદ્ધોતણું શુભ નામ છે,
સંસારની માયા બની ગિરિરાજ નામે પારકી,
વંદન કરું ગિરિરાજને હું મનવચનકાયા થકી. ૨

### ૧. દેવકીના છ નંદનની દેરી

**(મનનો મોરલિયો...)**

ચાલો સૌ ચાલીએ શત્રુંજયના ધામ,
યાત્રા છ ગાઉની ગાજે ગામોગામ,
દેવકીના છ પુત્રોનો પહેલો મુકામ,
યાત્રા છ ગાઉની ગાજે ગામોગામ,

વાસુદેવ શ્રીકૃષ્ણરાયના મોટા એ છ ભાઈ,
રાજા કંસે છીનવ્યા મા દેવકી દૂભાઈ,
દીક્ષા લીધી છે સૌએ દિલ વસ્યા રામ, યાત્રા. ૧

દેવકી તો ના જાણે છે મારા દીકરા ક્યાં છે ?
વસે એકલા દ્વારિકામાં કૃષ્ણતણા સંગાથે,
આવ્યા છ મુનિવર ગોચરીને કામ, યાત્રા. ૨

મુનિવર બે-બેની જોડીમાં ત્રણવાર એ આવ્યા,
રૂપરંગ સરખા દેખીને હૈયે હેત ભરાયા,
પૂછ્યું માતાએ ત્યારે જણાયું તમામ, યાત્રા. ૩

છ મુનિવર એ વાત વિજાણી શત્રુંજયગિરિ આવે,
ભવના કેવા સંબંધો છે ? મન નિર્વેદી થાવે,
મોક્ષે ગયા એના ગાઓ રે ! ગુણગાન, યાત્રા. ૪

## ૨. ઉલખાજલની દેરી

**(મોગરાનાં ફૂલ સખી...)**

ઉલખાનાં નીર મીઠાં ઉલખાનાં નીર,
ઊંચે ઊંચેથી આવે ઉલખાનાં નીર,
ટીપે ટીપે એનાં આદિનાથ વસિયા,
દર્શન કરીને મન થયા રંગરસિયા,
ઊંડા તો નથી તો'ય લાગે ગંભીર, ઊંચે ઊંચે. ૧

ઉજળાં આ નીરથી કાંઠો છલકાયો,
નિર્મળતા જોઈ મારો આતમ મલકાયો,
માથે ચડાવી કરું પાવન શરીર, ઊંચે ઊંચે. ૨

દાદાની પ્રતિમાના અભિષેક થાય છે,
એનાં પ્રક્ષાલજળ કુંડમાં ઉભરાય છે,
એવી કથાઓ ગાય પાવન સમીર, ઊંચે ઊંચે. ૩

નાનકડી દેરી આ ખીણમાં બિરાજે,
ભક્તોએ શણગારી મોંઘેરા સાજે,
પગલાને વંદી વધો આગળ ઓ વીર, ઊંચે ઊંચે. ૪

## ૩. અજિતશાંતિની દેરી

(રૂડીને રઢિયાળી રે...)

ઓટલિયે બે દેરી રે નંદીષેણ દેખતા રે,
સાથે દરિશન કેમ ન થાય ?
અધૂરે દરિશન ગુણ ન ગવાય, ઓટલિયે. ૧

એક નજરમાં રે બે'ય દેરી પેખવા રે,
શ્રી અજિતશાંતિ સ્તોત્ર રચાય,
પદપદ મંત્રનું ગુંજન થાય, ઓટલિયે. ૨

પથ્થરમાં પ્રાણ રે મુનિવર પૂરતા રે,
દેરીઓ સરકી સાથે થાય,
સ્તોત્રનો મહિમા જગ ઉજવાય, ઓટલિયે. ૩

## ૪. શ્રી ચીલણ તલાવડી

(સુણો ચંદાજી...)

ઓ મુનિવરજી ! સંઘ સકલની તૃષા તમે હરી આપજો,
ચીલણમુનિજી ! વિદ્યાલબ્ધિધર છો દુઃખડા કાપજો,

તમે સોહમ ગણધરના નંદન, તમને સુરનર કરતા વંદન,
અમે ઝંખી રહ્યા કરુણા - ચંદન, ઓ મુનિ. ૧

અમ કંઠ સૂકાયા આંખ બળે, નવ શક્તિ રહી છે દેહ ઢળે,
દાદા છે દૂર તો ચિત્ત ચળે, ઓ મુનિ. ૨

દશ જોજન પંથ અમે ચાલ્યા, રવિએ તીખા તડકા ઢાળ્યા,
મન વળતાં નથી કેમે વાળ્યા, ઓ મુનિ. ૩

ચીલણ મુનિ વિદ્યાધારી છે, રચી તલાવડી બહુ ભારી છે,
છ ગાઉની યાત્રા પ્યારી છે, ઓ મુનિ. ૪

તે તલાવડી દર્શન કરજો, તિહાં બેસીને કાઉસગ ધરજો,
શુભ ધ્યાનના પંથે સંચરજો, ઓ મુનિ. ૫

## ૫. શ્રી શાંબ પ્રદ્યુમ્નની દેરી

(આજનો દિવસ મને...)

થાક્યા નથી અમે નથી થાકવાના, યાત્રા કરીને અમે રંગ રાખવાના,
પંથ છે લાંબો : પ્રભુ નામ લેશું,
થાકેલા ભેરૂને ખભો ટેકે દેશું. થાક્યા.

ભાંડવાનાં ડુંગરિયે વાટ જાય ચાલી, યાત્રાની મસ્તી છે બડી મતવાલી,
આકરા ચઢાણનો રસ ચાખવાના, યાત્રા. ૧

દૂર દૂર શેત્રુંજી નદી દેખાણી, સુંદરતા ગાવા સમર્થ નથી વાણી,
ભવભવનો થાકોડો ભૂંસી નાંખવાના, યાત્રા.૨

શાંબ પ્રદ્યુમ્ન ગયા શિવપુર વાટે, સાડા આઠ કરોડ મુનિવર સાથે,
વાંદું છું પગલાને ધરી લાખ વાનાં, યાત્રા. ૩

## ૬. સિદ્ધવડ

સોહત સુંદર સિદ્ધગિરિ
સંકટ સકલ સંહરણ સમરથ, મંગલ મનહર સિદ્ધગિરિ. ૧
કોયલ કૂજત મયૂરા નાચત, હરખત અંબર સિદ્ધગિરિ. ૨
આતમ અનહદ આનંદ અનુભવ, અરપત અવસર સિદ્ધગિરિ. ૩
સાધુ સિધ્યા સંખ્યાતીતા, સિદ્ધવડ સુખકર સિદ્ધગિરિ. ૪
ગિરિ ગુણ ગાવો મોતીડે વધાવો, જય જય જય વર સિદ્ધગિરિ. ૫

## ૧૨. શ્રી સિદ્ધગિરિ ૧૦૮ નામ સ્તોત્ર

(અય ગિરિનંદિની)

જય શત્રુંજય જય રૈવતગિરિ જય બાહુબલી જય મરુદેવ
જય સિદ્ધરાજ જય સિદ્ધક્ષેત્ર સહસ્રકમલ જય મુક્તિનિલય
જય શતકૂટગિરિ સિદ્ધાચલ ઢંકગિરિ જય કોડીનિવાસ
જય જય જય વિમલાચલ શાશ્વત જય જય આદિનાથ ભગવાન. ૧
જય પુંડરીકગિરિ જય ભગીરથ જય કદંબગિરિ જય લૌહિત્ય
જય તાલધ્વજ જય પુણ્યરાશિ જય મહાબલગિરિ દઢશક્તિ
જય ભદ્રંકર જય શાશ્વતગિરિ જય આનંદગિરિ વિજયાનંદ

જય જય જય વિમલાચલ શાશ્વત જય જય આદિનાથ ભગવાન. ૨
જય શતપત્ર મહાપીઠ સુરગિરિ જય મહાગિરિ જય કર્મસૂદન
જય મહાનંદ કૈલાસગિરિ જય જય પુષ્પદંત જય જય શ્રીપદ
જય જય ભવ્યગિરિ જયંતગિરિ જય હસ્તગિરિ સિદ્ધશેખર
જય જય જય વિમલાચલ શાશ્વત જય જય આદિનાથ ભગવાન. ૩
જય જય રાજરાજેશ્વર મહાયશ જય જય માલ્યવંત મુક્તિરાજ
જય જ્યોતિસ્વરૂપ પૃથ્વીપીઠ જય દુઃખહર જય જય મણિકંત.
જય વિશાલભદ્ર મેરૂ મહીધર જય કાંચનગિરિ આનંદધર
જય જય જય વિમલાચલ શાશ્વત જય જય આદિનાથ ભગવાન. ૪
જય પુણ્યકંદ જય જયાનંદ જય પાતાલમૂલ વિભાસ
જય વિલાસ જય જય જગ તારણ જય અકલંક જય અકર્મક
જય પુરુષોત્તમ જય મહાતીર્થ જય હેમગિરિ અનંતશક્તિ
જય જય જય વિમલાચલ શાશ્વત જય જય આદિનાથ ભગવાન. ૫
જય જય પર્વતરાજ સુભદ્રગિરિ જય અજરામર ક્ષેમંકર
જય જય અમરકેતુ ગુણકંદ જય સહસ્રપત્ર તમોકંદ
જય શિવંકર જય કર્મક્ષય જય મહાપદ્મ વિશ્વાનંદ
જય જય જય વિમલાચલ શાશ્વત જય જય આદિનાથ ભગવાન. ૬
વિજયભદ્ર જય ઇંદ્રપ્રકાશ કપર્દીવાસ મુક્તિનિકેતન
કૈવલદાયક ચર્ચગિરિ જય જય જય અષ્ટોત્તરશતકૂટ
સૌંદર્ય પ્રીતિમંડન યશોધર કામુકકામ અભયકંદ જય
જય જય જય વિમલાચલ શાશ્વત જય જય આદિનાથ ભગવાન. ૭
જય જય ઉજ્જ્વલગિરિ સુમતિ જય શ્રેષ્ઠ મહોદય જય અભિનંદ
જય જય ભવતરણ ગજચંદ્ર જય સુરકાંત જય જય અચલ
જય સહજાનંદ મહેંદ્રધ્વજ જય સર્વાર્થસિદ્ધ પ્રિયંકર
જય જય જય વિમલાચલ શાશ્વત જય જય આદિનાથ ભગવાન. ૮
જય બ્રહ્મગિરિ નાંદિગિરિ શ્રેયઃપદ પ્રભોપદ સર્વકામદ
જય જય જય ક્ષિતિમંડલમંડન જય સહસ્રાખ્ય તાપસગિરિ
જય જય સ્વર્ણગિરિ દેવર્ધિ જય જય નામ એક સો આઠ
જય જય જય વિમલાચલ શાશ્વત જય જય આદિનાથ ભગવાન. ૯

## ૧૩. આદિનાથજી : નેમિનાથજી

**(મન ક્યૂં બહેકા)**

શત્રુંજય પર વિચર્યા છે આદિનાથજી
ગઢ ગિરનારે વિહર્યા છે નેમિનાથજી
રાયણ વૃક્ષ બિરાજે આદિનાથજી
સુંદર સહસાવન છાજે નેમિનાથજી. ૧
પ્રતિમા ધવલ ધવલ છે આદિનાથજી
મૂર્તિ શ્યામલ શ્યામલ છે નેમિનાથજી
રહે હૈયામાં પલપલ આદિનાથજી
કરે જંગલમાં મંગલ નેમિનાથજી. ૨
મરુદેવાને તારે છે આદિનાથજી
રાજીમતીને ઉગારે નેમિનાથજી
સિદ્ધિનો સંગ છે આદિનાથજી
આનંદ અભંગ છે નેમિનાથજી. ૩
જય જય ગિરિરાજ આદિનાથજી
જય જય ગિરનાર નેમિનાથજી
દેવર્ધિ લઈ આવે છે આદિનાથજી
દીવડો પ્રગટાવે છે નેમિનાથજી. ૪

## ૧૪. પાંચસોમી ધ્વજા

**(આજ ગગનથી ચંદન ઢોળાય રે)**

ધ્વજા આસમાને ઊંચી લહેરાય રે
ઋષભજીના જયકારા જગમાં ગવાય,
ધ્વજા નીરખીને આનંદ છલકાય રે
સિદ્ધગિરિ જયકારા જગમાં ગવાય. ૧
ધ્વજા જાણે વરસાવે અમરતની ધારા
આકાશે ચાંદ સૂરજ મલકે સિતારા
હૈયે હેલી હરખની ઉભરાય રે

પરમ પિતા પ્રસન્ન પ્રસન્ન દેખાય
ધ્વજા આસમાને ઊંચી લહેરાય રે. ૨
મીઠો મીઠો સાદ વાગે ઢોલક શરણાઈ
દેવી અને દેવ પામે મંગલ બધાઈ
ધ્વજા પાંચસોમી નજદીક દેખાય રે
મોટ મોટા ઉત્સવની તૈયારી થાય
ધ્વજા આસમાને ઊંચી લહેરાય રે. ૩
લાલ ધવલ રંગ કેવા શુકનવંત સોહતા
સિદ્ધ અને અરિહંત સૌનાં મન મોહતા
સંઘ રાજીરાજી ખૂબ જ હરખાય રે
દાદા તારી દેવર્ધિ દીપે સદાય
ધ્વજા આસમાને ઊંચી લહેરાય રે. ૪

## ૧૫. ૫૦૦મી ધ્વજાનો મહોત્સવ

**(માઉલી)**

જય જય શ્રી આદિનાથ
વધાઈ વધાઈ હો મંગલ વધાઈ, ધ્વજાનો મહોત્સવ આવ્યો મહાન,
કરે જેઓ ભક્તિ એને આપે શક્તિ, ભવોભવની ભાવઠને ભાંગે ભગવાન,
પ્રભુ સિદ્ધગિરિમાં બિરાજમાન, દિવસરાત ચાલે છે મંગલ ગુણગાન. ૧

પરમ પુણ્યવંત પ્રભુનો પ્રભાવ, સદાકાળ સુખદાઈ સુંદર સ્વભાવ,
દીનાનાથ દાદા દયાળુ દાતાર, કૃપાવંત ઋષભજી ઉત્તમ ઉદાર,
અભય અવતાર કરુણા સાગર, નમો ભાવે પ્રથમ તીર્થંકર
સાહિબો સાહિબો સાહિબો સાહિબો, સાહિબો સાહિબો શ્રી આદિનાથ. ૨

વર્ષ પાંચસો થાય પૂરા એને, મહાસુવર્ણ ઉત્સવ કહેવાય,
હીરાથીયે વધુ અણમોલ પ્રભુ, સંઘને સત્ત્વ આપે સદાય,
મહા ઉપકારી છે મહારાજ, શોભે શાસનના શિરતાજ,
એની શક્તિ અનંત અનંત, જિનરાજ જગત જયવંત,
દીવડે દીવડે પ્રભુ નામ, એના ડંકા વાગે ગામેગામ,
ટાળે નાનામોટા અવરોધ, આપે અનુપમ આતમબોધ,

પરમ પુણ્યવંત પ્રભુનો પ્રભાવ, સદાકાળ સુખદાઈ સુંદર સ્વભાવ. ૩
મુક્તિની સફર, નાથની નજર, પામીને સહેલી થાય,
પૂર્ણરૂપતાની પ્રાપ્તિ અહો, વહેલી રે વહેલી થાય,
બઢે ઢોલ નગારા મંદિરિયે, શરણાઈ સૂર સંભળાય,
બહુ બઢતે બઢતે રંગ, પ્રભુની દેવર્ધિ વખણાય,
રાજા નાભિરાય છે પિતા, રાણી મરૂદેવી છે માતા,
વૃષભ લંછન છે મનરંજન છે, સુખદાતા એહ સુખદાતા,
સાહિબો સાહિબો સાહિબો સાહિબો, સાહિબો સાહિબો સાહિબો સાહિબો. ૪
પરમ પ્રભાવી દેવાધિદેવ આનંદઘન આતમરામ
આદિનાથ ભગવાન કી જય

## ૧૬. નવટૂંકની યાત્રાએ

**(મારા ઘટમાં બિરાજતા)**

આદિમં પૃથિવીનાથ – માદિમં નિષ્પરિગ્રહમ્ ।।
આદિમં તીર્થનાથં ચ રુષભસ્વામિનં સ્તુમઃ ।।
સિદ્ધાચલ પર નવટૂંકની યાત્રાએ ચાલો સૌ સાથે જઈએ...
ત્યાં છે મૂર્તિ હજારો એનાં દર્શન કરીએ (૨)
એક એક ટૂંકમાં બેસી ચૈત્યવંદન કરીએ
ધન્ય જીવન કરીએ...
સિદ્ધાચલ પર નવટૂંકની યાત્રાએ ચાલો સૌ સાથે જઈએ...
મોટા મોટા મંદિરો પૂર્વજોએ બંધાવ્યા (૨)
કેવા સુંદર મજાના જિનબિંબો પધરાવ્યા (૨)
પ્રભુભક્તિમાં સંપત્તિના ઢગલા વરસાવ્યા
સુંદર ઈતિહાસ લખાવ્યા
સિદ્ધાચલ પર નવટૂંકની યાત્રાએ ચાલો સૌ સાથે જઈએ... ૧
મળે એકાંતમાં રહેવાનું પરમાતમ સાથે
શુદ્ધિ તનમનની થાય છે ભગવંતના હાથે
કોઈ સંસારી ભાર નથી રે રહેતો માથે

તપ અહીં કીધો જગનાથે
સિદ્ધાચલ પર નવટૂંકની યાત્રાએ ચાલો સૌ સાથે જઈએ. ૨
તમે પોતાના હાથે પૂજાવિધિ આદરજો
તમે આશાતનાને કાળજીથી પરિહરજો
તમે ધ્યાનપૂર્વક નાનીમોટી શુદ્ધિઓ કરજો
પાવન દેવર્ધિ વરજો
સિદ્ધાચલ પર નવટૂંકની યાત્રાએ ચાલો સૌ સાથે જઈએ. ૩
પહેલી ટૂંકે બિરાજિત ચૌમુખ રુષભને વંદો
બીજી ટૂંકે બિરાજિત રુષભદેવને વંદો
બીજી ટૂંકે બિરાજિત અજિતશાંતિને વંદો
ત્રીજી ટૂંકે બિરાજિત ચિંતામણિ પારસને વંદો
ચોથી ટૂંકે બિરાજિત નંદીશ્વર દ્વીપ વંદો
પાંચમી ટૂંકે બિરાજિત અજિતનાથજી વંદો
છઠ્ઠી ટૂંકે બિરાજિત આદિનાથજી વંદો
સાતમી ટૂંકે બિરાજિત આદિજિનવરને વંદો
આઠમી ટૂંકે બિરાજિત રિષભજિણંદાને વંદો
નવમી ટૂંકે બિરાજિત શાંતિનાથને વંદો
નવમી ટૂંકે બિરાજિત રાયણપગલાંને વંદો
નવમી ટૂંકે બિરાજિત પુંડરીકસ્વામીને વંદો
નવમી ટૂંકે બિરાજિત આદીશ્વરજીને વંદો
સિદ્ધાચલ પર નવટૂંકની યાત્રાએ ચાલૌ સૌ સાથે જઈએ. ૪

## ૧૭. ગિરિરાજના દોહા

સોહે સોરઠદેશમાં સિદ્ધાચલ સુખકંદ
આપે આતમરામને અંતરનો આનંદ. ૧
આદિજિણંદને સમરીએ ભાવે દિવસ ને રાત
સિદ્ધગિરિને જુહારીએ ઉગમતે પ્રભાત. ૨
આસમાનનાં આંગણે આદીશ્વર અભિરામ
શિખરે શિખરે નામ છે જય શત્રુંજય ધામ. ૩

વહાલો વસે વિમલાચલે વૃષભનાથ વીતરાગ
સાક્ષાત્કારી સ્થાન છે આદરજો તપ ત્યાગ. ૪
પરમતેજ આપો પ્રભુ ટાળી દો અંધકાર
શેત્રુંજયના ઋષભજી મારો કરો ઉદ્ધાર. ૫

## १८. वंदे गिरिवरम्

**(वंदे मातरम्)**

वंदे गिरिवरम्.
सुखदं शिवदं, भव-भय-हरणं,
पुण्यपावनं, गुणाकरम्, वंदे गिरिवरम्. १
आत्मतारकं, दोषवारकं,
देवर्धि - महासागरम्, वंदे गिरिवरम्. २

## १९. जय गिरिराज

**(ॐ गणपतये)**

शत्रुंजय महातीरथ, महामहिमा का स्थान है मंगल,
देव देवीया करते हैं, यात्रा और पूजा पल पल,
जय तलेटी को वन्दना, शांतिनाथ को वन्दना,
पुंडरीक गणधर को, रायण वृक्ष को, करुं भाव से वन्दन,
ॐ जय गिरिराज जय गिरिराज जय गिरिराज ऋषभ देवा. १

शाश्वत है यह पर्वत, कभी इसका नाश, हो नही सकता,
इस के शरण जो आये, कभी वह संसार में, खो नही सकता,
एकसो आठ शुभ नाम है, चमत्कार का धाम है,
देवर्धि अभिराम है, करुं भाव से पूजन कीर्तन,
ॐ जय गिरिराज जय गिरिराज जय गिरिराज ऋषभ देवा. २

## २०. गिरनार अष्टपदी

### १. जय गिरनार

**(भोले ओ भोले)**

गिरनार जय गिरनार महातीरथ सुखकारी
चलो यात्रा करने जाएं बडा पुण्य हम कमाये, गिरनार जय गिरनार...

बावीसवे तीर्थनायक यहां बारबार आएं
दीक्षा ली ज्ञान पाया और मोक्ष में सिधाएँ
नेमनाथ के तीन कल्याणक भूमि है ये भविजन तारक
देवीदेवता आएं चलो यात्रा करने जाये. १

बडा ऊँचा ऊँचा पर्वत कैसे छू रहा गगन को
वो पावन कर देता है तन-मन को और जीवन को
झुमझुम झुमझुम चलती हवाएं लहर लहर लहराती धजाएं
नेमजी के गुण गाएं चलो यात्रा करने जाये. २

है भूमि ये तपजप की ऋषिमुनि की साधना है
कणकण में पवित्रता है श्रद्धा से वंदना है
यात्रा करते लोग हझारो साहेब हमको भव से तारो
देवर्धि मन भाए चलो यात्रा करने जाएं. ३

### २. अंबाजी

**(सावन में)**

अंबाजी, गिरनार शिखरे, सुंदर सुंदर सोहे
नेमनाथजी की भक्ति में, देवी मनहर सोहे
सुन लो उसकी कहानी, वो थी एक बहु रानी
श्राद्ध ससुर का प्रथम, तब हुआ साधु का संगम
एक महीने के उपवास करके आये थें,
पारणा करने साथ पात्र लाये थें. अंबाजी. १

बहु ने वेराई मीठाई, सांस को नाराझगी आई
चिड के निकाला घर से, बहु जंगल भागी डर से
छोटे से दो बच्चे साथ में आएं थें
माता ने बच्चों को आम खिलाएं थें. अंबाजी. २

घर में सांस ने देखा, सोने के हो गए थें बरतन
दान का महिमा समझकर, जंगल में आये वो फौरन
कूवे में बहू कूद पडी और निकल गये प्राण
अगले जनम में वो हुई अंबिकाजी महान. अंबाजी. ३

तीरथ की रखवाली, मैया है मतवाली
शासन की सेविका ये, साधर्मिक है निराली
उस का पति सिंह बना रहे हंमेशा साथ
देवर्धि देते रहे दादा नेमिनाथ. अंबाजी. ४

## ३. यात्रा गिरनार की

**(आ चल के तुझे)**

मैं जनम जनम सेवा चाहूँ मोहे लाग्यो भक्ति को रंग
यात्रा गिरनार की सदा करूँ पावन बन जाए अंग
मोहे लाग्यो भक्ति का रंग
सोलह से अधिक जिनमंदिर अनहद की अलख जगाये
पत्थर की गुफाएँ अगणित सोहं की लगनी लगाए
ना मोह रहे ना मान रहे आत्मा बदले तेरे संग
यात्रा गिरनार की सदा करूँ पावन बन जाए अंग
मोहे लाग्यो भक्ति को रंग. १

जलकुंड के मंगल जल से सब रोग शोक मिट जाए
औषधि मिलती यहां ऐसी जो भूखप्यास को भूलाए
जादू जो जान सके तेरा वो रह जाता है दंग

यात्रा गिरनार की सदा करूँ पावन बन जाए अंग
मोहे लाग्यो भक्ति को रंग. २
जंगल है घना पर्वत पर अगणित पशु पंछी निवास
कण कण में बसेरा तेरा महा सृष्टि है तेरी दास
लंबी सीढ़ी चढ़ने से दिखे देवर्धि द्वार अभंग
यात्रा गिरनार की सदा करूँ पावन बन जाए अंग
मोहे लाग्यो भक्ति को रंग. ३

## ४. ऊँचा गढ गिरनार

**(चांदी जैसा)**

आशीर्वाद मुझे ऐसा दो, यात्रा करूं हझार
नेमि जिनेश्वर धाम है तेरा, ऊंचा गढ गिरनार

राज्य छोडकर दीक्षा ली थी, बन गए थें अणगार
तप में अंतर्लीन हुए थे, तनमन से अविकार
आत्म बोध की अविरत यात्रा, शुभ आशय समुदार
दीक्षा कल्याणक की भूमि, सकल जीव सुखकार
नेमि जिनेश्वर धाम है तेरा, ऊंचा गढ गिरनार. १

धर्म ध्यान और शुक्ल ध्यान में, हुआ तेज विस्तार
आत्म शुद्धि की उत्तम धारा, सुंदर साधना सार
दोष मात्र का नाश किया, सद्गुण का आविष्कार
केवलज्ञान कल्याणक भूमि, अगणित जन उद्धार
नेमि जिनेश्वर धाम है तेरा, ऊंचा गढ गिरनार. २

तीर्थंकर भगवंत कृपालु, नमन करे संसार
दुनिया को समजाया तूंने, मोक्ष मार्ग सुखकार
जन्ममरण का चक्कर टूटा, सिद्धशिला अवतार
मोक्ष महाकल्याणक भूमि, देवर्धि जयकार
नेमि जिनेश्वर धाम है तेरा, ऊंचा गढ गिरनार. ३

## ५. जोगी आयो

### (अर्जिया सारी)

मस्तियां मीठी ले, महायोगी एक आया था
ध्यान में डूबा तो, कणकण ने तेज पाया था
जोगी आयो अवधू महाजोगी गिरनार आयो अवधू जोगी
जोगी आयो अवधू महाजोगी गिरनार आयो अवधू जोगी
न बोले न डोले कृपावंत जोगी
चले आगे आगे सदा जागे जोगी
न डर ना फ़िकर है परम शांत जोगी
चले आगे आगे सदा जागे जोगी ।।
प्यारी प्यारी मैया को पिछे छोड़ के आया
पिताजी का था बडा प्यार वो न मन लाया
एक राजुल थी रोती रही कुछ ना पाया
कोइ सपना न रहा कोइ ना रही माया
जोगी आयो अवधू महाजोगी गिरनार आयो अवधू जोगी. १

ज्ञान सच्चा पाया था (२) वो ऊपर उठ आया था
अवधू की ज्योति जागी थी, और अंधेरा मिटाया था
ना कोइ रहा बाधक, वो शुद्ध बुद्ध साधक
खुद से ही खुदाई ली, अनहद के आराधक
जोगी आयो अवधू महाजोगी गिरनार आयो अवधू जोगी. २

मौन में वो रहे तो, मौन काम करता था
सांस के सूर से भी, बोज सब बिखरता था
वो बोले तो जैसे, महाघंटाएं जागी
एक एक मंगल वचनों से, जग की निंदिया भागी
जोगी आयो अवधू महाजोगी गिरनार आयो अवधू जोगी. ३

पिलाया था सब को ही, भर भर अमरत प्याला
लूँटाना था खजाना, खोल दिया था ताला
सब को ऊपर चढ़ाया, गिरनारी शुभ छाया
नेमजीको देवर्धि ने, भिग भिग कर गाया
जोगी आयो अवधू महाजोगी गिरनार आयो अवधू जोगी. ४

## ६. गिरनार मंगल

**(बेडले पाणी)**

गिरनार मंगल हो गिरनार मंगल
जपो नेमनाथ का नाम पल पल
प्रभु प्रतिमाजी है श्याम सुंदर चमत्कारी है नेमि जिनेश्वर
मुखमुद्रा है अतिशय उज्ज्वल गिरनार मंगल हो. १
जीव शांत प्रशांत हो जाए मन परमातम में ही खो जाए
मिले नाथ निरंजन निर्मल गिरनार मंगल हो. २
बड़ा ऊंचा है साहेब का धाम बड़ा भारी है साहेब का काम
नहीं होती है प्रार्थना निष्फल गिरनार मंगल हो. ३
देवदेवी भी रात को आए बंद मंदिर में संगीत बजाए
धजा झूमे गगन में चंचल गिरनार मंगल हो. ४
यहां मस्त हवा लहराएं रोमरोम पावन बन जाएं
अणु अणु में है देवर्धि निश्चल गिरनार मंगल हो. ५

## ७. गिरनारी रे नाथ

**(मणियारो रे)**

गिरनारी रे नाथ मेरे साथ रहे रे
बडो प्यारो है साहिब का साथ रे
जय बोलो जय जय जय गिरनार
हां जय बोलो जय जय जय गिरनार. १

पहला मंदिर नेमनाथ का रे दूजा मंदिर आदिनाथ रे
जय बोलो जय जय जय गिरनार. २
मंदिर तीसरा सहसफणा रे चौथा अभिनंदन स्वामी रे
जय बोलो जय जय जय गिरनार. ३
चंद्रप्रभ मंदिर पांचवा रे छठा है संभवनाथ रे
जय बोलो जय जय जय गिरनार. ४
सातवा शामळा पासजी रे आठवा संभवनाथ रे
जय बोलो जय जय जय गिरनार. ५
नवम मंदिर नेमनाथजी रे दसवा है संभवनाथ रे
जय बोलो जय जय जय गिरनार. ६
ग्यारहवा शांतिनाथजी रे बारहवा भी शांतिनाथ रे
जय बोलो जय जय जय गिरनार. ७
तेरहवा चौमुखजी रे चौदहवा सिद्ध रहनेमि रे
जय बोलो जय जय जय गिरनार. ८
पंद्रहवा सहसावने रे समवसरण नेमनाथ रे
जय बोलो जय जय जय गिरनार. ९
दो देरी है तलहटी में रे दीक्षा केवल का स्थान रे
जय बोलो जय जय जय गिरनार. १०
मोक्षकल्याणक पादुका रे दत्तात्रयजी महान रे
जय बोलो जय जय जय गिरनार. ११
वरदत्त, धर्मदत्त, नरदत्त, तीन गणधर का स्थान रे
जय बोलो जय जय जय गिरनार. १२
कही प्रतिमा कही पादुका रे जगह जगह प्रभु धाम रे
जय बोलो जय जय जय गिरनार. १३
संप्रति आमराजा कुमारपालजी विधविध मंदिर बनाएं रे
जय बोलो जय जय जय गिरनार. १४
वस्तुपाल तेजपाल जी रे और अन्य धन्यभाग आएं रे
जय बोलो जय जय जय गिरनार. १५

खुद भी आओ सभी को लाओ देवर्धि का विस्तार रे
जय बोलो जय जय जय गिरनार. १६
शत शत गीत से गाईए रे जिनवर जगदाधार रे
जय बोलो जय जय जय गिरनार. १७

## ८. जय जय जय गिरनार

**(दोहरा)**

जय जय हो श्री नेमिजिनेश्वर, जय जय जय गिरनार
गुर्जर देश में लायो साहेब, तीन कल्याणक सार. १
धन्य धन्य हो दस तीर्थंकर, गत चौवीसी उदार
मोक्ष कल्याणक लाभ दियो है, जय जय जय गिरनार. २
आगामी चोवीस तीर्थंकर, मोक्ष कल्याणक उदार
तीन लोक उजियारा होगा, जय जय जय गिरनार. ३
गत चौवीसी तृतीय तीर्थंकर, सागर जगदाधार
प्रभु कथने बनी नेमकी प्रतिमा, जय जय जय गिरनार. ४
वरदत्त गणधर का उत्तम जीव, ब्रह्म इन्द्र सुखकार
मूरति विरचे देवलोक में, जय जय जय गिरनार. ५
अगणित वर्ष से पूजा करते, देवदेवी परिवार
चमत्कार अणुअणु में निरुपम, जय जय जय गिरनार. ६
अंबिका से मूरत मांगी, धन्य श्रावक रत्नसार
चमत्कार मय हुई प्रतिष्ठा, जय जय जय गिरनार. ७
सात सो नब्बे साल के ऊपर, वर्ष चौरासी हजार
प्रतिमा की है प्रतिष्ठा प्राचीन, जय जय जय गिरनार. ८
अंजनवर्णी मंगल प्रतिमा, पाप निवारण हार
नेमिनाथ जगदीश्वर वंदो, जय जय जय गिरनार. ९
नर सुर असुर के नायक अगणित, ध्यावत शुभ आकार
भाव से पूजे भाव से वंदे, जय जय जय गिरनार. १०

धन्य धन्य श्री कृष्ण नरेसर, तीर्थ की भक्ति अपार
तीर्थंकर नाम कर्म कमायो, जय जय जय गिरनार. ११
संप्रति राजा सज्जनमंत्री, भीमा-राजा कुमार
वस्तुपाल तेजपाल का मंदिर, जय जय जय गिरनार. १२
योगीजनों की अद्भुत भूमि, सिंह का है विस्तार
बादल आकर गले लगाए, जय जय जय गिरनार. १३
अनंत आत्मा मोक्ष गएं हैं, मेरा भी हो उद्धार
जनजन में देवर्धि प्रचलित, जय जय जय गिरनार. १४

## ૨૧. છલકછલક ગિરનાર

વરસાદી પાણીથી પલપલ છલકછલક ગિરનાર
નેમનાથનાં મોક્ષગમનથી મલકમલક ગિરનાર. ૧
ઊંચેરા શિખરોને વાદળ ગળે લગાવે ભાવે
ગગન કરે અભિષેક અને નહાતો અઢળક ગિરનાર. ૨
જોગંદરનાં પડછંદા ઢંકાઈ ગયા જંગલમાં
અખંડ ગુંજે છે ખળખળ ખળખળ અપલક ગિરનાર. ૩
આઠમાસમાં ભલેને અદ્ભુત રૂપ ધરે ગિરનાર
ચોમાસામાં તો લાગે કોઈ દિવ્ય મલક ગિરનાર. ૪
પહાડને ઢાંકી દે પાણી જાણે તૂટ્યો બંધ
જાણે સમુદ્રમંથનનું છે કાર્ય ફલક ગિરનાર. ૫

# ૮

# સ્વાધ્યાય

| | |
|---|---|
| ૧. ધ્યાન ધારા | ૨૧૫ |
| ૨. ચારિત્ર મનોરથ | ૨૧૭ |
| ૩. જ્ઞાનસાર બત્રીસી | ૨૨૦ |

# ૧. ધ્યાન ધારા

**(શ્રી ધ્યાનશતક ગ્રંથનો સારાનુવાદ)**

**(ચેતન જ્ઞાન અજવાળીએ...)**

આતમા ધ્યાન સંભાળજે પાળજે સહજ નિજભાવ રે
અશુભ આલંબનો ટાળજે વાળજે હૃદય શુભભાવ રે, આતમા. ૧
ચિત્તની સ્થિર દશા ધ્યાન છે અશુભ શુભ બેય રીતે જોય રે
આર્ત ને રૌદ્ર તે અશુભ છે ધર્મ ને શુક્લ શુભ હોય રે, આતમા. ૨
ધ્યાન અભ્યાસ તે ભાવના મનન અનુપ્રેક્ષણા થાય રે
વિવિધ વિષયે ભમે ચિત્ત જે તેહ ચિંતા જ કહેવાય રે, આતમા. ૩
એક વિષયે બે ઘડી રહે સકલ છદ્મસ્થનું ધ્યાન રે
યોગનિરોધ જિનવર કરે ધ્યાન પાવન પરમ જ્ઞાન રે, આતમા. ૪
આર્ત ને રૌદ્ર બે ધ્યાનથી આતમા દુર્ગતિ જાય રે
ધર્મ ને શુક્લ બે ધ્યાનથી જીવની પરમગતિ થાય રે, આતમા. ૫
જેહ પ્રતિકૂળ સંયોગમાં ચિત્તમાં થાય વિક્ષેપ રે
આર્ત તે ધ્યાન પહેલું કહ્યું વેદના કર્મનો લેપ રે, આતમા. ૬
રોગમાં દુઃખ નવ સહી શકે ચિંતવે રોગ પ્રતિકાર રે
દેહના રાગમાં રાચવું આર્તનો દ્વિતીય પ્રકાર રે, આતમા. ૭
ધનપરિવાર ઘરબારમાં ચિત્ત જે સતત આસક્ત રે
આર્ત તે ધ્યાન ત્રીજું કહ્યું વિષય આવેશ સંસક્ત રે, આતમા. ૮
ધર્મને આદરી માંગતો ભોગ સંસારના મૂઢ રે
આર્ત તે ધ્યાન ચોથું ધરે જીવ અજ્ઞાન રસ ગૂઢ રે, આતમા. ૯
ચાર આ આર્તધ્યાનો કહ્યાં દુષ્ટ તિર્યંચ ગતિ મૂળ રે
મુનિજનોને નવિ હોય એ કર્મની તીવ્ર એ શૂળ રે, આતમા. ૧૦
પાંચ વિષયે સમાસક્ત જે ધર્મથી વિમુખ સપ્રમાદ રે
જિનવચન અવગણે ધનરસી આર્તધ્યાની સવિષાદ રે, આતમા. ૧૧
આર્ત નિજ વેદના દેખતો રૌદ્ર પર વેદના કંખ રે
ક્રોધની ઉગ્રતા ધારતો અંતરે રાખતો ડંખ રે, આતમા. ૧૨

રોષ સંક્લેશ પરતાડના નિર્દયીભાવ બહુ ક્રૂર રે
તેહ હિંસાનુબંધી કહ્યું : રૌદ્ર જે સુખ કરે દૂર રે, આતમા. ૧૩
અવર નિંદા કરી હરખતો જૂઠ કહે આચરે દંભ રે
જીવઘાતી વચન ઉચ્ચરે રૌદ્ર બીજું ભવ સ્તંભ રે, આતમા. ૧૪
ધનતણી તીવ્ર જે લાલસા ક્રોધ ને લોભ અનુબદ્ધ રે
પરધનહરણની વાંછના રૌદ્ર ત્રીજું અતિગૃદ્ધ રે, આતમા. ૧૫
પર અવિશ્વાસે ઉપઘાત કર આદરે વિવિધ ઉપાય રે
સંપદા સ્વજન સંરક્ષવા રૌદ્ર ચોથું દુઃખદાય રે, આતમા. ૧૬
ધર્મનું ધ્યાન સુખદાય છે ભાવના ચાર તસ મૂળ રે
જ્ઞાન દર્શન ચરિત્ર તથા પ્રબળ વૈરાગ્ય ભરપૂર રે, આતમા. ૧૭
સ્થાન એકાંત અવધારવું જીવ ઉપઘાત વિરહિત રે
કાલે ને દેશ નિજ યોગ્ય હો સહજ આસન રહે સ્થિત રે, આતમા. ૧૮
વાચના પૃચ્છના વર્તના ચિંતના ગુરુચરણ પાસ રે
તેમ છ આવશ્યક આદરો ધ્યાન આલંબન સુવાસ રે, આતમા. ૧૯
જિનવચન પરમ હિતકાર છે સરસ નિર્દોષ દુઃખશૂન્ય રે
અજિત અમિત મહાઅર્થ છે ધર્મનું ધ્યાન એ પુણ્ય રે, આતમા. ૨૦
રાગ ને દ્વેષ ને કષાયથી ઈહ પરલોકમાં દુઃખ રે
નીપજે તેહ જે ચિંતવે ધ્યાન બીજું કહ્યું મુખ્ય રે, આતમા. ૨૧
કર્મથી સુખદુઃખ નીપજે વ્યક્તિ વસ્તુ નહીં કાંઈ રે
કર્મચિંતા ત્રીજું ધ્યાન છે શત્રુ નહીં કોઈ નહીં ભાઈ રે, આતમા. ૨૨
દ્રવ્ય ષડ્ ચિંતવે વિશ્વના ચોથું તે ધર્મનું ધ્યાન રે
ભવજલસાગરે નાવ છે ધર્મનું ધ્યાન ગુણ ખાણ રે, આતમા. ૨૩
દેવગુરુધર્મની કીર્તના શ્રુત-શીલ-સંયમ-દાન રે
સૂત્રમાં ધર્મ આચરણમાં રસ ધરે ધર્મ ને ધ્યાન રે, આતમા. ૨૪
ચાર કષાયને સંહરી દ્રવ્યપર્યાય અવલંબ રે
પૂર્વગત બોધથી ચિંતવે શુક્લ એ ધ્યાન પ્રથમ રે, આતમા. ૨૫
એક પર્યાય આલંબને આતમા હોય અવિચાર રે
ધ્યાન એ શુક્લ બીજું કહ્યું ટાળતું કર્મ સંચાર રે, આતમા. ૨૬

નમન હો શુક્લ આ ધ્યાનને જે દિયે કેવળજ્ઞાન રે
ધન્ય સાધુજનો જેમણે આદર્યું શુક્લ આ ધ્યાન રે, આતમા. ૨૭
સૂક્ષ્મ કિરિયા અવરોધીને થાય નિષ્ક્રિય નિજ કાય રે
ત્રીજું ને ચોથું તે ધ્યાન છે પરમ આતમ ગતિ દાય રે, આતમા. ૨૮
ના કષાયો કોઈ પીડશે શોક ઈર્ષા ન વિષાદ રે
ચિત્ત પ્રસન્ન રહેશે સદા ધ્યાન અમૃત પ્રસાદ રે, આતમા. ૨૯
ધ્યાન શતકે કહ્યો બોધ આ શુદ્ધ દેવર્ધિનું નૂર રે
ચિત્તમાં ખાસ અવધારજો પામશો સુખ ભરપૂર રે, આતમા. ૩૦

## ૨. ચારિત્ર મનોરથ

(આ વંદના, શ્રી ચારિત્ર મનોરથ માળાનો મધુર અનુવાદ છે. દીક્ષાર્થી બહુમાન-ચારિત્રપદની આરાધના જેવા પ્રસંગોમાં ખાસ ઉપયોગી.)

**૧**

**(મંદિર છો મુક્તિતણી...)**

શુભયોગથી માનવ જનમ પામ્યો હવે શું જોઈએ ?
આરાધના કરવા તણો અવસર હવે ના ખોઈએ,
મારાં હૃદયમાં રાતદિન શુભભાવના એવી રહે,
સાધુ થવા મુજને મળે તો આતમા સુખ નિર્વહે. ૧
સંવેગ રસ જાગે ઉરે : અનુરાગ ભવનો ના રહે,
સૌના સુગુણ ગાવા મળે તો આતમા પ્રીતિ લહે,
ક્યારે બને મારાં જીવનમાં એહવી ઘટના પરમ,
સાધુ બની હું સાધના સાધું સદા માટે સ્વયમ્. ૨
ખોળો મળે ગીતાર્થ ગુરુવરનો મને સદ્ભાગ્યથી,
અર્પણ કરું મનવચનકાયા હું પ્રબળ વૈરાગ્યથી,
ના સંગ રાખું સ્વજનનો સંબંધ સઘળા વીસરું,
સાધુ બની હું સાધના સાધું અને પાપો હરું. ૩
હું વાપરીશ ન વાહનો પગ બેય અડવાણા હશે,
એક ગામથી પરગામ યાત્રા માહરી વહેતી જશે,

મળશે મહેલ કે ઝૂંપડી મનમાં ખુશી સરખી થશે,
સાધુ બની હું સાધના સાધું : પ્રભુ હૈયે વસે. ૪
વધતી જશે દિનરાત મુજ આરાધનાની ભાવના,
થાકીશ ના ક્યારેય હું ભારો ઉપાડી કષ્ટના,
અવિરતપણે ઉલ્લાસથી પાળીશ પાંચ મહાવ્રતો,
સાધુ બની હું સાધના સાધું : મનોરથ એ થતો. ૫
મળશે મને મોંઘો ગુરુકુળવાસ : ગુણલા જાગશે,
જીવન સફળ મારું થશે : સઘળાય દોષો ભાગશે,
હું સારણા ને વારણા ને ચોયણા પડિચોયણા,
ગુરુનાં મુખે પામ્યા કરું એવી રહે છે કામના. ૬
આકાશના મહાછત્ર નીચે ચાલતા રહેવા મળે,
કોઈ ઉતાવળ હોય ના : બે આંખ ધરતી પર ઢળે,
નિર્દોષ ભિક્ષાચાર પાળું : સત્ય મધુર મુખે ધરું,
સઘળાંય ઉપકરણો પ્રમાર્જું : દેહચર્યા શુભ વરું. ૭

## ૨

### (મૈત્રીભાવનું પવિત્ર ઝરણું...)

મારા મનમાં નબળા ભાવો ના કોઈપણ આવે,
ખોટી વાતો બૂરા શબ્દો નહીં બોલવા ફાવે,
મારી કાયા થકી અકુશલ કાર્ય ન કોઈ થઈ શકે,
જો મારો આતમ શુભ ભાવે સંયમ જીવન લઈ શકે. ૧
શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શો મનડું ના ખેંચાશે,
દેહવિભૂષા નહીં કરું હું : વસ્ત્રો મેલે રંગાશે,
આગમ શીખવા તપજપ સાધી યોગમાર્ગ પર જઈ શકે,
જો મારો આતમ શુભ ભાવે સંયમ જીવન લઈ શકે. ૨
તીર્થંકર ભગવંતે જેનો આપેલો જાતે ઉપદેશ,
તે પાવન આગમસૂત્રોને વાંચી હું જીતું સંક્લેશ,
સહસ અઢાર શીલાંગતણાં પાલનમાં મન હું દઈ શકું,
જાગે મારા મહાભાગ્ય તો સંયમજીવન લઈ શકું. ૩

દોષ પારકા ગાવામાં તો મને કોઈ રસ ના પડશે,
પોતાની મોટાઈનાં પણ સપનાં મુજને ના નડશે,
દશ સામાચારીનું પાલન ઉત્તમ રીતે કરી શકું,
જાગે મારાં મહાભાગ્ય તો સંયમજીવન વરી શકું. ૪

૩

**(શિખરિણી છંદ...)**

બગીચામાં ફૂલો ઉપર ભમરો જેમ ફરતો,
ઘરોમાં એ રીતે રહું અશનકાજે વિહરતો,
મળે છે જો ભિક્ષા મુજ શુભગુણો ખૂબ વિકસે,
મળે ના ભિક્ષા તો મુજ હૃદય આનંદ વિલસે. ૧

ન મારી જિહ્વાને રતિ અરતિ ખાવા તણી નડે,
મકાનો માટે તો મમત મુજને ના જ કનડે,
મળે તેવું લેવું : સહન કરવા કષ્ટ સઘળાં,
બનું હું જો સાધુ સજીવન કરું ભાવ ઉજળા. ૨

ન શત્રુ ના મિત્રો રતિ ન ધનમાં કે સ્વજનમાં,
અપેક્ષા ના કોઈ નવ કંઈ અહંકાર મનમાં,
ન નિંદા ના સ્પર્ધા નવ કલહ ઈર્ષા ન કરશું,
ગમે સૂત્રો અર્થો : મન સતત અભ્યાસ ધરશું. ૩

મહાત્યાગ જ્ઞાને ગુરુવિનય સજ્ઝાય સમતા,
ગુણો આ પામું તો ઉર ન બચશે કોઈ મમતા,
ન ભીતિ ન પ્રીતિ ગહનવન એકાંત વસવું,
શરીરે થાકીને લહી પરમ અધ્યાત્મ હસવું. ૪

૪

તપ સાધીશું સત્ત્વ કેળવશું ઉર્જા ભીતર ભરશુંજી,
એકાકી નિર્ભીક રહેશું : ચારિત્રે બળ વરશુંજી,
દેવ માનવો કે પશુઓના ઉપસર્ગોને ખમશુંજી,
મારે તેને પ્રેમ જ દેશું : કદી ડરી ના નમશુંજી. ૧

મુનિજનના સમુદાયમાં રહીશું : ચિત્ત ચતુર ના ચળશેજી,
નવ નવ મળશે અનુભવો ને સેવા લહાવો મળશેજી,
ચોથો આરો હોય અગર તો જિનકલ્પી થઈ જાશુંજી,
પંચમ આરો : નબળો બાંધો ભરે આંખમાં આંસુજી. ૨
વહેતા વાયુ જેમ વિચરશું કોઈ નહીં અટકાવેજી,
ઇન્દ્રિય ગુપ્ત ધરીશું જાણે કાચબો અંગ છૂપાવેજી,
વિચારધારા શીતલ સુંદર ચંદ્રતેજ સમ થાશેજી,
તપની પ્રતિભા સૂરજ જેવી ઝળહળતી ઉભરાશેજી. ૩
આભ સમા નિર્લેપ બનીશું કોઈ ન ડાઘો લાગેજી,
સાગર સમ ગંભીર થઈશું કરુણા અઢળક જાગેજી.
બાળે કે કાપે તેને થઈ ચંદન સૌરભ દેવીજી,
પ્રમાદ છાંડી ધરું જાગૃતિ ભારંડ પંખી જેવીજી. ૪
અનુપમ મુનિજન કેરા ગુણગણ ગાવા કીર્તનશાળાજી,
રચી કોઈ પૂર્વર્ષિએ : ચારિત્રમનોરથમાળાજી,
તેહતણા અનુસારે રચના કીધી આનંદ પાયોજી,
ભવભવની ભાવઠ ભાંગી ગઈ દેવર્ધિ વરસાયોજી. ૫

## ૩. જ્ઞાનસાર બત્રીસી

### (શ્રી જ્ઞાનસાર ગ્રંથનો સારાનુવાદ)

### (૧) પૂર્ણતા

આનંદ ભીતરનો જે પામે, પૂર્ણ તે કહેવાય છે
જે પૂર્ણ છે તેને બધામાં, પૂર્ણતા દેખાય છે
જે બાહ્ય સાધનથી મળે, આનંદ તે બેકાર છે
મહાયોગી વાચકયશતણા, શુભ જ્ઞાનનો આ સાર છે.

### (૨) મગ્નતા

ઇન્દ્રિયનો આનંદ છોડી, ચિત્ત શાંત બનાવીએ
કર્તૃત્વ ભાવ ન રાખીએ, મન સાક્ષિભાવ જગાવીએ
આ મગ્નતાને માણીએ, આ ધર્મનો સંસ્કાર છે, મહાયોગી.

## (૩) સ્થિરતા

મનને કહો કે શુભવિચારોમાં, ધરે એકાગ્રતા
કાયા ક્રિયામાં વાણી જિનવચને, વરે એકાગ્રતા
આ સ્થિરતામાં સિદ્ધગતિના, સુખતણો અણસાર છે, મહાયોગી.

## (૪) મોહત્યાગ

મમતા ન રાખો કોઈની, ના ગર્વ કોઈ જ મન ધરો
હું આતમા છું સતત આ, મહાસત્યનો આદર કરો
સંપત્તિ સામગ્રી સ્વજન એ, મોહનો વિસ્તાર છે, મહાયોગી.

## (૫) જ્ઞાન

કેવું હશે સુખ મોક્ષમાં, એની કરો ને કલ્પના
જે મોક્ષમાં લઈ જાય, તેની આદરો આરાધના
આ આત્મશુદ્ધિમાં સહાયક જ્ઞાન પરમ ઉદાર છે, મહાયોગી.

## (૬) શમ

ખોટા વિકલ્પ ન કોઈ જાગે, એક સમતા મન રમે
આવેશ ને આવેગથી, દૂરે રહેવાનું ગમે
શાસ્ત્રીય તત્ત્વજ્ઞાન એ, શમભાવનો આધાર છે, મહાયોગી.

## (૭) ઇન્દ્રિય જય

સંસારથી જેઓ ડરે, જે મોક્ષની ઇચ્છા ધરે
તે ઇન્દ્રિયોને જિતવા, પુરુષાર્થ મોટા આદરે
જે ઇન્દ્રિયોના દાસ છે, તસ વ્યર્થ આ અવતાર છે, મહાયોગી.

## (૮) ત્યાગ

સંસારનાં આલંબનોનો, ત્યાગ કરવો જોઈએ
સુવિશુદ્ધ શુભ આલંબનોનો, રાગ ધરવો જોઈએ
અંતે નિરાલંબન દશા, દ્વારા જ તો ઉદ્ધાર છે, મહાયોગી.

## (૯) ક્રિયા

શુભભાવ આપે છે ક્રિયા, ગુણને વધારે છે ક્રિયા
શુભભાવને રક્ષે ક્રિયા, ભવથી ઉગારે છે ક્રિયા
સમ્યક્ ક્રિયા સદ્ બોધનાં, સાફલ્યનો આધાર છે, મહાયોગી.

## (૧૦) તૃપ્તિ

જે બોધ શાસ્ત્રોથી મળ્યો, અનુભવ જે ચિંતનથી મળ્યો
આનંદ જે જાગ્યો ક્રિયાથી, તૃપ્તિ રસ તેમાં ભળ્યો,
પુદ્ગલતણા આનંદમાં, અતૃપ્તિ અપરંપાર છે, મહાયોગી.

## (૧૧) નિર્લેપ ભાવ

જે સ્વાર્થને ચાહે છે તે, કર્મોથકી લેપાય છે
જે સ્વાર્થ વિરહિત જ્ઞાની છે, નિર્લેપ તે કહેવાય છે
ભૌતિક સુખોને ભૂલવા, દ્વારા જ ભવનિસ્તાર છે, મહાયોગી.

## (૧૨) નિઃસ્પૃહ દશા

મનમાં સ્પૃહા જાગ્યા કરે, તે સૌથી મોટું દુઃખ છે
મનમાં સ્પૃહા જાગે નહીં, તે સૌથી મોટું સુખ છે
નિઃસ્પૃહ દશા એ સાધનાનો, અલૌકિક શણગાર છે, મહાયોગી.

## (૧૩) મૌન

અનુચિત વચન અનુચિત વિચાર, ન ધારીએ તે મૌન છે
ધાર્મિક ક્રિયાઓ મુખ્ય છે, બાકી પ્રવૃત્તિ ગૌણ છે
જે જોડે આતમ સંગમાં, તે મૌનયોગ ઉદાર છે, મહાયોગી.

## (૧૪) વિદ્યા

મૃત્યુ અચાનક થાય છે, લક્ષ્મી અચાનક જાય છે
રોગો અચાનક આવે છે, ક્ષણમાં જ બધું બદલાય છે
એક આતમા અવિચલ છે, એ વિદ્યાજનિત સુવિચાર છે, મહાયોગી.

## (૧૫) વિવેક

આ દેહથી આત્મા અલગ છે, એ સમજવું જોઈએ
બંનેયને એક રૂપ માની, શીદ વિવેકને ખોઈએ ?
કર્મો તણો જે બંધ છે, જે ઉદય છે તે વિકાર છે, મહાયોગી.

## (૧૬) મધ્યસ્થ દશા

ના કોઈને બૂરા ગણો, ના કોઈને પાપી કહો
ના કોઈને ખોટા કહો, મધ્યસ્થ ભાવ ધરી રહો
કર્મોના ભારે ઉદયથી હેરાન આ સંસાર છે, મહાયોગી.

## (૧૭) નિર્ભય દશા

જેને અપેક્ષા છે નહીં, તેને કોઈ ડર છે નહીં
નિર્ભય તે મોટો છે જેણે, વૈરાગ્યની વાટડી ગ્રહી
શું ખોઈએ શું બચાવીએ, અહીં જિંદગી જ ઉધાર છે, મહાયોગી.

## (૧૮) આત્મપ્રશંસા ત્યાગ

ગુણવાન જે છે તેને, પોતાની પ્રશંસા ના ગમે
જેના ગુણો નબળા છે તે, આત્મપ્રશંસામાં રમે
ગુણ અન્યના ગાતા રહો, ગુણ દૃષ્ટિ એ હિતકાર છે, મહાયોગી.

## (૧૯) તત્ત્વ દૃષ્ટિ

સંસારીને જેના થકી, સુખનો અનુભવ થાય છે
તેના થકી જ એક જ્ઞાનીમાં, વૈરાગ્ય રંગ ઘડાય છે
તત્ત્વજ્ઞ છે અવિકાર, એનું લક્ષ પર ઉપકાર છે, મહાયોગી.

## (૨૦) સર્વ સમૃદ્ધિ

સમૃદ્ધિ મળશે માંગીને, સંતુષ્ટિ મળશે જાગીને
ભીતર ઘણા ગુણલા મળે, વૈભવ સુખોના ત્યાગીને
રત્નત્રયીની રિદ્ધિમાં, આનંદનો આકાર છે, મહાયોગી.

## (૨૧) કર્મ વિપાક

સુખ પુણ્યથી દુઃખ પાપથી, આવ્યા કરે જીવનમહીં
આ ખેલ કર્મનો છે, હરખ કે શોક ના ધરો મનમહીં
કર્મો તણો ક્ષય થાય એનાથી જ બેડો પાર છે, મહાયોગી.

## (૨૨) ભવ ઉદ્વેગ

સંસાર દુઃખ થકી ભર્યો, સંસાર કર્મ થકી ભર્યો
સંસારથી છૂટવા તણો, સંકલ્પ જેણે મન ધર્યો
તે ધન્ય ભવ ઉદ્વેગ ધારક, ધર્મનો શણગાર છે, મહાયોગી.

## (૨૩) લોક સંજ્ઞા ત્યાગ

જે આતમાને સૌખ્ય આપે, ધર્મ તે સાચો ગણો
લોકોમાં વાહવાહ થાય, તેને લક્ષ ધર્મનું ના ગણો
ના લોક સંજ્ઞા ધારીએ, આજ્ઞા થકી ઉદ્ધાર છે, મહાયોગી.

## (૨૪) શાસ્ત્ર દૃષ્ટિ

શાસ્ત્રો જ આંખ છે સાધુની, શાસ્ત્રો સકલ મંગલ કરે
જે શાસ્ત્રને આગળ ધરે, તે પ્રભુને આગળ ધરે
તેને મળે છે સિદ્ધિ જેને, શાસ્ત્રનો આધાર છે, મહાયોગી.

## (૨૫) પરિગ્રહ

સામગ્રીની મૂર્છા તજીએ, ના પરિગ્રહ રાખીએ
જેનો પરિગ્રહ અલ્પ છે, તેને જ સાધક ભાખીએ
તે પાર પામે કેમ ? જેના માથે મોટો ભાર છે, મહાયોગી.

## (૨૬) અનુભવ

જે શાસ્ત્ર સમજાવે છે તે, સાચું સ્વસંવેદન બનો
પ્રગટાવો મોહ ક્ષયોપશમ, શુભ આત્મનું ચિંતન બનો
આત્માનુભૂતિ પામવી એ, ઉચ્ચ ધર્માચાર છે, મહાયોગી.

## (૨૭) યોગ

સદ્ ધર્મની ઇચ્છા ધરો, પ્રવૃત્તિ ધર્મની આદરો

વિઘ્નો નડે તે જીતી લો, ને પ્રેરણા સુંદર કરો
આ યોગમાર્ગ મહાન છે, એના અનેક પ્રકાર છે, મહાયોગી.

### (૨૮) નિયાગ

જે પાપનાશ કરી શકે છે, તેહ સાચું જ્ઞાન છે
જે કર્મને બાળી શકે છે, તેહ સાચું ધ્યાન છે
જે ચિત્તની શુદ્ધિ કરે તે, ભાવયજ્ઞ ઉદાર છે, મહાયોગી.

### (૨૯) ભાવપૂજા

સામગ્રીઓ ઉત્તમ સમર્પી, દ્રવ્ય પૂજા થાય છે
શુભ ભાવનું સર્જન કરીને, ભાવપૂજા થાય છે
એક ભેદમય આચાર છે, બીજી અભેદાચાર છે, મહાયોગી.

### (૩૦) ધ્યાન

જે ધ્યાનને ધારણ કરે, જે ધ્યાન આલંબન બને
જે ધ્યાનની કરીએ ક્રિયા, એ ત્રણ જો અતિ ઉત્તમ બને
એ છે સુવિહિત ધ્યાન, એ આતમદશા અવિકાર છે, મહાયોગી.

### (૩૧) તપ

જેમ ભૂખ તરસને અવગણી, સંપત્તિ પ્રેમી શ્રમ કરે
તેમ દેહ કષ્ટને અવગણીને, આત્મ પ્રેમી તપ કરે
તપ પરમપદને પામવાની, પુણ્યમય પગથાર છે, મહાયોગી.

### (૩૨) નય

જે સાત નયને શીખીને, સ્યાદ્વાદના જ્ઞાની થયા
સાપેક્ષભાવે સત્યનો, સંદેશ સમજાવી ગયા
તે વંદનીય વિભૂતિ છે, શાસન તણા શૃંગાર છે, મહાયોગી.

### (કળશ)

વાચક જસે શ્રી જ્ઞાનસાર તણી, સબળ રચના કરી
રૂડા અલંકારો પ્રયોજી, ગહન અનુભૂતિ ભરી
તેમાંથી સરળ વિચારસૂત્રો, તારવ્યા છે યથામતિ
દેવર્ધિ-ના આ યત્નમાં, સૌ સજ્જનો ધરજો રતિ

# ૯

# વંદના

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અરિહંત વંદના | ૨૨૯ |
| ૨. | શ્રી સિદ્ધ વંદના | ૨૩૨ |
| ૩. | શ્રી અષ્ટાપદ તીર્થ વંદના | ૨૩૩ |
| ૪. | આબુ તીર્થ વંદના | ૨૩૮ |
| ૫. | જીરાવલા પાર્શ્વનાથ વંદના | ૨૪૨ |
| ૬. | ૧૦૮ પાર્શ્વનાથ વંદના | ૨૪૬ |
| ૭. | મહાવીર વંદના | ૨૫૪ |
| ૮. | સમવસરણ વંદના | ૨૫૯ |
| ૯. | સહસ્રકૂટ વંદના | ૨૬૧ |
| ૧૦. | શ્રુતવંદના | ૨૬૩ |
| ૧૧. | આગમ વંદના | ૨૬૭ |
| ૧૨. | નવપદ વંદના | ૨૭૧ |
| ૧૩. | વીશ સ્થાનક વંદના | ૨૭૬ |
| ૧૪. | ગણધર વંદના | ૨૮૧ |
| ૧૫. | આચાર્ય વંદના | ૨૮૫ |
| ૧૬. | નવકાર વંદના | ૨૯૦ |
| ૧૭. | અઢીદ્વીપ અણગાર વંદના | ૨૯૧ |
| ૧૮. | તપસ્વી વંદના | ૨૯૩ |
| ૧૯. | સાધર્મિક વંદના | ૨૯૭ |
| ૨૦. | મહાસતી વંદના | ૩૦૩ |
| ૨૧. | મરણ સમાધિ પ્રાર્થના | ૩૦૬ |
| ૨૨. | મોક્ષમાળા વંદના | ૩૧૦ |
| ૨૩. | માતૃ વંદના | ૩૧૩ |
| ૨૪. | પિતૃ વંદના | ૩૧૯ |
| ૨૫. | માતૃપિતૃ સંવેદના | ૩૨૫ |
| ૨૬. | રંગોત્સવ | ૩૩૦ |

# ૧. શ્રી અરિહંત વંદના

(એક એક પ્રાતિહાર્ય સાથે અષ્ટપ્રકારી પૂજાની એક એક વિધિ કરી શકાય છે.)

પ્રભુ આઠ સંપદને વરે પ્રભુ આઠ કર્મોને હરે
પ્રભુ આઠ મદ દૂરે કરે પ્રભુ આઠ મહાસિદ્ધિ વરે
આઠે દિશા પ્રભુનામથી હર્ષિત બની જય જય કરે
આ આઠ પ્રાતિહાર્ય પ્રભુને દેવતા તેથી ધરે. ૧

## (૧. અશોકવૃક્ષ)

આકાશને અવલંબ દેવા ખૂબ ઊંચે જાય છે
ચંદા સૂરજને ઢાંકવા તે ચોતરફ ફેલાય છે
અગણિત પર્ણો ઝૂલતાં રહીને પ્રભુગુણ ગાય છે
આ પ્રાતિહાર્ય અશોકવૃક્ષ પ્રભુ શીરે સોહાય છે. ૨
હંમેશ બારે પર્ષદાને છાંયડો આપ્યા કરે
ભગવાનનાં ચારેય રૂપો ગોદમાં થાપ્યા કરે
પાલવ ધરીને સમવસરણે ત્રણ ગઢોને સાચવે
તે પુણ્યદેહ અશોકવૃક્ષતણા ગુણો ઈન્દ્રો સ્તવે. ૩

## (૨. સુરપુષ્પવૃષ્ટિ)

પ્રભુનાં ચરણમાં જે નમે તેને જ નિર્મળતા મળે
પ્રભુને સમર્પિત થાય જે તેને જ કોમળતા મળે
પ્રભુનાં શરણમાં જે રહે તેઓ સુવાસિત થાય છે
આ પુષ્પવૃષ્ટિ નિહાળતાં સઘળા કષાયો જાય છે. ૪
સઘળી જ ઋતુઓ પ્રભુસમીપે ફૂલ લઈ આવી ચડે
વીખરાઈ મેઘધનુષ્યના સાતેય રંગ અહીં પડે
ભગવાનના સૌરભભર્યા શ્વાસો નિહાળીને અહો !
હારી ચૂકેલાં કલ્પવૃક્ષતણાં જ આ આંસુ કહો. ૫

## (૩. દિવ્યધ્વનિ)

રોમાંચ જગવે : સ્તબ્ધતા અંગે ભરે : પુલકિત કરે
સંવેદનાનાં તંત્રને જેના સ્વરો વિસ્મિત કરે

મહાદિવ્ય એવો નાદ પ્રભુની પાસ ગજવે દેવતા
જે સાંભળે છે તેમનાં પાપો બધાં નિર્બળ થતાં. ૬
રેલાય દૂરસુદૂર પડઘાઓ મનોહર જેહના
ગજવે ધરાને પવનપાંખે બેસી પડછંદા ઘણા
સંસારથી નિસ્તાર લહેવાની મહાન વધામણી
આપે અવિરત લય ધરી સૌ ભવ્યને દિવ્યધ્વનિ. ૭

## (૪. ચામર)

પ્રભુ ધર્મધ્યાને શુક્લ ધ્યાને વાળશે તમને ખરે !
સંકેત આપ્યો ભવિક જનતાને ધવલ બે ચામરે
તે હાથ પાવન ધન્ય જે ચામર પ્રભુને ઢાળતા
ચામરતણા ચમકાર સૌની આંખને અજવાળતા. ૮
હિલ્લોળ લે છે રેશમી તંતુ પ્રભુમુખપાસમાં
વીંઝાય ધીમો વાયરો : દે દેશના પરમાતમા
સ્પર્શી પ્રભુને પર્ષદામાં જાય વહેતી લહેરખી
જે મંદ મંદ હવા તણી તે નીપજી ચામરથકી. ૯

## (૫. સિંહાસન)

હાર્યા કષાયો ચાર : ગતિ ચારેય પ્રભુ જીતી ગયા
ચારેય ઘાતી કર્મના અધિકાર પણ વીતી ગયા
ચારેય સંજ્ઞા આથમી : ચારેય વિકથા ના રહી
તેથી પ્રભુ ચઉમુખ બિરાજે ચાર સિંહાસન મહીં. ૧૦
રત્નો જડ્યાં : સોનું મઢ્યું : બારીક કોતરણી કરી
સિંહાસને તો દેવતાએ દિવ્યતા અદ્‌ભુત ભરી
દેવાધિદેવજી ત્યાં બિરાજી દેશના ફરમાવતા
સૃષ્ટિતણા સઘળાય જીવો પ્રભુચરણમાં આવતા. ૧૧

## (૬. ભામંડલ)

પ્રભુનાં મુખેથી તેજ જે નીસર્યા કરે તે ઝીલવા
આંખો મહીં ભરવા પ્રભુનાં તેજ નિત્ય નવા નવા

દેવો રચે ભામંડલમ્ : પ્રભુમુખતણી પાછળ રહે
જાણે હિમાલયશિખર પાછળ ચંદ્રમા નિર્મળ રહે. ૧૨
દૃષ્ટિ પ્રભુનાં મુખ થકી બીજે કશે વળતી નથી
એકાગ્ર આંખે નિરખવામાં પાંપણો ઢળતી નથી
અમૃત સરોવરમાં ખીલેલું કમળ છે મુખ પ્રભુતણું
ભક્તો કહે ભગવાનને : જીવો ઘણું જીવો ઘણું. ૧૩

## (૭. દુંદુભિનાદ)

ધમકાર ગાજે દશદિશામાં તાલબદ્ધ મહાસ્વરે
ઘનઘોષ પુણ્યપ્રચંડ ઉર્જા વાતાવરણમાં પાથરે
આ દેવદુંદુભિનાદ દેવો બહુ ઉમંગે ગજાવતા
ત્રણ લોકમાં સર્વોચ્ચ સત્ત્વ પ્રભુતણું સમજાવતા. ૧૪
અનહદ તણી છે વાંસળી આનંદકેરાં મંજીરા
વીણા સમર્પણની : મૃદંગો ભક્તિના છે સંપીલા
ગુંજ્યા કરે અમ આતમાના અણુઅણુએ આ સ્વરો
ભગવાનનો મહિમા અમારાં હૃદયમાં બહુ વિસ્તરો. ૧૫

## (૮. છત્રત્રય)

પ્રભુ જ્ઞાન દર્શન ને ચરિત્રે પૂર્ણતા પામી ગયા
પ્રભુ દેવ ગુરુ ને ધર્મના દર્શક પદે સ્થાપિત થયા
ત્રિપદીતણા ઉપદેશથી પ્રભુ તીર્થનું સ્થાપન કરે
ત્રણ છત્ર પ્રભુનાં મસ્તકે તેથી જ તો દેવો ધરે. ૧૬
અરિહંતના ગુણ બાર છે તો છત્ર પણ કુલ બાર છે
એકેક ગુણ આલંબને પણ જીવતણો ભવપાર છે
ત્રણ છત્ર આ મનવચનકાયાને વિમળ કરવા કહે
ત્રણલોકમાં ઊંચાઈ પ્રભુની છત્રત્રય ગાતા રહે. ૧૭
આઠેય પ્રાતિહાર્ય વચ્ચે જે પ્રભુ નિઃસંગ છે
ના રાજીપો ના ગર્વ છે ના રાગ છે ના રંગ છે
અરિહંત છે ભગવાન છે વૈભવ તો પ્રભુને શું ગમે ?
પ્રભુ પ્રશમમય વીતરાગ છે : તેથી જ સૌ પ્રભુને નમે. ૧૮

## ૨. શ્રી સિદ્ધ વંદના

(અષ્ટપ્રકારી પૂજાની એક એક પૂજામાં એક એક સ્તુતિ ગાઈ શકાય છે.)

પામ્યા પરમ આતમ બનીને જેહ શાશ્વત સ્થાનને
પામ્યા પરમ આતમ બનીને જેહ અવિચલ જ્ઞાનને
એના અનંતા સદ્‌ગુણોને ભક્તિભાવ ધરી સ્મરું
શ્રી સિદ્ધ પરમેશ્વર પ્રભુને વંદના અહનિશ કરું. ૧

મધ્યાહ્‌ને પહોંચેલો રવિ પણ સાંજ સમયે આથમે
ને પૂર્ણિમાનો ચંદ્ર પણ ઝાંખો પડે છે અનુક્રમે
ના ડૂબતું, ના ઝંખવાતું સિદ્ધ પદ મુજ બહુ ગમે, શ્રી સિદ્ધ પરમેશ્વર. ૨

શ્રી સિદ્ધશિલા ધવલ નિરમલ છે પ્રભુજી ત્યાં વસે
ના રાત છે ના દિવસ છે ના કાળનાં બંધન કશે
શુભ આતમા સાદિ અનંતા સમય માટે ઉલ્લસે, શ્રી સિદ્ધ પરમેશ્વર. ૩

ના રોગ છે ના દુઃખ છે ના નામ છે ના ઠામ છે
ના ભૂખ છે ના છે તૃષા ત્યાં મસ્ત આતમરામ છે
ના શ્વાસ છે ના થાક છે કેવળ પરમ વિશ્રામ છે, શ્રી સિદ્ધ પરમેશ્વર. ૪

અડવું નહીં ઘડવું નહીં ચડવું નહીં પડવું નહીં
લડવું નહીં રડવું નહીં કે ક્યાંય આથડવું નહીં
એકાંતના અજવાસમાં આનંદ અનહદ છે અહીં, શ્રી સિદ્ધ પરમેશ્વર. ૫

એકાદ ક્ષણ માટેય ધારે ના કોઈ જ અશુભ ધ્યાન
શ્રી સિદ્ધભગવંતો તણો આ ગુણ અતિશય છે મહાન્
નિગોદથી ઉદ્ધારનારા એહ અદ્‌ભુત સુરતરૂ, શ્રી સિદ્ધ પરમેશ્વર. ૬

સામગ્રીમાં સંબંધમાં સંપત્તિમાં સુખ છે નહીં
આ દેહમાં કે સ્નેહમાં પણ આખરે દુઃખ છે અહીં
શ્રી સિદ્ધ પ્રભુનો મૌન આ ઉપદેશ મુજ ઉરમાં ધરું, શ્રી સિદ્ધ પરમેશ્વર. ૭

તેઓ હવે સંસારમાં પાછા કદી ફરશે નહીં
એ રાગને કરશે નહીં એ દ્વેષને ધરશે નહીં
આ પરમપદનાં લક્ષ્ય વિણ કોઈ જીવ ભવ તરશે નહીં, શ્રી સિદ્ધ પરમેશ્વર. ૮

# ૩. શ્રી અષ્ટાપદ તીર્થ વંદના

(શ્રી અષ્ટાપદ તીર્થની રચના કરી શ્રી આદીશ્વરપ્રભુ અથવા શ્રી ચોવીશપ્રભુની અષ્ટપ્રકારી પૂજા પણ થઈ શકે છે.)

(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीमते, अष्टापदतीर्थसंस्थिताय श्री आदिनाथाय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं यजामहे स्वाहा)

## (૧) જલપૂજા

### (પ્રભુ પારસનાથ સીધાવ્યા)

અષ્ટાપદ ઋષભજી આવે, દશ સહસ મુનિ સંગ લાવે
પ્રભુ અંતિમ ધ્યાન બિરાજે, શિવનગર પહોંચવા કાજે રે
અષ્ટાપદ તીરથ વંદો, એ છે અવિચલ સુખનો કંદો રે...

રાય ભરત અયોધ્યાથી આવે, પ્રભુ ચરણે શીશ ઝુકાવે,
ઇન્દ્ર ચોસઠ આસન કંપે, સહુ આવી ઊભા એક સંપે રે, અષ્ટાપદ. ૧

પોષ વદી તેરસ ઉજમાળ, પ્રભુ ટાળે ભવ જંજાળ,
સિદ્ધ-બુદ્ધ નિરંજન થાય, ત્રણ લોકમાં મહિમા ગવાય રે, અષ્ટાપદ. ૨

ઇન્દ્રો સારે આંસુ અમાપ, ખરે આતમ પરના પાપ,
ઇન્દ્ર ભરતને શિખવે વિલાપ, આંખ અંકાઈ આંસુની છાપ રે, અષ્ટાપદ. ૩

કર્યો નિર્વાણ મહોત્સવ દેવે, પ્રભુ દેવને પૂજે સેવે,
ગોશીર્ષ ચંદન મંગાવે, ઇન્દ્ર ચિતા ત્રણ વિરચાવે રે. અષ્ટાપદ. ૪

પૂર્વ દિશાએ ચિતા જિનવરની, દક્ષિણમાં ઈશ્વાકુ શ્રમણની,
પશ્ચિમમાં અવર મુનિજનની, અગ્નિ સંસ્કારની શુભકરણી રે, અષ્ટાપદ. ૫

ત્રણ શિબિકામાં દેહ લઈને, સૌ આવ્યા શોકાર્ત થઈને,
અગ્નિ દેવો અગન પ્રગટાવે, વાયુદેવો પવન નીપજાવે રે. અષ્ટાપદ. ૬

પ્રભુ દેહ થયો ભસ્મસાત, દાઢ લઈ જાય ઇન્દ્રો સાથ,
અસ્થિ દેવો લઈ જાય સ્વર્ગે, અગ્નિ-ભસ્મ મનુષ્યને વર્ગે રે, અષ્ટાપદ. ૭

પ્રભુ મોક્ષની ભૂમિ જાણી, રાય ભરતે ભક્તિ મન આણી,
હરવા નિજમનનો વિષાદ, રચ્યો સિંહનિષદ્યા પ્રાસાદ રે, અષ્ટાપદ. ૮

ચાર દ્વાર મહાન સરસ છે, દ્વારે દ્વારે સોળ કળશ છે,
સોળ તોરણ સોળ અષ્ટ મંગળ, રચે ભક્તિ મંડપ પ્રભુ આગળ રે, અષ્ટાપદ. ૯
ચૌમુખ પ્રાસાદે ચોવીસ, પ્રતિમા રૂપે સ્થાપ્યા જગ ઈશ,
પૂર્વ દિશાએ બે દક્ષિણ ચાર, પશ્ચિમ આઠ ઉત્તર દશ સાર રે, અષ્ટાપદ. ૧૦
નિજભાઈ નવાણુંની મૂરત, રાય સ્થાપે છે શુભ સૂરત,
સ્તૂપ તેમ રચાવે બહાર, સાધે નિજ આતમ ઉદ્ધાર રે, અષ્ટાપદ. ૧૧
યંત્ર રક્ષક માનવ સ્થાપ્યા, આરોહણના માર્ગ કાપ્યા,
પર્વત સમ આઠ સોપાન, રચે અષ્ટાપદ અભિધાન રે, અષ્ટાપદ. ૧૨
તીર્થ અષ્ટાપદ છે મહાન, પ્રાસાદ બન્યો છે અસમાન,
શાસ્ત્ર ત્રિષષ્ટિમાં એનું વર્ણન, મહાતીર્થને કરીએ વંદન રે, અષ્ટાપદ. ૧૩

## (૨) ચંદનપૂજા

**(નીરખ્યો નેમિ...)**

અષ્ટાપદ ગિરિરાજ છે સુખ કંદોજી, તારણ તરણ જહાજ છે તમે વંદોજી,
અજીતજિણંદ જગતાત છે સુખકંદોજી, સગરચક્રી તસ ભ્રાત છે તમે વંદોજી. ૧
સંખ્યા સાઠ હજાર છે સુખકંદોજી, ચક્રીના પુત્ર ઉદાર છે તમે વંદોજી,
આવ્યા તીરથ વાંદવા સુખકંદોજી, જાગ્યા છે મનોરથ નવનવા તમે વંદોજી. ૨
ચિંતે રક્ષા તીર્થની સુખકંદોજી, મનમાં છે ભક્તિ ઘણી તમે વંદોજી,
ખોદે ખાઈ તળેટીએ સુખકંદોજી, નાગલોક દેવને દુઃખ દિયે તમે વંદોજી. ૩
તે દેવ આવી રોકતા સુખકંદોજી, તેમાં આવી બીજી આપદા તમે વંદોજી,
ચાર ગાઉની ખાઈ ખાલી છે સુખકંદોજી, ગંગા નદીને ઢાળી છે તમે વંદોજી. ૪
પાણી ગયા પાતાળમાં સુખ કંદોજી, દેવો આવ્યા એક ફાળમાં તમે વંદોજી,
સાઠ હજારને બાળતા સુખકંદોજી, સૌ બારમે સ્વર્ગે સિધાવતા તમે વંદોજી. ૫

## (૩) પુષ્પપૂજા

**(ઓ રંગ રસિયા...)**

વાલી-દશાનન યુદ્ધ કરે મેદાન જો,
રામાયણની ઘટના, સુણો દઈ ધ્યાન જો,
હાર્યો દશાનન વાલી જીતે યુદ્ધ જો,

દીન દશાનન, ઝંખવાણો થઈ જાય જો,
દીક્ષા વાલી લે છે મન વૈરાગ જો, રામા. ૧

અષ્ટાપદની એક ગુફામાં ધરે ધ્યાન જો,
યોગસાધક છે વાલી મહર્ષિ મહાન જો,
દેવો વાંદવા આવે મુનિ ભગવાન જો, રામા. ૨

આભમાર્ગથી મુનિ શિર ઉપર વિમાન જો,
અટકે એમાં, હોય દશાનન રાય જો,
વાલીને જાણી કોપ ચડ્યો અભિમાન જો, રામા. ૩

વાલી મુનિને મારવા ચાહે રાય જો,
જલમાં જઈને, અષ્ટાપદ ઊંચકાય જો,
પર્વત ધ્રુજે, ઘોર ગર્જારવ થાય જો, રામા. ૪

વાલી મુનિવર કરુણામય ગંભીર જો,
પગ અંગૂઠે પર્વત દાબે સ્થિર જો,
ડૂબ્યો દશાનન ગંગાજળને નીર જો, રામા. ૫

દીન બનીને રડતો કરે પોકાર જો,
રાવણ એવું નામ થયું સાકાર જો,
વાલી મુનિએ એનો કર્યો ઉદ્ધાર જો, રામા. ૬

## (૪) ધૂપપૂજા

**(ચાલો વીરા...)**

નાચે સતી, રાવણ રાયના વીણા વાદન સંગે
અષ્ટાપદ ધામમાં, મંગલ મુકામમાં
અંતરંગના ઉછરંગે રે,
મંદોદરીજી નાચે, સતી મંદોદરીજી નાચે.. વાગે. ૧

વાગે વીણા, રાવણ રાયની મનહરવીણા વાગે
ગુંજે છે તારતાર, ભક્તિમાં એક તાર
સાત સાત સૂર સાથે જાગે છે
મંદોદરીજી નાચે, સતી મંદોદરીજી નાચે. ૨

## (૫) દીપપૂજા

### (આજનો ચાંદલીયો...)

વીણાના તારમાં તાણ એક આવી,
રાવણની આંગળીમાં આંચ ખેંચી લાવી,
તૂટે છે તાર એક, સૂર વીખરાતા,
દાદાના દરબારે આવી રે અશાતા. ૧

ઝાંઝર ઝનકતા, કંકણ ખણકતા,
પગલાં થરકતા, અંગઅંગ હરખતા,
મંદોદરી દેવી તો નૃત્યમાં ખોવાયા,
તૂટેલા તારના બોલ સંભળાયા. ૨

પળ બે પળમાં તો દિલ સંભાળી,
રાવણ રાજાએ નસ પગમાંથી કાઢી,
જોડી દીધી તારમાં સૂર નહીં તૂટ્યા,
ભક્તિની ભૈરવીના સૂર નહીં ખૂટ્યા. ૩

## (૬) અક્ષતપૂજા

### (કેસરીયો રંગ...)

તીર્થંકર નામકર્મ બાંધે રાવણજી,
તીર્થંકર નામકર્મ બાંધે રે લોલ. ૧

રામ નહીં પામ્યા લક્ષ્મણ નહીં પામ્યા,
એ પદ રાવણજી પામે રે લોલ. ૨

ધરણીંદે આવીને વિદ્યા આપી,
રાવણે કાંઈ નહીં માંગ્યું રે લોલ. ૩

અષ્ટાપદ આપે છે આનંદ આતમનો,
આનંદ એ તમે લૂંટજો રે લોલ. ૪

## (૭) નૈવેદ્યપૂજા

(તમે આવજો રે...)

આવ્યા આવ્યા રે ગુરુ ગૌતમ સ્વામી આવ્યા,
પ્રભુવીરના પટધર આવ્યા શ્રી અષ્ટાપદે,
લાવ્યા લાવ્યા રે એ લબ્ધિ અનંતી લાવ્યા,
તપસાધના ઝળહળ લાવ્યા શ્રી અષ્ટાપદે. ૧
વીર કહે નિજવિદ્યાથી જે અષ્ટાપદ પર જાય
એ સાધકની એ જ જનમમાં નિયમા મુક્તિ થાય
એવું સાંભળી રે, ગણધર એ તીરથ પધાર્યા
પ્રભુ વચન હૃદય અવધાર્યા શ્રી અષ્ટાપદે. ૨
સૂરજનાં કિરણોને પકડી શિખરે પહોંચી જાય,
પંદરસો તાપસનાં મનમાં અચરજ અનહદ થાય
ગૌતમ સ્વામીજી રે ચોવીસ તીર્થંકર વંદે
રાય ભરતને મન અભિનંદે શ્રી અષ્ટાપદે. ૩
યાત્રા કરી નીચે ઉતરતા તપસી જન પ્રતિબોધે
પંદરસોને દીક્ષા દીધી પાત્ર એક ગુરુ શોધે
એક અંગૂઠડે રે પંદરસોને ખીર આપી
જાણે મોક્ષની દૃષ્ટિ થાપી શ્રી અષ્ટાપદે. ૪

## (૮) ફળપૂજા

(કોણ કરે...)

યક્ષ મળે યક્ષ મળે યક્ષ મળે રે,
વીર સૂરિજીને એક યક્ષ મળે રે,
યાત્રા કરાવે એનાં ભાગ્ય ફળે રે,
વીર સૂરિજીને એક યક્ષ મળે રે.
ઊંચા છે આરાધક મંત્રના છે સાધક, પ્રતિબોધ્યો યક્ષને જે હતો બહુ બાધક,
વિરૂપાક્ષ યક્ષ ધર્મ માર્ગ વળે રે, વીર. ૧
શ્રાવકના દેહમાં પ્રવેશ કરીને, યક્ષ એહ નાચે છે વ્યાખ્યાન સુણીને,
સૂરિજી નિવારે એને ભાવબળે રે, વીર. ૨

યક્ષ કહે સૂરિજીને : કામ તો બતાવો, સેવા કરવાનો મારો સ્વીકારો દાવો,
કાર્યસેવા કરું તો સંતોષ મળે રે, વીર. ૩
સૂરિજી કહે મારે અષ્ટાપદ જાવું, તીરથ દર્શનથી મારે પાવન થાવું,
યાત્રા તું કરાવે તો શાતા વળે રે, વીર. ૪
યક્ષ બળદ રૂપે યાત્રા કરાવે, એક પહોરમાં જ પાછા લઈ આવે,
મંદિરેથી ચોખાનો એક દાણો મળે રે, વીર. ૫
બાર આંગળ લાંબો એક આંગળ જાડો, અષ્ટાપદ મંદિરના ચોખાનો દાણો,
પાટણ અપાસરે લોક ટોળે વળે રે, વીર. ૬

## ૪. આબુ તીર્થ વંદના

(આબુ ગિરિરાજની ભાવયાત્રા સ્વરૂપ આ વંદના, આબુ ગિરિરાજની રચના કે આબુ ગિરિરાજના પટ સમક્ષ ગાઈ શકાય છે. આ વંદનાના દરેક ગીતને અંતે અષ્ટપ્રકારી પૂજાનો આ મંત્ર બોલીને પૂજાવિધિ કરી શકાય છે.)

(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीअर्बुदगिरितीर्थसंस्थिताय श्रीमते जिनबिंबसमूहाय चरणपादुकासमूहाय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं यजामहे स्वाहा)

### (૧) જલપૂજા

**(સૌ ચાલો સિદ્ધગિરિ...)**

જય જય આબુ ગિરિરાયા, મંગલમય મહિમા ગાયા,
રાજસ્થાની કાશ્મીર એ કહેવાય છે, જય. ૧
એનાં શિખરો છે ઊંચા, કરે દેવો એની પૂજા,
પથ્થરશિલા ઉત્તુંગ ઘણી દેખાય છે, જય. ૨
ખજૂરી-વડ-વાંસ-પીપળો, આમ-પલાશ-અંજીર-લીમડો,
નીલગિરિ સમ, હરિયાળી બહુ લહેરાય છે, જય. ૩
નખીતળાવ સંતસરોવર, ઝરણાઓ દીસે સુંદર,
વાદળવીજળીના ખેલ ત્યાં ખેલાય છે, જય. ૪
હવા રુમઝુમ વહેતી આવે, મદમસ્ત તાજગી લાવે,
શીતલતાનો મનભાવન અનુભવ થાય છે, જય. ૫

અહીં રીંછ-દીપડા-વાઘ, ફરે અજગર-સાપ ને નાગ,
સૂરજ ડૂબતા વનચરસૃષ્ટિ દેખાય છે, જય. ૬
આબુતીરથ છે મહાન્, એના સૌ ગાઓ ગુણગાન,
અર્બુદાચલ એ નામે પાતિક જાય છે, જય. ૬

## (૨) ચંદનપૂજા

**(એક વણઝારી...)**

ગિરિ આબુ તળેટીમાં મોટી નગરી,
પદ્માવતી નામની મોટી નગરી,
પદ્મસેન રાય પદ્મશ્રી રાણી હો, આબુ. ૧
રાજા ઘોર હિંસક યજ્ઞ મંડાવે,
અજ્ઞાન મિથ્યાત્વની એ વાણી હો, આબુ. ૨
ભિન્નમાલનયરથી સ્વયંપ્રભસૂરિ,
કરી ઉગ્ર વિહાર અહીં આવે હો, આબુ. ૩
ગુરુ આપે પ્રતિબોધ રાજાને,
હિંસાનું પાતક સમજાવે હો, આબુ. ૪
પિસ્તાલીસ સહસ જન ધર્મ પામે,
પ્રાગ્વાટ જ્ઞાતિ થાય સ્થાપના હો, આબુ. ૫
શ્રી રત્નપ્રભસૂરિજી ચોમાસું રહ્યા,
જૈન ધર્મ પામ્યા લોકો ઘણા હો, આબુ. ૬
ચંદ્રાવતી પદ્માવતી બેય નગરી,
સોહે સ્વર્ગતણો અવતાર હો, આબુ. ૭
પદ્માવતી નગરી તળેટી હતી,
આજ તે જ માનપુર વિચાર હો, આબુ. ૮

## (૩) પુષ્પપૂજા

**(એક વાર આવો...)**

ચલો રે સખી ડુંગર ઊંચો આબુજી, ખીણ વાટે મારગડો જાય, ડુંગર. ૧
રસિયો બાલમ બાર ગામ વસાવે, કુંઅરદેવી ન આવે હાથ, ડુંગર. ૨

પહેલો વિસામો આવે છીપાબેરીએ, આગળ સતઘુમ વિશાલ, ડુંગર. ૩
બીજો વિસામો આવે આરણાચોકીએ, અહીં ખજૂરી ઝૂલે વિસ્તાર, ડુંગર. ૪
ત્રીજો વિસામો આબુ ગામ આવે, દેશવિદેશના પ્રવાસી અપાર, ડુંગર. ૫
ચોથો વિસામો દેલવાડામાં કરીએ, મૂલ તીરથ એક ઉદાર, ડુંગર. ૬
પાંચમો વિસામો થાય અચલગઢ, તીરથપદ જયજયકાર, ડુંગર. ૭

## (૪) ધૂપપૂજા

**(ચાંદી જૈસા રંગ...)**

આરસના પથ્થરમાં ખીલ્યો શિલ્પકલાનો બાગ,
વિમલવસહીમાં મંત્રી વિમલનો દીપે છે પ્રભુરાગ...
વિમલમંત્રી પાટણ છોડીને ચંદ્રાવતીમાં આવે,
દંડનાયક પદવી પામીને જયજયકાર ગજાવે,
વિજયવંત નરવીર યુદ્ધમાં હાહાકાર મચાવે,
કમ્મેશૂરા ધમ્મેશૂરા – એવો બન્યો છે લાગ, વિમલ. ૧
યુદ્ધતણા સંહાર સાંભરી પસ્તાવો જાગે છે,
ધર્મઘોષ સૂરીશ્વર પાસે આલોયણ માંગે છે,
ગુરુ કહે : તીરથ ઉદ્ધરતાં પાપ બધા ભાંગે છે,
અર્બુદગિરિ પર મંદિર બાંધો સાધકનું સોહાગ, વિમલ. ૨
અંબિકાની કરી સાધના દેવી થયા પ્રત્યક્ષ,
માંગે છે સંતાન અને ભગવાન એ દેવી સમક્ષ,
દેવી કહે છે : એક જ મળશે માંગો થઈને દક્ષ,
ધર્મભાવ મનમાં ધારીને કરી પ્રભુની માંગ, વિમલ. ૩
મંદિર કાજે જમીન લેવા પાથરી સોનામહોર,
જિનમંદિર રચવામાં ખર્ચી મહોર અઢાર કરોડ,
કોતરણી એવી કે જાણે આંબે આવ્યો મોર,
કલાદેવતા રંગે આવી જાણે ખેલે ફાગ, વિમલ. ૪
દુગ્ધધવલ મંદિરમાં ઉતર્યું જાણે સ્વર્ગવિમાન,
તોરણ–છત–ઝુમ્મર–ભીંતોમાં સુંદરતાનું ગાન,
આંખોને છે અણથક ઉત્સવ, ચિત્ત ભૂલે છે ભાન,
આદીશ્વરદાદાનાં દર્શન ટાળે ભવની આગ, વિમલ. ૫

## (૫) દીપપૂજા

**(હેલે ચડ્યા રે...)**

સુંદર સોહે રે સખી, સુંદર સોહે રે સખી, સુંદર સોહે,
સખી સુંદર સોહે, સખી સુંદર સોહે.
તીર્થરાજ આબુની ગોદમાં છે પાવન, ઉજ્જયંત અવતાર સોહે સહસાવન,
લુણિગવસહી જિનાલય સોહે, સુંદર. ૧
મંત્રીવર તેજપાલ અનુપમાદેવી, ભક્તિની કેડી કંડારે કેવી ?
વસ્તુપાલ મંત્રીનો નિશ્ચય સોહે. સુંદર. ૨
ચૌદ કોટિ સોનામહોર વાપરી, પથ્થરમાં પ્રભુની પ્રીતડી પાંગરી,
આનંદ અનાહત અક્ષય સોહે, સુંદર. ૩
દેરાણી જેઠાણી ગોખલા મનોહર, રંગમંડપમાં અદ્‌ભુત ઝુમ્મર,
ઇન્દ્રસભાનો અભિનય સોહે, સુંદર. ૪
ખાડો ખોદ્યો ત્યાં નીકળ્યા નિધાન, એ અનુભવથી સાંભર્યા ભગવાન,
કેવી ભક્તિ ને કેવું અર્પણ સોહે, સુંદર. ૫
નેમનાથ દાદાની મૂર્તિ છે સુંદર, શાંતિના રસનો છલકે સમુંદર,
આતમભાવનો આશય સોહે, સુંદર. ૬

## (૬) અક્ષતપૂજા

**(શ્રી રામચંદ્ર કૃપાલુ...)**

શ્રી અર્બુદાચલગિરિવરં મહિમામયં ભાવે ભજો. ૧
શ્રી દેવકુલપાટક મનોહર નામ દેલવાડા સજો. ૨
મહાવીરમંદિર, ચિત્રઅંકિત દર્શને સુખ સંપજો. ૩
શ્રીપિત્તહલમંદિર પ્રભાવી મૂરતિ દુઃખ કાપજો. ૪
ચઉમુખજી તીનમાલ સોહત નિરખતા પાતક તજો. ૫

## (૭) નૈવેદ્યપૂજા

**(ચપટી ભરી ચોખા...)**

સોનેરી મૂરતિ ને ચાંદીનો દીવો, ઊંચા ઊંચા શિખરે બિરાજે રે
રાજે રાજે અચલગઢ રાજે રે, રાજે. ૧

છન્નુમણ સોનું ચોવીશમણ પિત્તલ, મૂલનાયક પ્રભુ ગાજે રે. રાજે. ૨
ચોદસૌ ચુમ્માલીસ મણ પંચધાતુ, ચૌદ પ્રતિમા છાજે રે. રાજે. ૩
આભને અડકે બાદલને ભેટે, ઉન્નત ગિરિવર આજે રે. રાજે. ૪
સહસા શેઠે મોટું મંદિર બંધાવ્યું, નાથની બધાઈ બાજે રે, રાજે. ૫

### (૮) ફલપૂજા

**(તીરથપદ ધ્યાવો...)**

આબુ અચલગઢ તીરથ મોટા પાવન એ ગિરિરાયા રે,
વાતાવરણ વિશુદ્ધ વિલક્ષણ અનહદ તાન બજાયા રે. ૧
પગલે પગલે પુણ્ય ઉપાર્જી પાપના બંધ મીટાયા રે,
મંદિર નયરી નજરે નિરખી હરખ અગોચર પાયા રે. ૨
જોગંદરના જોગ સીઝે છે તપસી તપમાં ઠાયા રે,
જ્ઞાની વિલસે જ્ઞાનલગનમાં સહજ મીટાવે માયા રે. ૩
દૂર દૂરથી દીસે ગિરિવર ગુણીજન ગૌરવ ગાયા રે,
મોહરાયનો થાય પરાજય સાધ્યા લાભ સવાયા રે. ૪
સોના-રૂપા ફૂલ લઈને અક્ષત ધારે વધાયા રે,
આબુગિરિની ભાવયાત્રાએ આનંદ ઉત્તમ પાયા રે. ૫

## ૫. જીરાવલા પાર્શ્વનાથ વંદના

(ઉપાશ્રયનું મંગલ ઉદ્‌ઘાટન જેવા પ્રસંગોમાં કે પાર્શ્વપ્રભુની આરાધના નિમિત્તે આપણા જીરાવલા દાદાની કથા અને ભક્તિ આ વંદના દ્વારા માણી શકાશે. આ વંદનાના દરેક ગીતને અંત અષ્ટપ્રકારી પૂજાનો આ મંત્ર બોલીને પૂજાવિધિ કરી શકાય છે.
(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीजिरावलापार्श्वनाथाय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं यजामहे स्वाहा)

### (૧)

**(સાચું તારું નામ...)**

દેવોની દુનિયામાં એનું બહુ મોટું છે નામ,
જીરાવલા શ્રી પાર્શ્વનાથને ભાવે કરું પ્રણામ,
નામ પ્રભુનું લેશો તો પણ દુઃખ દૂર ભાગી જશે,

યાદ પ્રભુને કરજો કાયમ ભાગ્યદેવી જાગી જશે,
તીરથનું તીરથ છે એ તો મંગલ મહિમાધામ, જીરાવલા. ૧
જીરાવલાનાં મંત્ર વિના તો કોઈ પ્રતિષ્ઠા થતી નથી,
જય જયકાર પ્રભુ પારસનો પ્રભુ વિના સદ્ગતિ નથી,
પ્રભુનામથી ધૂન મચાવો ભૂલી કામ તમામ, જીરાવલા. ૨
પ્રભુની મૂર્તિ નાની છે પણ ચમત્કાર તો ખૂબ મહાન,
પ્રભુનાં પગલે જંગલમાં પણ પ્રગટી આવે નવે નિધાન,
પરમગતિના મંગલપંથે હૈયે પૂરે હામ, જીરાવલા. ૩

## (૨)

### (સંસાર હૈ ઈક...)

એક નદી વહી રહી છે એના કાંઠે એક પહાડ,
રોજ ગાય ચારવાને આવે ભોળો ભરવાડ,
એક ગાય ગુફામાં જાય એનાં દૂધ ત્યાં ઝરી જાય,
દોહીએ તો દૂધ ન દે ભરવાડ ઘણો ગભરાય,
કહે ધાંધલ શેઠને તેહ બાંધીને વિનયની વાડ, એક નદી. ૧
ખુદ શેઠજી જોવા જાય એને વાત ન કંઈ સમજાય,
એમનેમ ઝરે છે દૂધ આ તો ચમત્કાર કહેવાય,
રાતે સપનું આવે છે જાણે ભાગ્ય કરે છે લાડ, એક નદી. ૨
લીલા ઘોડે બેસી, સપનામાં આવ્યો દેવ,
કહે : ગહન ગુફામાં છે, પ્રભુ પાસ દેવાધિદેવ
ભીતરમાં છે ભગવાન, તારાં ઉઘડ્યાં પુણ્ય કમાડ, એક દીન. ૩
પ્રતિમાને ગુફામાંથી આણે છે શેઠ બહાર,
જીરાવલા અને વરમાણ બે ગામમાં થઈ તકરાર,
બે ગામના બળદ એકેક ગાડે જોડાયા માંડ, એક નદી. ૪
જે માર્ગ બળદ જાશે તે ગામના છે ભગવાન,
નિર્ધારે બંને સંઘ રથ જાય જીરાવલા સ્થાન,
વીરમંદિર પ્રભુ બેઠા, જેમ આભે મેઘ આષાઢ, એક નદી. ૫

(૩)

(મૈત્રીભાવનું...)

જીરાવલાના સંઘે બાંધ્યું નવું પ્રભુનું દેરાસર,
સંઘતણાં આંગણિયે આવ્યો પ્રભુ પ્રતિષ્ઠાનો અવસર. ૧
સંવત અગિયારસો એકાણું અજિતદેવસૂરિના હાથે,
પ્રભુ પ્રતિષ્ઠા પામ્યા પાવન મહામહોત્સવ સંગાથે. ૨
તે દિનથી જીરાવલા તીરથ થયું વિશ્વમાંહી વિખ્યાત,
ભક્તોને શીતલતા આપે જાણે શરદપૂનમની રાત. ૩

(૪)

(સાત સાત...)

મહિમા જીરાવલા પાર્શ્વનો, કેમ ગવાય અદ્‌ભુત ઉદાર રે,
વંદો રે વંદો જીરાવલા પાર્શ્વનાં ચરણમાં...
એકવાર જાલોર રાય પાઠવે, સૈનિકો મંદિરનાશ કાજે રે, વંદો. ૧
ફાવ્યા નહીં તે પાછા ગયા, એવો મહિમા પ્રભુજીનો ગાજે રે, વંદો. ૨
ફરી સાત જણ જતિવેશ આવિયા, રક્ત છાંટે મંદિરમહીં રાતે રે, વંદો. ૩
મૂરત ભાંગી ટુકડા નવ કર્યા, બેહોશ ટળ્યા સહુ પાપના ઘાતે રે, વંદો. ૪
સંઘે સવારે પકડ્યા સહુ, સજા કીધી અતિશય આવેશ રે, વંદો. ૫
શેઠ ધાંધલે ઉપવાસથી, મેળવ્યા નવા દેવતાના આદેશ રે, વંદો. ૬
નવસેર લાપસી રાંધજો, મૂરત મૂકો એમાં દિવસ સાત રે, વંદો. ૭
દરવાજા બંધ તમે રાખજો, આઠમે દિને પામશો સુખ શાત રે, વંદો. ૮
સંઘ આદેશ પાલન કરે, દ્વાર રહ્યા બંધ છ દિન ઉચિત રે, વંદો. ૯
છરીપાલક સંઘ સાતમે દિને, આવ્યો પ્રભુ દરિશનની પ્રીત રે, વંદો. ૧૦
સાતમા દિને કમાડ ઉઘડ્યા, પ્રભુ પ્રતિમા અખંડ દેખાય રે, વંદો. ૧૧
કેવળ સાંધણ ભૂંસાય ના, મૂરત દેહે ખાડા રહી જાય રે, વંદો. ૧૨
જાલોરી સૂબાને ઉપદ્રવ થયા, શિર મુંડાવી માફી માંગી રે, વંદો. ૧૩
જીરાવલાનાં ચરણે પડ્યો, પછી જ પામ્યો સુખશાતની હાશ રે, વંદો. ૧૪

(૫)

(હે ત્રિશલાના...)

જીરાવલાના દાદા પાર્શ્વપ્રભુ છે દાતા,
જનમજનમનો થાક હરીને આતમને દે શાતા,...
સંરક્ષણના ભાવ ધરીને પ્રભુની મૂરત સુંદર,
સંઘ ઉથાપી એક ગોખલે બેસાડે દે મનહર,
આપદ કાળે આરસપથ્થર આડે પ્રભુ છૂપાતા, જીરાવલા. ૧
મૂળનાયક શ્રીનેમનાથજી ભવિજનનાં મન મોહે,
જીરાવલાજી ને દાદાજી પારસ બંને સોહે,
જીરાવલા તીરથનાં ગીતો જનજન કંઠ ગવાતા, જીરાવલા. ૨
પરમમાતમ પદ નિકટ બનાવે પાર્શ્વપ્રભુનું પૂજન,
પ્રશમનું અમૃત આંખે આંજે પાર્શ્વપ્રભુનાં દર્શન,
જીરાવલાના પાર્શ્વપ્રભુ છે સદા સમાધિદાતા, જીરાવલા. ૩

(૬)

(હોવે હોવે...)

જય જયકાર આજે જયજયકાર ગાજે, જીરાવલા પારસનાથ,
વહાલા મારા તીન ભુવનના નાથ. ૧
નાચો રે નાચો નાચો પ્રભુદરબારે નાચો, ભૂલી સૂધ બૂધ ભાન,
ખેલો ખેલો હાથ બજાવો તાળ. ૨
મૂરત મોહનગારી મુદ્રા કામણકારી, પંચમપદ પ્રભુ ! આપ,
દાદા ! મારા, દરિયો દેવ દયાળ. ૩
મોતીના થાળ ભરો સોનાનાં ફૂલ ધરો, ભાવે વધાવો પારસનાથ,
વાહ રે વાહ ! અલબેલો જીરાઉલા પાસ. ૪
મોટો જંગ જીત્યા, પ્રભુને સંગ જીત્યા, ભાંગી કરમ જંજાળ,
વીતરાગ પ્રભુ, દેજો જગત વિશાળ. ૫
સપનાની પાંખે હસે, દિલડામાં દાદા વસે, વિલસે મંગળમાળ,
સૌ ગાય ભાવે, જીરાવલા દાદાતણું નામ. ૬

## ૬. ૧૦૮ પાર્શ્વનાથ વંદના

અઠ્ઠમ કે ત્રણ એકાસણાં દરમ્યાન આ ૧૦૮ દુહાઓ દ્વારા પ્રભુભક્તિ થઈ શકે છે. પાર્શ્વનાથની ભક્તિના દિવસોમાં ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુની ભાવયાત્રા માટે આ દુહા ઉપયોગી બનશે. આ દુહાઓના આઠ વિભાગ છે. દરેક વિભાગને અંતે અષ્ટપ્રકારી પૂજાનો મંત્ર બોલીને પૂજાવિધિ કરી શકાય છે.
(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीमते १०८ पार्श्वनाथ जिनेन्द्राय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं यजामहे स्वाहा))

(૧)

(દુહા)

પાસ જીનેસર પૂજીયે પાસ પ્રભુ સુખકાર,
પાસ પ્રભુનાં નામથી થઈએ ભવજલ પાર. ૧
મહિમા મોટો પાસનો ઉપકારો અગણિત,
નામ એકસો આઠ છે સારે આતમહિત. ૨

❋ ❋ ❋

સકલસિદ્ધિને આપતા શ્રીનવસારીપાસ,
નવસારી નગરે વસે, પૂરજો મારી આસ. ૧
ઉમરવાડી પાર્શ્વનાથ સોહે સુરત ગામ,
પાર્શ્વપ્રભુનાં ધ્યાનથી સીઝે સઘળાં કામ. ૨
સહસફણા પારસપ્રભુ સુરતનગર મોઝાર,
જાજરમાન ફણા ધરે પારસનાથ ઉદાર. ૩
દુઃખભંજન છે સુરતમાં ભાંજે દુઃખ તમામ,
આશા અધૂરી ના રહે જપતાં પ્રભુનું નામ. ૪
સૂરજમંડણ સુરતમાં કરતા ભવિક ઉદ્ધાર,
દીપે સૂરજતેજથી કરુણામય કિરતાર. ૫
વિઘ્નહરા પારસપ્રભુ રાંદેરનગર નિવાસ,
અંધારા ટાળે વિભુ આપે અજબ ઉજાસ. ૬
શ્રી કલ્હારા પાર્શ્વનાથ ભરૂચ તીર્થના નાથ,
પાર કરે છે ભવિકને પ્રેમે પકડી હાથ. ૭
અમીઝરા ગંધારમાં અમૃત જેવું રૂપ,
આનંદિત આતમ બને જોતાં રૂપ અનૂપ. ૮

પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ બેઠા ડભોઈ ગામ,
રાગરોષ દુઃખદોષના બંધન કાપે તમામ. ૯
લોઢણ દાદા ડભોઈમાં વંદુ બે કર જોડ,
આશિષ જો પ્રભુના મળે સંપજે સુખ કરોડ. ૧૦
વિમલ પાર્શ્વ છે છાણીમાં અનહદ સુખ દાતાર,
વિમલ કરે છે જીવને જિનજી જગદાધાર. ૧૧
સ્થંભન પાસ ખંભાતમાં દરિયો થંભાવે,
ભવભયહર પણ નામ છે પ્રભુ રોગ મીટાવે. ૧૨

(૨)

કંસારી પારસ પ્રભુ ખંભાતે બેઠા,
પ્રભુ સામે વિપદા તણા હાથ પડે હેઠા. ૧૩
રત્નચિંતામણિ પાસજી ખંભાતમાં સોહે,
વીતરાગ અરિહંતજી મનડાને મોહે. ૧૪
સોમ ચિંતામણિ પાર્શ્વનાથ રાજે શહેર ખંભાત,
ભાવ ધરીને સમરીએ પાસ પ્રભુ દિનરાત. ૧૫
ભુવન પાર્શ્વ ખંભાતમાં ત્રિભુવન જયકારી,
શાંત પ્રશાંત પ્રસન્ન છે મુદ્રા અવિકારી. ૧૬
ભીડભંજન પારસપ્રભુ સોહે ખેડા ગામ,
પાસ પ્રભુનાં દર્શને હરખે આતમરામ. ૧૭
શામળા પારસનાથજી રાજનગર વિખ્યાત,
ભાવ ધરીને વાંદતા આપે છે સુખશાત. ૧૮
મૂળેવા પ્રભુ પાસજી રાજનગરની શાન,
ઘંટારવમાં ગુંજતા દાદાનાં ગુણગાન. ૧૯
શ્રી હ્રીંકાર પારસપ્રભુ કર્ણાવતીનયરે,
ભાવ ધરીને વંદતા પાપો સકલ ખરે. ૨૦
શ્રી સુખસાગર પાર્શ્વનાથ સમતાસુખસાગર,
રાજે રાજનગરમહીં પ્રભુજી કરુણાકર. ૨૧
શ્રીપદ્માવતી પાર્શ્વનાથ રાજે નરોડાગામ,
ગાજે એનો જગતમાં ચમત્કાર અભિરામ. ૨૨

મુહરી પાસ ટીંટોઈમાં દુઃખદુરિત હરનાર,
જગચિંતામણી સૂત્રમાં મહિમા ગાયો ઉદાર. ૨૩
શ્રી પોશીના પાર્શ્વનાથ નાના પોશીના ગામ,
નીકળ્યા ખેતર ખેડતા પ્રતિમાજી અભિરામ. ૨૪
વિઘ્નાપહારી પાસજી મોટા પોશીના ધામ,
આગ બૂઝવી મંદિરે પ્રભુજીએ શુભકામ. ૨૫
સ્ફુલિંગ પાર્શ્વપ્રભુ નમો વીજાપુર ગુણવંત,
ઉવસગ્ગહરં સ્તોત્રના અધિનાયક ભગવંત. ૨૬

(૩)

નાગફણા વિહારમાં પાર્શ્વનાથ ભગવાન,
સમતાદાયક પાર્શ્વનું ભાવે ધરીએ ધ્યાન. ૨૭
કલ્યાણ પાસજી વંદીએ વીસનગર શહેરે,
દાદાના સેવક રહે સદા હસત ચહેરે. ૨૮
મનરંજન પારસ વસે મહેસાણા મુકામ,
રાજાની ઇચ્છા પૂરી મન આપ્યો વિસરામ. ૨૯
સુલતાન છે સિદ્ધપુરે મહેકે ફૂલની જેમ,
દીપક રાગે દીવા થયા મૂરત રહી હેમખેમ. ૩૦
ડોસલા દાદા ગાજતા શ્રી સકલાણા ગામ,
ઉજળા આ ભગવાનને સેવે સર્પો શ્યામ. ૩૧
પલ્લવિયા પાલનપુરે સાધકને દે સહાય,
તન મન જીવન પાર્શ્વનાં નામે પલ્લવિત થાય. ૩૨
ભીલડિયા પારસપ્રભુ તીર્થ ભીલડિયા ખાસ,
પાર્શ્વપ્રભુની ભક્તિથી લહિયે લીલ વિલાસ. ૩૩
શ્રી આનંદા ઊંબરીમાં જગદાનંદ સુજાણ,
પાર્શ્વનાથની અર્ચના સકલ સુખોની ખાણ. ૩૪
ચારૂપપાસ ચારૂપમાં આતમ અજવાળે,
ચારરૂપમાં સમવસરણે ચઉગતિને ટાળે. ૩૫
પંચાસરા પાટણપુરે મહિમાવંત જિણંદ,
પંચમ ગતિમાં પહોંચવા દે આલંબ ભદંત. ૩૬

કોકા પાસજી પાટણે કામનાઓ પૂરનાર,
અંતરાયને ટાળતા ચિંતાઓ ચૂરનાર. ૩૭
કંકણ પાસ પાટણમહીં ક્ષણ ક્ષણ સમરું દેવ,
કણકણ દેહે પ્રભુ વસ્યા ટાળો સુખની ટેવ. ૩૮
મહાદેવ પાસ પાટણ વસ્યા તારક દેવાધિદેવ,
દેવ દાનવો માનવો સારે પ્રભુની સેવ. ૩૯
કંબોઈયા પ્રભુ પાટણે જયજયકાર ગવાય,
જિનવરની સેવા થકી શીઘ્ર પરમપદ થાય. ૫૦

(૪)

ધિંગડમલ્લ છે પાટણે મોહને જીતવા મલ્લ,
માહરાં કર્મો પ્રભુ હરો તો હું થાઉં પ્રફુલ્લ. ૫૧
વાડી પાસ પાટણપુરે વાળે મન વૈરાગ,
પ્રશમભાવને સિંચતા જિનવર બૂઝવે આગ. ૫૨
નારંગા પાટણપુરે થુણીએ નવનવ રંગ,
લગની લાગી નાથની પ્રીત મ પડજો ભંગ. ૫૩
ટાંકલા પાટણ સોહતા મોહતા ભવિજનમન,
પાણીના ટાંકાથકી પ્રકટ્યા એ ભગવંત. ૫૪
ચંપા પાસ છે પાટણે સુરભિ સકલ વેરાય,
કરૂણારસ વરસે પ્રભુ જેમ અષાઢ ઘેરાય. ૫૫
ગંભીરાજી ગાંભુમાં સાગરવરગંભીર,
ચંદાસૂરજતેજમય મેરૂમહાગિરિધીર. ૫૬
દેવ ભટેવા ગાઈએ શ્રી ચાણસ્મા પુર,
કથા પ્રભુની સાંભળું પામું સુખ ભરપૂર. ૫૭
મનમોહન કંબોઈમાં ત્રણ જગતના સ્વામ,
મન માર્યું ને મોહ જીત્યો તો પણ એવું નામ. ૫૮
જોટીંગડા છે મુંજપુર જગમાં ન જડે જોડ,
ભાવભક્તિથી અર્ચીએ પૂરે મનના કોડ. ૫૯
શંખલા પાસ શંખલપુરે અવિરત દે આહ્લાદ,
ફૂંક્યો જગમેદાનમાં સત્યશંખનો નાદ. ૫૦

શંખેશ્વરનો સાહિબો મહાપ્રભાવી નાથ,
ઝંખુ આ ભગવાનનો જનમજનમનો સાથ. ૫૧
ગાડલિયા છે માંડલે કૃપાભરી છે આંખ,
પૂરે છે ચળકાટથી પરમસુખતણી સાખ. ૫૨
શેરીસા પ્રભુ પાર્શ્વનાથ મૂરત મનહર રૂપ,
સ્તવના ભાવ ધરી કરું ધરું દીવો ને ધૂપ. ૫૩
કલિકુંડ પારસ પ્રભુ ગાજે ધોળકા ગામ,
કમળ મૂકી હાથી પૂજે દાદાનો એ દમામ. ૫૪

(૫)

નવખંડા ઘોઘાનગર પ્રતિમા સોહે શ્યામ,
ચમત્કારી ભગવાન છે સો સો કરું સલામ. ૫૫
અજાહરા ભગવંતનું તીર્થ અજાહરા ગામ,
અજયરાજાનો રોગ હર્યો, તેણે અજાહરા નામ. ૫૬
શ્રી દોકડિયા પાર્શ્વજી પ્રભાસપાટણપુર,
પાર્શ્વપ્રભુનાં તીર્થમાં દેવો હાજરાહજૂર. ૫૭
શ્રી ચોરવાડી પાસનું તીરથ છે ચોરવાડ,
ધર્મરત્ન મુજને મળ્યું એ પ્રભુજીનો પાડ. ૫૮
શ્રી નવપલ્લવ પાર્શ્વજી સોહે ગામ માંગરોળ,
મીઠી પ્રભુની દેશના જાણે શેરડીગોળ. ૫૯
બરેજા પ્રભુ રાજતા દહેજ બંદર સ્થાન,
સાગરમાંથી પ્રકટિયા ચમત્કારી ભગવાન. ૬૦
પાર્શ્વનાથ અમૃતઝરા, ગામ જામભાણવડ,
દેવ અનેરા ના ભજું, લાગી તાહરી રઢ. ૬૧
સપ્તફણા પારસપ્રભુ ગામ વસ્યા ભણસાલ,
ભક્તજનોને સાંપડે નિતનિત મંગલમાળ. ૬૨
ભાભા પાસજી વંદીએ ભાવનગર જિનરાજ,
વત્સલ ભાવે નીરખતા દાદા ગરીબનિવાજ. ૬૩
શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથ વસઈ કચ્છના રાજ,
ભવના આ સંગ્રામમાં રાખજો મારી લાજ. ૬૪

ઘૃતકલ્લોલ સુથરીપુરે વાંદું છું સસનેહ,
ઘી ખૂટ્યું નહીં કુંભમાં પરચો પ્રભુનો એહ. ૬૫
ભયભંજન ભીનમાલમાં ધાતુમય છે દેહ,
રાજા અનાર્ય હારિયો પરચો પ્રભુનો એહ. ૬૬
નાકોડા પારસપ્રભુ જનજનમાં પૂજાય,
એહ પ્રભુનાં ધ્યાનથી પાતિક ભુક્કા થાય. ૬૭
શ્રી લોદરવા પાસજી જેસલમેર સમીપ,
હૈયું મારું ગોખલો પ્રભુજી મંગલદીપ. ૬૮

(૬)

સંકટહરજી પાર્શ્વનાથ તીરથ જેસલમેર,
ભવમાં હું ભૂલો પડ્યો પ્રભુજી કરજો મહેર. ૬૯
કુંકુમરોલ જાલોરમાં સુવર્ણગિરિનું શૃંગ,
મહિમા પારસનાથનો ઉજ્જ્વળ ને ઉત્તુંગ. ૭૦
આશાપૂરણ નૂન ગામ સઘળા સમીહિત આપે,
કાપે પાપો આત્મના મોક્ષમહેલમાં થાપે. ૭૧
જીરાવલા જયવંત છે જગનાયક જિનરાજ,
સદા પ્રતિષ્ઠામંત્રમાં પાસ બને શિરતાજ. ૭૨
સિરોડીયા ભગવાન છે, ગામ સિરોડી પાસ,
શિવનગરીમાં પહોંચવા પ્રભુ પાસે વિશ્વાસ. ૭૩
હમીરપુરા પાર્શ્વ છે મીરપુર અવતાર,
પ્રભુસહાયે પામીએ સાત સમંદર પાર. ૭૪
પોસાલી પારસતણું પોસાલિયા સુગામ,
પુણ્યતણું પોષણ કરે પ્રભુજી કરુણાધામ. ૭૫
કચ્છુલિકા કાછોલીમાં કરે સદા કલ્યાણ,
કરમબંધનો તોડવા શિર વહીએ પ્રભુ આણ. ૭૬
દાદા પારસનાથજી રાજે બેડા ગામ,
રાજસ્થાનનો રાજીયો પાસને કરું પ્રણામ. ૭૭
સેસલી પાર્શ્વજી પૂજીએ સેસલીગામે જિન,
કરો પૂજા ત્રિકાળ ને નામ જપો નિસદિન. ૭૮

રાણકપુરા પાર્શ્વનાથ અગણિત જન અરચે,
તીરથ રાણકપુરમાં શિલ્પીજનો વિરચે. ૭૯
શ્રી સોગઠિયા પાર્શ્વનાથ નાડલાઈના દેવ,
અરિહંતો ભગવાન છે અજોડ ને એકમેવ. ૮૦
વરકાણા પારસતણા ગુણગણ અપરંપાર,
ઉપકારો વરસાવતા પ્રભુજી તો શતધાર. ૮૧
નવલખા પારસનાથજી પાલીમાં ભગવંત,
નવ અંગે નવ યંત્ર છે, અંગ અંગ છે મંત્ર. ૮૨

(૭)

પાર્શ્વ સ્વયંભૂ રાજતા કાપરડાજી સ્થાન,
ફણા બેવડી પરિકરે જાણે દર્શન-જ્ઞાન. ૮૩
ફલવૃદ્ધિજી મેડતા ગામે છે સુખદાય,
ફૂલમાંથી પ્રકટ્યા પ્રભુ, ચોખા સોનેરી થાય. ૮૪
વિજય ચિંતામણિ પાર્શ્વને વંદું ધરી બહુમાન,
મેડતામંડન પાસજી આપો નિરમલજ્ઞાન. ૮૫
મંડોવરા મુંડાવામાં પરચાપૂરણ ગણાય,
સ્વપ્ન દઈ પ્રગટ્યા પ્રભુ, જવનું સોનું થાય. ૮૬
કરહેડા પારસ વસે ભોપાલસાગર સ્થાન,
જનમદિને પ્રભુમસ્તકે તેજતિલક કરે ભાણ. ૮૭
વહી પાર્શ્વ વહીતીર્થમાં દહી રહ્યા ભવરોગ,
કહી રહ્યા સન્માર્ગને વહી રહ્યા શિવયોગ. ૮૮
સમીના પાર્શ્વને હું નમું સમીનાખેડા ગામ,
ભાવપૂજાથી હું લહું ભવભ્રમણે વિશ્રામ. ૮૯
ચંદા પાસ ઉદયપુરે પ્રભુનો ઉજળો વાન,
ચંદ્રતણાં કિરણો થકી જાણે ઘડ્યા ભગવાન. ૯૦
નાગેશ્વર નમીએ સદા મુદ્રા છે કાઉસગ્ગ,
પાર્શ્વપ્રભુના ભક્તને નડે ન કોઈ ઉવસગ્ગ. ૯૧
રાવણ પાસ અલવર નમું ભક્તતણા ભગવાન,
મંદોદરી હાથે ઘડી મૂરત એ ગુણખાણ. ૯૨

કલ્પદ્રુમ મથુરા વસે ભવ્ય પ્રભુ પ્રસાદ,
કુબેરસેના ગણિકાથકી ઘડિયો એમ પ્રવાદ. ૯૩
કૂકડેશ્વરમાં પાર્શ્વનાથ કૂકડેશ્વર મહારાય,
કૂકડાના ઉદ્ધારની કથા અહીં સંભળાય. ૯૪
કામિતપૂરણ પાસજી જય પામે ઉન્હેલ,
પ્રભુજી જાણે મેઘ છે, કૃપાની રેલંછેલ. ૯૫
પાર્શ્વ અવંતી પૂજીયે નગર વસે ઉજ્જૈન,
પુત્ર અવંતિસુકુમાલનો મંદિર વિરચે જૈન. ૯૬

(૮)

અલૌકિક હાસામપુરે લોકોત્તર ગુણગાન,
શ્વાસ સુગંધી રક્ત ધવલ અદીઠ આહારપાન. ૯૭
મક્ષી મક્ષીજી વસ્યા, બક્ષી બહુ સુખશાતા,
લક્ષી મુજ સદ્ભાવના, રક્ષી લો મમ દાદા. ૯૮
ઉવસગ્ગહરં પાસજી નગપુરાના રાય,
મહાચમત્કારી પ્રભુ સુરવર પૂજે પાય. ૯૯
વારાણસી પારસપ્રભુ ભેલુપુર છે સ્થાન,
ધન ધન પ્રભુ જનમભૂમિ, તીરથ પ્રભુનું મહાન્. ૧૦૦
સમેતશિખર પારસપ્રભુ શિખરજીનાં શૃંગે,
મોક્ષકલ્યાણક ગાઈએ અંતરના ઉછરંગે. ૧૦૧
અંતરિક્ષ પારસપ્રભુ બિરાજ્યા શિરપુર,
ભોંયરામાં છે મૂરતિ પણ ભૂમિથી દૂર. ૧૦૨
કેસરીયા શ્રી પાર્શ્વનાથ ભદ્રાવતીના નાથ,
સ્વપ્નદેવ પણ નામ છે અગમ પ્રભુની વાત. ૧૦૩
જગવલ્લભ કુંભોજગિરિ હૃદયાહ્લાદક રૂપ,
પ્રસન્નતા ઉપદેશતા પ્રભુજી રહીને ચૂપ. ૧૦૪
ગિરૂઆ પારસનાથજી સોહત અમલનેર,
પ્રભુનો સાથ જો ના મળે તો થાશે અંધેર. ૧૦૫
મનોવંછિત પારસપ્રભુ ગામ બિરાજે નેર,
પ્રભુના અમૃતસ્પર્શથી ઉતરે ભવનું ઝેર. ૧૦૬

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ નાસિકનગરના ઈશ,
સ્તોત્ર પ્રભુનાં ગાઈએ રહે ના કોઈ રીસ. ૧૦૭
શ્રી ગોડીજી પાર્શ્વનાથ વાવનગરમાં ગવાય,
એ પ્રભુના ગુણ ગાવતા ખુદ ગુણવંત થવાય. ૧૦૮

❋ ❋ ❋

નામ એમનો નાશ છે તે તો આપણી વાત
જુગજુગ જગમાં જીવશે નામ થકી જગનાથ...
સંપત્તિ બહુ સાંપડે વીખરે સઘળા દુઃખ
નામ એકસો આઠ છે આપે શાશ્વત સુખ...
રામચંદ્ર સૂરિરાયના શિષ્ય સુગુણ અવદાત
પ્રશમરતિવિજયે કહ્યા દુહા એક સો આઠ...

❋ ❋ ❋

## ૭. મહાવીર વંદના

(દિવાળીના દિવસે પ્રભુનું નિર્વાણ થયું. તેનો વિલાપ કેવળ શ્રી ગૌતમ સ્વામીજી મહારાજાએ જ કર્યો હશે ? ના. જેમને જેમને પ્રભુ માટે લાગણી હતી તે સૌ રડ્યા હશે. આ વંદનામાં એકથી વધુ પ્રભુભક્તોના વિલાપ છે. આ વંદના દિવાળીના દિવસે પ્રભુવીર સમક્ષ થઈ શકે. આ વંદનાના દરેક ગીતને અંતે અષ્ટપ્રકારી પૂજાનો આ મંત્ર બોલીને પૂજાવિધિ પણ કરી શકાય છે.

ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय देवाधिदेवाय पारंगताय श्रीमते महावीर–जिनेन्द्राय जलं (चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं) यजामहे स्वाहा)

### (૧) યશોદાવિલાપ : જળપૂજા

**(એક હતી...)**

જગના નાથ બન્યા તે પહેલા મારા સ્વામીનાથ થયા,
મુજને એકલવાયી છોડી તમે મોક્ષમાં કેમ ગયા ?
મારી મહેંદી મારું સિંદૂર નાથ ! તમારાં નામે છે,
મારું ઘર ને મારી દુનિયા એક જ તવ સરનામે છે,
દાસી હું છું જનમજનમની, જીવું તેય તમારી દયા, જગના. ૧

ગઈ કાલે રાતે જાણ્યું કે તમે પધાર્યા શિવનગરે,
શોકવિષાદની અગણિત ધારા રેલાઈ છે ઘરેઘરે,
મુજને સાથે ના લીધી તો એવા મુજ અપરાધ કયા ? જગના. ૨

હસ્તમેળાપ કરી જીવનભર સથવારાનું વચન દીધું,
દીક્ષા પણ એકલ લીધી ને કેવલ પણ એકલ લીધું,
મુક્તિપુરીનાં સિંહાસન પર એકલ કાંઈ ન સોહી રહ્યા, જગના. ૩

મંગળસૂત્ર તમે મુજ કંઠે બાંધ્યું છે નિજહાથ થકી,
નામ તમારું રહીશ જપતી હું તો અંતિમ શ્વાસ લગી,
સૂનાં સૂનાં જીવનમંદિર દ્વાર પરમના બંધ થયા, જગના. ૪

## (૨) પ્રિયદર્શના વિલાપ : ચંદનપૂજા

**(આજ સો સો...)**

મને એક સાદ પણ દેવ ! તમે ના દીધો,
સાવ ભૂલી મને ચાલી ગયા શિવપુર રે,
ભગવાન તમે દીકરીને સાથે કેમ ના લીધી, ભગવાન. ૧
મારાં સોણલાં સજાવ્યા પિતાજી તમે,
આજ સોણલામાં છાઈ ગયો સૂનકાર રે, ભગવાન. ૨
મને આંગળી ઝાલીને ચાલતાં શીખવ્યું,
પણ અધવચાળે છોડી જ દીધી સાવ રે, ભગવાન. ૩
મારી ભૂલોનો ભાર તમે સહી લીધો,
કદી ઠપકો ના દીધો કોઈ લગાર રે, ભગવાન. ૪
હોય દીકરી પિતાને વધુ લાડકી,
એકની એક હું આપતણું સંતાન રે, ભગવાન. ૫
મને સંયમ દઈને શું અટકી ગયા ?
મને પરમગતિ આપી જ નહીં તાત રે, ભગવાન. ૬
મને આતમની ગોઠડી જે શીખવી,
એ જ રહેશે હવે આપની આખરી યાદ રે, ભગવાન. ૭

## (૩) સુદર્શનાવિલાપ : પુષ્પપૂજા

(સજની, શ્રીજી...)

ભૈયા મોરા આંસુને સમજાવજોને
આંખોથી લેતા નથી એ વિરામ. ૧
આંખ મારી બે છે આંસુ હજાર છે રે,
આંખ અને આંસુનો મેળ કેમ થાય. ૨
દીક્ષા લેવા ના પાડી હતી મેં તને રે,
વૈર એનું વાળ્યું શું આમ મારા વીર ! ૩
બેનને નાનો ભાઈલો વધુ ગમે રે,
એ જ જ્યારે તરછોડે તે કેમ સહેવાય. ૪
મોક્ષે ગયા એનું દુઃખ મને છે નહીં રે,
સાથે મને લેવી તી વહાલા મારા ભાઈ ! ૫
માતપિતા તારા ભરોસે મૂકી ગયા રે,
મુજને તું કોના ભરોસે મૂકી જાય. ૬
બેનડીનો ભાગ ભાઈ ! મોકલાવજે રે,
આપજે મને અનહદતણો અણસાર. ૭

## (૪) રાજ વિલાપ : ધૂપપૂજા

(હે ત્રિશલાના જાયા...)

સમકિતદાતા સ્વામી વંદીએ અંતર્યામી,
અમને મૂકી મોક્ષનગરમાં ચાલી ગયા નિષ્કામી...
આતમ છું હું, કર્મ કરું છું, કર્મોને બાંધું છું,
ફળ પામું છું, ભવમાં ભમું છું, જો મારગ સાધું છું,
તો મુક્તિ પામું છું એવી શ્રદ્ધા તુજથી પામી, સમકિત. ૧
મધુર બંસરી મનહર વીણા માલકૌંસ જ્યાં છેડે,
મને દેશના વીર પ્રભુની યાદ આવે આપમેળે,
વીતરાગ તમે રાગ એક દઈ થયા મોક્ષ વિસરામી, સમકિત. ૨

વૃક્ષ અશોક, કમળ સોનાનાં, દેવછંદ સમવસરણ,
છીનવાયા ભારત પાસેથી જગત બન્યું છે અશરણ,
રોજ સવારે કંઈ દિશામાં નમવું હવે શિરનામી, સમકિત. ૩
સિદ્ધ બને આત્મા ત્યારે એક જીવ નિગોદથી છૂટે,
પ્રભુના મોક્ષથી જે આતમની ગતિ નિગોદની તૂટે,
તેને પણ વંદીશું પ્રાયઃ એ થાશે શિવગામી, સમકિત. ૪

## (૫) નંદીવર્ધન વિલાપ : દીપપૂજા

**(માડી હું તો બાર બાર...)**

ભાઈ મને પ્રેમનો દાખડો નથી આવડ્યો,
ભાઈ હું તો પ્રેમને શબ્દોમાં નાહી બાંધું રે,
ભાઈ હું ચૂપચાપ પ્રેમ તને કરતો રહ્યો. ૧
ભાઈ તારી હાજરીથી જીવ મારો જાગતો,
ભાઈ તારાં નામે જીવે છે મારો દેહ રે,
ભાઈ મારાં દિલમાં દરિયો તારો ઘૂઘવે. ૨
ભાઈ તે તો દીક્ષા લેતા પહેલાં મુજને પૂછિયું,
ભાઈ તે મોક્ષે જવામાં પૂછ્યું ન કેમ રે,
ભાઈ તને ના નહોતી કહેવાની માહરે. ૩
ભાઈ તારા શબ્દો સાંભળવા હું તરસ્યો રહું,
ભાઈ તને બંધુની તરસ ના સમજાઈ રે,
ભાઈ તું તો મુજને તરસ્યો મૂકી ચાલી ગયો. ૪
ભાઈ તારું મારું રાજ એક આપણ માન્યું હતું,
ભાઈ કેમ તારું રાજ નોખું કર્યું વીર રે,
ભાઈ હવે તારું રાજ લેવા ફરી આવી જા. ૫

## (૬) સુલસા વિલાપ : અક્ષતપૂજા

**(પ્રાણ સનેહી...)**

ધર્મલાભ મને દીધો
પ્રભુજી ! મારી આશા અધૂરી નવ રાખી
માતા પિતા ભાઈ ભગિની સુતા થકી, અધિક કૃપા મુજબ ઉપર દાખી. ૧
પાર કરી અંબડની પરીક્ષા, વિરહન પરીક્ષામાં મને નાંખી. ૨
પલપલ સમરું તુજ ઉપકારો, અખિયન અંસુઅનથી થઈ ઝાંખી. ૩
પાપપટલ મુજ કૌન અપહરે, વિયોગ વેદના નવ જાય સાંખી. ૪
ચરનન સેવન ચાહે ચેતન, ભગતિ ભલી અનહદ રસ ચાખી. ૫

## (૭) ઈન્દ્રવિલાપ : ફળપૂજા

**(શ્યામને શું કરી...)**

વિનંતી ન મોરી સુની રે
વીરજી ! તમે વિનંતી ન મોરી સુની રે
પળભર મેં રહેવા કહ્યું, ઉતાવળે તમે શિવ લહ્યું,
તોડી રે ! સગાઈ જૂની રે, વીરજી. ૧
આંસુ મને નાહીં આવે, ગરીબી આ ખૂબ સતાવે,
આંખો રહે સાવ સૂની રે, વીરજી. ૨
દેવોનો હું રાજા છું પણ, તારાં ચરણોની છું રજકણ,
હૈયે ચાલે તારી ધૂણી રે, વીરજી. ૩
કરી નહીં ઘણી ભક્તિ, ઘટી નહીં મુજ આસક્તિ,
હું તો રહ્યો સાવન નિગુણી રે, વીરજી. ૪

## (૮) ગૌતમ વિલાપ : નૈવેદ્યપૂજા

**(દરિસન વિના...)**

ગૌતમ ગુરુ નૈન બરસે
જંગલમારગ બાલક છોડી, પ્રભુ નિકલ ગયે ઘર સે, ગૌતમ. ૧
આવન જાવન રૂક ગઈ હૈ, સાંસ બને પથ્થર સે, ગૌતમ. ૨
સાયર રાહ દેખે નદિયા કી, નદિયા મીલે સાગરસે, ગૌતમ. ૩

ના ચાહે મુગતિ ના ચાહે કેવલ, મન દરસન કું તરસે, ગૌતમ. ૪
દૂર દૂર રખ નાથ ચલ ગયે, ઘન અંધેર મન ફરસે, ગૌતમ. ૫
ગોયમ કેવલલીલ વિલાસી, વદત વીર વીર અધર સે, ગૌતમ. ૬

## ૮. સમવસરણ વંદના

(ચતુર્મુખ બિરાજમાન પ્રભુજી એટલે સમવસરણ. આ સ્તવનાના આઠ વિભાગ છે. દરેક વિભાગના અંતે અષ્ટપ્રકારીપૂજાનો મંત્ર બોલી પૂજા વિધિ કરી શકાય છે.
(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीमते समवसरणसंस्थिताय जिनेन्द्राय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं यजामहे स्वाहा)

(૧)

વૈશાખ સુદ દશમી દિને ઋજુવાલુકા આવે પ્રભુ
ઉપસર્ગ સૌ વીતી ગયા, મહાધ્યાનને ધ્યાવે પ્રભુ
ઘાતી કરમ જે ચાર છે તેનો વિનાશ કરે પ્રભુ
શ્રીસમવસરણે ચઉમુખે અતિદિવ્યરૂપ ધરે પ્રભુ. ૧

પરથમ પહેલી દેશના નિષ્ફળ ગઈ આશ્ચર્યમય
કરુણાતણો સંદેશ આપ્યો ફક્ત ક્ષણ જેટલો સમય
સાંજે અપાપાપુર ભણી ત્યાંથી તરત વિચરે પ્રભુ, શ્રીસમવસરણે. ૨

(૨)

મહસેનવન પહોંચે પ્રભુજી ધર્મશાસન થાપવા
ભવિજીવને કરુણાથકી સદ્‌બોધ મીઠો આપવા
દર્શન દઈને ભવ્યજીવના પાપ સર્વ હરે પ્રભુ, શ્રીસમવસરણે. ૩

વેગે વહેતા વાયુઓથી ભૂમિની શુદ્ધિ થઈ
જલધાર અનરાધાર થઈને ભૂમિ સમથલ થઈ ગઈ
સૌ દેવને આ લાભ આપે છે મહાન્ ખરે ! પ્રભુ, શ્રીસમવસરણે. ૪

(૩)

વ્યંતરનિકાયના દેવ આવી રજતગઢ પહેલો રચે
અત્યંત પાવન રજત એનું કાંતિમય સૌને જચે
સૌંદર્ય ગાવા બેસીએ તો શબ્દ કોઈ જ ના બચે, શ્રીસમવસરણે. ૫

જ્યોતિષ્કઈન્દ્રો ગઢ રચે બીજો સુવર્ણતણો સરસ
વધતી જ રહે છે અમ હૃદયમાં ભક્તિની પાવન તરસ
અંતર કહે કે જીવજો ભગવંત વરસોના વરસ, શ્રીસમવસરણે. ૬

(૪)

વૈમાનિકેન્દ્રો રત્નનો ત્રીજો રચે ગઢ ભાવથી,
આભા અનેરી ઓપતી, લઈ જાય દૂર વિભાવથી
એમાં બિરાજે તીર્થનાયક ધન્ય ધર્મમહારથી, શ્રીસમવસરણે. ૭
ભગવંતના યશને જણાવે પ્રથમ ગઢ ચાંદી તણો
સોનેરી ગઢ બીજો જણાવે છે પ્રતાપ જિણંદનો
તેજસ્વી ત્રીજા ગઢ મહીં કાંતિભર્યા નીખરે પ્રભુ, શ્રીસમવસરણે. ૮

(૫)

પહેલા ગઢે દશ સહસ સોપાનો વિરાજે શ્રેણિમાં
બીજે ત્રીજે તો પાંચ પાંચ હજાર છાજે શ્રેણિમાં
ચારે દિશાના એંસી સહસ વિશાલ ગાજે શ્રેણિમાં, શ્રીસમવસરણે. ૯
પહેલા ગઢે વાહન અને શિબિકા મૂકાતી હોય છે
બીજા ગઢે પશુપંખીઓ સૌ સાથ બેઠા હોય છે
ત્રીજા ગઢે બેસી મનોહર દેશના ઉચરે પ્રભુ, શ્રીસમવસરણે. ૧૦

(૬)

ઊંચું મનોહર એક વૃક્ષ અશોક મધ્યે સોહતું
એ પર્ષદા બારેયને છાયા ધરી મન મોહતું
અત્યંત ઊંચાઈ ધરી એ સ્વર્ગને પડિબોહતું, શ્રીસમવસરણે. ૧૧

(૭)

ઉપનેઈ વિગમેઈ ધુવેઈ સૂત્ર આ આપે પ્રભુ
અગ્યાર ગણધરના બધાયે સંશયો કાપે પ્રભુ
ગણધર થકી શ્રી ધર્મશાસનને અહીં થાપે પ્રભુ, શ્રીસમવસરણે. ૧૨

(૮)

ગૌતમ સુધર્મા આદિ ગણધર પ્રમુખ મુનિગણ છે સકલ
મહાસાધ્વી ચંદનબાળા આદિ શ્રમણીવૃંદ પરમ વિમલ
આનંદ સુલસા આદિ શ્રાવકશ્રાવિકા સોહે સકલ, શ્રીસમવસરણે. ૧૩
શ્રી માલકૌંસમાં દેશના ભગવંતની વહેતી સદા
સમકિત અને વિરતિસ્વરૂપે હૃદયમાં રહેતી સદા
દેવર્ધિદાયક નાથની કીર્તિકથા કહેતી સદા, શ્રીસમવસરણે. ૧૪

## ૯. સહસ્રકૂટ વંદના

(શ્રી સહસ્રકૂટ જિનેશ્વરની આ સ્તુતિના આઠ વિભાગ છે. દરેક વિભાગના અંતે અષ્ટપ્રકારીપૂજાનો આ મંત્ર બોલી પૂજા વિધિ કરી શકાય છે.
ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीमते सहस्रकूटजिनेन्द्राय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं यजामहे स्वाहा)

### (૧) જલપૂજા

જિત્યા સકલ સંસારને, જિતાડતા ભવ્યાત્મને
સંસારસાગરને તર્યા, તારી રહ્યા ભવ્યાત્મને
સંપૂર્ણ પામ્યા જ્ઞાન, આપે જ્ઞાન એ ભવ્યાત્મને
મુક્તિ લહે મુક્તિ દિયે વંદન કરું અરિહંતને. ૧
મહાપુણ્યવંત સહસ્રકૂટે જે રીતે તીર્થંકરો
ક્રમબદ્ધ થઈ બિરાજતા તે ક્રમ હૃદયમાં અવતરો
મહામંત્રમય મંગલનિધિ મહિમા અનંત ગણાય છે
કરું ભાવથી વંદન સદાય સહસ્રકૂટ જિણંદને. ૨

### (૨) ચંદનપૂજા

આ જંબૂદ્વીપે ભરતક્ષેત્રે જે કહ્યા તીર્થંકરો
ભૂત-વર્તમાન-અનાગતે તેને નમન ભાવે કરો
ત્રણ ચોવીશીના દેવ બહોંતેર થાય તે નમીએ પ્રથમ
કરું ભાવથી વંદન સદાય સહસ્રકૂટ જિણંદને. ૩
શ્રી જંબૂદ્વીપના ઐરવતક્ષેત્રે કહ્યા તીર્થંકરો

ભૂત-વર્તમાન-અનાગતે તેને નમન ભાવે કરો
ત્રણ ચોવીસીના દેવ બહોંતેર આમ ઐરવતે ગણો
કરું ભાવથી વંદન સદાય સહસ્રકૂટ જિણંદને. ૪

## (૩) પુષ્પપૂજા

શ્રી ધાતકીખંડે જિનેશ્વર પૂર્વભરતે થાય છે
ત્રણ ચોવીશીના ભૂત-ભાવિ-વર્તમાન ગણાય છે
પશ્ચિમભરતમાં ચોવીસીગણ એ જ રીતે થાય છે
કરું ભાવથી વંદન સદાય સહસ્રકૂટ જિણંદને. ૫
શ્રી ધાતકીના પૂર્વ-પશ્ચિમ ઐરવતમાં ચોવીશી
ત્રણ ત્રણ ગણંતા બે બહોંતેર વંદીએ ભાવે ઋષિ
ત્રણ લોકના એ નાથ છે બહુ ભાવથી ભક્તિ કરો
કરું ભાવથી વંદન સદાય સહસ્રકૂટ જિણંદને. ૬

## (૪) ધૂપપૂજા

શ્રી પુષ્કરાર્ધે પૂર્વ-પશ્ચિમ બે ભરત બે ઐરવત
ત્રણ-ત્રણ ગણી ષટ્ ચોવીશીના ચાર બહોંતેર છે જિણંદ
ત્રણ દ્વીપના દશ ક્ષેત્રના ભગવંત સાતસો વીસ છે
કરું ભાવથી વંદન સદાય સહસ્રકૂટ જિણંદને. ૭

## (૫) દીપપૂજા

એક ભરતમાં બે ધાતકી બે પુષ્કરાર્ધે શોભતા
શ્રી મહાવિદેહો પાંચ છે, ઉત્કૃષ્ટ સંખ્યા માપતા
તીર્થંકરોની એકસોને આઠ સંખ્યા થાય છે
કરું ભાવથી વંદન સદાય સહસ્રકૂટ જિણંદને. ૮

## (૬) અક્ષતપૂજા

સીમંધરં યુગમંધરં બાહુ સુબાહુ વાંદીએ
સુજાત ઋષભાનન સ્વયંપ્રભ અનંતવીર્ય વખાણીએ
શ્રીસુરપ્રભ શ્રીવજ્રધર વિશાળ ચંદ્રાનન નમું
વીશ વિહરમાન જિણંદના પદકમલ અતિપાવન નમું. ૯

શ્રી ચંદ્રબાહુ નાથજી, ઈશ્વર જિનેશ્વર નાથ છે
શ્રી ભુજંગદેવ જિણંદ છે, શ્રી નેમિપ્રભુ જગનાથ છે
વીરસેન ચંદ્રયશા મહાપ્રભ અજિતવીર્ય ચરણ નમું
વીશ વિહરમાન જિણંદના પદકમલ અતિપાવન નમું. ૧૦

### (૭) નૈવેદ્યપૂજા

શાશ્વત જિનેશ્વર ચાર વંદો, ઋષભ ચંદ્રાનન નમો
ભગવંત વારિષેણ નમો, શ્રી વર્ધમાન પ્રભુ નમો
આ ચાર જિનવર વંદતા ભવભવતણા પાતક ટળો
અરિહંતના વંદન થકી અમને તરત શિવપદ મળો. ૧૧

### (૮) ફળપૂજા

શ્રી વર્તમાનચોવીશીના પાંચેય કલ્યાણક ગણો
તો એકસોને વીસ થશે તસ ખાસ આરાધન કરો
કલ્યાણકો આરાધવામાં આત્મનું કલ્યાણ છે
કરું ભાવથી વંદન સદાય સહસ્રકૂટ જિણંદને. ૧૨

## ૧૦. શ્રુતવંદના

(પિસ્તાળીસ આગમોની સ્તવના અને તે તે આગમોમાં આવતા વિષયોનું ટૂંકમાં બયાન આ વંદનામાં પ્રસ્તુત છે. જ્ઞાનભક્તિ કે યોગવહનની અનુમોદનાના પ્રસંગે આ વંદના ઉપયોગી બનશે. આ વંદનાના દરેક ગીતને અંતે અષ્ટપ્રકારી પૂજાનો આ મંત્ર બોલીને પૂજા વિધિ કરી શકાય છે.)

(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीमते आगमसूत्रसमूहाय निर्युक्ति–भाष्य–चूर्णि–वृत्तिसहिताय जलं (चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं) यजामहे स्वाहा)

### (૧) જલપૂજા
### (પદ)

વંદના શ્રુતદેવતા હે વિદ્યાનિધાન
જ્ઞાન-દાન-વિધાન પ્રભુ ! ટાળ અમ અજ્ઞાન. ૧
પુણ્યબોધ વિલાસવાહી ધર્મ અમૃત પાન. ૨
સર્વ આગમસૂત્રધારક અર્થ અનહદ ગાન. ૩

## (૨) ચંદનપૂજા

અરિહંતભગવંતો તણાં ચરણે કરું છું વંદના,
ગણધરપ્રભુનાં ચરણમાં ભાવે ધરું છું વંદના,
શ્રી સમવસરણને વંદના જે દેશનાભૂમિ બને,
શ્રી ધર્મતીર્થને વંદના, જે અપહરે છે મોહને. ૧
ભગવંત ! શું છે તત્ત્વ, પૂછે ગણધરો શુભભાવથી,
પ્રભુ કહે : ઉત્પત્તિ વિલય સ્થિરતા સદા છે જગતણી,
પ્રભુ મુખે આ ત્રિપદી સુણી ગણધર કરે ઉદ્ભાવના,
શ્રુત ધર્મને ધારણ કરે, ભાવે કરું શ્રુતવંદના, શ્રુત ૨

## (૩) અંગસૂત્રો : પુષ્પપૂજા

સાધુજીવનની ધર્મચર્યા કહી આચારાંગમાં,
અજ્ઞાન જ્ઞાનાદિકનું વર્ણન કર્યું સૂત્રકૃતાંગમાં,
સ્થાનાંગમાં જીવ આદિ ષડ્દ્રવ્યોતણું વર્ણન મળે,
સંખ્યા ક્રમે તત્ત્વો કહી સમવાય સંશયને હરે, શ્રુત ૩
પ્રશ્નોત્તરીનાં રૂપમાં ભગવતી આપે પ્રેરણા,
અગણિત રમ્ય કથાનકો છે જ્ઞાતધર્મકથાંગમાં,
પાવન ઉપાસકદશામાં છે દશ મહાશ્રાવક કથા,
સિદ્ધોનું અંતઃકૃદ્દશા વર્ણન કરે, ટાળે વ્યથા, શ્રુત ૪
શ્રી પ્રશ્નવ્યાકરણે કથા આશ્રવ અને સંવરતણી,
શ્રી વિપાકસૂત્રે પુણ્યપાપ વિવેચના વિલસે ઘણી,
શ્રી દૃષ્ટિવાદે વિશ્વનાં સઘળાં રહસ્યો સાંપડે,
શ્રી દ્વાદશાંગી ગણધરો વિરચે વિશદપ્રજ્ઞા વડે, શ્રુત ૫

## (૪) ઉપાંગ સૂત્રો : ધૂપપૂજા

શ્રી ઔપપાતિક જન્મને સિદ્ધિગમનને વર્ણવે,
રાયપ્પસેણી વાચના શ્રી કેશીગણધરની સ્તવે,
જીવાભિગમમાં જીવનું ને જગતનું વર્ણન કર્યું,
પ્રજ્ઞાપના ઉત્કૃષ્ટ તત્ત્વવિચારથી અઢળક ભર્યું, શ્રુત ૬

શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ બતાવે સૂર્યમંડલનું સ્વરૂપ,
શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ કરે જ્યોતિષ્યનું વર્ણન ઘણું,
શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં ભૂગોળ તિર્છાલોકનું,
નિરયાવલિકા વર્ણવે છે નરકગામી અનેક ભૂપ, શ્રુત ૭
શ્રેણિકપૌત્ર જે સ્વર્ગ પહોંચ્યા ગાય કપ્પવડંસિયા,
દશ દેવદેવીના ભવોને વર્ણવે છે પુપ્ફિયા,
શ્રી પુપ્ફચુલિયા દેવી દશની પૂર્વકરણી દાખવે,
વહ્નિદશા બલભદ્રજીના બાર પુત્રોને સ્તવે, શ્રુત ૮
દ્વાદશ ઉપાંગ મહાર્થ છે અદ્ભુત રહસ્યોથી ભર્યા,
આ અક્ષરો અવધારીને આત્મા બહુ ભવજલ તર્યા, શ્રુત ૯

### (૫) પયન્ના સૂત્રો : દીપપૂજા

શ્રી ચઉસરણમાં ચાર શરણાનો અજબ આલેખ છે,
આતુર પ્રત્યાખ્યાનમાં ત્રણ મરણનો સુવિવેક છે,
અનશનવિધિ શુભભાવના ભક્તપરિજ્ઞામાં કહી,
તંદુલવૈચારિક કરે ગર્ભસ્થિતિવર્ણન સહી, શ્રુત ૧૦
શ્રી ચંદ્રવેધ્યક શીખવે એકાગ્રતાના પાઠને,
દેવેન્દ્રસ્તવ ઇન્દ્રોતણી વૈભવકથા તાદશ ભણે,
જ્યોતિષ્ય ગણિવિદ્યામહીં નક્ષત્ર આદિકથી કહ્યું,
શ્રી મહાપ્રત્યાખ્યાન સૂત્રે સમાધિઝરણું વહ્યું, શ્રુત ૧૧
બહુબોધ ગચ્છાચારશાસ્ત્રે શ્રમણસંઘ વિશે મળે,
લક્ષણ શ્રી મરણસમાધિ સમતામૃત્યુનાં સૌ સાંકળે,
આ દશ પયન્નાસૂત્ર છે, પ્રભુવીરના શિષ્યો રચે,
સ્વાધ્યાય ભાવ ધરી કરો તો દોષ ના કોઈ બચે, શ્રુત ૧૨

### (૬) છેદ સૂત્રો : અક્ષતપૂજા

આલોચનાનો માર્ગ પ્રાયશ્ચિતની પાવન વિધિ,
છે છેદસૂત્રોમાં પ્રભુએ દાખવી શુદ્ધિ બધી,
શ્રી નિશીથ બૃહત્કલ્પ શ્રી વ્યવહારસૂત્ર છે દોષજીત્,
પાવન દશાશ્રુતસ્કંધ તેમ જ પંચકલ્પ મહાનિશીથ, શ્રુત ૧૩

## (૭) મૂળ સૂત્રો : નૈવેદ્યપૂજા

વિવરણ છ આવશ્યકતણું છે સૂત્ર આવશ્યક મહીં,
મહાશાસ્ત્ર દશવૈકાલિકે શ્રમણો તણી કરણી કહી,
શ્રી ઉત્તરાધ્યયને મનોહર બોધનાં ઝરણાં વહે,
શ્રી ઓઘનિર્યુક્તિ મુનિની સામાચારીને કહે, શ્રુત ૧૪
શ્રી પિંડનિર્યુક્તિ બતાવે ગોચરીની પદ્ધતિ,
મૂળસૂત્ર છે આ ચાર, આપે આતમાને સન્મતિ, શ્રુત ૧૫

## (૮) શેષ સૂત્ર : ફળપૂજા

શ્રી નંદીસૂત્રે પાંચ જ્ઞાન તણી વિશદ ચર્ચા ઘણી,
અનુયોગદ્વાર થકી મળે શિક્ષા સકલ આગમતણી, શ્રુત ૧૬
નિર્યુક્તિગ્રંથો ભદ્રબાહુસૂરિ રચે ગંભીર બહુ,
ભાષ્યો રચ્યા જિનભદ્રગણિએ સરળ ને સુંદર સહુ,
ચૂર્ણિ તણા રચનાર પૂર્વ મહર્ષિઓ ઉપકારી છે,
અગણિત આચાર્યે રચેલી વૃત્તિઓ મનહારી છે, શ્રુત ૧૭
શાસ્ત્રો હજારો વિવિધભાષામાં વિશાળ રચી ગયા,
મહામુનિવરો નિજજ્ઞાનદાને મેઘ આષાઢી થયા,
બહુબોધ એક એક અક્ષરે એ પાપના પુંજો હરે,
પ્રશમામૃતે અંતર ભરે, અગણિત આતમ ઉદ્ધરે, શ્રુત ૧૮

# ૧૧. આગમ વંદના

(પિસ્તાળીસ આગમોનો પરિચય અને ઇતિહાસનું વર્ણન આ વંદનામાં છે. જ્ઞાનભક્તિ કે યોગવહનની અનુમોદનાના પ્રસંગમાં આ વંદના ઉપયોગી થશે. આ વંદનાના દરેક ગીતને અંતે અષ્ટપ્રકારી પૂજાનો આ મંત્ર બોલીને પૂજાવિધિ કરી શકાય છે.

(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीमते आगमसूत्रसमूहाय निर्युक्ति-भाष्य-चूर्णि-वृत्तिसहिताय जलं (चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं) यजामहे स्वाहा)

## (૧) વીતરાગની વાણી : જળપૂજા

(જય રાધા માધવ...)

પ્રણમું આગમ સૂત્ર વીતરાગની વાણી,
મંગલ અર્થ રસભરી અનહદ ગુણખાણી,
પાવનવચન, હૃદય અધિરોહણ,
ગુરુનિશ્રાએ સુજાણી વીતરાગની વાણી. ૧
ગણધર રચન પ્રસન્ન પંડિત મન,
મરમ મનોહર માણી વીતરાગની વાણી. ૨
સૂરિવર મુનિવર કરે બહુ વિસ્તર,
આનંદ અલખ ઉજાણી વીતરાગની વાણી. ૩
એકવીસ સહસ વરસ આયુષ જસ,
ઘટ ઘટ પ્રીત બંધાણી વીતરાગની વાણી. ૫

## (૨) આગમ વાચનાઓ : ચંદનપૂજા

(સુણો ચંદાજી...)

આતમ સુખકર આચારજને સમરી પાપ પખાળીએ,
આગમધારક સૂરિવરને વંદીને પાતક ટાળીએ,
સમવસરણમાં પ્રભુજી આગળ, ત્રણ પ્રશ્ન પૂછે ગણધાર સકળ
પ્રભુ આપે ઉત્તર સ્પષ્ટ સરળ, આગમધારક. ૧
સુણી ત્રિપદી દ્વાદશ અંગ રચે, અગણિત રહસ્યની ધૂમ મચે,
જિનવાણી તો જનજનને જચે, આગમધારક. ૨
આગમની વાચના પાંચ થઈ, આપત્તિ આવી વિખરી ગઈ,
બન્યા આગમસૂત્રો કાળજયી, આગમધારક. ૩

વીર સંવત એકસો ને સાઠે, પહેલી વાચના થઈ મુખપાઠે,
ગુરુભદ્રબાહુ-સ્થૂલભદ્ર સાથે, આગમધારક. ૪
સૂરિ સુસ્થિતની વાચના સીઝી, વીરસંવત્ ત્રણસોમાં બીજી,
ખારવેલ રાય ભાવના સીઝી, આગમધારક. ૫
વીરસંવત્ પાંચસો બાણુંમહીં, સૂરિઆર્યરક્ષિત વાયણા કહી,
ચાર અનુયોગ વિભાગ લહી, આગમધારક. ૬
સ્કંદિલ-નાગાર્જુનસૂરિ બંને પાઠનું નિર્ધારણ પ્રથમ બને,
વીર સંવત્ આઠસોત્રીસ ગણે, આગમધારક. ૭
દેવર્દ્ધિગણી વિખ્યાત થયા વીર સંવત્ નવસો એંસી વહ્યા,
એકપાઠે આગમ લેખ લહ્યા, આગમધારક. ૮

## (૩) દ્વાદશાંગી : પુષ્પપૂજા

**(આવો આવો દેવ...)**

પૂજો દ્વાદશ અંગ, એના અર્થો અપરંપાર, એનો મહિમા અગમ અપાર.
આચારાંગ સૂત્રકૃતાંગ સ્થાનાંગ સમવાયાંગ,
ભગવતી જ્ઞાતાધર્મકથાંગ, ઉપાસકદશાંગ, એનો. ૧
અંતગડદશા, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર વિશાળ,
ચૌદપૂર્વ છે દૃષ્ટિવાદમાં, સુણતા મંગલમાળ, એનો. ૨
શિષ્યોને સંભળાવે ગુરુવર, સુણે તેહના ગણ,
ગણો પ્રમાણે ગણધર સંખ્યા, જાણે અમૃતઝરણ, એનો. ૩
અષ્ટપ્રકારી પૂજા કરીએ ધરીએ ઉર બહુમાન,
આગમસૂત્રો પાવનકારી એના અર્થ મહાન, એનો. ૪

## (૪) બાર ઉપાંગ : ધૂપપૂજા

**(પ્રભુ હળવેથી...)**

તમે ભાવ ધરીને વંદો, શ્રુત પૂજી દુઃખ નિકંદો,
ઉપાંગ સૂત્ર બાર કહ્યા છે, નમતાં ચોસઠ ઇંદ્રો,
ઔપપાતિક રાયપસેણી, જીવાભિગમ ત્રીજું,
શ્યામાચાર્ય રચે પન્નવણા, એહવું શાસ્ત્ર ન બીજું,
સૂર્ય, ચંદ્ર ને જંબૂદ્વીપની, પ્રજ્ઞપ્તિ અભિનંદો, તમે. ૧

નિરયાવલિયા કપ્પવડંસિયા પુષ્ફિયા ને પુષ્ફચૂલિયા,
વહ્નિદશા એ બારે નામો મારાં મનમાં વસિયાં,
કેસર છાંટી ફૂલ બિછાવી ટાળો ભવનો ફંદો, તમે. ૨
યોગવાહી સાધુજન વાંચે પણ સાધ્વી ન વાંચે,
શ્રાવકજન તો અર્થ સાંભળી વૈરાગે મન રાચે,
જિનઆગમના શબ્દે શબ્દે નીપજે છે સુખકંદો, તમે. ૩

### (૫) દશ પયન્ના : દીપપૂજા

**(સાવન કે સુહાને...)**

પ્રભુવીરના હાથે દીક્ષા લે, ધન ધન તે વીરના શિષ્ય બને,
ના રાગ કરે ના દ્વેષ ધરે, શુભ ધ્યાન ધરે પ્રમાદ હરે,
તપ વિકટ કરે સૌ કર્મ ખરે, સંસારની માયા દૂર સરે,
એવા મુનિજન સ્વાધ્યાય કરે, તેમાંથી પયન્ના સૂત્ર બને, ધન ધન. ૧
ચઉસરણ ને આતુર પ્રત્યાખ્યાન, ભક્તપરિજ્ઞા ને તંદુલ વૈચારિક,
ગણિવિદ્યા મહાપ્રત્યાખ્યાન, ગચ્છાચાર મરણસમાધિ ધનિક,
બલિહારી છે દશ પયન્નાની, આતમને તારે સરળપણે, ધન ધન. ૨

### (૬) છ છેદ સૂત્ર : અક્ષતપૂજા

**(ગિરૂઆ રે ગુણ...)**

બાળ નાના જો ભૂલ કરે માફ કરે માયબાપ રે,
છ છેદસૂત્રનાં જ્ઞાનથકી ગુરુ ઉદ્ધરતા પાપ રે. ૧
દશાશ્રુત-બૃહત્કલ્પ-વ્યવહાર ભદ્રબાહુ સૂરિ વિરચે રે,
મહાનિશીથ સૂત્ર ઉદ્ધરે, હરિભદ્રસૂરિ શ્રુત સરજે રે. ૨
શ્રીજિનભદ્રક્ષમાશ્રમણ શ્રીજીતકલ્પ બનાવે રે,
શ્રી પંચકલ્પની વાચના ગીતારથ મુનિ પાવે રે. ૩
ગંભીર ગહન રહસ્યો છે છેદસૂત્રોની ગાથા રે,
પ્રણમું આલોચનાચાર્યો પ્રાયશ્ચિત્તના દાતા રે. ૪

## (૭) મૂળ સૂત્ર : નૈવેદ્યપૂજા

**(ઊંચી મેડી તે મારા...)**

મૂળ સૂત્રો ચાર કહીએ રે સુણી હરખે આતમરામ,
ગણધર ભગવંતે કહ્યાં મોંઘા આવશ્યકનાં સૂત્ર,
શ્રાવક જન વાંચી શકે, આ છ આવશ્યક સૂત્ર, મૂળ. ૧
શ્રી શય્યંભવસૂરિજી રચે દશવૈકાલિક શાસ્ત્ર,
બાળમુનિ મનક સાધતા ઉત્તમ ચારિત્ર ગાત્ર, મૂળ. ૨
ફૂલોના બગીચા સમું બીજું શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર,
છત્રીસ અધ્યયન શોભતા કરે સકલ કષાયો ગુપ્ત, મૂળ. ૩
ચૂલિકા સૂત્ર વખાણીએ શ્રી નંદી અનુયોગ દ્વાર,
દેવવાચક નંદી રચે એમાં પાંચ જ્ઞાન વિચાર, મૂળ. ૪

## (૮) આગમ અર્થ અપાર : ફલપૂજા

**(સલુણાની દેશી...)**

જ્ઞાની મહર્ષિ વિરચે રે નિર્યુક્તિ ભાષ્ય ઉદાર સલુણા,
વૃત્તિ, ચૂર્ણિ, ટિપ્પણી રે, ગણતાં ન આવે પાર સલુણા,
આગમસૂત્રને વંદીએ રે આગમ અર્થ અપાર સલુણા. ૧
આઠ આગમ પર નિર્યુક્તિ રે ભદ્રબાહુ રચે ધન્ય સલુણા,
સાત આગમ પર ભાષ્ય છે રે શ્રી જિનભદ્રનાં પુણ્ય સલુણા. ૨
શ્રી જિનદાસ-અગસ્ત્યસિંહ રે ચૂર્ણિ વિરચે ઉદાત્ત સલુણા,
પ્રાકૃતભાષા મુખ્ય છે રે ચૂર્ણિતણી અવદાત સલુણા. ૩
શ્રી હરિભદ્રસૂરિ રચે રે સાત આગમ પર વૃત્તિ સલુણા,
શ્રી અભયદેવસૂરિ લખે રે નવ અંગ શાસ્ત્ર વિવૃત્તિ સલુણા. ૪
ચૌદ આગમ ઉપર ટીકા રે મલયગિરિ સૂરિરાય સલુણા,
મલધારી હેમચંદ્રજી રે ત્રણ આગમ વિવરાય સલુણા. ૫
ચંદ્રસૂરિજી વિવૃત્તિ રે સાત આગમની ખાસ સલુણા,
એક-બે આગમ વિવરે રે સૂરિ ઘણા ઈતિહાસ સલુણા. ૬
સાગર કેરા રત્ન છે આગમના પરમાર્થ સલુણા,
દેવર્ધિના દાતાર છે રે, પ્રણમું ગુરુ ગીતાર્થ સલુણા. ૭

# ૧૨. નવપદ વંદના

(નવપદની ઓળીની નવ આંબેલની આરાધના નવ વખત કરી હોય તેની ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે આ વંદના સંગીત સાથે ગાઈ શકાશે. આ વંદનાના દરેક ગીતના અંતે અષ્ટપ્રકારી પૂજાનો આ મંત્ર બોલીને પૂજાવિધિ કરી શકાય છે.

(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्री सिद्धचक्रयंत्रसंस्थिताय श्री अरिहंत (सिद्ध, आचार्य, उपाध्याय, साधु, दर्शन, ज्ञान, चारित्र, तप) पदाय जलं चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं यजामहे स्वाहा)

## (૧) અરિહંત વંદના

### (ચૂડી જો ખનકી...)

જગતારક જગનાથ છે પ્રભુ કરુણારસ ભંડાર,
વંદો વંદો અરિહંતને,
હાલમડોલમ નૈયા થાય ભવસાગર ભયથી ઉભરાય,
રાગરોષનાં મોજામાં આતમજી ભારે અટવાય,
બની સુકાની તારશે, પ્રભુ કરુણારસ ભંડાર, વંદો વંદો. ૧
પંચકલ્યાણકના દીવડે જગતને અજવાળે ભરતા,
નારકના જીવ પણ પળભર પ્રભુનામે સુખડાં વરતા,
ભક્તોના ભય ભાંજશે, પ્રભુ કરુણારસ ભંડાર, વંદો વંદો. ૨
લક્ષણ અંગે સહસ હજાર, વાણી પાંત્રીશ સુગુણ ઉદાર,
આઠ પ્રાતિહારજ વિસ્તાર, પ્રભુના મૂળ અતિશય ચાર,
દર્શને શિવસુખ આપશે, પ્રભુ કરુણારસ ભંડાર, વંદો વંદો. ૩

## (૨) સિદ્ધ વંદના

### (દાદા તારું મંદિર તો...)

સિદ્ધતણાં સુખની મને સમજણ જો મળશે,
સંસારી સુખથી મારું મન પાછું વળશે,
ઘોંઘાટો ઘટતા મધરાત મધુર બનતી,
રાગદ્વેષ મટતા તેમ આતમસુખ ફળશે, સિદ્ધ. ૧
થાક ઉતરવાથી નવું જોમ મળે છે જેમ,
દેહના છૂટવાથી તેમ સત્ત્વ પરમ ઉલસે, સિદ્ધ. ૨

નીંદરમાં વિશ્રામ લઈ તાજગી પામું છું,
કર્મોના ક્ષયથી તેમ જીવ સુખે ઢળશે, સિદ્ધ. ૩
દુઃખનો લેશ નથી સુખનો કોઈ પાર નથી,
અનહદ શાંતિ છે રહેવાનું અવિચલ છે, સિદ્ધ. ૪
આતમરામ સદા પરમાનંદે રહેશે,
પંચમગતિ પાવન જ્યોતિમાં જ્યોત ભળશે. સિદ્ધ. ૫

## (૩) આચાર્ય વંદના

**(મોહન મૂરતિ તારી...)**

શાસનના મહારાજા આચારજની જય જય જય
વાગે છે મંગલવાજાં આચારજની જય જય જય
બાગમાં ખીલેલાં ફૂલો સમા છે,
છત્રીસ ગુણલા તાજા, આચારજની જય જય જય. ૧
ડંકો બજાવે સચ્ચાઈ કેરો,
ખોલે ધરમ-દરવાજા, આચારજની જય જય જય. ૨
પાપો પલકમાં પાછાં પાડે છે,
પુણ્યને બનાવે સાજાં, આચારજની જય જય જય. ૩
ઋણ કદી નહીં ચૂકવાશે એનું,
ઉપકાર એના ઝાઝા, આચારજની જય જય જય. ૪

## (૪) ઉપાધ્યાય વંદના

**(સખી ગોકુળ ગામના...)**

મીઠી વાણી કહીને દિલ જીતતા રે, યુવાચાર્ય ઉપાધ્યાય ખૂબ ગમે,
ગમે ગુણવંતા ગુરુવર ગાજતા રે. ૧
એ તો ધર્મના ગ્રંથ ભણાવતા રે, સહુ પ્રશ્નોના આપે જવાબ, નમે,
નમે લોકો હજારો ચરણમાં રે. ૨
એના શ્રીમંત ભક્તો દીપતા રે, નહીં માન ધરે મનમાંય, કદી,
કદી ક્રોધ કષાય ન રાખતા રે. ૩
કરે પ્રેરણા આનંદ આપનારી રે, હરે રાગના રોગ સુખકાર ગુરુ,
ગુરુ વહાલા લાગે મને દિલદારી. ૪

## (૫) મુનિ વંદના

**(તારા વિના શ્યામ મને....)**

મુનિમહારાજ તો જીવન જીવે છે કષ્ટભર્યું બહુ આકરું,
પંચમહાવ્રત પાળતા રાત ન લે આહાર,
કર્મો નિર્જરે છે સદા પાપ કરે ન લગાર,
ધનવૈભવને છોડી ઘરપરિવાર છોડી,
ચાલી નીકળ્યા છે વીરપંથ ગુણવંત ગુરુ, મુનિ. ૧
ખુલ્લા પગ ધરી ચાલતા મારગ હજારો કોસ,
નિજ હાથે રાંધે નહીં સાદગીમાં સંતોષ,
ટાઢો રોટલોય ચાલે ઊનાં નીર પણ ચાલે,
ભક્તિ કરો તો હરખાય નહીં ચિત્તમાં, મુનિ. ૨
નાજુક કેશના લોચની ખમે છે વેદના આકરી,
ઉત્તમ ચારિત્ર દેહની દેવો'ય કરતા ચાકરી,
સાધનાને સંગે રમે આતમાનો રંગ ગમે,
કોમળ કરૂણાવંત કરે છે કૃપા, મુનિ. ૩

## (૬) દર્શન વંદના

**(ત્રણ નોનસ્ટોપ ગીત)**

**(ચાલો વીરા...)**

છાંટ્યા અમે કેસર છાંટણા દર્શનપદનાં નામે,
નવપદનો સાર છે આતમઆધાર છે, સમર્પણના સંસ્કાર છે,
અણુ અણુ આનંદ પામે, હવે દર્શનપદનાં નામે, ૧
સાચવશું હેતથી વાધીશું પ્રીતથી, પૂજીશું નવનવ રીતથી,
મંગલ માર્ગ મુકામે, હવે દર્શન પદનાં નામે, ૨

**(ઢોલીડા ઢોલ તું વગાડ)**

ઉડે છે અબીલ ગુલાલ બને જીવડો ઉજવાળ,
જીવડો ઉજમાળ બને જીવડો ઉજમાળ, ઉડે છે. ૧
પ્રભુનો રંગ લાગિયો તે નહીં ઉતરે,
નહીં ઉતરે રે કદી નહીં ઉતરે, ઉડે છે. ૨

મેં તો દેવ ગુરુ ધર્મમાં શ્રદ્ધા બાંધી,
શ્રદ્ધા બાંધી છે મેં તો શ્રદ્ધા બાંધી, ઉડે છે. ૩

(ઢોલીડા...)

તાળી દો તાળી દો તાળી દો હો,
તાળી દો બેય હાથે જ્ઞાન ને ક્રિયા તણી,
શ્રદ્ધાના તાલ દઈ ગાઈ લો આંકણી,
ભાવનાના મંજીરા કરતા રણકાર,
ભક્તિના ઢોલ તણા ગાજે ધમકાર,
ગુરુજીનાં ચરણોમાં વસવાની લાગણી, તાળી દો. ૧
તપ અને જપ તણા દાંડિયા ખેલાય,
આતમનાં આંગણિયે આનંદ રેલાય,
પ્રભુ પાસે શિવસુખની કરવી છે માંગણી, તાળી દો. ૨

## (૭) જ્ઞાન વંદના

**(માડી હું તો બાર બાર...)**

પ્રભુ ! તારાં જ્ઞાનનો ખજાનો મને આપજે,
પ્રભુ ! મારો અભણ છે આતમરામ રે,
પ્રભુજી ! મારે જ્ઞાનનો દરિયો મોટો ખેડવો. ૧
પ્રભુ ! મારે પાપ અને પુણ્ય બેય શીખવા,
પ્રભુ ! મારે સમજવી કરમજંજાળ રે,
પ્રભુજી ! મારે સમ્યગ્ જ્ઞાનનો ખપ ઘણો. ૨
પ્રભુ ! હું ભેદ એકાવન રોજ વાંદું,
પ્રભુ ! મને યાદ નવું રહે નહીં કાંઈ રે.
પ્રભુજી ! મારે સમજવું તેય નથી સમજાતું. ૩
પ્રભુ ! મારો સમય સંસારમાં વેડફાતો,
પ્રભુ ! મને જ્ઞાનને સમય દેવા હોંશ રે,
પ્રભુજી ! એવી મહેર કરો કે જ્ઞાન બહુ મળે. ૪

## (૮) ચારિત્ર વંદના

**(તારે દ્વારે...)**

તીર્થંકર પણ જે મારગને આદરતા બહુમાનથી
ચારિત્રપદ ચારિત્રપદ
મનવચકાયા સંયમ રાખો ચાખો સમતારસ
ઉત્તમ આચારોને પાળો ટાળો મમતારસ
અંતરભાવ તણી અનુભૂતિ આપે છે સન્માનથી, ચારિત્રપદ. ૧
પાંચે ઇન્દ્રિય વશમાં ધરવી કરવી વરસાધના
આરાધના ઉત્કટ આદરવી હરવી ભવચાલના
સિંહ સમું મહાસત્ત્વ વહીને કષ્ટો ખમવા ભાવથી, ચારિત્રપદ. ૨
દેવો વંદે દાનવ વંદે એવું આ ચારિત્રપદ
સંયમ તપ અહિંસા સંગે આપે સુખ અનહદ
જે સ્વીકારે જે પાળે છે તેનાં દુઃખ ટકતા નથી, ચારિત્રપદ. ૩

## (૯) તપ વંદના

**(તીરથ પદ ધ્યાવો...)**

કર્મની દોરી કાપે આપે આતમને નિર્વાણ રે,
બાહ્ય આભ્યંતર તપથી લહીએ નવલા નવે નિધાન રે. ૧
જ્ઞાન દર્શન વેદ મોહનીય આયુ નામ ગોત્ર અંતરાય રે,
કર્મ કહ્યા એકસો અઠાવન તપથી સર્વ વિલાય રે. ૨
તપથી દીપે સૂરજચંદા તપથી આભ વિશાળ રે,
તપથી છલકે સાત સમંદર તપથી ષટ્ઋતુ માળ રે. ૩
તપથી શાંતિ તપથી મુગતિ તપથી સંકટનાશ રે,
તપથી જીવન તપથી મંગલ તપથી લીલવિલાસ રે. ૪
નવપદનું આરાધન કરવા નવઆંબેલ આલંબન રે,
સાડાચાર વરસ લગ ઓળી કીજે ચિત્ત પ્રસન્ન રે. ૫
સોનારૂપા ફૂલડે વધાવી નવપદ પૂજા કરીએ રે,
મયણાને શ્રીપાળની પેઠે ભવસાયરને તરીએ રે. ૬

## ૧૩. વીશ સ્થાનક વંદના

(મહામંગલકારી શ્રીવીશસ્થાનકની સ્તવનાપૂર્વક એક એક પદની અષ્ટપ્રકારી પૂજા કરવામાં આ રચના ઉપયોગી છે.)

### (હરિગીત)

આ વિશ્વનો ઉદ્ધાર કરનારા બધા તીર્થંકરો
પૂરવતણા ત્રીજા ભવે સાધી ઘણો તપ આકરો
વીશસ્થાનકો આરાધી તીર્થંકરપણું નિશ્ચિત કરે
વીશસ્થાનકોની ભક્તિ કરનારા પરમ પદવી વરે. ૧

### (૧)

અરિહંત ભગવંતો પરમગુણવંત કરુણાવંત છે
મંગલમહિમાધામ છે વીતરાગ તેજ અનંત છે
દેવેન્દ્ર વંદે રાજરાજેશ્વર પ્રભુને પૂજતા
અરિહંતની સેવા થકી સઘળાય કર્મો ધ્રુજતાં. ૨
**જાપમંત્ર : ૐ ह्रीं नमो अरिहंताणं**

### (૨)

આનંદ આતમરામનો અનહદ અનવરત અનુભવે
કર્મો કષાયો કામનાઓ સિદ્ધને નવ સંભવે
સ્વાધીનતા સંપૂર્ણતાનાં સૌખ્યને સંવેદતા
શ્રી સિદ્ધ ભગવંતો તણાં સ્મરણે જીવન પાવન થતાં. ૩
**જાપ મંત્ર : ૐ ह्रीं नमो सिद्धाणं**

### (૩)

તીર્થંકરોનાં શ્રીમુખે પ્રવચનતણો ઉદ્‌ભવ થયો
ગણધારભગવંતે સરસ આકાર પ્રવચનને ધર્યો
આજે ચતુર્વિધસંઘ પ્રવચનનાં પરમરૂપને વર્યો
શ્રદ્ધા ધરે જે પ્રવચને તે આતમા ભવજલ તર્યો. ૪
**જાપમંત્ર : ૐ ह्रीं नमो पवयणस्स**

(૪)

આચાર પાળે પાંચ, પાંચ સમિતિ એ સંભાળતા
પાંચેય ઇન્દ્રિય જીતી પંચ મહાવ્રતોને પાળતા
પ્રસ્થાન સાધે પાંચ પાવન પંચમી ગતિ પામવા
આચાર્યપદ આરાધતા સુખ સાંપડે છે નિતનવા. ૫

**જાપમંત્ર : ॐ ह्रीं नमो आयरियाणं**

(૫)

સ્થિરતા ધરી છે જ્ઞાનમાં સ્થિરતા દિયે છે જ્ઞાનમાં
સમકિત તણા ધારક અને દાયક પવિત્ર મહાતમા
ચારિત્રપાલક આપતા ચારિત્ર માટે પ્રેરણા
શ્રીસ્થવિરપદથી રત્નત્રયમાં સ્થિર થાય ભવિક ઘણા. ૬

**જાપ મંત્ર : ॐ ह्रीं नमो थेराणं**

(૬)

યુવરાજ થઈ આચાર્યનો એ વારસો સંભાળતા
ગીતાર્થ ગુરુવર ભવ્યજનના સર્વ સંશય ટાળતા
વાત્સલ્યથી વીતરાગપંથે આતમાને વાળતા
ઉત્તમ ઉપાધ્યાયો ગગન શાસનતણું અજવાળતા. ૭

**જાપમંત્ર : ॐ ह्रीं नमो उवज्झायाणं**

(૭)

સમતા ધરે છે તપ કરે છે ભવ તરે છે મુનિવરો
દુઃખો હરે છે સુખ ભરે છે ગુણ ધરે છે મુનિવરો
શુભ આદરે છે અલ્પભવમાં શિવ વરે છે મુનિવરો
વંદુ મુનીશ્વરને ભવિકને ઉદ્ધરે છે મુનિવરો. ૮

**જાપમંત્ર : ॐ ह्रीं नमो लोए सव्वसाहूणं**

(૮)

પ્રતિબિંબ પૂરણ વિશ્વનું શ્રીજ્ઞાનના અરીસે પડે
સ્યાદ્વાદસંગે તત્ત્વરંગે જીવને ભ્રમ ના નડે

સદ્જ્ઞાનમાં તો તીર્થપતિનાં તેજકિરણો વિલસતા
શ્રીજ્ઞાનપદ આરાધતા સઘળાય સદ્ગુણ વિકસતા. ૯
**જાપમંત્ર : ૐ ह्रीं नमो नाणस्स**

(૯)

સુરભિ વસે છે ફૂલમાં ને ચાંદની રહે ચંદ્રમાં
રત્નો વસે છે સાગરે શ્રદ્ધા વસે તિમ ધર્મમાં
સંસારમાં ના રસ રહે ના વિસ્મરણ હો મોક્ષનું
દર્શનતણું પદ આતમાનું એક સર્વસ્વમ્ ગણું. ૧૦
**જાપમંત્ર : ૐ ह्रीं नमो दंसणस्स**

(૧૦)

બહુમાન સઘળા પૂજ્યનું સત્કાર ઉપકારીતણો
સૌ સાધુજન ને ગુરુજનોને આપવો આદર ઘણો
અભિમાન કાયમ ટાળવું હંમેશ નમ્ર થવું ગમે
શ્રી વિનયપદની સાધનામાં ચિત્ત હંમેશા રમે. ૧૧
**જાપમંત્ર : ૐ ह्रीं नमो विणयस्स**

(૧૧)

ચારિત્રને દુનિયા નમે ચારિત્રને પ્રભુજી સ્તવે
ચારિત્રધરનાં ચરણમાં દેવેન્દ્ર વંદન પાઠવે
માનવતણા અવતારનું સાફલ્ય છે ચારિત્રપદ
ચારિત્રપદને વંદીએ ચારિત્ર કાપે છે વિપદ. ૧૨
**જાપમંત્ર : ૐ ह्रीं नमो चारित्तस्स**

(૧૨)

જગદીવડો છે બ્રહ્મવ્રત ઉત્તમ ધરમ છે બ્રહ્મવ્રત
મહાસાધના છે બ્રહ્મવ્રત પાવન પરમ છે બ્રહ્મવ્રત
શણગાર શીલતણા સજે તે મોક્ષને નક્કી વરે
શ્રી બ્રહ્મવ્રત પદને નમો એ આપદાઓ અપહરે. ૧૩
**જાપમંત્ર : ૐ ह्रीं नमो बंभयारिणं**

(૧૩)

દરિયે પડેલો હાથપગથી પાર પામી જાય છે
ધર્મક્રિયાથી એ રીતે સંસાર પાર પમાય છે
આચારના સંસ્કારથી જીવન સુવાસિત થાય છે
વંદુ ક્રિયાપદને ક્રિયામાં ધર્મ પૂર્ણ સમાય છે. ૧૪
**જાપમંત્ર : ૐ ह्रीं नमो किरियाणं**

(૧૪)

આ આતમા પર કર્મ છે તે કર્મથી જ તો દેહ છે
તે દેહથી છે પાપ તેથી દુઃખનો ના છેહ છે
કર્મો તૂટે તો દેહ છૂટે પાપ ખૂટે ભવ ટળે
તપ સત્ત્વ એવું આપતું કે કર્મ સૌ ભડકે બળે. ૧૫
**જાપમંત્ર : ૐ ह्रीं नमो तवस्स**

(૧૫)

સંપત્તિને જો સંગ્રહો તો દુર્ગતિમાં લઈ જતી
સંપત્તિ સન્માર્ગે ધરો તો સદ્ગતિમાં લઈ જતી
સાચા ઉદાર બની કમાણી ધર્મની કરવી ઘણી
શ્રીદાનપદ આરાધવાથી જીવ બને સુખનો ધણી. ૧૬
**જાપમંત્ર : ૐ ह्रीं नमो दाणस्स**

(૧૬)

અરિહંત ને આચાર્ય વાચક બાળમુનિઓ શ્રમણવૃદ્ધ
ને ગ્લાન તપસી ચૈત્ય સંઘ અને સુગુણ શ્રાવક વિશુદ્ધ
આ દશતણી સેવા સતત કરવી બહુ ઉછરંગથી
પ્રણમીએ વૈયાવચ્ચને રક્ષે સદા દુઃખસંગથી. ૧૭
**જાપમંત્ર : ૐ ह्रीं नमो वेयावच्चस्स**

(૧૭)

ગુરુચરણમાં અર્પિત કરો મનવચનકાયા ભાવથી
સંસાર તરજો સરળતાથી જેમ સરિતા નાવથી

સમતા સમાધિ ગુરુકૃપાએ સંયમી થઈ સાધવી
સુખદાઈ સંયમપદ નમી શ્રેણી સુગુણની બાંધવી. ૧૮
**જાપમંત્ર : ૐ ह्रीं नमो संजमस्स**

(૧૮)

કંઠસ્થ સૂત્રોને કરો વાંચન નવીન સદા કરો
વ્યાખ્યાનમાં ને વાંચનામાં જ્ઞાનની પ્રીતિ ધરો
જાણો નવું : શીખો નવું : પામો નવું ઉલ્લાસથી
શ્રી જ્ઞાન અભિનવ વંદજો : જ્ઞાની થજો વિશ્વાસથી. ૧૯
**જાપમંત્ર : ૐ ह्रीं नमो अहिणवनाणस्स**

(૧૯)

કૈવલ્યજ્ઞાની પરમજ્ઞાની જ્ઞાનવંત સૂરિવરો
સૂત્રો પ્રકાશીને ગયા છે ભક્તિ એની આદરો
શ્રુતજ્ઞાન આ કળિકાળમાં સૂરજ થઈને ઝળહળે
શ્રુતપદતણી પૂજા કરું : શ્રુત સેવતાં શાતા મળે. ૨૦
**જાપમંત્ર : ૐ ह्रीं नमो सुयस्स**

(૨૦)

જેની રજેરજમાં પ્રભુની સ્પર્શના સ્પંદી રહી
જેની રજેરજ યાત્રીને દઈ પુણ્ય અભિનંદી રહી
યાત્રા તણો રોમાંચ દઈને જિંદગી અજવાળતું
શ્રી તીર્થપદને વંદીએ શ્રીતીર્થ પાપ પખાળતું. ૨૧
**જાપ મંત્ર : ૐ ह्रीं नमो तित्थस्स**

❋ ❋ ❋

સવિ જીવ કરું શાસન રસી આ ભાવના હૈયે ધરું
એકાગ્રભાવે ભક્તિથી તપ વીશસ્થાનક આદરું
આગામીભવમાં તીર્થપતિનાં ચરણમાં સાધુ બનું
દેવર્ધિદાયક સાધનાથી સ્થાન પામું પરમનું. ૨૨

## ૧૪. ગણધર વંદના

(દ્વાદશાંગીપ્રણેતા શ્રી ગણધરોની આરાધના તથા ભક્તિ સ્વરૂપે અષ્ટપ્રકારી પૂજામાં આ આઠ ગીતો ઉપયોગી થશે. પૂજામંત્ર : ૐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय मोक्षंगताय श्रीमते गणधरदेवाय जलं (चन्दनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं) यजामहे स्वाहा)

### (૧) જળપૂજા

**(તમે મન મૂકીને)**

મહાપુણ્યવંત ગુણવંતા, ગણધર પ્રભુચરણે ઝૂકે
મનમાં ઘોળાતા પ્રશ્નો, ભગવાનની સામે મૂકે...
શું છે આ જગની સચ્ચાઈ એ પૂછ્યું ત્રણ વેળા
પ્રભુ કહે ઉત્પત્તિ સ્થિરતા વિલય રહે છે ભેળા
પ્રભુ મંત્ર એ કાનમાં ફૂંકે ગણધર પ્રભુચરણે ઝૂકે, મહા. ૧
સૂરજનાં અજવાળે ખીલે જેમ ફૂલડાઓ વનમાં
પ્રભુના શબ્દે અગણિત સત્યો સ્ફુટ થાય છે મનમાં
બને દ્વાદશ અંગ ઝરૂખે ગણધર પ્રભુચરણે ઝૂકે, મહા. ૨
તીર્થ તણો અનુયોગ અર્પવા પ્રભુ પોતાના હાથે
સિંહાસનથી ઊભા થઈને દિયે વાસક્ષેપ માથે
ગુણ ગાવામાં કોણ ચૂકે ? ગણધર પ્રભુચરણે ઝૂકે, મહા. ૩
સકલ પર્ષદા ભાવે વધાવે પ્રભુસાખે ગણધરને
પ્રભુને જીવન અર્પિત કરતા જેમ નદી સાગરને
એનાં નામે આપદ સૂકે ગણધર પ્રભુચરણે ઝૂકે, મહા. ૪

### (૨) ચંદનપૂજા

**(મંદિર પધારો...)**

ગણધર તણા ગુણ સઘળા વખાણે
દિયે દેશના તીર્થંકરનાં જ સ્થાને, ગણધરતણા ગુણ.
પ્રભુ દેશના આપે એક પ્રહરની, પછી દેશના થાય છે ગણધરની
પ્રભુનું ચરણપીઠ આસન પ્રમાણે, ગણધર. ૧
અહો ! કેવળજ્ઞાનીઓ મૌન પાળે, અને ગણધરો દેશનાઓ ઉજાળે
આ સમવસરણનો નિયમ સર્વ જાણે, ગણધર. ૨

અસંખ્યાતભવનું કરી જાણે વર્ણન, અરિહંત જેવું જ કરતાં નિરૂપણ
સુરેન્દ્રો નરેન્દ્રો સદા બહુમાને, ગણધર. ૩
મળે ગણધરો તો જ તીરથ સ્થપાતું, બધું ગચ્છનું કાર્ય એમને અપાતું
સહુ કોઈની યોગ્યતા એ પીછાણે, ગણધર. ૫
'પ્રભુ અર્થ ભાખે રચે સૂત્ર ગણધર', આ આગમકડી ગાય મહિમા મનોહર
સદા દ્વાદશાંગીનો આનંદ માણે, ગણધર. ૫

## (૩) પુષ્પપૂજા

### (હું તો ગઈ'તી...)

તમે વંદો ભાવે ધન્ય ગણધારી પાપ નિકંદો
ગુણલાઓ ગાઈને મનથી ધરાઈ આતમરસ આનંદો, તમે.
આંખોમાં તેજના ફુવારા વાણીમાં અમૃતની ધારા
ચહેરા પર પાવન અજવાળાં મને ગણધરજી લાગે છે પ્યારા !
મોહમાયા વીસરું છું રંગરાગ વીસરું છું નમતા ગણધાર સુખકંદો, ગુણલાઓ. ૧
ભક્તો હજારો આવે છે સુંદર વાતો સમજાવે છે
સાધકની આંખો પર ગણધર નવાંનવલાં શમણાં સજાવે છે
શબ્દે શબ્દ એના અક્ષરે અક્ષર એના ટાળી દે છે દુઃખ દર્દો, ગુણલાઓ. ૨

## (૪) ધૂપપૂજા

### (ઢોલીડા ઢોલ તું વગાડ...)

કેવા છે ગણધરો મહાન તમે વંદના કરો
વંદના કરો રે તમે વંદના કરો, કેવા છે.
પ્રભુના હાથથી લહે છે તેઓ પહેલી દીક્ષા
પહેલી દીક્ષા લહે છે પહેલી દીક્ષા, કેવા છે. ૧
બને છે શિષ્યોના ગુરુ તેઓ દીક્ષાદિને
શિષ્યના ગુરુ બને છે શિષ્યના ગુરુ, કેવા છે. ૨
એના છે ગુણલા અપાર એ તો ઉત્તમ ઉદાર
ગુણલા અપાર એ તો ઉત્તમ ઉદાર, કેવા છે. ૩

## (૫) દીપપૂજા

(ઢોલીડા  ઢોલીડા...)

તાળીના તાલ તમે દેતાં ના થાકજો
ગણધરના મહિમાને અંતરમાં આંકજો
આતમાના આનંદે રહેતા અણગાર
ચતુર્વિધ સંઘ તણી રાખે સંભાળ
ગુણલા ઓળખીને રસ એનો ચાખજો, ગણધરના. ૧
સૂત્રોનાં સર્જનનો યશ એ પામ્યા
આંતર શત્રુઓને ઉડતા ડામ્યા
રસથી મઘમઘતી વાણી હૈયામાં રાખજો, ગણધરના. ૨

## (૬) અક્ષતપૂજા

(ચાલો વીરા...)

પૂજો તમે સાચા દિલથી શ્રી ગણધર ભગવંતો
મહિમાનિધાન છે લબ્ધિ નિધાન છે
સુખકારી મહારાજ છે અગણિત ગુણ ગણવંતો રે, પૂજો શ્રી ગણધર ભગવંતો.
અનહદનો રંગ છે પરમાતમ સંગ છે
જૈનશાસનના સ્તંભ છે દશે દિશાએ જયવંતો રે, પૂજો.

## (૭) નૈવેદ્યપૂજા

(પંખીડા...)

પાવન છે મનભાવન છે
ગણધર તો ઉપકારોતણો સાવન છે
સુખ અને સમતાનું સહસાવન છે...
એણે વારસો દીધો તે આજ જીવી રહ્યો
એનાં સૂત્રોનો ઉપદેશ શાશ્વત કહ્યો
અમને ગમે તમને ગમે પતિતપાવન છે, ગણધર તો.

## (૮) ફલપૂજા

**(મૈત્રીભાવનું...)**

આદીશ્વર ભગવાનના ગણધર ચોર્યાશી પુંડરીકપ્રમુખ
અજિતનાથના સિંહસેન આદિ પંચાણું ગણધર દે સુખ
સંભવનાથના ચારૂઆદિ એકસો બે ગણધર વંદો
અભિનંદનના વજનાભ આદિ એકસોસોળ સુખકંદો. ૧

સુમતિનાથના ચરમ આદિ સો ગણધર ભાવે નમીએ
પદ્મપ્રભના સુવ્રત આદિ એકસો સાત મન રમીએ
સુપાર્શ્વનાથના વિદર્ભ આદિ પંચાણું છે ગણધર
ચંદ્રપ્રભના દત્ત પ્રમુખ ત્રાણું ગણધર છે સુખકર. ૨

સુવિધિનાથના વરાહ આદિ અઠ્યાશી સુંદર સોહે
શીતલનાથના આનંદ આદિ એક્યાશી સુંદર સોહે
શ્રેયાંસનાથના ગોશુભ આદિ છોત્તેર ગણધર કહીએ
વાસુપૂજ્યના સૂક્ષ્મ પ્રમુખ છાંસઠ ગણધર સદ્દહીએ. ૩

વિમલનાથના મંદર આદિ સત્તાવન ગણી ભાખ્યા
અનંતનાથના પચાસ યશ આદિ શાસ્ત્રોમાં દાખ્યા
ધર્મનાથના અરિષ્ટ આદિ તેત્તાલીસ છે ગણધર
શાંતિનાથના ચક્રાયુધ આદિ છત્રીસ છે દુઃખહર. ૪

કુંથુનાથના ચક્રાયુધ આદિ પાંત્રીશ ગણધર જાણો
શ્રી અરનાથના કુંભ પ્રમુખ તેત્રીશ ગણધરો માનો
મલ્લિનાથના ભિષક આદિ અઠ્યાવીસ છે સુખદાતા
મુનિસુવ્રતના ઇન્દ્રાદિક અઢાર દિયે છે સુખશાતા. ૫

નમિનાથના કુંભ પ્રમુખ સત્તર ગણધર જયકારી
નેમિનાથના વરદત્તાદિ એકાદશ અવિકારી
પાર્શ્વનાથના આર્યદત્ત આદિ છે દશ ગણધારી
વીરપ્રભુના ગૌતમ આદિ એકાદશ ભવપારી. ૬

• • •

# ૧૫. આચાર્ય વંદના

(પંચાચારનું પાલન કરનાર આચાર્યભગવંતોની ભવ્ય પરંપરામાંથી વિશિષ્ટ સૂરિભગવંતોની કથાઓ વર્ણવતી આ વંદના, ગુરુભક્તિના કોઈપણ અવસરે ગાઈ શકાય છે.)

## (૧) વંદન મંગલ

**(શ્રી રામચંદ્ર...)**

શ્રી વર્ધમાન જિનેશ્વરં, પ્રણમામિ પાપવિનાશકમ્
ગણધરવરં ગૌતમપ્રભું, પ્રણમામિ પુણ્યવિકાસકમ્
શ્રી સુધર્મદેવં સંસ્તુવે, નિર્ગ્રંથગણવરનાયકમ્
શ્રી ધર્મશાસનમવિચલં, પ્રણમામિ શિવસુખદાયકમ્
શ્રી કોટિગણસંસ્થાપકં, સુસ્થિતસુપ્રતિબદ્ધં સૂરિમ્
શ્રી વજ્રશાખાયા મૂલં, શ્રી વજ્રસ્વામિમહાગુરુમ્
શ્રી ચાંદ્રકુલનિર્માણકરમથ ચંદ્રસૂરિં પ્રણમતુ
આચાર્યવંદનમંગલં મમ દોષહારિ પ્રભવતુ

## (૨) સૂરિવર મહાન

**(કસુંબીનો રંગ...)**

જન જનના હોઠેથી નામના ગવાય ઘણા એવા સૂરિવર મહાન્
તીર્થંકરના મુખથી બોલાયા નામઃ ચાર કેવા સૂરિવર મહાન્
હો પ્રીત ધરી વંદો સૂરિવર મહાન્...
સીમંધર પ્રભુએ ઇન્દ્રને જણાવ્યું, આર્ય શ્યામ સૂરિવર મહાન્
મુજ સમ સમજાવશે એ નિગોદને જ્ઞાનધામ સૂરિવર મહાન્, હો પ્રીત. ૨
માનવનાં રૂપ ધરી ઇન્દ્ર મહારાજા વંદે સૂરિવર મહાન્
દેશના દિવ્ય દઈ હૈયાના સંશયો છેદે સૂરિવર મહાન્, હો પ્રીત. ૩
ઇન્દ્રે જાણ્યું પ્રભુ સમ બોલે જ્ઞાની સૂરિવર મહાન્
દ્વાર બદલાવીને વિદાય લે નમી ધ્યાની સૂરિવર મહાન્, હો પ્રીત. ૪
દેવસુંદરસૂરિ કાળ પામે છે ગુણિયલ સૂરિવર મહાન્
સીમંધર પ્રભુ કહે : સ્વર્ગે ગયા એ ઉજ્જ્વલ સૂરિવર મહાન્, હો પ્રીત. ૫
વીરપ્રભુ કહે : હરિણગમેષી થાશે સૂરિવર મહાન્
દેવર્દ્ધિગણિની આગમસેવના ગુણ ગાશે સૂરિવર મહાન્, હો પ્રીત. ૬

હેમાચાર્ય કુમારના ગુરુવર બનશે સૂરિવર મહાન્
વીર પ્રભુ કહે : એને અઢાર દેશ નમશે સૂરિવર મહાન્, હો પ્રીત. ૭
સમવસરણમાં મહિમા ગવાયો ધન્ય સૂરિવર મહાન્
પાંચ આચારને પાળે આચારજ પુણ્ય સૂરિવર મહાન્, હો પ્રીત. ૮

## (૩) જ્ઞાનાચાર્ય વંદના
## (ઊંચી તે મેડી...)

જ્ઞાનનો દરિયો મોટો છલકે રે એમાં ઉભરે અમૃત જામ,
કેશી ગોયમ મળે પ્રેમથી પછી થાય ઘણો અભિલાપ,
સાધીતી એકતા ધર્મની એણે વીખર્યા જગના પાપ, જ્ઞાનનો. ૧
શય્યંભવ સૂરિવર વિરચે શ્રી દશવૈકાલિક સૂત્ર,
બાળમુનિ છ માસ પાઠથી અંતે સ્વર્ગ ગયા પુત્ર, જ્ઞાનનો. ૨
પૂર્વ ભણે સ્થૂલભદ્રજી એની વાચના ચાલે સાત,
ભદ્ર ગુરુ નવમ પૂર્વથી દિયે વાચના નવ અવદાત, જ્ઞાનનો. ૩
પારણે પોઢતા વજ્રજી ખુદ અંગ ભણ્યા અગિયાર,
વજ્રભૂતિ ગીત જે રચે રાજરાણી ગાય સાર, જ્ઞાનનો. ૪
શ્રી હરિભદ્રસૂરિજીએ કેવા રાતનાં રત્ન દીપાવ્યા,
અંબિકાદેવીની પ્રાર્થના એણે ગ્રંથ હજાર સજાવ્યા, જ્ઞાનનો. ૫
રોજ હજાર ગાથા કરે એવા બપ્પભટ્ટિ મુનિરાય,
છ ઘડીમાં ગાથા પાંચસો ગુરુ ધર્મઘોષ મુખ થાય, જ્ઞાનનો. ૬
મલ્લવાદી સૂરિ હતા અહો ! છઠ ઉપર કર્યા છઠ,
એક જ શ્લોક થકી રચ્યો શ્રીનયચક્રનો ગ્રંથ, જ્ઞાનનો. ૭
જ્ઞાનાચાર્ય ઘણા થયા જિનશાસન શિરતાજ,
શબ્દે શબ્દે તેમના સિદ્ધિના મળે રાજ, જ્ઞાનનો. ૮

## (૪) દર્શનાચાર્ય વંદના
### (અમને આપો...)

જિનશાસનની ધજા જગતમાં જસ નામે લહેરાયજી, જયવંતા સૂરિરાયજી (૨)
રત્નપ્રભસૂરિ ચમત્કારથી રીઝવે બહાદુરશાહજી,

પાલખી-પૂતળી-પાણી-વડમાં પૂરે ગતિ ઉત્સાહજી,
ગામ ધર્યા તે ભેટ ન લીધા રાય ભક્ત થઈ જાયજી, જયવંતા. ૧
ગંઠસીનું પચખાણ શીખવે વજસેન સૂરિવરજી,
યોગસંયોગે એ જ રાત્રિએ મરી ગયો એ વણકરજી,
સજા સૂરિને રોકે કપર્દી શત્રુંજય અહિઠાયજી, જયવંતા. ૨
બલિદાન નરસિંહસૂરિજી રોકે ગામોગામજી,
ગુરુ માને વનરાજ ચાવડા શીલગુણસૂરિ નામજી,
વીરસૂરિ અષ્ટાપદ વાંદે યક્ષે કરી સહાયજી, જયવંતા. ૩
બ્રાહ્મણ સહસ અઢારને વાળ્યા જૈન ધર્મને મારગજી,
અઢાર શિષ્ય સૂરિપદ પામ્યા સૂરિ ધનેશ્વર તારકજી,
અભયદેવસૂરિ ગુરુ એના રાજર્ષિ વખણાયજી, જયવંતા. ૪
અંતરમાં શાસનની શ્રદ્ધા ભાવભરી અવધારેજી,
સમ્યગ્દર્શન સૌને આપી ભવસાગરથી તારેજી,
દર્શનાચારજ નમીએ ભાવે બોધિબીજના દાયજી, જયવંતા. ૫

## (૬) ચારિત્રાચાર્ય વંદના-૧

**(દરિયો ડોલે રે...)**

ચારિત્ર આકરું પાળતા મન ન ધરે માયા લવલેશ રે,
આચાર્ય એવા વંદુ છું સાચા ઉમંગથી,
કક્ક સૂરિજી છઠ્ઠા થયા દેવી દેવો હાજરાહજૂર રે, આચાર્ય.
પદ્મા રચાવે કુવલયકથા ઉદ્યોતનસૂરિ રસપૂર રે. આચાર્ય. ૧
વિગઈ છઃ ભક્તતણી ગોચરી છાંડે માનદેવજી હંમેશ રે, આચાર્ય.
સ્તોત્ર લઘુશાંતિ રચ્યું સંઘતણી રક્ષા સુવિશેષ રે, આચાર્ય. ૨
પાંચસો શિષ્યના મહાગુરુ યશોભદ્રસૂરિ મહાસિદ્ધ રે, આચાર્ય.
આઠ કવળ આહાર લે કાયમ વિગઈત્યાગ કીધ રે, આચાર્ય. ૩
વાદ જીતે વાદિદેવજી રાજા કરે લાખ મહોર દાન રે, આચાર્ય.
સૂરિજી સંપદા ના લિયે થાય જિનભવન નિર્માણ રે, આચાર્ય. ૪
ગુરુવર અઢારસો સાધુના સોમસુંદરસૂરિ ગુણવાસ રે, આચાર્ય.
ખૂની આવ્યો એને મારવા શિષ્ય થયો સંજમ સુવાસ રે, આચાર્ય. ૫

ડંખી ગયો કાળો નાગ પણ ઉતરી ગયું ઝેર એનું જાતે રે, ચાચાર્ય.
મહેન્દ્રપ્રભસૂરિ ધન્ય છે મેરૂતુંગસૂરિ સુખ શાતે રે, આચાર્ય. ૬
ત્રિકરણયોગ શુદ્ધ કરે સંભાળે સમિતિ સુહાસ રે, આચાર્ય.
ચારિત્રયોગ સાધે ગુરુ આપે છે પરમના વિલાસ રે, આચાર્ય. ૭

## (૭) ચારિત્રાચાર્ય વંદના-૨

**(મૈત્રીભાવનું પવિત્ર...)**

બાળવયે સંયમવ્રત લઈને બાળવયે આચાર્ય બને,
એવા ઉત્તમ મહાપુરુષોના ગુણલા શબ્દો કેમ ગણે. ૧
સાતમે વરસે દીક્ષા લીધી તેર વરસે આચાર્ય થયા,
મેરુતુંગસૂરિ ધર્મપ્રભાવક મહાકવિવર બની ગયા. ૨
ચૌદમાં વરસે દીક્ષા લીધી સત્તરમાં વરસે સૂરિ,
ધર્મમૂર્તિ આચાર્યને નમીએ શાસનરક્ષા કરી ભૂરિ. ૩
નવમા વરસે દીક્ષા પામ્યા આચારજ વય પંદરમાં,
શ્રીકલ્યાણસાગરસૂરિજી પામ્યા બ્રાહ્મી અને રમા. ૪
પાંચમાં વરસે દીક્ષા પામે આઠમા વરસે આચારજ,
ગૌતમ મંત્રના સાધક સૂરિ કમલસિંહ આપે અચરજ. ૫

## (૮) તપાચાર્ય વંદના

**(દુઃખિયાને આરામ...)**

નહી દેહનો રાગ ઝંખે પદ વીતરાગ,
મહાતપસ્વી આચાર્યો તપ સાધે અણથાગ,
શાસનનું સોહાગ, પુણ્યવંત ગુણભાગ,
મહાતપસ્વી આચાર્યો તપ સાધે અણથાગ,...
કક્ક સૂરિ આજીવન કરતા આંબેલ ને ઉપવાસ,
આર્ય મહાગિરિ જિનના કલ્પે સાધે છે વનવાસ,
વીસરે છે આહાર, ઉત્તમ શુભ આચાર. મહા. ૧

એક વરસમાં કેવળ ચોત્રીસ કરે પારણાં સાદાં,
ચોમાસી જેવાં મોટા તપ કૃષ્ણઋષિના થાતાં,
જ્યાં જ્યાં પારણું થાય, જિનમંદિર બંધાય, મહા. ૨
ખીમઋષિજી ત્રેપ્પન વર્ષો તપ સાધના અપાર,
ઘોર અભિગ્રહ લીધાં એણે તો ચોર્યાશી વાર,
ઝેર ઉતરી જાય, હાથી સાજા થાય, મહા. ૩
આજીવન ઉપવાસ એકાંતર ભદ્રેશ્વર સૂરિરાયા,
બારવરસ વય દીક્ષિત ના લે વિગઈના પડછાયા,
શીલભદ્રસૂરિરાય, જિનશાસન સોહાય, મહા. ૪
વર્ધમાન સૂરિજી કરતા આંબેલ પંદર વર્ષ,
શંખેશ્વર યાત્રાના માર્ગે સ્વર્ગે જાય સહર્ષ,
અધિષ્ઠાનકર દેવ ! થયા એ એકમેવ, મહા. ૫

## (૯) વીર્યાચાર્ય વંદના

**(દયાના સાગર થઈ...)**

આંધીનાં ટોળા સામે એકલા ઊભા રહીને, ધર્મની રક્ષા કરે છે,
એ સૂરિરાજા તીર્થંકર પદ વરે છે...
ખપુટાચાર્યની સામે દૈવી આપત્તિ ઘણી, આવે અગોચર ભારે,
એ એકલવીરથી સૌ કોઈ વૈરી ડરે છે, એ સૂરિ. ૧
સંઘ જતો હતો આબુ તીરથ પર, પાણીનો સંગ્રહ ખૂટે,
કકુદાચાર્ય વિદ્યાથી કુંડ ભરે છે, એ સૂરિ. ૨
જિનવલ્લભસૂરિ ઉગ્રવિહારી, ગામોગામ વિચરે છે,
ત્રણ લાખ લોકો જૈન ધરમ આદરે છે, એ સૂરિ. ૩
શ્રી જિનપ્રભસૂરિ મંત્રતણાં બળે, મુસ્લિમ રાજવી રંજે,
તો નાસ્તિક રાજા તીરથ રક્ષા કરે છે, એ સૂરિ. ૪
ચોર પાંચસો સાથે દીક્ષા લે છે, હરિદત્ત સૂરિ બને છે,
શ્રીલંકા લગી જૈન ધર્મ પ્રસરે છે, એ સૂરિ. ૫

# ૧૬. નવકાર વંદના

(મહામંત્રી નવકાર સંબંધી જાપના કોઈ પણ પ્રસંગે આ વંદના ઉપયોગી બનશે.)

નવકાર મારા હૃદયમાં, નવકાર મારા જીવનમાં,
નવકાર મારી આંખમાં, નવકાર મારા સ્મરણમાં,
નવકાર મારા હોઠ પર, નવકાર મારા શ્વાસમાં,
નવકાર મારો નાથ છે, નવકાર મારો આતમા. ૧
નવકાર મારા ધ્યાનમાં, નવકાર મારા ગાનમાં,
નવકાર મારા ચિત્તમાં, નવકાર મારા પ્રાણમાં,
નવકાર મારા મસ્તકે, નવકાર મારી યાદમાં,
નવકાર મારો નાથ છે, નવકાર મારો આતમા. ૨
નવકારની આરાધના જીવનતણો શણગાર છે,
નવકારની શુભ સાધના સહુ મંત્રનો આધાર છે,
નવકારના શરણે રહેવું એ જ મુજ નિર્ધાર છે,
નવકાર પર જેને ભરોસો તે સહુ ભવપાર છે. ૩
નવકાર પાપોને હણે, નવકારથી કર્મો ટળે,
નવકાર વિપદાને હરે, નવકારથી સિદ્ધિ મળે,
નવકારને ભૂલી જનારા દુઃખના દરિયે પડે,
નવકારને સમરે સતત તેને પરમ સંપદ ફળે. ૪
નવકારના એકેક પદમાં તીર્થશતનો વાસ છે,
નવકારનો પ્રત્યેક અક્ષર નિત્ય ને અવિનાશ છે,
નવકારમાં પરમાતમાપદ આપનારી શક્તિ છે,
નવકાર મુજબ સર્વસ્વ છે, નવકારમાં મુજ ભક્તિ છે. ૫
નવકારની પૂજા કરું, નવકારની જ ઉપાસના,
નવકાર હરશે જનમજનમોની પુરાણી વાસના,
નવકારની જ સુવાસથી મુજબ આતમા સુરભિત કરું,
નવકાર કેરા જાપથી હું પાપ સંતાપો હરું. ૬
નવકાર અમરકુમારને અગ્નિથકી રક્ષી ગયો,
નવકાર વાનરનેય ઊંચુ દેવપદ બક્ષી ગયો,
નવકાર બળથી શિવકુમારે ભૂતભય જીત્યો હતો,
નવકાર મારા રોમેરોમે ગીત થઈને ગુંજતો. ૭

અરિહંત ભગવંતો અને શ્રી સિદ્ધ ભગવંતો સહુ,
આચાર્યભગવંતો, ઉપાધ્યાયો અને સાધુ સહુ,
નવકારમાં શોભી રહ્યા, પાંચેયને વંદન કરું,
આ પાપનાશક વંદનાથી હું મહામંગલ વરું. ૮

એક લાખ કે નવ લાખ જાપે તીર્થંકર પદ આપતો,
નવ લાખ જાપે નરક ગતિના દુઃખ દુર્ગમ કાપતો,
નવકાર શાંતિને સમાધિ આપતો સંસારમાં,
ભૂલું નહીં નવકારને, શ્રદ્ધા મને નવકારમાં. ૯

શ્રી સિદ્ધપદમાં હું બિરાજું આવતા અવતારમાં,
નવકારથી સંસારને વિસરું, ભળું નવકારમાં,
આ ભાવના ધરનારને મહામંત્ર આ ચોક્કસ ફળે,
નવકારના સાધક સહુને પ્રશમમય શિવપદ મળે. ૧૦

## ૧૭. અઢીદ્વીપ અણગાર વંદના

(श्री अड्डाइज्जेसु दीवसमुद्देसु सूत्र આધારિત આ વંદનામાં મુનિપદની સ્તવના છે.)

દેવો કરે તેને નમન જેનાં હૃદયમાં ધર્મ છે
સંયમ-અહિંસા-તપ ત્રિવિધ એ ધર્મ મંગલમર્મ છે
મન-વચન-કાયાથી અખંડિત આદરે આરાધના
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૧

માનુષ્યલોકની મધ્યમાં મહાદ્વીપ જંબૂદ્વીપમાં
એક ભરતમાં એક ઐરવતમાં એક મહાન્ વિદેહમાં
ચારિત્ર પાળે, અંતરે ધરી મોક્ષપદની ઝંખના
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૨

એક તરફ લવણ સમુદ્ર છે બીજી તરફ કાલોદધિ
વ્યાવૃત્ત વલયાકાર વચ્ચે ખંડ શોભે ધાતકી
બે ભરતમાં બે ઐરવતમાં બે મહાન્ વિદેહમાં
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૩

જેની વચોવચ માનુષોત્તર પર્વતેશ્વર શોભતો
તે દ્વીપ પુષ્કરના પ્રથમભાગે કરમભૂમિમહીં
બે ભરતમાં બે ઐરવતમાં બે મહાન્ વિદેહમાં
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૪

ના પાપને કરશે કદી ના પાપ કોઈ કરાવશે
ને પાપીની અનુમોદના કરનાર મનથી ના થશે
જે પાપ છોડ્યા તે દિશામાં જીંદગીભર ના જશે
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૫

હાથે ધરે છે મોક્ષદાયક ધવલરંગી રજોહરણ
મુહપત્તિ આંગળિયે ધરે છે આતમાનું આભરણ
પંચમગતિને પામવાને પાંચ વાનાં ધારતા
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૬

ઘરઘર ફરી નિર્ગ્રંથ એ ભિક્ષા લહે માધુકરી
નિજ પાતરામાં સર્વસંપતકર ધરે છે ગોચરી
ભિક્ષા પછી એ પાત્ર બાંધે ઊનના ગુચ્છા ધરી
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૭

હિંસા તણો વ્યાપાર છોડ્યો છે ત્રિવિધભાવે કરી
ને જૂઠનો આધાર છોડ્યો છે ત્રિવિધ ભાવે કરી
ચોરી તણો વહેવાર છોડ્યો છે ત્રિવિધભાવે કરી
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૮

અબ્રહ્મનો આચાર છોડ્યો છે ત્રિવિધભાવે કરી
વૈભવ અને વેપાર છોડ્યો છે ત્રિવિધભાવે કરી
ને રાતનો આહાર છોડ્યો છે ત્રિવિધભાવે કરી
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૯

ત્રણયોગથી ત્રણકરણથી ચારેય સંજ્ઞા છોડવી
પાંચેય ઇન્દ્રિય જીતવી, દશ જીવ યતના જોડવી
યતિધર્મ દશવિધ પાળવો શીલાંગ સહસ અઢાર છે
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૧૦

અક્ષર અઢી છે ભિક્ષુના, અક્ષર અઢી છે સત્ત્વના
અક્ષર અઢી છે ધર્મના, અક્ષર અઢી છે તત્ત્વના
અક્ષર અઢી છે પ્રેમના, તે પ્રેમ સૌને આપતા
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૧૧
મસ્તક નમે મુજ મન નમે હૈયું નમે ઉલ્લાસથી
ચારિત્રધર ચારિત્ર પાળે છે અજબ વિશ્વાસથી
ના કોઈ કંટક કે કલંક નડી શક્યા છે એમને
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૧૨
સંસારને છોડી શકો તો ધર્મ અજવાળી શકો
હો આઠ કે એંશી ઉંમર, સંયમજીવન પાળી શકો
એવી મનોહર પ્રેરણા એ કર્મભૂમિને આપતા
અઢીદ્વીપના અણગાર સૌ અવધારજો અમ વંદના. ૧૩

## ૧૮. તપસ્વી વંદના

(નાની મોટી તપસ્યાઓમાં સમાપન પ્રસંગે આ વંદના દ્વારા તપસ્વીજનોના ગૌરવપૂર્ણ ઇતિહાસની ઝાંખી મેળવી શકાશે.)

### (૧)

**(એક જન શ્રુતિરસિયો...)**

તમે તપસી જનને વંદો રે હો ગુણવંતા સાધકજી,
દુષ્કર તપને અભિનંદો રે હો, ગુણવંતા સાધકજી. ૧
છ બાહ્ય અને છ અંતર રે હો, સાધુજન સાધે દુષ્કર રે હો. ૨
ચાર ધર્મમાં તપ છે પ્રધાન રે હો, ટાળે ચીકણાં કર્મ નિદાન રે હો. ૩
નિશ્ચય શિવમાર્ગ વિહરતા રે હો, તીર્થંકર પણ તપ કરતા રે હો. ૪
અજિતાદિ બાવીસ તીર્થંકર રે હો, ગયા મોક્ષે માસક્ષમણધર રે હો. ૫
દીક્ષા કેવળ ને મુક્તિ રે હો, કલ્યાણ તપની યુક્તિ રે હો. ૬
એક લાખ વરસ એકાંતર રે હો, માસક્ષમણ નંદન મુનિવર રે હો. ૭
નેમનાથનું ધ્યાન ધરંતા રે હો, પાંડવ તપસી શિવ વરતા રે હો. ૮
ધન્ના શાલિભદ્ર વખાણો રે હો, અનશન વીરમુખથી ગવાણો રે હો. ૯
પ્રભુશાસનની બલિહારી રે હો, તપ તપતા ભવિજન ભારી રે હો. ૧૦
આતમ અનહદ સુખ પામે રે હો, લહે પ્રશમ પરમપ્રભુ નામે રે હો. ૧૧

(૨)

(જગદીપકની...)

આદીશ્વર ભગવાનજી રે દીક્ષાવ્રત લે ઉદાર,
ગોચરચર્યા સંચરે રે નહીં દેહરાગ લગાર,
હો ગુણીજન ! તપસીજનને વાંદજો રે,
પુણ્ય પનોતા બાંધજો રે, સુખડા લહેજો અપાર,...
એક વરસ લગી વિહર્યા રે ભિક્ષા જોગ ન થાય,
ચારસો ઉપવાસો કર્યા રે કર્મ તૂટ્યા અંતરાય હો, ગુણીજન. ૧
બાહુબલી નિજ તાતના રે અદ્‌ભુત અનુસરનાર,
એક વરસ કાઉસગ્ગ રહ્યા રે વીસર્યા સકલ આહાર હો, ગુણીજન. ૨
વનવાસી બલદેવજી રે અનુપમ ધર્મપ્રબોધ,
વનચર વૈરવિરોધ શમે રે સાધે આતમ શોધ હો. ગુણીજન. ૩
સુંદરી દેવી મહાસતી રે વરસ તે સાઠ હજાર,
આંબેલનાં તપ આદરે રે ભરતના મોહ નિવાર હો, ગુણીજન. ૪
વનદેવી વાળે નદી રે રખે મુનિ બાધા થાય,
કાઉસગ્ગમાં તપ આદરે રે કૂલવાલક મુનિરાય હો, ગુણીજન. ૫
સિંહગુફા કૂવાતટે રે સર્પબિલે અણગાર,
ચારમાસી તપ આદરે રે સંલીનતા સહકાર હો, ગુણીજન. ૬
દઢપ્રહારી સંકલ્પથી રે પામ્યા ઉત્તમ ઠામ,
નાગકેતુ એક અઠ્ઠમે રે પામ્યા પ્રશમ પરિણામ હો, ગુણીજન. ૭

(૩)

(દુઃખડા નિવારો મારા...)

ભાવે સંભારું આજે વીરપ્રભુનાં ઊંચા તપને,
મોટા મોટા તપ કીધા પ્રભુએ કરમ દૂર કીધા,
કાયા રે કોમળ એની દીપતી એ જી રે.
દીક્ષાદિવસથી વીરજી બેઠા નહીં ક્યારે પણ,
સાડા બાર વરસો ઊભા સાધતા પ્રત્યેક ક્ષણ,
એ...ઈ રે અજબની સમતા ક્યાંય ન બાંધી મમતા,
મહામેરૂ જેવી ધીરતા રાખતા પરમાતમા, ભાવે. ૧

પગ વચ્ચે આગ લાગી, કાનમાં ખીલા ઠોકાયા,
કાળચક્ર માથે વાગ્યું તો'ય એ હસતા રહ્યા,
એ...ઈ રે રાતલડી લાંબી લાવી ઉપસર્ગ વીસ,
એકતાન ધ્યાનરસમાં સોહતા પરમાતમા, ભાવે. ૨

નવવાર તપ ચોમાસી બે માસી તપ છ વાર,
ત્રણમાસી અઢીમાસી દોઢમાસી બેય વાર,
એ...ઈ રે બાર માસક્ષમણ બોત્તેર સોળભથ્થા,
ષટ્માસનાં તપ બે બે વાર પ્રભુજીના થયા, ભાવે. ૩

અગિયાર વરસો પ્રભુજી અકોરડે વ્રતે રહ્યા,
ત્રણસોને ઓગણપચાસ પારણાં કેવળ લહ્યા,
એ...ઈ રે તપસ્યા ઊંચી પ્રભુજી તમે જે સાધી,
એનો એક અંશ અમને આપજો અલવેસરા, ભાવે. ૪

(૪)

(અમૃત ભરેલું...)

પગલાં એનાં પૂજે રાજા દેવો ગુણલા ગાય,
લાખો લાખો ભક્તો એની ભક્તિ કરી ખુશ થાય,
એવા હીર સૂરિજી દાદા તપ એના ખૂબ ગવાતા. ૧

દીક્ષા દિનથી આજીવન એ કરતાં એકાસન,
પાંચ વિગઈના પરિહારી છે અવિકારી તનમન,
ભવાલોચના લીધી બે વાર ઉપવાસ છસ્સો ઉદાર. ૨

બે હજાર આંબેલ બે હજાર નીવિ બસ્સો પચીસ છઠ,
છત્રીસસો ઉપવાસો કીધા બોત્તેર અઠ્ઠમ ભત્ત,
એકદત્તિ એકલદાણે આહાર લિયે એકટાણે. ૩

બાવીસ મહિના આંબેલ કીધા યોગવહન ઉલ્લાસ,
સૂરિમંત્રજપતણી તપસ્યા કીધી હતી ત્રણ માસ,
તેરમાસ તપ કર્યું'તું નિજગુરુ ચરણે ધર્યું'તું. ૪
સાધુ બે સહસ પચાસ પંડિત સાત હતા ઉવજ્ઝાય,

ત્રણસો શ્રમણી આજ્ઞા પાળે પણ નિઃસ્પૃહ ગુરુરાય,
તપ કરવામાં જ રાજી જીતે મોહ સામે બાજી. ૫
તપસ્વીઓને વંદન કરીએ વરીએ ઉત્તમ ધામ,
જીવનના સંતાપો હરીએ ઠરીએ શિવપુર ઠામ,
વરસે પ્રશમની ધારા ખીલે ગુણ અપરંપારા. ૬

**(૫)**

**(શાસ્ત્રીય...)**

તપનાં નામે ગવાયો,
તપગચ્છ તપનાં નામે ગવાયો,
ઘોર તપસ્યા પરમ સાધુતા આતમ આનંદ પાયો, તપગચ્છ.
વસ્ત્ર મલીન છે દેહ શુષ્ક છે મુખ પર તેજ દીપાયો,
અધ્યાતમનો આનંદ અવધૂત રોમે રોમે પથરાયો, તપગચ્છ. ૧
મણિરત્નસૂરિ નિજગુરુ પાવન જે દિન સ્વર્ગ સીધાયો,
તે દિનથી બાર વરસ લગી તપ જગતચંદ્રસૂરિ સધાયો, તપગચ્છ. ૨
ઓહડ ગામે સરિતા તીરે આતાપ લે સૂરિરાયો,
જૈત્રસિંહ રાજા રંજીને ‘તપા’ બિરુદ ધરાયો, તપગચ્છ. ૩
આંબેલવ્રતના ઘોર આરાધક વિગઈ ત્યાગ કરાયો,
તપાગચ્છની થાય સ્થાપના પ્રશમ અમૃત છલકાયો, તપગચ્છ. ૪

**(૬) બાર તપ**

**(હરિગીત...)**

અનશનતણું તપ થાય છે આહાર પરિહારે કરી,
આહાર ઓછો વાપરે તપ એહ હોય ઉણોદરી,
તપ વૃત્તિસંક્ષેપે ગણત્રીના જ દ્રવ્યો વાપરો,
દ્વાદશ તપસ્યા સાધના કરતા રહો, કર્મો હરો. ૧
રસત્યાગમાં બહુ ભાવતી વિગઈ મધુર સૌ છોડવી,
ને કાયક્લેશે દેહને તકલીફ દેવી નવનવી,
સંલીનતામાં સ્થિર રહો, ના દેહવાટે સંચરો, દ્વાદશ. ૨

સૌ પાપની આલોચના તપ તેહ પ્રાયશ્ચિત્ત છે,
ઉપકારીઓનો પ્રેમ જીતો, તે વિનય શુભચિત્ત છે,
ગુણવંતની સેવા જ વેયાવચ્ચ તપમાં આદરો, દ્વાદશ. ૩
સૂત્રો અને અર્થો અને તત્ત્વો ભણો, સ્વાધ્યાય તે,
ઉત્તમ મનોરથ, ભાવના એ ધ્યાન છે, સુખદાય તે
અવિચાર ને અવિકાર અનુભૂતિ છે ઉત્સર્ગે ધરી, દ્વાદશ. ૪
એ બારવિધ તપ બાહ્ય ષટ્ ષટ્ અંતરંગ સુખે વહો,
આ આતમા તો દેહથી છે ભિન્ન એ દઢ સદ્દહો,
ચીકણાં અને ઘનઘોર મેલ કરમતણાં દૂરે કરો, દ્વાદશ. ૫

## ૧૯. સાધર્મિક વંદના

(સાધર્મિક એ સંઘમહાજન છે. સાધર્મિકોનો ભવ્ય અને ગૌરવરૂપ ઇતિહાસ આ વંદનામાં પ્રસ્તુત છે. આ વંદના કોઈ પણ મંગલ પ્રસંગે ગાઈ શકાય છે.)

### દુહા

સાધર્મિકને વંદીએ સાધર્મિક ગુણવંત,
સાધર્મિકની સેવના લાવે ભવનો અંત. ૧
દેવ વસાવ્યા હૃદયમાં મસ્તક પર ગુરુરાય,
જીવન ધર્મ થકી ભર્યું સાધર્મિક શુભદાય. ૨
દાન-શીલ-તપ-ભાવ-ના સાધક સાધર્મિક,
પાવન શ્રી જિનધર્મના જ્ઞાતા એ માર્મિક. ૩
આવશ્યક આરાધના સાધે એહ સમર્થ,
સાધર્મિકભક્તિ વિના જીવન જાશે વ્યર્થ. ૪
ગુણ ગાજો સાધર્મીના દૂધે ધોજો પાય,
ભાવ ધરી બહુમાનજો એમ ભાખે જિનરાય. ૫

### (૧) સાધર્મિક સુખકાર રે

**(અમી ભરેલી નજરુ રાખો...)**

શ્વાસે શ્વાસે ધર્મ વસાવ્યો સાધર્મિક સુખકાર રે,
સેવા કરીએ સાધર્મિકની સાચા એ સંસ્કાર રે, શ્વાસે. ૧

પ્રભુની પૂજા ગુરુની સેવા આનંદે આદરતા રે,
પ્રવચન સુણવા હોંશ ઘણી છે ધર્મ ક્રિયા મન ધરતા રે, શ્વાસે. ૨
નવ નવ બોધ લહે ગુરુ પાસે વાંચન રસ ભરપૂર રે,
સામાયિક પ્રતિક્રમણે રસિયા તપ કરવામાં શૂર રે, શ્વાસે. ૩
રાત્રિભોજન નહીં ગમે છે નવકારશી ચોવિહાર રે,
અભક્ષભક્ષણ કાયમ ટાળે સાત્ત્વિક લે આહાર રે, શ્વાસે. ૪
મોજશોખથી ના રંગાતા વ્યસન વિનાનું જીવન રે,
નિંદાકુથલી કરે નહીં એ સ્વારથ ના રાખે મન રે, શ્વાસે. ૫
પૈસા માટે નહીં અનીતિ દેહ કાજ નહીં પાપ રે,
જમીન ઘર માટે ના ઝઘડો દિલમાં નહીં સંતાપ રે, શ્વાસે. ૬
માત-પિતાનો પ્રેમ જીતે છે ભાઈ-બહેનમાં સંપ રે,
પતિ-પત્ની મર્યાદા પાળે કુટુંબ એક અકંપ રે. શ્વાસે. ૭
સ્નાન કરે એ પૂજા કરવા રસોઈ દાનની માટે રે,
ભોજન દેહને ભાડું દેવા કોઈ કપટ નહીં હાટે રે, શ્વાસે. ૮
તીર્થંકર સમ સંઘ કહ્યો છે સાધર્મિક તસ અંગ રે,
રાગદ્વેષને જીતવા ઝંખે જિનભગવંતનો સંગ રે, શ્વાસે. ૯
મહામંત્ર નવકાર ગણે છે ભાવધરી ત્રણ કાળ રે,
એ મારા સાધર્મિક બંધુ વંદું મંગળમાળ રે, શ્વાસે. ૧૦

## (૨) પૂછો છો...

### (ઈતની શક્તિ હમે...)

ધર્મ આરાધનાના મનોરથ, હો સફળ કંઈ રીતે એ પૂછો છો ?
પ્રશ્ન મૂકું તમારી જ સામે, આંસુ સાધર્મિકોનાં લૂંછો છો ?
વાદળાં હોય પાણીવિહોણાં એવા દુષ્કાળમાં એક રાજા,
લાખ લોકોની સાથે ઉમંગે રાખે સાધર્મીને ખાસ સાજા,
પુણ્ય બાંધી થયા એ તીર્થંકર, નાથ સંભવ તમે ઓળખો છો ? પ્રશ્ન. ૧
રહે કર્ણાવતી લાછી દેવી, જૈન નિર્ધનને ઘર એણે વેચ્યું,
ત્યાંની ભીંતેથી નીકળ્યાંતાં રત્નો , લાલસામાં નહીં ચિત્ત ખેંચ્યું
એ ઉદો તો પછી બહુ કમાયો, નામ ઉદયનમંત્રીનું જાણો છો ? પ્રશ્ન. ૨

ઈંટ નળિયું ને થાળી સોનાનાં સાહમીને મળે એ અફર છે,
શહેર ચંદ્રાવતીની કહાની આજ પણ ઇતિહાસે અમર છે,
મોઢું મીઠું કરે રોજ બંધુ, સાચું કહેજો શું એવું ઝંખો છો ? પ્રશ્ન. ૩

## (૩) સાધર્મિકના સંગે

(પ્રીતલડી બંધાણી...)

સગપણ તો સાધર્મિકનું સાચું કહ્યું, બીજા સંબંધોમાં કાંઈ ન સાર જો,
સાધર્મિકના સંગે વીતે આયખું, સાધર્મિકભક્તિથી મુજ ઉદ્ધાર જો. ૧
ભરત રાજા થાપે છે માહણ સભા, ધર્મીજનનો સંઘ આવે દરબાર જો,
ભરીસભામાં રાજાને સંભળાવતા, રાગદ્વેષે વશ તુજને ધિક્કાર જો. ૨
દંડવીર્ય રાજાએ કરોડો સાહમી, સાત દિવસ લગી હાથે ભોજન દાય જો,
સાત થયા ઉપવાસો સૂરજ ડૂબતા, ધનુષ્ય કુંડલ દિવ્ય દિયે દેવરાયજો. ૩
શાલિભદ્રજી દીક્ષા લેવા નીકળ્યા, શ્રેણિક રાજા જાતે કરે સન્માન જો,
પગ ઉઘાડે છડી લઈ વરઘોડે ફર્યા, પીઠી ચોળી જાતે કરાવ્યું સ્નાન જો. ૪
લાભ સાધુનો કુમારપાળને ના મળે, તેથી બાંધી પૌષધ-ભોજનશાળ જો,
બારે મહિના અગણિત સાહમી તપ કરે, થાય પારણાં સૌના ગુણ ઉજમાળ જો. ૫
સાહમી ત્રણસો સાઠ આભૂ શેઠ ઉદ્ધરે, એક ચૌદસ દિન પૌષધ લે વિશ્રામ જો,
બત્રીસ સહસ સાધર્મી આવ્યા સામટા, ભક્તિ સાચવી પાંચ પક્વાનને ઠામ જો. ૬
સિદ્ધાચલ છરીપાલક સંઘના યાત્રિકો, આવ્યા હજારો વસ્તુપાળને ગામ જો,
દૂધે ધોઈ પગ ખેસથી નિજહાથે લૂંછી, પૂજે મંત્રી સાધર્મિક તમામ જો. ૭
ઝાંઝણશાને સારંગદેવ રાજા કહે, સંઘના મોટા માણસ લાવો મહેલ જો,
સાધર્મિક સૌ સરખા મોટા માહરે, ગૂર્જર આખું શેઠ જમાડે સહેલ જો. ૮

## (૪) સાધર્મિક મહાજન

(જય જય ગરવી...)

જયવંતુ જિનશાસન આજે ડંકા રાત દિવસ બજતા,
સાધર્મિક મહાજનનાં ગૌરવ સાંભળી દિલ ગદ્‌ગદ બનતા...
સવા લાખ મંદિર બંધાવ્યા મૂર્તિ ભરાવી સવા કરોડ,
દૂરદેશાંતર સાધુ વિચર્યા જગમાં એની જડે ન જોડ,
એ સંપ્રતિ એ મહારાજા એ પ્રભાવના કરનાર હતા, સાધર્મિક. ૧

છન્નુ કરોડ ખર્ચીને બાંધ્યો ત્રિભુવનપાળ વિહાર મહાન,
અઢાર દેશે ખીલી અહિંસા વ્યસનનિવારણના ફરમાન,
એ કુમારપાળ એ પરમાર્હત્ એણે ચૌદસો મંદિર બાંધ્યા'તા, સાધર્મિક. ૨
ચૌર્યાશી જિનમંદિર બાંધ્યાં નવસો બાંધી પૌષધશાળ,
સાત કરોડના જ્ઞાનમંદિરો જિનઘર દેવગિરિ સુવિશાળ,
એ પેથડશાહ એ મંત્રીશ્વર એના ખેસથી તાવ ઉતરતા'તા, સાધર્મિક. ૩
ઘર બંધાવ્યું નવું ખર્ચીને સોનામહોર ચોર્યાશી હજાર,
ગુરુના એક જ શબ્દે કરતા નવલા ઘરને ધર્માગાર,
એ મંત્રીરાજ શાંતૂ મહેતા શાસનની સેવા કરતા હતા, સાધર્મિક. ૪
જે બોલે નવકાર તેમને સોનાનો સિક્કો આપે,
ખભે ઝોળી છલકેલી રાખે રઈસ રંક સરખા માપે,
એ સારંગશેઠ એ ભક્ત વડા અણમૂલી શ્રદ્ધા ધરતા'તા, સાધર્મિક. ૫
ચક્કેસરી ને અંબાદેવી હંમેશા સાંનિધ્ય ધરે,
ક્રોડ અઢારે આબુ ઉપર વિમલવસહી નિર્માણ કરે,
એ વિમલશાહ એ નરબંકો એ યુદ્ધકળા નિષ્ણાત હતા, સાધર્મિક. ૬
તેરસોતેર જિનાલય બાંધ્યા બાવીસસોના જીર્ણોદ્ધાર,
સવાલાખ તો મૂર્તિ ભરાવી અઢાર ક્રોડના જ્ઞાનભંડાર,
એ વસ્તુપાળ એ તેજપાળ જાણે ચંદા સૂરજ દીપતા'તા, સાધર્મિક. ૭
સાચા સોનાના અક્ષરથી લખ્યા આગમો પિસ્તાળીશ,
સાત ક્રોડ દે સાતક્ષેત્રમાં અંતિમ ઉંમરે વિશાવાવીશ,
એ આભૂ શેઠ એ મહાશ્રાવક સાધુ થઈ મૃત્યુ વરી જતા, સાધર્મિક. ૮

## (૫) સાધર્મિકની અનેરી વાત

### (વિનવું છું પ્રભુ પારસનાથ...)

સાંભળજો આજ તમે હૈયે દઈ હાથ, સાધર્મિકની અનેરી વાત,
હૈયે વસાવ્યા એણે વીતરાગી નાથ, સાધર્મિકની અનેરી વાત.
પર્વે પૌષધ મેઘનાદરાજને ત્રણ હજાર રાય સાથે,
હજ્જારો નિર્ધન સાધર્મિકોને ક્રોડપતિ કર્યા હાથે,
ભક્તિ કરવામાં એને મળતી નિરાંત, સાધર્મિકની. ૧

કાકજંઘ રાજા વિમાન બેસી દુશ્મન દેશ પર ઊડતા,
દિગ્પરિમાણવ્રત યાદ આવ્યું તો દુશ્મન દેશે ઊતરતા,
ભૂખ્યા રિબાવે અરિ મન ના આઘાત, સાધર્મિકની. ૨
અંબડને હતો મદ શ્રદ્ધાનો મુજ સમ ભક્ત ન કોઈ,
ધર્મલાભ દેવા વીરે મોકલ્યા ત્યારે સુલસા જોઈ,
ખૂબ પરીક્ષા કરી ડગી નહીં માત, સાધર્મિકની. ૩
શ્રી હરિભદ્રસૂરિજી બેઠા સાંજે ચિંતાગ્રસ્ત થઈને,
લલ્લિગે જાણ્યું, લખવું અટક્યું અંધારાને લઈને,
ઝળહળતું રત્ન મૂક્યું અંધારી રાત, સાધર્મિકની. ૪
ભીમો કુંડલિયો સાત દ્રમ્મ દઈ ટીપમાં નામ લખાવે,
કાંઈ બચાવ્યું નથી એ જાણી મંત્રી પહેલું નામ મુકાવે,
યક્ષ કપર્દી આપે એને સૌગાત, સાધર્મિકની. ૫

## (૬) ના ચૂકતા

**(તમે મન મૂકીને વરસ્યા...)**

ભલે પ્રાણ સંકટે પડતા એ ધરમ કદી ના ચૂકતા,
વંદો એવા ધર્માત્મા એ ધરમ કદી ના ચૂકતા...
ભીમશેઠને ત્રણ સુત સાથે લૂંટારા વન લાવે,
પુત્રો રૂપિયા ખોટા આપે ચોરો ભીમને બતાવે,
કહે સાચું, પુત્રો મરતા શ્રેષ્ઠી ભય શોક ન ઝૂકતા, ભલે. ૧
અજયપાળ મંદિરને ભાંગે તારંગા ભણી આવે,
વચન માંગીને કીધી ભવાઈ શીલણ રાય ધ્રુજાવે,
એ રાજા પાછા વળતા તો તીરથ જીવી શકતા, ભલે. ૨
મુસ્લિમ રાજા શત્રુંજય પર આક્રમણો લઈ આવ્યા,
બારોટોએ છાતી ખંજર ભોંકી એ અટકાવ્યા,
કરો જ્યારે પાવન યાત્રા ત્યારે એ બલિદાન ન ભૂલતા, ભલે. ૩
સંઘસેવક ખેમો દેદરાણી મહંમદ બેગડા સામે,
એકલહાથ દુકાળ સંભાળે વરસે ગામે ગામે,
કહે પાદશાહ, હું ખોટો, તું સાચો શાહ જગતમાં, ભલે. ૪

## (૭) સાચો ભાઈ એ

**(પ્રભુ માંગી તારી પાસ...)**

ઊંચો સાધર્મિકનો વેશ વસે ધર્મકર્મને દેશ,
ચાલો આતમાને પ્રેરણા પાઈએ,
સાથે બેસીને સાધર્મીના ગુણ ગાઈએ, સાથે. ૧
તિલક મસ્તક પર કરીએ ચોખા કંકુ પર ધરીએ,
એની આંખડીના સ્નેહમાં સમાઈએ, સાથે. ૨
પીરસવું સોનાને થાળ ભોજન વાનગી વિશાળ,
સુકૃત જનમજનમના કમાઈએ, સાથ. ૩
પગે પડવામાં આનંદ સાધર્મિકનો સંબંધ,
એના તપજપગુણ મન ધ્યાઈએ, સાથે. ૪
કોઈ તીર્થંકર થાશે તો કોઈ ગણધર થાશે,
સિદ્ધશિલાના પ્રવાસી હૈયે લાવીએ, સાથે. ૫
ધાર્મિક ઉપકરણો દેવાં એના આશીર્વાદ લેવા,
ભાગીદારી ધરમની સોહાઈએ, સાથે. ૬
એને જોઈ કરવો ધર્મ એ સમજાવે ધર્મનો મર્મ,
સાચા સુખડાની કેડી સમજાઈએ, સાથે. ૭
તીરથયાત્રામાં સંગાથ તપ સાધનામાં સાથ,
ગુણ પામીએ ને દોષ ગુમાઈએ, સાથે. ૮
સ્વર્ગસુખનો ના ખપ, સાધર્મી સેવાનો જપ,
દાનશીલતપભાવ સધાઈએ, સાથે. ૯
એની શ્રદ્ધા મુજ આવે ધર્મ એહ સમો થાવે,
વ્રતનિયમમાં શૂરવીર થાઈએ, સાથે. ૧૦
ફળ્યો માહરો અવતાર જડ્યો સાધર્મિક આધાર,
ભવભવ મને મળો સાચો ભાઈ એ, સાથ. ૧૧

## ૨૦. મહાસતી વંદના

(મહાસતીઓના જીવનને રજૂ કરતી આ વંદના, જો ઉત્તમ સંગીતકાર અને વિવેચક મળે તો કોઈ પણ પ્રસંગે પ્રેરણાદાયક બની શકે છે.)

ધર્મલાભના આશિષ જેને, તીર્થપતિ મહાવીર દિયે
અંબડ પરિવ્રાજક વિદ્યાથી, અગમ પરીક્ષા જેની લિયે
ઈન્દ્ર પ્રશંસા કરે, દેવ પણ, જેને દે વરદાન મહાન્
ભાવિ તીર્થંકર સુલસાજી, આપો સમકિતનું વરદાન. ૧
આંસુનાં આમંત્રણ આપી, વીરને પાછા બોલાવે
ઘોર અભિગ્રહ ષટ્ માસિક, ઉપવાસ સહજ પૂરણ થાવે
જે છત્રીસ હજાર શ્રમણીમાં, શોભાવે છે પહેલું સ્થાન
રાજકુમારી ચંદનબાલા, આપો સમકિતનું વરદાન. ૨
રાણીએ આક્ષેપ કર્યો ને, રાજાજીએ સજા કરી
શેઠ સુદર્શન મૌન રહ્યા'તા, તોય ન શ્રદ્ધા ઘટી જરી
શૂલીમાંથી બન્યું સિંહાસન, એવું ઊંચું ધાર્યું ધ્યાન
મહાસતી શ્રી મનોરમાજી, આપો સમકિતનું વરદાન. ૩
દેવગતિ પતિદેવને આપી, સાચું સમાધિદાન કરી
બે પુત્રોનું યુદ્ધ નિવાર્યું, ક્ષમાભાવના હૃદય ભરી
પત્નીનું જનનીનું ઉજ્જ્વળ, રૂપ ધર્યું'તું સુગુણનિધાન
મદનરેખા સતીકુલમંડન, આપો સમકિતનું વરદાન. ૪
ચોવીશ જિનના ચોવીશ ચોવીશ, આંબિલ કીધા પૂર્વભવે
ચોવીશ જિનની રત્નતિલકથી, ભક્તિ કરીતી નિજ વિભવે
કઠિન પરીક્ષામાં પણ ધાર્યું, નળરાજા પ્રત્યે સન્માન
સતીશિરોમણિ દયમંતીજી, આપો સમકિતનું વરદાન. ૫
નિજ સંસ્કારે સાસરિયાને, જૈન ધર્મ સાથે જોડે
પાપોદયથી પતિ સતીને, દ્વીપે એકલ તરછોડે
શીલસુરક્ષા કરવા કાજે, સહ્યા હતા ભારે અપમાન
સતી નર્મદાસુંદરી અમને, આપો સમકિતનું વરદાન. ૬
પતિસંગે વનવાસ ખમ્યો, રાવણની સામે ના ઝૂક્યા
રામે તો અન્યાય કર્યો, પણ નિજમર્યાદા ના ચૂક્યા

અંગારાની ખાઈમાં પાણી, છલકાવે છે શીલનિધાન
મહાસતી શ્રી સીતાદેવી, આપો સમક્તિનું વરદાન. ૭
શ્રેણિકરાયના પહેલા રાણી, માતા મંત્રી અભયતણી
બેન્નાતટમાં વિજોગપીડા, શાંત સ્વભાવે ખમી ઘણી
પતિ અને પુત્રને કરાવ્યું, ધર્મ પ્રેરણા-અમૃત પાન
સતી સુનંદા શીલ સુગંધા, આપો સમક્તિનું વરદાન. ૮
શાલિભદ્રજીના માતાજી, ધન્નાજીના જે સાસુ
બંને જણને દીક્ષા અપાવી, આંખે ના લાવ્યા આંસુ
પણ વૈભારગિરિ પર રોયા, યાદ કરી અધૂરા અરમાન
મહામાત ભદ્રાદેવીજી, આપો સમકિતનું વરદાન. ૯
જૈનેતર પરિવાર વંચના, કરી વધૂપદે થાપે છે
અન્ય ધર્મ દેવા ચાહે, ના ફાવે તો દુઃખ આપે છે
કાંચા તાંતણે કૂવાજળ, કાઢીને ખોલ્યા દ્વાર પ્રધાન
સતી સુભદ્રા ચમત્કારિણી, આપો સમકિતનું વરદાન. ૧૦
મથુરાકેરી રાજકુમારી, કરે નેમને પ્રેમ બહુ
જાન ફરે તોરણથી પાછી, રાતદિવસ એ રડે બહુ
પ્રભુના હાથે દીક્ષા પામે, દેવરને દે બોધ સભાન
મહાસતી શ્રી રાજુલદેવી, આપો સમકિતનું વરદાન. ૧૧
બાવીસ વરસ વિયોગે વીત્યા, કલંક પણ મોટું આવ્યું
કર્યો ઘોર પરિહાર કુટુંબે, ધર્મશરણ મનમાં લાવ્યું
મહાપરાક્રમવંત અને પ્રખ્યાત પુત્ર જસ છે હનુમાન
મહાસતી અંજનાસુંદરી આપો સમકિતનું વરદાન. ૧૨
વીરબંધુ નંદીવર્ધનના, રાણી મનવચકાય પવિત્ર
ઇન્દ્ર પ્રશંસે દેવ પરીક્ષા કરે, રહ્યા જે નિર્ભયચિત્ત
ત્રિશલામાતાના જે વહુ છે, પદ્માવતી બીજું અભિધાન
મહાસતી શ્રીજ્યેષ્ઠાદેવી, આપો સમકિતનું વરદાન. ૧૩
ઋષભદેવજી જાતે આપે, જેને ઉત્તમ લિપિબોધ
અવસર્પિણીનું સર્વપ્રથમ, શ્રમણીપદ પણ પામ્યા અવિરોધ
ભાઈ જેના છે ભરતેશ્વર, જનક છે આદીશ્વર ભગવાન

મહાસતી શ્રી બ્રાહ્મીકુમારી, આપો સમકિતનું વરદાન. ૧૪
ગણિતશાસ્ત્રના જ્ઞાન, યુગાદિનાથકનેથી વર્યા અહો !
દીક્ષા લેવા સાઠ હજાર, વરસના આંબિલ કર્યા અહો !
સાત્ત્વિકતાનાં મુક્ત ગગનમાં, જેણે ઊંચી ભરી ઉડાન
તપસ્વિની સુંદરી મહાસતી, આપો સમકિતનું વરદાન. ૧૫
તેજોલેશ્યા ગોશાળાની, વીરદેહમાં દાહ ભરે
ત્યારે જે નિર્દોષ ઔષધિ, દઈ પ્રભુના દાહ હરે
શ્રીતીર્થંકરનામકર્મ બાંધ્યું તીર્થંકર ભક્તિ નિદાન
મહાભાગ્યવતી સતી રેવતી, આપો સમકિતનું વરદાન. ૧૬
ઉજ્જૈની નગરીમાં ભારી, મહામારી ઉપસર્ગ કરે
જેના હાથનું શાંતિજળ, એ ઘોર ઉપદ્રવ દૂર હરે
ચંડપ્રદ્યોત નરેશ્વરના, મહારાણી જે નવતત્ત્વસુજાણ
મહાસતી શ્રી શિવાદેવી, આપો સમકિતનું વરદાન. ૧૭
નેમનાથ ભગવાનના ફોઈ, ભીમ યુધિષ્ઠિર પાર્થની માત
કર્ણ તણી જનની ને રાજા, પાંડુની રાણી અવદાત
વનવાસે નાસિક્યપુરે, પધરાવ્યા ધર્મનાથ ભગવાન
મહાસતી શ્રી કુંતીદેવી, આપો સમકિતનું વરદાન. ૧૮
પૂરવભવના કર્મોદયથી, પાંચ પતિનો મળ્યો સંબંધ
મનને એવું વશમાં રાખ્યું, સતી ધર્મની ખીલી સુગંધ
રાજસભામાં શીલપ્રભાવે, ચીર પૂરાયાં શુભ અવધાન
મહાસતી શ્રી દ્રૌપદીદેવી, આપો સમકિતનું વરદાન. ૧૯
દશરથજીના પટ્ટરાણીજી, રામચંદ્રજીના જે માત
સ્નાત્રનીરની વાંછામાંથી, આત્મવધ લગી પહોંચી વાત
ધર્મસખ્ય ધનભાગી ધારે, ધર્મપત્ની સદ્ધર્મનિધાન
મહાસતી કૌશલ્યાદેવી, આપો સમકિતનું વરદાન. ૨૦
નિજબંધવની સાથે પરણે, દેવ રૂપે મા દે પ્રતિબોધ
દીક્ષા લે પણ રહે મહેલે, રાજાનો એવો અનુરોધ
આચારજની સેવા કીધી, પામીને વર કેવળજ્ઞાન
મહાસતી શ્રી પુષ્પચૂલાજી, આપો સમકિતનું વરદાન. ૨૧

વનવિહારમાં વિયોગ આવ્યો, ગર્ભવતી પણ લે દીક્ષા
કરકંડૂ ને દધિવાહનનું, યુદ્ધ નિવારે દે શિક્ષા
શ્રમણીવેષે થાય પ્રસૂતિ, બાળક પણ પહોંચે સમશાન
મહાસતી શ્રી પદ્માવતીજી, આપો સમકિતનું વરદાન. ૨૨
ચેડારાણાની એ પુત્રી, રાય શતાનીકના રાણી
રાય પ્રદ્યોતથી રક્ષી નિજને, સંયમ લીધું ગુણખાણી
ક્ષમાયાચના કરતા પામ્યા, ગુરુવર સામે કેવળજ્ઞાન
મહાસતી શ્રી મૃગાવતીજી, આપો સમકિતનું વરદાન. ૨૩
દિવ્યપ્રતિમા ચંદનકાષ્ટની, ભક્તિભાવથી આરાધે
દિવ્ય કોઈ સંકેત લહીને, પંચમહાવ્રત પણ સાધે
દિવ્યરૂપ લઈ ઉદયનરાયને, આપી જેણે સાચી સાન
મહાસતી શ્રી પ્રભાવતીજી, આપો સમકિતનું વરદાન. ૨૪
ઋષિદત્તા પદ્માવતી ચીલણા, સુજ્યેષ્ઠા ને મૃગાવતી
પ્રભાવતી દ્રૌપદી શ્રીદેવી, કુંતી શિવા ને કલાવતી
ઇત્યાદિક અગણિત મહાસતી, જેહ થયા છે સુગુણનિધાન
પ્રાતઃકાળે રોજ સમરીએ, આપો સમકિતનું વરદાન. ૨૫

## (૨૧) મરણ સમાધિ પ્રાર્થના

### (૧) ભાવના

**(મને વેષ શ્રમણનો...)**

મન શુભભાવનામાં ભળજો રે
દુઃખો, દુર્ભાવ, દ્વેષ ને દોષો, દૂરે ટળજો રે.
સૌને સૌનું સૌખ્ય સાંપડજો, સૌ સંતોષી થાજો
સદ્‌ગુણનું સૌ સર્જન કરજો, સૌ કોઈ સદ્‌ગુણ ગાજો
મન મૈત્રીનો દીપ પ્રજળજો રે. ૧
જેનામાં જે જે ઉત્તમ છે, તે સદ્‌ભાવે નિહાળું
અનુમોદન ને પુણ્યપ્રશંસા, આદરી પાપ પખાળું
મારું ચિત્ત પ્રમોદે વળજો રે. ૨

દુઃખીના દુઃખ દૂર થજો સૌ, ટળજો સૌ અસંતોષ
સૌનાં અંતર નિર્મળ બનજો, ધરજો ના કોઈ દોષ
હૈયું કરુણાભાવે પીગળજો રે. ૩
મનમાં પીડા દ્વેષ ન જાગે, દુર્જનતાને જોઈ
પોતપોતાના કર્મો દ્વારા, બંધાયા સૌ કોઈ
મન મધ્યસ્થતાથી ન ચળજો રે. ૪

## (૨) પ્રાર્થના

**(ઐસી દશા હો...)**

મારી આખરી ઘડીને સંભાળી લેજો દાદા
મને મૃત્યુની ક્ષણોમાં તમે સાથ દેજો દાદા. ૧
મારા શ્વાસ થાય ધીમા દેખાય છેલ્લી સીમા
તમે આંખમાં વસીને સંગાથે રહેજો દાદા. ૨
મારા આખરી દિનોમાં મારી આખરી પળોમાં
તમે દીવડો ધરીને અજવાસ દેજો દાદા. ૩
મારા હાથ રહેશે ખાલી એ હાથ લેજો ઝાલી
અસ્તિત્વ આખું મારું સંભાળી લેજો દાદા. ૪

## (૩) જાગૃતિ

**(મૈત્રી ભાવનું પવિત્ર...)**

હું આત્મા છું, હું આત્મા છું દેહ નથી હું દેહ નથી
શુદ્ધ ચેતના સ્વભાવ મારો મને દેહ પર સ્નેહ નથી. ૧
શ્વાસની ધારા ચાલે છે પણ હું તો કોઈ શ્વાસ નથી
ચંદ સમયનો આ છે વિસામો આ કોઈ શાશ્વત વાસ નથી. ૨
હૃદય કરે ધબકાર પળેપળ હૃદય નથી હું હૃદય નથી
એ અટકે ત્યારે પણ જીવીશ આત્મા છું મને ભય નથી. ૩
સંબંધીઓ ઘણાબધા છે પણ હું કોઈનો સ્વજન નથી
મોક્ષના મારગ પર ચાલું હું મનમાં રાગનું રટણ નથી. ૪

ધન-વસ્ત્રોને ઈમારતો તો પહેલેથી જ અચેતન છે
હું ચેતન છું સાવ વ્યર્થ આ નિશ્ચેતનનું વળગણ છે ૫
સિદ્ધગતિમાં સ્થાન છે મારું દેહમાં મારું સ્થાન નથી
દેહ છૂટે તો ભલે છૂટતો મનમાં મમતા માન નથી. ૬

## (૪) શુભભાવ

સદ્ધર્મ જે મુજને મળ્યો, તે વિશ્વમાં સૌને મળે
સમજણ મને સાચી મળી તેવી સમજ સૌને મળે
કલ્યાણ સહુનું થાય તેવી ભાવના મુજ મન વસી
જો હોવે મુજ શક્તિ ઈસી સવિ જીવ કરું શાસન રસી. ૧
સૂત્રો કર્યા કંઠસ્થ મેં શીખી લીધા સુંદર સ્તવન
સાંભળી ધર્મકથા, કર્યું નવતત્ત્વનું ચિંતન-મનન,
આ 'જ્ઞાનનો આચાર' સૌ સ્વીકારજો બુદ્ધિ કસી, જો હોવે. ૨
વીતરાગને ભગવાન માનું પંચવ્રતધારી ગુરુ
જે મોક્ષને નજદીક લાવે ધર્મ તે હૈયે ધરું
'દર્શન તણો આચાર' આ સૌ ધારજો મન ઉલ્લસી, જો હોવે. ૩
હું પંચમહાવ્રત બારવ્રત કે ચૌદ નિયમ આદરું
દીક્ષા અને પૌષધ અને સામાયિકનો આદર કરું
'ચારિત્રનો આચાર' સૌ ધરજો અવિરતિથી ખસી, જો હોવે. ૪
આહાર સંજ્ઞા જીતવા તપ આદરું શુભ સત્ત્વથી
જે કષ્ટ આવે તે સહું, રહું મુક્ત દેહમમત્વથી
એ ધન્ય 'તપ આચાર' સૌ સ્વીકારજો ઉર ઉલ્લસી, જો હોવે. ૫
સદ્ધર્મની આરાધના હંમેશ વિધિપૂર્વક કરું
શક્તિ થકી ઓછો અધિક આચાર હું ના આદરું
એ 'વીર્યનો આચાર' સૌ કોઈ ધારજો હૈયે હસી, જો હોવે. ૬
સદ્ધર્મનો આનંદ એ છે સૌથી મોટું સુખ સરસ
સદ્ધર્મનો સંબંધ આ જીવંત રહો વરસોવરસ
ભગવાનની શક્તિ થકી મુજ જીવ થયો શાસન રસી, જો હોવે. ૭

## (૫) મનોરથ

(રાગ : વૈષ્ણવ જન તો...)

મંગલદિન તે આવશે ક્યારે, જ્યારે અનશન વરશું રે
કાયાની માયાને છોડી દઈને, ભવનો સાગર તરશું રે
ત્રણ પ્રકારે અનશન લેવું, એમ આચારાંગ જણાવે રે
કેવી વિધિથી શો તપ કરવો, તે આગમ સમજાવે રે
ધીર સંયમી જ્ઞાની થઈને, ભાવના ઘૂંટડા ભરશું રે, કાયાની. ૧
ભક્તપ્રત્યાખ્યાન પહેલું અનશન, આપત્તિ કાળમાં લઈએ રે
ધીરજ ધારી ઉપદ્રવ ખમીએ, દેહને અન્ન ન દઈએ રે
વ્રત-આચાર અખંડિત રાખી, પ્રેમે પ્રાણ પાથરશું રે, કાયાની. ૨
ઇંગિનીમરણ તે અનશન બીજું, આસન્નમૃત્યુએ લેવું રે
આહારપાણી ત્યાગ કરીને, આતમભાવે રહેવું રે
સેવા તો સ્વીકારશું કિંતુ, મનમાં મમતા ન ધરશું, કાયાની. ૩
પાદપોપગમન અનશન ત્રીજું, કાઉસગ્ગ મુદ્રા ધરવી રે
વૃક્ષની જેમ જ નિશ્ચલ રહેવું, પ્રવૃત્તિ કોઈ ન કરવી રે
સિદ્ધાત્માના સાત્ત્વિક સુખને, સ્થિરભાવે સાંભરશું રે, કાયાની. ૪
ચાર દિવસની ચાંદની જેવી, જીવનની ઘટના છે રે
મનમાં પરમાતમપદ કેરી, રાતદિવસ રટના છે રે
ચારેકોર સુગંધ વિખેરી, ફૂલની જેમ જ ખરશું રે, કાયાની. ૫

## (૬) અભિલાષા

મને મરણ સમાધિ મળજો રે
પ્રભુનાં શરણે ગુરુનાં ચરણે, આંખો ઢળજો રે...
પાપો અપરાધો દોષોની, ત્રિવિધે માફી માંગું
આંસુના અજવાળે જાગું, મોહની નિદ્રા ત્યાગું
મારા સર્વ કલંકો ટળજો રે. ૧
સુકૃતની જે સેવા જીવનમાં, મુજને કરવા મળી છે
તેની અનુમોદના આદરતાં, ભીતર શાતા વળી છે
મને પરભવે સુકૃત ફળજો રે. ૨

સઘળા જીવોને હું ખમાવું, સૌ કોઈ મુજને ખમાવે
મૈત્રી ધારું સહુની સાથે, વૈર નહીં મન આવે
ઉર ઉજ્જ્વળ ઉપશમે ભળજો રે. ૩
અરિહંતોના ગુણગણ કેરું, મંગલ સુમિરન થાય
સિદ્ધોનાં સુખનું શુભચિંતન, કરતાં હર્ષ ન માય
મારો સાદ પ્રભુ સાંભળજો રે. ૪
આચારજના ઉપકારોને, ભાવે યાદ કરું છું
સાધુજનની સાધના સુંદર, સમરી સમતા વરું છું
મને ચત્તારિ મંગલં મળજો રે. ૫
અંતિમ સમયે કોઈ તપસ્યા, બે હાથ જોડી સ્વીકારું
તીરથની ભૂમિ પર મારા, અંતિમ દિવસો ગાળું
જીવ નવકાર સુણતાં નીકળજો રે. ૬

## (૨૨) મોક્ષમાળા વંદના

(ઉપધાન તપની પૂર્ણાહુતિ, માળાપરિધાનથી થાય છે. મોક્ષમાળાની અનુમોદનામાં આ ગીતો, બહુમાન કે માળારોપણના પ્રસંગે ગાઈ શકાશે.)

### (૧) જ્ઞાનાચાર

સાધના નવકારની છે તપ ઉપધાન,
પંચ મહામંગલ શ્રુતસ્કંધ વાંદીએ બહુમાન,
જ્ઞાન આચારે લખાયું પાત્રતાનું નિદાન,
દિન સુડતાલીસ અવિરત વાંદવું શુભજ્ઞાન,
સૂત્ર અર્થ રહસ્યકેરું હોય અનહદ પાન. ૧

### (૨) આત્મચિંતા

દીવાની જ્યોતિમાં ચમકે, યાદ સદા આતમની,
લખલખતું છે તેજ મનોહર, ઝળકે પ્રીત પરમની,...
ભમતાં ભમતાં થાક ચડ્યો છે, શોધું કોઈ વિસામો,
એકલવાયા આતમજીને, બાંધે અઢળક નામો,
ભીતરમાં ભગવાન વસે છે, ઝંખા છે સંગમની, લખલખતું. ૧

જંગલનો મારગડો દુર્ગમ, છેડો ન કોઈ દેખાતો,
અડધા દિનની પાછળ ઉગે, સામટી સો સો રાતો,
થાક ભૂલીને મચી જ પડવું, લગની હો સંજમની, લખલખતું. ૨
સિદ્ધ બનું હું, બુદ્ધ બનું હું, શુદ્ધ બને જીવ મારો,
શિવપદ પામું શિવપદ પામું ગાઈ રહ્યો એકતારો,
સાદ અલખનો સંભળાવે છે, આગાહી ઉત્તમની, લખલખતું. ૩

## (૩) નવકાર મહિમા

શાશ્વતીનાં તીરેથી અનહદ વહે વાણી, મંત્ર તપીએ આ નવકાર,
મંત્રરાજ આપે છે સાધનાની સરવાણી, મંત્ર જપીએ આ નવકાર,
ધ્યાનના શિખર ઊંચાં, મંત્રથી સધાયા છે,
જીવનની ક્ષણ ક્ષણ પર, જાદુઓ છવાયા છે,
ખૂટ્યા નહીં ખૂટે આ નદીનાં પાણી, મંત્ર જપીએ. ૧
માવજત કરે માળી તો જ ફૂલ ખીલે છે,
કણ કણ હવા એની સુગંધોને ઝીલે છે,
મંત્રરાજની પૂજા આદરો વિધિ જાણી, મંત્ર જપીએ. ૨
તપ નવકાર તણો જપ નવકાર તણો,
ક્રિયા નવકાર તણી વિધિ સંસ્કાર તણો,
દેહને તપસ્યામાં આતમાની ઉજાણી, મંત્ર જપીએ. ૩

## (૪) ઉપધાન સાધના

જેઓ કરે ઉપધાન તેનો અવતાર સફળ,
મમતા મૂકી શકે તે જ બનશે ઉજ્જ્વળ,
દેહની માયા છોડી દેવી,
ભીતરની લગની જોડી લેવી,
સ્નાન અને શણગાર વિના સોહે નિર્મળ, મમતા. ૧
ઘર ને દુકાન, બની જાય પરાયા,
પારકા લાગે પૈસા, સંબંધો પડછાયા,
સ્પર્શ સાધુતાનો જાણે ઝરણું ખળખળ, મમતા. ૨
થોડા દિવસની સાધના ભવોભવ ઉજાળે,

થોડી સમજણ મનને સારા રસ્તે વાળે,
સંગ છોડવાનું પછી તો હશે સરળ, મમતા. ૩
એક જ ઇચ્છા મનમાં મારા મહોરી રહી,
જનમ મારો પાવન કરું સંજમ ગ્રહી,
સપના જોઉં તોય, આંખ થાતી સજળ, મમતા. ૪

## (૫) મોક્ષમાળ

ભગવાનની સાખે ગુરુવરતણા હાથે પહેરી લીધી મોક્ષમાળ,
મળ્યા તપજપની સાધનાથી ગુણલા અપાર થયો આતમ ઉજમાળ,
સોનાના ચાંદીના તારોમાં મોતીડા ગૂંથીને માળા બનાવી,
આતમનાં આંગણિયે અઢળક આરાધના સાધીને શાળા બનાવી.
દરિયાને આંબવા વહેતાં ઝરણાંને જાણે, સાંપડે છે પર્વતના ઢાળ,
હવે મુક્તિની મંઝિલ તો સામે જ છે, થયો આતમ ઉજમાળ. ૧
ભવભવના ફેરાઓ ટાળવા પ્રભુને એણે, આપી પ્રદક્ષિણાઓ ત્રણ,
જંગડાને જીતવાના કોડથી ભરેલું એનું, કેવું પહાડ જેવું મન,
ધરતીના દીવાએ ગોખે ગગનના જાણે, ઊંચેરી ભરી છે ફાળ,
હવે શમણાની છાયામાં જીવતર ખૂલે, થયો આતમ ઉજમાળ. ૨
માથે લીધો છે એણે વાસક્ષેપ ગુરુનો, જાણે ધગધગતી સાધનાની જ્વાળા,
સંઘ પણ વધાવે છે ચોખા વરસાવી જાણે, ઉજળી એ ઘીની છે ધારા,
કરમોનો ગંજ બધો ભડકે બળે ને મળે સાચેરા સોનાના થાળ,
હવે રોમરોમ રાજીપો રેલાય છે, થયો આતમ ઉજમાળ. ૩

## (૬) વેષ શ્રમણનો મળજો

મને વેષ શ્રમણનો મળજો રે,
મને વેષ શ્રમણનો મળજો,
મમતા મોટાઈ મોહ માયાનાં, બંધન ટળજો, મને. ૧
પંચ મહાવ્રત પાળું પાવન, નિર્દોષ ને નિષ્કલંક,
સમતામાં લયલીન રહેવું, સરખા રાય ને રંક,
મારો સાદ પ્રભુ સાંભળજો રે મારો સાદ પ્રભુ સાંભળજો, મને. ૨

આઠ પહોરની સાધના કાજે, વહેલી પરોઢે જાગું,
શ્વાસો લેવા માટે પણ હું, ગુરુની આજ્ઞા માંગું,
આંખ ઈર્યાસમિતે ઢળજો રે, આંખ ઈર્યાસમિતે ઢળજો, મને. ૩
સૂત્ર અર્થ ને સ્વાધ્યાય સાધી, શાસ્ત્રો સઘળાં વાંચું,
જિનવાણીનાં પરમ રહસ્યો, પામી અંતર રાચું,
અજ્ઞાન બધું મુજ ટળજો રે અજ્ઞાન બધું મુજ ટળજો, મને. ૪
આહારમાં રસ હોય ન કોઈ, ઘરઘર ગોચરી ભમવું,
ગામોગામ વિહરતા રહેવું કષ્ટ અવિરત ખમવું,
મારાં પાપ પુરાણાં બળજો રે મારાં પાપ પુરાણાં બળજો, મને. ૫
આજીવન અણિશુદ્ધ રહીને, પામું અંતિમ મંગલ,
સાધી સમાધિ પરલોક પંથે, આતમ ચાલે અવિચલ,
મારી સદ્ભાવનાઓ ફળજો રે મારી સદ્ભાવનાઓ ફળજો, મને. ૬

## (૨૩) માતૃ વંદના

(પરમોપકારી માતાની સ્તુતિ સંસારી રાગની પોષક ના બને તે મંગલ ઉદ્દેશ સાથે માતૃવંદના રચાઈ છે. આમાં જિનશાસનની મહાન્ માતાઓનું પવિત્ર સ્મરણ છે અને માતાનાં ઉપકારસ્મરણ તથા મા સાથેની ક્ષમાપનાની સંવેદના છે.)

### (૧) મમતાળુ માવડી

શત્રુંજય ગિરિરાજ પર આદીશ્વર દરબાર, વસ્તુપાળ મા-ને સ્મરે આંખે આંસુધાર

**(ધૂણી રે ધખાવી...)**

સાંભરે આજે મારી મમતાળુ માવડી,
પ્રેમાળ માવડી રે, નેહાળ માવડી રે, સાંભરે...
નાનપણના દિવસોમાં હું એના ખોળલે મહાલ્યો'તો,
ડગમગ પગલાં ભરતો એનો હાથ મેં ઝાલ્યો'તો,
પ્રીતના પાલવડે બાંધી વ્હાલપની વાવડી, સાંભરે. ૧
મારી ભૂખ ભાંગી દેતી મારો થાક ચોરી લેતી,
માંગું એ પહેલા મારી માંગણીઓ પૂરી દેતી,
ભવના સમંદરમાં છે નેહાળ નાવડી, સાંભરે. ૨

પ્રભુનામ મુજને શીખવ્યું મહિમા ગુરુનો ગાયો,
સપનાં અનેરાં વાવ્યાં સંસ્કાર સોંપ્યો સવાયો,
મળી મને ધરતીકાંઠે સ્વરગની પાવડી, સાંભરે. ૩

## (૨) તીર્થંકર માતા

**(મારા ઘટમાં...)**

મોતી ખીલ્યું છે છીપની કૂખમાં મંગલ એ માતાને નમું,
જેણે આપ્યો છે તારક જગનાથને અવતાર,
જેના ખોળે ખેલ્યા'તા મારા મોંઘેરા કિરતાર એવી માતાને નમું, મોતી.
એને નીંદરમાં ચૌદ ચૌદ સપનાઓ આવે,
રાજા હીરામોતીથી એ સપનાં વધાવે,
રૂડાં સપનાથી ઝળહળતો આંખનો દરબાર એવી માતાને નમું. મોતી. ૧
રાજહાથી પર બેસવાના જાગે દોહલા,
ઊંચી અંબાડી ઉપર મા બેસે મોકળા,
ઠાઠમાઠની સવારી, લોકો કરે જયજયકાર એવી માતાને નમું, મોતી. ૨
બે બે કલ્યાણકોથી એનો ખોળલો પાવન,
પ્રભુમાતાને ભાવે કરે ઇન્દ્રો નમન,
છપ્પન દિશાકુમારી કરે જેમના ઉપચાર એવી માતાને નમું, મોતી. ૩
જેણે દુનિયાના સ્વામીને પારણે મૂક્યો,
જેનાં ચરણોમાં જાતે જગનાથ એ ઝૂક્યો,
જન્મ આપી પ્રભુને કર્યો ધરમ સાકાર એવી માતાને નમું, મોતી. ૪
મરુદેવીને વંદો વિજયાસેનાને વંદો, શ્રી સિદ્ધાર્થને વંદો સુમંગલા સુસીમા વંદો
પૃથ્વી લક્ષ્મણા વંદો રામા નંદાને વંદો, વિષ્ણુ જયાને વંદો પદ્માવતી વપ્રા વંદો
સુવ્રતા અચિરા વંદો શ્રીદેવી દેવી વંદો, પ્રભાવતી માતા વંદો પદ્માવતી વપ્રા વંદો
શિવાદેવીને વંદો વામાદેવીને વંદો, દેવાનંદાને વંદો ત્રિશલાદેવીને વંદો, મોતી. ૫

## (૩) એ માતા કહેવાય

### (અમૃત ભરેલું અંતર...)

દીકરા માટે આંસુ સારે એ માતા કહેવાય,
મરુદેવી ને દેવાનંદા ત્રિશલા એવી માય,
એને એનો જાયો વહાલો, છીનવાયો હોઠથી પ્યાલો, એને. ૧

ઋષભ મારી આંખનો તારો ગયો સાધુને પંથ,
રોઈ રોઈને બે આંખેથી થઈ ગઈ છું અંધ,
ઋષભ છે જંગલવાટે હું તો સૂતી સોવનખાટે, એને. ૨

મહેલમાં હું રહેતી રંગે એ વગડાને સંગ,
મોહના રંગે હું રંગાઈ એણે કર્યો મોહભંગ,
મરુદેવી કેવળી થયા, ગજપરથી મોક્ષે ગયા, એને. ૩

સૂના-સૂના ખોરડે મારે, અજવાળાં ઉભરાયાં,
દેવાનંદામા એમ વિચારે, સપનાં સુંદર આવ્યાં,
સપનાં એ ત્રિશલા લઈ ગઈ, જાણે જિંદગી ધૂળ થઈ ગઈ, એને. ૪

વરસો વીતે વીરને ભાળી છલકે હેતનાં દૂધ,
દેવાનંદા નિજપુત્રને દેખી વીસરી ગઈ સૂધબૂધ,
ઉપદેશ પ્રભુનો પામી, માતા થઈ સંયમ કામી, એને. ૫

ત્રિશલામા વિલાપ કરે છે, માથું ઘૂંટણે ઢાળે,
કૂખમાં મારા રતન સૂતું, ના હાલે ના ચાલે,
બાળ મુજ કોણે હર્યું છે ? કાળું પાપ કોણે કર્યું છે ? એને. ૬

વીરપ્રભુએ બાધા લીધી, સંચર્યા પાવન દેહ,
માતા હરખી પુલકિત થાતી, આંખે છલકે નેહ,
સ્વર્ગ ગયા ત્રિશલા માતા, પછી વીર દીક્ષિત થાતા, એને. ૭

આંસુડાની ધારે ધારે સંભાળે સંતાન,
એવી ઉત્તમમાતાઓનાં સંતો કરે ગુણગાન,
મને એવી માતા મળજો, આંખે એની આંસુ ન ઢળજો, એને. ૮

## (૪) વૃષ્ટિ વાત્સલ્યની

### (આંખ મારી ઉઘડે તો...)

પ્રેમલહી પુત્રતણો માય હરખાતી, વૃષ્ટિ વાત્સલ્યની સુત પર થાતી,
માતા ને પુત્રની જોડ વખણાતી, વૃષ્ટિ વાત્સલ્યની સુત પર થાતી,
આકરી પ્રતિજ્ઞા ભીષ્મજી લે છે, ગંગામાયનો પ્રેમ ખીલે છે,
ભક્તિ પિતાની એ જગમાં ગવાતી, વૃષ્ટિ. ૧
પુત્ર યુધિષ્ઠિર મંદિર બાંધે, માતા કુંતીના સ્નેહની ગાંઠે,
રતનપ્રતિમા ચંદ્રપ્રભની પૂજાતી, વૃષ્ટિ. ૨
રામે હરાવ્યો'તો દુર્જય રાવણ, કૌશલ્યાના મળ્યા'તા ધાવણ,
ન્યાયની નિષ્ઠા કદી ના મૂકાતી, વૃષ્ટિ. ૩
લવણ અંકુશને કેળવ્યા સીતાએ, રામલક્ષ્મણજી પરાજિત થાએ,
વૈરની ગાંઠો નહીં રે બંધાતી, વૃષ્ટિ. ૪
પાપની સામે જંગે ચડ્યા'તા, હનુમાનજી નહીં પાછા પડ્યા'તા,
અંજનામાતાની પ્રીતિ સધાતી, વૃષ્ટિ. ૫

## (૫) નમો એ મહામાતાને

### (ગાન તમારાં ગાતાં ગાતાં...)

નમો રે નમો એ મહામાતાને જેણે બાળક અજવાળ્યા,
ભવનો મારગ ભૂલાવીને સંયમના પંથે વાળ્યા. ૧
ઘરનો ચાલક બાળક મારો શાસન સંચાલક થાશે,
માતાના આ મનોરથોના જુગ જુગ કવિઓ ગુણ ગાશે. ૨
ભદ્રામાતા નિજઘર કાયમ શ્રમણજનોને પધરાવે,
સુત અવંતીસુકુમાલ એ સંગે સાધુજીવન અપનાવે. ૩
શાલિભદ્ર શ્રેણિક રાજાને સ્વામી દેખી અણગાર થયા,
ભદ્રામાતાનાં એ અમૃત અનશન સાધી સ્વર્ગ ગયા. ૪
સંગમ એક ગોપાળ હતો જે ખીરની માટે રડી પડ્યો,
ભોળી ભરવાડણ ખીર રાંધે એમાંથી શિવમાર્ગ મળ્યો. ૫
શાલિભદ્ર મુનિ ભદ્રાઘરથી ખાલી હાથે પાછા ફર્યા,
પારણું આ વૃદ્ધા જ કરાવે જાણે મોક્ષનાં તિલક કર્યા. ૬

અભયકુમાર મંત્રી મહામોટો રાજા બનવા ના ચાહે,
નંદામાતાના સંસ્કારો ચાલી ગયો સંયમ રાહે. ૭
વજ્જકુમારને મા લોભાવે બાળકુંવર તો ના પીગળ્યા,
ધન્ય ધન્ય એ માય સુનંદા જાતે સંયમમાર્ગ વળ્યા. ૮
રાણકપુરનું ભવ્ય જિનાલય દેવવિમાન સમાન બન્યું,
કામલદે-ના લાડકવાયા ધરણાશાહનું નામ બન્યું. ૯
ધનદેવી માતાની કૂખે અભયદેવસૂરિ જનમ લિયે,
આગમસૂત્રની વૃત્તિ વિરચી શાસનનો પરમાર્થ દિયે. ૧૦
કચ્છ દેશનો કર્ણ કહાવે જગડૂશા દુષ્કાળજયી,
લક્ષ્મીમાતાનો એ દીકરો એની કથની અમર થઈ. ૧૧

## (૬) સાચા માતૃજનો

### (મૈત્રીભાવનું પવિત્ર ઝરણું...)

ફૂલ મળ્યા તે પ્રભુના ખોળે મૂકે ભાવે ભક્તજનો
નિજ સંતાન ગુરુનાં ચરણે સોંપે સાચા માતૃજનો. ૧
દુર્લભદેવી એવી માતા એને ત્રણ ત્રણ પુત્ર હતા,
તેજસ્વી ને પુણ્ય પ્રભાવી સુખસંપદના સૂત્ર હતા,
અજિતયશ અને યક્ષ અને શ્રીમલ્લ ગુરુચરણે સોંપ્યા,
જ્ઞાની એ પુત્રોમાં ત્રીજા મલ્લવાદિ સૂરિજી ઓપ્યા. ૨
રૂદ્રસોમા હતી એક માતા દીકરો બહુ ગુણવાન હતો,
હાથી પર રાજા બેસાડે એવો એ વિદ્વાન હતો,
માતાએ એને સમજાવ્યું જિનસાસનના જ્ઞાની થવું,
આર્યરક્ષિતસૂરિજી થઈને સૂત્રસંકલન કર્યું નવું. ૩
પાહિનીદેવી ચાંગદેવને દેવસૂરિ ચરણે ધરતી,
હેમચંદ્રસૂરિજીની પ્રતિભા સઘળાં અજ્ઞાનો હરતી,
સાધ્વીજી થઈ પુત્ર મુખેથી નિર્યામણ માંગે માતા,
શ્લોક સાડાત્રણ લાખ નવા નવકાર ક્રોડ સૂરિજી ગાતા. ૪
શ્રી સૌભાગ્યદેવીને પુત્રો બે બે સુંદર રૂપ હતા,
પદ્મસિંહ જસવંત નામથી જાણે દીવો ધૂપ હતા,

પદ્મવિજયજી ટબા મધુરા સૂતેલો આતમ જાગે,
ઉપાધ્યાયશ્રી યશોવિજયજી શાસનનો ડંકો વાગે. ૫
કોર કાળજાની છે એવા દીકરા-દીકરી આજે પણ,
માતાઓ સોંપે છે ગુરુને તેથી ગાજે છે શાસન,
વીરની માતા બનજો બેના ! પુણ્ય ઘણાં ભેગા થાશે,
થાય ભાવના પ્રબળ તમારી તો રહી જાજો સહવાસે. ૬

## (૭) મારી માતા

પૂનમની રાત જેવી મારી માતા મને શીતલતા રોમરોમ આપતી,
ઉગતા સૂરજ જેવી મારી માતા મને સોનેરી અજવાળે થાપતી,
મારી આંખે એ શમણાં જોતી મારા હસવામાં થાય એ રાજી,
મારા આંસુમાં એને છે પીડા એણે બાંધી છે મારી મોહતાજી,
અમૃતની છાલક છે મારી માતા મારી સઘળી અમૂંઝણો કાપતી, પૂનમની. ૧
મને સહિયર બનીને હસાવ્યા કરે એને મારી માટે ન થાય મોડું,
એ તો રાત ને દિવસ મારી સાથે રહે નહીં બોલે કે બોલે સાવ થોડું,
વાસંતી વાયરો છે મારી માતા મારે અંગ અંગ કાયમ એ વ્યાપતી, પૂનમની. ૨
મારાં પગલાનો મારગ છે મારી માતા મારા હોઠોનો સાદ મારી માતા,
મારી આંખોનું નૂર છે મારી માતા મારો એક જ આહ્લાદ મારી માતા,
મારો જ આતમા છે મારી માતા મારાં જીવતરની પળેપળ માપતી, પૂનમની. ૩

## (૮) માનું હૃદય

હું નથી જીતી શક્યો માનું હૃદય, હું નથી વાંચી શક્યો છાનું હૃદય. ૧
કોઈ મોટાં કામની ક્યાં છે જરૂર, સાવ એ તો હોય છે નાનું હૃદય. ૨
માંગણીનાં બંધનો રાખે નહીં, એકધારી ખાસ ઉષ્માનું હૃદય. ૩
એ ન બોલે તો મને ગમતું નથી, શબ્દ એના હોય મમતાનું હૃદય. ૪
આજ માતા મુજ ઉપર નારાજ છે, બંધ કર તું પણ ધબકવાનું હૃદય. ૫
આંસુ માની આંખમાં આવ્યા કરે, ઈંટ છે તું, તું ભલા શાનું હૃદય ? ૬
મેં જખમ આપ્યા હશે એને ઘણા, માફ કરતું જાય માતાનું હૃદય. ૭
હેતભીનો હાથ માથા પર ફરે, ખૂબ ખીલે પ્રેમપગલાનું હૃદય. ૮
આરતી દીવો કૃતારથ તો બને, માયમાં દેખાય દાતાનું હૃદય. ૯
ઝૂકીએ એનાં ચરણમાં ભાવથી, આપણી માતા છે પડઘાનું હૃદય. ૧૦

### (૯) જીવનદાતા માતા

જીવનદાતા માતા છે તું, માફ કરી દે ભૂલ બધી,
તું ન જણાવે કોઈ જ ભૂલો, મારે કરવી કબૂલ બધી,
તારા શબ્દો કાન ધર્યા ના, ઉગ્ર કહ્યા શબ્દો તુજને,
તારી માટે મે શું કર્યું છે, હું જાતે પૂછું મુજને,
વીતેલાં વરસોની ભૂલો, ખૂંચે થઈને શૂલ બધી, જીવનદાતા. ૧
મન ફાવે તે રીતે રહેવું, તારું કાંઈ ન સાંભળવું,
દૂર-દૂર રહેવું તારાથી, બીજા-ત્રીજાને મળવું,
ખરડાઈ છે ચાદર મારી, ખંખેરી દે ધૂળ બધી, જીવનદાતા. ૨
તારાં મનની વાત સાંભળતા, ચિત્ત અનેરો રસ ઉભરાય,
મારાં મનની વાત કહું તો, મુજને મીઠી ટાઢક થાય,
સુણી ન વાતો કરી ન વાતો, ક્ષણો ગુમાવી અમૂલ બધી, જીવનદાતા. ૩
સાંભળજે મા ! બાળક નાના, ભૂલ ભલે કરતા રહેતા,
દરિયા જેવી વિશાળતાને, માવતરો હૈયે વહેતા,
મૈયા માફી દે તો થાતી, લાગણી હળવીફૂલ બધી, જીવનદાતા. ૪

## (૨૪) પિતૃ વંદના

(પિતૃવંદનામાં પિતા કેન્દ્રમાં છે. ઉપકાર સ્મૃતિ અને ક્ષમાયાચના દ્વારા કૃતજ્ઞભાવ જગાડવાનો છે.)

### (૧) તીર્થંકરના પિતાઓ

(ચોપાઈ...)

જેહ બન્યા જગનાથના તાત, તેને નમીએ નિત્ય પ્રભાત,
તીર્થંકરના ધન્ય પિતાઓ, તેમનાં નામે મંગલ થાઓ. ૧
નાભિરાજ અને જિતશત્રુ, જિતારિ સંવર ઉચ્ચરું,
મેઘ ધર અને પ્રતિષ્ઠરાય, મહાસેન સુગ્રીવ સુખદાય. ૨
દ્રઢરથ વિષ્ણુ અને વસુપૂજ્ય, કૃતવર્મા સિંહસેન નમું નિત્ય,
ભાનુ વિશ્વસેન શૂર સુદર્શન, કુંભ સુમિત્ર વિજય ને વંદન. ૩

સમુદ્રવિજય અશ્વસેન ભૂપતિ, સિદ્ધારથ આપો અમ સુમતિ,
જેનાં ચરણે ઝૂકે ભગવંત, તેહ પિતાને નમન અનંત. ૪
ઈન્દ્રો ચક્રવર્તીના પુણ્ય, પ્રભુના પિતાની સામે શૂન્ય,
આંગળીએ ખેલે વીતરાગી, એહ પિતા કેવા બડભાગી ? ૫

## (૨) પિતાપુત્રની જોડી

**(દયાસિંધુ...)**

પિતાના માર્ગનો દીવો પુત્રની આંખ અજવાળે,
પુત્રની પ્રીત પાંગરશે, પિતાના પ્રેમની પાળે. ૧
પિતા દીક્ષા સ્વીકારે છે પુત્ર સંસાર છોડે છે,
પિતા ને પુત્રની જોડી, ધર્મમાં સૌને જોડે છે. ૨
શય્યંભવ બ્રાહ્મણે લીધું, શ્રમણવ્રત આતમા કાજે,
બન્યા આચાર્ય મહાજ્ઞાની, પ્રભુની પાટ પર રાજે. ૩
અને બાળક મનક આવ્યો, એકલો માતને મૂકી,
પિતામુનિએ દીધી દીક્ષા, દિશા સાચી નહીં ચૂકી. ૪
રચ્યું દશવૈકાલિક શાસ્ત્ર, બાળની અલ્પવય જાણી,
બાળમુનિ સ્વર્ગમાં પહોંચ્યા, પિતાની આંખમાં પાણી. ૫
વિરાગી ધનગિરિ સંયમ, લઈને વિહરે ગામોગામ,
પુત્રના કાનપર પહોંચ્યું, જનમતાવેંત દીક્ષા નામ. ૬
રડીને અસ્ખલિત બાળક, પિતાજીનું શરણ પામે,
પિતાજીના જ હાથે એ, વજ્ર રજોહરણ પામે. ૭
કથા આ બે પિતાજીની, પ્રેરણા આપતી અઢળક,
પિતાની એ જ સફળતા છે, શ્રમણવ્રત આદરે બાળક. ૮

## (૩) ધર્મનું સપનું

**(મૈત્રીભાવનું...)**

પિતા ધર્મનું સપનું નિરખે તે સાકાર કરે સંતાન,
સાધર્મિક સમ ધર્મસગાઈ સપનાનું સાચું સન્માન,
કાચો દોર હતો આયુષનો, અંતિમ ઘડીએ રોતા હતા,

સિદ્ધાચલ-ગિરનાર-ભરૂચનાં, શમણાં ઉદયન જોતા હતા,
શ્રી સંઘે વિશ્વાસ બંધાવી, આપ્યું અજબ સમાધિદાન, પિતા. ૧
બાહડ શત્રુંજય તીરથનો, કરે હવે મોટો ઉદ્ધાર,
નવા પગથિયાઓ બંધાવી, શણગારે પર્વત ગિરનાર,
આંબડ શ્રીભરુઅચ્છતીર્થનું, નવું રચાવે છે સંસ્થાન, પિતા. ૨
દેદાશાહે પેથડશાહની, કેળવણી કેવી કીધી ?
મૃત્યુસમયે સંપત્તિ સઘળી, સાતક્ષેત્રમાં વાવી દીધી,
મઘમઘતી સ્વીકારી ગરીબી, પુત્ર આપે અનુપમ બલિદાન, પિતા. ૩
તોલાશાહ પિતા ઝંખે છે, સિદ્ધાચલ તીરથ ઉદ્ધાર,
કરમાશાહે કામ કર્યું એ, તનમનધનથી બની ઉદાર,
પિતા પ્રતિષ્ઠા કરે પ્રભુની, દીકરો પામ્યો ઊંચું સ્થાન, પિતા. ૪
મંત્રીશ્વર શકટાલે જાતે, ઝેર પીધું શાસન કાજે,
મંત્રી બનવા સ્થૂલભદ્રને, વિનવણી કરી મહારાજે,
મંત્રીશ્વરપદ મળ્યું શ્રીયકને, સાધુ થયા સ્થૂલભદ્ર સુજાણ, પિતા. ૫

## (૪) દીકરીના પિતા

**(જનની જોડ...)**

પુત્રીને ધર્મ પિતાનો મળે રે લો ધર્મે ગવાય સુતા નામ જો,
દીકરીનો ધર્મ પિતાનો બને રે લો...
બ્રાહ્મીને લિપિ પહેલી શીખવી રે લો, દીક્ષા દે આદિ જિણંદ જો, દીકરીનો. ૧
પ્રિયદર્શનાને સંજમ દિયે રે લો, શ્રી વર્ધમાન ભગવંત જો, દીકરીનો. ૨
સીતા જીવન પાવન ઘણું રે લો, જનક પિતા વખણાય જો, દીકરીનો. ૩
દ્રૌપદી દેવી મહાસતી રે લો, તાત દ્રુપદ મહારાય જો, દીકરીનો. ૪
કૃષ્ણ પૂછે નિજ પુત્રીને રે લો, દાસી કે રાણીનો સવાલ જો, દીકરીનો. ૫
ચિલ્લણા રાણી સમકિતી રે લો, ચેડા રાયની સુતા સાર જો, દીકરીનો. ૬
રાજા શતાનીક તાત છે રે લો, પાલક ધનાવહ શેઠ જો, દીકરીનો. ૭
બે બે પિતાની એ દીકરી લો, ચંદનબાળાજી શ્રેષ્ઠ જો, દીકરીનો. ૮
ભોજ રાજા ક્રોધવશ બની રે લો, કાવ્ય કરે ભસ્મસાત જો, દીકરીનો. ૯
ધનપાલ શોક પુત્રી હરે રે લો, તિલકમંજરી વિખ્યાત જો, દીકરીનો. ૧૦

## (૫) અનુમોદના
## (નોન સ્ટોપ ૪ ગીત)

### ૧. (માડી તારું...)

સાધુ થઈને સૂરિપદ પામ્યા દીકરા જેના મહાન હે.
પાદલિપ્તસૂરિજી મહાચમત્કારી,
લાખો ભક્તોના પરમોપકારી, પિતા ફલક શેઠ નામ હે. ૧
બપ્પભટ્ટસૂરિજીએ ઈતિહાસ સ્થાપ્યો,
આમરાજાને ધર્મનો બોધ આપ્યો, પિતાજી બપ્પદેવ નામ હે. ૨
મંત્ર બળે મહામારિને મારી,
માનદેવસૂરિજી પર જાઉં નિત વારી, પિતા ધનેશ્વર નામ હે. ૩

### ૨. (નવ નવ ઓરતે...)

દીકરો દીવડો દીપાવે પરિવાર ધન્ય તાતનો સાચો સંસ્કાર,
સોમદેવ દ્વિજ હતા, બની ધરમની કથા,
આર્યરક્ષિત સૂરિજી પુત્ર શ્રીકાર સાચો. ૧
હેમસૂરિરાજ હતા શાસનના તાજ હતા,
ચાચિગ પિતાનો મોટો ઉપકાર, સાચો. ૨
વાચક જસ મહાન સંભાળે ધર્મ સુકાન,
નારાયણ પિતા એના મનહાર, સાચો. ૩

### ૩. (તારા વિના શામ...)

નામ ઉજાળે એવા દીકરા ઘડે છે પિતા,
મોટું પુણ્ય કમાય છે.
આગમસૂત્રોની ટીકા અભયદેવસૂરિજી રચે,
દિવ્ય સંકેતો ઘણા મળે મનના સંશય ના બચે,
રહસ્યો એવા ખોલ્યાં પંડિતોનાં મસ્તક ડોલ્યા,
પિતાજી મહીધર નામ સુખદાય છે, નામ. ૧
દ્વાદશાંગી રચના કરે ઈન્દ્રભૂતિ ગણધાર,

લબ્ધિ અનંતી મેળવી વીરતણા પટધાર,
જેને જેને દીક્ષા આપી એની ચારગતિ કાપી,
પિતાજી વસુભૂતિ નામ સુખદાય છે, નામ. ૨

### ૪. (કહો પૂનમના...)

પિતાના હાથમાં સુતનું ભવિષ્ય છે પિતા ઘડે છે સંતાન,
હૈયે શાસનનો વાસ પુત્ર પામે છે ખાસ,
પિતા રાખે છે આતમાનું ધ્યાન... પિતાના.

હીર સૂરિજી મહાન પ્રભાવક ગુરુવર અકબર રાજના,
છ છ માસની પળાવી અહિંસા પૂજે પગ રાજા ઘણા,
પિતા હતા કુરાશાહજી તેમના, રાખી શાસનની શાન, હૈયે. ૧

આત્મારામજી ડંકો વાગે જ્ઞાનનો દેશવિદેશે,
એક જીવનમાં દશ જીવનનાં કાર્ય કર્યા શુભવેશે,
ગણેશચંદ્ર પિતા કરાવે છે ઊંચી ખુમારીનું ભાન, હૈયે. ૨

### (૬) આજ અવસર

(ગઝલ...)

આજ અવસર હાથમાં છે કાલ ના હોઈ શકે,
આજ હસતી આંખડીઓ કાલ તો રોઈ શકે. ૧

શું દીધું છે મેં પિતાને શું દીધું એમણે મને,
આમ સોચો તો હૃદય આ સત્યને જોઈ શકે. ૨

રાતમાં ચમકી રહેલા તારલાઓને પૂછો,
કે નિરાંતે નભની ગોદે કેમ એ સોઈ શકે. ૩

સાચવે, સંભાળ લે, સંતોષ દે સમજાવીને,
એક એ હોય છે પિતાજી જે હૃદય ધોઈ શકે. ૪

શ્વાસને કે પ્રાણને ખોવા હજીય સહેલ છે,
શ્વાસદાતા પ્રાણદાતાને ન દિલ ખોઈ શકે. ૫

## (૭) ઋણ ચૂકવાશે ક્યારે ?

**(મારો મુજરો...)**

કર્યા છે ઉપકારો અગણિત રે, ઋણ ચૂકવાશે ક્યારે ?
સપનામાં સાંભરું છું પિતાજી, સાંભરું સાંજ સવારે,
સંભાળું છું ઉપકારીનાં પગલા દિલનાં દ્વારે, ઋણ. ૧
જનમ મળ્યો તો દેહ મળ્યો ને દેહ મળ્યો તો વાણી,
ત્રિવિધ આ જીવન સાથે વહેતી તાતતણી સરવાણી, ઋણ. ૨
ના ઠોકર કોઈ લાગવા દીધી હાથે હાથ ધર્યો'તો,
રાખ્યો નહીં હિસાબ ભૂલોનો અપરાધ માફ કર્યો'તો, ઋણ. ૩
ચાલું છું તે એની શક્તિ તેની મતિથી બોલું,
એના અનુભવના સથવારે તાણાવાણાઓ ખોલું, ઋણ. ૪
સંપત્તિ આપી કે ન આપી મારા છે એ નસીબ,
સંસ્કારો અઢળક આપ્યા છે વારસો રહે તે કરીબ, ઋણ. ૫
પ્રેમ માતાનો બોલ્યા કરે છે મૌન પિતાનો પ્રેમ,
માતાપિતા બંને ઉપકારી હેમની સાથે હેમ, ઋણ. ૬

## (૮) માફી

**(માડી હું તો બારબાર...)**

બાપુ ! મારા જીવતરનાં વરસો વહી રહ્યા,
બાપુ ! મને ભૂલોની યાદ બહુ આવે રે,
બાપુ ! મારે પાયમાં પડીને માફી માંગવી. ૧
બાપુ ! મેં તો બાળપણમાં હેરાન કીધા હશે,
બાપુ ! પગ પેટમાં વાગેલ હશે કદીક રે,
બાપુ ! તારા ખોળલાને દૂભવ્યો હશે ક્યારેક ૨
બાપુ ! તારી સાથે'ય જૂઠ મેં ઓચર્યું,
બાપુ ! કર્યા કપટ ને કાવાદાવા કોઈ રે,
બાપુ ! તારાં દિલને કદી ઠેસ પહોંચાડી. ૩
બાપુ ! તારી આંખોના સ્નેહને ના વાંચી શક્યો,

બાપુ ! તારી વાતમાં ન શોધ્યો મેં તો પ્રેમ રે,
બાપુ ! હું તો મચી રે રહેલો મારા સ્વાર્થમાં. ૪
બાપુ ! તારી આશાને આગ લગાડી મૂકી,
બાપુ ! તારાં અંતરને આપ્યો છે આઘાત રે,
બાપુ ! હું તો રહેતો તારાથી દૂરનો દૂર. ૫
બાપુ ! તેં મારાં નામે જે જે વેઠ્યું તે કહી દે,
બાપુ ! તને મારી માટે શી શી ફરિયાદ રે,
બાપુ ! હવે મારે થવું તારા સારા વારસદાર. ૬
બાપુ ! મને ડંખે છે ભૂલો બધી જૂની,
બાપુ ! મારી આંખડીમાં વહે છે વલોપાત રે,
બાપુ ! મારાં સૂના રે માથા પર હાથ ફેરવો. ૭

## (૨૫) માતૃપિતૃ સંવેદના

(માતાપિતાની હયાતીમાં કે ગેરહયાતીમાં તેમના વિશે આદરભાવપૂર્વક વિચારવાનું થાય જ છે. આ સંવેદનામાં એવાં ગીતો છે.)

### ૧. માબાપ

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, તમે અમારાં મનમાં સદૈવ
તમે સખા સારથિ સૌખ્યદાતા, તમે જ છો જીવનના વિધાતા. ૧
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, તમે જ છો આશ્રય એકમેવ
તમે અમોને સઘળું જ દીધું, તમે કશું કૈં નવ પાછું લીધું. ૨
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, તમે અમારા દિલના છો દેવ
અમે ધર્યો મંગલ એક દીવો, તમે સદા શ્વાસ બનીને જીવો. ૩

### ૨. માતાપિતા

બે હાથેથી લોટ વણે છે, માતા મારી પ્યારી છે,
સાંજે થાકી ઘર આવે છે, વાત પિતાની ન્યારી છે. ૧
દાગીનો ઓછો પહેરીને, આપે મને મોંઘા કપડાં,
માતા મારાં સુખની માટે, ક્યાંક કરી લે છે ઝઘડા,
મારા મિત્રોમાં પણ એની, ચાની ચર્ચા ભારી છે,

બે હાથેથી લોટ વણે છે, માતા મારી પ્યારી છે. ૨
મારાં દુઃખને હરે પિતાજી, પોતાનું દુઃખ સ્વયં સહે,
પૈસા માટે વહે પસીનો, પૈસો મારી માટે વહે,
એની છત્રી ખુલ્લી છે તો, મારી તબિયત સારી છે,
સાંજે થાકી ઘર આવે છે, વાત પિતાની ન્યારી છે. ૩
મારી માટે મારા પિતાને, માતા પ્રશ્નો પૂછ્યા કરે,
મુજને ઊની રોટલી પીરસી, મા વ્રત ને ઉપવાસ ધરે,
મારી માટે મંદિરમાં એણે મૂર્તિ શણગારી છે,
બે હાથેથી લોટ વણે છે, માતા મારી પ્યારી છે. ૪
મારો પક્ષ લઈને પિતાજી, માતાને પણ ટોકે છે,
ખુદની સગવડ છોડીને એ, મારી અગવડ રોકે છે,
હસતાં મોઢે કષ્ટ સહે છે, આમ ભલે સંસારી છે,
સાંજે થાકી ઘર આવે છે, વાત પિતાની ન્યારી છે. ૫

## ૩. પિતા

મારી ઉપર રહે પિતાનું, પ્રેમછત્ર અવિનાશ,
ધરતી ઉપર જે રીતે, ફેલાયું છે આકાશ. ૧
એ માળી થઈને મારામાં, એક બગીચો બનાવે છે,
પ્રેમનું પાણી વરસાવીને, ફૂલ ઘણાં નીપજાવે છે,
મારી પર મારા કરતાં હોય, એમને વધુ વિશ્વાસ,
એમનો એ વિશ્વાસ જોઈને, જાગે મન ઉલ્લાસ, મારી ઉપર. ૨
જવાબ પહેલાં સમજાવે છે, પછી પ્રશ્ન એ પૂછે છે,
આંખોમાં આંસુ આવે, તે પહેલાં એને લૂંછે છે,
ખોબે ખોબે અમરત પાઈ, બુઝવે મારી પ્યાસ,
હું જ્યાં અટકું ત્યાં આવીને, આપે મને પ્રકાશ, મારી ઉપર. ૩
જીવન નામે ગ્રંથ છે, એના અગણિત છે અધ્યાય,
પિતા બને છે ગુરુ તો જીવન સમજવું સહેલું થાય,
સેવા કરતાં રહીએ એની, જનમજનમ થઈ દાસ,
તોય ઋણ ચૂકવાય નહીં, એવી છે એની સુવાસ, મારી ઉપર. ૪

## ૪. છત્રછાયા

પ્રભુની કૃપાથી પિતા સાંપડે, પિતાની કૃપાથી પ્રભુ સાંપડે,
પિતા છત્રછાયા છે પરિવારની, પિતાજી ખરેખર જીવનને ઘડે, પ્રભુની. ૧
પિતાએ જે દુનિયાને જોઈ છે તે, કદી કોઈ માતાએ જોઈ નથી,
પરીક્ષાઓ દુનિયા તો લેતી રહે, પિતાજીએ ધીરજને ખોઈ નથી,
ઘરે સૌને ખુશહાલ રાખે પિતા, ને ચૂપચાપ દુનિયાની સાથે લડે, પ્રભુની. ૨
એને બાળપણમાં ન જે જે મળ્યું, તે બદ્ધું અપાવે એ સંતાનને,
કરી કૈંક સંઘર્ષ ઊભા રહે, ન તૂટવા દે એ ઘરનાં સન્માનને,
એનો પ્રેમ માતાથીયે છે મહાન્, ભલે એની આંખે ના આંસુ પડે, પ્રભુની. ૩
એ વાતો કરે તો સમજવા મળે, એ બોલે નહીં તોય શીખવા મળે,
એ આપે તે દેખાય ઓછું ભલે, એનું આપેલું ઓછું કદી ના પડે,
જેને મારી માતા કરે છે નમન, તે પિતાની કોઈ જોડ નહીં રે જડે, પ્રભુની. ૪

## ૫. મારા પિતા

દુ:ખ જે મનમાં ઉઠે તે કોઈને કહેવું નહીં
કહી ગયા મારા પિતા કે લાગણીમાં વહેવું નહીં.
આવે કોઈ જાય કોઈ જિંદગીનો ક્રમ છે આ
સૌ સદા સાથે જ રહેશે, સૌથી મોટો ભ્રમ છે આ
કોઈના આધાર પર અટકીને રહેવું નહીં, કહી ગયા. ૧
એ જ વાતો યાદ કરજો, જેનાથી ખુશીઓ મળે
એ વાતો ના યાદ કરજો, જેનાથી હૈયું બળે
હસતાં હસતાં સહી લેવું, કે રોઈને સહેવું નહીં, કહી ગયા. ૨
એમણે જીવન દીધું ભણતર દીધું સમજણ દીધી
આતમાને કામ લાગે એવી મંગલ ક્ષણ દીધી
એમને સમર્યા વિના જળ અન્ન મુખ ગ્રહવું નહીં, કહી ગયા. ૩

## ૬. ખોળો

માતા તારો ખોળો મુજને, સદાય વહાલો લાગે છે,
તારા પાલવની છાયામાં, દુ:ખડા દૂરે ભાગે છે.
તારો હસતો ચહેરો એ તો, મારો મંગલ સથવારો,

તારી લાગણીથી જ ખીલ્યો છે, મારો આ તુલસીક્યારો
મારા આંસુઓ તુજને મા, ઊંડે ઊંડે વાગે છે, માતા. ૧
તુજને નીંદર લેતી જોઈ હોય, એ મુજને યાદ નથી,
મારી સારી નીંદર જોઈ, તુજને બહુ નિરાંત થતી,
તું કાયમ અઢળક આપે છે, હિસાબ કોઈ ન માંગે છે, માતા. ૨
મારી માટે જીવનને એક, નવા ઢાળમાં તે ઢાળ્યું,
શું શું વેઠ્યું શું શું છોડ્યું, એ કહેવાનું પણ ટાળ્યું,
જ્યારે આ સમજાય છે ત્યારે, શ્રદ્ધા હૈયે જાગે છે, માતા. ૩

## ૭. પ્રેમ

પ્રેમ દેજો, પ્રેમ દેજો, પ્રેમ એ આનંદ છે,
મા કહે છે પ્રેમ દઈએ, એ જ તો સંબંધ છે.
પ્રેમ શરતી હોય તો એ કોઈ દી' ફળતો નથી,
શર્ત ના રાખો તો સૂરજ, પ્રેમનો ઢળતો નથી,
પ્રેમ માતાનો એ કોઈ, બારમાસી સુગંધ છે,
પ્રેમમાં ફરિયાદના, દરવાજાઓ સૌ બંધ છે, મા કહે. ૧
પ્રેમમાં વાદળ થઈને, એકદમ વરસ્યા કરો,
આપવામાં થાકશો નહીં, પૂર્વગ્રહ મન ના ધરો,
પ્રેમ જે આંખે નથી તે, આંખડીઓ અંધ છે,
મા કરે છે પ્રેમ તેમાં, એક સહજાનંદ છે, મા કહે. ૨
**પરમાતમા** આ શબ્દમાં, બે વાર મા દેખાય છે,
તેમ જ **સમાજ** આ શબ્દમાં, વચ્ચે જ મા વરતાય છે,
માંગે નહીં તે માતા છે, મા લાગણીનો છંદ છે,
જે માફ કરે તે માતા છે, મા આતમાની પસંદ છે, મા કહે. ૩

## ૮. ઉપકાર

માતા મારી વાતને સમજે, એ છે માતાનો ઉપકાર,
હું સમજું માતાની વાતો, એ છે મારો શુભ આચાર.
એણે ખોલ્યો દરવાજો તો, આ દુનિયામાં થયો પ્રવેશ,
મુજને ભાષા એણે આપી, એણે બતાવ્યા દેશ ને વેશ,

મારા જીવનના આરંભે, એ જ બની મારો આધાર,
હું પણ છેવટ લગ નહીં ચૂકું, એની સેવાનો સંસ્કાર, માતા. ૧
દેશ કાળ બદલાય ભલે પણ, પ્રેમ કદી નથી બદલાતો,
મોટા ઉપકારોનો બદલો, થોડાથી નથી ચુકવાતો,
જેની એક જ આંગળી પકડી, જોયો મેં આખો સંસાર,
એનાં ચરણોમાં મેં જોયો, મારા સઘળાં સુખનો સાર, માતા. ૨
એને ક્યાંય ન ઓછું આવે, એનું ધ્યાન રહે કાયમ,
એનાં ચહેરે સ્મિત રમે, એ જોવાનુંય ગમે હરદમ,
દેહ ઘસી પોતાનો એણે, મનેં કરાવ્યો છે આહાર,
દરિયો નાનો લાગે એવો, દીધો છે માતાએ પ્યાર, માતા. ૩

## ૯. માતા તું ભાગ્યવિધાતા

માતા તું ભાગ્યવિધાતા છે માતા તું જીવનદાતા છે
તું શક્તિનું સાચું રૂપ છે તું કરુણા વત્સલ માતા છે...
નવ નવ મહિના તેં કુક્ષિમાં બોજો ઊંચકી રાખ્યો મારો
માનવના મુજ અવતાર તણો તેં ખયાલ રાખ્યો એકધારો
તારાં અન્નથી મુજને અન્ન મળ્યું તારા શ્વાસથી મુજને શ્વાસ મળ્યો
માટીના એક આ કોડિયાને તારી જ્યોતિનો અજવાસ મળ્યો.
માતા તું ભાગ્ય વિધાતા છે. ૧
એક નાનું એવું બીજ હતું એને ફૂલ બનાવ્યું તેં સુંદર
તારી કાયામાં મારા દેહતણું તેં કેવી રીતે કીધું ઘડતર
તેં આંખ આપી તેં કાન આપ્યા તેં નાક આપ્યું તેં હૃદય આપ્યું
તેં હાથ આપ્યા તેં પગ આપ્યા તેં દૂધ પાઈ આયુષ્ય આપ્યું
માતા તું ભાગ્યવિધાતા છે. ૨
મને બોલતાં - ચાલતાં ના આવડે મને ખાતા - પીતાં ના આવડે
મને નહાતાં - ધોતાં ના આવડે તને એનાથી ના ફરક પડે
તેં મુજને બદ્ધું શીખવ્યું છે તેં ભૂલ બધી જ સુધારી છે
તેં પથ્થરમાંથી શિલ્પ ઘડ્યું દેવર્ધિ કલા તુજ ભારી છે.
માતા તું ભાગ્ય વિધાતા છે. ૩

### ૧૦. યાદ તમોને કરશું

**(હે ત્રિશલાના જાયા...)**

યાદ તમોને કરશું
ગુણઅનુમોદના કરીશું
ધર્મ તણો અનુરાગ તમારો ભાવ ધરી સાંભરશું...
તમે પ્રભુની ભક્તિ કરવા સદા રહ્યા અગ્રેસર
ઉત્તમ ભાવો સાથે પૂજ્યા તમે સદા પરમેશ્વર
અમે પ્રભુશ્રદ્ધાનો દીવો હૈયે અખંડ ધરશું, યાદ. ૧
તમે કરી ગુરુસેવા ઉત્તમ મન વચ કાયા સાથે
ગુરુચરણોમાં મસ્તક મૂકી આજ્ઞા વહેતાં માથે
આશીર્વાદો અઢળક પામ્યા તેને પ્રેમે સ્મરશું, યાદ. ૨
સંઘ તણી સેવા કરવામાં તમને આનંદ મળતો
આરાધકોને જોતાં જોતાં હર્ષ નયન ઝળહળતો
તમને અનુસરવા શુભ કાર્યો અમે સતત આદરશું, યાદ. ૩
તમે કુટુંબને વત્સલ હૈયે આપ્યો પ્રેમ અનેરો
સ્વાર્થ વિના સૌને સંભાળ્યા સદાય હસતો ચહેરો
તમે કેડી કંડારી આપી હવે અમે સંચરશું, યાદ. ૪
તમે સ્વર્ગથી સીમંધર જિન દર્શન કરવા જાશો
તમે મનુષ્ય થશો તો દીક્ષા લઈને શિવપદ જાશો
અમે તમારી જેમ ગુણોની સુગંધ મીઠી વરશું, યાદ. ૫

## (૨૯) રંગોત્સવ

(જિનાલયની ધ્વજાનું સન્માન, દીક્ષાની છાબ ભરવી, કપડા રંગવા, ગ્રંથવિમોચન આદિ પ્રસંગે આ ગીતો દ્વારા અષ્ટવિધ રંગના છાંટણા થઈ શકે છે.)

### ૧. કંકુતિલક

**(ધીમે ધીમે ગાઉં)**

શીતલ શીતલતા દો મનની નિર્મલતા દો
અમને ઉજ્જવલતા દો દો દાદા સુખ અક્ષય

કંકુના તિલક કરીએ આજ્ઞાને મસ્તક ધરીએ
સિદ્ધિ સંગે સંચરીએ જય જય બોલો જય જય
મંગલનો રંગ છે લાલ વહાલાનું વિશ્વ વિશાલ
મનમાં ઉભરે છે વહાલ ભક્તિનો છે નિશ્ચય
શીતલ જિનવરના સંગે નાચીશું ઉત્સવ રંગે
આનંદ અંગે અંગે જય જય બોલો જય જય. ૧
મારી ભૂલ ભૂલી જાજો, મારા માર્ગદર્શક થાજો, પ્રેમ પીયૂષ પાજો,
ખોલી દો ભીતરનું તાળું, ભીતરે ભરો અજવાળું, અંતરમાં તમને ભાળું,
ક્ષણ ક્ષણ હૈયે યાદ કરીએ, પ્રીતતણાં પુષ્પો પાથરીએ,
તમે નાથ છો, તમે સાથ છો,
કરજો જીવનને સુરભિત, વસજો હૈયામાં નિતનિત,
સદ્‌ગુણને કરજો વિકસિત, જય જય બોલો જય જય, કંકુના. ૨
પ્રભુ પ્રભુ હો
બાળ આ તમારા દ્વારે, તમારું જ નામ પુકારે, આંખોમાં આંસુ સારે
કેટલી પરીક્ષા લેશો ? ક્યારે અમને દર્શન દેશો ? ક્યાં સુધી દૂર રહેશો ?
અમે તો તમારા કાયમ રહેશું, યાદ તમારી પળ પળ વહેશું
ગીતમાં તમે, સ્મિતમાં તમે
આજે આવ્યો છે અવસર, તેથી માંગું છું ઉત્તર, ક્યારે મળશો ઓ જિનવર ?
જય જય બોલો જય જય, કંકુના. ૩

## ૨. ગુલાબજળ

**(જૂઠી મૂઠી મિતવા )**

તમ મન જીવનમાં શીતલ પ્રભુ
મધુર સ્તવનમાં શીતલ પ્રભુ
પ્રભુજીની પ્રીતની સુવાસ છે વિમલ, છાંટીએ આજ તેથી ગુલાબજલ
મનનમાં ચિંતનમાં શીતલપ્રભુ, મધુર. ૧
ગુણ જિનવરના અગમ અપાર
છે ઉત્તમ ઉપકાર ઉદાર, શક્તિ સમર્થ પરમ સુખકાર
પ્રભુની કૃપા કરે ભવપાર

શાસ્ત્રીય સંગીત બાજે સરસ, ભક્તો ભૂલે ભૂખ તરસ
રહે કણ કણમાં શીતલ પ્રભુ. મધુર. ૨

## ૩. કેસરછાંટણા

**(ઈશ્ક બિના ક્યા : તાલ)**

આજે ઉત્સવ રંગતણો છે, રંગોત્સવ સૌ હરખે
કેસરના છાંટા રંગરંગ, ચંદનથી ઘોળ્યા રંગ
આંગળીએ લઈએ રંગરંગ, શુભ વસ્ત્રે દઈએ રંગ (ઓ)
શીતલ જિનવર પરમ કૃપાલુ, સુખદાયક છે નાથ દયાલુ
લાગણી બાંધી અઢળક અઢળક, જોયા કરીએ પ્રતિમા અપલક
પ્રભુભક્તિનો છે રંગ રંગ, પ્રભુપ્રીતિનો છે રંગ (ઓ)
ભગવાન મળે, તો જીવન ફળે, જો કૃપા મળે તો વ્યથા ટળે
સેવા કરવી છે જનમ જનમ, એકરાગ પ્રભુમાં મમ આતમ
ભક્તિનો રંગ છે સર્વોત્તમ, ભગવાન મળે, તો જીવન ફળે
સુખશાતા આપે દુઃખ આપે, પ્રભુ શાંતિ-સમાધિમાં સ્થાપે
ઉત્સવ રંગતણો છે આજે, રંગોત્સવ સૌ હરખે
મારા શ્વાસે શ્વાસે પ્રભુ છે, મારી પાસે પ્રભુ છે
રૂડો કેસરિયો રંગ રંગ, છલકે છે દરિયો રંગ (ઓ)
ઉત્સવ રંગ તણો છે આજે, રંગોત્સવ સહુ હરખે

## ૪. કંકુથાપા

**(હેલાજી રે...)**

કંકુથાપા કરે આજ સોહાગણ નારી હર્ષ ધારીને
સર્વે સખીઓના સાજ સૌ શણગારીને, સોહાગણ...
પાલવ ઢાંકી, ઓઢણી રાખી, મર્યાદા સૌ આદરીને, સોહાગણ, કંકુ. ૧
દશ આંગળીઓનો રે કેવો સરસ બને આકાર
એના નાજુક પંજા રે જાણે લક્ષ્મીનો આધાર
થાળી ભરીને કુમકુમ રંગી, બન્ને હાથ પલાળીને, સોહાગણ, કંકુ. ૨
એ તો મીઠું મીઠું ગાય, એ તો મરક મરક મલકાય,

એ તો શુકનવંતી ગણાય, એ તો ભક્તિથી છલકાય,
રીત મધુરી પ્રીત મધુરી, શીતલ પ્રભુને ઓવારીને, સોહાગણ, કંકુ. ૩

## ૫. કેસુડાનો રંગ

**(રાજસ્થાની)**

એ જી રે લાગ્યો કેસુડાનો રંગ
એ જી રે પ્રભુ શીતલ લાગ્યો રંગ
ઉત્સવ આજ મનાયો મોટો ઉત્સવ આજ મનાયો
એ જી રે એનો રંગ રહે છે અભંગ
પ્રીતમ સંગ નિશદિન બઢત ઉમંગ, એ જી રે. ૧
એ જી રે મારો પુણ્ય દિવસ છે આજ
પ્રભુજી સંગ પામ્યો પ્રેમ પ્રસંગ, એ જી રે. ૨
એ જી રે શુભ ભાવને વહેજોજી
હૃદય રહે પ્રભુના ગુણ ઉછરંગ, એ જી રે. ૩
એ જી રે હું તો વીસરું સૂધબૂધ આજ
જિણંદ મોરા બદલ ગયા રંગઢંગ, એ જી રે. ૪

## ૬. અક્ષત વધામણાં

**(ઘુમર...)**

ઓ સ્વામી અક્ષત ચોખાથી વધાવીએ રે આજ, ઉત્સવ આંગણ આવ્યો રાજ. ૧
ઓ સ્વામી અક્ષત રંગથી રંગાવીએ રે આજ, ઉત્સવ આંગણ આવ્યો રાજ. ૨
ઓ સ્વામી મંગલગીત બહુ ગાઈએ રે આજ, ઉત્સવ આંગણ આવ્યો રે. રાજ. ૩
ઓ સ્વામી કેસર કંકુ છંટાવીએ રે આજ, ઉત્સવ આંગણ આવ્યો રે રાજ. ૪
ઓ સ્વામી ઘૂંઘરું પગ બાંધી નાચીએ રે આજ, ઉત્સવ આંગણ આવ્યો રે રાજ. ૪
ઓ સ્વામી મુગતિનું સુખ અમે માંગીએ રે આજ, ઉત્સવ આંગણ આવ્યો રે રાજ. ૬
સ્વામી શીતલ જિન મન લાવીએ રે આજ, ઉત્સવ આંગણ આવ્યો રે રાજ. ૭

## ૭. મહેંદી

તારી આજ્ઞાને મેં તો મારાં માથે મૂકી
તારી ભક્તિની મહેંદી મેં માથે મૂકી

શ્રદ્ધાના સૂર છે બોધ તણા તાલ છે, આતમજી એમાં જ રાચે
ભક્તોની આંખોમાં ભક્તિની પાંખોમાં, તારાં જ પગલાં વાંચે
એવી દૃષ્ટિ મારામાં મારા નાથે મૂકી, તારી. ૧
તારા જ ધ્યાન દ્વારા તારા જ ગાન દ્વારા, સાર્થક સમય મારો થાય છે
તારા વિનાની ક્ષણ આવે કદી ના એવી, ઝંખા હૃદય ઉભરાય છે
યાદ દિવસે ના મૂકી ના રાતે મૂકી, તારી. ૨

## ૮. રંગગુલાલ

**(કરીઓ ના)**

રંગગુલાલ (૨) આજે ઉત્સવ મનાવો રંગગુલાલ,
પૂજીએ પૂજીએ (૨) શીતલ પ્રભુ ભાવ વિશાલ
વંદો વંદો વીતરાગી, સંગ વસ્યા તે છે સૌભાગી.
તોરી લગની લાગી, મોહે પ્રીતિ જાગી,
દૂર દુવિધા ભાગી, હુઈ મૈં ગુણરાગી.
આ રંગ રહે મન આજીવન, આ રંગે કરું તારું કીર્તન,
આ રંગે રંગું સ્વજનોને, આ રંગમાં પૂજા અને પૂજન,
વરસાવે વહાલ પ્રભુ વરસાવે વહાલ,
પૂજું છું સાહેબજીને ત્રિકાળ. રંગગુલાલ. ૧
ટળે કઠિન કરમ, મટે ભય અને ભ્રમ, સિદ્ધશિલામાં છે, સુખશાંતિ પરમ
મારા નાથ નિરંજન નમો નમો ભવભ્રમણ નિવારણ નમો નમો
દાદા દુઃખભંજન નમો નમો દેવર્ધિ ધારણ નમો નમો
તારો રંગ લગાવ્યો મારે ગાલ, કરું આજ્ઞાતિલક મારે કપાળ. રંગગુલાલ. ૨

# ૧૦

# પૂજા

| | | |
|---|---|---|
| ૧. | શ્રી મહાવીર જિન અષ્ટપ્રકારી પૂજા | ૩૩૭ |
| ૨. | શ્રી શીતલ જિન પંચકલ્યાણક પૂજા | ૩૪૮ |
| ૩. | શ્રી ચોવીશ જિન દીક્ષાકલ્યાણક પૂજા | ૩૫૭ |
| ૪. | શ્રી પ્રાર્થના સૂત્ર પૂજા | ૩૭૩ |
| ૫. | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પૂજા | ૩૮૫ |
| ૬. | શ્રી સિદ્ધ પદ પૂજા | ૩૯૫ |
| ૭. | શ્રી સિદ્ધ અષ્ટપદી | ૪૦૯ |
| ૮. | શ્રી ધર્મચક્રની પૂજા | ૪૧૪ |
| ૯. | શ્રી અઢાર અભિષેક ગીત | ૪૨૦ |
| ૧૦. | આત્મપ્રક્ષાલન (અષ્ટપ્રકારી પૂજા) | ૪૨૭ |
| ૧૧. | પ્રભુ વીરનું દીક્ષા જીવન | ૪૩૨ |

# (૧) શ્રી મહાવીર જિન અષ્ટપ્રકારી પૂજા

## મંગલાચરણ

જય જય વીર જિણંદજી, ક્ષત્રિયકુંડના નાથ
શ્યામ સુંદર ભગવંતજી, સાચા સુખનો સાથ. ૧
ચ્યવન, જન્મ, દીક્ષા લહે, ક્ષત્રિયકુંડે મહાન
કેવલ લહે ઋજુવાલુકા, પાવાપુરી નિર્વાણ. ૨
પૂજા અષ્ટ પ્રકારની, ગાઉં મન ઉલ્લાસ
પ્રભુપૂજાના પુણ્યથી, લહીએ આત્મ વિકાસ. ૩

## પ્રથમ વાસક્ષેપ પૂજા

બ્રાહ્મ મુહૂર્તે જાગીએ, સમરીએ નવકાર
પ્રતિક્રમણ આરાધીએ, એ પ્રાતઃ આચાર. ૪
શુદ્ધ વસ્ત્ર ધારણ કરી, જિનમંદિર જઈએ
દર્શન જ્ઞાન ચરિત્રની, પ્રદક્ષિણા દઈએ. ૫
ચંદન ચૂર્ણે મેળવી, ઉત્તમ દ્રવ્ય ઉદાર
વાસક્ષેપની પૂજના, કરીએ રોજ સવાર. ૬
ચપટીભર એ ચૂર્ણની, કેવી સરસ સુગંધ
ભક્ત અને ભગવાનનો, મહેકે છે સંબંધ. ૭

## પ્રથમ ઢાળ

### (સુમતિનાથ ગુણશું)

નામ મંત્ર છે, નામ યંત્ર છે, નામ સદા સુખકાર
નામ તત્ત્વ છે, નામ સત્ત્વ છે, નામ કરે ભવપાર
ભગવંતજી સમરું તાહરા એકવીસ નામ.૧
ભગવતી આચારાંગ આવશ્યક, કલ્પસૂત્ર શુભવાણી
રાયપસેણી સૂયગડાંગ એમ, વિધ વિધ આગમ જાણી, ભગવંતજી. ૨
વર્ધમાન તું મહાવીર તું, તું જ શ્રમણ ભગવાન
જ્ઞાતપુત્ર તું જ્ઞાતમુનિ તું, તુજ ઉપકાર મહાન, ભગવંતજી. ૩

તું અણગાર, તું જ અર્હત છે, તું કેવલી તું જ્ઞાની
તું તીર્થંકર તું વૈશાલિક, બોલ્યો મીઠી વાણી, ભગવંતજી. ૪

તું મુનિ તું માહણ તું મહાત્મા, જગગુરુ જગઆનંદ
તું દેવાર્ય, તું જ દેવાદિ, દેવાનુપ્રિય સુખકંદ, ભગવંતજી. ૫

ચરમ તીર્થપતિ તું છે સાહેબ,નિર્ગ્રંથ તાહરું નામ
અન્ય અન્ય જે નામ મળે છે, ભાવે સમરું તમામ, ભગવંતજી. ૬

નામ રહિત પદ પામ્યા અંતે, નમીએ સિદ્ધ ભગવાન
વાસક્ષેપની પૂજા કરતાં, ધરીએ ગુણ ગણ ધ્યાન, ભગવંતજી. ૭

### શ્લોક

દેવાધિદેવ ભગવન્ કરુણાનિધાન, શ્રેયોવિધાનકુશલ પ્રતિબોધદક્ષ ।
શ્રદ્ધાવશાદ્ જિનગૃહે વિહિતાં સમર્ચાં, સ્વીકૃત્ય નાથ સફલં કુરુ ભક્તિભાવમ્ ।।
(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीमते जिनेन्द्राय वासक्षेपं यजामहे स्वाहा)

## દ્વિતીય જળ પૂજા

મોરપિચ્છથી પૂજીએ, સુંદર જિનવર અંગ
આંગી મુગુટ ઉતારીએ, ધરીએ ભાવ અભંગ. ૧

ગાળ્યું પાણી આણીએ, તાજું લાવીએ દૂધ
કલશા સોવન ચાંદીના, વાપરીએ અવિરુદ્ધ. ૨

અંગલૂંછણા ઉજળાં, રાખીએ તૈયાર
નાળે વાસણ મૂકીએ, ના ઢોળાયે ધાર. ૩

દૂધ, દહીં, ઘી, શર્કરા, જળ એ પંચામૃત
વાપરીએ અભિષેકમાં, સફળ થાય સુકૃત. ૪

### ઢાળ

**(પ્રભુ પાસનું મુખડું જોવા)**

દેવાનંદા છે એક માય, ત્રિશલા છે બીજી માય
માતા તો બેય ગણાય, પણ કોણ વિશેષ કહેવાય ?

દેવાનંદા મોક્ષે જાય, ત્રિશલાજી સ્વર્ગ સિધાય
એક ચ્યવન કલ્યાણક માતા, બીજી છે જન્મ વિધાતા, દેવાનંદા મોક્ષે. ૨
દેવાનંદા સ્વપ્ન દશ ચાર, નીરખે છે બે બે વાર
એક વાર આવ્યા તે જોયા, બીજી વાર જોયું કે ખોયા, દેવાનંદા મોક્ષે. ૩
ત્રિશલાએ એક જ વાર, જોયા એ સ્વપ્ન ઉદાર
દોહદ ત્રિશલાને થાય, એ તો મહારાણી ગણાય, દેવાનંદા મોક્ષે. ૪
ત્રિશલાએ દીધો અવતાર, થયો જગમાં જયજયકાર
શિશુ બાળ યુવા વય જોઈ, પામ્યા માતા સુખ સહુ કોઈ, દેવાનંદા મોક્ષે. ૫
પરણાવ્યા પ્રભુને રંગે, પૌત્રીને જોઈ ઉમંગે
મુજ પુત્રની દીક્ષા થાય, એ ભાવ લઈ સ્વર્ગે જાય, દેવાનંદા મોક્ષે. ૬
શ્રી વર્ધમાન જિનરાયા, બ્રાહ્મણ કુંડ જાતે આવ્યા
દેવાનંદા ભાળે વીર, તીર્થંકર રૂપ ગંભીર, દેવાનંદા મોક્ષે. ૭
હતી સાવ અજાણ એ માત, હતો પુત્ર જગતવિખ્યાત
કેવો યોગ અનેરો જણાય, ત્રણ લોકને અચરજ થાય, દેવાનંદા મોક્ષે. ૮
દેવાનંદાનું દૂધ વહે છે, ગૌતમ આશ્ચર્ય લહે છે
સમોસરણમાં પૃચ્છા થાય, એમ ભગવતી આગમ ગાય, દેવાનંદા મોક્ષે. ૯
પ્રભુ ઉત્તર દેતાં બોલ્યા, જાણે ગેબી પડદા ખોલ્યા
દેવાનંદા છે મુજ માતા, મમ દેહ તણા નિર્માતા, દેવાનંદા મોક્ષે. ૧૦
કેવી ભાગ્યવતી એ માતા, જેના ગુણ વીતરાગી ગાતા
ભલા માતાપિતા હરખાયા, આંખે અમૃત ઊભરાયા, દેવાનંદા મોક્ષે. ૧૧
પુત્ર આવ્યો દીક્ષા દેવા, મા-બાપ છે ઉત્સુક લેવા
એ દુર્લભ દશ્ય નિહાળી, બાર પર્ષદે આંખ પખાળી, દેવાનંદા મોક્ષે. ૧૨
મા દીક્ષા લે પ્રભુ હાથે, શ્રી ઋષભદત્તની સાથે
એના દૂધે ભાવ ઉજાળ્યા, એના દૂધે પાપ પખાળ્યા, દેવાનંદા મોક્ષે. ૧૩
અમ હાથના અમૃત કળશે, દેવાનંદાના ભાવ વરસે
અમ ભક્તિ પ્રભુ અવધારો, અમને પણ પાર ઉતારો, દેવાનંદા મોક્ષે. ૧૪

**(શ્લોક + મંત્ર)**

## તૃતીય ચંદન પૂજા

કોમળ હાથે લૂંછીએ, જિનમૂર્તિ મનોહાર
સ્પર્શ પ્રભુનો જે લહે, તે પામે ભવપાર. ૧
છોડ તે ધન્ય કપાસનો, જેમાંથી બને વસ્ત્ર
નિર્મળતા મૂર્તિ તણી, જે દીપાવે અજસ્ર. ૨
ધન્ય વસ્ત્ર જે મૂર્તિને, ભેટે અંગે અંગ
ઉર્જા જિનપ્રતિમા તણી, પામી ધરે ઉમંગ. ૩
પૂજા રહિત જિણંદજી, સોહે સિદ્ધ સ્વરૂપ
એહ સ્વરૂપને પામવા, તલસે સુર નર ભૂપ. ૪
ચંદન નિજ હાથે ઘસી, કરો વિલેપન રંગ
નવ અંગે તિલક કરો, ઉત્તમ કેસર સંગ. ૫

### ઢાળ

તુજમાં મુજને ભાળું એવી બુદ્ધિ આપો...
મુજમાં તુજને ભાળું એવી શુદ્ધિ આપો...

આંખો તમને નિરખે ત્યારે, હૈયું કેમ રહે છે દૂર
હોઠો સ્તવના ગાય પરંતુ, મનમાં તો ભ્રમણાના પૂર
કરુણા માંગું તારી તો પણ, જાતે ક્યાંક બનું છું ક્રૂર
સાચી સમજણની સુંદર સમૃદ્ધિ આપો, તુજમાં. ૧

જાતને ઘસી નાંખે છે ચંદન, ચડવા તારા અંગ ઉપર
સાવ વિખેરે ખુદને કેસર, ધરવા તારો રંગ અમર
તારી ભક્તિ કરવામાં એ, ના છોડે છે કોઈ કસર
પૂર્ણ સમર્પણ ભાવની પળ પળ વૃદ્ધિ આપો, તુજમાં. ૨

તારા ત્રણ ત્રણ જન્મોત્સવનું, કલ્પસૂત્રમાં છે વર્ણન
પહેલા જન્મોત્સવમાં આવે, દિશાકુમારીઓ છપ્પન
બીજા જન્મોત્સવમાં ચોસઠ, ઈન્દ્રદેવનું છે નર્તન
જોઈ શકું એને હું એવી ઋદ્ધિ આપો, તુજમાં. ૩
ત્રીજા જન્મોત્સવમાં રાજા, સિદ્ધારથ આનંદ કરે
બાળપ્રભુને નિરખી નિરખી, હૈયે અઢળક હર્ષ ધરે

પારણિયે ઝૂલે છે વહાલો, તનમનનો સંતાપ હરે
થાઉં તમારું સ્વજન હું, એવી સિદ્ધિ આપો, તુજમાં. ૪

નાની નાની આંગળીઓમાં, જગત વિજેતાની શક્તિ
ઝીણી ઝીણી આંખડીઓમાં, અદ્ભુત કોઈ અનાસક્તિ
ટપકું ગાલે કરે છે મામી, એ પણ છે મંગલ ભક્તિ
એક એક તિલકમાં ભાવવિશુદ્ધિ આપો, તુજમાં. ૫

**(શ્લોક + મંત્ર)**

## ચતુર્થ શ્રી પુષ્પ પૂજા

એકેન્દ્રિય આ ફૂલડાં, સાચે છે પુણ્યવાન
જેને ખોળે લે પ્રભુ, તેના કરો ગુણગાન. ૧

પાંખડીઓ ના તોડીએ, વીંધીએ ના સોય
જયણા મોટો ધર્મ છે, એ નવ ચૂકજો કોય. ૨

અખંડ ફૂલે પૂજીએ, આંગી રચો ફૂલમાળ
ફૂલડે તોરણ બાંધીએ, શોભા ઝાકઝમાળ. ૩

કલગી રચાવીએ ફૂલની, ગુચ્છ વિવિધ બહુરંગ
ફૂલઘરમાં પ્રભુ થાપીએ, પરિમલ પુણ્ય પ્રસંગ. ૪

### ઢાળ

મારા જીવનની સુંદરતા, સ્વામી તમે વધારી છે
નાથ તમારી સુંદરતાને, ફૂલોએ શણગારી છે
આંખો જેવું સહસા સુંદર, જગમાં બીજું કાંઈ નહીં
એવાં ગીતો કંઠ આરોપિત, ફૂલની માળા ગાઈ રહી
ક્યારે પણ કરમાય નહીં એ, શક્તિ નાથ તમારી છે, નાથ. ૧

ચરણ તમારા એવા મનહર, જાણે નાજુક રેશમ છે
આંગળીઓ છે કોમળ કોમળ પંજા સાવ મુલાયમ છે
પગલે પગલે પ્રભુ તમે તો, દુનિયાને ઉદ્ધારી છે, નાથ. ૨

બિડાયેલા હાથ તમારા, કેવા અદ્ભુત લાગે છે
સાત્ત્વિકતાની સરવાણીઓ, સરસ સુગંધિત જાગે છે
જ્ઞાન ધ્યાનની મંગલકારી, મુદ્રા આ અલગારી છે, નાથ. ૩

મૌન રહેલા હોઠ ઉપરનું, સ્મિત અવિરત બોલે છે
મારા મનની પ્રસન્નતાના, દરવાજા એ ખોલે છે
કમળપાંદડી ઝાકળભીની, જાણે કે મનહારી છે, નાથ. ૪

શૈશવમાં છો તમે મોગરો, કુમારવયમાં તમે ગુલાબ
યૌવનવયમાં પ્રભુ તમે તો, કલ્પવૃક્ષનો ધર્યો રૂઆબ
તમે બગીચો મોટો, મારી ભક્તિ નાની ક્યારી છે, નાથ. ૫

સુદર્શના નંદિવર્ધનનાં, તમે પ્રિય બંધુ વિખ્યાત
તમે યશોદાના સાહેબ છો, પ્રિયદર્શનાના છો તાત
મારા માતા-પિતા તમે છો, એવી અરજી મારી છે, નાથ. ૬

ભીતરથી ઉઠીને આવે, સુગંધ જેવો પરમાનંદ
રાગ, રોષ કે દ્વેષ દોષની, સાથે ના રહે કોઈ સંબંધ
અનંતતાની સરહદ પ્રભુજી, તમે સતત વિસ્તારી છે, નાથ. ૭

**(શ્લોક + મંત્ર)**

## પંચમ ધૂપ પૂજા

જે પૂજામાં પામીએ, પ્રભુનો સ્પર્શ અમૂલ
અંગપૂજા તે ત્રિવિધ છે, જળ ચંદન ને ફૂલ. ૧

પ્રભુ આગળ સામગ્રીઓ, અગ્રપૂજાએ ધરાય
ધૂપ દીપ અક્ષત અને ફળ નૈવેદ્ય ગણાય. ૨

નાચો કર ચામર લઈ, થેઈ થેઈ થનકાર
ભલું થયું પૂજ્યા પ્રભુ, ત્રણ ભુવન શિરદાર. ૩

લઈ અરીસો હાથમાં, તેમાં જુઓ જિનમુખ
કરો કલ્પના કે મળ્યું, મુજને શાશ્વત સુખ. ૪

હર્ષ પ્રભુભક્તિ તણો, આપે પરમ આહ્લાદ
પુલકિત ભાવે કીજીએ, ઘનઘન ઘંટાનાદ. ૫

**ઢાળ**

**(હરિગીત)**

આનંદ લીલા લહેર છે, મદમસ્ત ધૂમની સેર છે...
શ્રી યશોદા સાથે તમારું, થાય છે પાણિ ગ્રહણ
મોંઘા દશાંગી ધૂપથી, મહેકી ઉઠે વાતાવરણ
એ મંડપે એ મહેલમાં, વૈરાગ્ય રસ ચોમેર છે, આનંદ. ૧
દીક્ષાભિષેકના લેપ, દીક્ષા બાદ પણ સુરભિત રહે
તેથી તો કાળા ભૃંગના, ઝેરીલા ડંખ ઘણા સહે
ભગવંત તવ અંતર્દશામાં, લેશ પણ ના ફેર છે, આનંદ. ૨
સંગમ સુરે બે પગની વચ્ચે, આગ રે, ચાંપી હતી
એના ધુમાડા જોઈને સૃષ્ટિ, સખત કાંપી હતી
ચંદન સમાન તમે પ્રભુ, ના વેર છે ના ઝેર છે, આનંદ. ૩
વહેતી નદી વનવાટ, જામ્યા ગાઢ થર ધુમ્મસ તણા
સૂરજ ઊગે છે તોય ના, વિખરાય એ વાદળ ઘણા
તવ રાતદિનની ધ્યાન મુદ્રામાં, ન કોઈ ફેર છે, આનંદ. ૪
દીક્ષા સમયથી શુભ્ર ધારા, ધ્યાનની અપલક વરી
ઉપસર્ગના અગ્નિ સહી, સૌ જીવને સુરભિ ધરી
સાક્ષાત ધૂપ બન્યા તમે, કેવી તમારી મહેર છે ? આનંદ. ૫
આપો અમોને શાંત રસ, આપો સહનશીલતા પ્રભુ
આપો મહાનિર્વેદ એ, આપો પરમ ધીરતા પ્રભુ
આ ધૂપસળીની સાક્ષીએ, અમ અરજી આંસુ ભેર છે, આનંદ. ૬

**(શ્લોક + મંત્ર)**

## ષષ્ઠ દીપક પૂજા

એક જ્યોતનો દીવડો, એ છે સિદ્ધનું રૂપ
બે જ્યોતિનો દીવડો, ચક્ષુયુગલ અનુપ. ૧
ત્રણ જ્યોતિનો દીવડો, દર્શન જ્ઞાન ચરિત્ર
પાંચ જ્યોતિનો દીવડો, પંચમ જ્ઞાન પવિત્ર. ૨
જ્યોત એકસો આઠ તે, પરમેષ્ઠી ગુણ જાણ
સૂરજ ચંદા તારલા, કરે પ્રભુ ગુણગાન. ૩

### ઢાળ

અજવાળાના ઘડવૈયાને, અમે દીવડો ધરીએજી
દૃષ્ટિના દાયકની સામે, અજવાળું પાથરીએજી, અજવાળાના. ૧
સિદ્ધશિલાના સાહેબ માટે, સામગ્રીઓ લઈએજી
કલ્પવૃક્ષને સુંદર કરવા, અમે પાંખડી દઈએજી, અજવાળાના. ૨
અક્ષરના ઉદ્‌ઘોષક માટે, અમે લખીએ અક્ષરજી
સાત સ્વરોના સર્જક માટે, અમે ગાઈએ બે સ્વરજી, અજવાળાના. ૩
સઘળું જાણે તેના કાને, અમે તાણીને કહીએજી
કાંઈ કશું ના માંગે તેને, થોડુંક દેતાં રહીએજી, અજવાળાના. ૪
અજવાળું ના ઝાઝું પ્રગટે, એક ફૂંકે બુઝાયજી
અડધી ચમચી ઘીનો દીવો, એનાથી શું થાયજી, અજવાળાના. ૫
એક દીવાથી હજાર દીવા, પ્રગટે એ સાંભરીએજી
વીરપ્રભુના વિરલ પ્રભાવે, અમે વિમલતા વરીએજી, અજવાળાના. ૬
સમોસરણમાં બેસી દીધી, દેશના કેવળજ્ઞાનેજી
દીપશિખાના સોવનતેજે, ચૌમુખ ધરીએ ધ્યાનેજી, અજવાળાના. ૭
અમે તમારી આંખમાં જોઈ, એક જ વાતડી કહેશુંજી
અમે તમારી આંખે જગને, જોવા ઉત્સુક રહેશુંજી, અજવાળાના. ૮

**(શ્લોક + મંત્ર)**

### સપ્તમ અક્ષત પૂજા

અખંડ ઉજ્જવળ અક્ષતે, સ્વસ્તિક લેખન થાય
ચાર ગતિને ચૂરવા, ભાવનિવેદન થાય. ૧
ત્રણ ઢગલી આલેખીએ, દર્શન જ્ઞાન ચરિત્ર
મોક્ષમાર્ગની માંગણી, પૂરજો પ્રભુ પવિત્ર. ૨
સિદ્ધશિલા રચીએ સરસ, અનંત સુખ ભંડાર
વહેલા વહેલા ખોલજો, પ્રભુ પરમના દ્વાર. ૩

### ઢાળ

વિખરાયેલા દાણા જેવા, મારા સૌ અરમાન
સુંદર એક આકારમાં એને, ગોઠવી દો ભગવાન...
સારા ભાવ ન આવે મનમાં, આવે તો એ ટકે નહીં
મારાં હૈયે ઉત્તમ ભાવો, સ્થિર સ્થાન લઈ શકે નહીં
અવળા ભાવ અવિરત ઉગે, જેમ જમીનમાં ધાન. ૧

એક જ ચોખાનો દાણો છે, વાવો તોયે ઉગે નહીં
તેથી તેનો રચું સાથિયો, અખંડ દાણા ઘણા ગ્રહી
એક એક દુર્ભાવ ટાળજો, આપી વિવેક જ્ઞાન. ૨

સ્વસ્તિક મોતી હીરાનો, હું દોરું એવી શક્તિ નથી
તુજને પણ ભગવંત વસ્તુની, એવી કોઈ આસક્તિ નથી
યાચક થઈને આવ્યો છું હું, દેજો મુજને દાન. ૩

ગંધર્વોએ સ્તવના ગાઈ, સુર અસુરે કર્યું નૃત્ય
કરી દેવતાએ ફૂલવૃષ્ટિ, ઉત્તમ ભક્તિ કૃત્ય
મુઠ્ઠીભર ચોખા મૂકીને, હું શું કરું સન્માન. ૪

દેવછંદમાં નિવાસ કરતાં, સુવર્ણ કમળ વિહાર
એક કરોડ દેવ રહે સંગે, સમવસરણ વિસ્તાર
ખાલી ઝોળી ફેલાવીને, અમે કર્યા ગુણગાન. ૫

સાડા બાર વરસમાં પારણે, ખીર લીધી છે પ્રાય
એહ ખીરમાં ચોખા મારા, પડે તો ઉત્સવ થાય
ધન્ય ધન્ય તે ખીરના દાતા, ધન્ય તે નગર ઉદ્યાન. ૬

**(શ્લોક + મંત્ર)**

## અષ્ટમ નૈવેદ્ય પૂજા

આહારે ચાલે છે દેહ, દેહે લેવાય આહાર
એક બીજાના સાથથી, ચાલે છે સંસાર. ૧

દેહની મમતા છોડીએ, તો છૂટે આહાર
સ્વાદવૃત્તિને જીતીને, થઈએ ભવજલપાર. ૨

મુજને જે આહાર દઉં, તે તો કચરો થાય
તુજને સમર્પિત જે કરું, તે તો સોનું ગણાય. ૩
મીઠાઈ મોંઘી મૂકીને, માંગું મોક્ષ મહાન
સાચું સુખ સંવેદીએ, સિદ્ધશિલા સંસ્થાન. ૪

**ઢાળ**

**(શાસ્ત્રીય)**

આપો પદ અણહારી, જિનજી આપો પદ અણહારી
ક્યાં સુધી અમે સહતાં રહીશું, દુઃખડા સૌ સંસારી...
તમે ગ્રહો આહાર ત્યાં પ્રગટે, પંચ દિવ્ય મનોહારી
અમે અન્ન લઈએ ત્યાં સતાવે, ઇન્દ્રિય પાંચ નઠારી. ૧
તમે લઈ આહાર તપસ્યા, આગળ આગળ વધારી
અમે રહીને આહારરસમાં, તપસાધના વિસારી. ૨
તમે તમારા દેહથી સાધ્યું, આતમ સુખ અવિકારી
અમે દેહની મમતા દ્વારા, આહાર સંજ્ઞા ધારી. ૩
સિદ્ધ બુદ્ધ પારંગત પ્રભુજી, તમે જગત હિતકારી
અમને શિવપદનું ફળ આપો, વિનતડી અવધારી. ૪

**(શ્લોક + મંત્ર)**

## નવમ ફળપૂજા

ઉત્તમ ફળ મૂકી અમે, પૂજીએ જગત આધાર
પ્રભુની કરુણા દૃષ્ટિથી, લહીએ ભવ નિસ્તાર. ૧
દાન શીલ તપ ભાવની, વૃદ્ધિ કરો દિનરાત
સ્વસ્તિક પર ફળ થાપીને, વિનવીએ જગતાત. ૨
દર્શનથી ભક્તિ મળે, જ્ઞાનથી મળે વિવેક
ચારિત્રથી જયણા મળે, રત્નત્રયની ટેક. ૩
પુણ્ય થકી પ્રભુજી મળે, પ્રભુજી થકી મળે પુણ્ય
બન્ને પામ્યો હું હવે, ફળ શું માંગું ધન્ય. ૪

## ઢાળ

**(માને તો મનાવી લેશું રે)**

રોજ હું, મંદિરે આવું રે હો જીણંદા રે
ભવોભવના એ મનોરથ ભાવું રે
વસ્તુપાળ મંત્રી માંગે, કે સાત વાને આતમ જાગે રે
બીજું કાંઈ હૈયે ન લાગે રે, હો જિણંદા રે. ૧
વિધિ સાથે શાસ્ત્ર વાંચું, પદ પદ ચિંતન સાચું રે
ગુરુમુખે વાચના રાચું રે, હો જિણંદા રે. ૨
અરિહંત પદને ધ્યાઉં, કે ગુણ ગણ એના ગાઉં રે
ક્યારે એવો નિરમલ થાઉં રે, હો જિણંદા રે. ૩
ગુણિયલ સજ્જન સંગે, કે રહું હું તો મન ઉમંગે રે
રંગાઉં હું ઉત્તમ રંગે રે, હો જિણંદા રે. ૪
ગુણ ગાઉં સજ્જન કેરા, કે જીવે છે એ જીવન અનેરા રે
સાચાં મન સાચાં ચહેરા રે, હો જિણંદા રે. ૫
બૂરું કદી પણ ના બોલું, કે કોઈના ન ભેદ ખોલું રે
બૂરું સુણી ચિત્ત ન ડોલું રે, હો જિણંદા રે. ૬
બોલું સદા મીઠા વચન, કે હિતકર હોય કથન રે
અજવાળું સ્વ-પર જીવન રે, હો જિણંદા રે. ૭
પરાઈ હું માનું કાયા, કે આતમાની લાગી માયા રે
રાખું નહીં મોહની છાયા રે, હો જિણંદા રે. ૮

## કળશ

ભગવાન શ્રીમહાવીરનો મહિમા મનોહર ગાઈએ
પરમાત્માનું ગાન કરતાં પરમ પ્રભુતા પાઈએ
ક્ષત્રિયકુંડના વીરજીનું ભાવથી વર્ણન કર્યું.
દેવર્ધિએ શ્રી વર્ધમાન જિણંદનું કીર્તન કર્યું.

# (૨) શ્રી શીતલ જિન પંચકલ્યાણક પૂજા

## પ્રથમ પુષ્પપૂજા

(દોહા)

પ્રણમું પંચ પરમેષ્ઠીને, વંદું સદ્‌ગુરુરાજ,
સમરું દેવી સરસ્વતી, પૂજા રચવા કાજ. ૧
દશમા શ્રી શીતલ પ્રભુ, તીર્થંકર ભગવાન
પંચકલ્યાણક વર્ણવું, અક્ષય સૌખ્યનિધાન. ૨
શીતલ ચંદન વન વસે, શીતલ ચંદ્ર ગગન
શીતલ હિમ હિમાલયે, શીતલ પ્રભુ મુજ મન. ૩
શીતલતા આંખે વળે, જોતાં શીતલનાથ
શીતલતા અંગે મળે, પૂજા કરતાં હાથ. ૪
શીતલતા અંતર લહે, આદરતાં ગુણગાન
શીતલતાનો ધોધ છે, શ્રી શીતલ ભગવાન. ૫
શ્રી ત્રિષષ્ટિ ગ્રંથમાં, હેમચંદ્રસૂરિરાય
ફરમાવે જે તે મુજબ, જીવન વર્ણન થાય. ૬
શ્રી શુભવીરજી એ રચી, પૂજા પંચકલ્યાણ
સામગ્રી અર્પણ વિધિ, તે અનુસારે જાણ. ૭
કુસુમ ફળ અક્ષત તણી, જલ ચંદન મનોહાર
ધૂપ દીપ નૈવેદ્ય સું, પૂજા અષ્ટ પ્રકાર. ૮

## પ્રથમ પુષ્પપૂજા

પહેલી પૂજા પુષ્પની, પસરે પરિમલ પૂર
અખંડ અણવીંધ્યા રહે, તો આનંદ અક્રૂર. ૧

(સુનંદાનો કંત નમો)

સમેત શિખર ગિરિ સુંદર સોહે, ભવજલ તરણ જહાજ. પ્રભુજીને ફૂલ ધરો
મોક્ષે પધાર્યા સુવિધિ જિણંદા, નવમા શ્રી જિનરાજ. પ્રભુજીને. ૧
આગળ કાળ પ્રભાવથકી રે, લુપ્ત થાય મુનિવેશ. પ્રભુજીને.
પરંપરા મહાવ્રત પાલનની, રહી નહીં લવલેશ. પ્રભુજીને. ૨

વયોવૃદ્ધ શ્રાવકજન થોડા, ધર્મી રૂપે દેખાય. પ્રભુજીને.
જિજ્ઞાસાવશ ભોળા લોકો, તેમની પાસે જાય. પ્રભુજીને. ૩
શ્રાવક મુખથી ધર્મ સુણીને, હર્ષ તેમને થાય. પ્રભુજીને.
આદરભાવે ભેટ ધરે છે, સામગ્રી સમુદાય. પ્રભુજીને. ૪
શ્રાવક જનમન લાલચ જાગે, લોભ અનર્થનું મૂળ. પ્રભુજીને.
વિવિધ દાન કરવા કહેતા એ, વિરચી શાસ્ત્રો સ્થૂળ.. પ્રભુજીને. ૫
ભોળાજન તે શાસ્ત્ર સુણીને, આપે વિધવિધ દાન.. પ્રભુજીને.
તેહ સ્વીકારી આશિષ આપે, વૃદ્ધ ધરી અભિમાન. પ્રભુજીને. ૬
એમ સંસારી જનની પૂજા, સાધુ તરીકે થાય. પ્રભુજીને.
સમય સમય બળવાન ગણીએ, કોને શું કહેવાય ? પ્રભુજીને. ૭
વ્રતને પૂજો વ્રતીને પૂજો, એ છે મંગલ ધર્મ. પ્રભુજીને.
અવ્રતની આરાધના દ્વારા, બંધાતા બહુ કર્મ. પ્રભુજીને. ૮
અનર્થની આ પાપ પરંપરા, ટાળવા આવ્યા નાથ. પ્રભુજીને.
દશમા તીર્થપતિ શીતલ છે, સૌનો સાચો સાથ. પ્રભુજીને. ૯

### શ્લોક

**ॐ ह्रीँ श्रीं शीतलस्वामि – जिनेन्द्राय नमो नमः ।**
**उत्सवेन प्रसन्नोऽस्तु परमात्मा कृपामयः ।। (मंत्र)**

## દ્વિતીય ફલપૂજા

### (દોહા)

થાળ ભરી ફળ મૂકીએ, માંગીએ ફળ નિર્વાણ
સિદ્ધશિલામાં પામીએ, શાશ્વત ભાવે સ્થાન

### ઢાળ

### (નીલુડી રાયણ)

ત્રણ ભવની યાત્રા કરે પ્રભુ શીતલ જિનવર
સમકિત સંગ સુરંગ રે પ્રભુ શીતલ જિનવર
પહેલો ભવ તે જાણીએ પ્રભુ. સમકિત લાભ પ્રસંગ પ્રભુ. ૧
પુષ્કર વર દ્વીપાર્ધમાં પ્રભુ. પૂર્વવિદેહ સોહાય પ્રભુ.
વત્સ નામે વિજયમહીં પ્રભુ. સુસીમા પુરી ગવાય પ્રભુ. ૨

પદ્મોત્તર રાજા વસે પ્રભુ. તેજસ્વી ગુણવંત પ્રભુ.
સૌનાં સુખની કામના પ્રભુ. અહનિશ હૈયે વહંત પ્રભુ. ૩
સ્રસ્તાઘસૂરિ ગુરુ કને પ્રભુ. દીક્ષા લે શુભકાળ પ્રભુ.
છોડી ધન અને સ્વજનને પ્રભુ. છાંડી રાજ્ય વિશાળ પ્રભુ. ૪
ઉત્તમ સંયમ સાધના પ્રભુ. આતમ ઉન્નત થાય પ્રભુ.
વીશસ્થાનક આરાધના પ્રભુ. પુણ્ય મહાન કમાય પ્રભુ. ૫
જો હોવે મુજ શક્તિ ઈસી પ્રભુ. સવિજીવ કરું શાસનરસી પ્રભુ.
એ શુભભાવના મન વસી પ્રભુ. કરુણા ધારા ઉલ્લસી પ્રભુ. ૬
તીર્થંકર નામ કર્મનો પ્રભુ. બંધ નિકાચિત થાય પ્રભુ.
પ્રશમ રસે શુભ સાધીને પ્રભુ. પ્રાણતકલ્પે સીધાય પ્રભુ. ૭

**(શ્લોક + મંત્ર)**

## તૃતીય અક્ષત પૂજા

**(દોહા)**

મોતી જેવા ઉજળા, ચોખા ધરો અખંડ
પરમેશ્વરને પૂજતાં, પામો પુણ્ય પ્રચંડ

**ઢાળ**

**(પ્રથમ એક પીઠિકા)**

ભવ્ય ભદ્દિલપુરે, રાજા દઢરથ વસે, નંદા મહારાણી તસ જાણીએ એ
ચૈત્ર વદી છઠતણી, રાત્રિના સમયમાં, ચૌદ સપના લહ્યા રાણીએ એ. ૧
ગજ, ઋષભ, કેસરી, લક્ષ્મી, માળા, શશી, સૂર્ય, ધ્વજ, કુંભ નિહાળતી એ
પદ્મસર, જલનિધિ, દેવવિમાન ને, રત્નરાશિ, અગન ભાળતી એ. ૨
જાગીને રાણીજી, હર્ષ અતિરેકમાં, પરમ રોમાંચને અનુભવે એ
શયનગૃહ છોડીને, વિનય મન ધારીને, નરપતિ પાસે આવે હવે એ. ૩
સ્વપ્ન એ સાંભળી, રાજા રાજી થયા, ભાવિની ભવ્યતા ભાખતા એ
ધન્ય એ માતજી ધન્ય એ તાતજી, પુણ્યનું પરમ ફલ ચાખતા એ. ૪
સ્વપ્ન પાઠક કહે, સ્વપ્નના ફળરૂપે, પુત્રનો જન્મ અવધારજો એ
તીર્થપતિ કે પછી ચક્રવર્તી થશે, આગાહી એ ન વિસારજો એ. ૫

પ્રાણત કલ્પથી આયુ પૂરણ કરી, નાથ માતા કૂખે પાંગરે એ
ચ્યવન કલ્યાણકે એહ ઘટના બને, દેવદેવીઓ વંદન કરે એ. ૬
રાણીના દેહનું તેજ વાધે ઘણું, તેહથી એક ઘટના ઘટે એ
ગર્ભવતી રાણીના સ્પર્શથી રાજાનો, દાહનો રોગ એકદમ મટે એ. ૭
ગર્ભના પુણ્યનો એહ પરચો મળ્યો, રાજ્યપરિવાર આનંદ લહે એ
પુત્રનું નામ તો શીતલ જ રાખશું, ભાવ મા-બાપ એ મન વહે એ. ૮
જગતના નાથની છાયામાં જે રહે, તેમનાં ભાગ્ય મોટા ગણો એ
જગતના નાથને, છાયા જેઓ ધરે, તેમનો થાય મહિમા ઘણો એ. ૯

**(શ્લોક + મંત્ર)**

## ચતુર્થ જલપૂજા

**(દોહા)**

બે હાથે ગ્રહી કળશને, આદરીએ અભિષેક
અંતરની શુદ્ધિ થતાં, જાગી ઊઠે વિવેક

**ઢાળ**

**(હૈયાં હેલે ચડ્યાં)**

ઉત્સવ મનાવો આજે, ઉત્સવ મનાવો આજે
ઉત્સવ મનાવો, આજે ઉત્સવ મનાવો, આજે ઉત્સવ મનાવો. ૧
જન્મકલ્યાણક છે પોષ વદ બારસ, દઢરથ રાજાને મળ્યો તેજસ્વી વારસ
ધન્ય ધન્ય નંદા માતા ગુણલા ગાવો. ૨
છપ્પન દિશાકુમારી સાથે મળી આવે, પહેલો જન્મોત્સવ ઉમંગે મનાવે
મનમાં ધારે છે માતા જેવા ભાવો. ૩
ચોસઠ ઈન્દ્રો મહામેરુગિરિ આવે, બીજો જન્મોત્સવ એ સુંદર સજાવે
ઘંટા સુઘોષાતણા નાદ ગજાવો. ૪
ખળખળખળ વહેતી જાય અભિષેક ધારા, સુંદર સોહે છે પ્રભુ શીતલજી પ્યારા
મંગળ જળ શ્રદ્ધાથી માથે ચડાવો. ૫
માતપિતા પરિવાર સાથે મળીને, ભદ્દિલપુરજન ભાવે ભેગા ભળીને
ત્રીજો જન્મોત્સવ હવે મંડાવો. ૬

નાનકડા બાળકની, નાની નાની આંખડી, લાગે છે મુલાયમ કમળ તણી પાંખડી
પારણિયે પોઢાવી, ઝૂલો ઝુલાવો. ૭
પ્રભુ તમે પિતા છો, પ્રભુ તમે માતા, અમે છીએ યાચક ને પ્રભુ તમે દાતા
પ્રેમથી પ્રશમ રસ પાન કરાવો. ૮

**(શ્લોક + મંત્ર)**

## પંચમ ચંદનપૂજા

**(દોહા)**

સોનાની છે વાટકી, કેસર ચંદન કાજ
નવ અંગે તિલક કરી, લહીએ શિવપુર રાજ

**ઢાળ**

**(મનમંદિર આવો રે)**

પ્રભુ શીતલ વંદો રે જગગુરુ કરુણાનિધિ
પ્રભુ પૂજન આદરો રે સાચવી શુદ્ધવિધિ, પ્રભુ. ૧
બાળરૂપે દેવતા રે, પ્રભુજીના સંગે રમે
જન્મજાત વૈરાગી રે યુવા થાય અનુક્રમે, પ્રભુ. ૨
પ્રભુ પરિણય પામે રે માબાપના આગ્રહથી
દેહથી સંસારે છે રે મન સંસારે નથી, પ્રભુ. ૩
યોગદૃષ્ટિ ગ્રંથે રે સુંદર વાત કહી
મૃગજળ સમ સુખ છે રે દીસે પણ હોય નહીં, પ્રભુ. ૪
સુખનો રસ નવ ધરે રે દુઃખનો ભય ન વહે
પ્રભુ કમલ સુવાસિત રે ભવ કાદવમાં રહે, પ્રભુ. ૫
થયા રાજરાજેશ્વર રે જનકના આદેશથી
સહુને સંભાળે રે દ્વેષનો અંશ નથી, પ્રભુ. ૬
ધરે દાગીના અંગે રે ચિત્તમાં રંગ નથી
હથિયાર છે પાસે રે યુદ્ધનો સંગ નથી, પ્રભુ. ૭
વસે મોટા મહેલમાં રે મનમાં માન નથી
પ્રભુ આતમ સંગી રે શરીર પર ધ્યાન નથી, પ્રભુ. ૮

ઘણા વરસો સુધી એમ રે પ્રભુજી સંસારે વસે
કરે પુણ્ય પ્રતીક્ષા રે કરમો ક્યારે ખસે, પ્રભુ. ૯
એક દિન શીતલજી રે મન વૈરાગ્ય વહે
નવલોકાંતિક સુર રે જય જય નંદા કહે, પ્રભુ. ૧૦
પ્રભુ વર્ષીદાને રે જગતને તૃપ્ત કરે
જાણે મેઘની ધારે રે ધરતીની પ્યાસ ઠરે, પ્રભુ. ૧૧

**(શ્લોક + મંત્ર)**

## ષષ્ઠ ધૂપપૂજા

**(દોહા)**

સૌરભથી મઘમઘ થતો, પ્રગટાવો વર ધૂપ
ધુમ્મસમાં સૂરજ સમું, નિરખો પ્રભુનું રૂપ

**ઢાળ**

**(પ્રભુ પારસનાથ સિધાવ્યા)**

સુખકર સંબંધો છોડી, મનહર મહેલો તરછોડી
જંગલ સંગ મંગલ જોડી, મોહનીયના મર્મને તોડી રે
શીતલ જિન દીક્ષા પામે, સુખ લહીએ શીતલ નામે રે, શીતલ. ૧
પરિવારનો પ્રેમ અપાર, સામ્રાજ્ય મહા વિસ્તાર
ધન વૈભવ ઋદ્ધિ ઉદાર, મૂકી આદરે આત્મવિચાર રે, શીતલ. ૨
રથપાલખી ના વાપરશે, કેવળ પદયાત્રા કરશે
રાજેશ્વર પદ પરિહરશે, મહાવ્રતનો મુકુટ શિર ધરશે રે, શીતલ. ૩
દેવેન્દ્ર બધા મળી આવે, પ્રભુનો અભિષેક કરાવે
લેપ વસ્ત્રભૂષણથી સજાવે, જયઘોષ મહાન ગજાવે રે, શીતલ. ૪
બેસે ચંદ્રપ્રભા પાલખીમાં, મંગલકારી છે મહિમા
સહુ ચાલે ધીમા ધીમા, જનમેદનીની નથી સીમા રે, શીતલ. ૫
નિરખે જન નયન હજાર, લોકો ગાય સ્તવન હજાર
કરે ભાવથી વંદન હજાર, વાગે વાજિંત્ર ગગન હજાર રે, શીતલ. ૬
ધાવમાતા આશિષ આપે, કુલવધૂ શુભમંગલ થાપે
પ્રભુ દીપે સૂર્ય પ્રતાપે, અજ્ઞાન તિમિર સહુ કાપે રે, શીતલ. ૭

સહસાવનમાં ઉતરે છે, પાંચ મૂઠીએ લોચ કરે છે
મહાસામાયિક ઉચરે છે, મનપર્યવજ્ઞાન વરે છે રે, શીતલ. ૮
સાથે રાજા છે એક હજાર, સૌ ભાવે થયા અણગાર
પ્રશમામૃત પારાવાર, પોષ વદ બારસ સુખકાર રે, શીતલ. ૯
છઠનો તપ સૌ સ્વીકારે, દીક્ષા કલ્યાણક ત્યારે
ધન ધન જે દીક્ષા ધારે, અમે બેઠા રહ્યા સંસારે રે, શીતલ. ૧૦
પહેલું પારણું જ્યાં થાય, પંચ દિવ્યની વૃષ્ટિ કરાય
વસુરાજા નમે પ્રભુ પાય, સોનાની પીઠિકા રચાય રે, શીતલ. ૧૧

**(શ્લોક + મંત્ર)**

## સપ્તક દીપકપૂજા

**(દોહા)**

એક જ્યોતનો દીવડો, આપે કેવલ જ્ઞાન
પંચ જ્યોતિ દીપક દિયે, પંચમગતિમાં સ્થાન

**ઢાળ**

**(સિદ્ધાચલ શિખરે દીવો રે)**

છદ્મસ્થ રહ્યા ત્રણ માસ રે, શીતલ જિન સુખકારી રે
વર વૈરાગી વન વાસ રે, શીતલ.
માગસર વદ ચૌદસ ખાસ રે, શીતલ. પ્રભુ કેવલ જ્ઞાન પ્રકાશ રે, શીતલ. ૧

આનંદ આદિ ગણધાર રે, શીતલ. એક્યાસી મહાઅણગાર રે, શીતલ.
એક લાખ મુનિ પરિવાર રે, શીતલ. તીર્થંકર પ્રભુ જયકાર રે, શીતલ. ૨

આપે દેશના જ્યારે જ્યારે રે, શીતલ. થાય દીક્ષા ત્યારે ત્યારે રે, શીતલ.
માલકૌંસની અમૃતધારે રે, શીતલ. પ્રભુવાણી મધુર ઉચ્ચારે રે, શીતલ. ૩

રચે સમવસરણ સુર ભાવે રે, શીતલ. બાર પર્ષદા ધર્મ સુણાવે રે, શીતલ.
વાણી પાંત્રીસ ગુણ ગાવે રે, શીતલ. ચોત્રીસ અતિશય પ્રભુ લાવે રે, શીતલ. ૪

પ્રભુ આપે જે ઉપદેશ રે, શીતલ. તે સુણતાં મીટે ક્લેશ રે, શીતલ.
જે રત્નત્રયનો દેશ રે, શીતલ. તેમાં પ્રભુ કરાવે પ્રવેશ રે, શીતલ. ૫

પરમાતમ છે વીતરાગી રે, શીતલ. પ્રભુને નિરખે મહાભાગી રે, શીતલ.
પ્રશમામૃતધારા જાગી રે, શીતલ. મેં શીતલસેવા માંગી રે, શીતલ. ૬

(શ્લોક + મંત્ર)

## અષ્ટમ નૈવેદ્યપૂજા

### (દોહા)

આતમ સુખને પામવા, ધરીએ શુભ નૈવેદ્ય
દેહભાવ એ રોગ છે, પ્રભુજી છે મહાવૈદ્ય

### ઢાળ

(જિણંદા પ્યારા)

નરેશ્વર વંદે સુરેશ્વર વંદે, પૂજે રે શીતલ જિનરાજ
વંદે રે, નરેશ્વર વંદે. ૧
બ્રહ્મ યક્ષ છે, દેવી અશોકા, શાસન રક્ષણહાર, વંદે રે.
લાખ શ્રમણ, શ્રમણી લખ ઉપર, જાણીએ સાંઠ હજાર, વંદે રે. ૨
ચૌદસો ચૌદ પૂરવધર સાધુ, કેવલી સાત હજાર
મનપર્યયી સાડાસાત સહસ મુનિ, વૈક્રિયધર સહસ બાર, વંદે રે. ૩
બોંતેરસો મુનિ અવધિજ્ઞાની, ઉત્તમ વ્રત આચાર
પૂર્ણ મહાવ્રત પાલન કારી, પરંપરા વિસ્તાર, વંદે રે. ૪
બે લાખ ને નેવ્યાસી સહસ છે, શ્રાવક જન પરિવાર
ચાર લાખ છે શ્રાવિકા સંખ્યા, ઉપર અઠાવન હજાર, વંદે રે. ૫
પૂરવ લાખનું આયુ પ્રભુનું, અંતિમ ભવ સુખકાર
પચવીસ સહસ પૂરવ શીતલજી, રહ્યા રાજકુમાર, વંદે રે. ૬
રાજેશ્વર પદ સંભાળે પ્રભુ, પૂર્વ પચાસ હજાર
પૂર્વ પચીસ હજાર જિનેશ્વર,સંયમ પાલન કાર, વંદે રે. ૭
ચૈત્ર વદી બીજ મંગલ દિવસે, મોક્ષ કલ્યાણક સાર
અક્ષય પદ પહોંચ્યા પરમેશ્વર, શાશ્વત સુખ અધિકાર, વંદે રે. ૮
સમેતશિખર ગિરિરાજના શિખરે, માસિક અનશન ધાર
સહસ એક ઋષિજન પ્રભુ સંગે, સિદ્ધશિલા અવતાર, વંદે રે. ૯

પંચકલ્યાણક પ્રભુના પાવન, પ્રશમામૃત પગથાર
જે ગાએ જે સાંભળે તેઓ, પામે ભવ જલપાર, વંદે રે. ૧૦

**ગીત**

ઉત્તમ ઉત્સવ ઉલ્લસે શીતલ જિન સંગે
સાચો સાહેબ સેવીએ, નિત પ્રીત ઉમંગે
પંચકલ્યાણકની પૂજા, ગાઈએ શુભ રંગે
મંગલ વિધિપાલન કરો, અતિ પાવન અંગે
શ્રી વત્સ લંછન જગપતિ, ભદ્દિલપુર રાય
સોવન દેહ વિરાજે છે, નેવું ધનુષની કાય
પ્રિયંગુ વૃક્ષની છાયમાં, પ્રભુ કેવલ પાય
અઘાતી કર્મ વિનાશીને, અંતે મોક્ષમાં જાય.

**(કળશ)**

ગાયો ગાયો રે શ્રી શીતલ ઉત્સવ ગાયો
શીતલ જિનપતિ પરમ કૃપાલુ, ભક્તિરસ મન છાયો
પ્રભુગુણ ગાવો, પ્રભુરુપ ધ્યાવો, દિન દિન સંગ બઢાયો રે. ૧
પ્રભુ મોરે મન મેં, પ્રભુ મોરે દિલ મેં, પ્રભુ અણુ અણુ મેં સમાયો રે
પ્રભુ સુખકારી, પ્રભુ દુઃખહારી, પુણ્યોદયે પ્રભુ પાયો રે. ૨
સામગ્રી સમુદાર સમર્પિત, સંગીત સુંદર સજાયો
મન-વાણી-કાયા એકનિષ્ઠા, કર્મકલંક મિટાયો રે. ૩
તપાગચ્છનાયક, શુભદાયક, રામચન્દ્રસૂરિરાયો રે
તાસ શિષ્ય પ્રશમરતિ વિજયે, ગાયો આનંદદાયો. ૪

# (૩) શ્રી ચોવીશ જિન દીક્ષાકલ્યાણક પૂજા

### (પ્રારંભિક દોહા)

જગનાયક દેવાધિદેવ, તીર્થંકર ભગવાન,
ઉપકારો અગણિત છે, કરીએ પ્રભુ ગુણગાન. ૧
પાંચ કલ્યાણક હોય છે, ત્રિભુવનને સુખકાર,
દીક્ષા કલ્યાણક કહ્યું, કેવલજ્ઞાન દાતાર. ૨
તીર્થંકર અંતિમ ભવે, દીક્ષા તો લે છે જ,
દીક્ષા દ્વારા તૂર્ત લહે, મનપર્યયનું તેજ. ૩
આચારજ ઉવજ્ઝાયજી, પંન્યાસ ગણિરાય,
આ પદવી તેને જ મળે, જે થાયે મુનિરાય. ૪
તેજોલેશ્યા જે વધે, ભગવતીજી અનુસાર,
તે દશવિધ મુનિધર્મનો, જાણીએ ચમત્કાર. ૫
દીક્ષા કલ્યાણક તિથિ, સમરીએ મન બહુમાન,
ત્રણ લોક અજવાળતી, એ છે ઘટના મહાન્. ૬
દીક્ષા સમયે જે બન્યા, નાના નાના પ્રસંગ,
તેને સમરી ભાવથી, ધરીએ ધ્યાનનો રંગ. ૭

## ૧. જલ પૂજા

### (દુહા)

શીતલ જલ ઉજ્જવલ કરે, પ્રભુના નિર્મલ અંગ,
સફલ છે સંપત્તિ સકલ, પલ પલ સાહેબ સંગ. ૧
ક્ષમા ધર્મ પહેલો કહ્યો, મન ધરીએ ન દ્વેષ
ક્લેશ વૈર ના રાખીએ, ઉપશમનો ઉપદેશ. ૨
માફ કરી દે સર્વને, મનમાં ન લાવે ક્રોધ,
તે સાધકને ધન્ય છે, જે ટાળે પ્રતિશોધ. ૩

## ૧. નવ લોકાંતિક વિનંતી

**(વંદના વંદના વંદના રે...)**

તારજો તારજો તારજો રે, જગનાથજી ભવિકને તારજો રે.
નવ લોકાંતિક ભાવ ધરી બોલે, વીતરાગ વિનંતી સ્વીકારજો રે. જગ. ૧
વરસીદાનથી દીનદુખિયાના, પાપસંતાપ સૌ વારજો રે. જગ. ૨
સાધના કરજો, કર્મોને હરજો, મોહ મમતાને મારજો રે. જગ. ૩
ભીષ્મ તપસ્યા અખંડ આરાધના, ચારે કષાયને ડારજો રે. જગ. ૪
ધર્મ તીરથની સ્થાપના કરજો, દેશનાથી સૌને ઉદ્ધારજો રે. જગ. ૫
જય જય નંદા, જય જય ભદ્દા, દીક્ષા કલ્યાણકે ઉચ્ચારજો રે. જગ. ૬
ચરણોમાં દેવર્ધિ રાતદિન રહે છે, હૈયાનાં હેત અવધારજો રે. જગ. ૭
વેરઝેર કાપો ક્ષમાધર્મ આપો, ક્રોધની આગને ઠારજો રે. જગ. ૮

**(છંદ)**

ફાગણ વદી આઠમ દિન દીક્ષા, લે છે ઋષભ જિનેશ્વરજી,
મહા સુદી નવમી દિન દીક્ષા, લહે શ્રી અજિત જિનેશ્વરજી,
માગસર સુદ પૂનમ દિન સંયમ, ગ્રહે છે સંભવ જિનવરજી,
ધન્ય ધન્ય તે દિવસ છે જે દિન, દીક્ષા લે તીર્થંકરજી. ૧

**મંત્ર**

**ॐ ऋषभ, अजित, सम्भव, अभिनंदन, सुमति, पद्मप्रभ, सुपार्श्व, चन्द्रप्रभ, सुविधि, शीतल, श्रेयांस, वासुपूज्य, विमल, अनन्त, धर्म, शांति, कुंथु, अर, मल्लि, मुनिसुव्रत, नमि, नेमि, पार्श्व, वर्धमानान्ता जिनाः शान्ताः शान्तिकराः भवन्तु स्वाहा ।। ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्म-जरा-मृत्यु-निवारणाय श्रीमते जिनेन्द्राय जलं यजामहे स्वाहा ।।** (આ બે મંત્ર દરેક ઢાળ બાદ બોલવા)

(વિધિ : દૂધ અને જળનો અભિષેક કરી અંગ લૂંછણા કરવા.)

## ૧. ક્ષમા સંવેદન

હે પરમાત્મન્

* હું ચોક્કસ વ્યક્તિ પર હવે પછી ગુસ્સો નહીં કરું.

- ❋ મારે જેની સાથે મતભેદ હોય તેની સાથે સમાધાન કરી લેવાની કોશિશ કરીશ.
- ❋ જેની પર ક્રોધ થઈ જશે તેની માફી માંગીશ.

## ૨. ચંદન પૂજા

(દુહા)

પ્રભુજીનો મહિમા ઘણો, પ્રભુચરણે વંદન,
પ્રભુ અંગે ભાવે ધરું, મઘમઘતું ચંદન. ૧
વાણી ને વહેવારમાં, કોમળતા વરતાય,
ઉગ્રભાવ આવે નહીં, તે માર્દવ કહેવાય. ૨
દુઃખ ન દેવું અન્યને, એ પાકો સંકલ્પ,
પ્રસન્નતા ભરપૂર છે, કષાય છે અતિ અલ્પ. ૩

## ૨. વર્ષીદાન

(ઢાળ : હવે શક્ર સુઘોષા બજાવે)

પ્રભુ જન્મજાત વૈરાગી, પ્રભુ ભાવ થકી મહાત્યાગી,
કરે દીક્ષાનો સંકલ્પ, પ્રભુ કર્મ હરે છે અનલ્પ. ૧

પ્રભુ આપે વરસીદાન, સુખકારી છે ભગવાન,
દેવો સામગ્રી લાવે, સહુ જય જય જય જય ગાવે. પ્રભુ આપે. ૨

રોજ હજારો યાચક આવે, સૌનું દારિદ્ર મિટાવે,
જેના હાથમાં દાન મુકાય, તેનો મોક્ષ સુનિશ્ચિત થાય. પ્રભુ આપે. ૩

સૌને સુખ દેવા કાજે, પ્રભુ રોજ આવે દરવાજે,
જે કરે પર દુઃખનો નાશ, તેનાં નામે થાય પ્રકાશ. પ્રભુ આપે. ૪

જેનું ભાગ્ય લખાયું જેવું, તેને દાન મળે છે તેવું,
પ્રભુ ભેદભાવ ના રાખે, નિરખે કરુણાની આંખે. પ્રભુ આપે. ૫

એક કોડિ આઠ લાખનું દાન, પ્રતિદિન આપે ભગવાન,
પ્રભુની દેવર્ધિ અમાપ, પ્રભુ ટાળે સૌ સંતાપ. પ્રભુ આપે. ૬

માર્દવ ગુણ મુજમાં આવે, મન કઠોર કદી ના થાવે,
એહવી કરુણા પ્રભુ કરજો, મારા દોષ બધાયે હરજો. પ્રભુ આપે. ૭

**(છંદ)**

મહા સુદી બારસ દિન દીક્ષા, લે અભિનંદન જિનવરજી,
વૈશાખી સુદ નવમી દિવસે, દીક્ષા સુમતિ જિનેશ્વરજી,
આસો વદ તેરસ દિન દીક્ષા, લહે પદ્મપ્રભ જિનવરજી,
ધન્ય ધન્ય તે દિવસ છે જે દિન, દીક્ષા લે તીર્થંકરજી. ૨

## ૨. માર્દવ સંવેદન

હે પરમાત્મન્,

- ❋ મારા મુખમાંથી કઠોર કે કડવા શબ્દો ક્યારેય નહીં નીકળે.
- ❋ અન્ય વ્યક્તિનું મન કે સન્માન ઘવાય તેવું વચન કે વર્તન હું ટાળીશ.
- ❋ સૌ સાથે આદર અને આત્મીયતા અભંગ રહે તેવો સ્વભાવ કેળવીશ.

## ૩. વાસચૂર્ણ પૂજા

**(દુહા)**

ચંદન ચૂર્ણમાં મેળવી, કેસર અને બરાસ,
દેવાધિદેવ પૂજીએ, ભેળવી પુષ્પ સુવાસ. ૧
છળ પ્રપંચ ના આદરે, ભૂલનો કરે સ્વીકાર,
જડતા મનમાં ના ધરે, આર્જવ ધર્મ ઉદાર. ૨
સરળભાવ સાચો ધરે, છોડીને અભિમાન,
તે વહેલાં વરે મોક્ષને મુનિવર પુણ્યનિધાન. ૩

## ૩. દીક્ષાનો વરઘોડો

**(ભરતની પાટે ભૂપતિ રે)**

વિરતિ વરવા નીકળે રે, વીતરાગી ભગવંત, સલુણા.
વરવૈભવને છોડી દે રે, કરવા કરમનો અંત, સલુણા. ૧
વરઘોડો દીક્ષા તણો રે, શિબિકા સરસ સોહાય, સલુણા.
નગરજનોની ભીડ છે રે, દેવતા નભ ઉભરાય, સલુણા. વરઘોડો. ૨
હાથી ઘોડા સૈનિકો રે, સેનાદળ સુવિશાળ, સલુણા.
સેનાપતિ આગળ રહે રે, પ્રભુના જાણે રખેવાળ, સલુણા. વરઘોડો. ૩
મંત્રીજન મહાબુદ્ધિ છે રે, આદર આપે અપાર, સલુણા.
રાજનીતિ હારી ગઈ રે, ધર્મનીતિ જયકાર, સલુણા. વરઘોડો. ૪

શ્રેષ્ઠીજનો લક્ષ્મીવંત છે રે, વંદે પ્રભુનો વૈરાગ, સલુણા.
પ્રભુસમ છે નહીં સંપદા રે, પ્રભુસમ છે નહીં ત્યાગ, સલુણા. વરઘોડો. ૫
રાજવીજન બહુ આવિયા રે, અનુમોદે જિનરાજ, સલુણા.
નાથને નમે બહુભાવથી રે, કહે ત્રિભુવન શિરતાજ, સલુણા. વરઘોડો. ૬
શુકન રચે છે કુટુંબીઓ રે, મનહર મંગળમાળ, સલુણા.
આવે સોહાગણ નારીઓ રે, સ્વજન સહિત ઉજમાળ, સલુણા. વરઘોડો. ૭
રાજમહેલમાં ઉછર્યા રે, જંગલ મારગ જાય, સલુણા.
દેવર્ધિના અધિપતિ રે, ભાવે અકિંચન થાય, સલુણા. વરઘોડો. ૮
અમ મનનાં છળ કાપજો રે, આપજો આર્જવ ધર્મ સલુણા
માયા મન નહીં વ્યાપજો રે, થાપજો શાશ્વત શર્મ, સલુણા. વરઘોડો. ૯

(છંદ)

જેઠ સુદી તેરસ દિન દીક્ષા, લહે સુપાર્શ્વ જિનેશ્વરજી,
માગસર વદ તેરસ દિન સંયમ, ગ્રહે ચંદ્રપ્રભ જિનવરજી,
કાર્તક વદ છઠ દિવસે દીક્ષા, લહે સુવિધિ જિનેશ્વરજી,
ધન્ય ધન્ય તે દિવસ છે જે દિન, દીક્ષા લે તીર્થંકરજી. ૩

## ૩. આર્જવ સંવેદન

હે પરમાત્મન્,

- મારી ભૂલનો હું તુરંત સ્વીકાર કરીશ. ખોટો બચાવ નહીં કરું.
- સારી વાતને કે પ્રેરણાને સમજવામાં અને
  તેનો અમલ કરવામાં સંકોચ નહીં રાખું.
- સંબંધોમાં અહંકારને અને વ્યર્થ આગ્રહને વચ્ચે નહીં આવવા દઉં.

## ૪. પુષ્પમાળા પૂજા

(દુહા)

પ્રભુ કંઠે આરોપીએ, વિવિધ ફૂલની માળા,
ફૂલોને ના વીંધીએ, કરુણાના અજવાળા. ૧
દેહ આહાર ઉપકરણમાં, ન ધરે મમતાબંધ,
આસક્તિનો અભાવ તે, મુક્તિ ધર્મની સુગંધ. ૨
મોક્ષમાં જે જે હોય નહીં, તેહની ન ધરો પ્રીત,
જે જે હોય છે મોક્ષમાં, તેના ગાઓ ગીત. ૩

## ૪. કુલ મહત્તરા સંબોધન

**(ત્રીસ વરસ વનમાં વસ્યા રે)**

કુલ મહત્તરા એમ કહે રે વત્સ તું થશે અણગાર,
વન વનમાં તું વિહરશે રે સહેશે કષ્ટ અપાર,
અમે સહુ ક્યાં જશું રે, તુજ વિણ સૂનો સંસાર. અમે સહુ. ૧
રાજમહેલ તુજથી દીપે રે, સૂરજ સમ તુજ નૂર,
તું સૌને છોડી જશે રે થશે અંધકાર ભરપૂર. અમે સહુ. ૨
તુજને જોતા હરખ થતો રે રહેવું ગમે તુજ સંગ,
તારી વિદાયથી મહેલના રે ઉડશે સઘળા રંગ. અમે સહુ. ૩
તું જે કહે તે સૌ કરે રે તું છે હૃદયનો નાથ,
તારા ભરોસે અમે રહ્યા રે શીદ તું છોડે સાથ. અમે સહુ. ૪
તારી શક્તિ અપાર છે રે તારો સંકલ્પ મહાન,
તુજને અમે કેમ રોકીએ રે તું બનશે ભગવાન. અમે સહુ. ૫
મોહના મલ્લને મારજે રે ધારજે ધીરજ અપાર,
ચાર કષાયને ચૂરજે રે કરજે કરમ પરિહાર. અમે સહુ. ૬
દેવર્ધિ તુજ દાસ છે રે તું છે દેવાધિદેવ,
તુજને ભક્ત અસંખ્ય છે રે, માહરે તું એકમેવ. અમે સહુ. ૭
મમતા માહરી મારજો રે વારજો આસક્તિ ભાવ,
મુક્તિધરમ દઈ ઉગારજો રે તારજો માહરી નાવ. અમે સહુ. ૮

**(છંદ)**

પોષ વદી બારસ દિન દીક્ષા, પામે શીતલ જિનવરજી,
મહા વદી તેરસ દિન સંયમ, લે શ્રેયાંસ જિનેશ્વરજી,
મહા માસની અમાસે દીક્ષા, લહે વાસુપૂજ્ય જિનેશ્વરજી,
ધન્ય ધન્ય તે દિવસ છે જે દિન, દીક્ષા લે તીર્થંકરજી. ૪

## ૪. મુક્તિધર્મ સંવેદના

હે પરમાત્મન્

❋ શરીર સંબંધી આનંદમાં વિરાધના ઘણી જ હોય છે તે સત્ય હું ચોવીસેય કલાક યાદ રાખીશ.

* વ્યક્તિ, વસ્તુ કે વિચારનું અનુચિત વળગણ નહીં રાખું.
* મોક્ષના સ્વરૂપનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીશ.

## ૫. દીપકપૂજા

**(દોહા)**

આતમને અજવાળશે, સોનેરી દીવો,
તેજવંત તીર્થાધિપતિ, જુગના જુગ જીવો. ૧
કાપે છે કર્મો કઠિન, તપનો મહિમા ભવ્ય,
કરતો રહે સાધક સદા, તપસ્યા નિતનિત નવ્ય. ૨
દેહકષ્ટથી થાય જે, બાહ્ય તે તપ કહેવાય,
કષાયજય કરવા થકી અભ્યંતર તપ થાય. ૩

## ૫. પ્રભુનું અનુપમ રૂપ

**(જિણંદા પ્યારા)**

મનોહર લાગે, શુભંકર લાગે, પ્રભુજી સોહે છે અભિરામ,
પ્રભુજી મનોહર લાગે, શુભંકર લાગે,
મોટો મુગુટ મહારાજનાં માથે કનક કુંડલ સોહે કાન, પ્રભુજી.
હાર બિરાજે કંઠે મોંઘા, મનમાં નહીં અભિમાન, પ્રભુજી. ૧
વક્ષ સોનેરી પટ્ટ વિરાજે, બાહુએ બાજુબંધ, પ્રભુજી.
હાથની આંગળીએ અંગૂઠી, દેહ વિલેપન સુગંધ, પ્રભુજી. ૨
કમ્મર પર કટિબંધ ઝૂલે છે પાદુકા ચરણે અમૂલ, પ્રભુજી.
આંખોમાં અમૃત છે અવિરત હૈયું કોમળ ફૂલ પ્રભુજી. ૩
તાજા કમળ સમાન છે રે શ્વાસે શ્વાસે સુવાસ, પ્રભુજી.
દેવર્ધિ છે પગલે પગલે બુઝવે મનની પ્યાસ, પ્રભુજી. ૪
પાણી વિના તપ કીધું તમોએ, અમને દો એવું સત્ત્વ, પ્રભુજી.
બાહ્ય અભ્યંતર તપસ્યા કરાવો, છોડાવો દેહ મમત્વ, પ્રભુજી. ૫

**(છંદ)**

મહા સુદી ચોથે સ્વીકારે, દીક્ષા વિમલ જિનેશ્વરજી,
ચૈત્ર વદી ચૌદશ દિન, દીક્ષા પામે અનંત જિનેશ્વરજી,

મહા સુદી તેરસ દિન દીક્ષા, પામે ધર્મ જિનેશ્વરજી,
ધન્ય ધન્ય તે દિવસ છે જે દિન, દીક્ષા લે તીર્થંકરજી. ૫

## ૫. તપધર્મ સંવેદન

- હું સ્વેચ્છાપૂર્વક દેહકષ્ટને સહન કરીશ.
- રોગ આદિ દુઃખમાં મનને પ્રસન્ન રાખીશ.
- મનને અભ્યંતર તપ સાથે જોડવા સતત જાગૃત રહીશ.
- નવકારસી–ચોવિહાર, અભક્ષ્યત્યાગ અને પરિમિત દ્રવ્યસેવન આ ત્રણનું પાલન કરીશ.

## ૬. ધૂપ પૂજા

(દુહા)

મઘમઘ થતી સુગંધ છે, ઘેરી છે ધૂમધાર,
ધૂપ ધરું જગનાથને, માંગું ભવનો પાર. ૧
ઇચ્છા ઓછી થાય છે, જાગે ના પ્રતિભાવ,
ચિત્ત ન ચંચળતા ધરે, તે સંયમ કહેવાય. ૨
મન અંકુશમાં રાખીએ, કર્મબંધ થાય અલ્પ,
ભાવ અશુભ ના રાખીએ, ધરીએ શુભ સંકલ્પ. ૩

## ૬. દીક્ષા ગ્રહણ

(ચોમાસી પારણું આવે)

પ્રભુ આવ્યા નગરની બહારે, શુભ ઉદ્યાને શિબિકા ઉતારે,
મંગલ તરુ છાયા અવધારે, સંચરે સદ્‌ગુણ સથવારે રે
જિનરાજજી સંયમ સ્વીકારે, ત્રણ લોકમાં સુખ વિસ્તારે રે. જિન. ૧
એક એક આભૂષણ ત્યાગે, મોંઘા વસ્ત્ર ઉતારે વિરાગે,
આંખોમાં અરુણોદય જાગે, મોહનીયના સૈન્યને ભાંગે રે. જિન. ૨
રેશમ સમ મુલાયમ વાળ, પાંચ મૂઠીનો લોચ તત્ કાળ,
પંખી ગગન ઉડે છોડી ડાળ, આતમરામી ઉજમાળ રે. જિન. ૩
ઇન્દ્ર શાંત કરે સહુ જનને, પ્રભુ નમો સિદ્ધાણં ભણે,
કરેમિ પ્રતિજ્ઞા પુણ્યવચને, પાપ રહિત કરે તન મનને રે. જિન. ૪

પ્રભુ શોભે મુંડિત કેશ, દેવદૂષ્યનો ઉજળો વેશ,
મનમાં નહીં રાગ ને દ્વેષ, અતિ શુદ્ધ છે આત્મ પ્રદેશ રે. જિન. ૫
જાગ્યું ભીતરમાં શુભ ધ્યાન, લહે છે મનપર્યવ જ્ઞાન,
દેવર્ધિ છોડી છે મહાન, ષટ્ કાય લહે અભયદાન રે. જિન. ૬
મારો ઇન્દ્રિયસુખરસ ટાળો, મનને શુભ ધ્યાને વાળો,
પ્રભુ નેક નજરથી નિહાળો, ભાવસંયમ દઈ અજવાળો રે. જિન. ૭

**(છંદ)**

વૈશાખી વદ ચૌદસ દિવસે, દીક્ષા શાંતિ જિનેશ્વરજી,
ચૈત્ર વદી પાંચમ દિન દીક્ષા, પામે કુંથુ જિનેશ્વરજી,
માગસર સુદ અગિયારસ દીક્ષા, લે અર મલ્લિ જિનવરજી,
ધન્ય ધન્ય તે દિવસ છે જે દિન, દીક્ષા લે તીર્થંકરજી. ૬

## ૬. સંયમ સંવેદન

હે પરમાત્મન્,

- મારી ભાવનાઓમાં અશુભ તત્ત્વોનું સ્થાન ન રહે તે અંગે હું સાવધાન રહીશ.
- જે સુખ વગર મને ચાલે છે તે સુખને દૂર જ રાખીશ.
- સુખનો પ્રેમ અને સુખની લીનતાને ઘટાડીશ.
- આસક્તિના નિમિત્ત અને તે નિમિત્તની અસરથી બચવાનો પ્રયત્ન કરીશ.

## ૭. પુષ્પ પૂજા

**(દુહા)**

ફૂલ સુગંધિત અર્પીને, પૂજો શ્રી જિનરાજ,
પેથડશાહ સમ ભાવથી, ભૂલી સઘળા કાજ. ૧
પાપ સંબંધી પ્રેરણા, વચનથી ના દઈએ,
પાપ અનુમોદન થકી, દૂર સદા રહીએ. ૨
આજ્ઞારહિત ન બોલીએ, જૂઠનો નહીં ઉપયોગ,
સત્ય ધર્મ તે જાણીએ, ટાળે આતમરોગ. ૩

## ૭. ચારિત્રપાલન

**(સુણો ચંદાજી)**

નમો જિનવરજી, પંચમહાવ્રત પાળે, ત્રિકરણ યોગથી.
નમો મુનિવરજી, સમિતિ ગુપ્તિ પાળે, સહજ સંજોગથી.
દિનરાત પ્રભુ શુભધ્યાન રહે, મુખ પર પરમાનંદ તેજ વહે,
ઉપસર્ગોમાંય પ્રસન્ન રહે, નમો જિનવરજી. ૧
ના કષાય કોઈ જાગે છે, ના સહાય કોઈની માંગે છે,
ના દુઃખથી દૂરે ભાગે છે, નમો જિનવરજી. ૨
એ સૂરજ જેવા ઝળહળતા, એની ચાંદ સમી છે નિર્મળતા,
એની મેરુ જેવી છે નિશ્ચળતા, નમો જિનવરજી. ૩
એને જેહ જુએ તે ધન્ય બને, એનો પ્રભાવ અજબ અનન્ય બને,
અકલંક એનું શ્રામણ્ય બને, નમો જિનવરજી. ૪
એનું મન મહામંગલકારી છે, એનું મૌનવ્રત મનોહારી છે,
એની કાયા અહિંસાધારી છે, નમો જિનવરજી. ૫
એણે પ્રેમભર્યા સ્વજનો છોડ્યા, એણે મમતાનાં બંધન તોડ્યા,
દેવ દેવર્ધિ લઈ આવે દોડ્યા, નમો જિનવરજી. ૬
મારા અસત્યને અટકાવે પ્રભુ, નહીં ભ્રમણામાં ભટકાવે પ્રભુ,
સદા સત્યનો સંગ ટકાવે પ્રભુ, નમો જિનવરજી. ૭

**(છંદ)**

ફાગણ સુદ બારસ દિન દીક્ષા, શ્રીમુનિસુવ્રત જિનવરજી,
જેઠ વદી નવમીએ દીક્ષા, પામે શ્રીનમિજિનવરજી,
શ્રાવણ સુદ છઠ દીક્ષા લે છે, નેમિનાથ જિનેશ્વરજી,
ધન્ય ધન્ય તે દિવસ છે જે દિન, દીક્ષા લે તીર્થંકરજી. ૭

## ૭. સત્ય સંવેદન

હે પરમાત્મન્

❋ મારા વચનમાં જૂઠનો પ્રવેશ ન થાય તેની કાળજી રાખીશ.

- ❋ અસત્ય વચનનાં ચાર કારણ છે, ક્રોધ-લોભ-ભય-હાસ્ય. ચારેયને કાબૂમાં રાખીશ.
- ❋ સાચું બોલવામાં પણ વચન અને વ્યવહારનું ઔચિત્ય ચૂકીશ નહીં.

## ૮. અક્ષત પૂજા

### (દુહા)

અખંડ ચોખા હાથ લઈ, સ્વસ્તિક રચીએ સાર,
પરમાતમને પૂજીએ, તનમનવચન ઉદાર. ૧
અનાચારને ટાળીએ, એ પવિત્રતા કહેવાય,
પંચાચારે સ્થિર થવું, એ શુચિતા કહેવાય. ૨
વસ્ત્ર દેહને ધોઈએ શૌચ એ બાહ્ય ગણાય,
વિષયવિકાર નિવારીએ, ભાવ શૌચ તે થાય. ૩

## ૮. સમિતિ અને ગુપ્તિ

### (સિદ્ધાચલ શિખરે દીવો રે)

મહાયોગી મહાવ્રત પાળે રે જિનપતિ મનમાં વસિયા રે
પાપ પગલે પગલે એ પખાળે રે જિનપતિ મનમાં વસિયા રે. મહાયોગી. ૧
નીચા નયણા કરી ચાલે રે જિનપતિ...
ભગવંતજી મસ્તીમાં મહાલે રે જિનપતિ...
એનું વચન અહિંસક સોહે રે જિનપતિ...
એનું માધુર્ય મનને મોહે રે જિનપતિ. મહાયોગી. ૨
એ ભિક્ષા ગ્રહે છે નિર્દોષ રે જિનપતિ...
મનમાં નહીં રાગ કે રોષ રે જિનપતિ...
ઉપકરણે ન મમતા ધરે રે જિનપતિ...
જયણાનું સાચું જતન કરે રે જિનપતિ. મહાયોગી. ૩
દેહ દ્વારા વિરાધના ન થાય રે જિનપતિ...
એનું મન નિષ્પાપ સોહાય રે જિનપતિ...
અનાવશ્યક નહીં બોલાય રે જિનપતિ...
કાયા દોષમાં નહીં જોડાય રે જિનપતિ. મહાયોગી. ૪

એમ સમિતિ ગુપ્તિ ધારે રે જિનપતિ...
પ્રભુ પહોંચે કૈવલ્યના દ્વારે રે જિનપતિ...
પ્રભુ દેવર્ધિના સ્વામી રે જિનપતિ...
નહીં ખોટ, નહીં કોઈ ખામી રે જિનપતિ. મહાયોગી. ૫
જે ચારિત્ર ઊંચું પાળે રે જિનપતિ...
તે શૌચ-ધરમ અજવાળે રે જિનપતિ...
મને સાચી શુચિતા આપો રે જિનપતિ...
મને મુગતિના મારગે થાપો રે જિનપતિ. મહાયોગી. ૬

(છંદ)

માગસર વદી અગિયારસ દિવસે, દીક્ષા પાર્શ્વ જિનેશ્વરજી,
કારતક વદ દશમીના દિવસે, દીક્ષા વીર જિનેશ્વરજી,
ફાગણ સુદ ત્રીજે દીક્ષા લે વિહરમાન વીસ જિનવરજી,
ધન્ય ધન્ય તે દિવસ છે જે દિન, દીક્ષા લે તીર્થંકરજી. ૮

(વિધિ : અખંડ અને ઉત્તમ ચોખા દ્વારા વિશાળ એવા સ્વસ્તિક, રત્નત્રયી અને સિદ્ધિશિલાનું આલેખન કરવું.)

## ૮. શૌચ સંવેદન

હે પરમાત્મન્,
* શરીર અને વસ્ત્ર સંબંધી સ્વચ્છતા અને સુંદરતા માટે આસક્તભાવ નહીં રાખું.
* વિચારોને સુધારવા માટે સ્વાધ્યાય, જાપ આદિમાં વિશેષ ધ્યાન રાખીશ.
* તીર્થયાત્રા, ચૈત્યપરિપાટી આદિ દ્વારા મનને પવિત્રતા સાથે જોડીશ.

## ૯. નૈવેદ્ય પૂજા

(દુહા)

સ્વાદના રસિયા જીવને, દેજો કૃપા પ્રસાદ,
નૈવેદ્યની પૂજા કરું, પરિહરવા પ્રમાદ. ૧
અલ્પ ઉપકરણ રાખવા, મોંઘો નહીં સામાન,
આસક્તિ ધરવી નહીં, આકિંચન્ય નિદાન. ૨
દેહ માટે ઉપયોગી જે, જે સાધે શુભ કર્મ,
તે પણ થોડું રાખવું, તેહ અકિંચન ધર્મ. ૩

## ૯. સાધનાનિરત અવસ્થા

**(પ્રભુ કલ્પતરુ સમ વાધે)**

ક્યારેક વનવગડામાં વહેતા, ક્યારેક નદી કાંઠે ઊભા રહેતા,
ક્યારેક ગિરિની ગુફામાં સ્થાન, ક્યારેક વૃક્ષ તળે ભગવાન. ક્યારેક૦ ૧
કદીક ઉગ્ર પડે છે તાપ, કદીક ઠંડી નડે છે અમાપ,
કદીક વર્ષા મુશળધાર, કદીક સુઝતો ન મળે આહાર. ક્યારેક૦ ૨
ક્યાંક દેવ કરે ઉપસર્ગ, ક્યાંક ત્રાસ દે માનવવર્ગ,
ક્યાંક પશુઓ કરે હેરાન, ક્યાંક કંઠે આવી જાય પ્રાણ. ક્યારેક૦ ૩
પ્રભુ મનથી ચલિત નવ થાય, ખેદ પ્રભુમુખ પર ન જણાય,
જુએ જૂના કરમની બાજી, જોઈ કર્મનો ક્ષય થાય રાજી. ક્યારેક૦ ૪
ધ્યાનમુદ્રા એ વિધવિધ ધારે, સ્થિરતા ધરે ઉચ્ચ પ્રકારે,
પ્રભુ રોકે છે રાગની રટણા, પ્રભુ દ્વેષની ટાળે છે ઘટના. ક્યારેક૦ ૫
મન ઇચ્છાઓ નહીં જાગે, નહીં માન સન્માન એ માંગે,
શેષ સંજ્વલનના છે કષાય, એની તીવ્ર અસર ના જણાય. ક્યારેક૦ ૬
મન આવે જે જે વિચાર, તેહ છદ્મસ્થતાનો પ્રકાર,
જો જાગે કેવલ જ્ઞાન, તો અવિચાર અવિકાર ધ્યાન. ક્યારેક૦ ૭
રહે દેવર્ધિ પ્રભુનાં ચરણે, બની સમતા જીવનમરણે,
મને અકિંચનતા એવી મળજો, મોહ મમતા માહરી ટળજો. ક્યારેક૦ ૮

**(છંદ)**

દીક્ષા પ્રભુ જ્યારે ગ્રહે તે કાળ ઉત્તમ હોય છે,
દીક્ષા પ્રભુજી જ્યાં ગ્રહે તે સ્થાન ઉત્તમ હોય છે,
દીક્ષા પછી જિનરાજ છટ્ઠું સાતમું ગુણઠાણું વહે,
શ્રી દીક્ષા કલ્યાણક ક્ષણે સઘળાય જીવ સુખમાં રહે. ૧

(વિધિ : શ્રેષ્ઠ નૈવેદ્યનું સમર્પણ કરવું.)

## ૯. અકિંચનતા સંવેદન

હે પરમાત્મન્,

❈ ધન-સાધન-સામગ્રીનો સંગ્રહ ઓછો કરવાની ભાવના સેવીશ.

* કોઈ વસ્તુ ખોવાય કે ખરાબ થાય તેની પાછળ જીવ નહીં બાળું.
* દાન ધર્મમાં સતત સક્રિય રહીશ. દાન દ્વારા અહંકારપોષણ નહીં કરું.

## ૧૦. ફળપૂજા

પ્રભુ મળ્યા તો બધું મળ્યું, ભવોભવ પ્રભુ મળજો,
ફળપૂજામાં માંગું એ, પ્રાર્થના સાંભળજો. ૧

દેહજનિત સુખનું કોઈ, આકર્ષણ ન રહે,
આતમરામી આનંદમાં, મન અનુબંધ લહે. ૨

બ્રહ્મચર્ય વ્રતરાજ છે, ચિત્ત વિશુદ્ધિ અપાર,
દેવો પણ તેને નમે, જે ધરે એ વ્રત સાર. ૩

## ૧૦. દશવિધ મુનિધર્મ પાલન

**(શ્રી નમિનાથને ચરણે નમતાં)**

મંગલમય મુનિધર્મને વંદો, સાધકને અભિનંદો રે,
દશવિધ ઉત્તમ સદ્‌ગુણ સાધી, આઠે કર્મ નિકંદો રે. મંગલમય૦ ૧
ક્ષમા ધર્મ તે વૈર ન ધરવું, મનમાં નહીં સંક્લેશ રે,
માર્દવ ધર્મ તે કોમળ હૈયું, વચને ના આવેશ રે. મંગલમય૦ ૨
આર્જવ ધર્મ સરળતા સાચી, છળપ્રપંચનો ત્યાગ રે,
મુક્તિ ધર્મ તે શુદ્ધ સ્વભાવે, મનમાં નહીં અનુરાગ રે. મંગલમય૦ ૩
તપધર્મ તે બાહ્ય અભ્યંતર, રૂપે સાધના થાય રે,
સંયમ ધર્મ તે ઇન્દ્રિયસુખમાં, ચિત્ત નહીં જોડાય રે. મંગલમય૦ ૪
સત્ય ધર્મ તે વાણી દ્વારા, અનુચિત ના ઉચ્ચરવું રે,
શૌચ ધર્મ તે પાપનું વળગણ, હૈયે કોઈ ન ધરવું રે. મંગલમય૦ ૫
આકિંચન્ય ધર્મ ઉપકરણો, ઓછા સાદા ધરીએ રે,
બ્રહ્મચર્ય તે દૈહિક સુખને, ત્રિવિધે ના આદરીએ રે. મંગલમય૦ ૬
તીર્થંકરની શ્રમણ અવસ્થા, કલ્પસૂત્ર સમજાવે રે,
અંતર્લીન જિનેશ્વરજીની, નિર્વિકલ્પતા ગાવે રે. મંગલમય૦ ૭

પગલે પગલે દેવર્ધિથી, ચરણકમલ પૂજાયા રે,
ચોવીસ દીક્ષા કલ્યાણકદિન, પૂજારૂપે ગાયા રે. મંગલમય૦ ૮
ધન્ય ધન્ય દીક્ષામારગ જે, કેવલજ્ઞાન અપાવે રે,
દીક્ષાપાલક મુનિવર સર્વે, પરમાતમ પદ પાવે રે. મંગલમય૦ ૯

**(હરિગીત)**

દીક્ષિત અવસ્થામાં જ પ્રભુ કૈવલ્યને પામી શકે,
દીક્ષા થકી ભગવંત ભગવદ્ભાવને પામી શકે,
તે ભક્ત સાચો જે શ્રમણપદની સતત ઇચ્છા વહે,
શ્રી દીક્ષાકલ્યાણક ક્ષણે સઘળાય જીવ સુખમાં રહે. ૧
(બે મંત્ર બોલવા)

(વિધિ : સુંદર અને આકર્ષક ફળો પ્રભુને સમર્પિત કરવા.)

## ૧૦. બ્રહ્મચર્ય સંવેદન

હે પરમાત્મન્,

- વિજાતીય આકર્ષણ તીવ્ર પાપનું કારણ છે તે યાદ રાખીશ.
- મહિને અમુક તિથિઓમાં બ્રહ્મચર્ય પાલન કરવાનો સંકલ્પ રાખીશ.
- પાંચેય ઇન્દ્રિયનો આનંદ એ આત્માનો સ્વભાવ નથી એમ વિચારી સુખ સુવિધાથી દૂર રહેવા પ્રયત્ન કરીશ.

**કળશ**

પાંચ આચારને પાળીને ઘાતી કર્મ ખપાય,
વીતરાગી પદ મેળવી પ્રભુ કેવલી થાય,
સંઘ તણી કરી સ્થાપના તીર્થંકર થાય,
ગણધરને તીર્થ સોંપીને પ્રભુ મોક્ષમાં જાય. ૧

• • •

ધન્ય ધન્ય તીર્થંકર પ્રભુ જે ધર્મનો મારગ આપે રે,
જગત ઉદ્ધારને કરતાં કરતાં જે નિજ કર્મને કાપે રે,
ચોવીસજિનની કલ્યાણક તિથિ પરમની પદવી આપે રે,
દીક્ષા કલ્યાણક તણા પ્રસંગો શુભ ગુણઠાણે થાપે રે. ૧

શ્રી દશવિધ મુનિધર્મ સુમંગલ, પૂજારૂપે ગાયો રે,
ધન્ય ભાગ સેવાનો અવસર, પૂરવ પુણ્યે પાયોરે,
આ પૂજાના અક્ષરે અક્ષરે દીક્ષા ધર્મ છવાયો રે,
દીક્ષા કે દીક્ષાતિથિમાં ગાતાં પ્રસંગ બનશે સવાયો રે. ૨

તપાગચ્છપતિ પરમ ગુરુશ્રી રામચંદ્રસૂરીશ્વર રે,
શિષ્ય પ્રશમરતિવિજયે પૂજા વિરચી નાગપુર નગર રે,
દીક્ષાકલ્યાણક ચોવીશે જિનવરનાં જે ગાશે રે,
તે દેવર્ધિ પામી વહેલા પરમગતિમાં જાશે રે. ૩

(વિધિ : આરતી, મંગળદીવો, કળશ કરી સમાપન કરવું.)

• • •

## (૪) શ્રી પ્રાર્થના સૂત્ર પૂજા

(દુહા)

જય વીતરાગ જગતગુરુ, તારો પ્રભાવ અનંત
જય જય જય દેવાધિદેવ, જય જય કરુણાવંત. ૧

જય સદ્‌ગુણદાયક પ્રભુ, જય જય પુણ્યનિધાન
જય જય તીર્થંકર વિભુ, જય જિનવર ભગવાન. ૨

દાતા આપ ઉદાર છો, હું યાચક અજ્ઞાન
જાણું નહીં શું માંગવું, ઝંખું છું વરદાન. ૩

પામવા લાયક લાગું તો, આપજો આપ ઉદાર
ના લાગે જો યોગ્યતા, તો દેજો અધિકાર. ૪

જે જે પ્રાર્થનાસૂત્રમાં, માંગ્યું શુભ વિસ્તાર
મારી પ્રાર્થનાને પ્રભુ, તેનો છે આધાર. ૫

દ્વાદશવ્રતપૂજા મુજબ, સામગ્રી અર્પણ
પ્રભુ વસે છે હૃદયમાં, હર ઘડી ને હર ક્ષણ. ૬

### ૧. જલપૂજા

(હરિગીત)

તારી કૃપાથી હે પ્રભુ ! આશા સકલ મારી ફળો
મારા જીવનનાં દુઃખ ને પાપો બધા દૂરે ટળો
મમ આતમાને તારનારાં તત્ત્વ સૌ આવી મળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો.

(સેવો ભવિયા વિમલ જિનેસર)

મંગળ છે ભગવાન મહાવીર, મંગળ છે ગુરુ ગૌતમ રે
મંગળ છે શ્રી સ્થૂલભદ્રજી, મંગળ ધર્મ છે ઉત્તમ રે, મંગળ છે૦ ૧
જે આંખોથી વીરપ્રભુને, ગૌતમગુરુએ ભાળ્યા રે
એવી આંખો અમને મળજો, સ્વપ્ન અમે એ નિહાળ્યા રે, મંગળ છે૦ ૨

ચંદનબાળાનાં નયનેથી, વરસી અમૃતધારા રે
એનું એક જ બુંદ પામવા, તલસે હૃદય અમારા રે, મંગળ છે૦ ૩
ઇન્દ્રદેવ શક્રસ્તવ ગાઈ, સમકિતને અજવાળે રે
એવી ઉત્તમ રચના ગાવા, અંતર સપનાં ભાળે રે, મંગળ છે૦ ૪
દશાર્ણભદ્રે પ્રભુજી માટે, કર્યો મહા આડંબર રે
એની એક જ ઝાંખી રચવા, અમે બનીશું તત્પર રે, મંગળ છે૦ ૫
દેવાનંદા પ્રભુને જોઈ, રોમરોમ આનંદે રે
એ આનંદ મળે તે માટે, તનમન પ્રભુને વંદે રે, મંગળ છે૦ ૬
ત્રિશલાના આંસુઓ લૂંછવા, પ્રભુ અભિગ્રહ ધારે રે
પ્રભુનો એવો કોઈ અનુગ્રહ, અમ પર થાશે ક્યારે રે, મંગળ છે૦ ૭
એવા એવા ભાવ ધરીને, ભક્તિ વીરની કરીએ રે
પ્રભુ નામનું સોનું - તેમાં, સુગંધ પ્રભુની ભરીએ રે, મંગળ છે૦ ૮
પ્રભુના સંગે પ્રભુના રંગે, વીતે છે જે જે પળ રે
તે જ પુણ્ય છે તે જ શ્રેય છે, તે જ ધર્મ છે મંગળ રે, મંગળ છે૦ ૯

**શ્લોક**

जय वीयराय जगगुरु होऊ ममं तुह पभावओ भयवं ।
भवनिव्वेओ मग्गाणुसारिआ इट्ठफलसिद्धी ।।

**મંત્ર**

ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय प्रार्थनासूत्रप्रार्थिताय श्रीमते जिनेन्द्राय जलं यजामहे स्वाहा ।।

## ૨. ચંદનપૂજા : ભવનિર્વેદ

સૌંદર્ય સગપણ સફળતા સંપત્તિમાં આસક્ત છું
સંસારમાં આનંદ સાથે રાતદિન હું વ્યસ્ત છું.
આસક્તિનાં આ બંધનો તારી કૃપાથી સૌ ટળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(એક હતી અજવાળી પૂનમ)**

જય જય જગતગુરુ વીતરાગી, અનંત તારી સુગંધ
હું ના માંગુ તોય તું આપે, એ છે કૃપા સંબંધ...

મેં નહોતો માંગ્યો માનવભવ, તોય મને તેં આપ્યો
ધર્મ નહોતો માંગ્યો તોપણ, ધર્મના માર્ગે સ્થાપ્યો
હું તો હતો અનાદિકાળથી, એકેન્દ્રિય અને અંધ, જય જય૦ ૧
વાણી તેં આપી છે એ તો, બહુ મોટો ઉપકાર
વચન રહિત અવતાર મળે તો, જીવન છે બેકાર
તારી સ્તવના કરીને પામું, અનંતનો અનુબંધ, જય જય૦ ૨
તેં આપ્યું છે માનસ તો હું, કરવા પામું વિચાર
મનોયોગ જો ખૂલે નહીં તો, જડતા રહે અપાર
તારું ધ્યાન ધરું તો પામું, અનહદનો આનંદ, જય જય૦ ૩
કાયા-વાણી-માનસ આપી, કર્યો મનેં સમૃદ્ધ
તારો આ ઉપકાર ન ભૂલું, તો હૈયું રહે શુદ્ધ
હવે વધુ શું માંગું દાતા, થઈ ગયો બધો પ્રબંધ, જય જય૦ ૪
ચાર ગતિનો ભય લાગે છે, એ છે ભવનિર્વેદ
મનેં કહો કે ક્યારે તૂટશે, આઠ કરમની કેદ
પ્રથમ પ્રાર્થના મારી એ છે, તોડો પાપના બંધ, જય જય૦ ૫

**(શ્લોક + મંત્ર)**

## ૩. વાસચૂર્ણપૂજા : માર્ગાનુસારિતા

કલ્યાણકારી ધર્મનો મારગ મનેં ગમતો રહે
શુભકાર્ય ને ઉત્તમગુણોમાં આતમા રમતો રહે
તારા વચન અનુસાર મારા જીવનનો મારગ વળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(શાસ્ત્રીય રાગ)**

સાહેબ તારો મારગ યાચું
મંગલ માર્ગ વિનાનું જીવન, રહે છે કોરું કાચું...
મારી મરજીના મારગમાં, માન મોહ મમતા છે
તન ધન આત્મીયજન હંમેશા, મારા મનગમતા છે
તારી આજ્ઞા જાણું નહીં ને, નાચ નકામા નાચું, સાહેબ૦ ૧

તારો મારગ, મારો મારગ, એક બને તો સારું
તારાં પગલાંને અનુસરીને, હું મુજ આતમ તારું
તારા શબ્દો સદા સાંભળું, તાહરી વાણી વાંચું, સાહેબ૦ ૨
મોક્ષમાર્ગનું મૂળ સૂત્ર છે, રત્નત્રય આરાધન
પાંત્રીસ સદ્‌ગુણની ઉપલબ્ધિ, રચે ભૂમિકા પાવન
શુભ સંસ્કારોનાં સર્જનમાં, પળ પળ રાચું માચું, સાહેબ૦ ૩
ચૌદ નિયમ કે બાર વ્રતો કે પંચમહાવ્રત મળજો
મોહનીયનો અંધકાર પ્રભુ ! તારા તેજે ટળજો
બીજી પ્રાર્થના : માર્ગાનુસારી, પદ સાંપડજો સાચું, સાહેબ૦ ૪

**(શ્લોક + મંત્ર)**

## ૪. પુષ્પમાળાપૂજા : ઈષ્ટફલસિદ્ધિ

નિજ ચિત્તને સમજાવવાની શુભકળા શીખવો મને
જે મળે તેમાં ખુશ થવાની શુભકળા શીખવો મને
ઇચ્છા અધૂરી જો રહે તો ચિત્ત મારું નવ બળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(શાંતિ જિનેશ્વર સાચો સાહેબ)**

ઇચ્છા અવિરત જાગ્યા કરે છે, મનની આગ તો કદી ન ઠરે છે
પ્રભુ મને બદલો, મુજ મન બદલો. ૧
એક ઠરે ત્યાં બીજી જાગે, ઇચ્છા નવા નવા રૂપ ધરે છે, પ્રભુ૦ ૨
મોહનીય કર્મથી ઇચ્છા જાગે, કર્મોદયથી જીવડો ડરે છે, પ્રભુ૦ ૩
પણ જો ઇચ્છા અધૂરી રહે તો, આંખથી દુઃખના આંસુ સરે છે, પ્રભુ૦ ૪
આંસુ અમારા આપ લૂંછી દો, એક એક ઇચ્છા શાંતિ હરે છે, પ્રભુ૦ ૫
ઇષ્ટ-અનિષ્ટનો ભેદ બતાવો, દાસ આ ખાલી બે હાથે ફરે છે, પ્રભુ૦ ૬
ઇચ્છાઓ કાપો, ઇચ્છિત આપો, આપને ભજે તે સિદ્ધિ વરે છે, પ્રભુ૦ ૭
ત્રીજી પ્રાર્થના સાહેબ સુણજો, આપનો જ આશરો મને આખરે છે, પ્રભુ૦ ૮

**(શ્લોક + મંત્ર)**

## ૫. દીપકપૂજા : લોકવિરુદ્ધત્યાગ

ઉત્તમજનોની સર્વ મર્યાદા તણું પાલન કરું
ના ધર્મનિંદા થાય એવું જીવનસંચાલન કરું
સદ્ ધર્મનો પરિવારનો શુભવારસો મુજને મળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(શ્રી નમિનાથનાં ચરણે)**

હું આવ્યો છું તારા દ્વારે, ભવસાગરથી તરવાજી
દુર્જન જેને ધારે એવા, લક્ષણ મારે ન ધરવાજી, હું૦ ૧
સારાં કાર્યો વધુ ન કરીએ, એ છે બનવાજોગજી
અનુચિત કાર્યો કોઈ ન કરીએ, તો જ મટે ભવરોગજી, હું૦ ૨
સંઘ મહાજન જેને જોઈ, કરે પ્રશંસા ભાવેજી
એવા સત્કાર્યોના સંગે, મુજને રહેવું ફાવેજી, હું૦ ૩
મર્યાદાપ્રેમી સજ્જનને, જે જે અનુચિત લાગેજી
તેવી પ્રવૃત્તિથી મારા, ત્રિકરણ દૂરે ભાગેજી, હું૦ ૪
હું તુજને સાક્ષાત્ નિહાળું, એવો સમય ન આજેજી
સંસ્કારીજનને જોઈને, અવિવેક મુજ ભાંજેજી, હું૦ ૫
ચોથી પ્રાર્થનામાં હું માંગું, લોકવિરુદ્ધત્યાગજી
આઠ કરમને બાળી નાંખે, એવી જગવો આગજી, હું૦ ૬

**(શ્લોક + મંત્ર)**

## ૬. ધૂપપૂજા : ગુરુજનપૂજા

પરિવારજન સાથે હંમેશા સ્વસ્થ સંબંધો રહે
સંક્લેશ કે સંઘર્ષ મારો જીવ ના કોઈ વહે
મુજને મળો ઉપકારીના ઋણ ચૂકવવાની શુભ પળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(સુમતિનાથ ગુણશું મિલીજી)**

ઉપકારી ઉપકાર કરેજી, તેને કેમ ભૂલાય
ઉપકારીના આદરથીજી, જીવન મંગલ થાય
મુજ ઉપકારી જન યાદ કરું છું સદાય. ૧
શ્વાસ દીએ છે માતપિતાજી, શિક્ષા શિક્ષક આપે
આત્મીયતા પરિવાર ધરેજી, સદ્‌ગુરુ અજ્ઞાન કાપે, મુજ૦ ૨
નાના નાના ઉપકારોજી, મોટી અસર નીપજાવે
એક એક ઉપકારીનેજી, સમરું કૃતજ્ઞભાવે, મુજ૦ ૩
હું ઉપકાર કરું કોઈજી, એ નહીં રાખું યાદ
મારી પર ઉપકાર થયાજી, યાદ રહે એ આબાદ, મુજ૦ ૪
ગુરુજનપૂજા હું કરુંજી, પાંચમી પ્રાર્થના ખાસ
ઉપકારીજનનો કદીજી, તોડું નહીં વિશ્વાસ, મુજ૦ ૫

**(શ્લોક + મંત્ર)**

## ૭. પુષ્પપૂજા : પરાર્થકરણ

દુઃખીજનોનાં દુઃખ ટાળે એવી શક્તિ આપજો
સૌ પાપીને સન્માર્ગે વાળે એવી શક્તિ આપજો
સૌને સહાય કરી શકું એવી જ શક્તિ ઝળહળો
જય વીતરાગ જગતગુરુ તારે પ્રભાવ મને ફળો

**(નીલુડી રાયણ તરુ તળે)**

શક્તિ એવી આપજો પરમેશ્વરજી, સેવા સહુની આદરું વહાલેસરજી
સંબંધોની સૃષ્ટિમાં પરમેશ્વરજી, પ્રેમના પુષ્પો પાથરું વહાલેસરજી. શક્તિ૦ ૧
મારા સ્વાર્થને હું ભૂલું પરમેશ્વરજી, ટાળી નિજ અભિમાન વહાલેસરજી
સહયોગી સૌ રીતે રહું પરમેશ્વરજી, નિજ હાથે કરું દાન વહાલેસરજી. ૨
દુઃખીનાં દુઃખને હરું પરમેશ્વરજી, ભીરુને દઉં ઉત્સાહ વહાલેસરજી.
માર્ગ ભૂલેલા જીવને પરમેશ્વરજી, ચીંધુ સાચો રાહ વહાલેસરજી. ૩
માંગે કોઈ સહાય જો પરમેશ્વરજી, ના કહેતાં ના આવડે વહાલેસરજી
જો સહયોગ ન દઈ શકું પરમેશ્વરજી, તો આંખે આંસુ પડે વહાલેસરજી. ૪

સહવાસીને સાચવું પરમેશ્વરજી, ઉત્તમ ઉચિત આચાર વહાલેસરજી
હૈયે ભાવ સદા રહે પરમેશ્વરજી, વાધે ન મુજ સંસાર વહાલેસરજી. ૫
સવિ જીવ કરું શાસનરસી પરમેશ્વરજી, એહ પરાર્થ તમે ધર્યો વહાલેસરજી
છટ્ઠી પ્રાર્થના હું કરું પરમેશ્વરજી, મુજને કેમ ન ઉદ્ધર્યો વહાલેસરજી. ૬

**(શ્લોક + મંત્ર)**

## ૮. અષ્ટમંગલપૂજા : શુભગુરુયોગ

આચાર ઉત્તમ આદરે કરુણા સદા વરસાવતા
ગીતાર્થ એવા સદ્‌ગુરુ સદ્ધર્મને સમજાવતા
મુજને મળો ગુરુદેવતા અજ્ઞાન મુજ દૂરે ટળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(મનમંદિર આવો રે)**

ગુરુ ચાલે પ્રભુ પથ રે, હું ગુરુ સંગે રહું
ગુરુ ચરણે બેસું રે, મનની વાત કહું, ગુરુ૦ ૧
ગુરુ સાધનારત રહે રે, અનુસરે પરંપરા
ગુરુ જાણે રહસ્યો રે, બોલે વચનો ખરા, ગુરુ૦ ૨
ગુરુની શુભદષ્ટિ રે, માહરા પાપ હરે
ગુરુ તત્ત્વ અગોચર રે, ભક્તિ કરે તે તરે, ગુરુ૦ ૩
ગુરુ આપે આશિષ રે સંકટ ટાળે સહુ
ગુરુ બોલે થોડું રે આપે છે બોધ બહુ, ગુરુ૦ ૪
ગુરુ પાંચ આચારે રે નિતનિત રમતા રહે
ગુરુ મંગલવાણી રે અમૃતધારા વહે, ગુરુ૦ ૫
ગુરુ સંયમયાત્રા રે તીરથ સમ પાવન
ગુરુ ધર્મલાભ કહે રે આશિષ મનભાવન, ગુરુ૦ ૬
ગુરુ આહાર આદિક રે ગ્રહે પણ રાગ નહીં
ગુરુ દેહભાવ વહે રે મનથી અળગા રહી, ગુરુ૦ ૭
ગુરુ યોગ મને મળે રે સાતમી પ્રાર્થના એ
ગુરુ પ્રભુ સંગ જોડે રે દઈ શુભભાવના એ, ગુરુ૦ ૮

**(શ્લોક + મંત્ર)**

### ૯. અક્ષતપૂજા : ગુરુવચન સેવા

ગુરુનાં મુખેથી દેશના હું ભાવમય થઈ સાંભળું
હું આજીવન ગુરુદેવનાં ચરણોતણી સેવા કરું
ગુરુના સમર્પણભાવમાંથી ચિત્ત ના મારું ચળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(રોજ કરું છું પાપ)**

ગુરુની વાણી પાણી થઈને, મુજને શીતલતા આપે
તૃષા હરીને થાક હરીને, અઢળક નિર્મલતા આપે.
મુજને જેની જાણ નથી એ, પદાર્થ મુજને સમજાવે
મળે હજારો લોકોને પણ, ડૂબ્યા રહે આતમભાવે
મન-વચન-કાયાને બળ આપે, કદી ન નિર્બળતા આપે, ગુરુની૦ ૧
મારી ભૂલ હું ના જાણું તે, જાણે તો પણ માફ કરે
હિતશિક્ષા હૃદયંગમ આપી, અંતર મારું સાફ કરે
ગુરુવર માથે હાથ મૂકીને, અવિચલ ઉજ્જવલતા આપે, ગુરુની૦ ૨
ગુરુનો સ્વર, ગુરુવરનાં વચનો, કાનમાં ગુંજન કર્યા કરે
એક એક ઉપદેશતણું મન, પુનરાવર્તન કર્યા કરે
આઠમી પ્રાર્થના ગુરુની વાણી, અખંડ નિશ્ચલતા આપે, ગુરુની૦ ૩

**(શ્લોક + મંત્ર)**

### ૧૦. દર્પણપૂજા : ચરણોની સેવા

ભવભવ તમારાં ચરણની સેવા મને કરવા મળે
મંગલ ચરણની સેવનાથી પાપ સંહરવા મળે
જગનાથ આ અરજી કરું તે ધ્યાન દઈને સાંભળો
જયવીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(યે જો જિંદગી કી કિતાબ હૈ)**

જનમોજનમ મળજો પ્રભુ, આ એક ભવમાં થાય શું ?
તારો ખજાનો અનંત છે, આટલુંક દેતા જાય શું ? જનમો૦ ૧
થોડોક બોધ મળ્યો ભલે, થોડાક કાર્ય કર્યા ભલે
છે મારો મેલ અનાદિનો, થોડાકમાં ધોવાય શું ? જનમો૦ ૨

યાત્રા કરી પૂજા કરી, આંગી કરી થોડી પ્રભુ
તુજ રૂપ અપરંપાર છે, થોડાકમાં જોવાય શું ? જનમો૦ ૩
પૂજન-અનુષ્ઠાનો કર્યા, ને મંત્રજાપ ઘણા કર્યા
ઉર્જા અનંત છે તાહરી, થોડાકમાં તો પમાય શું ? જનમો૦ ૪
શાસ્ત્રો એકાદ-બે સાંભળ્યા, વ્યાખ્યાન ક્યારેક સાંભળ્યા
તુજ વચન અગમ અપાર છે, થોડાકમાં સમજાય શું ? જનમો૦ ૫
ગાયા સ્તવન ભાવે ભલે, ચામર લઈ નાચ્યા ભલે
મુજ કર્મબંધ પ્રચંડ છે, થોડાકમાં વિખરાય શું ? જનમો૦ ૬
થોડાક વરસ તમે મળ્યા, એના થકી હું ખુશ નથી
ભવોભવ કરી છે ભૂલ મેં, એક ભવમાં તો બદલાય શું ? જનમો૦ ૭

**(શ્લોક + મંત્ર)**

## ૧૧. નૈવેદ્યપૂજા : દુઃખક્ષય

મારા બધાં દુઃખો તમે દૂરે કરી દો નાથજી
બે હાથ જોડી વિનવું ઝોળી ભરી દો નાથજી
આવું તમારી પાસ જો તૂટે આ દુઃખની સાંકળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(ચેતન જ્ઞાન અજવાળીએ)**

માહરા દુઃખડા ટાળજે, બાળજે માહરા દોષ રે
ભક્તની ભાવના ભાળજે, ગાળજે રાગ ને રોષ રે, માહરા૦ ૧
દેહના દુઃખ સૌ રોગ છે, ભોગ છે ચિત્તના દુઃખ રે
તે મને સતત પજવ્યા કરે, જીવ છું હું બહિર્મુખ રે, માહરા૦ ૨
આમ તો હું તને જોઈને, ખૂબ આનંદમાં આવું રે
દુઃખના સમયમાં હું પ્રભુ, એકરસ ભાવને ગુમાવું રે, માહરા૦ ૩
દુઃખમાં હું તને ના ભૂલું, ના તૂટે ધર્મ વિશ્વાસ રે
એહ વરદાન તું આપજે, એટલું માંગે આ દાસ રે, માહરા૦ ૪
જ્યાં સુધી મોક્ષ મળતો નથી, ત્યાં સુધી દુઃખ આવે જ રે
એ સ્મરણ ચિત્તમાં જો રહે, તો વધે ધૈર્યનું તેજ રે, માહરા૦ ૫

પ્રાર્થના દસમી છે માહરી, દુઃખનો નાશ થઈ જાય રે
તાહરા ધ્યાનમાં માહરું, ચિત્ત આ એકરસ થાય રે, માહરા૦ ૬

(શ્લોક + મંત્ર)

## ૧૨. ધ્વજપૂજા : કર્મક્ષય

જે મોક્ષ તું પામ્યો પ્રભુ ! તે મોક્ષ મુજને આપજે
કર્મો નડે છે તે બધા તું એક સાથે કાપજે
શ્રી સિદ્ધશિલાનું મહાસામ્રાજ્ય મુજને પણ મળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

(પ્રીતલડી બંધાણી રે)

કર્મક્ષય કરી મૂળ સ્વભાવ જગાડજો, એટલી કરુણા કરજો હે ભગવાન જો
આઠેય કર્મો સાહેબ દૂર ભગાડજો,
નિજ હાથે તમે કરજો મુજ ઉત્થાન જો, કર્મક્ષય૦ ૧
જ્ઞાન અધૂરું ના રહે એવી કૃપા કરો, દૃષ્ટિ ઉઘડે એવા દો વરદાન જો
સુખદુઃખનો ચકરાવો ચૂરી દો પ્રભુ
રાગદ્વેષના નાશે નિજગુણ ભાન જો, કર્મક્ષય૦ ૨
દેહ નહીં કે મરણ નહીં એવી દશા, રૂપ, રંગ, આકાર ધરે ના સ્થાન જો
નાના-મોટા, ઊંચા-નીચા કોઈ નહીં
અનંત શક્તિ આપો શુક્લ ધ્યાન, કર્મક્ષય૦ ૩
ઉપશમભાવથી ક્ષયોપશમ ઊંચો કહ્યો, સૌથી ઉત્તમ ક્ષાયિક ભાવ મહાન જો
પ્રાર્થના મારી સાંભળજો અગિયારમી
અક્ષયભાવે આપો અમૃતપાન જો, કર્મક્ષય૦ ૪

(શ્લોક + મંત્ર)

## ૧૩. ફળપૂજા : સમાધિમરણ

મૃત્યુ સમાધિમય બને એવી કૃપા કરજો પ્રભુ
મુજ આતમા નિર્ભય બને એવી કૃપા કરજો પ્રભુ
મુજ મોહ મમતા દોષ અસમાધિ બધું દૂરે ટળો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(ઐસી દશા હો ભગવાન)**

મને મૃત્યુની ક્ષણોમાં, તમે સાથ દેજો દાદા
મારી આખરી ઘડીને, સંભાળી લેજો દાદા. ૧
મારા શ્વાસ થાય ધીમા, દેખાય છેલ્લી સીમા
તમે આંખમાં વસીને, સંગાથે રહેજો દાદા. ૨
મારા દેહે રોગ જાગે, પડઘમ અજાણ્યા વાગે
ત્યારે આતમાને સ્પર્શી, રગરગમાં વહેજો દાદા. ૩
મારા આખરી દિનોમાં, મારી આખરી પળોમાં
તમે દીવડો ધરીને, અજવાસ દેજો દાદા. ૪
મારા હાથ રહેશે ખાલી, એ હાથ લેજો ઝાલી
અસ્તિત્વ આખું મારું, ખોળામાં લેજો દાદા. ૫

**(શ્લોક + મંત્ર)**

## ૧૪. વાજીંત્રપૂજા : બોધિલાભ

શ્રદ્ધા પ્રભુના માર્ગ પર, આનંદ પ્રભુની ભક્તિમાં
આધાર પ્રભુની વાણીનો, મુજ ચિત્ત હોય વિરક્તિમાં
એ બોધિનો શુભ લાભ મારા આતમાને સાંપડો
જય વીતરાગ જગતગુરુ તારો પ્રભાવ મને ફળો

**(તેજે તરણીથી વડો રે)**

સમકિત મુજને આપજો રે કાપજો પાપનો મેલ
શાશ્વત ભાવમાં જોડજો રે, તોડજો કરમની જેલ હો પ્રભુજી
માંગવું મુજને ના ગમે રે, તુજ સંગમાં મુજ મન રમે રે, તું મુજ તારણહાર.
તુજ મૂરતિ મુજ મન વસી રે રમણીય રમણીય રૂપ
તુજ મંદિર મને બહુ ગમે રે મહેકે મઘ મઘ ધૂપ, હો પ્રભુ૦ ૨
તુજ આગમ હું સાંભળું રે શાસ્ત્ર વચન અભ્યાસ
સૂત્ર અર્થ અને તદુભયે રે કરું સદ્‌ગુણનો વિકાસ, હો પ્રભુ૦ ૩
સાધુજનની સેવના રે, આદરું મન ઉલ્લાસ
સાધ્વીજનની ભક્તિથી રે, આતમ પામે ઉજાસ, હો પ્રભુ૦ ૪

સંઘમહાજન આદર દઉં રે, શ્રાવકજન સમુદાય
તપ જપ આદિક આચરે રે, શ્રાવિકાસંઘ સદાય, હો પ્રભુ૦ ૫
દુઃખિયાને હું દાન દઉં રે અનુકંપા આચાર
પશુપંખીને સાચવું રે જીવદયા સમુદાર, હો પ્રભુ૦ ૬
સાત ક્ષેત્રની સેવના રે તન-મન-ધન થકી થાય
ઉચિત આચારને પાળતાં રે ભવભવ પાતક જાય, હો પ્રભુ૦ ૭
તેરમી પ્રાર્થના સાંભળો રે બોધિલાભ મહાન
તારી કૃપાથી મુજને મળો રે સિદ્ધશિલામાં સ્થાન, હો પ્રભુ૦ ૮

**(શ્લોક + મંત્ર)**

**કળશ**

ગાયો ગાયો રે વીતરાગ જગદ્‌ગુરુ ગાયો
જો જો સુખ હૈ જો જો શુભ હૈ, વો પ્રભુ સે હી પાયો
જો જો દુઃખ હૈ જો ભી અશુભ હૈ, વો મુજ દોષ સે આયો રે. વીતરાગ૦ ૧
શુભ અવસર કો ના પહેચાન્યો, હાથ સે લાભ ગંવાયો
મનુભવ, શ્રવણ, શ્રદ્ધા, સંયમ કો, ગુરુ દુર્લભ સમજાયો રે. વીતરાગ૦ ૨
ઇહભવ મેં પ્રભુ પદ કી સેવા, પરભવ મેં પ્રભુ પાયો રે
પ્રભુભક્તિ સે આત્મકલ્યાણ, દિન દિન બઢત સવાયો રે. વીતરાગ૦ ૩
તપાગચ્છનાયક સુખદાયક, રામચંદ્રસૂરિરાયો રે
તાસ શિષ્ય રચી પ્રાર્થના પૂજા, પ્રશમરતિ મુનિ ભાયો રે. વીતરાગ૦ ૪

## (૫) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પૂજા

(મંગલાચરણ)

મંગલમય મહિમાનિધિ, મંત્રરૂપ મહારાજ,
મોક્ષદાયક મહાવીરજી, મનમંદિર શિરતાજ. ૧
આષાઢી સુદ છઠ ચ્યવન, ચૌદ સુપન વિસ્તાર,
ચૈત્ર સુદી તેરસ જનમ, તીન લોક જયકાર. ૨
કારતક વદ દશમી દિને, પ્રભુ બને અણગાર,
વૈશાખી સુદ દશમીએ, કેવલ જ્ઞાન ઉદાર. ૩
ત્રીસ વર્ષ લગી દેશના, ફરમાવે ભગવાન,
જેઓ સુણે તેઓ લહે, આતમ બોધ મહાન. ૪
મોક્ષગમન પૂર્વે પ્રભુ, દે અંતિમ ઉપદેશ,
શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં, તેનો થયો સમાવેશ. ૫
મહાપ્રભાવક સૂત્રના, અધ્યયન છે છત્રીસ,
અષ્ટપ્રકારી પૂજના, ટાળે ભવની ભીંસ. ૬
પૂજો આગમસૂત્રને, જિનવાણી સુખકાર,
અક્ષર અક્ષર અર્ચના, આનંદ આપે અપાર. ૭
મુખ્યત્વે મુનિવૃંદને, આપ્યો હતો ઉપદેશ,
સોળ પ્રહરની દેશના, પાવાપુરી પરિવેશ. ૮
જે સંયોગથી મુક્ત થયા, જે ભિક્ષુ અણગાર,
તેનો ધર્મ પ્રભુ કહે, આત્મશુદ્ધિ અધિકાર. ૯

### પ્રથમ દુગ્ધ અભિષેક પૂજા

(દોહા)

દર્પણનાં પ્રતિબિંબમાં, જે આગમ દેખાય,
કરીએ અભિષેક તેહનો, પંચામૃત સમુદાય. ૧
હૈયામાં શ્રી જિનવચન, જો પ્રતિબિંબિત થાય,
રાગ દ્વેષ કષાયની, હાનિ થતી દેખાય. ૨
જગતનો જેહ સ્વભાવ છે, તેહ જણાવે ગ્રંથ,
અશુભથી શુભ તરફનો, સૂચવે મંગલપંથ. ૩

**(વૈષ્ણવ જન તો)**

સાહેબ તું શુભતા સમજાવે, એ મોટો ઉપકાર રે,
તારો એક એક શબ્દ આપે છે, આતમને આધાર રે. સાહેબ૦ ૧
વિનય કરો અભિમાન ન રાખો, કરો ગુરુસેવા ઉદાર રે,
પહેલા અધ્યયને તું બોલે, કરુણામય કિરતાર રે. સાહેબ૦ ૨
સમતાભાવે દુ:ખ સહી લો, એ પરિસહ આકાર રે,
બીજા અધ્યયને તું જણાવે, ઉત્તમ તત્ત્વ વિચાર રે. સાહેબ૦ ૩
માનવભવ વળી ધર્મશ્રવણ અને શ્રદ્ધા સંયમ આચાર રે
ત્રીજા અધ્યયને તું બતાવે, દુર્લભ ચારે ચાર રે. સાહેબ૦ ૪
આળસ છોડો પ્રમાદ તોડો, ઢીલા ન રહો લગાર રે,
ચોથા અધ્યયને તું બોલે, જાગો જાગો નરનાર રે. સાહેબ૦ ૫
ભીતરને ઢંઢોળે એવો, તારો વચન વિહાર રે,
તારી શુભવાણીથી થયો છે, લાખોનો ઉદ્ધાર રે. સાહેબ૦ ૬
મુજ અવિવેકને તોડજે સાહેબ, ટાળજે અશુભ સંસ્કાર રે,
દેવર્ધિ તારાં ચરણે વસે છે, દેજે પદ અવિકાર રે. સાહેબ૦ ૭

**શ્લોક**

उत्तराध्ययनं सूत्रं षट्-त्रिंशद्विषयं महत् ।।
वन्दे श्रीमद्-महावीर-चरमाख्याननिस्सृतम् ।।१।।

**મંત્ર**

ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीवीरजिनेश्वरप्रकाशिताय श्रीमते उत्तराध्ययनसूत्राय दुग्धं यजामहे स्वाहा

## દ્વિતીય જલ અભિષેક પૂજા

**(દોહા)**

જળધારા અભિષેકની, મૂર્તિ પર વહી જાય,
ચંચલ જલ કલનાદથી, સહજ સંગીત રચાય. ૧
ગાળેલું જલ જે રીતે, પૂજામાં વપરાય,
તેમ જિનવચને ગાળીને, ભાવના સાત્ત્વિક થાય. ૨

મન સમજાય છે શાસ્ત્રથી, શાસ્ત્રથી મન બદલાય,
શાસ્ત્રથકી ચિત્તની દશા, મનોગુપ્તિ થઈ જાય. ૩

**(ભક્ષ્યાભક્ષ્ય ન જે વિણ લહીએ)**

સમવસરણમાં વાણી પ્રકાશી, સાંભળે પર્ષદા બાર.
તું વિરચે ઉત્તમ શુભ ભાવો, તું હરે મનના વિકાર.
હો પ્રભુજી તુજ ઉપકાર અપાર. ૧
અશુભ મરણ ટાળો, શુભ પામો, એ સદ્‌ગતિ આધાર,
પાંચમા અધ્યયને તું જણાવે, કામ અકામ વિચાર. હો પ્રભુજી૦ ૨
દ્રવ્ય ભાવ બે ગ્રંથિ પિછાણો, બનો નિર્ગ્રંથ અવિકાર,
છટ્‌ઠા અધ્યયને તું જણાવે, સદા સાધીએ સદાચાર. હો પ્રભુજી૦ ૩
દુઃખનું મૂળ આસક્તિ જાણો, અનાસક્તિ સુખનો સાર,
સાતમા અધ્યયને તું જણાવે, અસાર છે આ સંસાર. હો પ્રભુજી૦ ૪
લોભ જ રોકે વીતરાગતાને, લોભ છે દુષ્ટ વિકાર,
આઠમા અધ્યયને વર્ણિત છે, કપિલકથા સમુદાર. હો પ્રભુજી૦ ૫
કાળ અનાદિની અનુચિત આદત, બદલીએ આગમ આધાર,
પૂજો પૂજો ઉત્તરાધ્યયનને, દેવર્ધિ જયજયકાર. હો પ્રભુજી૦ ૬

**(શ્લોક + મંત્ર)**

## તૃતીય ચંદન પૂજા

**(દોહા)**

કેસરનો છે ગાઢ રંગ, મઘમઘ છે ચંદન,
આંગળીએથી છાંટીએ, સુગંધનું સ્પંદન. ૧
પ્રભુની વાણી સાંભળી, ગણધર કરે લેખન,
તે આગમસૂત્રો બને, પૂજો ધરી ચંદન. ૨
ગ્રંથશ્રવણને યોગગુરુ, કહે છે તીર્થશ્રવણ,
શ્રવણથકી ચિંતન મળે, ચિંતનથકી આચરણ. ૩

**(ચારિત્ર પદ નમો સાતમે રે)**

વાણી પ્રભુ તુજ મીઠી છે રે સાંભળતાં સુખ થાય રે. દેશના ગુણકારી
જેમ જેમ મન ચિંતન કરું રે તેમ તેમ દોષ કપાય રે. દેશના ગુણકારી૦ ૧

જાત જીતી તો જગ જીત્યું રે નમિ રાજર્ષિ વચન રે. દેશના ગુણકારી
નવમા અધ્યયને તું કહે રે, રાગરહિત કરો મન રે. દેશના ગુણકારી૦ ૨
સ્નેહરાગ નહીં ધારીએ રે, ધરીએ આત્મસંવાદ રે. દેશના ગુણકારી
દશમા અધ્યયને તું કહે રે, ગૌતમ કરો મા પ્રમાદ રે. દેશના ગુણકારી૦ ૩
બહુશ્રુતની પૂજા કરો રે, બોધદાયક એ મહંત રે. દેશના ગુણકારી
અગિયારમું અધ્યયન કહે રે શ્રુતની શક્તિ અનંત રે. દેશના ગુણકારી૦ ૪
તપ કરીએ સમતા ધરી રે તપ કરે કરમનો નાશ રે. દેશના ગુણકારી
બારમા અધ્યયને તું કહે રે બલમુનિ તપ પ્રકાશ રે. દેશના ગુણકારી૦ ૫
રોષના દાહને ટાળી દે રે ટાળે અજ્ઞાન મલ રે. દેશના ગુણકારી
ઇચ્છાની તરસ મિટાવી દે રે શ્રુત છે તીરથજલ રે. દેશના ગુણકારી૦ ૬
અક્ષરમાં અરિહંત વસે રે અક્ષરે દેવર્ધિ વાસ રે. દેશના ગુણકારી
ન કરો અક્ષર આશાતના રે અક્ષર આપે અજવાસ રે. દેશના ગુણકારી૦ ૭

**(શ્લોક + મંત્ર)**

## ચતુર્થ પુષ્પ પૂજા

**(દોહા)**

ફૂલ ધરો ભગવંતને, માંગો ગુણની સુગંધ,
પ્રભુના પરમ પ્રભાવથી, દૃષ્ટિ પામે અંધ. ૧
પોથી પર ફૂલ પાથરો, પહેરાવો ફૂલમાળ,
શાસ્ત્રશ્રવણથી સન્મતિ, જાગે છે તત્કાળ. ૨
ગ્રંથ ગુરુ થઈ બોધ દે, ગ્રંથ હરે અવિવેક,
વિષય વિવિધ હોય ગ્રંથના, લક્ષ્ય આતમા એક. ૩

**(અજિત જિણંદશું પ્રીતડી)**

સરસ વચન મુજ મન વસે, વરસોવરસ હો સુણું વચન વિશાળ.
દિનદિન નવનવ બોધ મળે, જાણે પીરસ્યો હો કોઈ અમૃત થાળ. સરસ૦ ૧
તપ કરીએ આતમકાજે, નવિ માંગીએ હો તપથી કોઈ સુખ,
તેરમા અધ્યયને તું કહે, નિયાણાથી હો ન ટળે ભવ દુઃખ. સરસ૦ ૨
મરણ ન ટાળ્યું ટળી શકે, નવિ ઘડપણ હો રોક્યું રોકાય,
ચૌદમા અધ્યયને તું કહે, ન વીત્યા દિન હો ફરી પાછા જોવાય. સરસ૦ ૩

સાધુ આતમ રસિક રહે, માન કે લોભ હો સાધુથી ન રખાય,
પંદરમા અધ્યયને તું કહે, લોકસંજ્ઞા હો સાધુમાં ન દેખાય. સરસ૦ ૪
દેહજનિત સુખ છોડીએ, આતમસુખ હો શુભભાવે પમાય,
સોળમા અધ્યયને તું કહે, બ્રહ્મચર્યે હો સાચું સુખ સમાય. સરસ૦ ૫
યોગ્ય જીવની પાત્રતા, તુજ સંગે હો, વધે સાગર સમ,
દેવર્ધિ તુજ ચરણે વસે, તુજ સંગે હો મોક્ષમાર્ગ સુગમ. સરસ૦ ૬

**(શ્લોક + મંત્ર)**

## પંચમ ધૂપ પૂજા

**(દોહા)**

જેમ હિમાલય શિખર પર, ધુમ્મસ ઘન ફેલાય,
ધૂમ્રસેર તેમ ધૂપની, મંદિરમાં રેલાય. ૧
વાતાવરણે પવિત્રતા, ધૂપ બનાવે જેમ,
મનોભાવની પવિત્રતા, શાસ્ત્ર બનાવે તેમ. ૨
જે જે સદ્ આચાર છે, જે જે છે સુવિચાર,
તેમાં છે ભગવંતની, વાણીનો વિસ્તાર. ૩

**(ધન ધન શ્રી અરિંહતને રે)**

તુજ વચને શ્રદ્ધા ધરું રે, વચનથી શ્રદ્ધા વાધે. જિનેશ્વર
જે તુજ વચનને અનુસરે રે, તે કલ્યાણને સાધે. જિનેશ્વર તુજ૦ ૧
સુખશીલતા નહીં ધારશે રે, ભૂલશે નહીં સ્વાધ્યાય. જિનેશ્વર
સત્તરમા અધ્યયને કહ્યું રે, શ્રમણ ન કરશે કષાય. જિનેશ્વર તુજ૦ ૨
જે સુખ છોડી સાધુ થયા રે, ધન ધન તે મહાભાગ. જિનેશ્વર
અઢારમું અધ્યયન એમ કહે રે, ત્યાગ બનાવે વીતરાગ. જિનેશ્વર તુજ૦ ૩
જનમ રોગ ઘડપણ મરણ રે ચાર એ દુઃખ સંસાર. જિનેશ્વર
ઓગણીસમું અધ્યયન કહે રે પાપ છે દુઃખનું દ્વાર. જિનેશ્વર તુજ૦ ૪
આત્માને ભૂલે તે અનાથ છે રે આત્મા અનાદિનો સાથ. જિનેશ્વર
વીસમા અધ્યયને તું કહે રે પકડો અનંતનો હાથ. જિનેશ્વર તુજ૦ ૫
આત્મશુદ્ધિના માર્ગ પર રે શાસ્ત્ર કરે છે સહાય. જિનેશ્વર
શ્રુતથી દેવર્ધિ સાંપડે રે ક્ષાયિક ગુણ સમુદાય. જિનેશ્વર તુજ૦ ૬

**(શ્લોક + મંત્ર)**

## ષષ્ઠ દીપ પૂજા

(દોહા)

શુદ્ધ ઘી ભરી દીવડો, પ્રકટાવો મંગલ,
જ્યોત અખંડ ચમકી રહે, નાજુક અને ચંચલ. ૧
દીપશિખા ચમકી રહે, સોનેરી સ્પંદન,
સોનું જાણે પીગળી, આદરે છે નર્તન. ૨
દીવા દિવ્ય દેખાય છે, દાદાને દરબાર,
દેવર્ધિમય દૃશ્ય છે, દર્શને દોષવિનાશ. ૩

(ગિરિવર દરિશન વિરલા પાવે)

પ્રભુ તુજ વાણી, સુખ સરવાણી, અમે અજ્ઞાની, તું કેવલનાણી.
સુણી તુજ વાણી, તર્યા ભવિ પ્રાણી, આત્માને જાણી, પ્રભુને પિછાણી. પ્રભુ૦ ૧
સાધુ સાધે છે, સતત આતમહિત, પાપરહિત રહે, વિરાધનાવિરહિત.
એકવીસમા અધ્યયને તું જણાવે, આરાધનાનો આનંદ અપરિમિત. પ્રભુ૦ ૨
રાજીમતીજી, શીલસત્ત્વધારક, રથનેમિ વ્રતભંગ નિવારક.
બાવીસમા અધ્યયને વર્ણન છે, વ્રત પાળી બનો, આત્મના તારક. પ્રભુ૦ ૩
જ્ઞાનપિપાસા ગુણ છે ઉત્તમ, પ્રશ્ન-ઉત્તર છે બોધનું માધ્યમ,
ત્રેવીસમા અધ્યયનમાં બોલે, ગણધર યુગલ શ્રી કેશી ગૌતમ. પ્રભુ૦ ૪
પાંચ સમિતિનું પાલન કરજો, શુદ્ધભાવે ત્રણ ગુપ્તિ આદરજો,
ચોવીસમા અધ્યયને તું કહે છે, વિરતિના વરવેશે વિહરજો. પ્રભુ૦ ૫
ગુરુમુખે જે, આગમ સાંભળે છે, ધર્મતણો મર્મ તેને જ મળે છે.
શ્રુતના બોધથી, શાતા વળે છે, શ્રુતના રંગે, દેવર્ધિ ફળે છે. પ્રભુ૦ ૬

(શ્લોક + મંત્ર)

## સપ્તમ અક્ષત પૂજા

(દોહા)

ધવલ વિમલ અક્ષત અખંડ, પાથરીએ મનોહાર,
સ્વસ્તિક રત્નત્રયી અને સિદ્ધશિલા સુખકાર. ૧
લાંબા મોટા ચમકીલા, દાણા છે અણીદાર,
ચોખાથી જે પણ રચું, તે લાગે શ્રીકાર. ૨

બેસી પ્રભુનાં ધામમાં, સ્તવીએ જગદાધાર,
ક્યારે મુજ આતમ થશે, નિરંજન નિરાકાર. ૩

**(રૂડો માસ વસંત ફળી)**

પ્રભુ તુજ શાસન જયવંત છે રે, આજ્ઞા છે તારણહાર. સાહેબ
દેશના સતત સુણાવીને રે, કીધો જગત ઉપકાર. સાહેબ પ્રભુ૦ ૧
પંચ મહાવ્રત પાળજો રે, ભાવયજ્ઞ સુવિધાન. સાહેબ
પચીસમા અધ્યયને કહ્યું રે કર્મ બનાવે મહાન. સાહેબ પ્રભુ૦ ૨
સામાચારી પાલન કરો રે મુનિવ્રત મહિમાનિધાન. સાહેબ
છવીસમા અધ્યયને કહ્યું રે સ્વાધ્યાય ધીરજ ધ્યાન. સાહેબ પ્રભુ૦ ૩
વિનયી વિવેકી વિચારવંત રે સાધુ છે સરળ સ્વભાવ. સાહેબ
સત્તાવીસમા અધ્યયને કહ્યું રે દોષઅભાવનો ભાવ. સાહેબ પ્રભુ૦ ૪
જ્ઞાન દર્શન ચારિત્ર તપ રે, મોક્ષનો માર્ગ પ્રશસ્ત. સાહેબ
અઠ્યાવીસમું અધ્યયન કહે રે, થાજો અધર્મનો અસ્ત. સાહેબ પ્રભુ૦ ૫
અર્થ કહે અરિહંતજી રે સૂત્ર રચે ગણધાર. સાહેબ
દેવર્ધિ દે દાસને રે દેવાધિદેવ ઉદાર. સાહેબ પ્રભુ૦ ૬

**(શ્લોક + મંત્ર)**

## અષ્ટમ નૈવેદ્ય પૂજા

**(દોહા)**

સાહેબ સેવામાં ધરું, મોંઘા મીઠાઈ થાળ,
મનના ઉમંગે તાહરી, પૂજા કરું ત્રિકાળ. ૧
તેં મુજને જે આપ્યું છે, તે સઘળું અણમોલ,
હું જે આપું તુજને, તેમાં છે માપતોલ. ૨
મનની ભૂખ મિટાવજો, કૃપાવંત કિરતાર,
આપ થયા છો એ રીતે, મારે થવું અણહાર. ૩

**(પ્રભુ નિર્મલ દરિશન દીજિયે)**

વિભુ વિમલ વચન વરસાવેજી,
સાત્ત્વિક સાર્થક સત્ય સુણાવી, સદ્ ગુણ સરસ સજાવેજી. ૧
મંદકષાય અવસ્થાએ જીવ, સમ્યગ્ દર્શન પાવેજી,
ઓગણત્રીસમા અધ્યયને તું, શ્રદ્ધાને સમજાવેજી. વિભુ૦ ૨

તપ કરીએ મન મદ નહીં ધરીએ, બાર તે ભેદ સોહાવેજી,
ત્રીસમા અધ્યયને તું બોલે, નિર્જરા તપથી થાવેજી. વિભુ૦ ૩
આભમાં તારલા જેવી વિધવિધ, ચરણવિધિ તું બતાવેજી,
એકત્રીસમા અધ્યયને તું, સંવરસૂત્ર સુણાવેજી. વિભુ૦ ૪
ભાવપ્રમાદ છે મનની શિથિલતા, તેને તું છોડાવેજી,
બત્રીસમા અધ્યયને સાહેબ, મનનો દોષ મિટાવેજી. વિભુ૦ ૫
રિમઝિમ રિમઝિમ વર્ષા જેવી, વાણી તું સંભળાવેજી,
પરમાતમપદની અભિલાષા, દેવર્ધિ નિપજાવેજી. વિભુ૦ ૬

**(શ્લોક + મંત્ર)**

## નવમ ફળ પૂજા

**(દોહા)**

નયન સફળ તુજ દર્શને, વચન સફળ તુજ ગાન,
ચિત્ત સફળ તુજ ચિંતને, હૃદય સફળ તુજ ધ્યાન. ૧
સફળ બનાવે તું મને, તુજને શું દઉં ફળ ?
માર્ગદર્શક તું છે પ્રભુ, તું છે પ્રેરણાબળ. ૨
તારી શક્તિ અનંત છે, તું અતિશય નિર્મળ
સિદ્ધગતિ દેજો મને, એટલું માંગું ફળ. ૩

**(નયરી ક્ષત્રિય કુંડ નરપતિ)**

જન્મમરણ ભવભવતણા, જગપતિ ટાળજો એ,
પૂરવભવના પાતક, પ્રભુજી પખાળજો એ. ૧
ભક્તિ તરીકે મેં કર્યું જે, તે સફળ કરો એ,
યાત્રા મારી સરળ કરો, સાધના સબળ કરો એ. ૨
આઠ કરમના બંધ સ્થિતિ, બેય જાણીએ એ,
તેત્રીસમું અધ્યયન કહે, ખોટું ન તાણીએ એ. ૩
લેશ્યા ષટ્ છે તે શુભ, અશુભ બે ભાગમાં એ,
ચોત્રીસમું અધ્યયન કહે, રહીએ વિરાગમાં એ. ૪
મનના દૂષિત ભાવોને, ટાળતા રહેજો એ,
પાંત્રીસમું અધ્યયન કહે, સમતાને વહેજો એ. ૫

સિદ્ધશિલા અને સિદ્ધદશા, બેય છે નિર્મળ એ,
છત્રીસમું અધ્યયન કહે, સુખ લહો અવિચળ એ. ૬
તુજ ઉપદેશને સાંભળી, જેહ સુકૃત કરે એ,
દેવર્ધિના સંગે, પરમપદ તે વરે એ. ૭

**કળશ**

જે દેશના ભગવંતની, ચાલી દિનોદિન ત્રીસ વરસ,
આસો અમાવસ્યા તિથિએ, એનો હતો અંતિમ દિવસ.
દીપાલિકાની રાતે વીરજી, મોક્ષમાં ચાલી ગયા,
પ્રભુ વાણીના સૌ દીવડા તો, આજલગ જલતા રહ્યા. ૧
શ્રી ઉત્તરાધ્યયને છે પ્રભુની, વાણીનો અંતિમ પ્રકાશ,
છત્રીસ અધ્યયનો કરે છે, દુષ્ટ ભાવોનો વિનાશ.
ભગવંતના વચનોની પૂજા, આજ ભાવે આદરી,
અરિહંતને આરાધવા, દેવર્ધિએ રચના કરી. ૨

**(શ્લોક + મંત્ર)**

## પંચજ્ઞાનની આરતી

**(ભોર ભઈ દિન ચડ ગયા)**

પંચસુજ્ઞાન શુભ જ્યોત દીપે આતમજી, પાવન તનમન થાય,
મંગલમય, આરતી પંચસુજ્ઞાન
હો સુમતિ દાયક, આરતી પંચસુજ્ઞાન
હો કુમતિ નાશક, આરતી પંચસુજ્ઞાન. ૨
મતિ, શ્રુત અને અવધિ છે આતમજી, મનપર્યય કેવળજ્ઞાન,
મંગલમય, આરતી પંચસુજ્ઞાન
હો સદ્ ગુણકારક, આરતી પંચસુજ્ઞાન
હો દોષ નિવારક, આરતી પંચસુજ્ઞાન. ૩
સુખકર દુઃખહર સાધના, આતમજી, ભવભવભ્રમણવિરામ,
મંગલમય, આરતી પંચસુજ્ઞાન
હો પરમશક્તિમય, આરતી પંચસુજ્ઞાન
હો પરમભક્તિમય, આરતી પંચસુજ્ઞાન. ૪

ઢોલ નગારા શંખ ગાજતા આતમજી, ઘંટ કરે છે રણકાર
મંગલમય, આરતી પંચસુજ્ઞાન
હો સંપત્તિ દાયક, આરતી પંચસુજ્ઞાન
હો વિપદા વારક, આરતી પંચસુજ્ઞાન. ૫
સર્વ મંગલ છે સર્વકલ્યાણ આતમજી, ધર્મ છે સર્વ પ્રધાન,
મંગલમય, આરતી પંચસુજ્ઞાન
હો દેવર્ધિ દે, આરતી પંચસુજ્ઞાન
હો સમૃદ્ધિ દે, આરતી પંચસુજ્ઞાન. ૬

# ૬. શ્રી સિદ્ધ પદ પૂજા

## (મંગલાચરણ)

મોક્ષગામી પરમાતમા, નિજસત્તા સુવિશાળ
મોક્ષદાયક ભગવંતની, પૂજા કરું ત્રિકાળ. ૧
મોક્ષમાર્ગ પ્રભુએ કહ્યો, એ મોટો ઉપકાર
મોક્ષગમનની યોગ્યતા, માંગું શુભ સંસ્કાર. ૨
મોક્ષ મોક્ષ રટણા કરું, ભમવું નથી સંસાર
મોક્ષ મળે તો દુઃખ ટળે, સુખ મળે અપરંપાર. ૩
મોક્ષમાં સ્થાન મને મળો, એ જ છે ઇચ્છા એક
મોક્ષ પામવા આદરું, પ્રભુ પૂજા સુવિવેક. ૪
દ્વાદશવ્રત પૂજા મુજબ, સામગ્રીનો ક્રમ
વિધિ પૂરેપૂરી સાચવું, ના રહે ભ્રમ કે શ્રમ. ૫

## પ્રભુસ્તવના

તીર્થંકર ભગવંતજી, કરી જગત ઉપકાર
જીવનના અંતે કરે, તપ પાલન સમુદાર. ૧
અનશન સ્વીકારે પ્રભુ, સ્થિર દેહ નિશ્ચલ
ધન્ય ધન્ય ભગવંત છે, બાળે કર્મનો મલ. ૨
અનશનધારક જિનપતિ, સોહે સૂર્યસમાન
ભક્તજનો ત્રણ લોકના, દિનદિન કરે ગુણગાન. ૩

## સ્તુતિગાન

તમે જ જગત નાથ છો, તમે જ સાચો સાથ છો
તમે કૃપાનિધાન છો, તમે જ પૂર્ણ ધ્યાન છો
તમે જ પુણ્ય રૂપ છો, તમે જ શૂન્ય રૂપ છો
તમે જ જ્ઞાન ધામ છો, તમે પવિત્ર નામ છો
તમે પરમઆનંદ છો, તમે સમાધિ કંદ છો
કરું છું ભાવે વંદના, સ્વીકારો મારી પ્રાર્થના. ૧
તમે જ મારું ઇષ્ટ છો, તમે મહાબલિષ્ઠ છો

તમે સ્વતંત્ર શક્તિ છો, તમે જ મારી ભક્તિ છો
તમે જ તત્ત્વ બુદ્ધિ છો, તમે જ આત્મ શુદ્ધિ છો
તમે જ મોક્ષ દાતા છો, તમે જ મુજ વિધાતા છો
તમે જગત આધાર છો, તમે મહા દાતાર છો
કરું છું ભાવે વંદના, સ્વીકારો મારી પ્રાર્થના. ૨
તમે અનંત ગુણ ધર્યા, તમે અનંત સુખ વર્યા
તમે જ ધર્મ દાયક, તમે જ તીર્થ નાયક
તમે જ સર્વ સૌખ્ય કર, તમે જ સર્વ દુઃખ હર
તમે જ મોહ મારક, તમે જ પાપ હારક
તમે જ કરમ કાપજો, તમે દેવર્ધિ આપજો
કરું છું ભાવે વંદના, સ્વીકારો મારી પ્રાર્થના. ૩

## ૧. જળ પૂજા

**(દુહા)**

સુગંધજળથી નાથનો, આદરું છું અભિષેક
પ્રભુભક્તિથી પામું છું, આનંદનો અતિરેક. ૧
આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા, નમો સિદ્ધ ભગવાન. ૨

**(તુમ ચંદન હમ પાની)**

ભગવાન પળપળ હૈયે ધરું છું ખળખળ જળ અભિષેક કરું છું. ૧
ભગવાન અમ ભક્તિ સ્વીકારો સાહેબ અમને પાર ઉતારો. ૨
ભગવાન દેખાડો મેરુમહોત્સવ આપો પ્રભુ સાક્ષાત અનુભવ. ૩
ભગવાન આપને જેમણે જોયા એણે ભવોભવના પાતક ધોયા. ૪
ભગવાન પાણી થકી કરું ભક્તિ પ્રગટાવો પ્રભુ વિરતિની શક્તિ. ૫
ભગવાન અમને ખોળે લેજો દેવર્ધિમય દરિશન દેજો. ૬

सिद्धाणं बुद्धाणं, पारगयाणं परंपरगयाणं ।
लोअग्गमुवगयाणं, नमो सया सव्वसिद्धाणं ।।
(ॐ ह्रीँ श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय
श्रीमते जिनेन्द्राय जलं यजामहे स्वाहा)

## ૨. ચંદન પૂજા

(દુહા)

ચૌદમા ગુણઠાણે પ્રભુ, આરોહે અવિકાર
નિશ્ચય નય ચારિત્રનો, એહ બને અધિકાર. ૧
ચંદન તિલક કરું તને, જિનવર એક એક અંગ
મુજને લાગ્યો છે પ્રભુ, તુજ ભક્તિનો રંગ. ૨
આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા નમો સિદ્ધ ભગવાન. ૩

(હોઠ કરે છે તારું)

તુજને ચડાવું સુરભિત ચંદન સ્પર્શ કરી પામું તવ સ્પંદન
વીતરાગી વહાલેસર વંદન. ૧
તારું તેજ અગોચર જિનવર હું છું બસ એક કિંકર પામર
ઈશ્વર મારી માટે કંઈક કર. ૨
કેસર કણ કણમાં વિખરાય ઓરસિયે ભીંજાય ઘસાય
તો તવ સંગે બિરાજિત થાય. ૩
ગર્વ મારો ક્યારે વિખરાશે ? કઠિન કરમ મમ ક્યારે ઘસાશે
ક્યારે તુજ મુજ સંગમ થાશે ? ૪
રૂપ છે તારું અતિશય પ્યારું ઘટ્ટ તિલકથી તને શણગારું
દેવર્ધિ ગ્રહે શરણું તારું. ૫

(શ્લોક + મંત્ર)

## ૩. વાસચૂર્ણ પૂજા

(દુહા)

તેજસ કાર્મણ શરીરનો, હતો અનાદિ સંગ
એનો નાશ કરે પ્રભુ, જીતે છેલ્લો જંગ. ૧
વાસક્ષેપથી અર્ચના, કરતાં મન હરખાય
પરમેશ્વરને પામીએ, એ પુણ્યોદય કહેવાય. ૨
આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા નમો સિદ્ધ ભગવાન. ૩

**(રાધા મોહન મિલે એકરસ)**

ચંદન ચૂરણ ચડાવું, નાથ તને સુરભિત સુરભિત સુરભિત
આંગળીયેથી અડકું તને અને મમ તન મન બને પુલકિત. ૧
જ્ઞાની ગણધરને મુટ્ઠી ભરી વાસક્ષેપ તું નાંખે
મુજ સરીખા અજ્ઞાનીની સાથે ભેદભાવ તું રાખે. ૨
રોજ રોજ હું બહુ બોલું છું એક વાર તો તું બોલ
સાહેબ હું કમભાગી છું મુજ ભાગ્યની બારી ખોલ. ૩
ચંદન શીતળતા આપે છે ચંદન ગરમી કાપે
તું સાહેબ કરમ કાપે છે તું જ પરમ ગતિ આપે. ૪
અક્ષય સુખ આત્મામાં વસે છે એ મુજને દેખાડો
દેવર્ધિના અક્ષર વાંચી દિલનાં દ્વાર ઉઘાડો. ૫

**(શ્લોક + મંત્ર)**

## ૪. પુષ્પ માળા પૂજા

**(દુહા)**

મોક્ષમાં કેવળજ્ઞાનનો, અનંત છે વિસ્તાર
લોકાલોકને સિદ્ધજી, જાણે આરપાર. ૧
પ્રભુ કંઠે આરોપું છું, ફૂલનો મોટો હાર
મુજને આ સાહેબજી, કરશે ભવજલ પાર. ૨
આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા નમો સિદ્ધ ભગવાન. ૩

**(સેવો ભવિયા વિમલ જિનેશ્વર)**

મઘમઘતા સુંદર ફૂલોની, પહેરાવું તને માળા રે
તારા સંગે થાય જીવનમાં, સદ્ગુણના સરવાળા રે... ૧
તારી સુંદરતાને વધારે, આ ફૂલડા સૌભાગી રે
તારા રાગી જેહ થાય તે, અંતે બને વીતરાગી રે... ૨
તારા કંઠે આરોપું છું, ફૂલનો હાર મનોહારી રે
કર્મની સામે યુદ્ધમાં દેજે, વિજયમાળ સુખકારી રે... ૩

વીરજીએ છદ્મસ્થકાળમાં, સપને બે માળા ભાળી રે
સાધુ શ્રાવક એ બે ધર્મની, કરી આગાહી નિરાળી રે... ૪
જેહ કંઠથી વાણી પ્રગટી, એ કંઠે ધરું માળા રે
દેવર્ધિદાયક સાહેબજી, ફેલાવે અજવાળા રે... ૫

(શ્લોક + મંત્ર)

## ૫. દીપ પૂજા

(દુહા)

કેવલ દર્શનથી જુએ, સકલ જગત્ સાક્ષાત
નિદ્રાવિરહિત ચેતના, નિરખે એકએક વાત. ૧
દીપક હું પ્રગટાવું છું, સોનેરી અજવાસ
તમને જોઈ જાગતો, જ્યોતિ સમ ઉલ્લાસ. ૨
આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા નમો સિદ્ધ ભગવાન. ૩

(મોરપિચ્છની રજાઈ ઓઢી)

તે મુજને સઘળું આપ્યું છે તુજને હું શું આપું ?
દીવડે તારી જ્યોતિ સ્થાપું

કોડિયે થોડુંક ઘી દેખાય, વાટમાં સાદું કપાસ
તોય અહો દીવડો પ્રગટાવે, સોના જેવો ઉજાસ
ઉત્તમતાને આગળ રાખું, નિર્બળતાને કાપું, તે મુજને. ૧

મનમાં જાગે તારી રટણા, તું ચિંતનમાં મનનમાં
યાદ કરું તારા ઉપકારો, તુજને જોઉં સ્વપનમાં
તૂંહી તૂંહી તૂંહી એવો, દીપક રાગ આલાપું, તે મુજને. ૨

સૂરજમાંથી સૂર્ય ન પ્રગટે, સૂર્ય છે એકલો એક
દીવામાંથી દીવડા હજારો, પ્રગટે છે સુવિવેક
અદ્ભુત છે દેવર્ધિ છે તારી, એને હું શું માપું ? તે મુજને. ૩

(શ્લોક + મંત્ર)

## ૬. ધૂપ પૂજા

**(દુહા)**

દેહ વિનાનો આતમા, વર્તે નિજ આનંદ
વેદનીયના નાશથી, તૃપ્તિ અતુલ અમંદ. ૧

શુદ્ધ દ્રવ્યના ધૂપથી, ધૂમ્રસેર ફેલાય
જાણે એની લહેરમાં, ખુશી ખુશી રેલાય. ૨

આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા નમો સિદ્ધ ભગવાન. ૩

**(ઢાળ)**

**(મેડી રે બંધાવી દઉં)**

અજબ તારું રૂપ છે, ગજબ તારું રૂપ છે
મદમસ્ત ધુમાડો છે, મોંઘેરા ધૂપ છે

હવામાં છે તારી ખુશ્બૂ, કણકણમાં એક તું મહેકે
શ્વાસોમાં ઊર્જા ભરે તું, મનના મોરલિયા ગહેકે
વાતાવરણને ભરી દઈ, ધૂપ કેમ ચૂપ છે
મદમસ્ત ધુમાડો છે, મોંઘેરા ધૂપ છે. ૧

ખુદના સૌ કર્મ જલાવી, તું સૌને આપે ઉજાસ
એમ ધૂપ ખુદને જલાવી, સૌને આપે છે સુવાસ
તુલના નથી કોઈ સાથે, પ્રભુ તું અનૂપ છે
મદમસ્ત ધુમાડો છે, મોંઘેરા ધૂપ છે. ૨

તુજને અડકીને ધુમાડો, મારી પાસે આવે પાછો
ત્યારે તારી દેવર્ધિનો, પામું હું અનુભવ આછો
ઉપર જે ધૂમ્ર ઊઠે એ, જાણે કોઈ સ્તૂપ છે
મદમસ્ત ધુમાડો છે, મોંઘેરા ધૂપ છે. ૩

**(શ્લોક + મંત્ર)**

## ૭. ફૂલ પૂજા

(દુહા)

રાગદ્વેષનો અભાવ છે, સ્વભાવ છે અકષાય
મોહનીયનો નાશ તે, સાચું સુખ કહેવાય. ૧
ફૂલ ચડાવું ભાવથી, લાગે પ્રભુ અભિરામ
ભક્તિ કરી રાજી થવું, એ છે મારું કામ. ૨
આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા નમો સિદ્ધ ભગવાન. ૩

(ઢાળ)

(વૈષ્ણવ જન)

કલ્પવૃક્ષનાં ફૂલથી તુજને પૂજે દેવ અમૂલજી
હું પણ તુજને રોજ ચડાવું એક મજાનું ફૂલજી. ૧
માટીમાં સૌંદર્ય મળે ના જળમાં સુગંધ ન આવેજી
ફૂલ શી રીતે એમાંથી રૂપ સુગંધ ખેંચી લાવેજી. ૨
જે ઉત્તમતા સિદ્ધ કરે તે પ્રભુનો ખોળો લહે છેજી
નાના નાના ફૂલ આ કેટલી મોટી વાત કહે છેજી. ૩
જીવનમાં ચાલ્યા જ કરે છે સુખદુઃખની ઘટમાળજી
તું સથવારો બનીને લેજે મુજ મનની સંભાળજી. ૪
ભક્તજનોની સઘળી ચિંતા તું ચૂરે છે સાહેબજી
દેવર્ધિના કણકણમાં તું પ્રાણ પૂરે છે સાહેબજી. ૫

(શ્લોક + મંત્ર)

## ૮. અષ્ટ મંગલ પૂજા

(દુહા)

મરણ ન આવે મોક્ષમાં, શાશ્વત પુણ્ય નિવાસ
આનંદઘન ચૈતન્ય છે, અનહદ રસ ઉલ્લાસ. ૧
તારા આ દરબારમાં, વિરચું મંગલ આઠ
ધન્ય ધન્ય ભગવંત તે, તોડી કરમની ગાંઠ. ૨

આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા નમો સિદ્ધ ભગવાન. ૩

**(દર્શન દેજો નાથ)**

અષ્ટ સુમંગલ, અષ્ટ સુમંગલ
આલેખું છું તારી સામે અષ્ટ સુમંગલ.

આઠ કર્મના બંધન મારા સાહેબ તોડી દોને
આઠ પ્રવચનમાતા સાથે મુજને જોડી દોને
ભટકાવે ભવોભવ, સંસારનું જંગલ
આલેખું છું તારી સામે અષ્ટ સુમંગલ. ૧

આઠ પરમ સુખ તારી સાથે શાશ્વત રૂપે રહેતા
થાકી ગયો છું હું સંસારે દુખડા સહેતા સહેતા
ક્યારે હું જીતીશ, આ મોહતણું દંગલ
આલેખું છું તારી સામે અષ્ટ સુમંગલ. ૨

તારાં નામે શુકન થાય તારાં નામે લાભ
તારા પ્રભાવે વાદળ વિખરે ઉઘડી આવે આભ
તું છે મહામંગલ, દેવર્ધિ અવિચલ
આલેખું છું તારી સામે અષ્ટ સુમંગલ. ૩

**(શ્લોક + મંત્ર)**

## ૯. અક્ષત પૂજા

**(દુહા)**

રૂપ નથી રચના નથી, અસીમ છે અવકાશ
શૂન્યભાવ પરિપૂર્ણ છે, પરમતેજ અવિનાશ. ૧

ચોખા ફરીથી ના ઉગે, એ વિશેષ કહેવાય
એવું અંતિમ મરણ દો, ફરી મરણ ના થાય. ૨

આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા નમો સિદ્ધ ભગવાન. ૩

(ઢાળ)

મારી અરજી તું સાંભળજે મોક્ષમહેલમાં મુજને મળજે
મુજ આત્મા આ ધોળા ચોખા જેવી ઉજ્જ્વળતા ધરશે
સ્પર્શ હશે નહીં તોય અગોચર સમીપતા ધારણ કરશે
હું આવીશ નદી બનીને તું દરિયો થઈ ભળજે
મારી અરજી તું સાંભળજે. ૧

અક્ષતમાંથી કાંઈ ન ઉગે એવું જ મારું પણ બનશે
સાદિ અનંત અવસ્થાવાળું ધન્ય ધન્ય સગપણ બનશે
હું આવીશ અરીસો થઈ તું સૂરજ થઈ ઝળહળજે
મારી અરજી તું સાંભળજે. ૨

મારે માંગવાનું નહીં રહેશે તારે દેવાનું નહીં રહેશે
એક અખંડ છલકતી ધારા અવિરત આકંઠ વહેશે
દેવર્ધિના કણકણ પર તું રોશની રૂપે ઢળજે
મારી અરજી તું સાંભળજે. ૩

(શ્લોક + મંત્ર)

## ૧૦. દર્પણ પૂજા

(દુહા)

એકસમાન બધા રહે, ના કોઈ ભેદભાવ
ગોત્રકર્મના નાશથી, મટી ગયા અલગાવ. ૧
હૈયે તું આવી વસે, એમ ઇચ્છું દિનરાત
દર્પણ જેવી સ્વચ્છતા, મુજને દો જગનાથ. ૨
આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા, નમો સિદ્ધ ભગવાન. ૩

(કર મન ભજનનો વ્યાપાર)

દરપણ હૃદયની કરે વાત
એણે ધરી ચાંદી જેવી ભાત દરપણ હૃદયની કરે વાત...
કેવળજ્ઞાને તું મને ભાળે છે ભૂત ભાવિ વર્તમાન જી

હું તો બસ પડછાયો ઝીલું મને નડે મારું અજ્ઞાન
દરપણ હૃદયની કરે વાત. ૧
પ્રભુ સામે પ્રભુનો થાઉં છું એનો છે ઘણો સંતોષ જી
સંસારી સામે સંસારી થાઉં હું એનો ઘણો રહે રે અફસોસ
દરપણ હૃદયની કરે વાત. ૨
કેવલજ્ઞાને તને હું જોઈ શકું એવો તું કર ચમત્કાર જી
આંખડી તો અધૂરું જ જુએ વરસાવ દેવર્ધિ ધોધમાર
દરપણ હૃદયની કરે વાત. ૩

**(શ્લોક + મંત્ર)**

## ૧૧. નૈવેદ્ય પૂજા

**(દુહા)**

શક્તિ અનંત ભદંત છે, ઉર્જા અગમ અપાર
અંતરાયનો નાશ છે, આત્મ તત્ત્વ જયકાર. ૧
ભોગની ભૂખ મટે નહીં, એ છે મારો દોષ
આ નૈવેદ સ્વીકારીને, દ્યો મને આત્મસંતોષ. ૨
આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા, નમો સિદ્ધ ભગવાન. ૩

**(હસ્તાક્ષર)**

મોઢું મીઠું કરી દે એને, દુનિયા કહે મીઠાઈ
તું તો જીવન મધુર બનાવે, તું છે સાચો સાંઈ...
અન્ન અને પાણી હું પામું, એ છે તારો પ્રભાવ
અન્નપાણીમાં રાગ ન જાગે, એવો દેજે સ્વભાવ
ઘડતર એવું કર મારું કે, સાધના થાય સવાઈ
તું તો જીવન મધુર બનાવે, તું છે સાચો સાંઈ. ૧
હું જે માંગુ તે તું આપે, એ છે તારી રહેમ
હું માંગુ નહીં તોય તું આપે, એ છે તારો પ્રેમ
કૃપાવંત રહેજે મારા પર, તું સાહેબ સુખદાઈ
તું તો જીવન મધુર બનાવે, તું છે સાચો સાંઈ. ૨

ઓછા દામમાં મોંઘી વસ્તુ, કોઈ ન આપે સુજાણ
એક નૈવેદ્યની સામે તું તો, આપી દે છે નિર્વાણ
તારી દેવર્ધિમય કરુણા જગમાં બધે ફેલાઈ
તું તો જીવન મધુર બનાવે, તું છે સાચો સાંઈ. ૩

**(શ્લોક + મંત્ર)**

## ૧૨. ધ્વજા પૂજા

**(દુહા)**

અંતિમ ગુણ ઠાણે થયો, દેહભાવનો ભંગ
સિદ્ધશિલામાં જાગતો, નિત નિત આતમ રંગ. ૧
ચૌદ રાજમાં સિદ્ધનું, જેમ સર્વોપરી સ્થાન
તેમ ચૈત્યે સર્વોપરી, ધ્વજા બિરાજે મહાન. ૨
આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા, નમો સિદ્ધ ભગવાન. ૩

**(આજ ગગનથી ચંદન ઢોળાય રે...)**

ધ્વજા આસમાને ઉંચી લહેરાય રે પ્રભુજી તારા જયકારા જગમાં ગવાય
ધ્વજા નીરખીને આનંદ છલકાય રે પ્રભુજી તારા જયકારા જગમાં ગવાય
ધ્વજા જાણે વરસાવે અમરતની ધારા, આકાશે ચાંદ સૂરજ મલકે સિતારા
હૈયે હેલી હરખની ઉભરાય રે, પરમ પિતા પ્રસન્ન પ્રસન્ન દેખાય
ધ્વજા આસમાને - ૧

મીઠો મીઠો સાદ વાગે ઢોલક શરણાઈ, દેવી અને દેવ આપે મંગલ બધાઈ
ધ્વજા રૂમઝુમ તારા ગીત ગાય રે, મોટા મોટા ઉત્સવ ધ્વજાના મંડાય
ધ્વજા આસમાને - ૨

લાલ ધવલ રંગ કેવા શુકનવંત સોહતા, સિદ્ધ અને અરિહંત સૌના મન મોહતા
સંઘ રાજીરાજી ખૂબ જ હરખાય રે, દાદા તારી દેવર્ધિ દીપે સદાય
ધ્વજા આસમાને - ૩

**(શ્લોક + મંત્ર)**

## ૧૩. ફળ પૂજા

(દુહા)

ચારગતિના જીવડા, પામે છે અભયદાન
વિરાધના વિરહિત દશા, એ છે મોક્ષ મહાન. ૧
તુજને જોઈને થયો, આ અવતાર સફળ
ફલ હું સમર્પુ છું તને, માંગુ છું આત્મ બળ. ૨
આઠ કર્મ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા, નમો સિદ્ધ ભગવાન. ૩

(ઢાળ)
(મહેર કરો)

સાહેબજી શિરતાજ રે મને મોક્ષ સુખ આપો
શક્તિ પ્રમાણે ભક્તિ કરું છું, રાખો પ્રભુ મોરી લાજ રે મને
હું મધદરિયે અટવાયો છું,મોકલો કોઈ જહાજ રે મને. ૧
વનમાં ફળ ભરપૂર ખીલ્યા રે પણ જીવન નિષ્ફળ રે મને
મોહ ન જીત્યો મમતા ન જીતી, હું છું પરમ નિર્બળ રે મને. ૨
ક્રોધ કરું છું માન ધરું છું, માયા લોભ અપાર રે મને
રોજ રોજ મારી કથની કહું છું, કરશો ક્યારે ઉદ્ધાર રે મને. ૩
નાનું છે નામ મુજ કામ છે નાનું, ભટકું છું ગામોગામ રે મને
ક્યારે પ્રવેશ થશે પ્રભુ મારો, સિદ્ધશિલાનાં ધામ રે મને. ૪
ફળની પૂજા બળ આપે છે, ફળથી મંગળ થાય રે મને
દેવર્ધિના અક્ષરે અક્ષરે, ભક્તિરસ છલકાય રે મને. ૫

(શ્લોક + મંત્ર)

## ૧૪. ચામર પૂજા

લેશ્યા પરમ વિશુદ્ધ છે, અશુભ નથી કોઈ ભાવ
અપ્રતિપાતી આનંદ છે, હારે ના કોઈ દાવ. ૧
ઉજળા ચામર ઢાળતાં, જાગે હર્ષ અપાર
તું જગનાયક સાહિબો, તું છે જગદાધાર. ૨

આઠ કરમ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાત્મા, નમો સિદ્ધ ભગવાન. ૩

(ઢાળ)

હાથમાં ચામર સરસ ઝૂલે છે નૃત્યથી હૃદયનાં દ્વાર ખૂલે છે
રોમ રોમ રમે તારો રંગ સાહેબ તું મનહર છે. ૧

દીપે દીવડામાં નાથ, ફોરે ફૂલડામાં નાથ
બોલે વાંસળીયે નાથ, મહોરે મનડામાં નાથ. હાથમાં ચામર. ૨

પુણ્ય આપે છે નાથ, પાપ કાપે છે નાથ
દુઃખ કાપે છે નાથ, સુખ આપે છે નાથ. હાથમાં ચામર. ૩

એક ઇચ્છા છે કે તને મળવું છે નાથ
તારી દેવર્ધિથી, તુજમાં ભળવું છે નાથ. હાથમાં ચામર. ૪

(શ્લોક + મંત્ર)

## ૧૫. વાજિંત્ર પૂજા

સુખનું સાચું રૂપ છે, સાચો અવિચલધર્મ
બંધ ઉદય સત્તા રૂપ કોઈ જ છે નહીં કર્મ. ૧

શુભ વાજિંત્ર વગાડીને, મનમાં ધરું ઉલ્લાસ
તે સુખ આપ્યાં છે મને, તું જ ચલાવે શ્વાસ. ૨

આઠ કરમ દૂરે કરી, પામ્યા શાશ્વત સ્થાન
પરમેશ્વર પરમાતમા, નમો સિદ્ધ ભગવાન. ૩

(ઢાળ)
(હરિગીત)

ટન ટનન ટન ટન વાગે ઘંટા દિવ્ય નાદ ગગન ભરે
ઢમ ઢમ ઢઢમ ઢમ ઢમ નગારા ભૂમિને મુખરિત કરે
ઠન ઠન ઠનન ઠન ઠન ઠનન ઠન થાળી ડંકા વાગતા
ભગવાન તુજ દરબારમાં વાજિંત્રના સ્વર જાગતા. ૧

ઢુમઢુમ ઢપાક ઢુમઢુમ ઢપાક ઢોલક થપાટ છે ચાલમાં
ધિનધિન ધા ધિન ધિનધિન ધા ધિન તબલા બજે છે તાલમાં

છમછમ છછમ છમછમ છછમ ઘુંઘરું તરંગિત લાગતા
ભગવાન તુજ દરબારમાં વાજિંત્રના સ્વર જાગતા. ૨
ખળખળ ચપળ જળ વિમળ ઉછળત ગર્ભગૃહ ગુંજન કરે
ઘર ઘરર ઘર ઘર ઘરર ઘર સ્વર ઓરસિયે ચંદન કરે
ટિંગટિંગ ટિટિંગ ટિંગટિંગ ટિટિંગ ઘંટી સુણી દુઃખ ભાગતા
ભગવાન તુજ દરબારમાં વાજિંત્રના સ્વર જાગતા. ૩
હું જે ન સંભળાવી શકું તે વાદ્ય આ સંભળાવે છે
હું જે ન સમજાવી શકું તે વાદ્ય આ સમજાવે છે
સ્વર અક્ષરો સૂર સાજ સૌ દેવર્ધિ તારી માંગતા
ભગવાન તુજ દરબારમાં વાજિંત્રના સ્વર જાગતા. ૪

**કળશ**

**(વૈષ્ણવ જન તો તેને કહીએ)**

એક દિવસ તો મોક્ષ મને પણ મળશે મળશે મળશે રે
મારો મંગલકારી મનોરથ ફળશે ફળશે ફળશે રે. ૧
જુગજૂની હિમશિલા જેવા પાપના પડલ પીગળશે રે
કરમ કઠિનતા કાચી પડશે કામના દૂરે ટળશે રે. ૨
ચિદાનંદની અભિલાષાથી રોમરોમ ખળભળશે રે
અંતર્મનના અશુભ ભાવ સૌ ભડ ભડ ભડકે બળશે રે. ૩
દીવાદાંડીને નિરખી દુર્ગમ દરિયાવાટ ઉકલશે રે
ઉછળતાં મોજાઓમાં પણ સાચો માર્ગ નીકળશે રે. ૪
પરમેશ્વરજી આતમજીની અરજીને સાંભળશે રે
અણુઅણુમાંથી દેવર્ધિનાં ઉજળાં તેજ ઉછળશે રે. ૫

# ૭. શ્રી સિદ્ધ અષ્ટપદી

### (શ્રી સિદ્ધના આઠ સુખનાં ગીત)

## ૧. ભૂમિકા

શ્રી સિદ્ધશિલાનાં આંગણિયે એક તીર્થંકરનો જીવ આવે
એ નિગોદના એક આતમને અંધારાથી ઉપર લાવે...

હવે દેહ વિનાનું જીવન છે ઇંદ્રિય નથી સંવેદન છે
આનંદનું અવિચલ સ્પંદન છે આત્માનું અનાહત ચેતન છે
એ સ્થિર રહે એ શાંત રહે પલપલ છે પાવન શુભ ભાવે
શ્રી સિદ્ધશિલાનાં આંગણિયે એક તીર્થંકરનો જીવ આવે. ૧

એનાં કારણે મોક્ષ ઘણા પામ્યા એનાં કારણે મોક્ષ ઘણા લહેશે
નિર્લેપ રહી એ દુનિયાના એક એક અણુને જોતા રહેશે
દેવર્ધિનું કાંઈ ગજું નથી કે એનાં સુખને સમજાવે
શ્રી સિદ્ધશિલાનાં આંગણિયે એક તીર્થંકરનો જીવ આવે ૨

## (૨) અનંત જ્ઞાન

### (હે ત્રિશલાના જાયા)

તું છે કેવલજ્ઞાની, તું છે કરુણાસાગર
મુઝ અજ્ઞાનને ટાળ હો પ્રભુજી દયા કર તું દયા કર
તું છે કેવલજ્ઞાની, તું છે કરુણાસાગર...

એક એક જીવના એક એક ભવની એક એક ક્ષણ તું જાણે
દુનિયાના સઘળાય સાધકો તારી આ શક્તિ વખાણે
જાણે છે તું એક એક ભાષા જાણે એક એક અક્ષર
તું છે કેવલજ્ઞાની, તું છે કરુણાસાગર. ૧

તારાથી નથી કાંઈ અજાણ્યું તું સહુને પહેચાને
અનંતતાની અવધિ આવે તારા અદ્ભુત જ્ઞાને
ઉજળી ઉજળી બોધ અવસ્થા જાણે કે મીઠી સાકર
તું છે કેવલજ્ઞાની, તું છે કરુણાસાગર. ૨

મારા દોષ બધા તું જાણે તોય ન થાય નારાજ
એટલે તો રોજે આવીને વંદું તને શિરતાજ
પ્રગટાવી દે સાહેબ મુજમાં દેવર્ધિ અજરામર
તું છે કેવલજ્ઞાની, તું છે કરુણાસાગર. ૩

## ૨. અનંત દર્શન

**(મૈત્રીભાવનું)**

તારી પાસ છે કેવલ દર્શન મારી પાસે પ્રતિમા દર્શન
પલ પલ તું મુજને નિરખે છે હું પણ યાદ કરું ક્ષણ ક્ષણ. ૧
કાચના પાત્રમાં ભરેલ પાણી આરપાર દેખાય છે જેમ
દુનિયાના સઘળાય દ્રવ્ય તને સાફ સાફ દેખાય છે તેમ. ૨
દૂર દૂર સૂરજ છે તો પણ અજવાળું ધરતીને મળે
સિદ્ધશિલામાં વસે છે તું પણ નિરખે જગતને આત્મબળે. ૩
ભૂતકાળ સંપૂરણ નિરખે ભાવિ પણ પૂરું ભાળે
વર્તમાન આખો અવલોકે તેજ ત્રિલોકને અજવાળે. ૪
નિદ્રા વિરહિત પરમાનંદી તુજ દૃષ્ટિ છે અનંત અપાર
સમ્યગ્દર્શન આપી મુજને દેવર્ધિ પ્રગટાવો ઉદાર. ૫

## ૩. અનંત સુખ

**(હેલે ચડ્યા)**

આનંદ રૂપ પ્રભુ આનંદ રૂપ પ્રભુ
આનંદ રૂપ પ્રભુ આનંદ રૂપ પ્રભુ આનંદ રૂપ
તું છે પ્રસન્ન પ્રભુ ફૂલ જેવો સુંદર
છલકાય તારામાં હર્ષનો સમંદર
તું છે ચિદાનંદ રૂપ પ્રભુ. આનંદ રૂપ પ્રભુ. ૧
પહેલાં હોય ચડતી ને પછી આવે પડતી
એવી પરિસ્થિતિ તને નથી નડતી
તું છે સદાનંદ રૂપ પ્રભુ. આનંદ રૂપ પ્રભુ. ૨
દેહ નથી તારે તેથી ભોગ નથી તારે
ક્યારેય કોઈ પણ રોગ નથી તારે
તું છે નિજાનંદ રૂપ પ્રભુ. આનંદ રૂપ પ્રભુ. ૩

અનહદ આનંદ છે અઢળક આનંદ છે
સાચો આનંદ છે સાત્ત્વિક આનંદ છે
દેવર્ધિ પરમાનંદ રૂપ પ્રભુ. આનંદ રૂપ પ્રભુ. ૪

## ૪. અનંત શુદ્ધિ

**(જય જય ભોલા)**

જય જય જય જિનરાજ તું મોટો વીતરાગી
કોઈ નથી રોષ, તું મોટો વીતરાગી, ટાળી દીધા દોષ, તું મોટો વીતરાગી. ૧
નથી અહંકાર, તું મોટો વીતરાગી, વંદુ વારંવાર, તું મોટો વીતરાગી. ૨
માયા નહીં તારે, તું મોટો વીતરાગી, જગતને ઉગારે, તું મોટો વીતરાગી. ૩
લોભ નહીં જાગે, તું મોટો વીતરાગી, કદી કાંઈ ન માંગે, તું મોટો વીતરાગી. ૪
ન કરે મજાક, તું મોટો વીતરાગી, ઉતારી દે થાક, તું મોટો વીતરાગી. ૫
રાગ નહીં આવે, તું મોટો વીતરાગી, દ્વેષ ના સતાવે, તું મોટો વીતરાગી. ૬
ન ડરે ન રડે, તું મોટો વીતરાગી, નહીં નીચે પડે તું મોટો વીતરાગી. ૭
કામ ભાવ મર્યો, તું મોટો વીતરાગી, ભવસાગર તર્યો, તું મોટો વીતરાગી. ૮
કષાય લે વિદાય, તું મોટો વીતરાગી, નોકષાય ન દેખાય, તું મોટો વીતરાગી. ૯
દેવર્ધિ પૂજે પાય, તું મોટો વીતરાગી, યોગીઓ ગુણ ગાય, તું મોટો વીતરાગી. ૧૦

## ૫. અનંત અવસ્થા

**(સોનામાં સુગંધ)**

મરણ ન આવે તુજને સાહેબ પરમ અક્ષર તું પ્રભુ
અજર તું અમર તું પ્રભુ. ૧

શ્વાસ વિના જીવન ચાલે છે, આહાર વિના આરામ
પાણી વિના પણ તૃપ્તિ બને છે, આત્મ નિર્ભર તું પ્રભુ
અજર તું અમર તું પ્રભુ. ૨

ભૂખ ન લાગે, તરસ ન લાગે, આવે ન ક્યારેય રોગ
થાક નથી કે નથી દોડધામ, અવિનશ્વર તું પ્રભુ
અજર તું અમર તું પ્રભુ. ૩

કાન નહીં કે, નયન નહીં પણ, સાંભળે નિરખે બધું
દેવર્ધિનાં વચનમાં ગુંજે એવો સ્વર તું પ્રભુ
અજર તું અમર તું પ્રભુ. ૪

## ૬. અનંત વિશુદ્ધિ

**(નંદ ઘેર આનંદ)**

તું જ સાચો સાથ છે તું અનામી નાથ છે
રૂપ નહીં રંગ નહીં દેહનો આકાર નહીં
શ્વાસ કે ઉચ્છ્વાસ નહીં, કોઈનો આધાર નહીં
તું જ સાચો સાથ છે તું અનામી નાથ છે. ૧
પુણ્ય નહીં પાપ નહીં કર્મનો પ્રકાર નહીં
ચોખ્ખા હિસાબ થયા જમા કે ઉધાર નહીં
તું જ સાચો સાથ છે તું અનામી નાથ છે. ૨
ફૂલમાં સુવાસ છે સુવાસનો ભાર નહીં
દેવર્ધિ ચારેકોર તેજનો તો પાર નહીં
તું જ સાચો સાથ છે તું અનામી નાથ છે. ૩

## ૭. અનંત સમરૂપતા

**(ઘુમર)**

ઓ મુજને મોક્ષ મહેલ મનહર લાગે રે રાજ
મોક્ષ મહેલ મારે જોવો છે ઓ મંગલ મોક્ષ મહેલ મારે જોવો છે
ઓ કોઈ ઊચું કે નીચું નથી મોક્ષમાં રે મોક્ષ મહેલ મારે જોવો છે
ઓ કોઈ મોટું કે નાનું નથી મોક્ષમાં રે મોક્ષ મહેલ મારે જોવો છે
ઓ કોઈ રાજા કે પ્રજા નથી મોક્ષમાં રે મોક્ષ મહેલ મારે જોવો છે
ઓ કોઈ શેઠ કે નોકર નથી મોક્ષમાં રે મોક્ષ મહેલ મારે જોવો છે
ઓ કોઈ બાપ કે બેટો નથી મોક્ષમાં રે મોક્ષ મહેલ મારે જોવો છે
ઓ કોઈ ગુરુ કે ચેલો નથી મોક્ષમાં રે મોક્ષ મહેલ મારે જોવો છે
ઓ ત્યાં તો સમતા સમાનતા દીપે ઘણી રે મોક્ષ મહેલ મારે જોવો છે
ઓ ભાવે દેવર્ધિ ગાવે ઘુમર આંકણી રે મોક્ષ મહેલ મારે જોવો છે

## ૮. અનંત શક્તિ

**(કોણ ઝૂલાવે પીપળી)**

સાહેબો તું છે વાહલો, સાહેબો કામણગારો
સાહેબો તારણહારો, મારો સાહેબો મોહનગારો

એકધારું સુખ મળે છે સાહેબ, નથી કોઈ અંતરાય
આનંદ આનંદ રસરેલી છે સાત સાગર ઉભરાય
વિરાધના કોઈ ન થાય વાસના જાગે ન ક્યાંય
સાહેબો તું છે વાહલો. ૧

આતમાની નિર્બન્ધ અવસ્થા ઉર્જા છે ધોધમાર
નડતર ક્યાંયથી કોઈ ન આવે શક્તિ છે અપરંપાર
રૂપ તારું છે નિરાકાર સિદ્ધશિલા ભવ્ય ઉદાર
સાહેબો તું છે વાહલો. ૨

જનમ નહીં મરણ નહીં નહીં કોઈ ભટકાવ
એક જ સ્થાને એક જ ધ્યાને રહે તું શાંત સ્વભાવ
તારાં નામે તરે છે નાવ દેવર્ધિને સંગે બોલાવ
સાહેબો તું છે વાહલો. ૩

## (૮) શ્રી ધર્મચક્રની પૂજા

### (મંગલાચરણ)

સમવસરણમાં રાચતા, ચૌમુખજી ભગવાન,
ધર્મદેશના આપતા, સાહેબ કૃપાનિધાન. ૧
તીર્થંકર નામકર્મનો, પ્રબલ રસોદય થાય,
સંઘ ચતુર્વિધ સાંભળે, દેવદેવી સમુદાય. ૨
સમવસરણના ચાર દ્વાર ધર્મચક્ર સોહે,
આરા એક હજાર છે, પંચરત્ન મોહે. ૩
બે બાજુ સુંદર હરણ, બેઠા છે ઉલ્લાસ,
મંત્ર તંત્ર અને યંત્રનો, અનુપમ છે અજવાસ. ૪
સાત ભયોને ટાળે છે, સમરંગ સમુદાર,
એક કરોડ સૂરજ તણો, દીસે તેજ વિસ્તાર. ૫
સકલ સંપદા પામીએ, ધર્મચક્ર તપ નામ,
આપત્તિ સઘળી ટળે, ચમત્કાર ઉદ્દામ. ૬
કાઉસગ્ગ બાર લોગસ્સનો, સ્વસ્તિક રચીએ બાર,
ખમાસમણ પણ બાર છે, તપ સાધના પ્રકાર. ૭
ધર્મચક્રી અરિહંતની, માળા વીસ ગણાય,
રથયાત્રા આડંબરે, તપનું સમાપન થાય. ૮
અર્હત્ પદ આરાધના, આદરીએ આનંદ,
સાત્ત્વિકભાવે સાધતા, ટાળે સઘળા દંદ. ૯
પરમાતમ પદ પામવા, તપ આદરીએ ખાસ,
કર્મ તણાં બંધન ટળે, અધ્યાતમ સુવિલાસ. ૧૦

### ૧. પુષ્પપૂજા

તીર્થંકરના પુણ્યનો, આડંબર સુવિશાલ,
ધર્મચક્ર આકાશમાં, ચાલે ઝાકઝમાલ.

**(પ્રભુ પાસનું મુખડું જોવા)**

તીર્થંકર કરે વિહાર, કરવા જગનો ઉદ્ધાર,
તપ તેજ અપૂરવ સોહે, દેવ દાનવ માનવ મોહે. ૧

ચોત્રીશ અતિશય ધારી, પ્રભુ વિચરે મુક્તવિહારી,
સોનાનાં કમલ પર ચાલે, સંકટ સહુ કોઈ ટાળે. ૨
પ્રભુની આગળ આકાશે, શ્રી ધર્મચક્ર ઉલ્લાસે,
સૂરજ સમ ઝળહળ થાય, દુખદોહગ દૂર પલાય. ૩
વ્યંતર સુર રચના કરતા, પાંચ રત્ન સાત રંગ ભરતા,
એક કરોડ સૂર્યનો તાપ, ઉર્જામંડલ છે અમાપ. ૪
અરિ વિજય કરવા કાજે, મહાચક્ર સુદર્શન છાજે,
ભવભ્રમણ નિવારણકારી, શ્રી ધર્મચક્ર દુઃખહારી. ૫

**મંત્ર**

ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीधर्मचक्रसमधिष्ठिताय श्रीमते जिनेन्द्राय पुष्पाणि यजामहे स्वाहा ।

## ૨. ફળપૂજા

**(દુહો)**

કલ્પવૃક્ષનાં ફળ ધરી, પૂજો શ્રી ભગવાન્,
ઉત્તમ રાગે કીજીયે, મંગલ પૂજાગાન.

**(સકલતીરથ વંદું)**

તપ કીજે મનને ઉલ્લાસ, તપથી હોવે કર્મવિનાશ,
નવપદમાં તપપદ ઉત્તમ, તપથી શુદ્ધ બને આતમ. ૧
ધર્મચક્ર તપ મહિમાવંત, આપે શિવપદ સાદિ અનંત,
ચાર પ્રકારે એ તપ થાય, પાતિક સઘળા દૂર પલાય. ૨
બ્યાશી દિનનો પ્રથમ પ્રકાર, તેતાલીસ ઉપવાસ ઉદાર,
અટ્ઠમથી છે આરંભ અંત, એકાંતર ઉપવાસ કરંત. ૩
એકસો બત્રીસ દિવસ વિચાર, ધર્મચક્રનો બીજો પ્રકાર,
ઓગણસાઠ થાય ઉપવાસ, ત્રણ અટ્ઠમ શુભલીલવિલાસ. ૪
છટ્ઠ કરી પ્રારંભ કરો, સાઠ વાસ એકાંતર ધરો,
એકસો ત્રેવીસ દિવસ વખાણ, તપનો તૃતીય પ્રકાર એ જાણ. ૫

સળંગ આંબેલ ચોવીસ થાય, ચોથો તેહ પ્રકાર ગણાય,
શ્રી અરિહંતતણા ગુણ બાર, તે અનુસારે કિરિયા સાર. ૬

## ૩. અક્ષતપૂજા

(દુહો)

જગપતિ મોક્ષગતિ વરે, સ્થિરતા અક્ષય થાય,
અખંડ અક્ષતથી રચો, સ્વસ્તિક શિવસુખદાય.

**(પ્રથમ એક પીઠિકા)**

પૂજીએ પૂજીએ જિનપતિ ભાવથી, વંદીએ વંદીએ જગતસ્વામી,
ગાઈએ ગાઈએ પ્રભુતણા ગુણ ઘણા, થાઈએ થાઈએ સુગતિગામી. ૧
પ્રબલ બલ આપતું પાપદલ કાપતું, થાપતું ધર્મમાં ધર્મચક્ર
પ્રવર મહિમા ઘણો તીર્થપતિ વીરનો, કલ્પસૂત્રે સરસ ગાય શક્ર. ૨
દુઃખ દારિદ્ર દુર્ભાગ્ય દૂરે ટળે, સુખ સંપત્તિ સૌભાગ્ય લહીએ
રોગ, પીડા, ઉપદ્રવ, વ્યથા નાશથી, અચલ આનંદ અવિરામ વહીએ. ૩
માંગવાનું ગમે તેહ છે દીનતા, માંગવું ના ગમે તેહ ભક્તિ,
આંખથી આંખ ભગવંતની જો મળે, તો હૃદયને મળે છે વિરક્તિ. ૪
દેવના દેવની સેવના સારીએ, વારીએ પાપના પુંજ ભારી,
પુણ્યની સંપદા ધારીએ તારીએ, જીવને મોહ મમતા નિવારી. ૫
ધાતકી ખંડમાં ભરતક્ષેત્રે હતી, શ્રીદત્તા બ્રાહ્મણી શંખપુરમાં,
આત્મહત્યા વિચારે પહોંચી વને, દુઃખના ભાર બહુ ધારી ઉરમાં. ૬
મળ્યા સુસ્થિત મુનિ, ધર્મ ઉપદેશ દઈ, ધર્મચક્ર તપસ્યા કરાવે,
તેહથી દુઃખ દારિદ્ર્ય દૂરે થયા, ધન્ય તે શ્રાવિકા વ્રત ધરાવે. ૭

## ૪. જલપૂજા

પંચામૃત કલશે ભરી, કરીએ જિન અભિષેક,
કર્મમલિનતા વારીને, પામો પરમ વિવેક

**(સોના રૂપા કે સોગઠે)**

બાલવયે પ્રભુ વીરજી, મેરૂ ગિરિવર આવ્યા,
પાંચ રૂપ ધારણ કરી, હરિ પ્રભુને લાવ્યા. ૧

ચોસઠ ઇન્દ્ર સાથે મળી, સામગ્રી રચાવે,
એક કરોડ ને સાઠ લાખ, વરકલશ સજાવે. ૨
ઇન્દ્ર વિચારે ચિત્તમાં, કેમ જલ વરસાવું ?
કાયા સુકોમલ નાથની, કેમ કષ્ટ અપાવું ? ૩
બાલવીરના અંગૂઠે, તવ મેરુ કંપે,
બલ ભગવંતનું જાણીને, હોય અભિષેક સંપે. ૪
તીર્થજલે પંચામૃતે, સાગરજલ સંગે,
પ્રભુનો કરે અભિષેક, સુરવૃંદ ઉમંગે. ૫
ઉજ્જવલતા ઉત્તમ જલે, શીતલતા લહીએ,
પ્રભુની જલપૂજા થકી, પાવનતા વહીએ. ૬
જંબૂદ્વીપ પૂર્વ વિદેહમાં, રાજા દમિતારી,
પ્રતિવાસુદેવ જે હતા, તેની રાજકુમારી. ૭
કનકશ્રીના રૂપમાં, તેહ બ્રાહ્મણી આવી,
સ્વયંપ્રભ જિન હાથથી, લહે દીક્ષા સુભાવી. ૮
પૂર્વભવે ધર્મચક્રની, જેહ સાધના થાય,
તેહના પુણ્યપ્રભાવથી, અંતે મોક્ષમાં જાય. ૯

## ૫. ચંદનપૂજા

ચંદનપૂજા પાંચમી, ભાવે કરો ઉલ્લાસ,
સુગંધ પ્રભુનાં નામની, ભરીએ શ્વાસેશ્વાસ.

**(સુણો ચંદાજી)**

પ્રભુ મહાવીરજી, અમ આતમને સુગંધ આપની આપજો,
અમ જીવનને પરમાતમપદવીના પંથે થાપજો,
અમે તનમનથી પાપો કરીએ, અમે વિષયવાસનામાં ઠરીએ,
તો કેમ કરીને ભવ તરીએ ? પ્રભુ૦ ૧
અમે સુખના તરસ્યા રાતદિવસ, અમે રહીએ હંમેશા આવેશવશ,
અમને કેવલ સંસારમાં રસ. પ્રભુ૦ ૨
તમે મોક્ષનગરના વાસી છો, તમે પરમાનંદ વિલાસી છો,
તમે અનંત સુખના રાશિ છો. પ્રભુ૦ ૩

અમ વિનતડીને અવધારો, પ્રભુ હાથ ગ્રહી અમને તારો,
દિયો ધર્મચક્રનો સથવારો. પ્રભુ૦ ૪
અમને તપ કરવાનું બલ દો, તપસાધક માનસ નિશ્ચલ દો,
પરમાતમપદવી અવિચલ દો. પ્રભુ૦ ૫

## ૬. દીપકપૂજા

અજ્ઞાની અમ જીવને, અજવાળું આપો
દીપકપૂજા ઝળહળે, બાળો અમ પાપો.

**(શાસ્ત્રીય રાગ)**

તારો મહિમા અપરંપાર
તારાં નામે સૂરજ લાવે, રોજે નવી સવાર,
તારી પૂજા તારી સ્તવના, પલપલ તુજ ઉચ્ચાર,
તારી ભક્તિ કરતાં કરતાં, હું થાઉં ભવપાર. ૧
તારો જાપ કરું છું દાદા, તું જગનો આધાર,
તારું કીર્તન કરતાં કરતાં, સફળ કરું અવતાર. ૨
તું છે મુજ શણગાર પ્રભુજી, તું છે મુજ સુવિચાર,
તું છે મારો ભાગ્યવિધાતા, તું છે સુખદાતાર. ૩
તું કરુણાસાગર છે સ્વામી, કૃપાવંત સમુદાર,
તું જો પકડે હાથ તો મારો, થઈ જાશે ઉદ્ધાર. ૪
તું સોનેરી કમલે ચાલે ધર્મચક્ર સહચાર,
દૂર કરી દે સાહેબ મારા, મનના વિષયવિકાર. ૫

## ૭. ધૂપપૂજા

સુગંધધારા નીકળે, ધૂપ થકી મનોહાર,
મહિમા છે જિનરાજનો, તીન ભુવન વિસ્તાર.

**(તપસ્યા કરતાં)**

પ્રભુની પૂજા કરતા હો કે, આનંદ અવિચલ પાયા હો,
દ્રવ્ય તપસ્યા ભાવ તપસ્યા, ધર્મકર્મ મન ભાયા હો,
વિધવિધ તપનું પાલન કરતાં, ડંકા જોર બજાયા. પ્રભુની. ૧

સ્વર્ગલોક ઔર માનવલોકે, સુખ સર્વોત્તમ દાયા હો,
સિદ્ધશિલા પર આતમ પહુંચે, કર્મ સકલ બિખરાયા. ૩
ધન્ય તપસ્વી ધન્ય તપસ્યા, કર્મનિર્જરા પાયા,
ધર્મચક્ર આરાધના કરતાં, આતમશુદ્ધિ કરાયા. પ્રભુની. ૩

## ૮. નૈવેદ્યપૂજા

સ્વાદરસિક અમ જીવને, પદ દેજો અણહાર,
અણહારી પદ પામવા, પદ દેજો અણગાર.

**(તીરથ પદ ધ્યાવો)**

પૂજો પૂજો ભાવ ધરીને તીર્થંકર ભગવાન રે,
ત્રણ ભુવનના દેવ-દેવીઓ, અહનિશ કરે ગુણગાન રે. પૂજો૦ ૧
પ્રભુચરણે મસ્તક રાખીને, ટાળો મદ અને માન રે,
પ્રભુના ઉપકારો અગણિત છે, ધરો પ્રભુનું ધ્યાન રે. પૂજો૦ ૨
પ્રભુની આગળ ફળ મૂકીને, માંગો પદ નિર્વાણ રે,
પ્રભુજીનાં ચરણોની પૂજા, આપે નવે નિધાન રે. પૂજો૦ ૩
પ્રભુની આજ્ઞા મસ્તક ધરીએ, પ્રભુની કૃપા ગુણખાણ રે,
પ્રભુનાં ગુણલા અનંત સોહે, સદા કરો સન્માન રે. પૂજો૦ ૪
તપાગચ્છપતિ રામચંદ્રસૂરિ, શિષ્ય વિવેકી સુજાણ રે,
પ્રશમરતિ મુનિરાયે ગાયા, ધર્મચક્રી ભગવાન રે. પૂજો૦ ૫

## ૯. શ્રી અઢાર અભિષેક ગીત

### (૧) સુવર્ણ જળ

(આજ આનંદ અંગ અંગ)

પ્રભુમૂર્તિને જળથી અભિષેક કરું
રૂડા અભિષેક જળમાં હું સોનું ભરું...
પ્રભુના પ્રભાવે, સુધરે છે જીવન
પ્રભુભક્તિ કરતાં, ધન્ય થાય તનમન
પ્રભુનો હાથ પકડી, હું મુક્તિ વરું, પ્રભુ૦ ૧
પ્રભુજી છે મંગલ, પ્રભુજી છે શીતલ
પ્રભુજી છે ઉજ્જ્વલ, પ્રભુજી છે નિર્મલ
પ્રભુ દેવર્ધિ દાયક છે, વંદન કરું, પ્રભુ૦ ૨

### (૨) પંચરત્ન

(હસ્તાક્ષર)

ખળખળ ખળખળ જળ આ નિર્મળ, વહે છે પ્રભુનાં અંગે
પંચરત્નનું ચૂર્ણ ભળ્યું છે, મંત્રોચ્ચારના સંગે – વહે છે પ્રભુના અંગે.
જળ છે ચંચલ, પ્રભુ છે નિશ્ચલ, કેવો છે સંયોગ ?
પ્રભુને ઔષધ હું અર્પું છું, પ્રભુ ટાળે મુજ રોગ
અનહદનાં અજવાળાં જાગે, દિન દિન ચડતે રંગે, પંચ૦ ૧
મંદિરની એક એક પ્રતિમા, પામે છે અભિષેક,
ભક્તિનાં સ્પંદન જાગે છે, ભાગે છે અવિવેક,
દાદાની દેવર્ધિ દેખું, ઉરના ઉચ્ચ ઉમંગે, પંચ૦ ૨

### (૩) કષાયચૂર્ણ

(બેડલે પાણી)

સુગંધિત પાણી હો સુગંધિત પાણી
કરે અભિષેક – ઇન્દ્ર ને ઇન્દ્રાણી...
જુએ પ્રભુને અનિમેષ આંખે, શુદ્ધ જળમાં કષાયચૂર્ણ નાંખે
દીપે મૂર્તિમાં તેજની સરવાણી, સુગંધિત૦ ૧

પ્રભુ નામે ખીલે છે વસંત, પ્રભુ આપે દેવર્ધિ અનંત
પુણ્ય પાવન છે પ્રભુજીની વાણી, સુગંધિત૦ ૨

### (૪) મંગલમૃત્તિકા

**(આજ ગગનથી ચંદન)**

પહેલા વરસાદે, માટી લે શ્વાસ રે
ભીની ભીની, માટી વેરે છે સુવાસ....
માટીમાંથી માનવી, મકાન પણ બનાવે
માટીમાંથી માનવીઓ, ધાન પણ ઉગાવે
માનવ લોકમાં, માટી છે ખાસ રે, ભીની૦ ૧
માટીમાં પાણી, હું રોજ ભેળવું છું.
પાણીમાં આજ, મંગલમાટી મેળવું છું.
માનવલોકમાં, માટી છે ખાસ રે, ભીની૦ ૨

### (૫) સદૌષધિમિશ્ર જળ

**(હરિગીત)**

પાણી ચડાવું હું તને, તું મારી તૃષ્ણાને હરે
જળધારા મૂર્તિ પર પડે ને, જીવડો મારો ઠરે.
ઉત્તમ સદૌષધિમિશ્રજળથી, હું તને નવરાવું છું
પાણી વહે તારી ઉપર ને, સ્વચ્છ હું ખુદ થાઉં છું. ૧
ભીનાશ તુજ કરુણાતણી, મુજને મળે એ ઝંખના
ધારા પરમ શુભ ધ્યાનની, મુજમાં વહે એ કામના
મુજ ઝંખના મુજ કામના, તારા થકી જ સફળ થશે
દેવર્ધિ તુજ હાથે મળે તો, કામ સર્વ સરળ થશે. ૨

### (૬) અષ્ટક વર્ગ-૧

**(પઢો રે પોપટ રાજા રામના)**

આઠ કરમ મુજ ટાળજો, વાળજો શુભ પંથે
મૂરતિમાં જોડજો નયન, મન આગમ ગ્રંથે, આઠ ૧
અષ્ટકવર્ગ અભિષેકથી, પૂજું ભાગ્યવિધાતા
સાહેબ મુજને આપજો, આઠ પ્રવચન માતા, આઠ ૨

દેજો દેવર્ધિ દાદા એહવી, જોઉં આઠ પ્રાતિહાર્ય
એવો વિવેકી બનાવજો, છોડું સઘળા અકાર્ય, આઠ ૩

### (૭) અષ્ટકવર્ગ-૨

**(મેરૂ શિખર નવરાવે)**

મંગલ જલ અભિષેક પ્રભુજીનો, મંગલ જલ અભિષેક.
જેમ જેમ ધારા વહેતી આવે, તેમ તેમ પ્રગટે વિવેક, પ્ર૦ ૧
અવિચલ આનંદ આપે આતમને, એ તો અરિહંત એક, પ્ર૦ ૨
અષ્ટકવર્ગ તણા અભિષેકે, મળે દેવર્ધિ અનેક, પ્ર૦ ૩

### (૮) સર્વૌષધિ

**(રૂમઝુમ વહે ઋજુવાલિકા)**

સર્વજ્ઞનું સર્વૌષધિમય સ્નાન સોહે છે સરસ
ભગવંતની ભક્તિ થકી ભૂલાઈ ભૂખ અને તરસ, સ૦ ૧
મેરૂ શિખર પર દેવતાઓ, જે રીતે કળશા ભરે
હું એ રીતે ભક્તિ કરું, એવી નથી શક્તિ અરે
જે શક્તિ છે મુજ થોડલી, હું એ મુજબ ભક્તિ કરું
ઉત્કૃષ્ટ જે મુજને મળ્યું, તેને પ્રભુ ચરણે ધરું, સ૦ ૨
સઘળા સુખો પ્રભુને મળ્યા, સઘળા ગુણો પ્રભુને મળ્યા
સઘળા દુઃખો પ્રભુના ટળ્યા, સઘળાય દોષો પણ ટળ્યા
પ્રભુ ભાવનું આરોગ્ય દે છે, એનું આકર્ષણ રહે
દેવર્ધિથી પણ ઊંચું શિવપદ, ચિત્તમાં ક્ષણ ક્ષણ રહે, સ૦ ૩

### (૯) પંચામૃત

**(હે ત્રિશલાના જાયા)**

પંચામૃતની ધારા, પામે પ્રભુજી પ્યારા
એક એક જલબિંદુ ચમકે, જાણે ઝગમગ તારા...
પંચાચાર પાળીને પામ્યા, પંચમગતિમાં સ્થાન
પંચ મહાવ્રતનાં પાલનથી, પામ્યા પંચમ જ્ઞાન
પાંચ ઇન્દ્રિયો જીતી લીધી, દેવો ગાય જયકારા, પંચા૦ ૧

સાહેબ મારા મનને બદલો, મુજને સન્મતિ આપો
દુઃખહર દેવર્ધિ વરસાવો, મુજ દુર્ભાવને કાપો
જગવો હૈયે પંચામૃત સમ, ઉજ્જ્વલ ધ્યાનની ધારા, પંચા૦ ૨

## (૧૦) સુગંધૌષધિ

**(રોમે રોમે હું તારો)**

મને તારી સુગંધ મીઠી લાગતી
મારી નબળાઈ, દૂર દૂર ભાગતી.
હું તો જપતો રહું, એક તારું જ નામ
દોડી દોડીને આવું, રોજ રોજ તારે ધામ
તારા સંગે સાચી સમજ જાગતી, મને૦ ૧
મારા શ્વાસોમાં તારી જ ઉર્જા ભરું
શોધી શોધી, સુગંધૌષધિ વાપરું
તારી દેવર્ધિની, શરણાઈ વાગતી, મને૦ ૨

## (૧૧) ફૂલની પાંખડીઓ

**(મોરલી નથી ગમતી)**

મારા નાથ મારા નાથ, મારો પકડોને હાથ
તારી ભગતિ મને ગમતી
માંગું ભવભવનો સાથ, પ્રભુ રહેજે સંગાથ
તારી ભગતિ મને ગમતી.
તું છે આધાર, મારાં હૈયાનો હાર, પ્રભુ કરુણામય દાતાર તું
મંગલ આકાર, તારો ભવ્ય છે શણગાર, પ્રભુ નૈયા પાર ઉતાર તું
મારી સાંભળને વાત, કરું રાતદિવસ યાદ, તારી૦ ૧
પ્રભુ તારી પ્રીત, મારે ધરવી નિતનિત, મને ભક્તિની રીત શીખવજે
મનડાના મિત, સરસ વાગે છે સંગીત, મને ભક્તિનાં ગીત શીખવજે,
ફૂલપાંખડી ધરું છું, દેવર્ધિ વરું છું, તારી૦ ૨

## (૧૨) ગંધમિશ્રિત જળ

**(નંદપ્રભામાં હેલી)**

વંદન હો વીતરાગી, વહાલેસર વંદન હો વીતરાગી.
મંદિરમંડન, પાપનિકંદન, તું સુંદર સોહાગી, વહા૦ ૧
તું છે સૌથી મોટો ત્યાગી, સર્વોત્તમ વૈરાગી
તો પણ બેસે સમવસરણમાં, તે કરુણા વરણાગી, વહા૦ ૨
ગંધમિશ્રિત જળ તુજને ચડાવી, મેં તુજ કરુણા માંગી
તારી દૃષ્ટિ જ્યાં જ્યાં પડી છે ત્યાં દેવર્ધિ જાગી, વહા૦ ૩

## (૧૩) વાસક્ષેપ જળ

**(Breathless)**

જય જય જગદીશ્વર જિનરાયા (૬)
સ્વર અક્ષર તું, અજર અમર તું, સચરાચર તું, વર સુખકર તું. ૧
મન ભાવન તું, તન પાવન તું, આત્મીયજન તું, અનુશાસન તું. ૨
અજય અભય તું, વિજય વિનય તું, શુભઆશય તું, ગુણ અક્ષય તું. ૩
જગપાલક તું, સંચાલક તું, ભવતારક તું, ગુણધારક તું. ૪
પરમ આતમ તું, ક્રમ અક્રમ તું, શમ સંજમ તું, મમ તું અમમ તું. ૫
વિમલ વિરલ તું, અકલ અચલ તું, સરલ સબલ તું, સકલ સફલ તું. ૬
મંગલ ઉજ્જ્વલ, નિરમલ શીતલ, પ્રેમલ નિશ્છલ, ગુણિયલ નિશ્ચલ. ૭
તું ગતિ, તું મતિ, તું રતિ, તું અતિ, મુનિપતિ દેવર્ધિ, કરે વિનંતિ
વાસક્ષેપ જળે નવરાવું (૬)

## (૧૪) ચંદનમિશ્ર દૂધ

**(પ્રભુ વસંતના પગલાં)**

પ્રભુ વસંતના પગલાં બનીને આવે છે
પ્રભુ અનંતનો આનંદ સતત જગાવે છે, પ્રભુ૦
પ્રભુ પિતા છે, પ્રભુ મા છે, પ્રભુ છે ગુરુવર
પ્રભુનો સંગ જીવનને સરસ સજાવે છે, પ્રભુ૦
પ્રભુ નયનમાં વસે તો નયન બને તીરથ
પ્રભુનું નામ વચનને સ્તવન બનાવે છે, પ્રભુ૦

પ્રભુને સ્નાન કરાવું - દૂધ ચંદનથી
પ્રભુ પરમ સમાધિને નજીક લાવે છે, પ્રભુ૦

### (૧૫) કેસર સાકર જળ

#### (નેમિ નિરંજન નાથ હમારો)

સાહેબ સુખકર, સાહેબ દુઃખહર, સાહેબ સુગુણવિલાસ
સાહેબ મનહર, સાહેબ જિનવર, સાહેબ આપે સુવાસ
સાહેબ વંદું, સાહેબ પૂજું, સાહેબ દેવાધિદેવા
સાહેબ પૂરવ પુણ્યે પાયો, સાહેબની કરું સેવા. ૧
સાહેબ આંખે અમૃતધારા, સાહેબ મુદ્રા મહાન્
સાહેબ આતમરૂપ અગોચર, સાહેબનું ધરું ધ્યાન, સાહેબ વંદું. ૨
કેસર સાકર ભેળવી જળમાં, સાહેબને નવરાવું
સાહેબની દેવર્ધિ જોઉં, સાહેબના ગુણ ગાઉં, સાહેબ વંદું. ૩

### (૧૬) તીર્થજળ / ગુલાબજળ

#### (પ્રભુ પ્યારો રે)

મારા સાહેબ રે ! તવ શરણે હું ભાવે આવ્યો રે, મુજને તારો રે.
તીરથ જળના કળશ ભરું રે તીર્થપતિને કાજ રે
તારજો મુજને એમ કહું રે માંગું મોક્ષનું રાજ રે, મારા ૧
ગુલાબજળના કળશ ભરું રે પરમાતમ સમક્ષ રે
મનમાં એક જ કામના રે મળજો પ્રભુ પ્રત્યક્ષ રે, મારા ૨
દેવર્ધિ મળતી જ રહે રે એનું ન મારે કામ રે
મુજને સાહેબ તું મળે રે એમ ચાહે આતમરામ રે, મારા ૩

### (૧૭) કર્પૂરજળ

#### (અંખિયાં હરખ ન લાગી)

પ્રભુને હું નવરાવું, મારા પ્રભુને હું નવરાવું
પરમ કૃપાળુ પરમેશ્વરને, હૈયામાં પધરાવું...
મુખમુદ્રા આ અમૃતમય છે, આનંદની ધારા અક્ષય છે
ઉજ્જ્વળ કર્પૂર, જળમાં ઉમેરી, શુભ અભિષેક કરાવું, પ્રભુને૦ ૧

જ્યાં બેસે ત્યાં તીર્થ બને છે, જે બોલે તે ગ્રંથ બને છે
એવી અદ્ભુત દેવર્ધિ જોઈ, પલપલ પાગલ થાઉં, પ્રભુને૦ ૨

## (૧૮) કેસર-ચંદન-પુષ્પ

**(શાંતિ તેરે લોચન)**

પ્રભુજી તમે સ્વીકારો જલધારા
ઉત્તમ સામગ્રીઓ સજાવી, અભિષેક કરીએ તમારા, પ્રભુજી૦ ૧

તમે પૂનમનો ચાંદ પ્રભુજી, અમે તો ખરતા તારા,
અમને કોઈ ન જાણે જગમાં, તમે તો જગતના પ્યારા, પ્રભુજી૦ ૨

તમે અમોને બધું જ આપ્યું, તમે છો તારક અમારા,
કેસર-ચંદન-પુષ્પ ચડાવું, દેવર્ધિ જયકારા, પ્રભુજી૦ ૩

## (૧૦) આત્મપ્રક્ષાલન (અષ્ટપ્રકારી પૂજા)

### નમો જિણાણં

ઉઘડે છે તારા દ્વાર ત્યારે ભાગ્ય સૌનાં ઉઘડે
જ્યાં દૃષ્ટિ પ્રભુ તારી પડે વરસાદ ત્યાં સુખનો પડે
રણકાર કરતાં ઘંટનાદે ગુંજતો પ્રાતઃ સમય
બ્રહ્માંડ જાણે ગાય છે ભગવંત તારો જયવિજય. ૧

કાજો પ્રભુ તુજ ધામનો ખૂણેખૂણેથી વાળું છું
હું આ રીતે સેવા કરીને શક્તિ મુજ અજવાળું છું
તુજ મંદિરેથી નીકળે તે ધૂળને સોનું ગણું
એ ધૂળને માથે ચડાવી પુણ્ય પામું અતિઘણું. ૨

તુજ ગર્ભગૃહ પાસે પ્રભુ ઊભા રહેવાની ક્ષણે
આનંદનાં આંસુઓ આવી જાય આંખનાં આંગણે
અવતાર મારો સફળ છે કે પામ્યો તુજ દર્શન પ્રભુ
ભાવે કહું છું નમો જિણાણં કરું છું વંદન પ્રભુ. ૩

### પ્રદક્ષિણા

હું ધૂપ પ્રકટાવું અને તારી સુવાસ મને મળે
હું દીપ પ્રકટાવું અને તારો ઉજાસ મને મળે
તુજને ચડે સામગ્રી તે પણ આ રીતે મુજને ફળે
તારી સમક્ષ સતત રહે તે ધન્ય થાય પળે પળે. ૪

એકાદ ક્ષણ પણ મુજ હૃદયમાં તું પ્રભુ ! આવ્યો નહીં
વર્ષોથી તારો વાસ છે માંગલ્યકર મંદિર મહીં
તેથી જ આપું પ્રદક્ષિણા ત્રણવાર તારાં ધામને
શ્વાસો અને હોઠો જપે છે નાથ તારા નામને. ૫

જાતે ઘસાઈ જાય છે સ્વીકાર તેનો થાય છે
ચંદન ઘસું ત્યારે મને આ સત્ય પ્રભુ સમજાય છે
પ્રત્યેક અણુ નિજદેહના તુજને સમર્પિત જે કરે
કેસર તણા એ તાંતણાને જોઈને મનડું ઠરે. ૬

## ગર્ભગૃહ પ્રવેશ

તારા ગભારે પેસતાં રોમાંચ અનુભવ થાય છે
તુજ આંખમાં જોઉં અને દુનિયા ભુલાઈ જાય છે.
ચપટીક વાસક્ષેપથી નવ અંગની પૂજા કરું
અઢળક સમર્પણ ભાવ હું, ભગવાન મુજ હૈયે ધરું. ૭

તવ અંગરચના ઉતરે ત્યારે મને સમજાય છે
અરિહંતમાંથી સિદ્ધમાં પ્રભુ સંક્રમણ તુજ થાય છે
જ્યારે ઉતારું દેહ પરથી હું મુગટ ને આભરણ
અક્ષય અવસ્થાનું મને જોવા મળે છે અનાવરણ. ૮

લઈને મુલાયમ મોરપીંછી ફેરવું પ્રતિમા ઉપર
તું રાખજે પ્યારા પ્રભુ ! મારી ઉપર કરુણા નજર
જયણા કરું છું જે પ્રભુ તે, તેં જ શીખવી છે મને
સંપૂર્ણ કરુણાભાવનું તું આપ સંવેદન હવે. ૯

## અભિષેક અને અંગલૂછણા

ભીના કરેલાં વસ્ત્રથી તવ દેહને લૂંછી લઉં
ક્યારે મને તું મોક્ષ દેશે પ્રશ્ન એ પણ પૂછી લઉં.
બે હોઠ કશું બોલે નહીં, હૈયું સતત બોલ્યા કરે
અસ્તિત્વના આનંદને તું પ્રેમથી ખોલ્યા કરે. ૧૦

લઈ હાથમાં મંગળ કળશ અભિષેક તારો આદરું
સ્પંદન નિહાળી મૂર્તિમાં હું આંખે હર્ષાશ્રુ ધરું
એ આંસુથી હૈયે વસેલા નાથને નવરાવું છું
હું આત્મપ્રક્ષાલન કરીને ધન્યભાગી થાઉં છું. ૧૧

તારી કને આવ્યા છતાં ક્યારેય અમે પલળ્યા નહીં
કેવા અમે કમભાગી કે જીવન અમે બદલ્યા નહીં
કોરા રહીને આવે છે ભીના થઈને જાય છે.
આ અંગલૂછણામાં પરિવર્તન અજબ દેખાય છે. ૧૨

નિર્લેપ છે ભગવંત તું તોયે વિલેપન હું કરું
આ આંગળીઓમાં સુવાસી સ્પર્શ હું તારો ભરું

તારી મહાન્ વિશેષતા એ છે કે તું નિર્દેહ છે.
તેથી જ તો તારી ઉપર મુજને અતિશય સ્નેહ છે. ૧૩
નવ અંગ પર કેસર તણા હું તેર તિલક કરું પ્રભુ
સંસ્પર્શનો આનંદ એક અનામિકામાં ભરું પ્રભુ
તું દેહ પાસે કામ લઈને દેહ મુક્ત બની ગયો
તેથી જ તારો દેહ પણ તુજ આત્મસમ પાવન થયો. ૧૪
ગુણલા અને ઉપકાર તારા જે રીતે અગણિત છે
તેમ ફૂલના રંગો સમી મુજ પ્રીત અપરિમિત છે
આ ફૂલ કેવા ધન્ય જે શોભા વધારે તાહરી
તું પણ કરુણાવંત તેમની મુક્તિ તે નિશ્ચિત કરી. ૧૫

## ધૂપ અને દીપ

સળગી રહેલી ધૂપસળી તારી સમક્ષ ખર્યા કરે
અસ્તિત્વ પોતાનું એ તારા દ્વાર ઉપર ધર્યા કરે
હું તો જ દાવો દાસ હોવાનો પ્રભુ રાખી શકું
હું જાત મારી તારી માટે જો ઘસી નાંખી શકું. ૧૬
અજવાસ તું આપે મને દીવો તને હું શું ધરું
હું જ્યોત પ્રગટાવીને મારી લાગણી જ પ્રગટ કરું
આ દીવા જેવી શુદ્ધ દૃષ્ટિ તું પ્રભુ દેજે મને
અજ્ઞાન મારું ટાળજે એવી વિનંતી છે તને. ૧૭
હું તને અધૂરા જ્ઞાને જોઉં છું એ મુજ નબળાઈ છે
તું નીરખે પૂરણ જ્ઞાનથી મુજને એ તુજ સચ્ચાઈ છે
ક્યારે તને જોઈશ હું કૈવલ્યની આંખો ધરી
નિર્મળ અરીસામાં તને, જોઉં નયન શ્રદ્ધા ભરી. ૧૮
ચામર લઈ તારી સમક્ષ હું ભાવથી નર્તન કરું
ચહેરા ઉપર ચળકાટ ધરું ને, હોઠ ઉપર સ્મિત ધરું
આનંદને અભિવ્યક્ત કરવા નૃત્ય તો હું આદરું
આ નૃત્યથી આનંદ વધતો જાય છે હું શું કરું. ૧૯

## અક્ષતપૂજા

ચોખા તણો ખોબો ભરું ને પાટલા પર પાથરું
ઉત્તમ અખંડ સફેદ ચોખા દ્વારા હું સ્વસ્તિક ધરું
ચારેય ગતિનો થાક મારો કૃપા કરીને ઉતારજે
ભવભ્રમણ મારું ટાળજે, આ બાળને પ્રભુ તારજે. ૨૦

ભગવાન તારી સમક્ષ હું રત્નત્રયી આલેખું છું
સમ્યક્ત્વની આંખો ધરીને ધર્મ મારગ દેખું છું
શાસ્ત્રોતણો અભ્યાસ વધજો એ જ છે મુજ ભાવના
ચારિત્રપાલનમાં સતત વધતી રહો આરાધના. ૨૧

તું મોક્ષમાં બેસી સકલ આ વિશ્વને જોયા કરે
તારા વિના મુજ આંખડી તો રાતદિન રોયા કરે
હું આલેખું છું સિદ્ધશિલા તારા સુધી પહોંચવા
સંસારનો હું રાગી છું તું તારા હાથે દે દવા. ૨૨

## નૈવેદ્ય અને ફળ

આહારનો આનંદ એ સંસારીઓનો માર્ગ છે
આનંદનો આહાર એ તો સાધનાનો માર્ગ છે
નૈવેદ્ય અર્પું છું તને તું સાધના દેજે મને
જે સ્થાન પર તું બેઠો છે એ સ્થાન પર લેજે મને. ૨૩

નિષ્ફળ બન્યો છું સાધનામાં તું પ્રભુ આ જાણે છે.
સાચી સફળતા સાધનાની મોક્ષમાં તું માણે છે
સંસારની સામગ્રીઓની ઝંખના ટાળો પ્રભુ
બસ, મોક્ષફળને પામવાની કેડીએ વાળો પ્રભુ. ૨૪

હું દ્રવ્યપૂજામાં મનોહર દ્રવ્યનું અર્પણ કરું
હું ભાવપૂજામાં અનર્ગળ ભાવ સંવેદન ધરું
સૂત્રો મધુરા ઉચ્ચરું ને અર્થનું ચિંતન કરું
સ્તવના સ્તુતિ ગાઉં અને તુજ નામસંકીર્તન કરું. ૨૫

## આરતી, મંગળદીવો અને શાંતિકળશ

બે હાથમાં લઈ થાળ મારા નાથની કરું આરતી
આ પાંચ જ્યોતિ પાંચ જ્ઞાનની શક્તિ ઉજ્જ્વળ ધારતી
આ પાંચ ઇન્દ્રિયને પવિત્ર બનાવજે કરુણા કરી
હું સાચો જૈન બનું જીવનમાં પાંચ આચારો ધરી. ૨૬
મંગળ દીવો પ્રકટાવીને હું કામના એક જ ધરું
જનમોજનમ હું તાહરી આરાધના આમ જ કરું
શ્રદ્ધાતણી આ જ્યોત મારી કદીય ઝાંખી નહીં પડે
ભક્તિ મને ના આવડે બસ ! પ્રેમ કરતાં આવડે. ૨૭
શાંતિકળશ ધારા અખંડિત વહે તુજ દરબારમાં
તારું સ્મરણ ક્યારેય ઝાંખું નહીં પડે સંસારમાં
બે હાથમાં અક્ષત લઈને નાથ કરું છું વધામણા
છેલ્લી ઘડી તારા જ ખોળામાં વીતે એ ભાવના. ૨૮
સઘળાય મંગળમાં પ્રથમ મંગળ પ્રભુ તુજ નામ છે
સઘળાય કલ્યાણો મહીં તું સૌ પ્રથમ સુખધામ છે
સઘળાય ધર્મોમાં પ્રથમ તુજ ધર્મ કરુણાવંત છે
ભગવંત તું જયવંત છે જયવંત છે જયવંત છે. ૨૯

## (૧૧) પ્રભુ વીરનું દીક્ષા જીવન

(શ્રી મહાવીર પ્રભુનાં દીક્ષાજીવનમાં આવેલ મુખ્ય મુખ્ય ઉપસર્ગોનું ભાવચિત્ર આ રચનામાં રજૂ થયું છે. આ રચનાના આઠ વિભાગ છે. દરેક વિભાગના અંતે અષ્ટપ્રકારી પૂજાનો તે તે મંત્ર બોલી પૂજા વિધિ થઈ શકે છે.)

### (જલપૂજા)

ભગવાન શ્રી મહાવીર વર્ષીદાન દઈ દીક્ષા ગ્રહે
ઉપસર્ગ સાડા બાર વર્ષ સુધી પ્રસન્ન રહી સહે
તે કાળને તે સમયને સ્મરતાં હૃદય ગદ્ગદ થતું
ભગવાન શ્રી મહાવીરનું દીક્ષાજીવન અદ્ભુત હતું. ૧
ગુસ્સો ધરે નહીં ગર્વ નહીં માયા નહીં લાલચ નહીં
આશ્રવ નહીં મમતા નહીં સામગ્રીનો સંગ્રહ નહીં
ત્રણ ગુપ્તિ ને પાંચેય સમિતિમાં પ્રમાદ થયો નહીં, ભગવાન૦ ૨

### (ચંદનપૂજા)

પ્રભુ શંખ જેવા છે નિરંજનભાવથી ઉજ્જ્વળ રહે
પ્રભુ છે સુવર્ણ સમાન તપના તેજથી ઝળહળ રહે
પ્રભુ છે પવન જેવા કદી અટકે નહીં પળપળ વહે, ભગવાન૦ ૩
પ્રભુ આત્મ સમ ગતિમંત છે કોઈ નહીં રોકી શકે
પ્રભુ ગગન સમ છે એકલા ઊંચા પદે કાયમ ટકે
શુભભાવની ધારાતણું નિર્મલ ઝરણ વહેતું હતું, ભગવાન૦ ૪
પ્રભુ પદ્મ જેવા છે કદી ના કાદવે લેપાય છે
પ્રભુ કાચબાની જેમ કાયમ ગુપ્ત ઇન્દ્રિય થાય છે
હંમેશ એકલવીર ખડ્ગીશૃંગ સમ સોહાય છે, ભગવાન૦ ૫
ભારંડપક્ષી સમ પ્રભુ કોઈ પ્રમાદ કરે નહીં
છે મેરુ પર્વત સમ પ્રભુ ના ચલિત થાય અહીં તહીં
ગંભીરતા સાગર સમાન અગાધ ભગવંતે વહી, ભગવાન૦ ૬
પ્રભુ ચંદ્રસમ શીતલ સદા ઉપશાંતભાવે લીન છે
તેજસ્વિતા છે સૂર્યસમ ગૌરવદશા સ્વાધીન છે
ગજરાજ સમ ઉત્સાહવંત જિણંદ ક્યાંય ન દીન છે, ભગવાન૦ ૭

પ્રભુ સિંહ જેવા છે કદી પડકાર કોઈ ન દઈ શકે
પ્રભુ વૃષભસમ છે શક્તિશાળી ભાર માથે લઈ શકે
સઘળું ખમે છે સત્ત્વથી ધરતી સમાન થઈ શકે, ભગવાન૦ ૮

જાજ્વલ્યમાન પ્રતાપ ધારે અગ્નિસમ ઉત્તમ પ્રભુ
શુભ દ્રવ્ય-ક્ષેત્રે કાળ-ભાવે પાળે છે સંયમ પ્રભુ
દેવાર્ય એ શુભનામથી સર્વત્ર સંબોધન થતું, ભગવાન૦ ૯

**(પુષ્પપૂજા)**

દેવોએ દીક્ષાપૂર્વ પ્રભુને દિવ્ય લેપ કર્યો હતો
તેનો સુવાસી સ્પર્શ દેહે ચાર માસ રહ્યો હતો
ભમરાઓ પ્રભુને પુષ્પ માની ડંખ દેતા'તા બહુ, ભગવાન૦ ૧૦

યાચક બની આવેલ દ્વિજને અર્ધવસ્ત્ર ધરે પ્રભુ
ગોવાળિયાના ક્રોધ સામે શાંત મૌન વરે પ્રભુ
દેવેન્દ્રની સેવાતણો સાદર નિષેધ કરે પ્રભુ, ભગવાન૦ ૧૧

પહેલું જ ચોમાસું હતું ત્યાં ગાય તોડે ઝૂંપડી
લીધા અભિગ્રહ પાંચ, તાપસનાં મુખે દુઃખ સાંભળી
પ્રભુ એટલા ઉપર ઊઠ્યા કે જોયું ના પાછળ વળી, ભગવાન૦ ૧૨

પ્રીતિ નહીં ત્યાં રહે નહીં કાઉસગ્ગ હંમેશા કરે
પ્રાયઃ પ્રભુ મૌની રહે બે હાથમાં ભિક્ષા ધરે
સાધક હતા તેથી ગૃહસ્થોનો વિનય ના આદરે, ભગવાન૦ ૧૩

એક રાતમાં ઉપસર્ગ દશ-દશ શૂલપાણિએ કર્યા
મહાઅટ્ટહાસ-પિશાચ-સાપ થકી જિનેશ્વર ના ડર્યા
શિર-કાન-આંખે દંત-નખ-નાકે જખમ પૂંઠે કર્યા, ભગવાન૦ ૧૪

દશ સ્વપ્ન દેખ્યા તેહમાં, પિશાચ નષ્ટ થતો જુએ
પક્ષી ધવલ-કોયલ-સુગંધી માળ બે-ગોધણ જુએ
સરવર-સમુદ્ર-રવિ-મનુષ્યોત્તરગિરિ-મેરુ જુએ, ભગવાન૦ ૧૫

## (ધૂપપૂજા)

સિદ્ધાર્થ સુર પ્રભુદેહમાં રહીને વચન ઉચ્ચારતો
મહિમા પ્રભુનો જોઈ અચ્છંદક અસૂયા ધારતો
તે લે પરીક્ષા, ઇન્દ્ર આવી યશ પ્રભુનો વધારતો, ભગવાન૦ ૧૬
જે અર્ધવસ્ત્ર ખભે હતું તે એક 'દિ સરકી ગયું
પાછળ રહેલા બ્રાહ્મણે લીધું અખંડ ફરી કર્યું
દઈ લાખ મુદ્રા નંદીવર્ધન નરપતિએ તે ગ્રહ્યું, ભગવાન૦ ૧૭.
પ્રભુ ચંડકૌશિક સર્પના વિસ્તારમાં કાઉસ્સગ રહે
દેહે સહે છે અગ્નિજાળો ડંખ અંગૂઠે સહે
પ્રતિબોધવા તે જીવને પ્રભુ બુજ્ઝ બુજ્ઝ વચન કહે, ભગવાન૦ ૧૮
ગંગા નદીને પાર કરતાં દેવ નાવ ડૂબાડતો
કંબલ અને સંબલના હાથે સુર સુદંષ્ટ્ર એ હારતો
ઉતરી કિનારે સાહિબો ઈર્યાપથિકા ધારતો, ભગવાન૦ ૧૯
સામુદ્રિકે પગલાં પ્રભુના રેતમાં જોયા હતા
એકાંતમાં પ્રભુને નિહાળી ગલત તર્ક કર્યા હતા
તેને સ્વયં દેવેન્દ્રે દૈવી વિભવ ભેટ ધર્યા હતા, ભગવાન૦ ૨૦
ક્યારેક પ્રભુને ચોર માની કૂવે લટકાવે જનો
ક્યારેક માની ચોર પ્રભુને દોરી બંધાવે જનો
ક્યારેક ગોશાળક નિમિત્તે ક્રોધ વરસાવે જનો, ભગવાન૦ ૨૧
હાથે હથોડો લઈને કોઈક મારવા કોશિશ કરે
પ્રભુ સામ્ય રાખીને સહે, ના વારવા કોશિશ કરે
ક્યારેક તો દેવેન્દ્ર કષ્ટ નિવારવા કોશિશ કરે, ભગવાન૦ ૨૨

## (દીપકપૂજા)

અત્યંત શુભ લેશ્યામહીં પ્રભુ ધ્યાનને ધારણ કરે
નાસાગ્ર પર નયનો ઠરે મુદ્રા વિવિધ આસન ધરે
ઉપસર્ગ હારી જાય તેવી ઉચ્ચ ચિત્તદશા વરે, ભગવાન૦ ૨૩
કટપૂતનાએ શીતઋતુમાં શીત-જલ પરિસહ કર્યો
તેને સહી પ્રભુ આતમા લોકાવધિ અદ્ભુત વર્યો
ઉપસર્ગને આદર દઈને કર્મનો મલ અપહર્યો, ભગવાન૦ ૨૪

કાઉસગ્ગમાં ઊભા હતા ને આગ લાગી જંગલે
બે પગ સખત દાઝી ગયા પણ નાથ ત્યાંથી ના હલે
જાણે પ્રભુ ઉપસર્ગને તો મિત્ર માની ગળે મળે, ભગવાન૦ ૨૫
સાલાર્યા નામે વ્યંતરીએ ત્રાસ બહુ આપ્યો હતો
સમતાતણાં શિખરે પ્રભુએ આતમા થાપ્યો હતો
કેદી બની કોઈ રાજ્યના, ક્યારેક પથ કાપ્યો હતો, ભગવાન૦ ૨૬
ક્યારેક શૂન્યાગારમાં ક્યારેક વૃક્ષતળે રહે
ક્યારેક ગહન ગુફા વસે ક્યારેક સમશાને રહે
જે દુઃખ આવે તે વધાવે કોઈને કંઈ ના કહે, ભગવાન૦ ૨૭
પ્રભુ ગંડકી નદી પાર કરવા નાવમાં બેઠા હતા
સામા કિનારે નાવિકે પૈસા તરત માંગ્યા હતા
પ્રભુને બપોરે ગરમ રેતીમાં ઊભા રાખ્યા હતા, ભગવાન૦ ૨૮

## (અક્ષતપૂજા)

પેઢાલ નામે ગ્રામમાં પોલાસ નામે ચૈત્યમાં
ભગવાન અટ્ઠમ આદરી ઊભા રહ્યાતા ધ્યાનમાં
સંગમસુરે ઉપસર્ગ વીસ કર્યા હતા એક રાતમાં, ભગવાન૦ ૨૯
સંગમ ભયંકર ધૂળ વરસાવે જિનેશ્વર ના ચળે
કીડી બહુ કરડે ને ડાંસો ડંખ દે દૈવી બળે
ઘીમેલ વીંધે ચામડી વીંછીઓ કરડી વિષ ભરે, ભગવાન૦ ૩૦
બહુ નોળિયાઓ દાંત મારી વેદના નીપજાવતા
મહાસર્પ ભરડો લઈ શરીરે તીવ્ર પીડા આપતા
ઉંદર ઘણા એક સાથે આવી જખમ કૈં ઉપજાવતા, ભગવાન૦ ૩૧
હાથી પ્રભુને સૂંઢથી પકડીને પટકે ભૂમિ પર
ભયકર પિશાચ ડરાવતા પણ નાથ ના ધારે છે ડર
નખ-દંત મારી સિંહ પીડા દે પ્રભુ રહે છે અફર, ભગવાન૦ ૩૨
સિદ્ધાર્થ ત્રિશલાને વિકુર્વીને વિલાપ ઘણો કરે
બે પગની વચ્ચે લાકડા મૂકે અને અગ્નિ ધરે
વળી ચાંચ મારે દેહે બાંધ્યા પિંજરેથી પંખીઓ, ભગવાન૦ ૩૩

આંધીભર્યા વંટોળથી ભગવાન પર કંકર પડે
ને ચક્રવાતે દેહ પ્રભુનો ગોળ ભમીને આથડે
પણ ચિત્ત ધારે સ્થૈર્ય અતિશય ના કશું ભીતર અડે, ભગવાન૦ ૩૪

મહાકાળ ચક્રે મસ્તકે ભગવંતને ધક્કો દીધો
પગ જાનુલગ ખૂંપ્યા જમીન, આઘાત એહ સહી લીધો
અધ્યાત્મબળ એવું હતું કે ઉંહકારો ના કીધો, ભગવાન૦ ૩૫

સ્વર્ગીય સૃષ્ટિને બતાવે છે હવે એ દેવતા
સૌંદર્યમયી દેવાંગનાના હાવભાવો જાગતા
અનુકૂળ ઉપસર્ગો કર્યા તે સર્વ સાવ વિફળ થતા, ભગવાન૦ ૩૬

ષટ્‌માસ પ્રભુને દેવ તે આહાર લેવા દે નહીં
ઉપસર્ગ એય ખમી ગયા દેવાર્ય સમતા મન વહી
કર્મો ખપાવ્યા ચીકણા થાક્યા વિના ઊભા રહી, ભગવાન૦ ૩૭

તે દેવ પાછો નીકળ્યો આશ્ચર્યથી વંદન કરી
ત્યારે પ્રભુનાં નયનથી અશ્રુતણી ધારા સરી
મહાદુઃખદાયક દેવ માટે જિનવરે કરુણા ધરી, ભગવાન૦ ૩૮

## (નૈવેદ્યપૂજા)

લીધો અભિગ્રહ ઉગ્ર ને ઉપવાસ લાંબા આદર્યા
પ્રભુ પાંચ માસ પચીસ દિન તપસાધના કરતા રહ્યા
સદ્ભાગી ચંદનબાળા દ્વારા પારણે બાકળા ગ્રહ્યા, ભગવાન૦ ૩૯

ઠોકાયા ખીલા કાનમાં તો શાંતભાવે સહન કર્યું
ખેંચાયા ખીલા કાનથી અતિતીવ્ર તે પીડન ઠર્યું
સહસા ખૂલ્યા'તા હોઠ ને પર્વતતણું ભેદન થયું, ભગવાન૦ ૪૦

એકવાર એકસો એંસી ઉપવાસો કરે મહાવીરજી
એકવાર વળી એકસો પચોત્તેર આદરે મહાવીરજી
બેવાર ત્રણ-અઢી-દોઢમાસી આચરે મહાવીરજી, ભગવાન૦ ૪૧

નવ વાર ચોમાસી તપસ્યા આદરે મહાવીરજી
ને બાર માસક્ષમણનો તપ આચરે મહાવીરજી
બોત્તેર પાસક્ષમણ તપસ્યાને કરે મહાવીરજી, ભગવાન૦ ૪૨

દેવાર્ય સાડાબાર વરસના કાળમાં તપ બહુ કરે
ત્રણસો ઓગણચાળીસ દિવસ આહાર લીધો જિનવરે
જ્યારે ગ્રહે આહાર બસ, ત્યારે જ જલ હોઠે ધરે, ભગવાન૦ ૪૩

બસ્સો ઓગણત્રીસ છઠ થયા આ સાધનાના કાળમાં
બેઠા નહીં સૂતા નહીં ટેકો લીધો ન વચાળમાં
નિદ્રા થઈ બસ, બે ઘડી, જાગૃત રહ્યા એક ઢાળમાં, ભગવાન૦ ૪૪

**(ફલપૂજા)**

પ્રભુ પારણું જ્યાં જ્યાં કરે ત્યાં દિવ્ય પાંચ સુરો કરે
'અહો દાન' એ ઉદ્‌ઘોષણા : સુર દુંદુભિ નભ ગડગડે
સૌવર્ણ મુદ્રા, જલ સુગંધી, વસ્ત્ર વર વરસી પડે, ભગવાન૦ ૪૫

દીક્ષા ગ્રહે કાર્તક વદી દશમી દિને મહાવીરજી
કૈવલ્ય લહે વૈશાખ સુદ દશમી દિને મહાવીરજી
વૈશાખ સુદ એકાદશીએ તીર્થનું સ્થાપન થતું, ભગવાન૦ ૪૬

શ્રી રામચન્દ્ર સૂરીન્દ્રના ''દીક્ષાશતાબ્દી'' વર્ષમાં
''મહાવીર ચરિયં''ને અનુસરી કરી સ્તવના હર્ષમાં
દેવર્ધિનો આનંદ પહોંચ્યો છે ચરમ ઉત્કર્ષમાં, ભગવાન૦ ૪૭

# ૧૧

# હિંદી રચના

१. चोबीस जिनवर को वंदन ४४१
२. मेरे जनमो जनम का सहारा ४४१
३. प्यारे प्रभु ४४२
४. खाली है मेरी झोली ४४३
५. छोटे हैं हम ४४३
६. मैं तेरा दास हूं ४४३
७. मंगल गावो ४४४
८. वंदे पार्श्वनाथम् ४४४
९. गीत प्रभु के ४४६
१०. तेरे पास रोज आउं ४४६
११. पुरव पुण्ये पायो ४४७
१२. झूले वीर झूले ४४७
१३. हे आदिनाथ प्रभु ४४८
१४. तुझे वंदन करूं ४४९
१५. पूरो मेरी आस ४४९
१६. दे दो दरिशन ४४९
१७. मेरे साहेब ने मुझ को ४५०
१८. जय जगदीश्वर ४५०
१९. वीर महावीर ४५१
२०. ऐसी भभूत ४५१
२१. प्रीतमजी ४५२
२२. तूंही मेरा साहेब ४५२
२३. मेरे साहिब जवाब दे ४५३
२४. तेरा रंग ४५४
२५. तूं जो दे ४५४
२६. मैं हूँ तुम्हारा ४५५
२७. जयवंत जीरावला ४५६
२८. अरजी मेरी ४५६
२९. घंटी के बोल ४५६
३०. तेरे नाम ४५७
३१. मैं मांगू ४५७
३२. केवलज्ञान ४५८
३३. मैं आतम हूँ ४५८
३४. मन मस्ती में ४५९
३५. आनंदघन को मीरा मिले ४५९
३६. दो इतना आशीर्वाद ४५९
३७. देश मेरा ४६०
३८. देश प्रेम ४६०
३९. देखो सूरज गंगा तट पर ४६१
४०. राम कहे कैकयी से ४६१
४१. शीतल प्रभु... ४६२
४२. मेरे मन में, एक तूं ही तूं ४६३
४३. शुभ घड़ी आई ४६३
४४. वीर विरह गाथा ४६४
४५. अंतरीक्ष पार्श्वनाथ प्रभु प्रार्थना ४६५
४६. सवि जीव करूं शासन रसी ४६६
४७. आगम वंदना ४६७
४८. महावीर वंदना विलाप गीत ४७१
४९. संगम उपसर्ग ४७६
५०. देवानंदा ४७८
५१. षोडश विद्यादेवी स्मरण ४८०
५२. आनंदघन कथा ४८२

## (१) चोबीस जिनवर को वंदन

### (तुम दिल की धडकन में)

श्री तीर्थंकर को वंदन, चोबीस जिनवर को वंदन.
करुणासागर को वंदन, सकल जिनेश्वर को वंदन.
जय जय हो जय जय हो, परमातम की जय जय हो. श्री तीर्थंकर. १

ऋषभ अजित को वंदन हो, संभव अभिनंदन वंदन,
सुमति पद्मप्रभ वंदन हो, सुपार्श्व चन्द्रप्रभ वंदन,
सुविधि शीतल को वंदन, श्रेयांस वासुपूज्य वंदन,
जय जय हो जय जय हो, परमातम की जय जय हो. श्री तीर्थंकर. २

विमल अनंत को वंदन, धर्म शांति कुंथु वंदन,
अर मल्लि मुनिसुव्रत जी, नमिनाथ नेमिनाथ वंदन,
पार्श्वनाथ महावीर वंदन, देवर्धि दायक वंदन,
जय जय हो जय जय हो, परमातम की जय जय हो. श्री तीर्थंकर. ३

## (२) मेरे जनमो जनम का सहारा

### (इस लडकी को देखा तो)

मेरे जनमो जनम का सहारा हो तुम.
मेरी भक्ति में तुम, मेरी शक्ति में तुम,
मेरे जीवन में तुम, मेरे चिंतन में तुम,
मेरी स्तवना में तुम, मेरी साधना में तुम,
मेरी हरपल में तुम, हर घडी में हो तुम. मेरे जनमो जनम का. १

मेरा आधार तुम, मेरा सुविचार तुम,
मेरा संस्कार तुम, मेरा परिवार तुम,
मेरा आचार तुम, मेरा उच्चार तुम,
मेरा हाथ पकड करो उद्धार तुम. मेरे जनमो जनम का. २

मेरा धरम हो तुम, मेरा करम हो तुम,
मेरा श्वास हो तुम, मेरी सुवास हो तुम,
मेरे खास हो तुम, मेरे पास हो तुम,
मेरी देवर्धि तुम मेरी शुभगति तुम. मेरे जनमो जनम का. ३

## (३) प्यारे प्रभु

### (चंदा है तूं)

प्यारे प्रभु, मेरे प्यारे प्रभु,
मैं भक्ति से, तेरा कीर्तन करूँ,
तूं मिल गया, तो सब मिल गया,
इस दुनिया से नाही अब मैं डरूं. प्यारे प्रभु.

मैं तेरा नाम जपूं, तूं भगवान् सब से महान् (२)
रखना कृपा मेरे उपर प्रभु,
देना मुझ को अपने चरणों में स्थान,
रात और दिन, तुझे मन में धरूं,
भक्ति से जीवन को पावन करूं, प्यारे प्रभु. १

तूं साहिब सुंदर सुंदर, तूं आनंदमय अभिराम, (२)
शक्ति दाता प्रभु करुणा अनंत,
मंगल चमत्कारी है तेरा नाम,
तूं जो भी दे उससे झोली भरूं,
तुझसे ही संसार सागर तरूं. प्यारे प्रभु. २

मैंने जो सोचा नहीं, वो सब कुछ तूंने दे दिया, (२)
तेरी कृपा से ही सब पा लिया,
मेरे जीवन को तूंने भर दिया,
देवर्धि है तेरे दरबार में,
कब तूं मिलेगा मुझे रूबरू. प्यारे प्रभु. ३

## (४) खाली है मेरी झोली

**(आये हो मेरी झिंदगी में)**

खाली है मेरी झोली उसको तूं कृपा से भर दे,
मेरी प्रार्थना को सुन ले, मेरी नैया पार कर दे,
मेरे सारे दुःख हर दे, मेरे सारे पाप हर दे. मेरी प्रार्थना.
मेरी गलतिया बहोत हैं, मुझ में सुधार कर दे,
मेरे दोष को मिटाकर, मुझे निर्विकार कर दे,
कब मुझको तूं मिलेगा, उसकी मुझे खबर दे. मेरी प्रार्थना. १
तेरे नाम में है शक्ति, तेरे स्तवन मैं गाउं,
तेरी भक्ति करतें करतें, मैं मस्ति में खो जाउं,
देवर्धि तेरी देखूं, तूं ऐसा एक वर दे. मेरी प्रार्थना. २

## (५) छोटे हैं हम

**(इन पंछीओं को देख कर)**

छोटे हैं हम, फिर भी हमें, करने हैं बडे काम,
लेते हैं हम, रात और दिन, भक्ति से प्रभु नाम.
जब भी चिंता जगे, जब जब डर लगे, तब प्रभु से ही हिंमत मिले,
ना परेशान हो सब कुछ आसान हो, प्रभु से ऐसी ताकत मिले. छोटे. १
कभी हसते हैं हम, कभी रोते हैं हम, कभी जीत, कभी हार है.
कभी गिरते हैं हम, कभी उठते हैं हम, सुख दुःख ही तो संसार है
प्रभु से ही सब कुछ सुधर जाता है, प्रभु से ही जीवन में सुख आता है
प्रभु सब की नैया लगाते हैं पार, प्रभु ही है शक्ति प्रभु है आधार. छोटे. २

## (६) मैं तेरा दास हूं

**(वो काला एक बांसुरी वाला)**

मैं तेरा दास हूं इस छोटा सा, सब से बडा तूं स्वामी रे,
तारणहार तूं, सुखदायक तूं, तूं ही प्रभु अंतरयामी रे. मैं तेरा. १

मुझको अपनी शरण में लेना, मुझको सच्चा राह दिखाना,
गलती करूं तो माफी देना, मेरा साथ निभाना रे. मैं तेरा. २
जनमजनम तक भटकभटक कर, आखिर मैं तेरे दर पे आया,
अब तो साथ न छोडूं तेरा, सुन लेना जिनराया रे. मैं तेरा. ३

## (७) मंगल गावो

### (मन बसिया)

मंगल गावो, मंगल पावो, नाममंत्र की धून मचावो,
जिनवर मेरे जगतारक है, तीन लोक के उद्धारक है,
बंसरी बाजे है मनमोहन, प्रभु कृपा से मिला है जीवन,
आओ आओ मन्दिर आओ, भक्ति के रस में खो जाओ,
सुख दाता है भगवान्, मात पिता है भगवान्. १
साहेब मेरे पाप मिटाए, अंतर में शुभ भाव जगाए,
सारे संकट को वो हटाए, सारे सुख को वो ले आये,
जो भी आए आनंद पाए, पंचम सूर में स्तवना गाए,
दादा देवर्धि के दाता, मम आतम के भाग्य विधाता,
सुख दाता है भगवान्, मात पिता है भगवान्. २

## (८) वंदे पार्श्वनाथम्

### (देवा श्री गणेशा)

वंदे पार्श्वनाथम् (१६)
ऊंचा है तीरथ ये, ऊंचा है मंदिर ये, ऊंचा है पारस का नाम,
ऊंची है मूरत भी, ऊंची है भक्ति भी, सब कुछ है पारस का काम
सारे सुख ले आये, सारे दुःख को भगाये
सारे संकट हटाये, सारे दुर्गुण जलाये,
तेरा महिमा बडा, हे वंदे पार्श्वनाथम्. १

मंत्र सब से बडा पार्श्वनाथ, यंत्र सब से बडा पार्श्वनाथ,
नाम सब से बडा पार्श्वनाथ, धाम सब से बडा पार्श्वनाथ,
साप लंछन है कितना महान्, करे पद्मावतीजी गुण गान,
धरे धरणेन्द्र तेरा ही ध्यान, तेरे कैसे करूं मैं बखान ?
तेरे दर पे जो आये, तेरी महिमा जो गाये,
धन्य वो बन जाये, ऊंचा पुण्य कमाये,
तेरा महिमा बडा, हे वंदे पार्श्वनाथम्. २

तेरा नाम जपूं अभिराम, गुण तेरे गाऊं सुबह शाम,
तेरी कीर्ति है करुणा का धाम, तेरे तीरथ को सौ सौ सलाम,
तेरे मंदिर बनें है हझार, तेरी मूरत की संख्या अपार,
तेरी आंखों में दिखता है प्यार, तेरा सब से बडा है दरबार,
देखूं देवर्धि तेरी, ऐसी ईच्छा है मेरी,
कितनी दी तुझको फेरी ? अब तो करियो न देरी,
तेरा महिमा बडा, हे वंदे पार्श्वनाथम्. ३

**(गणपतिबाप्पा...)**

जय जय बोलो पारसनाथ

**(गली...)**

समेतशिखरे बीस जिणंदा, चरण कमल को वंदन हो
गौतम स्वामी जलमंदिर में, भोमियाजी अभिवादन हो

**(त्वमे...)**

विशालमूर्तिश्च विशालचैत्यं विशालतीर्थं च विशालपुण्यम्
विशालभक्तिश्च विशालकीर्तिः विशालतां पार्श्वजिनो ददातु

**(कायेन वाचा...)**

वाराणसी-नायक-पार्श्वनाथं समेत-शैलेश्वर-पार्श्वनाथम्
नमामि तीर्थेश्वर-पार्श्वनाथं, नमामि शंखेश्वर-पार्श्वनाथम्

**(अच्युतम्...)**

नाथ तुम साथ तुम दो मुझे हाथ तुम
आतमा को करो शुद्ध और बुद्ध तुम
पासजी तुम सदा मेरा विश्वास हो
अब जिता दो मुजे कर्म का युद्ध तुम

**(हरे राम...)**

पार्श्वनाथ पार्श्वनाथ (१६)

## (९) गीत प्रभु के

**(दिल दीवाना बिन सजना के)**

जिन मंदिर में गीत प्रभु के गाये जा,
परमातम से तूं प्रीत लगाये जा.
मोहनगारी मुद्रा देखो, खुशिया जो छलकाए,
प्यारी प्यारी अंखिया जैसे, अमृत रस बरसाए,
दादा के दरबार में, दीप जलाये जा. परमातम. १
प्रभु की महिमा गाते गाते, हम पावन हो जाये,
प्रभु कृपा से अगले भव में, सिद्ध दशा हम पाये,
रंगोली से मंदिर द्वार, सजाये जा. परमातम. २

## (१०) तेरे पास रोज आउं

**(महेंदी लगाके रखना)**

तेरे पास रोज आउं, दर्शन से पुण्य पाउं,
दो हाथ जोडकर मैं, प्रभु तेरे गीत गाउं,
तेरी अंगिया सजाउं, माथे मुगुट चढाऊं,
जितनी है शक्ति उतनी, सामग्री लेके आउं.

दिन रात मेरे भगवान्, तेरे नाम का करुं जाप,
तेरे नाम के स्मरण से, कट जाते हैं सभी पाप,
तेरे नाम से मिटे है, सभी ताप और संताप,
तेरे नाम से रचाउं, आनंद पूर्ण आलाप,
मैं बंसरी बजाउं, तुझ को स्तवन सुनाउं. दो हाथ जोडकर. १
शुभ भावना सजाकर, तेरे शरण में आये,
जीवने के सारे सुखचैन, तुझ से ही हमने पाये,
जब जब तूं याद आये, तब तब उजाला छाये,
तेरी ही रोशनी से, हम सच्ची राह पाये,
मस्तक सदा झुकाउं, रंगीन फूल बिछाउं, दो हाथ जोड़कर. २

## (११) पुरव पुण्ये पायो

### (छू लेने दो)

पार्श्व प्रभु परमेश्वर प्यारो, पुरव पुण्ये पायो रे,
त्रिभुवननायक शिवसुखदायक, रोम रोम मुझ आयो रे. पार्श्व प्रभु. १
करुणा अमृत नयने छलके, मुद्रा मनोहर गायो रे,
योगदशा का चरम रूप है, सर्व सिद्धि सुख दायो रे. पार्श्व प्रभु. २
मंगलकारी नाम प्रभु का, जन जन कंठ गवायो रे,
सुमिरन से साक्षात् मिले है, महाराजा मन भायो रे. पार्श्व प्रभु. ३
पल पल समरुं साहेबजी को, संकट सर्व कटायो रे,
साहेब संग आनंद आनंद है, रोम रोम विकसायो रे. पार्श्व प्रभु. ४
नागफणा मस्तक पर सोहे, विघ्न वृंद विघटायो रे,
देवर्धि दायक भवतारक, जयकारी जिनरायो रे. पार्श्व प्रभु. ५

## (१२) झूले वीर झूले

झूले वीर झूले, रूमझूम झूले
रेशम की डोरी, मां त्रिशला झूलाए
झूले वीर झूले, रूमझूम झूले

अंखिया दो खुले, आसमां को छु ले
मुलायम मस्त मुस्कुराएं, आंख से अमरत बरसाएं
सांस में खुशबू छलकाएं, तेज सूरज सा चमकाएं
अंग अंग अनहद का रंग ले, बाल प्रभु आएं
झूले वीर झूले... १
धन्य है सिद्धारथ राजा, धन्य है त्रिशलादेवी मां
धन्य है क्षत्रियकुंड नगर, धन्य है कुल और गोत्र महान्
चैत्र सुदी तेरस का जन्म, कल्याणक कहलाएं
झूले वीर झूले... २
सबसे ऊंचा है उस का स्थान, वंदनीय नाम है वर्धमान
पूजनीय महावीर भगवान्, रातदिन सब करतें गुणगान
देवर्धि दायक प्रभु की जग, जय जय जय गाएं
झूले वीर झूले... ३

## (१३) हे आदिनाथ प्रभु

### (होठों से छू लो तुम)

हे आदिनाथ प्रभु, मुझ को देना शक्ति,
मैं तेरा सेवक हूँ, करूं श्रद्धा से भक्ति.
शुभ कार्य करूं हरदम, पालूं उत्तम आचार,
ना दुष्ट वचन बोलूं, हो शुभ वाणी उच्चार.
प्रभु मुझ को बना देना, सात्त्विक धार्मिक व्यक्ति. हे आदिनाथ प्रभु. १
जो दोष है जीवन में, तुम उनका नाश करो,
सद्गुण के फूलों का, भगवंत विकास करो,
मेरे द्वेष मिटा दो तुम, और मिटा दो आसक्ति. हे आदिनाथ प्रभु. २

## (१४) तुझे वंदन करूं

### (तुझे देखा तो ये जाना)

महावीर मुझे वंदन करूं, फूल तेरे चरणों में धरूं,
रंग श्रद्धा के मन में भरूं, और संसारसागर तरूं.
तूं ही मेरी है प्रेरणा, तूं ही मेरा आधार है,
तूं नाथ है, तूं साथ है, सर पे सदा तेरा हाथ है,
मेरी जीवन की नैया चलाता है तूं, तूं ही राखे मेरी आबरू. महावीर. १
मैं कुछ नहीं मांगूं मगर, तूं तो सब देता रहें,
तूं बडा दातार है, तुझ से ही उद्धार है,
तेरे दर पे सुबहशाम आउं प्रभु, नाचूं मैं बांध के घूंघरु. महावीर. २

## (१५) पूरो मेरी आस

### (बाट निहारे घनश्याम)

तुम मंगल सुखवास, पूरो मेरी आस,
चिंतामणि प्रभु पास, पूरो मेरी आस.
तुम ने मुझको चलना सिखाया, तुम कारण में यहाँ तक आया,
तुम से मिला विश्वास. पूरो. १
तुम मुझ बांधव, तुम मुझ नेता, मैं हूँ पराजित, तुम हो विजेता,
प्यारो लागे सहवास. पूरो. २
ना सुख चाहूँ ना वैभव चाहूँ, तुम से प्रीत भवोभव चाहूँ,
देवर्धि है तुज दास. पूरो. ३

## (१६) दे दो दरिशन

### (मोरा सैया मोसे बोले ना)

दे दो दरिशन अब  दास को, मैं रात और दिन तुम नाम जपूं.
नाम में शक्ति अजबगजब है, नाम तेरा मन भायो रे,
नाम ही सुख है नाम प्रमुख है, नाम परम पद दायो रे. दे दो. १

नाम तुम्हारा सब गावत है, नाम रटण रस लाग्यो रे,
नाम है सूरज नाम है चंदा, देवर्धि तेज जाग्यो रे. दे दो. २

## (१७) मेरे साहेब ने मुझ को

### (मैं तो पिया से नैना)

मेरे साहेब ने मुझ को, बहोत कुछ दिया,
मेरे घट घट में बसिया, है मेरा पिया. मेरे साहेब. १
दाता है साहेबजी, माता है साहेबजी,
मैंने कुछ ना किया, उस ने सब कुछ किया. मेरे साहेब. २
देवर्धि ऋषभजी की, देखत ही रहिये,
मेरी आँखों में रोशन है उस का दिया. मेरे साहेब. ३

## (१८) जय जगदीश्वर

### (झीना झीना)

जय जगदीश्वर जय भगवान
तेरो दरशन मोहे प्यारो लागे
गाउं तेरा नाम मैं आउं तेरे धाम मैं
सुबह और शाम तेरे नाम दीप जागे
गाउं तेरा नाम मैं आउं तेरे धाम मैं
तेरो दरशन मोहे प्यारो लागे
तूं ही दवा है तूं ही दुआ
तेरो दरसन मोहे प्यारो लागे...
साहिबा साहिबा
तूंही है भाग्य विधाता, तूंही है शक्ति मेरी,
तूंही पिता तूंही माता, मैं करूं भक्ति तेरी
साहिबा साहिबा

तूं ही मेरा सहारा जिनेश्वर
साहिबा साहिबा
मैं नैया तूं किनारा जिनेश्वर
भाव विभोर बन करूँ गुण गान
तेरो दरसन मोहे प्यारो लागे

## (१९) वीर महावीर

**(भो शंभो)**

वीर महावीर, मेरे महावीर मेरे वीर
तुम ही हो शुभ लाभ के कारक
तुम ही हो जग जीवन उद्धारक
वीर महावीर, मेरे महावीर मेरे वीर
तुम पुरूषोत्तम जग वंदित, तुम ही हो शिव निज आनंदित
तुम ब्रह्मा ब्रह्मांड प्रकाशित, तुम जिनवर सुरनरगण पूजित वीर महावीर... १
तुम तीर्थंकर तुम महानायक, तुम जगदीश्वर तुम सुखदायक
तुम देवर्धि अक्षय अविचल, तुम महिमाशाली महामंगल वीर महावीर... २

## (२०) ऐसी भभूत

ऐसी भभूत लगा दो कि मैं, अपने ही रंग भूल जाऊं
तेरी लहर में मैं झूल जाऊं
ना कुछ बोलूं ना कुछ सुनुं मैं, बाबा मैं कुछ ना मांगूं
तेरी ही धून में मगन रहूं मैं, नींद न लूं बस जागूं
बंध नयन हो मेरे और मैं, भीतर से खुल जाउं
तेरी लहर में मै झूल जाऊं... १
दिन और रात का भेद न समझे, तुज से अभेद बनाऊं
मेरो नाम न याद है मुझ को, तेरो नाम मैं गाऊं

देवर्धि कुछ यूं बरसाओ, मैं अंग अंग से धुल जाऊं
तेरी लहर में मैं झूल जाऊं... २

## (२१) प्रीतमजी

### (आवोजी)

तूंही दरिशन तूंही सुमिरन तूंही चितवनजी
तूंही जीवन तूंही है धन तूंही तन मन जी हो...
मोरी बात सुनो भगवान, तूंही मेरा ध्यान तूंही मेरो आतमजी
प्रीतमजी प्रीतमजी प्रीतमजी प्रीतमजी प्रीतमजी...
मैं मांगू, तूं ना मांगे, यही है फर्क बडा फर्क ये बहुत बडा
मैं दुखिया, तूं सुखिया, मैं तेरे पांव पडा प्रभु तोरे पांव मैं पडा
भेद टूटे अभेद प्रगटे, ऐसा करियोजी (साहेब)
होजी तूँ है सब का तारणहार, पालनहार, प्यारो परमातमजी
प्रीतमजी प्रीतमजी प्रीतमजी प्रीतमजी प्रीतमजी प्रीतमजी... १
पैर थके, चल चल के, कितना रहता तूं दूर
कह दे तूं कितना है दूर
तेरे बिना, मन लागे ना, तुझे मिलने से जगे नूर
तोसे ही जागे है नूर
फिकेफिके मेरे मन में रंग भरियोजी (साहेब)
होजी सारो देवर्धि का काज, सुनो महाराज, है बिनती बालमजी
प्रीतमजी प्रीतमजी प्रीतमजी प्रीतमजी प्रीतमजी प्रीतमजी... २

## (२२) तूंही मेरा साहेब

### (तेरी दीवानी)

रंग अभंग है साहेब तेरो, ढंग बदल गयो मेरो
पल पल तेरा ध्यान धरू मैं, हां मैं तेरो हां तूं मेरो
मेरा मनमीत तूंही तूंही तूंही, तूं है जग में सब से अनेरो,
सार कोई संसार में ना है,

टारो भव को फेरो, टारो भव को फेरो
मेरे नाथ कृपालु, रहे साथ तूं दयालु,
तेरे नाम की मस्ती को, मेरी रग रग में ढालूं,
परमेसर परमातम जगदीश्वर जगनायक
हाजी होजी एक तूंही मेरा साहेब है, मेरा साहेब है...
सुबह शाम में तेरे दर आऊं,
अर्चन कीर्तन करके पावन हो जाऊं,
धन्य है ये अवसर मंगल पल है,
पायलिया मेरी ये छमछम पागल है,
तेरा तेज भी अनुपम है, तेरा रूप भी अनुपम है
मेरे घर तेरे आने से सूर सात का संगम है... परमेसर १
तूंही तनमन में तूंही जीवन में तूंही दिनरात में तूंही क्षणक्षण में
तूंही तारक है, तूं उद्धारक है तूंही घटघट में, तूंही कणकण में
तूं मेरे मन में, तूं मेरे मन में, परमेसर २

## (२३) मेरे साहिब जवाब दे

### (जाणा जोगी दे नाल)

तुज को रोज पुकारू मैं, मुझे मिले न कोई जवाब
कब तक बोलूँ मैं ही अकेला, कभी तूं भी बोल दे साब
हो मेरे साहिब, मेरे साहिब जवाब दे... १

तूंही तूंही तूंही मन में, और कुछ ना मन में
मिट गई मैं हूँ मैं हूँ लीला, आ जा अब आंगन में
हो मेरे साहिब, मेरे साहिब जवाब दे... २

जनम जनम से चलती आई, सूनी सूनी रात
देवर्धि की ज्योत जगा दो, बन जाए मेरी बात
हो मेरे साहिब, मेरे साहिब जवाब दे... ३

## (२४) तेरा रंग

### (कुछ इस अदा से)

ये तेरा रंग तेरा रंग तेरा रंग है
मेरे गम को जो भुला दे वो, तेरा संग है... १
है मतलबी ये दुनिया, हैं ये मतलबी रिश्तें
कोई दुश्मनों से तंग है, कोई अपनों से तंग है... २
सब हाथ छोड देते हैं, मुश्किल की घडी में
तेरा हाथ सिर पे है तो, फिर आसान जंग है... ३
तेरी मूरत तेरी सूरत, मुझे जोश देती हैं
तेरी आंख में आनंद के, लाखों तरंग हैं... ४
तूं ही सिखाएँ सब और तूं ही लिखाएं सब
सब खामखाँ देवर्धि के शब्दों से दंग है... ५

## (२५) तूं जो दे

### (अरे लोगों तुम्हारा क्यां)

तूंने ये जीवन दिया, तूंने दिया ये नाम
मुझ से कुछ ना हो सके, तूंही बनाए काम मेरे साहिब मेरे साहिब
मेरे साहिब सुन मेरी बात, तूं जो दे वो ही मंजूर है...
तूं दाना दे वो सोना है, तूं बूंद भी दे वो दरिया है
मैं क्यां मांगू और क्यूं मांगू, तू जो दे वो ही मंजूर है
मेरे साहिब मेरे साहिब १
मुजे रोटी दी आराम दिया, मुजे कपडा दिया मुझे काम दिया
तूं है साचो दातार प्रभु, तूं जो दे वो ही मंजूर है
मेरे साहिब मेरे साहिब २
तूं देता रहे देता ही रहे, तेरा ये बंदा लेता ही रहे
तेरी खुशबू खिले देवर्धि मिले, तू जो दे वो ही मंजूर है
मेरे साहिब मेरे साहिब ३

## (२६) मैं हूँ तुम्हारा

धर्म के दाता तुम धुरंधर तुम परम तारक जिनेश्वर
तुम दया के असीम सागर नमन वंदन करूं मैं सादर
साहेब...
तुम से सबकुछ लिया है मैंने तुम को ना कुछ दिया है मैंने
तुम ही मेरे जीवनदाता तुम ही पिता तुम ही माता
मैं हू् तुम्हारा तुम हो मेरे, ये बात तुम को बता रहा हू्. १
तुम्हारे पास में जगह देना तुम्हारी छाया में मुझ को लेना
खुशियां देती है तुम्हारी भक्ति दुःख मिटाती है तुम्हारी शक्ति
मैं हू् तुम्हारा तुम हो मेरे, ये बात तुम को बता रहा हू्. २
याद पलपल आती है आनंद मन में जगाती है
तेरी मूरत अजब है कोई तीव्र लगन लगाती है
तुम ही मेरे प्राण बने जी तुम ही मेरा ध्यान बने जी
सब से ऊंचा स्थान बने जी आतम तत्त्व का ज्ञान बने जी
मैं हू् तुम्हारा तुम हो मेरे, ये बात तुम को बता रहा हू्. ३
रातदिन तेरे संग में रहेना मुजे रहेना मुजे
मेरे मन में जो भी है तुज को ही सब कहेना मुजे
तुम्हारे दरबार में देवर्धि रोशन होती है
कब मिलोगे तुम मुजे देखो ये अंखिया रोती है
तुम्हारे पास में जगह देना तुम्हारी छाया में मुझ को लेना
खुशियां देती है तुम्हारी भक्ति दुःख मिटाती है तुम्हारी भक्ति
मैं हू् तुम्हारा तुम हो मेरे, ये बात तुम को बता रहा हू्. ४
सब से ऊंचा बल हो तुम सब से पावन पल हो तुम
सुख दाई मंगल हो तुम सूरज समान उज्ज्वल हो तुम
साचा तीरथ स्थल हो तुम मेरे पुण्य का शुभ फल हो तुम
विमल परम विमल हो तुम शुद्ध बुद्ध सकल हो तुम
मैं हू् तुम्हारा तुम हो मेरे, ये बात तुम को बता रहा हू्. ५

## (२७) जयवंत जीरावला

### (अमे नोंधारा)

जग जयवंत प्रभु जिरावला, तेरी महिमा है अपरंपार रे,
पारसजी साहेब, कर दे मेरा उद्धार रे. १
आया मैं आज प्रभु तेरे दरबार, मेरा धन्य हो गया अवतार रे,
पारसजी साहेब, कर दे मेरा उद्धार रे. २
तूंही दातार प्रभु तूंही किरतार, तेरी आंखे अजब अविकार रे.
पारसजी साहेब, कर दे मेरा उद्धार रे. ३
तार मुझे तार, प्रभु तार मुझे तार, मुझे रहना नहीं है संसार रे
पारसजी साहेब, कर दे मेरा उद्धार रे. ४
देवर्धि सजे तेरी शहनाई बजे, तेरी घंटाएं करें टंकार रे
पारसजी साहेब, कर दे मेरा उद्धार रे. ५

## (२८) अरजी मेरी

एक यही है अरजी मेरी
अंतिम घड़ी में मुझ को सुनाई दे, शुभ आरती तेरी...
तेरी मंगल घंटा का गुंजन, मेरे कान को भर दे
घनघन घोष नगारा का, मेरे घर को जागृत कर दे
रूकी रूकी मेरी सांस में तेरी, सुगंध जागे अनेरी... एक यही है... १
भक्तों की ताली कंठध्वनि, सुनकर पुलकित हो तन
जयजय आरती शब्द को सुनकर, अहोभाव जागे मन
देवर्धि का अनुभव देने में, मत करना देरी... एक यही है... २

## (२९) घंटी के बोल

एक बार बस एक बार, मुजे हाथ लगा दो तुम
मूक हूँ मैं आवाज नहीं, ना मेरी पहचान रही
मेरे में जो सूनापन है, उसे भगा दो तुम... एक बार... १

लोग जो मुझे बजाते हैं, वो ना मुझ को भाते हैं
देकर अपना स्पर्श प्रभु, मेरे सूर जगा दो तुम... एक बार... २
प्रभु सुनो घंटी के बोल, तेरी देवर्धि अनमोल
अपने अनंत स्पंदन से, मुझ को छलका दो तुम... एक बार... ३

## (३०) तेरे नाम

कभी किसी को प्यास लगे तो बारिश आये तेरे नाम
बहोत बडा है तेरा काम बहोत बडा है तेरा काम. १
उजियारा लेकर आ जाती, सुबह की बेला तेरे नाम
अंधेरे को रोक दे ऐसे दीप, जगाये ढलती शाम
बहोत बडा है तेरा काम बहोत बडा है तेरा काम. २
चलते चलते थक जाउं तब, हवा चले है तेरे नाम
फलेफूले पेडों की छाया में, मिल जाता है विश्राम
बहोत बडा है तेरा काम बहोत बडा है तेरा काम. ३
पथ पर भटका पूछुं किसी को, कभी रासता तेरे नाम
अनजाना भी आदमी तब, दिखला देता है सही मुकाम
बहोत बडा है तेरा काम बहोत बडा है तेरा काम. ४
मैंने सफर शुरु की थी, मन में रखकर बस तेरा नाम
देवर्धि का हुआ अनुभव, ज्यूं शबरी को मिल गये राम
बहोत बडा है तेरा काम बहोत बडा है तेरा काम. ५

## (३१) मैं मांगू

नींद में तुझे देखके मेरे दो नैना खुल जाएं
मैं मांगू कि ऐसा अवसर रोज रोज घर आएं...
तेरी मीठी मीठी बोली सपने में तो सुन लूँ
तेरे स्वर के एकाद सूर को साहेबजी मैं चुन लूँ
तेरे ताल से ताल मिलाएं वो ही तुझ को पाएं. नींद में तुझे...१

तेरा हाथ मेरे सर के ऊपर सपने में तो रखना
मुझ गरीब की थाली का इक दाना भी तो चखना
तूं जिस को दिख जाएं उसको कोइ भी ना सताएं. नींद में तुझे...२
मेरे बिखरे मोती में तूं जोड दे तेरा धागा
आकर अपने हाथ मिटा दे दागा चुनरी में लागा
तेरी एक मुस्कान गगन से देवर्धि बरसाएं. नींद में तुझे...३

## (३२) केवलज्ञान

परम प्रभु पायो पूर्ण प्रकाश,
टूट गई जंजिर अब है पलपल, मुक्त गगन में प्रवास. १
कियो सूरज सम तेजवलय से, तमस पटल का नाश. २
चंदा जैसी रोशन आंखें, शीतल शांत सुहास. ३
सुधा समान समाधि को साधी, ना रही प्यास न आश. ४
नदिया का तट तरु की छाया, देखत अनंत आकाश. ५
देवर्धि का रंग अनोखा, एक एक बात है खास. ६

## (३३) मैं आतम हूँ

तुज को जो जाने नहीं, उस का दुःख है अपार
तुज को जो जाने सही, उस का सुख है अपार. १
मैं आतम हूँ मैं आतम हूँ. मुझ को यह एक बात सिखा दे
मैं आतम हूँ मैं आतम हूँ. २
इक परमातम मुझमें भी है, उस की मुझको झलक दिखा दे
मैं आतम हूँ मैं आतम हूँ. ३
कब वो परमपद मुझ को मिलेगा ? कोई तिथि कोई समय लिखा दे,
मैं आतम हूँ मैं आतम हूँ. ४
साहेब में खो जाऊ मैं, भूल जाउं संसार
देवर्धि भरपूर है, साहेब के दरबार. ५

## (३४) मन मस्ती में

अवधू मन मस्ती में डोले, अवधू डमरू डमडम बोले
अवधू दरिया पड़दा खोले, अवधू गगन गिराए ओले
अवधू बुझ गए सारे शोले, अवधू नहा ले कपड़े धो ले
अवधू मन मस्ती में डोले, अवधू डमरू डमडम बोले. १
अवधू भूख न प्यास न लागे, अवधू जंगल मारग भागे
अवधू भीतर सूरज जागे, अवधू मनवा कुछ ना मांगे
अवधू मन मस्ती में डोले, अवधू डमरू डमडम बोले. २
अवधू आंखो में उजियारा, अवधू सूरज चंदा तारा
अवधू आनंद आंसू धारा, अवधू देवर्धि जयकारा
अवधू मन मस्ती में डोले, अवधू डमरू डमडम बोले. ३

## (३५) आनंदघन को मीरा मिले

आनंदघन को मीरा मिलती तो बात क्या होती ?
किसकी अंखिया ज्यादा रोती किस की कम रोती ?
आतमजी को ढोला कहकर आनंद कुछ गातें
आतमजी को गिरिधर कहकर मीराजी खो जातें
गहरे पानी से मिल आते महंगे कंई मोती
किसकी अंखिया ज्यादा रोती किस की कम रोती ?
कैसा अकेलापन था जो दुनिया को कर दी दूर
खुद से जुड़ कर हांसिल कर ली देवर्धि रस भरपूर
ना सो पाते आनंदघनजी नाहीं मीरा सोती
किसकी अंखिया ज्यादा रोती किस की कम रोती ?

## (३६) दो इतना आशीर्वाद

मैं द्वार तुम्हारे आता रहूँ, मैं गीत तुम्हारे गाता रहूँ
दो इतना आशीर्वाद मुझे, कि मंदिर दीप जलाता रहूँ

तुमको पाया तो सब पाया, तुम ही हो मेरे आधार प्रभु
तुमसे ही लगनी लागी है, तुम कर दो मुझे भवपार प्रभु
ना सोना है ना चांदी है, मैं फूल दो पांच चढ़ाता रहूँ
दो इतना आशीर्वाद मुझे, कि मंदिर दीप जलाता रहूँ. १
तुमको मैं हरपल याद करूं, तुमसे ही चले मेरा जीवन
तुमसे मैंने सबकुछ पाया, तुमको ही समर्पित तनमनधन
तुम देवर्धि के अधिनायक, मैं अपनी अरजी सुनाता रहूँ
दो इतना आशीर्वाद मुझे, कि मंदिर दीप जलाता रहूँ. २

## (३७) देश मेरा

ये देश मेरा सब से प्यारा, ये देश मेरा सब से न्यारा
यहां स्वयं जनम, लेते भगवान्, दुनिया को धरम, देते भगवान्
यह पथदर्शक ध्रुव का तारा, ये देश मेरा सब से प्यारा. १
करे लोग करोड़ों पावन जप, और पाले अहिंसा संयम तप
गंगा जैसी महा जल धारा, ये देश मेरा सब से प्यारा. २
यह आर्य की भूमि आर्य का देश, है विविध प्रदेश और विधविध वेश
जय जय भगवान का है नारा, ये देश मेरा सब से प्यारा. ३
इस देश ने मुझे सुविचार दिये, कितने सारे संस्कार दिये
शुभलाभ का है पालनहारा, ये देश मेरा सब से प्यारा. ४
यह धर्म के रंग बढाता है, गुरुओं को सिर पे चढाता है
देखे देवर्धि जग सारा, ये देश मेरा सब से प्यारा. ५

## (३८) देश प्रेम

सरहद पर गोली खाकर कोई, लंबी नींद में सोता है
तब मेरे घर में आराम से, कामकाज सब होता है. १
रोज किसी का कफ़न, तिरंगा लपेटकर बन जाता है
वो भारत का बेटा मुझ को, याद कभी नहीं आता है. २

खड़े खड़े सीमा की रक्षा, सैनिक हिम्मतवान करें
तब जाकर शांति से पूजारी, श्लोक मंत्र का गान करें. ३
सीमापार से गोली आकर, जिस का खून बहाती है
उस सैनिक की पीड़ा मुज़को, याद कभी ना आती है. ४
मेरे लिए जो मरता है, उसका स्मरण रहे मन में
देशप्रेम का जलवा बना रहे, कण कण में और क्षण क्षण में. ५

## (३९) देखो सूरज गंगा तट पर

देखो सूरज, गंगा तट पर
रात के पीछे प्रभात आए, गाएँ भैरव के स्वर...
लाल रवि की परछाई को, कैसे गले लगाएँ
एक माई है एक पुत्र है, ऐसे भाव जगाएँ
दृश्य मनोहर देख कबीरा, शब्द लिखे अविनश्वर. देखो. १
लहर लहर में चमक भरी है, जैसे सच्चा जीवन
आँखो से आत्मा तक आए, अमृत रस संवेदन
जल की कोमल वाणी में है, एक मात्र परमेश्वर. देखो. २
लंबा यह प्रतिबिंब सूर्य का, मुझ को छू लेता है
आसमान की अनंत ऊर्जा, मुझ में भर देता है
दो दो सूरज निरखत अंखिया, अपलक रहें विकस्वर. देखो. ३
पानी की धारा में अद्‌भुत, रोशनियाँ खिलती है
इसी समय में सरस्वती की, परम कृपा मिलती है
वाराणसी का सूर्योदय है, मंत्र जाप का अवसर. देखो. ४

## (४०) राम कहे कैकयी से

मैया वो वनवास न था, वो ही आनंद सच्चा था
उपर ऊठती धारा थी वो, ना गड्ढा ना गच्चा था...

पेड़ के निचे सोता था तब गगन के तारें दिखते थें
जो भी संकट आते थें वो भाग्य की रेखा लिखते थें
महलों में जो सोता था वो कोई सिखाउ बच्चा था. मैया वो. १
जिस ने मुझ को साथ दिया और याद किया वो अपनें थें
जिन से रिश्तें बिगड़े थें वो भुलने लायक सपने थें
तेरे उस वरदान से पहले जो भी था वो कच्चा था. मैया वो. २
राम कहे कैकयी से मैया तेरा आशीर्वाद रहा
पलपल सच का साया था तो राम तेरा आबाद रहा
शहरी जीवन फिका है वनवासी जीवन अच्छा था. मैया वो. १

## (४१) शीतल प्रभु...

दिव्य भव्य दरसन प्रभु प्रेम पूरित नयन
महाशक्ति धारी तुम
प्रभु सुख कारी तुम प्रभु दुःख हारी तुम
शीतल प्रभु.

दिव्य भव्य दरशन प्रभु प्रेम पूरित नयन
महाशक्ति धारी तुम सुखकारी दुःखहारी तुम
शीतल प्रभु. १

तेज सूरज समान रूप चन्द्रमा समान
गुणगण है सागर समान
प्रभु जयवंत जयवंत ऊर्जानिधान
शीतल प्रभु. २

तीर्थनाथ भगवान मनशुद्धि दाई है ध्यान
करुं भाव से सुगुण गान
प्रभु देवर्धि ऐश्वर्यशाली महान
शीतल प्रभु. ३

## (४२) मेरे मन में, एक तूं ही तूं

**(कितना प्यार)**

गहरी खौज, चलती है, कदम कदम
मेरे मन में, एक तूं ही तूं
मेरी खौज, मैंने की है, जनम जनम
मेरे मन में, एक तूं ही तूं...
मूरति में तुझ को देखूं वो है आश्वासन
रूबरू तुझ को निहारुं तब ही माने मन
एकबार आवाझ दे तूं एक सुनहरी सांझ दे तूं
प्रभु मेरे, कर दे तूं, दूरी खतम,
मेरे मन में, एक तूं ही हूं. १
कौन सा दिन होगा वो जब, आयेगा तूं नझर
कब कहां कैसे तूं देगा, तेरी कोई खबर
मैं प्रतीक्षा कर रहा हूं नैन आंसु भर रहा हूं
तेरे पास, देवर्धि है, दे सुख परम,
मेरे मन में, एक तूं ही तूं. २

## (४३) शुभ घड़ी आई

**(लाल चुनरिया ओढ ली)**

(कोयलिया गाने लगी पायलिया बजने लगी आनंद आनंद आज)

शुभ घड़ी आई शुभ पल आई घर घर हरख बधाई रे
आंगन आंगन रंग रोशनियाँ सुंदर आज सजाई रे...
खुशिया ही खुशिया है आनंद मंगल
करते कलशोर देखो पंछी ये चंचल
आया है अवसर पावन मनोहर
सब मिल जगा रहे संगीत के स्वर

गुलशन गुलशन फूल खिले है खुशबू खुशबू लहराई रे
आंगन आंगन रंग रोशनियाँ सुंदर आज सजाई रे
शुभ घड़ी आई शुभ पल आई घर घर हरख बधाई रे. १
महेंदी लगाई बड़ी रंगोली बनाई, मंडप में बाजे है ढोलक शहनाई
झूमे है बहना नाचे है भाई, ज्योत जगाई बड़ी ज्योत जगाई
जिनवर गुरुवर धर्मशासन की देवर्धि सुख दाई रे
आंगन आंगन रंग रोशनियाँ सुंदर आज सजाई रे
शुभ घड़ी आई शुभ पल आई घर घर हरख बधाई रे. २

## (४४) वीर विरह गाथा

(लछवाड में प्रभु वीर की प्रतिमा चोरी हो गई
उस समय यह रचना लिखी गई थी)

**(हरिगीत)**

मेरे महावीर आप वापिस हमे दर्शन दीजिये
लछवाड़ तीरथ में प्रभु वापिस पदार्पण कीजिये
हम को न आया भक्ति करना हम विनंती क्या करें ?
सूना बना मंदिर अरे, हम आतमा कैसे तरे ? १
जहाँ जन्म लेकर आपने इस विश्व को पावन किया
जहाँ आप का बचपन बिता यौवन जहाँ धारण किया
उस भूमि से ही आप की प्रतिमा को कोई उठा गयें
दुर्भाग्य से श्री संघ के सर्वस्व को ही लूटा गयें. २
कितनी मुलायम मूर्ति थी ? कितना मनोहर रूप था ?
क्या नयन थें ? क्या तेज था ? क्या दिव्य भास्वर रूप था ?
कैसे उसे रक्खा होगा ? ये सोचना मुश्किल लगे
प्रभु आप दूर चले गये तब से कही ना दिल लगे. ३
वो श्याम मूरत पर धवल धाराएं दुग्ध की जब बहे
अपलक अंखिया भक्ति से उस दृश्य को देखत रहे

वो दूध आज किसे चढ़ाये दृश्य वह देखें कहाँ ?
आँखे बरसती हैं चतुर्विध संघ दुःख से रो रहा. ४
चंदनपूजा में स्पर्श कोमल जो हमें मिलता रहा
वो छिन गया है हाथ से साहेब गयें, जाने कहां ?
खिलते हैं फूल हजारों किंतु हाल कैसा हो गया ?
वो अंगरचना का नझारा शून्य जैसा हो गया. ५
अब धूप में न सुगंध है ना दीप में है रोशनी
मेरे महावीर आप बिन यह जन्मभूमि सूनी बनी
चामर झुलाएँ हम किसे दर्पण दिखाये हम किसे
नैवेद्य-फल-अक्षत तो है पर वो चडाये हम किसे ? ६
पूजा हजारों साल से क्षत्रियकुंड में हो रही
वो क्रम हुआ खंडित प्रभु अंखिया हमारी रो रही
सब कुछ दिया था आप ने हम ने तो कुछ भी ना दिया
करनी थी रक्षा मूर्ति की वो काम हमने ना किया. ७
कोई खबर भेजो प्रभु संकेत दो कोई प्रभु
लगता है कि हमने तो सारी संपदा खोई प्रभु
ये घर ये धन बेकार है अस्तित्व भी बेकार है
हमने उसे ही खो दिया जो धर्म का आधार है. ८
अपराध हम से जो हुए वो माफ कर दो हे प्रभु
खाली हमारी झोली अपने हाथ भर दो हे प्रभु
भगवान आपकी जन्मभूमि आप बिन कैसी लगे ?
देवर्धि अपनी लेके आओ आशा अविरत मन जगे. ९

## (४५) अंतरीक्ष पार्श्वनाथ प्रभु प्रार्थना

महिमा अपरंपार तुम्हारी, तुम तो अंतर्यामी हो
मंगल शक्ति के दायक हो तीन भुवन के स्वामी हो
सालों से हम बोल रहे हैं अब तो खुद कुछ बोलो तुम
अंतरिक्ष के पार्श्व प्रभुजी अब दरवाजे खोलो तुम. १

भूमि को ना स्पर्श मिले यह चमत्कार तो दिखता है
हम को भी ना स्पर्श मिले इस बात से ये दिल चिखता है
क्या देना बाकी है दादा जो चाहे वो ले लो तुम, अंतरीक्ष. २
हम सब तो इन्सान है गलती हम से ही तो होती है
लेकिन हालत देख तुम्हारी आंख हमारी रोती है
कितनी लोंगे आप परीक्षा इतना भी ना मोलो तुम, अंतरीक्ष. ३
हिंगोली के राजेश्वर का रोग मिटाने वाले तुम
मुनिवर भावविजयजी को भी दृष्टि देने वाले तुम
हमने जो भी पाप किये हैं करुणा जल से धो लो तुम, अंतरीक्ष. ४
छोटा सा है एक झरोखा दर्शन उससे होते हैं
जब जब वैसे देखे तुम को तब तब हम सब रोते हैं
ये जो सरकारी ताला है उसको आकर तोडो तुम, अंतरीक्ष. ५
भाई-भाई का प्रेम हमारा वापिस ला दो पारसजी
जो भी है संघर्ष हमारा आप मिटा दो पारसजी
शिरपुर में तीरथ की रोनक वापिस आज जगा दो तुम, अंतरीक्ष. ६
आज हमारे रोम रोम से उठ रही है एक पुकार
कोई तुम्हारे चमत्कार से अपने आप खुले ये द्वार
हाथ जोड कर सभी खडे है अब तो मुंह ना मोडो तुम, अंतरीक्ष. ७
तप जप और संकल्प हमारा आप स्वीकारो पारसजी
नैया हालमडोल हमारी पार उतारो पारसजी
देवर्धि के महासागर हो हम को तुम से जोडो तुम, अंतरीक्ष. ८

## (४६) सवि जीव करूं शासन रसी

आचार्य पोट्टिल थें गुरू, तप का महासंकल्प था
आराधना थी बीस स्थानक की उमंग अनल्प था
था चित्त में संतोष मंगल भावना मन आ बसी
जो होवे मुज शक्ति इसी सवि जीव करूं शासन रसी. १

सब सूत्र को सिखे, करे कंठस्थ सब सुन्दर स्तवन
धार्मिक कथाएँ बहुत सुने और करे तात्त्विक अध्ययन
मम भावना है ज्ञान में मैं जोडूँ सब को आजीवन, जो होवे. २
वीतराग है भगवान : गुरू जो पंचव्रत पालन करे
है मोक्षदायक धर्म जिस से जीव भवसागर तरे
मम भावना है श्रद्धा में सब जोड़े काया मन वचन, जो होवे. ३
सब पंच महाव्रत, बारह व्रत, नियम चौदह आदरे
दीक्षा तथा पौषध तथा सामायिक आदिक आचरे
मम भावना है हर कोई चारित्र का पालन करे, जो होवे. ४
आहार संज्ञा जीतकर तप आदरे सब सत्त्व से
पीड़ा में भी हंसते रहे, बने मुक्त देह ममत्त्व से
मम भावना है कि जुडे सब शुद्धिकर तप तत्त्व से, जो होवे. ५
सब धर्म की आराधना में पूर्ण विधिपालन करें
निज शक्ति से कम या अधिक ना कोई आराधन करें
मम भावना है वीर्य के आचार को सब मन धरें, जो होवे. ६
सद्धर्म जो पाया है मैंने वह सदा सब को मिले
जो दृष्टि मैंने पाई है वह सब की आंखों में खिले
कल्याण हो सब का, रहे ना कोई भी शिकवे गिले, जो होवे. ७
सद्धर्म का आनंद ही सब से बड़ा आनंद है
सब से बड़ा सुखदाई भी सद्धर्म का संबंध है
भगवान की शुभ शक्ति से मैं बन गया शासन रसी, जो होवे. ८

## (४७) आगम वंदना

भगवान केवलज्ञान पाकर विश्व अवलोकन करे
सहसा सुधा सम मालकौंस में सरस संबोधन करे
जिस रूप में जो जो दिखा उसका ही प्रतिपादन करे
गणधर महाप्रतिभा से आगम सूत्र का सर्जन करे. १

था धन्य वह संवाद जिस में तत्त्व की पृच्छा हुई
उत्पत्ति व्यय स्थिरता ये तीनों धर्म की चर्चा हुई
था अर्थ का उपदेश करुणा सिंधु श्री अरिहंत का
था सूत्र का निर्माण प्रतिभावंत गणधर वृन्द का. २

ना कलम ली थी हाथ में, ना सामने कागज रखा
वह शिष्य को कहते गएं, कहते गएं जैसे सखा
जो बोल निकलें वो ही, आगम रूप में स्थापित हुएं
वो द्वादशांगी रूप में सर्वत्र सन्मानित हुए. ३

आगम है आचारांग, सूत्रकृतांग और स्थानांग जी
आगम है समवायांग, भगवती, ज्ञाताधर्मकथांगजी
आगम उपासकदशा, अन्तःकृद्दशा, अनुत्तरौपपात
श्री प्रश्नव्याकरण, विपाक सूत्र, दृष्टिवाद मंगल उदात्त. ४

इन बारह आगमसूत्रों को ही द्वादशांगी कहते है
प्रत्येक विद्या के मनोहर स्रोत इन से बहते है
आगमजी के एक एक अक्षर में बसे भगवान है
आगमजी का सन्मान तो भगवान का सन्मान है. ५

श्री पूर्वधर विरचित विविध आगम को कहते है उपांग,
कारण विशेष में ज्ञानी साधक लिखते रहते है उपांग
जो ज्ञान आगमसूत्र से मिलता है वह अति श्रेष्ठ है,
शास्त्रों हजारों है परन्तु जैन आगम ज्येष्ठ है. ६

औपपातिक राजप्रश्नीय जीवाभिगम प्रज्ञापना,
श्री सूर्य चंद्र जम्बूद्वीप प्रज्ञप्ति एवं कल्पिका
कल्पावतंसिका पुष्पिका पुष्पचूलिका वृष्टिदशा,
बारह उपांगों के श्रवण से मिलती है चिन्तन दिशा. ७

दश पयन्नाजी साधना समता में सहयोगी बने
रचना करे प्रभु वीर के सभी शिष्य जो योगी बने

दश आज मिलते हैं, समाधि शाताकारी ग्रंथ है
यह मुक्तिनगरी तक ले जाए ऐसा अद्भुत पंथ है. ८

चउसरण आउर भत्त संथारा पयन्ना जानिये,
तंदुल वेयालिय चंदाविज्झय देविन्दत्थओ मानिये
गणिविज्जा महापचखाण और वीरत्थओ ये नाम है
ये है समाधि तीर्थ और ये ही समाधिधाम है. ९

जो साधना करते है उन की ही परीक्षा होती है
लंबी धीरज के बाद ही सागर में पकते मोती है
जब आती है कठिनाईयां तब क्या करे, कैसे करे
छह छेदसूत्र में मार्गदर्शक सारे प्रत्युत्तर भरे. १०

श्री निशीथ बृहत्कल्पजी व्यवहार और दशाश्रुत
श्री पंचकल्प महानिशीथ ये ग्रन्थ है गांभीर्य युत
उत्सर्ग और अपवाद के ज्ञाता बने यह धन्य है,
गीतार्थ की महिमा हमारे धर्म में तो अनन्य है. ११

व्रतधर्म में अभ्यास जिन का जरूरी माना गया
उन आगमों को मूल सूत्र के नाम से जाना गया
है आवश्यक के सूत्र दशवैकालिक आगम चित्तहर
उत्तराध्ययन और पिंड ओघ निर्युक्तियाँ मांगल्यकर. १२

आगम है दो जो ज्ञान-सागर के मनोहर मोती है
जैसे महालय हो बड़ा पर चावी छोटी होती है
नंदी अनुयोग द्वार की स्तवना करे सब ज्ञानी जन
अभ्यास से ही साध्य होगा तत्त्व का चिंतन मनन. १३

निर्युक्तियाँ लिखी गई पर्याय जो समजाती है
बने भाष्य जिस से कठिन बातें कुछ समज में आती है
चूर्णि में प्राकृत बहुल भाषा से विवेचन मिलता है
टीकाओं में अधिकांश संस्कृत अर्थ विवरण मिलता है. १४

सूत्रों में सूत्र के अर्थ और रहस्य में श्रद्धा धरो
भगवान जैसे मान कर आगमजी का आदर करो
जिसने सिखा वो है महान्, जिसने सिखाया वो महान्
जिसने लिखा वो है महान्, जिसने लिखाया वो महान्. १५

आपत्ति के अवसर पे तन मन जीवन का अर्पण किया
ऐसे महा-आचार्यों ने बुझने नहीं दीया दिया
उन को नमन करते हुए अहोभाव मन में आता है
आगम के रखवाले का जीवन धन्य धन्य हो जाता है. १६

श्री भद्रबाहु सूरि ने दी प्रथम मागधी वाचना
आचार्य स्कंदिल ने द्वितीया दी थी माथुरी वाचना
आचार्य नागार्जुन ने तब दी थी वलभी वाचना
कंठस्थ आगम ज्ञान का आधार बनी सब वाचना. १७

जब बुद्धि में क्षीणता के कारण कंठ ज्ञान कठिन हुआ
आचार्य देवर्धि के द्वारा नवयुग प्रवर्तन हुआ
लिखे गएं आगम सभी और बोध मार्ग सरल हुआ
अभ्यास का आधार ऐसे एकदम अविचल हुआ. १८

आगे कई राजा हुएं मंत्री हुएं श्रेष्ठी हुएं
जो ज्ञान के भण्डार बड़े बड़े संघ को देते गएं
जो ताड़पत्री, कागजी लेखन हुआ है आज तक
उस से ही आगम का सही रक्षण हुआ है आज तक. १९

सम्पत्ति से सेवा हो जितनी आप वह करना जरूर
अभ्यास जितना कर सको वह आप कर लेना जरूर
आगम परम ऊर्जा है आगम तेज की बौछार है
आगम है नैया बैठ लो तो आप का भवपार है. २०

(आधारग्रंथ : जैन साहित्यनो संक्षिप्त इतिहास)

## (४८) महावीर वंदना (विलाप गीत)

(प्रभु वीर के मोक्षगमन के बाद भक्तों के विविध विलाप हुए थें जो प्रस्तुत है)

### (१) राज विलाप

### (चिट्ठी न कोई सन्देश)

सब के प्यारे महावीर, आत्मा को करके स्थिर, नाथ गएं मोक्ष नगर,
हैं हम गुमसुम अधीर, प्रभु सागरवर गंभीर, नाथ गएं मोक्ष नगर
इस दुःखमय दुनिया को, सुख का संदेश दिया
अगणित आत्माओं का, प्रभु ने उद्धार किया
अब कौन करेगा हित, सब अनाथ हुए आश्रित, नाथ गएं. १
जिस के आने से हमें, मन में सुख होता है
उस के ही जाने से, हम को दुःख होता है
ये आंखे बनी है नम, दिल घूंट रहा है दम, नाथ गएं. २
अब कौन बताएंगा, सच का सच, जूठ का जूठ ?
ना कोई किनारा है, और नैया गयी है टूट
अंधेरा छाएगा, अब कौन बचाएगा ? नाथ गएं. ३
नव मल्ली नव लिच्छवी, राजा को था पौषध
तब मोक्ष गए प्रभु वीर, जैसे छीन गया औषध
किये सब ने दिए रोशन, वो दीवाली की थी क्षण, नाथ गएं. ४

### (२) नंदीवर्धन विलाप

### (नीला आसमां सो गया)

भैया कह रहे वीर वीर (२)
सब से ऊंचा सब से न्यारा प्रेमबंधन है,
वीर छोटे भाई, भैया नन्दीवर्धन है
प्रभु ने मोक्ष पाया है, प्रभु की हम को माया है, भैया. १
हमारे द्वार खूले है, न आनेवाला है कोई,
लगे ऐसा कि हम ने आज अपनी झिन्दगी खोई
बहे आंसु तुम्हारे नाम, अधूरे रह गये हैं काम, भैया. २

बडे भाई को छोटा भाई बेटे जैसा लगता है,
कहें क्या हम – बिना उसके हमें अब कैसा लगता है ?
वही था प्यार और आधार, उसी से पाना था उद्धार, भैया. ३
लगाई रोक मैनें इस लिये दीक्षा–विलंब किया,
न ऐसा कोई अवसर मोक्ष जाते वक्त मुझ को दिया
न दीक्षा हम भी ले पाये, न मुक्ति वो भी दे पाये, भैया. ४
तुम्हारे बिन कहाँ जाये कहो, महावीर, दो उत्तर,
किसे बातें करें, किस को करें हम याद हर अवसर
है सूना सूना घर मेरा, बना बेजान नगर मेरा, भैया. ५

**(३) सुदर्शना विलाप**
**(संसार है इक नदीयाँ)**

भैया के लिए ममता बहना को होती है
जब भाई चला जाए तो बहना रोती है.
थी सुदर्शना देवी, प्रभु वीर की बड़ी बहना
माता जैसा था प्यार, दीदी थी क्या कहना ?
बचपन का जो साथी था, उसे आखिर खोती है, जब. १
आंखें दो होती हैं, होते हैं आंसु हजार,
आंखें और आंसू में, कहो किस का बड़ा अधिकार
ये प्यार भरें आंसू, समंदरी मोती हैं, जब. २
माँ बाप नहीं होते, तब भाई सहारा है
भाई तो बहना की, आंखों का सितारा है
भाई एक दीपक है, और बहना ज्योति है. जब. ३
खुद का दुःख सह लेकर, बड़े भाई को समझाया
घर ले आई भैया को, भाई दूज पर्व आया
प्रभु वीर को सपनों में, लेकर ही सोती है, जब. ४

## (४) प्रियदर्शना विलाप
## (जिंदगी का सफर)

विश्ववत्सल प्रभु छोड़कर क्यूं गये ? बेटी को साथ में क्यूं न लेकर गये ?
सारे रिश्तें को यूं तोडकर क्यूं गये ? बेटी को साथ में क्यूं न लेकर गये ?
मेरे बचपन उपर, मेरे संसार पर, मेरे संयम उपर, मेरे जीवन उपर
आप की ही कृपा, आप की ही दया, आप की रहेम, आप की ही नझर
फिर अचानक से मुंह मोडकर क्यूं गये ? बेटी को. १
मैं तो अज्ञान हूं – फिर भी संतान हूं, गल्तियां मैंने की क्योंकि नादान हूं,
सोचती थी कभी खुल के कह दूंगी सब, पर समय वो न आया मैं हेरान हूं,
खुद को यूं खुद से ही जोडकर क्यूं गये ? बेटी को. २
बेटी को बाप से चीझ सारी मिलें, बात हो कोई भी पर पिता ना भूले
पीछे रख कर मुझे, दौड कर क्यूं गये ? बेटी को. ३

## (५) यशोदा विलाप
## (ए खुदा हर फैसला)

आप ऐसे चल दिये तो, हम अकेले हो गयें
आसमां खूला है लेकिन, चांद सूरज खो गयें, भगवा...न...
स्वामीनाथ हुए थें मेरे, पहले पकडा मेरा हाथ
छोड मुझ को लेके दीक्षा, आप बन गये जगत नाथ
आप अपनी दासी को, संसार में संजो गयें, आसमां. १
मेरी महेंदी मेरा सिंदूर, आप के ही नाम है
मेरा मंगलसूत्र तो, मंगल स्मरण का धाम है
आज मेरे आंसू देखो, रंग सारे धो गयें, आसमां. २
आपकी अर्धांगिनी हूं, ऐसे मत भूल जाईए
मोक्ष में भी आधा हिस्सा, मुझ को देना चाहिये
आप ने ठुकरा दिया तो, सारे सपने सो गयें, आसमां. ३
आप की आवाझ, आंखे, आज हो गई गुमशुदा
आप तो आराम से, अब हो गये हम से जुदा
कैसे कल्याणक मनाये, हम तो केवल रो गयें, आसमां. ४

## (६) सुलसा विलाप
### (किसी राह पे किसी मोड़ पर)

मेरे नाथ तुम मेरा साथ तुम, मुजे संग क्यों नहीं ले गएं
महावीर प्रभु महावीर प्रभु
मेरी खुशी हो तुम, मेरी हंसी हो तुम, क्यों इतने आंसू दे गए
महावीर प्रभु महावीर प्रभु.
श्रद्धा मेरी जो भी बनी, जादू तुम्हारा वो महान
कोई देव देवी मानूं ना, तुम ही हो मेरा आसमान, महावीर. १
मुजे धर्मलाभ मिला अजब, करुणा तुम्हारी थी गजब
मन में प्रतीक्षा बांधी थी कि, वापिस मिलेगा लाभ कब ? महावीर. २
वो मालकौंस मधुर मधुर, वो समवसरण अति विशाल
वो देवछन्द निवास अब, अदृश्य सब हो गई कमाल, महावीर. ३
सौभाग्य भारतवर्ष का, कि आप आए थें प्रभु
निर्वाण पद की देशना, मनहारी लाये थें प्रभु. महावीर. ४
वो धन्य जिस ने सुना तुम्हें, वो धन्य जिस ने भक्ति की
भगवान की आराधना तो, साधना है शक्ति की, महावीर. ५
उस मोक्ष से कुछ संदेसे, तुम भेजना मेरे लिये
मैं आस लेकर बैठी हूँ, आंगन सजाएं हैं दिये, महावीर. ६

## (७) इंद्र विलाप
### (जिए तो जिए कैसे)

बिनंती न मोरी सुनी रे, प्रभु आप ने
जिन्दगी बना दी सूनी रे, प्रभु आप ने.
देवता के – जीवन में तो, आंसू भी ना होते हैं
मैं क्यां बताउं, कैसे देव रोते हैं
जब आप थें तब था, जीवन स्वर्ग सा
अब हो गया है, जीवन नर्क सा, बिनंती. १

विरति की कोई क्रिया, कर नहीं पाते हम
भक्ति ही करके, जीवन को सजाते हम
भक्ति करेंगे हम तो, अब किस की ?
वह ना रहा, थी लगन जिस की, बिनंती. २
चार चार कल्याणक, खुशी से मनाये थें
कितना नाचे थें ? कितने गाने गाये थें ?
पहुंच गएं हो, मोक्ष में आप
सूमसाम बैठें हम, कर रहे जाप, बिनंती. ३
एक एक घटना वो, आज भी तो ताजा है
इंद्र मैं हूँ लेकिन, आप मेरे राजा है
हम को तो आप से ही, खुशियाँ मिली
आप से ही बगिया में, कलियाँ खिली, बिनंती. ४
खाली खाली अंखियों में, बैठ गएँ सन्नाटे
मेरे विमान में भी, जाग उठी रातें
मंगल नमुत्थु णं मैं - गाउं कहाँ ?
दरीशन करने मैं, जाउं कहाँ ? बिनंती. ५

## (८) गौतम विलाप
### (अल्लाह तेरो नाम ईश्वर तेरो नाम)

बोलो महावीर, कुछ कहो मेरे वीर, रोये गोयम हृदय अधीर
आ...
सूनमून पत्थर पेड़ से रुके, वेदना वश सिर उर पर झूके
जैसे आतम रहित शरीर, बोलो. १
पहले थाम के मेरा हाथ-बाद में कर दिया ऐसे अनाथ ?
माना पराया, मुजे आखिर, बोलो. २
मैंने जब जब प्रश्न उठाये, तब तब संशय सारे मिटाये
तो क्यूं न समजी, मेरी पीर, बोलो. ३

गौतम कहकर देशना देतें, हम सब पुलकित सुनते रहतें
जैसे बहता, गंगा नीर, बोलो. ४
केवल पाने पर ही बुलाया, दीक्षा समय पे क्यों न बुलाया ?
कष्ट अकेले ही, सह गएं स्थिर, बोलो. ५
मुज से दूरी कितनी धरोंगे, मोक्ष मैं आऊं तब क्या करोंगे
आन मिलूँगा सामने तीर, बोलो. ६
वी वी वी वीतरागी जिनेश्वर, याद किया संसार विनश्वर
पाई पूरण ज्ञान की खीर, बोलो. ७

## (४९) संगम उपसर्ग

संगम करे उपसर्ग, और महावीर शांत सहन करे
महावीर प्रभु की साधना को, तीन लोक नमन करें. १
अपनी सभा में इन्द्र, करते हैं प्रशंसा वीर की
संगम हुआ द्वेषी, प्रतिज्ञा क्रोध में धारण करे. २
यह मानवी होता है मच्छर, अब डराकर आता हूँ
अभिमान में वो देवता, अविवेकी उच्चारण करें. ३
जो रोकते थें इन्द्र उस को, तो भी अपयश होता था
निर्भय प्रभु का इन्द्र, मन में ही क्षमायाचन करें. ४
संगम अभव्य का जीव था, सद्भाव से वंचित सदा
आया वो मानवलोक में, जहाँ वीर ध्यान वहन करे. ५
अब ध्यान से सुनिये, कहानी बीस महा उपसर्ग की
काउसग्ग में महावीर, निश्चलभाव मन धारण करें. ६
बारिश गिराई धूल की, प्रभु ढक गयें थें मिट्टी में
ना सांस भी ले पाएं, ऐसी गिर्द का वर्षण करें. ७
चींटी हझारो आई, कांटो की तरह कांटा बहुत
मच्छर हझारों आ पडे, प्रभुदेह को चुभन करें. ८

घीमेल के कीडे, प्रभु को कांटने आएं अनेक
विच्छु झहर के डंख देकर, वीर को पीडन करें. ९
चूहें अनेकानेक आकर, कांटते भगवान को.
फूत्कार करते सर्प, अतिशय क्रूर आलिंगन करें. १०
फिर नेवले का वृंद, कांटे दांत से भगवान को
हाथी भयानक, दांत से और सूंड से ताडन करें. ११
आये पिशाच अनेक, जो उपसर्ग बहु देते रहें
फिर शेर एक आया, जो नाखून-दांत से पीडन करें. १२
इन ग्यारह उपसर्ग से, भगवान चलित हुए नही
तब रूप ले सिद्धार्थ - त्रिशला, दीनहीन रुदन करें. १३
प्रभु पैर में अग्नि जलाकर, सार्थ का भोजन बना
पींजर लगाए देह, पंछी देह का कर्तन करें. १४
उन्मत्त पवन, उडाएं और गिराएं श्री महावीर को
और गोल गोल घुमाय, पीडा चक्रवात पवन करें. १५
ले कालचक्र विशाल फेंके, वीर के मस्तक उपर
धक्का लगा और वीर, घुटन तक भूमि में गमन करें. १६
प्रभु वीर चलित हुएं नहीं, तो स्वर्ग दृश्य खडा किया
सौन्दर्यमयी देवांगना, आनंद आमंत्रण करें. १७
अठ्ठम किया था वीर ने, ना पारणा होने दिया
छह मास के उपवास तक, भगवान तप अनशन करें. १८
संगम हुआ निष्फल, समाधि भंग प्रभु का ना हुआ
वो हारकर भगवान को, आश्चर्य से वन्दन करें. १९
वापिस चला संगम, तभी भगवान ने देखा उसे
गिले नयन से वीर, करुणाभाव मन धारण करें. २०
छह मास तक तो, इन्द्र भी थें शोकमग्न विलासहीन
देवलोक से संगम का वो, आखिर में निष्कासन करें. २१

## (५०) देवानंदा

भगवान् महावीर के पिता श्री ऋषभदत्त को वंदना
प्रभु माता देवानंदाजी को कोटि कोटि वंदना. १
प्रख्यात ब्राह्मणकुंड नगरी भव्य भारतभूमि पर
आनंद मंगलधाम है महातीर्थ सम पावन शहर. २
ब्राह्मणजनों में श्रेष्ठ है श्री ऋषभदत्तजी विप्रवर
तेजस्वी ज्ञानी बुद्धिशाली गुणी है विद्वान नर. ३
लक्ष्मी समान उदार पत्नी देवानंदा ब्राह्मणी
है सरस्वती सम तेजधारी सतीवृंद शिरोमणि. ४
श्री देवानंदा ब्राह्मणी की कुक्षि में आये प्रभु
मांगल्यकारी स्वप्न चौदह आंख में लाये प्रभु. ५
मा देखे गजवर वृषभ केसरी सिंह लक्ष्मी पुष्पमाल
और सूर्य चन्द्र ध्वजा कलश पद्मसर देखें विशाल. ६
मा देखें क्षीरसमुद्र देवविमान रत्नसमूह को
निर्धूम अग्नि देखकर मा मिले ऋषभदत्त को. ७
आकाश में बादल भी थें तारे भी थें और चांद भी
ठंडी हवाएँ बह रही थी अषाढ सुदी छठ थी तभी. ८
ज्योतिर्विशारद ऋषभदत्त सुनें कथा वह स्वप्न की
चिंतन करे गंभीर मन, धारा बहे शुभवचन की. ९
वो बोलें कि देवीजी तुम ने स्वप्न उत्तम पाये हैं
परिवार और समाज का मंगल उदय ले आये हैं. १०
संतान सुख हम पायेंगे : इक पुत्र घर में आयेगा
विद्याकुशल सद्धर्मवाचक शुभ सकल वो लायेगा. ११
गुणवान् महाधार्मिक मनहर रूपवान् सुपुत्र से
हम धन्यभाग बनेंगे देवी, सजेंगे सुख सूत्र से. १२
हम पायेंगे संपत्ति को, हम पायेंगे आनंद को
हम पायेंगे वात्सल्य तृप्ति, धन्य हो संबंध को. १३

श्री देवानंदा ब्राह्मणी, सुनकर हुई आनंदमय
स्तवना करे श्री ऋषभदत्त की बोलकर जय जय विजय. १४
उस रात देवानंदाजी, सोएं नहीं, जागे रहें
सुमिरन करे सब सुपन का, सद्भाग्य उस का क्या कहें ? १५
देवेन्द्र देखें वीर को सौधर्म देवविमान से
श्री नमुत्थुणं स्तोत्र का उच्चार करे बहुमान से. १६
सोचा उन्होंने भक्ति से कि फूल ना रहे धूल में
मैं वीर प्रभु को भेजूं कैसे क्षत्रियों के कुल में. १७
देवेन्द्र ने आदेश तत्क्षण हरिणगमेषी को दिया
वैक्रिय शक्ति से देव ने इक देह का सर्जन किया. १८
वो देवता उडते हुए आता है क्षत्रियकुंड नगर
महाशक्ति से भगवान को दो हाथ के बीच थामकर. १९
आता है क्षत्रियकुंड में त्रिशला जहाँ निद्रा धरे
कौशल्य से भगवान को वहाँ कुक्षि में स्थापित करें. २०
त्रिशलाजी का जो गर्भ था उसको उठाकर शक्ति से
स्थापित करें वह देवानंदा कुक्षि में शुभ शक्ति से. २१
जब गर्भपरिवर्तन हुआ तब देवानंदा सोई थी
सपने चुराएँ त्रिशला ने यूं स्वप्न देख के रोई थी. २२
रुके बयासी रातदिन प्रभु देवानंदा संग में
आनंद देवानंदाजी ने पाया था अंग अंग में. २३
आगे प्रभु ले जन्म, ले दीक्षा, बने वीतराग भी
पर ऋषभदत्त-देवानंदा को न भुले थें प्रभु कभी. २४
फिर एक दिन प्रभुजी पधारे, उसी ब्राह्मणकुंड नगर
देवों ने समवसरण बनाया, देशना दे तीर्थंकर. २५
पति पत्नी दोनों भावपूर्वक समवसरण में आते हैं
माता प्रभु को देखते ही रोमांचित हो जाते हैं. २६

वात्सल्य का झरना, हृदय से फूटकर बहने लगा
छाती से निकला दूध माता की कथा कहने लगा. २७
गणधार गौतम देखते हैं देवानंदा को तभी
और पूछते हैं वीर को – यह कौन है, बोलो अभी. २८
भगवान बोले : देवानंदा मेरी मंगल माता है
यह च्यवनकल्याणक की महासौभाग्यवंत विधाता है. २९
जो ऋषभदत्त है साथ में वो पिता है मेरे महान्
मातापिता उपकारी होते हैं सदा सद्गुण निधान. ३०
ब्राह्मण ब्राह्मणी ने सुनी भगवान की कथनी बड़ी
आश्चर्य और आनंद से दोनों की आंखें छलक पड़ीं. ३१
भक्ति से पुलकित होके दोनों दीक्षा लें प्रभु हाथ से
और मोक्ष पाकर हंमेशा से, जुड गयें जगनाथ से. ३२
हो धन्य त्रिशला माता को, हो धन्य सिद्धारथजी को
हो धन्य देवानंदा को, हो धन्य ऋषभदत्तजी को. ३३

## (५१) षोडश विद्यादेवी स्मरण

बृहत् शान्ति आदि स्तोत्रों में, जिस का मंगल स्मरण हुआ
मंदिर की छत–दीवारों पर, शिल्प रूप में अंकन हुआ
सोलह विद्या देवीओं का यंत्र पटों में लेखन हुआ
जहाँ जहाँ शासन है वहाँ पर इन का शुभ आगमन हुआ. १

दान धर्म की भावना उत्तम जब जब मन में आती है
रोहिणी विद्या देवी प्रथमा सहायकर बन जाती है
शीलधर्म के पालन का शुभ भाव चित्त में जो लाये
प्रज्ञप्ति विद्या देवी उसे, सहाय देने आ जाए. २

कठिन तपस्या करने का, जब जब कोई संकल्प करे
वज्रशृंखला देवी जैसे, उसके सर पर छत्र धरे

उत्तम भाव की अविरत धारा जिस के मन में बहती है
वज्रांकुशी देवी की उस पर, मंगल दृष्टि रहती है. ३

पंच महाव्रत के पालन में जो आतमा अग्रेसर है
अप्रतिचक्रा विद्या देवी, प्रतिपद उसकी अनुचर है
बारह व्रत का उत्तम पालन, जो भी भाव से करते है
पुरुष दत्ता विद्या देवी, झोली उस की भरते है. ४

चौदह नियम प्रतिदिन लेना, जिस को अच्छा लागे है
काली विद्या देवी के द्वारा, उस के उपद्रव भागे है
छोटे छोटे नियम लिए है, जिस जिस ने दीक्षा के लिए
महा काली विद्या देवी ने, उस को आशीर्वाद दिए. ५

ज्ञान आचार के आठ नियम को, जो उत्साह से बहते है
गौरी विद्या के शुभ आशिष, उसको मिलते रहते है
दर्शन के आचार के नियम, आठ जो धारण करते हैं
गांधारी विद्या के द्वारा, उस के विघ्न बिखरते है. ६

आठ नियम चारित्र के उत्तम, जिस जिस ने स्वीकारे हैं
सर्वास्त्रा विद्या देवी के, वो साधक दुलारे हैं
बारह तप का उत्तम पालन, जो भी करते हैं मंगल
महाज्वाला विद्या भी उसी के, साथ में रहती है अविचल. ७

वीर्याचार परम उत्साही, रोम रोम में जिस के रहे
मानवी विद्या देवी रहती, उस के साथ में बिना कहे
सात क्षेत्र की सेवा करना, जिस की सुन्दर आदत है
वैरोट्या विद्या देवी जी, उसके संग में अविरत है. ८

तीर्थ की यात्रा और रक्षा के भाव मन में बने रहें
अच्छुप्ता विद्या देवी जी, उस के जीवन में बने रहें
संघ की भक्ति संघ की सुविधा, करना चाहे जो भाविक
मानसी विद्या देवी उस के, साथ में रहते स्वाभाविक. ९

आत्म विशुद्धि हेतु अविरत, तप जप ध्यान को जो धारे
महामानसी विद्या देवी, उसके लिए आदर धारे
होम हवन और आडंबर की, कोइ अपेक्षा रखते नहीं
प्रभु भक्त की प्रभु भक्ति से, आवर्जित हो जाए सही. १०
विरति की प्रेमी है विद्या, विरति को करती वंदन
इच्छापूर्ति के आशय से, मत करियो इस का पूजन
शुद्ध विधि से शुभ आशय से, करे कोई धर्मानुष्ठान
षोडश विद्या देवी आकर, करती हैं उसका सम्मान. ११

## (५२) आनंदघन कथा

**(कथा का प्रत्येक पद देखो. प्रथम पंक्ति श्री आनंदघनजी द्वारा विरचित है)**

**पद–१**

**अवधू राम राम जग गावे, आतम अनुभव पावे.**
राम नाम आराम धाम है, राम करे निष्काम
जगत भूलावे भगत भूलावे, रोम रोम रहे राम. १
लाभानंद कहे शुभ वाणी, संघ सुणे आनंद
हुएं शेठ नाराझ तभी से, छोड्यो जन–को छंद. २
तोडी वेलावल सारंगो, गोडी नट केदार
मालकौंस मारु आशावरी, आनंद घन विस्तार. ३
देह रहित सुख का जो अनुभव, वो ही मेरो राम
नाम भुलायो काम भुलायो, अमृत आठों जाम. ४

**(पद–२)**

**देखण दे रे सखी, देखण दे मुने देखण दे**
आनंद घन आनंद रे... मुने
मुख मलकत मंद मंद रे... मुने, समता रस सुख कंद रे... मुने. १
तेज वदन पर अपार है... मुने, नयन में अमृत धार है... मुने.

शुभ आचार विचार है... मुने, हृदय अति ही उदार है... मुने. २
पैदल निकले वह जहाँ... मुने, दीपक जाग उठें वहाँ... मुने.
शब्द उन्होंने जो कहाँ... मुने, अमृत उसमें छलक रहा...मुने. ३
वैखरी का वैभव धरे... मुने, सरस्वती के पुत्र है... मुने.
अंतर से बाते करें...मुने, जो बोले वह सूत्र है... मुने. ४
व्यर्थ मजाक उडाई थी... मुने, बिकानेर राजकुमार रे... मुने.
स्तंभित सजा लगाई थी... मुने, किया था चमत्कार रे... मुने. ५
भक्त से जो लोहा लिया... मुने, कर दिया उसको सुवर्ण रे... मुने.
अनुभव रस जिस ने पिया... मुने, वह क्या मांगे पर्ण रे... मुने. ६

## (पद–३)

**निसानी कहां बताऊ रे, तेरा अगम अगोचर रूप**
तूं तो है सुविशाल समंदर, मैं छोटा सा कूप, निसानी. १

वचन से वर्णन हो नहि पाये, लेखन फिको लागे
जो देखे सो समजे अवधू, जैसे जोबन जागे, निसानी. २

सुवर्ण रस जो भेट मिला, वह पात्र ही फोड दिया था
वन पथ्थर को मूत्र बिंदु से, सुवर्ण रूप किया था, निसानी. ३

जोधपुर का राजा आया, बुखार वस्त्र में डाला
थर थर ध्रुजत वस्त्र दिखा कर, संशय मन का टाला, निसानी. ४

जोधपुर की रानी ने ईक, यंत्र भाव से मांगा
मुझ को क्या–ऐसा भी लिखा तो, भाग्य सभी का जागा, निसानी. ५

जोधपुर के राजा ने, सेवा कर बेटा पाया
मेडता के महाराजा को तो, जैन धर्म समजाया, निसानी. ६

आसमान को छूते हैं और, रखतें पैर जमीं पर
भारत देश की भव्य विभूति, आनन्दघन योगीश्वर, निसानी. ७

(पद–४)

**अवसर बेर बेर नही आवे**

पंचम आरे में आनंद के, दुर्लभ दरिशन पावें. १
वस्त्र में ना वैराग्य बसत है, ग्रंथ से ज्ञान न थावे. २
वस्त्र धारण कर, ग्रंथ पकड कर, आनंदघन यूं गावें. ३
वाचक यश को बोध दियो है, ज्ञान विमल मन भावे. ४
सिद्धाचल की यात्रा करतें, चौवीसी बन जावे. ५
कागझ कलम का काम कहां है, जन जन ज्योत जगावे. ६
जा के दिल में साच बसत है, ताकुं जूठ न फावे. ७
जा के दिल में जूठ है उस को, जोगी दूर भगावे. ८

(पद–५)

**हमारी लय लागी प्रभु नाम**

कोई कबीरा, कोई मीरां, गावत आतमराम.
बिरहा के आंसु में खोजूं, अलख निरंजन धाम
तूं ही तूं ही तूं ही तूं ही, सुमिरन सुबह शाम, हमारी. १
तीरथ में जो पुण्य मिले सो, खरचावे बहु दाम
मैं घर बैठे करूं कमाई, वो है अच्छा काम, हमारी. २
आबु की चोटी पर पहुंचा, फट गई पैर की चाम
आखिर एक गुफा जा बैठा, हो गई नींद हराम, हमारी. ३
दूर दूर तक खोजा साहिब, भटका ठामो ठाम
बंद नयन से अंदर देखा, आनंदघन आराम, हमारी. ४

(पद–६)

**निशदिन जोऊँ तारी वाटड़ी, घर आवो ने ढोला**

मैं आमंत्रण क्या लिखूँ ? मैं हूं बालक भोला, निसदिन. १
तेरे लिए ही रोज सुबह, दरवाजा खोला
तूं नहीं आया तो मिला, जैसे आग का गोला, निसदिन. २

माँगना जानूं ना प्रभु, मेरा खाली है झोला
तुज को मागूँ तुज से मैं, लगे तूं ही अमोला, निसदिन. ३
सुख को पाकर क्या करूं, मेरा फट गया चोला
दुनियादारी अब मुजे, लगे आंख मिचोला, निसदिन. ४
आनंदघन प्रभु बोल दो, मैं कुछ नही बोला
तेरी हवा जिसे छू गयी, वह पहाड़ भी डोला, निसदिन. ५

**(पद–७)**

**लागी लगन हमारी**

मीरा के मेडता में आये, आनंदघन अलगारी.
मीरा के आंसु को पढ कर, रुक गये यही अविकारी
प्राण आनन्दघन, ध्यान आनन्दघन, मंगल वचन उच्चारी, लागी. १
तपागच्छ के प्रभ सूरीश्वर, मेडता यात्रा धारी
अपने हाथ से सफेद कंबल, आनंद को दी भारी, लागी. २
मेडता के जंगल में मंगल, करते साक्षात्कारी
मेडता के गलीओं में गाई, पद माला गुण कारी, लागी. ३
धन्य धन्य वो मारग जिस पर, आनंद चले भवहारी
धन्य धन्य वो संघ मेडता, सेवा की थी सारी, लागी. ४
अंतिम लक्ष था केवल शिवपद, अंतिम समय अवधारी
अंतिम सांस लिये मेडता में, हुए स्वर्ग संचारी, लागी. ५
छोटी सी भूमि पर मंदिर है, आनंदघन अवतारी
नाम मंत्र से आन मिलत है, देवर्धि बलिहारी, लागी. ६

**(पद–८)**

**ऋषभ जिनेश्वर प्रीतम माहरो, बोले आनंदघन**

जो जो बोले, अनुभव से बोले, ऐसे ऋषि धन धन, ऋषभ. १
राजकुमारी को प्रतिबोधित किया, सती को समझाया धर्म
सुख है केवल लीला पुण्य की, दुःख केवल पाप कर्म, ऋषभ. २

केवल ज्ञान से प्रभु को देखूं मैं, एक था यही शुभ भाव
मैं अज्ञानी हूं, प्रभु मुझे ना मिले, चूभता था एक घाव, ऋषभ. ३
केवल ज्ञानी को राग नही होता, मुझ में रहता है राग
राग के कारण दरिशण ना मिले, जलती बिरहा की आग, ऋषभ. ४
केवल ज्ञानी को द्वेष नही होता, मुझ में हझारो है क्लेश
कलुषित मन से रे गाउं मैं कैसे, पधारो माहरे रे देश, ऋषभ. ५
केवलज्ञानी को लोग से भय नही, मैं तो लोग का दास
लोग को देखूं, दीखाउं लोग को, लीला दोष विलास, ऋषभ. ६
केवल ज्ञानी को गर्व तनिक नहीं, मैं तो धरूं अभिमान
मन है मेरा महान अहंकारी, कैसे मिले भगवान, ऋषभ. ७
बंद नयन से निहारत नाथ को, आंख में आंसू अनंत
केवलज्ञान की देवर्धि मांगे, आनंदघन महासंत, ऋषभ. ८



**આજ આનંદ અંગ અંગ જાગ્યો જાગ્યો, હું છું તમારો, મને વેશ શ્રમણનો મળજો રે, રાત દિવસ ઉપકારો તારા, ગૌતમ ચાલીસા** જેવી અનેક રચનાઓ દ્વારા દેવર્ધિ સાહેબે જૈન ભક્તિ સાહિત્યને એક નવી જ ઊંચાઈ આપી છે. કોરોનાકાળમાં તેમણે લખેલ સ્તુતિ **પ્રભુ ક્યારે દર્શન આપશો** - લાખો ભક્તોના કંઠે વસી ગઈ હતી તો **एक दिन तेरे मंदिर में हम सब आएंगे ज़रूर** - આ ગીત લાખો જૈન ભક્તોની સાથે સાથે, લાખો લાખો હિંદુ ભક્તોમાં પણ અત્યંત પ્રચલિત બની ગયું હતું. **આત્મ પ્રક્ષાલન, સિદ્ધ પદ પૂજા** જેવી રચનાઓમાં તેમનું કવિત્વ ઝળહળે છે અને **ઉત્તરાધ્યયન સૂત્રની પૂજા, જ્ઞાનસાર બત્રીસી** જેવી રચનાઓમાં તેમનું અસીમ જ્ઞાન પ્રતિબિંબિત થાય છે.  આ પુસ્તકમાં ઈસ્વીસન્ ૨૦૧૭ સુધીની એમની ગુજરાતી અને હિંદી રચનાઓ સંગૃહીત છે.

श्रुतभवन संशोधन केन्द्र
देवर्धि परिषद ग्रंथमाळा - २

KIRIT GRAPHICS
9898490091 | 9409342601